Navo Karar Bible Na Patro (Gujarati)


Father Varghese Paul

નવો કરાર

બાઈબલનાં પાત્રો

ફાધર વર્ગીસ પોલ











આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

‘બાઇબલ’નો બીજો ભાગ ‘નવો કરાર’ને નામે ઓળખાય છે. આ ‘નવો કરાર’નું પઠન, મનન અને ચિંતન કરતાં ફાધર વર્ગીસના અંતરમાં ઈશ્વરપ્રેરિત સ્ફૂરણા થઈ કે ‘નવો કરાર’માં આવતાં કેટલાંક માનવપાત્રોને જો વિકસાવવામાં આવે તો ભક્તો એ પાત્રોથી વધુ માહિતગાર થઈ શકે અને એ પાત્રોએ પ્રભુ ઈસુને અને તેમના ધર્મસંઘને જે ઢાંચામાં અને જે માત્રામાં પ્રતિસાદ આપ્યો છે તેવો જ પ્રતિસાદ સાંપ્રત સમય, સ્થળ અને સંજોગ અનુસાર વર્તમાન ભક્ત આપી શકે.

‘નવો કરાર બાઇબલનાં પાત્રો’ પુસ્તકના પ્રથમ પૃષ્ઠથી અંતિમ પૃષ્ઠ સુધી શબ્દેશબ્દના પઠનથી લેખકના પાત્રોનાં ચરિત્રચિત્રણ કરવાની રીતરસમ સ્પષ્ટ થઈ. પાત્રો વિશે ચરિત્રચિત્રણ કરવાની પ્રક્રિયા ‘સંપૂર્ણ બાઇબલ’માં આપેલી આધારભૂત માહિતીના પાયા પર શરૂ થાય છે. કેટલાંક પાત્રોનાં ચરિત્રચિત્રણ માટે પર્યાપ્ત માહિતી છે; તો કેટલાંક પાત્રો તો એકાદા વિશેષણથી નવાજિત નામો જ છે. જે પાત્રોના સંદર્ભમાં સામગ્રી જ ઉપલબ્ધ નથી ત્યાં લેખકે જાણીતા બાઇબલ તજજ્ઞો વિલ્યમ બાર્કલે, રોનાલ્ડ બ્રાઉનરિંગ, હેરબર્ટ લોકિયર અને જૉન મેકેન્ઝીની કૃતિઓનો સહારો લઈને પાત્રોનું ચરિત્રચિત્રણ કર્યું છે. પાત્રોના ચરિત્રચિત્રણમાં ફાધર વર્ગીસ પૉલની કલ્પનાશક્તિ સોળે કળાએ ખીલી છે.

ડૉ. જેમ્સ બી. ડાભી એસ. જે.ની
પ્રસ્તાવનામાંથી



ફાધર વર્ગીસ પૉલ ગુજરાતમાં ઈસુસંઘની સાધુ-સંસ્થાના ધર્મગુરુ છે. તેઓ ગુજરાત યુનિવર્સિટીમાંથી સંસ્કૃત અને ગુજરાતી ભાષાઓ સાથે સ્નાતક થયા છે. તેઓ પૂણે ખાતે જ્ઞાનદીપ વિદ્યાપીઠમાંથી તત્ત્વજ્ઞાનમાં અને રોમ (ઇટલી) ખાતે ગ્રિગોરિયન યુનિવર્સિટીમાંથી ધર્મશાસ્ત્રમાં અનુસ્નાતક ડિગ્રીઓ ધરાવે છે. તેમણે ઇંગ્લૅન્ડ અને અમેરિકામાં વ્યાવસાયિક પત્રકારત્વનો અભ્યાસ કરેલો છે.

ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં સર્જનાત્મક લખાણો માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અવૉર્ડ મેળવનાર ફાધર વર્ગીસ કુલ ૪૩ પુસ્તકોના લેખક છે. ઉચ્ચ અભ્યાસ માટે અને આંતરરાષ્ટ્રીય કૅથલિક અખબાર પરિષદ (UCIP)ની કારોબારીમાં કે વિશ્વસંમેલનમાં ભાગ લેવા માટે તેમજ પત્રકાર તરીકેની સેવા અર્થે ફાધર વર્ગીસે યુરોપ, ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા, આફ્રિકા અને એશિયાના ૩૪ દેશોની અવારનવાર

મુલાકાત લીધી છે.

આ જ શ્રેણીમાં...

નવો કરાર

બાઇબલનાં પાત્રો

ફાધર વર્ગીસ પૉલ



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩
Visit us at: www.rrsheth.com
Email: sales@rrsheth.com

Navo Karar: Bibalna Patro
Biographis of New Testament biblical characters
Written by Father Varghese Paul
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai □ Ahmedabad
2012
EISBN: 978-93-82503-07-1

પ્રથમ આવૃત્તિ: ડિસેમ્બર, ૨૦૧૨

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
મુંબઇ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧
Visit us at: www.rrsheth.com
E-mail: sales@rrsheth.com

આવરણ : સચીન દેસાઈ

બાઇબલ વાચનને
લોકભોગ્ય બનાવનાર અને
બાઇબલના અભ્યાસને સરલ બનાવનાર
સંપૂર્ણ બાઇબલના મુખ્ય બે અનુવાદકો
ફાધર ઇસુદાસ ક્વેલી અને **સ્વ. નગીનદાસ પારેખને**
તથા
જોબનો ગ્રંથ, સર્વોત્તમ ગીત અને સ્તોત્રસંહિતાના
અનુક્રમે રસાળ ને કાવ્યમય અનુવાદ કરનાર
સર્વશ્રી કવિઓ
નિરંજન ભગત, ચંદ્રકાંત શેઠ
અને
યૉસેફ મેકવાનને
સપ્રેમ અર્પણ

પ્રસ્તાવના

બાઇબલનાં ચરિત્રચિત્રણ

ચરિત્રચિત્રણ કરવું એ પ્રત્યેક માનવમનમાં અજ્ઞાતપણે કે જ્ઞાતપણે ચાલતી રહેતી અવિરત પ્રવૃત્તિ છે. દાખલા તરીકે, કોઈ એક યુવતી ઉંમરલાયક થતાં પોતાના ભાવિ પતિનું મનમાં ચરિત્રચિત્રણ કરવા માંડે છે. પ્રસ્તુત ચરિત્રચિત્રણમાં યુવતીને પસંદ બધાં જ ગુણો, ખૂબીઓ, આવડત અને સુટેવો આ ભાવિ પતિના પાત્રમાં કંડારાયેલાં હોય છે. કાળક્રમે યુવતીના ઘરે માંગું આવે છે. યુવતી કદાચ મુરતિયાના નામથી અને ગામથી વાકેફ હોય છે. હવે, પ્રથમ કંડારેલા ચરિત્રચિત્રણમાં ફેરફાર થાય છે. એ ગામના લોકો તો આવા છે અને આવા નથી, આવી કુટેવો ધરાવે છે અને આવી સુટેવો ધરાવે છે.

યુવતી હવે આ નવી સામગ્રીને આધારે ભાવિ પતિના ચરિત્રચિત્રણમાં સુધારાવધારા કરે છે. માતાપિતા અને સગાંસંબંધીઓ મુરતિયા વિશે તપાસ કરી યુવતીને તેણે સર્જેલા પાત્રના ચરિત્રચિત્રણને મઠારવા ઝાઝી સહાય પૂરી પાડે છે. યુવતીએ ભૂતકાળમાં રચેલા ભાવિ પતિના ચરિત્રચિત્રણને સંપૂર્ણપણે ભાંગી નાંખવું પણ પડે અથવા તો એ ચરિત્રચિત્રણમાં ધરખમ પરિવર્તન કરવું પડે. ચરિત્રચિત્રણ કરવાની પ્રક્રિયા એમ ચાલતી જ રહે છે.

સમય પાકતાં ભાવિ પતિ સાથે રૂબરૂ મુલાકાત ગોઠવાય છે. આ પળ સુધી જેને અંતરની આંખે નિહાળ્યા હતા અને દિલના કાને સાંભળ્યા હતા તેવા ભાવિ પતિને ચર્મચક્ષુ નિહાળે છે, કર્ણ સાંભળે છે, મન માપે છે અને હૃદય અનુભવે છે. હવેનું ચરિત્રચિત્રણ ભૂતકાળના ચરિત્રચિત્રણમાં સરવાળો કરે છે, બાદબાકી કરે છે, નવીનતા ઉમેરે છે અને અપેક્ષાનો છેદ ઉડાડે છે. અનુભવ આધારિત ચરિત્રચિત્રણ ભૂતકાળમાં રચેલા ચરિત્રચિત્રણના પાયા પર પાકું થતું જાય છે. ભાવિ પતિ સાથે જેટલી મુલાકાતો વધે, જેટલો ઘરોબો પેદા થાય, એટલું એ ચરિત્રચિત્રણ ઘૂંટાતું જ જાય છે. એ ચરિત્રચિત્રણમાં હવે યુવતીને એકાકાર થઈ જવાની તાલાવેલી જાગે છે.

ઉપરોક્ત દાખલામાં રજૂ થયેલી ચરિત્રચિત્રણ રચવાની પ્રક્રિયા નિરીક્ષક તરીકે, પરીક્ષક તરીકે, શ્રોતા તરીકે, વાચક તરીકે, સંવાદસાથી તરીકે, સાધક તરીકે, એમ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં થતી જ રહે છે. સંતાન તરીકે માતાપિતાનું ચરિત્રચિત્રણ, વિદ્યાર્થી તરીકે શિક્ષકનું ચરિત્રચિત્રણ, દર્દી તરીકે દાક્તરનું ચરિત્રચિત્રણ, મજૂર તરીકે માલિકનું ચરિત્રચિત્રણ, ધર્મસંઘના સભ્ય તરીકે ધર્મસંઘના પુરોહિતનું ચરિત્ર-ચિત્રણ અને ભક્ત તરીકે ભગવાનનું ચરિત્રચિત્રણ માનવો દોરતાં જ રહે છે. પૂજ્ય ફાધર વર્ગીસ પૉલ આવી એક માનવસ્વભાવગત પ્રવૃત્તિ એમના પ્રસ્તુત પુસ્તક 'નવો કરાર બાઇબલનાં પાત્રો'માં કરી રહ્યા છે. વાંચનના શોખીન છે એટલે 'સંપૂર્ણ બાઇબલ' એમણે ઘણી વાર વાંચ્યું છે. લેખકજીવ છે એટલે એમની કલ્પનાશક્તિને કોઈ લગામ નથી. જાણીતા ખબરપત્રી છે એટલે ચરિત્રચિત્રણ કરવાની એમને ફાવટ છે. દીક્ષા પામેલા પુરોહિત છે એટલે ભક્તની ભૂખને સમજે છે. ગુજરાતી ભાષા પર પ્રભુત્વ છે એટલે ગાગરમાં સાગર ભરે છે.

'સંપૂર્ણ બાઇબલ'નો બીજો ભાગ 'નવો કરાર'ને નામે ઓળખાય છે. આ 'નવો કરાર'નું પઠન, મનન અને ચિંતન કરતાં એમના અંતરમાં ઈશ્વરપ્રેરિત સ્ફુરણા થઈ કે 'નવો કરાર'માં આવતાં કેટલાંક માનવપાત્રોને જો વિકસાવવામાં આવે તો ભક્તો એ પાત્રોથી વધુ માહિતગાર થઈ શકે અને એ પાત્રોએ પ્રભુ ઈસુને અને પ્રભુ ઈસુના ધર્મસંઘને જે ઢાંચાંમાં અને જે માત્રામાં પ્રતિસાદ આપ્યો છે, તેવો જ પ્રતિસાદ સાંપ્રત સમય, સ્થળ અને સંજોગ અનુસાર વર્તમાન ભક્ત આપી શકે. અંતરની સ્ફુરણા અને મનનો મનસૂબો. ફાધર વર્ગીસ પૉલ પોતાના અત્યંત કાર્યરત સમયમાળખામાંથી સમય કાઢીને કાગળ અને કલમ લઈને બેસી ગયા. પરિણામ આવ્યું 'નવો કરાર બાઇબલનાં પાત્રો.' ફાધર વર્ગીસ પૉલને અંતરનાં અભિનંદન અને આભાર!

પ્રસ્તુત પુસ્તકના પ્રથમ પૃષ્ઠથી અંતિમ પૃષ્ઠ સુધી શબ્દેશબ્દના પઠનથી ફાધર વર્ગીસ પૉલની પાત્રોનાં ચરિત્રચિત્રણ કરવાની રીતરસમ સ્પષ્ટ થઈ. ચરિત્રચિત્રણ કરવાની પ્રક્રિયા પાત્રો વિશે 'સંપૂર્ણ બાઇબલ'માં આપેલી આધારભૂત માહિતીના પાયા પર શરૂ થાય છે. જો કે 'સંપૂર્ણ બાઇબલ'ના નામી-અનામી લેખકોનો મુખ્ય રસ ઈસુ ખ્રિસ્તમાં જ હોવાથી આ અન્ય પાત્રોને તેઓએ પાઠક ઇચ્છે એટલા પ્રમાણમાં વિકસાવ્યાં નથી. કેટલાંક પાત્રોનાં ચરિત્રચિત્રણ માટે પર્યાપ્ત માહિતી છે; તો કેટલાંક પાત્રો તો એકાદા વિશેષણથી નવાજિત નામો જ છે.

જે પાત્રોના સંદર્ભમાં સામગ્રી જ નથી ત્યાં ફાધર વર્ગીસ પૉલે જાણીતા બાઇબલ તજજ્ઞો વિલ્યમ બાર્કલે, રોનાલ્ડ બ્રાઉનરિગ, હેરબર્ટ લોકિયર અને જૉન મેકેન્ઝીની કૃતિઓનો સહારો લઈને પાત્રોનું ચરિત્રચિત્રણ કર્યું છે. જે પાત્રો વિશે 'સંપૂર્ણ બાઇબલ'માં અને ઉપરોક્ત સંદર્ભગ્રંથોમાં સામગ્રીનો અભાવ છે, તે પાત્રોનાં ચરિત્રચિત્રણમાં ફાધર વર્ગીસ પૉલની કલ્પનાશક્તિ સોળે કળાએ ખીલી છે, જોકે કલ્પનાની ઉડાન તો 'સંપૂર્ણ બાઇબલ'ના શબ્દો અથવા એકાદી કડીના 'રન-વે' પરથી જ થઈ છે. 'રોદા નામની એક દાસી' શીર્ષક અંતર્ગત કરેલું રોદા નામના સ્ત્રીપાત્રનું ચરિત્રચિત્રણ અહીં ઉદાહરણરૂપ ટાંકી શકાય.

ફાધર વર્ગીસ પૉલની આ કળાને અન્ય એક રૂપક સચોટ રીતે રજૂ કરશે. કેટલાંક પાત્રો વિશેની છૂટીછવાઈ માહિતી 'સંપૂર્ણ બાઇબલ'ના વિભિન્ન ગ્રંથોમાં વિખરાયેલાં હાડકાં સમાન છે. ફાધર વર્ગીસ પૉલ એ વિખરાયેલાં હાડકાં ભેગાં કરી, હાડપિંજર બનાવી, એમાં સ્નાયુઓ ભરી, એ પાત્રોને વાચકો સમક્ષ જીવંત કરે છે. વાચકોને આ બધાં પાત્રોમાં પ્રાણ પૂરવાનો, એ પાત્રો સાથે સંવાદ સાધવાનો, એ પાત્રો પાસેથી ઉમદા શિક્ષણ પામવાનો, અને એ પાત્રો થકી પ્રભુ ઈસુની વધુ નજીક જવાનો પ્રસ્તુત કૃતિ 'નવો કરાર બાઇબલનાં પાત્રો' અવસર પૂરો પાડશે એવી આશા અસ્થાને નથી.

ડૉ. જેમ્સ બી. ડાભી, એસ. જે.
બાઇબલના પ્રાધ્યાપક, ગુજરાત વિદ્યાદીપ
સેવાસી, વડોદરા ૩૯૧ ૧૦૧

આમુખ

ચરિત્રચિત્રણ દ્વારા શુભસંદેશની સમજૂતી

તે અરસામાં હું યુવાનોને સ્પર્શે એવી કૌટુંબિક અને સામાજિક બાબતો વિશે ચિંતનાત્મક લેખો જુદાં-જુદાં સામયિકો અને અખબારોમાં લખતો હતો. હું એક આખા વર્ષ દરમિયાન દર અઠવાડિયે આણંદના દૈનિક ‘મધ્યાંતર’માં કટાર લખી રહ્યો હતો ત્યારે એક દિવસ મારા મિત્ર અને ‘મધ્યાંતર’ના તંત્રીશ્રી જશવંત રાવલે મને કહ્યું, ‘ફાધર વર્ગીસ, તમે રોમ (ઇટલી) જઈને બાઇબલનો ઊંડો અભ્યાસ કર્યો છે. લોકોને બાઇબલમાં રસ છે. તેઓ બાઇબલ વિશે જાણવા ઇચ્છે છે. તો ફાધર, તમને ગયા વર્ષે કરેલી વાત હું ફરી કહું છું. ‘મધ્યાંતર’ની પૂર્તિમાં બાઇબલ વિશે એક કૉલમ લખોને’. જશવંતભાઈની આગ્રહભરી માગણીથી મેં ૧૯૯૭માં બાઇબલના જૂના કરારનાં પાત્રો અંગે એક વર્ષ દરમિયાન પર લેખો લખ્યા. ‘બાઇબલનાં પાત્રો’ નામે મારા પ્રકાશક આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.એ એનું પુસ્તક ઈસ્વીસન ૨૦૦૩માં પ્રકાશિત કર્યું છે ત્યાર પછી મેં બાઇબલના નવા કરારનું ચરિત્રચિત્રણ કર્યું છે.

મારા કાર્યાલયની વેબસાઇટ www.biblegujarat.org માં મૂકવા માટે હું અંગ્રેજી અને ગુજરાતી બંનેમાં બાઇબલનાં પાત્રો વિશે લખતો હતો. છેલ્લાં દસ-બાર વર્ષ દરમિયાન બાઇબલનાં પાત્રો અંગે મેં ૧૦૧ લેખો લખ્યા છે. મોટા ભાગના લેખોમાં એકેએક પાત્રની વાત છે. તો મેં અમુક લેખો કે પ્રકરણોમાં બેથી આઠ પાત્રોની વાત કરી છે.

બાઇબલમાં ૩૦૦૦થી વધુ પાત્રો છે. બાઇબલના ‘નવો કરાર’માં ૨૭ નાના-મોટા ગ્રંથો સંગ્રહ પામ્યા છે. એમાં એક પણ ગ્રંથ પાત્રનિરૂપણ માટે લખાયેલો નથી. બાઇબલમાં કોઈ પાત્રનું જીવનચરિત્ર નથી. કોઈ એક પાત્રનું જીવનચરિત્ર લખવાનું હોય તો તે પ્રભુ ઈસુ ખ્રિસ્તનું જીવનચરિત્ર છે. નવા કરારના પ્રથમ ચાર ગ્રંથો કે શુભસંદેશમાં ભગવાન ઈસુનું શ્રદ્ધાપ્રેરિત જીવનચરિત્ર છે. પણ ‘ઈસુ મારી-તમારી નજરે’ નામે ઈસુ વિશેની મારી એક સ્વતંત્ર પુસ્તિકા હોવાથી અહીં ઈસુના જીવનચરિત્ર કે પાત્ર-નિરૂપણનો પ્રયત્ન કર્યો નથી.

અહીં નિરૂપેલાં બધાં પાત્રોની વાત ઈસુના જીવન અને સંદેશના સંદર્ભમાં કરવામાં આવી છે. એમાં ઈસુના જીવન અને સંદેશ વિશે લખનાર ચાર શુભસંદેશકારોનાં પાત્રો છે અને ઈસુનાં ત્રણ વર્ષના જાહેર જીવન દરમિયાન એમની સાથે નિકટ સંબંધમાં રહેનાર એમના બાર શિષ્યોની વાત છે. તો ઈસુના જાહેર જીવનની શરૂઆતથી ક્રૂસ પરના મૃત્યુ સુધી એમને અનુસરીને અને પોતાનું ગાંઠનું ખચીને એમની સેવાશુશ્રૂષા કરનાર નામી-અનામી સ્ત્રીઓનાં પાત્રો છે.

વળી, નોંધપાત્ર સંખ્યાનાં પાત્રો તો ઈસુના મૃત્યુ અને પુનરુત્થાન પછી આદિ ઈસાઈ ધર્મસંઘમાં ઈસુના સંદેશના પ્રચાર-ફેલાવ સાથે સંકળાયેલાં સ્ત્રી-પુરુષોનાં પાત્રો છે. યહૂદી સંસ્કૃતિમાં વ્યક્તિના વંશ તથા નામનું વિશેષ મહત્ત્વ છે. આ વાતના સંદર્ભમાં દરેક પાત્રનો ટૂંકો પરિચય આપવા સાથે ઈસુના શુભસંદેશના પ્રચાર-ફેલાવમાં દરેક પાત્રના ફાળાની નોંધ લેવાઈ છે.

ઈસુ યહૂદી ધર્મ અને સમાજમાં ઊથલપાથલ સર્જનાર એક ક્રાન્તિકારી હતા. ઈસુના વખતમાં સ્ત્રીઓને સમાજ અને ધર્મમાં કોઈ સ્થાન કે મહત્ત્વ નહોતું. સ્ત્રીઓ, બાળકો અને ગુલામો સમાન દરજ્જાના એટલે કોઈ દરજ્જા વિનાના માણસો હતા. દાખલા તરીકે સૌપ્રથમ ઈસુના પુનરુત્થાનના સમાચાર આપનાર સ્ત્રીઓની વાતને પ્રેષિતોએ માની નહોતી. શિષ્યોને સ્ત્રીઓની વાત અક્કલ વગરની લાગી. (જુઓ, લૂક ૨૪, ૧૧). સ્ત્રી કોઈ ધર્મગુરુ કે અન્ય આગેવાનની શિષ્યા બની શકતી નહોતી. પરંતુ ઘણી સ્ત્રીઓ ઈસુને પોતાના ગુરુ માનીને એમની સેવાશુશ્રૂષામાં મંડી રહેતી હતી. ઈસુ પાપી કે પુણ્યશાળી, સંત કે ગુનેગાર એવા કોઈ ભેદભાવ વિના બધા જ પ્રકારની સ્ત્રીઓ સાથે આદરમાનથી વર્તતા હતા. એટલે નવા કરારમાં ઘણી સ્ત્રીઓ ઈસુ સાથે અને આદિ ખ્રિસ્તીઓની વચ્ચે ધર્મસભામાં આગેવાની લઈને નોંધપાત્ર ભાગ ભજવતી હતી. આ વાતને ધ્યાનમાં લઈને ઘણાં જાણીતાં સ્ત્રીપાત્રો સાથે કેટલાંક અનામી સ્ત્રીપાત્રોનું પણ આ ગ્રંથમાં નિરૂપણ કરવામાં આવ્યું છે.

અહીં રજૂ કરેલા દરેક પાત્ર અંગે બાઇબલને આધારે ટૂંકી, ચોક્કસ અને વિશ્વસનીય માહિતી આપવાનો મેં પ્રયત્ન કર્યો છે. બાઇબલના અભ્યાસીઓ, વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ તેમ જ સામાન્ય વાચકો પણ સમજી શકે એવી સરલ રીતે દરેક પાત્રને રજૂ કરવામાં આવ્યું છે. અને સાથોસાથ બધાં જ પાત્રોના વાચન દ્વારા સમગ્ર નવા કરારના સંદેશનો સંતોષકારક ખ્યાલ આપવાનો પણ મારો હેતુ છે.

એકેએક પાત્રનું રેખાચિત્ર દોરવામાં સંપૂર્ણ બાઇબલનો નવો કરાર જ પ્રમાણભૂત ગ્રંથ તરીકે સ્વીકારવામાં આવ્યો છે. શક્ય હોય ત્યાં બાઇબલના શબ્દોમાં જ પાત્રોનો પરિચય આપવામાં આવ્યો છે. પીતર, પાઉલ, યોહાન અને માતા મરિયમ જેવાં મોટાં પાત્રોને બાદ કરીએ તો બીજાં બધાં પાત્રો અંગેના બાઇબલનાં બધાં અવતરણો ટાંકવામાં આવ્યાં છે. એટલું જ નહીં, પણ જ્યાં યોગ્ય લાગ્યું હોય ત્યાં ઉલ્લેખ સાથે અન્ય ગ્રંથોની પણ મદદ લેવામાં આવી છે.

દરેક પાત્રને સ્વતંત્ર રીતે રજૂ કરવામાં આવ્યું છે. એક પાત્રનું રેખાચિત્ર દોરવામાં એની સાથે સંકળાયેલાં બીજાં પાત્રોનો ઉલ્લેખ પણ જોવા મળશે. છતાં બને ત્યાં સુધી પુનરાવર્તનનો દોષ ટાળવાનો મારો પ્રયાસ રહ્યો છે. જોકે ક્યાંક ક્યાંક તો અનિવાર્યપણે કોઈ પાત્રની વાત એના રેખાચિત્રમાં તેમ જ એની સાથે સંકળાયેલાં અન્ય પાત્રનાં રેખાચિત્રોમાં જ જોવા મળશે. દાખલા તરીકે ઈસુના મિત્ર લાઝરસની વાતમાં એની બે બહેનોનાં નામનો ઉલ્લેખ કરેલો ચોક્કસ જોવા મળશે. એ જ રીતે બે બહેનો માર્થા અને મરિયમના પાત્રલેખનમાં એમના ભાઈ લાઝરસનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. દરેક પાત્રને એનાં ચોક્કસ પર્યાવરણ અને સમય-સંજોગોમાં રજૂ કરવામાં આવ્યું છે.

બાઇબલનાં પાત્રોનું રેખાચિત્ર લખવાનું કામ ઘણી રીતે પડકારરૂપ હતું. એક બાજુ પીતર, યોહાન, પાઉલ અને પવિત્ર આત્મા જેવાં પાત્રો વિશે ગ્રંથ કે ગ્રંથો લખી શકાય એટલી બધી માહિતી ઉપલબ્ધ છે. તો બીજી બાજુ ગૌણ પાત્રો વિશે એમનાં નામ સિવાય અન્ય કોઈ માહિતી બાઇબલમાં મળતી નથી. એટલે મુખ્ય પાત્રો અંગે ઉપલબ્ધ માહિતીમાંથી પસંદ કરીને રેખાચિત્ર લખવાનું હતું, તો ગૌણ પાત્રો વિશે લખવાનું હોય ત્યારે એમનાં નામનો સંદર્ભ તથા બીજાં પાત્રો સાથેના એમના સંબંધને ધ્યાનમાં લેવામાં આવ્યા છે. જ્યાં યોગ્ય લાગ્યું ત્યાં બાઇબલ સિવાયના સ્રોતો અને પારંપરિક માન્યતામાંથી મળતી માહિતીનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.

પાત્રોનાં નામો તેમ જ બાઇબલનાં બધાં અવતરણો ફાધર ઈસુદાસ ક્વેલી અને સ્વ.

નગીનદાસ પારેખે અનુવાદ કરેલા સંપૂર્ણ બાઇબલમાંથી લેવામાં આવ્યાં છે. દેખીતી રીતે બાઇબલનાં પાત્રોનો મુખ્ય આધારરૂપ ગ્રંથ સંપૂર્ણ બાઇબલનો નવો કરાર જ છે. એની સાથે મેં બીજા કેટલાક ગ્રંથોનો પણ આશરો લીધો છે. એમાં મેં The New International Study Bible, Good News Bible અને The New Community Bible નો ઉપયોગ કર્યો છે. એ જ રીતે ૧૮ ગ્રંથોમાં પ્રકાશિત થયેલા વિલ્યમ બાર્કલેના The Daily Study Bible થી મને ખૂબ મદદ મળી છે.

બધાં પાત્રોના નિરૂપણમાં મને ત્રણ ગ્રંથો ખાસ મદદરૂપ થયા છે. એક રોનાલ્ડ બ્રાઉનરિગ (Ronald Brownrigg)નો ગ્રંથ 'હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ' (Who's Who the New Testament) તથા હેરબર્ટ લૉકિયર (Herbert Lockyer)નાં બે પુસ્તકો 'ઑલ ધ મૅન ઑફ ધ બાઇબલ' (All the Men of the Bible) અને 'ઑલ ધ વિમૅન ઑફ ધ બાઇબલ' (All the Women of the Bible). એ જ રીતે જૉન એલ. મેકેન્ઝીનો ગ્રંથ 'ડિક્શનરી ઑફ ધ બાઇબલ' પણ મને ખૂબ મદદરૂપ નીવડ્યો છે. બાઇબલના આ બધા પ્રખર પંડિતોનો હું ઋણી છું.

મને ખૂબ આનંદ છે કે બાઇબલના જાણીતા પંડિત અને બાઇબલ અંગેનાં પ્રવચનો આપવા માટે જેમની વણથંભી માગણી અને નામના છે તે ડૉ. જેમ્સ બી. ડાભીએ બાઇબલનાં પાત્રો વિશે એક સર્વગ્રાહી પ્રસ્તાવના લખી આપી છે. સેવાસી-વડોદરા ખાતે, ગુજરાત વિદ્યાદીપ બાઇબલ કૉલેજનાં વ્યાખ્યાનો વચ્ચે ટૂંક સમયમાં બાઇબલનાં પાત્રો અંગે સુંદર પ્રસ્તાવના લખી આપવા માટે, હું મારા મિત્ર ફાધર જેમ્સ બી. ડાભીનો આભારી છું.

આ ગ્રંથ તૈયાર કરવામાં વિશેષ તો એના એકેક લેખ કમ્પ્યુટર ટાઇપિંગ કરવામાં અને એને સુધારવા-મઠારવામાં મંડ્યા રહેનાર લીના પીટર અને સ્નેહલ મેકવાનનો ખાસ આભાર માનું છું. એ જ રીતે ગ્રંથનું ધ્યાનપૂર્વક પ્રૂફવાંચન કરી એને ક્ષતિરહિત કરનાર કવિશ્રી પ્રકાશ જલાલ અને પ્રદીપ ડાયર્સાનો પણ હું ઋણી છું. પોતાની આગવી શૈલીથી આકર્ષક મુખપૃષ્ઠ દોરવા બદલ યુવાન કલાકાર સચિન દેસાઈનો અને ગ્રંથનું બધી રીતે સુંદર પ્રકાશન કરવા બદલ પ્રકાશક ભગતભાઈ શેઠનો હૃદયપૂર્વક આભાર માનું છું.

હું આશા રાખું છું કે બાઇબલના ચાહકો માટે આ પાત્રાલેખન શુભસંદેશને વધુ ઊંડાણથી સમજવા માટે તથા આખરે ઈસુને ઓળખવા, સમજવા અને એમના બિન-શરતી પ્રેમનો સ્વીકાર કરવા માટે મદદરૂપ નીવડશો.

અમદાવાદ
ઈસ્ટર ૨૦૧૨

ફાધર વર્ગીસ પૉલ, એસ. જે.
ગુર્જરવાણી
સેન્ટ ઝેવિયર્સ કૉલેજ કૅમ્પસ
અમદાવાદ ૩૮૦ ૦૦૯
ફોન: (૦૭૯) ૨૬૩૦૦૧૨૭
cissahd@gmail.com
www.vpaulsj.org

અનુક્રમણિકા

૩૧. હાન્ના, એક સમર્થ પયગંબર
૩૨. અરિમથાઈ ગામના યૉસેફ
૩૩. વડા પુરોહિત કાયફા
૩૪. મગ્દલાની મરિયમ
૩૫. પોન્તિયસ પિલાત
૩૬. મરિયમ — યાકોબ અને યૉસેફની મા
૩૭. સભાગૃહનો અધ્યક્ષ યાઈર અને દીકરી
૩૮. કનાન જાતિની સ્ત્રીની શ્રદ્ધા
૩૯. અંધ બર્તિમાય
૪૦. કોડી અર્પનાર વિધવા અને નાઈનની વિધવા
૪૧. બે ભાઈઓ — સિકંદર અને રૂફસ
૪૨. શલોમી નામે બે સ્ત્રીઓ
૪૩. સુસાન્ના અને ઘણી અનામી સ્ત્રીઓ
૪૪. નામદાર થિયફિલ
૪૫. એલિસાબેત અને ઝખરિયા
૪૬. બાદશાહ ઓગસ્તસ
૪૭. ધર્મિષ્ઠ શિમયોન અને કાળિયો શિમયોન
૪૮. આનાસ — એક યહૂદી વડા પુરોહિત
૪૯. ખૂઝાની વહુ યોહાન્ના
૫૦. મરિયમ નામે ત્રણ સ્ત્રીઓ
૫૧. માર્થા, ઈસુનાં મિત્ર
૫૨. બેથાનિયાની મનનશીલ મરિયમ
૫૩. વાંકી વળેલી સ્ત્રી
૫૪. ઈસુનો વહાલો મિત્ર લાઝરસ
૫૫. લાઝરસ નામે એક કંગાળ માણસ
૫૬. જાખ્ખી નામનો એક મુખ્ય જકાતદાર
૫૭. એમ્માઉસ તરફ જતા ક્લિયોપાસ
૫૮. ઈસુના છૂપા શિષ્ય નિકોદેમસ
૫૯. શમરુનની એક બાઈ
૬૦. વ્યભિચારમાં પકડાયેલી અનામી સ્ત્રી
૬૧. બાર્સાબાસ નામે બે પાત્રો: યુસ્તુસ અને યહૂદા
૬૨. સફીરા
૬૩. હનનિયા નામે બે જણ
૬૪. બાર્નાબાસ — આશ્વાસન આપનાર
૬૫. ગમલિયેલ, પાઉલના શિક્ષક
૬૬. ફિલિપ, એક પુરોહિત સહાયક
૬૭. પ્રથમ શહીદ સ્તેફાન
૬૮. હનનિયા નામનો શિષ્ય
૬૯. લકવાગ્રસ્ત ઈસુભક્ત એનિયાસ
૭૦. 'ટબીથા ઊઠ!'

---

* 'પવિત્ર આત્મા' અને માતા મરિયમ જેવા સૌથી વધારે અગત્યનાં પાત્રો અનુક્રમણિકાની શરૂઆતમાં આપ્યાં છે. ત્યાર પછી ઇસુના ૧૨ શિષ્યો આવે છે. બાકીનાં પાત્રો બાઇબલમાં જે ક્રમમાં આવે છે એ ક્રમમાં ગોઠવ્યાં છે. પરિશિષ્ટમાં કક્કા-બારખડી પ્રમાણે પાત્રોનાં નામો આપ્યાં છે.

સંદર્ભગ્રંથો

સંપૂર્ણ બાઇબલ, ચોથી આવૃત્તિ, ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ, ૨૦૦૩

Good News Bible , Today’s English Version, ST PAULS, Mumbai, India, 2004

The New Community Bible , Catholic Edition, ST PAULS, Mumbai, India, 2008

The NIV Study Bible , New International Version, Zondervan Bible Publishers, USA, 1985

Barclay, William, The Daily Study Bible , Revised Edition, 18 Volumes, Theological Publications in India, Bangalore, 2004

Brownrigg, Ronald, Who’s Who the New Testament , J. M. Dent, London, 1993

Foley, Leonard, OFM, Saints of the Day , volumes 1 & 2, St. Anthony Messenger Press, USA, 1975

Lockyer, Herbert, All the Men of the Bible , O M Books, Secunderabad, Indian Edition, 2004

Lockyer, Herbert, All the Women of the Bible , O M Books, Secunderabed, Indian Edition, 2004

McKenzie, John L., SJ, Dictionary of the Bible , Geotrey

Chapman, London-Dublin, 1972

Nolan Albert, Jesus before Christianity , Orbis Books, NY, USA, 1976

૧. પવિત્ર આત્મા

'હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ'ના લેખક રોનાલ્ડ બ્રાઉનરિગ કહે છે તેમ, 'પવિત્ર આત્મા ઈશ્વરસર્જિત દુનિયામાં કાર્યરત ઈશ્વરનું જીવન છે. પવિત્ર આત્મા માણસોમાં અને માણસો દ્વારા પણ કાર્યરત છે.' (પૃ. ૨૫૭). અહીં નવા કરારમાં કાર્યરત પવિત્ર આત્માને જાણવા પ્રયત્ન કરીએ. પવિત્ર આત્મા ઈશ્વરનો આત્મા છે કે જેના વિશે દેવદૂતે મરિયમને કહ્યું હતું, 'પવિત્ર આત્મા તારા ઉપર ઊતરશે અને પરાત્પરનો પ્રભાવ તને છાઈ દેશે, અને એ જ કારણથી જે પવિત્ર પુત્ર અવતરશે તે 'ઈશ્વરપુત્ર' કહેવાશે.' (લૂક ૧, ૩૫).

પવિત્ર આત્મા તે ઈશ્વરનો આત્મા છે જે ઈસુના સ્નાનસંસ્કાર પછી પારેવાની પેઠે એમના પર ઊતરી આવ્યો હતો. (માથ્થી ૩, ૧૬). ઈસુ પાણીમાંથી બહાર આવતાં આ જ પવિત્ર આત્મા તેમને અરણ્યમાં લઈ ગયો. (માર્ક ૧, ૧૨). આ જ પવિત્ર આત્માની મદદથી ઈસુએ અપદૂતો કાઢ્યા હતા. (માથ્થી ૧૨, ૨૮). લૂકે આ આત્માનો ઈશ્વરના સામર્થ્ય તરીકે ઉલ્લેખ કર્યો છે. (લૂક ૧૧, ૨૦).

સ્નાનસંસ્કારક યોહાને કહ્યું છે કે, ઈસુ લોકોને 'પવિત્ર આત્મા અને અગ્નિ વડે સ્નાનસંસ્કાર કરાવશે.' (માથ્થી ૩, ૧૧). પવિત્ર આત્મા ઈશ્વર-પિતા અને પુત્રથી અલગ જણ છે એ ખ્યાલ આપતા માથ્થીકૃત શુભસંદેશમાં ઈસુ શિષ્યોને આદેશ આપે છે કે, 'તમે જાઓ, અને બધી પ્રજાના લોકોને મારા શિષ્ય બનાવો, અને તેમને પિતા, પુત્ર અને પવિત્ર આત્માને નામે સ્નાનસંસ્કાર કરાવો.' (માથ્થી ૨૮, ૧૯). ઈસુસંઘી પંડિત જોન એલ. મેકેન્ઝીના કહ્યા મુજબ સમગ્ર 'નવો કરાર'માં 'ત્રણ નામ સાથેની આ યાદી જ પવિત્ર આત્માના વૈયક્તિક સ્વભાવ અંગેનું સૌથી વધારે સ્પષ્ટ જાહેર નિવેદન છે.' (ડિક્શનરી ઑફ ધ બાઇબલ, પૃ. ૮૪૨).

જૂના કરારમાં આત્મા વૈયક્તિક નથી, આત્મા વ્યક્તિભાવ વિનાનો છે. મેકેન્ઝી કહે છે કે માથ્થીકૃત અને માર્કકૃત શુભસંદેશોમાં સામાન્ય રીતે જૂના કરારના આત્માને વ્યક્તિ તરીકે ઈસુને અને એમના મિશનને લાગુ પાડવામાં આવ્યો છે. (મેકેન્ઝી, પૃ. ૮૪૩). માથ્થીકૃત અને માર્કકૃત શુભસંદેશોમાં આત્માનો ભાગ્યે જ ઉલ્લેખ જોવા મળે છે. લૂકકૃત શુભસંદેશમાં પવિત્ર આત્માના અવતરણ પહેલાં આત્માનો ઉલ્લેખ ઈસુને માટે છે. 'મારામાં પ્રભુનો આત્મા ઊતરી આવ્યો છે, કારણ, તેણે મારો અભિષેક કર્યો છે.' (લૂક ૪, ૧૮).

યોહાનકૃત ચોથા શુભસંદેશમાં આપણને પવિત્ર આત્મા અંગે સ્પષ્ટ શિક્ષણ મળે છે. છેલ્લા ભોજન પછી ઈસુની વાતચીતમાં ઈસુએ પ્રેષિતો પર બેલીને મોકલવાની વાત કરી છે, જે પવિત્ર આત્મા સતત શિષ્યોની પડખે રહેશે. (જુઓ યોહાન ૧૪, ૧૫-૧૭).

ઈસુ કહે છે, 'હજી હું તમારી સાથે છું ત્યાં જ મેં તમને આ કહી દીધું; પણ તમારો બેલી, એટલે કે પવિત્ર આત્મા, જેને મારા પિતા મારે નામે મોકલવાના છે, તે તમને બધું સમજાવશે, અને મેં તમને જે કંઈ કહ્યું છે તે બધાની યાદ આપશે.' (યોહાન ૧૪, ૨૫-૨૬).

યોહાન જણાવે છે તેમ, પુનરુત્થાનના રવિવારે જ ઈસુએ બંધ બારણા પાછળ રહેલા શિષ્યોને દર્શન દીધાં હતાં અને તેમના પર ફૂંક મારીને કહ્યું હતું કે, 'તમને પવિત્ર

આત્માની પ્રાપ્તિ થાઓ.' (યોહાન ૨૦, ૨૨). રોનાલ્ડ બ્રાઉનરિગ કહે છે કે, 'યોહાનના જણાવ્યા મુજબ આત્માસભર જીવન પવિત્ર આત્માના પ્રથમ પર્વને દિવસે નહીં પણ પુનરુત્થાનના દિવસે શરૂ થાય છે.' (હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ, પૃ. ૨૫૮).

લૂકે 'પ્રેષિતોનાં ચરિતો'માં જણાવ્યું છે તેમ પવિત્ર આત્માના અવતરણને દિવસે પ્રેષિતો અને અન્ય શિષ્યો એક જ જગ્યામાં ભેગા થયા હતા ત્યાં તેમને પવિત્ર આત્માની પ્રાપ્તિ થઈ. 'પચાસમાનું પર્વ આવી પહોચ્યું ત્યારે તેઓ બધા એક ઠેકાણે ભેગા થયા હતા. ત્યાં અચાનક આકાશમાંથી પવન જોરથી વાતો હોય એવો અવાજ આવ્યો, અને તેઓ બેઠા હતા તે આખું ઘર તેનાથી ભરાઈ ગયું; અને તેમને જ્વાળાઓ જેવી જીભો દેખાઈ, અને તે વહેંચાઈ જઈને દરેકના માથા ઉપર એક એક સ્થિર થઈ ગઈ. તે બધામાં પવિત્ર આત્માનો સંચાર થયો, અને તેના તરફથી થતી બોલવાની પ્રેરણા અનુસાર, તેઓ ભિન્ન ભિન્ન ભાષાઓમાં બોલવા લાગ્યા.' (પ્રે. ચ. ૨, ૧-૪). 'પ્રેષિતોનાં ચરિતો'ના આખા પુસ્તકમાં પવિત્ર આત્માનો પ્રભાવ દેખાય છે; એટલે વિશેષ રીતે 'પ્રેષિતોનાં ચરિતો'ને પવિત્ર આત્માથી પ્રેરિત ગ્રંથ કહી શકાય.

આખા વિશ્વમાં વિશેષ કરીને પ્રેષિતો અને બીજા શિષ્યોમાં પવિત્ર આત્માના પ્રભાવ હેઠળ સમૂળગું પરિવર્તન આવે છે. તેઓ નીડરપણે બધેય ઈસુની અને એમના સંદેશની ઘોષણા કરી શકે છે. પવિત્ર આત્માના અવતરણથી નવા પંથનો, પ્રેષિતો ને શિષ્યોમાં આવેલા પરિવર્તન સાથે ખ્રિસ્તી ધર્મસંઘનો, જન્મ થાય છે. ઈસુમાં કાર્યરત હતો તે આત્મા ધર્મસંઘમાં પવિત્ર આત્મારૂપે કાર્યરત બને છે. (જુઓ પ્રે.ચ. ૨, ૧-૬).

ઈસુએ પ્રેષિતોને કહ્યું હતું કે તેમને સત્તાવાળાઓ અને વિરોધીઓ સમક્ષ પોતાનો બચાવ કરવાની ચિંતા કરવાની બિલકુલ જરૂર નથી. કારણ, પવિત્ર આત્મા એમને યોગ્ય માર્ગદર્શન આપશે. (લૂક ૧૨, ૧૧-૧૨). 'પ્રેષિતોનાં ચરિતો'ના ગ્રંથમાં ઈસુનાં વચનો પુરવાર થયેલાં જોઈ શકાય છે. પ્રેષિતો પવિત્ર આત્મા દ્વારા ઈશ્વરની શક્તિનો અનુભવ કરે છે અને તેમને માંદાઓને સાજા કરવાની અને ભવિષ્ય ભાખવાની શક્તિ મળે છે. અગત્યના નિર્ણયો લેવામાં પવિત્ર આત્મા શિષ્યોને માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ બને છે.

ઈસુના ક્રૂસ પરના મૃત્યુ પછી વિરોધીઓથી ડરી જઈને બંધ બારણે સંતાઈ ગયેલા પ્રેષિતો પવિત્ર આત્માના અવતરણ પછી નીડર બને છે અને તેઓ ઈસુની ઘોષણા કરવાની પોતાની શક્તિ પ્રદર્શિત કરે છે.

શરૂઆતમાં ઈસાઈ પંથને અનુસરનાર લોક યહૂદીઓ હતા. ટૂંક સમયમાં પ્રેષિત. પીતર ગ્રીકો અને અન્ય વિધર્મીઓ આગળ છાતી ઠોકીને ઈસુ જ સર્વ માણસોના મુક્તિદાતા છે, એની ખાતરીપૂર્વક અને ખૂબ અસરકારક રીતે ઘોષણા કરે છે. પીતર બોલતા હતા ત્યાં જ સૌ લોક પર કોઈ ભેદભાવ વિના પવિત્ર આત્મા ઊતરી આવે છે. 'પીતર હજી આ બોલતો હતો ત્યાં જ એનો ઉપદેશ સાંભળનાર સૌ કોઈમાં પવિત્ર આત્માનો સંચાર થયો. બિનયહૂદીઓ ઉપર પણ પવિત્ર આત્મારૂપી વરદાન વરસાવાતું જોઈને પીતરની સાથે આવેલા યહૂદી વિશ્વાસીઓ તો દંગ જ થઈ ગયા.' (પ્રે. ચ. ૧૦, ૪૪-૪૫).

અંત્યોખનો ધર્મસંઘ પોતાની વચ્ચે પવિત્ર આત્માની હાજરીથી બરાબર વાકેફ હતો. એટલે લૂક 'પ્રેષિતોનાં ચરિતો'માં લખે છે,' તેઓ પ્રભુની આરાધના અને ઉપવાસ કરતા હતા. એવામાં પવિત્ર આત્માએ કહ્યું, 'જે કામને માટે મેં બાર્નાબાસને અને શાઉલને બોલાવ્યા છે તેને માટે એમને અલગ કાઢી આપો." (પ્રે. ચ. ૧૩, ૨).

પોતાની વચ્ચે કાર્યરત પવિત્ર આત્માથી સભાન બનીને યરુશાલેમ ખાતે મળેલી

પ્રથમ ધર્મ પરિષદમાં પ્રેષિતો વિધર્મી ખ્રિસ્તીઓ માટે લખેલા પત્રમાં જાહેર કરે છે કે, ‘પવિત્ર આત્મા અને અમે એવો નિર્ણય કર્યો છે કે, આટલી આવશ્યક બાબતો ઉપરાંત તમારે માથે બીજો કોઈ બોજો નાખવો નહીં.’ (પ્રે. ચ. ૧૫, ૨૮).

આપણે જોઈ શકીએ છીએ કે સંત પાઉલના પત્રોમાં પવિત્ર આત્માની દૈવી શક્તિ છે, સ્વર્ગીય સામર્થ્ય છે. પુનરુત્થાન પામેલા ઈસુની આ શક્તિ ઈસુના શરીરરૂપી ધર્મસંઘમાં હાજર છે અને કાર્યરત છે. પાઉલ પોતાનું કાર્ય કરી રહેલા પવિત્ર આત્માથી બરાબર વાકેફ છે, સભાન છે. એટલે જ કરિંથના ધર્મસંઘ પરના બીજા પત્રમાં પાઉલ લખે છે, ‘અમારો ઓળખપત્ર તો તમે જ છો — અમારા હૈયામાં લખાયેલો અને બધા જુએ અને વાંચી શકે એવો. એ તો સ્પષ્ટ છે કે, તમે અમારા દ્વારા પહોંચાડેલો ખ્રિસ્તનો લખેલો પત્ર છો; એ પત્ર શાહીથી નહીં, પણ ચેતનસ્વરૂપ ઈશ્વરના આત્માથી, પથ્થરની પાટી ઉપર નહીં, પણ માનવહૃદયના ફલક ઉપર કોતરાયેલો છે.’ (૨ કરિંથ ૩, ૨-૩).

પવિત્ર આત્મા એટલે જીવતાજાગતા ઈશ્વરનો આત્મા. એટલે જ રોનાલ્ડ બ્રાઉનરિગ કહે છે કે, ‘પવિત્ર આત્માથી પ્રેરિત જીવન પાઉલ માટે ખ્રિસ્તી માણસના હૃદયમાં વસતા ઈસુનું જીવન છે.’ (હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ, પૃ. ૨૫૯).

પાઉલ માટે પવિત્ર આત્માની હાજરી ફક્ત વિવિધ ભાષાઓ બોલવામાં કે પરમાનંદમાં જ નહીં, પણ વિશેષ તો શ્રદ્ધાભર્યું જીવન અને પ્રેમપ્રેરિત સેવાઓમાં છે. એટલે જ થેસ્સલોનિકાના ધર્મસંઘ પરના પોતાના બીજા પત્રમાં પાઉલ લખે છે, ‘પ્રભુ તમારા અંતરને ઈશ્વરના પ્રેમ અને ખ્રિસ્તની દૃઢતા તરફ વાળો.’ (૨ થેસ્સલોનિકા ૩, ૫).

પવિત્ર આત્માનાં દાનો અને બક્ષિસો અંગે વાત કરતાં પાઉલ કરિંથના ધર્મસંઘ પરના પ્રથમ પત્રમાં લખે છે, ‘હવે, આધ્યાત્મિક બક્ષિસો ભાતભાતની છે, પણ તે બક્ષનાર પવિત્ર આત્મા એક જ છે. સેવા નાનાવિધ છે, પણ સર્વ સેવા એક જ પ્રભુની થાય છે. કાર્યો ભિન્ન ભિન્ન છે, પણ બધા પાસે તે કરાવનાર ઈશ્વર એક જ છે. સૌના હિત માટે પવિત્ર આત્મા દરેકમાં વિશેષરૂપે પ્રગટ થાય છે. જેમ કે, પવિત્ર આત્મા પાસેથી જ કોઈને વિદ્વત્તાભરી વાતો કરવાની શક્તિ મળી હોય છે, તો એ જ પવિત્ર આત્માના પ્રભાવથી બીજાને જ્ઞાનની વાતો કરવાની શક્તિ મળી હોય છે; એ જ આત્મા તરફથી કોઈને શ્રદ્ધા મળેલી હોય છે, તો કોઈને એ જ આત્મા તરફથી આધિવ્યાધિ મટાડવાની શક્તિ મળી હોય છે; કોઈને ચમત્કારો કરવાની શક્તિ, તો કોઈને પયગંબરી વાણી ઉચ્ચારવાની શક્તિ; કોઈને સદ્-અસદ્ પ્રેરણાઓ પારખવાની શક્તિ, તો કોઈને નોખી ભાષાઓમાં અર્થ કરવાની શક્તિ, તો કોઈને ભાષાઓનો અર્થ કરવાની શક્તિ. પણ આ બધી શક્તિઓની પાછળ એક જ પવિત્ર આત્મા કાર્ય કરી રહ્યો હોય છે, અને તે પોતાની ઇચ્છા પ્રમાણે દરેકને જુદી જુદી શક્તિ વહેંચી આપે છે.’ (૧ કરિંથ ૧૨, ૪-૧૧).

આ લેખ લખતાં અને ફરી ફરી એનું પુનર્લેખન કરતાં મને લાગ્યા કરતું હતું કે હું કોઈ તલાવડીમાં દરિયાનું પાણી ખાલી કરવા મથું છું!

૨. ઇસુનાં માતા મરિયમ

ઈસુનાં માતા મરિયમ ઈસાઈ પંથ મુક્તિ ઇતિહાસમાં ખૂબ ઊંચા સ્થાને બિરાજે છે. છતાં બાઇબલમાં મા મરિયમનો ઉલ્લેખ ખૂબ ઓછો છે!

બાઇબલેતર ભક્તિ સાહિત્યમાંથી આપણને માતા મરિયમનાં મા-બાપનાં નામો મળે છે. તે વૃદ્ધ માતાપિતા અન્ના અને યોહાકીમની પુત્રી હતી. આ માહિતી આપણને બીજી શતાબ્દીમાં લખાયેલા 'પ્રોટો એવાનગેલિયુમ' એટલે 'પ્રથમ શુભસંદેશ' નામના ગ્રંથમાંથી મળે છે. પૂર્વના ઓર્થોડોક્સ ખ્રિસ્તી ધર્મસંઘમાં મધ્યયુગથી મા મરિયમનાં મા-બાપનો તહેવાર ઊજવવામાં આવે છે. એક બીજા લખાણમાં મા મરિયમ માટે 'ગાલીલની મરિયમ' તરીકેનો ઉલ્લેખ મળે છે અને એમનું જન્મસ્થળ ગાલીલનું સાપ્પિરેસ ગામ બતાવવામાં આવે છે.

ચારેય શુભસંદેશકારોમાં માર્ક અને યોહાનના શુભસંદેશમાં ઈસુનું બાળપણ અને ઈસુના જન્મ પહેલાંના મરિયમના જીવન વિશે કશી જ માહિતી નથી. માથ્થીએ અને ખાસ તો લૂકે ઈસુના જન્મ અને બાળપણનું વર્ણન કર્યું છે. એમાં કુમારી કન્યા અને માતા તરીકેની મરિયમની થોડી માહિતી આપણને મળે છે. મરિયમનાં મા-બાપ નાસરેથ રહેતાં હતાં એવું માની શકાય. કારણ, મરિયમને એમના નાસરેથના ઘરમાં ઈશ્વરનો દેવદૂત સંદેશ આપે છે. લૂકે સાહિત્યિક ભાષામાં એનું વર્ણન કર્યું છે. 'છઠ્ઠે મહિને ઈશ્વરે દેવદૂત ગાબ્રિયેલને ગાલીલ પ્રાંતના નાસરેથ નામે ગામમાં એક કન્યા પાસે મોકલ્યો. કન્યાનું નામ મરિયમ હતું અને તેમના વિવાહ દાવિદના વંશજ યૉસેફ નામના માણસ સાથે થયા હતા.' (લૂક ૧, ૨૬-૨૭). લૂકે એક જ વાક્યમાં કન્યાનું નામ મરિયમ અને યૉસેફ સાથેના તેમના વિવાહની વાત તથા યૉસેફ દાવિદના વંશના છે એ વાત કુશળતાથી કરી છે. સૌથી પહેલી માહિતી તો ઈશ્વરે જ દેવદૂત ગાબ્રિયેલને મરિયમ પાસે મોકલ્યા છે, તે છે.

ઈશ્વરનો સંદેશ ગાબ્રિયેલ મરિયમને આપે છે, 'પ્રણામ, તારી ઉપર પ્રભુની કૃપા ઊતરી છે, પ્રભુ તારી સાથે છે.' (લૂક ૧, ૨૮). આ સંદેશ બિલકુલ અપ્રતીક્ષિત છે અને મરિયમ આ સંદેશ સમજી શકતાં પણ નથી. એટલે દેવદૂત ગાબ્રિયેલના સંદેશથી મરિયમ 'ક્ષોભ પામ્યાં અને વિચાર કરવા લાગ્યાં કે, આ તે કેવા પ્રકારના પ્રણામ!' (લૂક ૧, ૨૯).

મરિયમનું ધર્મસંકટ સમજી જઈને દેવદૂતે એમને કહ્યું, 'ગભરાઈશ નહીં, મરિયમ, કારણ, ઈશ્વર તારા ઉપર પ્રસન્ન થયા છે. જો, તેને ગર્ભ રહેશે અને એક પુત્ર અવતરશે, તેનું નામ તું ઈસુ રાખજે. એ મહાન હશે અને પરાત્પરનો પુત્ર કહેવાશે; પ્રભુ પરમેશ્વર તેને તેના પૂર્વજ દાવિદનું રાજસિંહાસન આપશે અને તે યુગોના યુગો સુધી ઇઝરાયેલની પ્રજા ઉપર રાજ્ય કરશે; તેના રાજ્યનો અંત આવશે નહીં.' (લૂક ૧, ૩૦-૩૩).

ગાબ્રિયેલની બધી વાતો મરિયમ સમજી શકે એમ નહોતાં. છતાં દેવદૂતના ખુલાસાથી મરિયમને સંદેશનો થોડોઘણો ખ્યાલ આવ્યો અને એમણે દેવદૂત પાસે વધુ ખુલાસો માગ્યો. મરિયમે દેવદૂતને કહ્યું, 'એ શી રીતે બનશે? હું તો પતિગમન કરતી નથી.' (લૂક ૧, ૩૪).

પોતાની વાતનો વધુ ખુલાસો કરતાં દેવદૂતે કહ્યું, 'પવિત્ર આત્મા તારા ઉપર ઊતરશે અને પરાત્પરનો પ્રભાવ તને છાઈ દેશે, અને એ જ કારણથી જે પવિત્ર પુત્ર અવતરશે તે 'ઈશ્વરપુત્ર' કહેવાશે. અને જો, તારી સગી એલિસાબેતને પણ ઘડપણમાં ગર્ભ રહ્યો છે, અને જે વાંઝણી કહેવાતી હતી એને અત્યારે છઠ્ઠો મહિનો ચાલે છે, કારણ, ઈશ્વરને કશું અશક્ય નથી.' (લૂક ૧, ૩૫-૩૭).

મરિયમને સંતોષકારક જવાબ મળ્યો. એટલે મરિયમે કહ્યું, 'હું તો ઈશ્વરની દાસી છું. તારી વાણી મારે વિશે સાચી પડો.' (લૂક ૧, ૩૮). મરિયમની નમ્ર 'હા'થી માણસ કદી કલ્પી ન શકે એવો બનાવ એટલે ઈશ્વરના માનવ બનવાનો બનાવ બન્યો.

મરિયમને વધામણીનો સંદેશ મળ્યા પછી તે તરત જ પોતાની સગી એલિસાબેતને મળવા ગયાં હતાં. કારણ, ગાબ્રિયેલે એમને કહ્યું હતું કે મરિયમની સગી એલિસાબેતને ઘડપણમાં ગર્ભ રહ્યો છે.

લૂકે મરિયમ અને એલિસાબેતના મિલનનું સુંદર વર્ણન કર્યું છે. 'થોડા જ વખતમાં મરિયમ યહૂદિયાના પહાડી પ્રદેશમાં આવેલા એક ગામમાં જવાને ઉતાવળાં ઉતાવળાં નીકળી પડ્યાં. ઝખરિયાના ઘરમાં જઈને તેમણે એલિસાબેતને વંદન કર્યાં. મરિયમનાં વંદન સાંભળતા જ એલિસાબેતના પેટમાંનું બાળક ફરક્યું, અને એલિસાબેત પવિત્ર આત્માની પ્રેરણાથી સભર બનીને મોટે સાદે બોલી ઊઠી, 'સૌ સ્ત્રીઓમાં તું ધન્ય છે અને ધન્ય છે તારી કૂખનું બાળક! હું તે કેવી ભાગ્યશાળી કે મારા પ્રભુની માતા મને મળવા આવી! અને વાત તો સાંભળ, જેવા તારા વંદનના શબ્દ મારે કાને પડ્યા કે તરત જ મારા પેટમાંનું બાળક આનંદથી ફરક્યું! અને શ્રદ્ધા રાખનારી તું પરમસુખી છે, કારણ, પ્રભુ તરફથી તને મળેલાં વચન પૂરાં થશે." (લૂક ૧, ૩૯-૪૫).

એલિસાબેતની મુલાકાત અને તે પ્રસંગે મરિયમનું સ્તુતિગાન આપણને મરિયમના પાત્ર કે સ્વભાવનો થોડો ખ્યાલ આપે છે. મરિયમ પોતાની જાતને ખૂબ નમ્રતાથી ઈશ્વરની દાસી તરીકે ઓળખાવે છે. પણ સગી એલિસાબેતે પોતાને વિશે કરેલી વાતથી મરિયમ ઈશ્વરની કૃપાદૃષ્ટિથી સભાન બને છે અને જાણે છે કે પોતે ખરેખર 'બડભાગી' છે.

મરિયમે કરેલા ઈશ્વરના સ્તુતિગાનમાં મરિયમ એકરાર કરે છે કે, 'પરમેશ્વરે પોતાની આ દીન દાસી ઉપર કૃપાદૃષ્ટિ કરી છે' અને 'આજથી બધા યુગો મને બડભાગી માનશે'.

આ સ્તુતિગાન પછી લૂક જણાવે છે કે, 'મરિયમ લગભગ ત્રણ મહિના એલિસાબેત સાથે રહ્યાં અને પછી પોતાને ઘેર પાછાં ગયાં.' (લૂક ૧, ૫૬).

સ્નાનસંસ્કારક યોહાનના જન્મની વાત તથા ઈસુના જન્મની વાત - બંને ખૂબ રસપ્રદ છે; બંનેમાં વાસ્તવિક વાતો અને કાલ્પનિક વાતો વચ્ચેની ભેદરેખા સમજવી અઘરી છે. ઈસુના જન્મ અંગેની માથ્થી અને લૂકે કરેલી વાતોમાં તફાવત છે. લૂકકૃત શુભસંદેશ મુજબ યૉસેફ અને મરિયમ બાદશાહ અૉગસ્તસના વસ્તીગણતરીના ફરમાન મુજબ બેથલેહેમ પહોંચ્યાં હતાં. કારણ યૉસેફ દાવિદના વંશના અને કુળના હતા. (જુઓ લૂક ૨, ૧-૪).

માથ્થીકૃત શુભસંદેશ મુજબ યૉસેફ અને મરિયમ બેથલેહેમના વતનીઓ હતાં. પૂર્વમાંથી પંડિતો 'યહૂદીઓનો નવો જન્મેલો રાજા'ના તારાને જોઈને યરુશાલેમથી મળેલા માર્ગદર્શન મુજબ બેથલેહેમ પહોંચ્યાં હતાં. ત્યાં તેમણે તે બાળક ઈસુને તેનાં માતા મરિયમ પાસે જોયો.' (જુઓ માથ્થી ૨, ૧૧).

ઈસુના જન્મ વખતે આવા કેટલાક બનાવો બન્યા હતા. પણ માતા મરિયમને કોઈ ગતાગમ ન પડી. પણ લૂકે લખ્યું છે તેમ 'મરિયમ એ બધી વાતો પોતાના મનમાં સંઘરી

રાખીને તેના ઉપર વિચાર કરતાં રહ્યાં.' (લૂક ૨, ૧૯).

મને બે વાર ઈસ્વીસન ૧૯૭૭માં અમેરિકાથી અને ફરી ૧૯૯૮માં યુરોપથી પરત આવતાં બેથલેહેમની મુલાકાત લેવાની, અને જન્મ વખતે બાળ ઈસુને કપડામાં લપેટીને જ્યાં સુવડાવ્યા હતા તે ગમાણની જગ્યા પર બાંધેલી બસિલિકા (મહાદેવળ)માં ઘૂંટણિયે પડીને ઈસુના માનવઅવતાર વિશે ચિંતનમનન કરવાની તક મળી છે.

માથ્થીકૃત શુભસંદેશ મુજબ પૂર્વના પંડિતો પાછા ગયા પછી યૉસેફને સ્વપ્નમાં મળેલા દેવદૂતના સંદેશ મુજબ યૉસેફ બાળ ઈસુ અને તેનાં માતાને લઈને તાબડતોબ મિસરમાં ભાગી ગયા હતા. (માથ્થી ૨, ૧૩). પણ લૂકકૃત શુભસંદેશમાં પૂર્વના પંડિતોની મુલાકાત અને મિસરમાં ભાગી જવાની વાત નથી. એને બદલે લૂકે નોંધ્યું છે કે બાળ ઈસુને પ્રભુને સમર્પણ કરવા માટે એનાં મા-બાપ યરુશાલેમ મંદિરમાં લઈ ગયાં હતાં.

તે વખતે મંદિરમાં ધર્મિષ્ઠ અને ભક્ત હૃદયના શિમયોને બાળકને હાથમાં લઈને ઈશ્વરની સ્તુતિ કરી હતી. પછી શિમયોને બાળકની માતા મરિયમને આશીર્વાદ આપતાં કહ્યું, 'જો, આ બાળક ઇઝરાયલમાં ઘણાની પડતીનું તેમ જ ચડતીનું નિમિત્ત તથા વિરોધનું નિશાન બનવા નિર્માયો છે, અને એ રીતે ઘણાના મનની વાતો બહાર આવશે. તારું પોતાનું અંતર પણ તલવારથી વીંધાઈ જશે!' (લૂક ૨, ૩૪-૩૫).

લૂકકૃત શુભસંદેશ મુજબ બાળ ઈસુને યરુશાલેમ મંદિરમાં પ્રભુને અર્પણ કર્યા પછી યૉસેફ અને મરિયમ નાસરેથ પાછાં ફર્યાં અને બાળકનાં બળ અને જ્ઞાનની પણ વૃદ્ધિ થતી રહી. (જુઓ લૂક ૨, ૩૯-૪૦) પણ માથ્થીકૃત શુભસંદેશ મુજબ યૉસેફ અને મરિયમ બાળક સાથે મિસરમાં ભાગી ગયા પછી પરત આવીને નાસરેથ ગામમાં જઈને રહેવા લાગ્યાં. (જુઓ માથ્થી ૩, ૧૯-૨૩).

ઈસુના બાળપણની આ વાત પછી આપણને ઈસુ, માતા મરિયમ અને યૉસેફના પવિત્ર કુટુંબની વાત — એટલે ૧૨ વર્ષની ઉંમરે યરુશાલેમ મંદિરમાં ઈસુ ખોવાયા અને જડયાની વાત — આપણને લૂક જણાવે છે. યરુશાલેમ મંદિરમાં પાસ્ખાપર્વ ઊજવ્યા પછી બધાં કુટુંબીજનો ઘેર જવા નીકળ્યાં ત્યારે બાળ ઈસુ મંદિરમાં રહી ગયા. પણ એમનાં મા-બાપને એની ખબર નહોતી. રસ્તામાં સગાંસંબંધીઓ વચ્ચે તપાસ કરી ત્યારે મા-બાપને ઈસુ ખોવાઈ ગયાનો ખ્યાલ આવ્યો. ઈસુને શોધતાં શોધતાં તેઓ પાછાં યરુશાલેમ આવ્યાં ત્યારે વ્યથિત મા-બાપને ઈસુની ભાળ મળી. ધર્મગુરુઓ વચ્ચે બેઠા બેઠા તે એમનો ઉપદેશ સાંભળતા હતા અને એમને પ્રશ્નો પૂછતા હતા. આ દૃશ્યથી આશ્ચર્યચકિત થયેલાં મા મરિયમે ઈસુને પૂછ્યું, 'બેટા, તેં આમ કેમ કર્યું?'

તેમણે તેઓને કહ્યું, 'તમે શું કરવા મારી શોધ કરી? તમને ખબર નહોતી કે, હું તો મારા પિતાના ઘરમાં જ હોઈશ?' (લૂક ૨, ૪૬-૪૯).

માતા મરિયમ અનેં યૉસેફ બંને ઈસુના જવાબથી વિમાસણમાં પડી ગયાં હશે. લૂકે નોંધ્યું છે કે, 'એમની માએ આ બધી વાત પોતાના હૈયામાં સંઘરી રાખી.' (લૂક ૨, ૫૧).

આ બનાવ પછી આપણને માતા મરિયમ ગાલીલના કાના ગામે એક લગ્ન પ્રસંગે ઈસુ અને તેમના શિષ્યો સાથે મળે છે. લગ્નપ્રસંગે માતા મરિયમની વિનવણીથી ઈસુએ પહેલો પરચો કાના ગામે કર્યો હતો.

કાના ગામના લગ્નના પ્રસંગ પછી ઈસુએ પોતાના ગામ નાસરેથ જઈ સભાગૃહમાં ઉપદેશ આપ્યો હતો. તેમનો ઉપદેશ સાંભળીને લોકોએ પૂછવા માંડ્યું: 'આ માણસમાં આવું જ્ઞાન અને આવી ચમત્કાસ્કિ શક્તિઓ ક્યાંથી? એ પેલા સુથારનો દીકરો નથી? એની માનું નામ મરિયમ નથી?' (માથ્થી ૧૩, ૫૪-૫૫).

અહીં ઈસુ માટે 'સુથારનો દીકરો'ના પ્રયોગથી આપણે આસાનીથી માની શકીએ કે, સુથાર યૉસેફ, માતા મરિયમ અને યુવાન ઈસુનું એક પવિત્ર કુટુંબ હતું અને સુથારીકામ કરીને યૉસેફ પોતાના પવિત્ર કુટુંબનું ભરણપોષણ કરતા હતા. યૉસેફની દેખરેખ હેઠળ ઈસુએ સુથારીકામ શીખ્યું હશે ત્યારે માતા મરિયમની દોરવણીથી ઈસુ ધાર્મિક સાહિત્યમાં એટલે જૂના કરારમાં પાવરધા બન્યા હશે, એમ માની શકાય. યૉસેફ, મરિયમ અને ઈસુનું પવિત્ર કુટુંબ બધાને માટે નમૂનેદાર કુટુંબ હશે.

કાના ગામના લગ્નપ્રસંગથી માંડી છેક અંત સુધી બાઇબલમાં યૉસેફ વિશે કોઈ ઉત્લેખ નથી. એટલે આપણે માની લઈએ કે કાના ગામના લગ્ન પહેલાં યૉસેફનું મૃત્યુ થયું હશે.

ઈસુએ આશરે ત્રણેક વર્ષ ફરતા સાધુ કે ધર્મગુરુ તરીકે ઈશ્વર પિતાના રાજ્યની ઘોષણા કરતાં કરતાં જાહેર જીવન ગાળ્યું હતું. આ ત્રણ વર્ષ દરમિયાન ઈસુ સાથે એમના બાર શિષ્યો અને કેટલીક સ્ત્રીઓ હતી. પણ ફક્ત એક જ વાર શુભસંદેશકારે માતા મરિયમની વાત કરી છે. માથ્થી, માર્ક અને લૂકે વર્ણવેલા એ પ્રસંગમાંથી અહીં માથ્થીએ કરેલી વાત ટાંકું છું.

'ઈસુ લોકોને સંબોધતા હતા ત્યાં તેમનાં મા અને ભાઈઓ તેમની સાથે વાત કરવાની ઇચ્છાથી બહાર આવીને ઊભાં; એટલે કોઈએ ઈસુને કહ્યું, 'જુઓ, આપનાં મા અને ભાઈઓ બહાર ઊભાં છે અને આપની સાથે વાત કરવા ઇચ્છે છે.'

તેમણે એ સંદેશો લાવનારને કહ્યું, 'મારી મા કોણ? ને મારા ભાઈઓ કોણ?' અને પોતાના શિષ્યો તરફ હાથ લંબાવીને કહ્યું, જો, આ રહ્યાં મારી મા અને મારા ભાઈ! જે કોઈ મારા પરમપિતાની ઇચ્છા પ્રમાણે ચાલે છે તે મારો ભાઈ, તે મારી બહેન અને તે મારી મા.' (માથ્થી ૧૨, ૪૬-૫૦).

માથ્થી, માર્ક અને લૂકે વર્ણવેલા આ પ્રસંગમાં છેલ્લું વાક્ય ત્રણેય શુભસંદેશકારોગાં એકસમાન છે: 'જે કોઈ ઈશ્વરની ઇચ્છા પ્રમાણે ચાલે તે મારો ભાઈ, તે મારી બહેન, અને તે મારી મા'. અહીં ઈસુ પોતાની આસપાસ કૂંડાળું વળીને બેઠેલા લોકોને જ પોતાની મા કહે છે. ઈસુની આ વાતમાં આપણને કદાચ લાગશે કે ઈસુ પોતાની માની ઉપેક્ષા કરે છે કે એમને બિલકુલ ગણકારતા નથી. પણ વાસ્તવિકતા ઊલટી છે.

મા મરિયમના પાત્રને બરાબર સમજનાર જાણે છે કે ઈશ્વરની ઇચ્છા પ્રમાણે ચાલવામાં મરિયમ સૌથી આગળ છે. એમણે ઈશ્વર પિતાની ઇચ્છાને સંપૂર્ણપણે વળગી રહીને જ કહ્યું હતું, 'હું તો ઈશ્વરની દાસી છું. તારી વાણી મારે વિશે સાચી પડો.' (લૂક ૧, ૩૮).

આ દૃષ્ટિએ માતા મરિયમના જીવનના વિરલ પ્રસંગને નિરૂપનારને ખ્યાલ આવશે કે માતા મરિયમ બમણી રીતે ઈસુની માતા ઠરે છે. ભૌતિક રીતે મરિયમ ઈસુને જન્મ આપીને ઈસુની મા બન્યાં છે; એટલું જ નહીં પણ ઈસુની જેમ ઈશ્વર પિતાની ઇચ્છાને સંપૂર્ણપણે આધીન રહીને ઈસુ કહે છે તેમ આધ્યાત્મિક રીતે પણ ઈસુની માતા ઠરે છે.

ચારેય શુભસંદેશોમાં માતા મરિયમને મળવાનો છેલ્લો પ્રસંગ ઈસુના ક્રૂસારોહણ વખતનો છે. ફક્ત ચોથા શુભસંદેશકાર યોહાને જ ક્રૂસ પાસે ઊભી રહીને પોતાના દીકરાની મહાવ્યથામાં ભાગીદાર બનતાં માતા મરિયમની વાત કરી છે. બીજા ત્રણ શુભસંદેશકારોએ મા મરિયમનો નામથી ઉલ્લેખ કર્યો નથી. છતાં આપણે માની શકીએ કે ત્રણેય શુભસંદેશકારોએ ક્રૂસ પાસે ઊભેલી સ્ત્રીઓની વાત કરી છે એ સ્ત્રીઓમાં માતા મરિયમનો પણ સમાવેશ થાય છે. યોહાને વર્ણવેલો પ્રસંગ અહીં ટાંકું છું:

'એ વખતે ઈસુના ક્રૂસ પાસે તેમનાં મા, માસી, કલોપાની વહુ મરિયમ, અને મગ્દલાની મરિયમ સાથે ઊભાં હતાં. ઈસુએ પોતાનાં માને અને તેમની પાસે ઊભેલા પોતાના વહાલા શિષ્યને જોઈને માને કહ્યું, બાઈ, આ તારો દીકરો.'

પછી તેમણે શિષ્યને કહ્યું, 'આ તારી મા.' અને તે ઘડીથી શિષ્યે તેમને પોતાને ત્યાં રાખ્યાં.' (યોહાન ૧૯, ૨૫-૨૭).

આ પ્રસંગમાં 'પાસે ઊભેલા વહાલા શિષ્ય' એટલે શુભસંદેશકાર યોહાન પોતે. પોતાની માને પોતાના વહાલા શિષ્યની દેખરેખમાં અને શિષ્યને માતાની સંભાળમાં સોંપવામાં માતા પ્રત્યેનાં ઈસુનાં અપાર પ્રેમ અને નિષ્ઠા આપણે જોઈ શકીએ છીએ.

બાઇબલના પંડિતો માને છે કે પોતાના વહાલા શિષ્યને માને સોંપવામાં ઈસુએ સમગ્ર માનવજાતને માતા મરિયમની સંભાળપાં સોંપી દીધી છે. એ જ રીતે પોતાનાં માને વહાલા શિષ્યની સંભાળમાં સોંપીને ઈસુએ. માતાને, ધર્મસભાને સંભાળવાની જવાબદારી પોતાના ચુનંદા શિષ્યના હાથમાં સોંપી છે. ઈસુના ક્રૂસ પાસે ઊભાં રહીને એમની મહાવ્યથામાં ભાગીદાર બનતાં માતા મરિયમ આપણા માટે ઈસુ પ્રત્યેની નિષ્ઠા તથા સમર્પણનો સર્વોત્તમ નમૂનો છે.

નવા કરારમાં માતા મરિયમનો છેલ્લો ઉલ્લેખ આપણને 'પ્રેષિતોનાં ચરિતો'માં જોવા મળે છે. 'પ્રેષિતોનાં ચરિતો'ની શરૂઆતમાં આપણને વાંચવા મળે છે, 'એ બધા (એટલે ઈસુના અગિયાર શિષ્યો) એકમન થઈ સતત પ્રાર્થના કર્યા કરતા હતા, અને એમની સાથે ઈસુનાં મા મરિયમ સુધ્ધાં કેટલીક સ્ત્રીઓ અને ઈસુના ભાઈઓ પણ હતાં.' (પ્રે. ચ. ૧, ૧૪).

અહીં 'પ્રેષિતોનાં ચરિતો'ના લેખક લૂકે ઈસુના અગિયાર શિષ્યો સાથે ઈસુની માતાને તથા ઈસુનાં બીજાં કેટલાંક અંતેવાસીઓને એકમનથી પ્રાર્થના કરતાં બતાવ્યાં છે. બાઇબલના નિષ્ણાતો માને છે કે ઈસુના મૃત્યુથી વેરવિખેર થયેલા ઈસુના શિષ્યો અને અન્ય અંતેવાસીઓને ભેગા કરનાર ગુરુત્વાકર્ષણ શક્તિ માતા મરિયમ હતાં. ઈસુનો પોતાના ગામમાં અસ્વીકાર કરનાર એમના ભાઈઓ અને અન્ય કેટલાક લોકો પણ માતા મરિયમ સાથે ઈસુએ વચન આપેલા પવિત્ર આત્માની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરતા હતા.

આ રીતે માતા મરિયમ સમગ્ર માનવજાત સાથે એક છે. છતાં સમગ્ર માનવજાતથી અલગ તારવેલ ઈશ્વરની માતા પણ છે. ઈસુએ માતા મરિયમને ક્રૂસ પરથી સમગ્ર ધર્મસંઘનાં માતા તરીકે આપ્યાં છે.

છેલ્લે માતા મરિયમને માટે બાઇબલના છેલ્લા ગ્રંથ 'દર્શન'માં આડકતરો ઉલ્લેખ જોઈ શકાય છે: એ પછી આકાશમાં એક અદ્‌ભુત ચિહ્‌ન દેખાયું. એક સ્ત્રીએ સૂર્યનાં વસ્ત્ર ધારણ કર્યાં હતાં, તેના પગ નીચે ચંદ્ર હતો, અને તેના માથા ઉપર બાર તારાનો મુગટ હતો. તે ગર્ભવતી હતી અને પ્રસવવેદનાના કષ્ટથી રાડો પાડતી હતી.

'પછી આકાશમાં એક બીજું ચિહ્‌ન દેખાયું: લાલ રંગનો એક મોટો અજગર. તેને સાતે માથાં અને દસ શિંગડાં હતાં, અને તેના માથા ઉપર સાત મુગટ હતા. તેની પૂંછડીએ આકાશમાંના ત્રીજા ભાગના તારા ઝાપટીને પૃથ્વી ઉપર પછાડ્યા. એ અજગર પ્રસવની અણીએ આવેલી પેલી સ્ત્રીની સામે જઈને ઊભો રહ્યો, જેથી બાળકનો પ્રસવ થતાં જ તે તેને ગળી જાય. તે સ્ત્રીએ બધી પ્રજાઓ ઉપર લોખંડી દંડથી રાજ્ય કરવા નિમાયેલા એક પુત્રને જન્મ આપ્યો; પણ તે પુત્રને ઝૂંટવીને ઈશ્વર પાસે, તેના સિંહાસન ઉપર લઈ જવામાં આવ્યો. અને તે સ્ત્રી નાસીને વગડામાં ચાલી ગઈ, જ્યાં ઈશ્વરે તેને માટે એક સ્થાન તૈયાર રાખેલું હતું; ત્યાં એક હજાર બસો ને સાઠ દિવસ સુધી તેનું પાલનપોષણ થવાનું હતું.'

(દર્શન ૧૨, ૧-૬).

સમગ્ર માનવજાતના મુક્તિ-ઇતિહાસમાં માતા મરિયમે નોંધપાત્ર ભાગ ભજવ્યો છે. ખ્રિસ્તી ધર્મસંઘના અને ખુદ પોતાના ધાર્મિક ઇતિહાસમાં દરેક ખ્રિસ્તી માનવ ઈસુની માતા તરીકે માતા મરિયમને આદરમાનથી જુએ છે. કૅથલિક ખ્રિસ્તી લોકોને માતા મરિયમ પ્રત્યે વિશેષ ભક્તિ અને આદરમાન છે. માતા મરિયમ ખ્રિસ્તીઓને માટે ઈશ્વર પાસેથી પોતાને માટે વરદાનો મેળવી આપનાર મધ્યસ્થી મા છે.

સમગ્ર માનવજાતની મુક્તિ માટેની ઈશ્વરની યોજનામાં સક્રિય ભાગ ભજવનાર સમર્પિત વ્યક્તિ તરીકે માતા મરિયમની પ્રશંસા ગવાય છે અને મા મરિયમની મધ્યસ્થી દ્વારા મદદ માટે માતા મરિયમની ભક્તિ કરવામાં આવે છે. એટલે કૅથલિક ખ્રિસ્તી ધર્મસભાના સર્વ સંતોમાં માતા મરિયમ સર્વોચ્ચ સ્થાને બિરાજે છે.

૩. સ્નાનસંસ્કારક યોહાન

બાઇબલમાં જૂના કરાર અને નવા કરાર વચ્ચે કોઈ કડીરૂપ પાત્ર હોય તો તે છે સ્નાનસંસ્કારક યોહાન. તેમને જૂના કરારના છેલ્લા પયગંબર ગણવામાં આવે છે. નવા કરારમાં તેઓ ઈસુના છડીદાર છે. વળી, તેઓ ઈસુનાં માસી એલિસાબેતના પુત્ર છે. તેઓ 'હૃદયપલટો કરો અને સ્નાનસંસ્કાર પામો'ની ઘોષણા કરતા હતા. તેમણે ઈસુને યર્દન નદીમાં સ્નાનસંસ્કાર કરાવ્યો હતો, એટલે એમનું નામ 'સ્નાનસંસ્કારક યોહાન' પડ્યું છે.

સ્નાનસંસ્કારક યોહાન વિશે એમના જન્મથી માંડી મૃત્યુ સુધી સારી એવી માહિતી ચારેય શુભસંદેશમાંથી મળે છે. યોહાનના પિતાનું નામ ઝખરિયા અને માતાનું નામ એલિસાબેત છે. તેમના વિશે સંત લૂક લખે છે, 'બંને પ્રભુની બધી આજ્ઞાઓનું તથા વિધિઓનું દોષ વગર પાલન કરતાં હતાં. એટલે ઈશ્વરની નજરમાં ધર્મિષ્ઠ હતાં.' (લૂક ૧, ૬).

સંત લૂકકૃત શુભસંદેશ યોહાનના જન્મની વાત કરવા સાથે તેમને એક પયગંબર તરીકે ચીતરે છે. મરિયમને ઈસુના જન્મની વધામણી આપતી વખતે દેવદૂત ગાબ્રિયેલ મરિયમને વધુમાં કહે છે, 'અને જો, તારી સગી એલિસાબેતને પણ ઘડપણમાં ગર્ભ રહ્યો છે, અને જે વાંઝણી કહેવાતી હતી એને અત્યારે છઠ્ઠો મહિનો ચાલે છે, કારણ, ઈશ્વરને કશુંય અશક્ય નથી.' (લૂક ૧, ૩૬-૩૭).

સગી એલિસાબેતને ઘડપણમાં ગર્ભ રહ્યાની વાત સાંભળીને મરિયમ એમને મળવા ગયાં. 'થોડા જ વખતમાં મરિયમ યહૂદિયાના પહાડી પ્રદેશમાં આવેલા એક ગામમાં જવાને ઉતાવળાં ઉતાવળાં નીકળી પડ્યાં. ઝખરિયાના ઘરમાં જઈને તેમણે એલિસાબેતને વંદન કર્યાં. મરિયમનાં વંદન સાંભળતાં જ એલિસાબેતના પેટમાંનું બાળક ફરક્યું, અને એલિસાબેત પવિત્ર આત્માની પ્રેરણાથી સભર બનીને મોટે સાદે બોલી ઊઠી, 'સૌ સ્ત્રીઓમાં તું ધન્ય છે અને ધન્ય છે તારી કૂખનું બાળક! હું તે કેવી ભાગ્યશાળી કે મારા પ્રભુની માતા મને મળવા આવી! અને વાત તો સાંભળ, જેવા તારાં વંદનના શબ્દ મારે કાને પડ્યા કે તરત જ મારા પેટમાંનું બાળક આનંદથી ફરક્યું!" (લૂક ૧, ૩૯-૪૪). 'મરિયમ લગભગ ત્રણ મહિના એલિસાબેત સાથે રહ્યાં અને પછી પોતાને ઘેર પાછાં ગયાં.' (લૂક ૧, ૫૬).

બધા શુભસંદેશકારોમાં ફક્ત લૂક જ સ્નાનસંસ્કારક યોહાનના જન્મની વાત કરે છે. 'હવે, એલિસાબેતનો પ્રસૂતિકાળ આવી પહોંચ્યો અને તેણે પુત્રને જન્મ આપ્યો. પ્રભુએ તેના ઉપર કેવી કૃપા કરી છે એ જ્યારે તેનાં પાડોશીઓએ અને સગાંવહાલાંઓએ જાણ્યું ત્યારે તેઓ પણ આનંદ પામ્યાં.

'પછી તેઓએ તેના બાપતે ઇશારો કરીને પૂછ્યું કે, 'શું નામ પાડવાની તમારી ઇચ્છા છે?'

એટલે તેણે એક પાટી મંગાવીને તેના ઉપર લખ્યું, 'એનું નામ યોહાન છે.' બધા અચંબો પામ્યા. તે જ ક્ષણે તેને ફરી વાચા ફૂટી અને તે ઈશ્વરની સ્તુતિ કરવા લાગ્યો. બધાં

અડોશીપડોશીઓ ભયભીત થઈ ગયાં, અને યહૂદિયાના પહાડી પ્રદેશમાં સર્વત્ર આ આખી વાત ચર્ચાનો વિષય થઈ પડી. જેમણે જેમણે આ વાત સાંભળી તેઓ બધાં મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યાં કે, આ છોકરો કેવો નીકળશે? કારણ, સાચે જ એના ઉપર પ્રભુનો હાથ હતો. એનો બાપ ઝખરિયા પવિત્ર આત્માની પ્રેરણાથી સભર બનીને બોલી ઊઠ્યો:

'ઇઝરાયલના ઈશ્વર પ્રભુને ધન્ય હો! એણે પોતાની પ્રજા ઉપર કૃપાદૃષ્ટિ કરી તેને મુક્ત કરી છે...'

'એ બાળક મોટો થતો ગયો તેમ તેની આધ્યાત્મિક શક્તિ વધતી ગઈ અને ઇઝરાયલ આગળ પ્રગટ થવાનો વખત આવ્યો ત્યાં સુધી તે વગડામાં રહ્યો.' (લૂક ૧, ૫૭-૬૮; ૮૦).

માર્કકૃત શુભસંદેશ સ્નાનસંસ્કારક યોહાન અંગેની ભવિષ્યવાણીથી શરૂ થાય છે અને તરત જ છડીદારનો પોકાર સંભળાય છે. સ્નાનસંસ્કારક યોહાન હૃદયપલટો કરવા અને સ્નાનસંસ્કાર પામવા લોકોને અનુરોધ કરતા હતા. (માર્ક ૧, ૪).

માર્કે ખૂબ ટૂંકમાં યોહાનનું વર્ણન કર્યું છે: 'યોહાન ઊંટના વાળનો ખરબચડો ઝભ્ભો પહેરતા, કેડે ચામડાનો પટ્ટો બાંધતા અને તીડ અને રાની મધ ખાતા.' (માર્ક ૧, ૬).

યોહાન ઈસુના છડીદાર તરીકે ઘોષણા કરે છે અને ઈસુને સ્નાનસંસ્કાર આપે છે. 'મારી પાછળ મણ કરતાં વધુ શક્તિશાળી પુરુષ આવી રહ્યો છે: હું તો નીચે નમીને તેનાં પગરખાંની વાધરી છોડવાને પણ લાયક નથી. મેં તો તમને પાણી વડે સ્નાનસંસ્કાર કરાવ્યો છે, પણ તે તમને પવિત્ર આત્મા વડે સ્નાનસંસ્કાર કરાવશે.

એ અરસામાં એવું બન્યું કે ગાલીલ પ્રાન્તમાંના નાસરેથ ગામમાંથી ઈસુ આવ્યા અને યોહાને તેમને યર્દન નદીમાં સ્નાનસંસ્કાર કરાવ્યો.

'પાણીમાંથી બહાર આવતા હતા ત્યાં તેમણે આકાશ ફાટતું જોયું અને પવિત્ર આત્માને પારેવાની પેઠે પોતાના ઉપર ઊતરતો જોયો, અને સાથોસાથ આકાશવાણી સંભળાઈ, 'તું મારો પુત્ર છે, મારો પ્રિયતમ પુત્ર છે: તારા ઉપર હું પ્રસન્ન છું.' (માર્ક ૧, ૭-૧૧).

ઈસુના છડીદાર તરીકે યોહાનનું કામ પ્રભુ ઈસુનો માર્ગ તૈયાર કરવાનું છે. યોહાનનો પરિચય આપતાં ચારેય શુભસંદેશકારોએ પયગંબર યશાયાના શબ્દો ટાંક્યા છે કે, 'અરણ્યમાં કોઈનો પોકાર સંભળાય છે, 'પ્રભુને માટે માર્ગ તૈયાર કરો. તેના રસ્તા સીધા કરો.' (માથ્થી ૩, ૩).

છડીદારનો પોકાર સ્પષ્ટ છે, 'હૃદયપલટો કરો, કારણ, ઈશ્વરનું રાજ્ય આવી પહોંચ્યું છે.' (માથ્થી ૩, ૧). માથ્થી અને માર્ક યોહાનને ખૂબ અસરકારક વક્તા તરીકે રજૂ કરે છે. છડીદારનો પોકાર સાંભળીને 'યરુશાલેમમાંથી, આખા યહૂદિયા પ્રાન્તમાંથી અને યર્દન નદી આસપાસના આખા પ્રદેશમાંથી લોકો ઊમટીને તેમની પાસે આવતા અને પોતાનાં પાપોની કબૂલાત કરી યર્દન નદીમાં તેમને હાથે સ્નાનસંસ્કાર લેતા.' (માથ્થી ૩, ૫-૬).

યોહાન માટે સ્નાનસંસ્કાર પોડળ ધર્મવિધિ નથી, પણ માનવના હૃદયપલટા દ્વારા થતા સાચા જીવનપલટાનું પ્રતીક છે. એટલે તેઓ સ્નાનસંસ્કાર માટે આવતા લોકોને હૃદયપલટાને શોભે એવાં કાર્યો બનાવવાનો પડકાર ફેંકે છે. જ્યારે તેમણે અનેક ફરોશીઓ અને સદૂકીઓને સ્નાનસંસ્કાર માટે આવતા જોયા, ત્યારે તેમણે તેમને કહ્યું, 'હે સર્પનાં સંતાનો! માથે ઝઝૂમતી સજામાંથી બચી શકશો એવું તમને કોણે કહ્યું? હૃદયપલટાને શોભે

એવાં કાર્યો બતાવો અને એવે ભરોસે ન રહેશો કે, અમે તો અબ્રાહામના વંશજો છીએ;' કારણ, હું તમને કહું છું કે, ઈશ્વર તો આ પથ્થરોમાંથી અબ્રાહામને માટે બાળકો સર્જી શકે તેમ છે.' (માથ્થી ૩, ૭-૯).

સંત યોહાનકૃત શુભસંદેશ સ્નાનસંસ્કારક યોહાનને ઈસુના સાક્ષી તરીકે ભારપૂર્વક રજૂ કરે છે. 'ઈશ્વરનો મોકલેલો એક માણસ આવ્યો હતો. તેનું નામ યોહાન હતું. એ માણસ સાક્ષી તરીકે, પ્રકાશની સાક્ષી પૂરવા આવ્યો હતો, જેથી બધા માણસો એની મારફતે શ્રદ્ધા ધરાવતા થાય. એ પોતે પ્રકાશ નહોતો, પણ એ તો પ્રકાશનો સાક્ષી હતો.' (યોહાન ૧, ૬-૮).

દરેક શુભસંદેશમાં કેન્દ્રસ્થાને પ્રભૂ ઈસુ છે. સ્નાનસંસ્કારક યોહાનનું સ્થાન ઈસુ પછી બીજા ક્રમે ગણી શકાય. એટલે શુભસંદેશકાર યોહાન કહે છે કે, સ્નાનસંસ્કારક યોહાન, 'પોતે પ્રકાશ નહોતો, પણ એ તો પ્રકાશનો સાક્ષી હતો'. યોહાનકૃત શુભસંદેશમાં સ્નાનસંસ્કારક યોહાન હંમેશાં જાણે ઈસુ તરફ આંગળી ચીંધે છે.

સ્નાનસંસ્કારક યોહાનની સાક્ષી વિશે શુભસંદેશકાર યોહાન નોંધે છે, 'યોહાનની સાક્ષી આ રહી: જ્યારે યહૂદીઓએ યરુશાલેમમાંથી પુરોહિતોને અને પુરોહિતસહાયકોને 'તમે કોણ છો?' એમ પૂછવા તેમની પાસે મોકલ્યા, ત્યારે તેમણે કબૂલ કર્યું, ચોખ્ખેચોખ્ખું કબૂલ કર્યું કે, 'હું ખ્રિસ્ત નથી.'

તે લોકોએ પૂછ્યું, 'તો તમે કોણ છો? એલિયા છો?'

ત્યારે તેમણે કહ્યું, 'ના.'

તો જેનું આગમન થવાનું છે તે પયગંબર છો?

ત્યારે તેમણે જવાબ આપ્યો, 'ના.'

એટલે તે લોકોએ તેમને કહ્યું, 'તો તમે કોણ છો? જવાબ આપો, જેથી અમને જેમણે મોકલ્યા છે તેમને અમે જણાવીએ. તમારા પોતા વિશે તમે શું કહો છો?'

તેમણે પયગંબર યશાયાના શબ્દોમાં કહ્યું, 'હું તો 'પ્રભુના રસ્તા સીધા કરો' એવું અરણ્યમાં પોકારનારનો અવાજ છું!

આવેલા માણસોમાં કેટલાક ફરોશીઓ હતા. તેમણે યોહાનને પૂછ્યું, 'જો તમે ખ્રિસ્ત પણ નથી એલિયા પણ નથી, તેમ પયગંબર પણ નથી, તો પછી તમે સ્નાનસંસ્કાર કેમ કરાવો છો?'

યોહાને તેમને જવાબ આપ્યો, 'હું પાણીથી સ્નાનસંસ્કાર કરાવું છું, પણ તમારી વચ્ચે એક જણ એવો છે, જેને તમે ઓળખતા નથી; તે મારી પાછળ આવનાર છે, અને હું તો તેનાં પગરખાંની વાધરી છોડવાને પણ લાયક નથી." (યોહાન ૧, ૧૯૨૭).

સ્નાનસંસ્કારક યોહાનના પ્રેર્યા એમના બે શિષ્યો ઈસુ પાછળ જાય છે અને ઈસુના શિષ્ય બને છે. બીજે દિવસે ઈસુને પોતા તરફ આવતા જોઈને યોહાન બોલી ઊઠયા, 'જુઓ, પેલું ઈશ્વરનું ઘેટું! એ દુનિયાનું પાપ હરી લેનાર છે. એને જ વિશે હું કહેતો હતો કે, 'મારી પાછળ એવો એક માણસ આવે છે જેનું સ્થાન મારા કરતાં આગળ છે, કારણ, હું જન્મ્યો તે પહેલાં પણ તે હતો જહું પોતે એને ઓળખતો નહોતો. પણ પાણીથી સ્નાનસંસ્કાર કરાવવા હું આવ્યો તેનો હેતુ એ જ હતો કે, ઇઝરાયલ આગળ તે પ્રગટ થાય'. 'પછી યોહાને પ્રતિજ્ઞાપૂર્વક જણાવ્યું, 'મેં પવિત્ર આત્માને પારેવાના રૂપમાં આકાશમાંથી ઊતરતો અને એના ઉપર બેસતો જોયો છે. હું પોતે પણ એને ઓળખતો નહોતો, પણ જેણે મને પાણીથી સ્નાનસંસ્કાર કરાવવાને મોકલ્યો હતો, તેણે મને કહ્યું હતું, 'જ્યારે તું પવિત્ર આત્માને કોઈની ઉપર ઊતરતો અને બેસતો જુએ ત્યારે જાણવું કે

પવિત્ર આત્માથી જે સ્નાનસંસ્કાર કરાવવાનો છે તે એ છે. મેં નજરોનજર એ જોયું છે, અને હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, એ ઈશ્વરનો પુત્ર છે.'

બીજે દિવસે ફરીથી યોહાન બે શિષ્યો સાથે ઊભા હતા ત્યારે ઈસુ તેમની પાસે થઈને જતા હતા. તેમના ઉપર નજર ઠેરવીને યોહાને કહ્યું, 'જુઓ, પેલું ઈશ્વરનું ઘેટું!'

પેલા બે શિષ્યો એમને આ પ્રમાણે બોલતા, સાંભળીને ઈસુની પાછળ પાછળ ગયા.' (યોહાન ૧, ૨૯-૩૭).

સંત યોહાનકૃત શુભસંદેશ મુજબ સ્નાનસંસ્કારક યોહાન અને ઈસુ બંને એક જ સમયે લોકોને સ્નાનસંસ્કાર કરાવે છે. 'ઈસુ પોતાના શિષ્યો સાથે યહૂદિયાના પ્રદેશમાં ગયા અને ત્યાં તેમની સાથે રહીને સ્નાનસંસ્કાર કરાવવા લાગ્યા. યોહાન પણ શાલીમ પાસે એનોન મુકામે સ્નાનસંસ્કાર કરાવતા હતા, કારણ, ત્યાં પુષ્કળ પાણી હતું. અને લોકો આવતા હતા અને સ્નાનસંસ્કાર પામતા હતા. યોહાનને હજી કેદમાં પૂર્યા નહોતા.' (યોહાન ૩, ૨૨-૨૪).

એક વાર સ્નાનસંસ્કારક યોહાનના શિષ્યોએ એમને ફરિયાદ કરી કે, 'ઈસુ સ્નાનસંસ્કાર કરાવે છે અને બધા માણસો તેની પાસે આવે છે', ત્યારે યોહાને જવાબ આપ્યો, 'ઈશ્વરે જેને જે આપ્યું તે ખરું. તમે પોતે જ સાક્ષી છો કે મેં એમ કહ્યું હતું કે, હું ખ્રિસ્ત નથી. મને તો તેમના અગ્રદૂત તરીકે મોકલ્યો છે... તેમનું મહત્ત્વ વધવું જોઈએ અને મારું ઘટવું જોઈએ.' (યોહાન ૩, ૨૭-૨૮, ૩૦).

દેખીતી રીતે સ્નાનસંસ્કારક યોહાન અને ઈસુ અરસપરસની ખૂબ કદર કરતા હતા. બે શુભસંદેશકારો માથ્થી અને લૂકે ઈસુએ સ્નાનસંસ્કારક યોહાનની કરેલી પ્રશસ્તિ ખાસ નોંધી છે.

માથ્થી, માર્ક અને લૂકે વર્ણન કર્યું છે તેમ રાજા હેરોદ પોતાના ભાઈ ફિલિપની પત્ની હેરોદિયાસને પરણ્યા હતા અને યહૂદી લોકો સામે ઘણા અત્યાચારો અને અધર્મો તેમણે કર્યા હતા. સ્નાનસંસ્કારક યોહાને હેરોદના અત્યાચારો અને અધર્મોને જાહેરમાં વખોડી કાઢ્યા હતા. માર્ક નોંધે છે તેમ 'એ હેરોદિયાસને ખાતર હેરોદે યોહાનને પકડાવી કારાગારમાં પૂર્યા હતા, કારણ, યોહાને તેને કહ્યું હતું કે, 'ખાસ ભાઈની સ્ત્રી સાથે રહો છો એ અધર્મ છે.' (માર્ક ૬, ૧૭-૧૮).

હવે હેરોદના કારગારમાં મહિનાઓ સુધી રહેતા સ્નાનસંસ્કારક યોહાન ઈસુ વિશે પોતાના શિષ્યો પાસેથી ઘણી વાતો સાંભળે છે અને તેમને શંકા થાય છે કે પોતે 'પેલું ઈશ્વરનું ઘેટું' કહીને જેને વિશે સાક્ષી પૂરી હતી તે જ ઈસુ ઈશ્વરના અભિષિકત ખ્રિસ્ત છે કે નહીં. એટલે એ શંકા દૂર કરી સત્ય હકીકત જાણવા તેઓ પોતાના બે શિષ્યોને ઈસુ પાસે મોકલે છે અને પૂછાવે છે, 'જેમનું આગમન થવાનું છે તે આપ જ છો કે અમારે બીજાની રાહ જોવાની છે?' (માથ્થી ૧૧, ૩).

આવનાર મસીહ કે ખ્રિસ્ત વિશે બાઇબલમાં કેટલાક ઉલ્લેખ છે. એ ઉલ્લેખનો નિર્દેશ કરતાં યોહાનના બે શિષ્યોની ઈસુ જવાબ આપે છે: 'તમે જે સાંભળો છો અને જુઓ છો તે યોહાનને જઈને કહો: આંધળાં દેખતાં થાય છે, લંગડાં ચાલે છે, કોઢિવાં સાજાં થાય છે, બહેરાં સાંભળે છે, મરેલાં સજીવન થાય છે, અને દીનજનોને શુભસંદેશ સંભળાવવામાં આવે છે. અને મારે લીધે જેની શ્રદ્ધા ડગતી નથી તે પરમસુખી છે.' (માથ્થી ૧૧, ૪-૬).

સ્નાનસંસ્કારક યોહાનના બે શિષ્યો ગયા પછી ઈસુએ પોતાની આસપાસ ભેગા થયેલા લોકોને યોહાન વિશે કહેવા માંડ્યું. 'એ જ માણસ (યોહાન)ને વિશે શાસ્ત્રમાં લખ્યું

છે કે, 'જો, હું મારા દૂતને તારી આગળ મોકલું છું. એ તારી આગળ જઈને તારો માર્ગ તૈયાર કરશે.' હું તમને ખાતરીથી કહું છું કે, સ્નાનસંસ્કારક યોહાન કરતાં મોટો માનો જણ્યો ધરતીના પડ ઉપર પેદા થયો નથી; અને તેમ છતાં ઈશ્વરના રાજ્યમાંનો અદનામાં અદનો આદમી પણ એનાં કરતાં મોટો છે.' માથ્થી ૧૧, ૧૦-૧૧). યોહાનની પ્રશંસા કરવા સાથે ઈસુએ ભગવાન પર શ્રદ્ધા રાખનાર દરેક માનવની પ્રશંસા કરી.

પોતાના બે શિષ્યો દ્વારા ઈસુનો જવાબ સાંભળીને યોહાન ખુશ થયા હશે અને પોતાના બાકી રહેલા શિષ્યોને પણ ઈસુના શિષ્યો થવા માટે સમજાવીને ઈસુ પાસે મોકલ્યા હશે. ત્યાર પછી એટલે કે ઈસુના જાહેર જીવનની શરૂઆતમાં જ યોહાનની શહાદત થઈ હશે.

સ્નાનસંસ્કારક યોહાનની શહાદતની વાત માથ્થી અને માર્કે વર્ણવી છે. સ્નાનસંસ્કારક યોહાને રાજા હેરોદ અને તેમને પરણેલી તેમના ભાઈની પત્ની હેરોદિયાસના અધર્માચરણને વખોડી કાઢ્યું હતું. એટલે હેરોદ અને હેરોદિયાસ યોહાનને મારી નાખવા તાકતાં હતાં. પણ તેમને લોકોની બીક લાગી, કારણ તેઓ યોહાનને પયગંબર માનતા હતા.' (માથ્થી ૧૪, ૫).

પરંતુ હેરોદની વરસગાંઠની ઉજવણી વખતે ખોટી દાનતથી હેરોદિયાસ અને એની દીકરીની માગણીને વશ થઈને હેરોદે 'કારાવાસમાં યોહાનનો શિરચ્છેદ કરાવ્યો અને યોહાનના શિષ્યોએ આવીને તેમનું શબ લઈ જઈ તેને દફનાવ્યું.' (માથ્થી ૧૪, ૬-૧૨).

છેલ્લે, ઈસુએ સ્નાનસંસ્કારક યોહાન વિશે આપેલી સાક્ષી અહીં આપું છું: 'યોહાન તો ઝળહળ ઝળહળ બળતો દીવો હતો.' (યોહાન ૫, ૩૫).

ખ્રિસ્તી ધર્મ અને છેલ્લાં બે હજાર વર્ષના માનવ ઇતિહાસ પર સ્નાનસંસ્કારક યોહાનની અસર જોઈ શકાય છે. લિયોનાર્દ દ વિન્ચી, બોતિચેલ્લી, કરાવાજિયો દોનાતેલ્લો, માઇકલ એંજેલો અને ટાઇટાન જેવા જાણીતા ચિત્રકલાકારોએ માનસંસ્કારક યોહાનના પાત્રને પોતપોતાનાં સુંદર ચિત્રોથી અમર બનાવ્યું છે. આખી દુનિયામાં ખ્રિસ્તીઓ સ્નાનસંસ્કારક યોહાનની મધ્યસ્થી યાચે છે.

૪. યૉસેફ: ઇસુના પિતા, મરિયમના પતિ

નવા કરારમાં યૉસેફનું નામ સૌપ્રથમ આપણને ઈસુની વંશાવળીની યાદીમાં જોવા મળે છે. '...અને યાકોબનો પુત્ર તે મરિયમનો પતિ યૉસેફ. એ મરિયમે ખ્રિસ્ત નામે ઓળખાતા ઈસુને જન્મ આપ્યો.' (માથ્થી ૧, ૧૬). અહીં માથ્થીએ યૉસેફને 'યાકોબનો પુત્ર' કહ્યા છે. તો લૂકે આપેલી ઈસુની વંશાવળીમાં યૉસેફને 'એલીનો પુત્ર' તરીકે ઓળખાવ્યા છે. (જુઓ લૂક ૩, ૨૩). મૂળ હિબ્રૂ ભાષામાં યૉસેફ નામનો અર્થ 'તેને (ઈશ્વરને) ઉમેરવા દો' કે 'તેને ભેગા કરવા દો' એવો થાય છે.

શુભસંદેશકાર માથ્થી અને લૂકે ઈસુનો જન્મ તથા એમના બાળપણ અંગેની વાતમાં મરિયમના પતિ અને ઈસુના પિતા યૉસેફની વાત કરી છે. માર્કકૃત શુભસંદેશમાં યૉસેફનું નામ સુધ્ધાં ક્યાંય આવતું નથી. યોહાનકૃત શુભસંદેશમાં બે જગ્યાએ યૉસેફને 'ઈસુના પિતા' તરીકે ઓળખાવવામાં આવ્યા છે. 'તે યૉસેફના પુત્ર નાસરેથના ઈસુ છે.' (યોહાન ૧, ૪૫) અને 'આ યૉસેફનો દીકરો ઈસુ નથી?' (યોહાન ૬, ૪૨).

લૂક જણાવે છે તેમ, દેવદૂતે મરિયમને વધામણી આપી તે પહેલાં નાસરેથ ગામની કન્યા મરિયમનો વિવાહ દાવિદના વંશજ યૉસેફ નામના માણસ સાથે થયો હતો. (લૂક ૧, ૨૭). પણ માથ્થી જણાવે છે તેમ, 'તેમનો (યૉસેફ અને મરિયમનો) સહવાસ થાય તે પહેલાં જ માલૂમ પડ્યું કે મરિયમને પવિત્ર આત્માના પ્રભાવથી ગર્ભ રહ્યો છે.' (માથ્થી ૧, ૧૮).

સ્વાભાવિક રીતે પોતાની સાથે સગાઈ થયેલી મરિયમની ગર્ભાવસ્થા વિશે જાણીને યૉસેફ ભારે મૂંઝવણ અનુભવે છે. ધર્મસંકટમાં મુકાય છે. એટલે યૉસેફ છાનામાના મરિયમને છૂટાં કરવાનો વિચાર કરે છે. આ સમગ્ર પ્રસંગ આપણે માથ્થીકૃત શુભસંદેશમાં વાંચીએ છીએ. 'તેમના પતિ યૉસેફ ધર્મિષ્ઠ માણસ હતા અને તેમને ઉઘાડાં પાડવા ઇચ્છતા ન હતા, એટલે તેમની ઇચ્છા કશી હોહા વગર તેમને છૂટાં કરવાની હતી. તેઓ એ વાતનો વિચાર કરતા હતા એવામાં એક દેવદૂતે તેમને સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું, 'હે દાવિદપુત્ર યૉસેફ, તારી પત્ની મરિયમને ઘેર તેડી લાવતાં ડરીશ નહીં. એને જે ગર્ભ રહ્યો છે તે. પવિત્ર આત્માના પ્રભાવથી રહ્યો છે. તેને પુત્ર અવતરશે અને તું તેનું નામ ઈસુ પાડજે, કારણ, તે પોતાની પ્રજાને પાપમાંથી મુક્તિ આપનાર છે." (માથ્થી ૧, ૧૯-૨૧).

અહીં માથ્થીએ યૉસેફને 'ધર્મિષ્ઠ માણસ' કહ્યા છે. ભારે મૂંઝવણ અને ધર્મસંકટની પરિસ્થિતિમાં યૉસેફનો પ્રતિભાવ પુરવાર કરે છે કે યૉસેફ પોતાના આચારવિચારથી ખરેખર એક ધર્મિષ્ઠ માણસ હતા. માનસિક કટોકટીના સમયમાં વિશિષ્ટ ઈશ્વરી કૃપાથી એક દેવદૂતે યૉસેફને સ્વપ્નમાં દર્શન દઈને તેમના અને મરિયમ માટેની ઈશ્વરી યોજનાનો ખ્યાલ આપ્યો. એટલું જ નહીં, પણ મરિયમને પુત્ર અવતરશે ત્યારે એનું નામ ઈસુ પાડવાનું અને એ રીતે ઈસુના પાલક પિતા તરીકેની જવાબદારી નિભાવવાનું કામ પણ યૉસેફને સોંપવામાં આવ્યું.

યૉસેફે ઈસુના પાલક પિતા તરીકેની જવાબદારી સુપેરે નિભાવી છે. માથ્થીમાં

આપણે વાંચીએ: 'યૉસેફે ઊંઘમાંથી ઊઠીને દેવદૂતના કહ્યા પ્રમાણે કર્યું. તેઓ પોતાની પત્નીને ઘરે તેડી ગયા. તેમનું ગમન થયા વગર મરિયમને પુત્ર અવતર્યો અને યૉસેફે તેનું નામ ઈસુ પાડયું.' (માથ્થી ૧, ૨૪-૨૫).

આકાશમાં ઈસુના જન્મનો તારો જોઈને પૂર્વમાંથી પંડિતો બેથલેહેમમાં 'યહૂદીઓનો નવો જન્મેલો રાજા' (માથ્થી ૨, ૨) ઈસુને પગે લાગવા આવ્યા. આપણે માની શકીએ છીએ કે બાળ ઈસુ અને એનાં માતા સાથે પૂર્વના પંડિતો યૉસેફનાં પણ દર્શન કરીને અને બાળ ઈસુ આગળ પોતે લાવેલી ભેટો ધરીને પાછા પોતાના દેશમાં ગયા.

ફરી એક વાર દેવદૂતે સ્વપ્નમાં દર્શન દઈને યૉસેફને જણાવ્યું કે, રાજા 'હેરોદ એ બાળકને (ઈસુને) શોધી કાઢીને મારી નાખવાની પેરવીમાં છે.' (માથ્થી ૨, ૧૩). આ ચેતવણી મળ્યાની રાતોરાત યૉસેફ બાળ ઈસુ અને એનાં માતા મરિયમને લઈને બેથલેહેમથી મિસર (ઇજિપ્ત) ભાગી ગયા. માથ્થી લખે છે, 'એટલે યૉસેફ ઊઠયા અને બાળક અને તેનાં માતાને લઈને રાતોરાત મિસર ચાલ્યા ગયા, અને હેરોદના મરણ સુધી ત્યાં રહ્યા.' (માથ્થી ૨, ૧૪-૧૫).

ઈસવીસનનાં ચાર વર્ષ પહેલાં હેરોદના મૃત્યુ પછી, એટલે મિસરમાં ઈસુને બે વર્ષ થયાં ત્યારે, દેવદૂતે ફરી એક વાર યૉસેફને દર્શન દઈને બાળ ઈસુ અને એની માતાને લઈને ઇઝરાયલની ભૂમિમાં જવા જણાવ્યું. યૉસેફે સાંભળ્યું કે હેરોદનો પુત્ર આર્ખિલાઉસ યહૂદિયામાં રાજ્ય કરે છે. એટલે સ્વપ્નમાં ઈશ્વર તરફથી મળેલી સૂચના મુજબ યહૂદિયા જવાને બદલે યૉસેફ ઈસુ અને માતા મરિયમને લઈને ગાલીલ પ્રાન્તના નાસરેથ ગામમાં જઈને વસ્યા. (જુઓ માથ્થી ૪, ૧૯-૨૩).

યૉસેફ, મરિયમ અને ઈસુ નાસરેથમાં રહેતાં હતાં ત્યારે તેઓ બીજા ઘણ યહૂદીઓની જેમ દર વર્ષે પાસ્ખાના પર્વ ઉપર યરુશાલેમ જતાં હતાં. ઈસુ બાર વર્ષન થયા તે વર્ષે યરુશાલેમની યાત્રા વખતે થયેલો પ્રસંગ લૂકે નોંધ્યો છે. પાસ્ખા પલ પછી યાત્રાળુઓ પરત જતાં હતાં ત્યાં એક દિવસના પ્રવાસ પછી યૉસેફ અને મરિયમને ખબર પડી કે ઈસુ યાત્રાળુઓના સંઘમાં નથી! ઈસુને શોધતાં શોધત તેઓ પાછાં યરુશાલેમ આવ્યાં અને ત્રીજા દિવસે મંદિરમાં તેમને ઈસુનો ભેટો થયો લૂકે નોંધ્યું છે તેમ, કિશોર ઈસુ ધર્મગુરુઓનો ઉપદેશ સાંભળતા હતા અને એમને પ્રશ્ન પૂછતા હતા. ઈસુની માએ તેમને કહ્યું, 'બેટા, તેં આમ કેમ કર્યું? જો, તાર બાપુ અને હું તો તને શોધી શોધીને અરધાં થઈ ગયાં.' (લૂક ૨, ૪૮).

ઈસુ ખોવાયા અને જડ્યાના આ પ્રસંગ પછી લૂકે નોંધ્યું છે કે, 'ઈસુ તેમની (યૉસેફ અને મરિયમ) સાથે પાછા નાસરેથ આવ્યા અને તેમના કહ્યામાં રહ્યા.' (લૂક ૨, ૫૧). આ વાક્યમાં તેમ જ પછીના વાક્યમાં ઈસુના ઉછેરમાં એમનાં માતાપિતા યૉસેફ અને મરિયમે આપેલા અનોખા ફાળાનો આપણને ખ્યાલ આવે છે. કારણ લૂકે વધુમાં ઉમેર્યું છે કે, 'ઈસુ જ્ઞાનમાં અને ઉંમરમાં વધતા ગયા અને ઈશ્વરના અને માણસના વધુ ને વધુ પ્રીતિપાત્ર બનતા ગયા.' (લૂક ૨, ૫૨).

નાસરેથના ગામવાસીઓ યૉસેફને સુથાર તરીકે પોતાના ગામમાં ઓળખત હતા. એટલે જ ઈસુ પોતાના જાહેર જીવનની શરૂઆતમાં નાસરેથ આવે છે ત્યારે પોતાના વતનના લોકો પૂછે છે, 'આ માણસમાં આવું જ્ઞાન અને આવી ચમત્કારિડ શક્તિઓ ક્યાંથી? એ પેલા સુથારનો દીકરો નથી?' (માથ્થી ૧૩, ૫૪-૫૫). અ જ પ્રસંગની વાતમાં માર્કે પોતાના શુભસંદેશમાં ખુદ ઈસુને સુથાર કહ્યા છે. 'અ પેલો સુથાર નથી? પેલી મરિયમનો દીકરો?' (માર્ક ૬, ૩).

રોનાલ્ડ બ્રાઉનરિગ કહે છે તેમ યૉસેફનું મૂળ ઘર અને એમના પિતાના નામ અંગે માથ્થીકૃત અને લૂકકૃત શુભસંદેશમાં મતભેદ જોવા મળે છે. યૉસેફ અંગે માથ્થીએ અને લૂકે આપેલી બીજી બધી વિગતો એકબીજાની પૂરક ગણી શકાય છે અમુક પૌરાણિક કથાઓ મુજબ યૉસેફે મોટી ઉંમરે મરિયમ સાથે લગ્ન કર્યું હતુ અને ઈસુ સોળેક વર્ષના હતા ત્યારે એમનું મૃત્યુ થયું હતું. ત્યાર પછી ઈસુએ પોતાન ઘરનો ધંધો સંભાળ્યો હતો. એટલે જ નવા કરારમાં ઈસુના જાહેર જીવન દરમિયાન કે એમના ક્રૂસ પરના મૃત્યુ વખતે પણ યૉસેફનો કોઈ ઉલ્લેખ નથી.

આપણે જાણીએ છીએ કે ક્રૂસ પરથી ઈસુએ પોતાની માતાની સંભાળ પોતાના શિષ્ય યોહાનને સોંપી હતી. વળી પારંપરિક ચિત્રકળામાં કલાકારોએ વડીલ યૉસેફનાં ચિત્રો એક હાથમાં બાળ ઈસુ અને બીજા હાથમાં લાકડી સાથે દોર્યાં છે. એ જ રીતે યૉસેફ, મરિયમ અને ઈસુનાં કૌટુંબિક ચિત્રોમાં પોતાનાં મા-બાપ વચ્ચે ઊભેલા બાળ ઈસુ જોવા મળે છે. પંદરમી સદીથી કૅથલિક ધર્મસભા પોતાની ઉપાસના વિધિમાં યૉસેફના તહેવારની ઉજવણી દર વર્ષે માર્ચની ૧૯મીએ કરે છે.

૫. દેવદૂતો

બાઇબલના પ્રથમ ગ્રંથ 'ઉત્પત્તિ'થી માંડી છેલ્લા ગ્રંથ 'દર્શન' સુધી દેવદૂતો અનેક વાર બાઇબલમાં દેખા દે છે. પરંતુ ફક્ત ત્રણ જ દેવદૂતોને નામથી ઓળખવામાં આવે છે: ગાબ્રિએલ, મિખાએલ અને રાફાએલ. તેમને ત્રણ 'મુખ્ય દેવદૂતો' પણ કહેવામાં આવે છે.

દેવદૂતો અંગેની માન્યતા ઈસુના જન્મની ઘણી સદીઓ પહેલાં યહૂદી પ્રજામાં તેમ અન્ય પ્રજાઓમાં તેમ જ વિવિધ સંસ્કૃતિઓમાં જોવા મળે છે.

આ પ્રકરણમાં આપણે મુખ્યત્વે નવા કરારના અને એમાં ચાર શુભસંદેશમાં આવતા દેવદૂતોની વાત કરીએ છીએ. આપણી વચ્ચે 'દેવદૂતો'ના અસ્તિત્વને નકારતા કે અસ્તિત્વ અંગે પ્રશ્ન ઉઠાવતા લોકો છે. પરંતુ નવા કરારમાં દેવદૂતોના અસ્તિત્વને સ્વીકારી લેવામાં આવે છે. કોઈ સર્વસામાન્ય વાત હોય એ રીતે નવા કરારમાં દેવદૂતોની વાત કરવામાં આવે છે.

આપણે જોઈ શકીએ છીએ કે ઈસુના જીવનમાં દેવદૂતોની વાત અવારનવાર આવ્યા કરે છે. ઈસુના જીવનના નિર્ણયાત્મક પ્રસંગોમાં દેવદૂતો દેખા દે છે.

લૂકકૃત શુભસંદેશમાં જણાવવામાં આવે છે તેમ, યરુશાલેમના મંદિરમાં ધૂપ ચઢાવવાનું કામ પુરોહિત ઝખરિયાના ભાગે આવ્યું. લૂકે આ પ્રસંગને આબેહૂબ રીતે વર્ણવ્યો છે. વેદીની જમણી બાજુએ ઊભા રહીને ઝખરિયાને દર્શન દઈને દેવદૂતે તેને કહ્યું, 'ગભરાઈશ નહીં, ઝખરિયા, કારણ, ભગવાને તારી અરજ સાંભળી છે; તારી પત્ની એલિસાબેતને પુત્ર અવતરશે, અને તું તેનું નામ યોહાન પાડજે.' (લૂક ૧, ૧૩).

પરંતુ ઝખરિયાને દેવદૂતની ભવિષ્યવાણીમાં વિશ્વાસ બેઠો નહીં, એટલે તેમણે દેવદૂતને પૂછ્યું, 'મને કેમ એનો વિશ્વાસ પડે? કારણ, હું ઘરડો થયો છું. અને મારી પત્નીની ઉંમર પણ ઘણી થઈ છે.' (લૂક ૧, ૧૮).

'દેવદૂતે તેને જવાબ આપ્યો, 'હું ઈશ્વરની હજૂરમાં ખડો રહેનાર ગાબ્રિએલ છું. તારી સાથે વાત કરવા અને તને ખુશખબર આપવા મને મોકલવામાં આવ્યો છે.' (લૂક ૧, ૧૯).

જેમ સ્નાનસંસ્કારક યોહાનના જન્મની વાત દેવદૂત ગાબ્રિએલે ભાખી હતી, તેમ ખુદ ઈસુના જન્મની વધામણી પણ દેવદૂત ગાબ્રિએલ આપે છે. લૂકે વધામણીનું સરસ વર્ણન કર્યું છે:

'છઠ્ઠે મહિને ઈશ્વરે દેવદૂત ગાબ્રિએલને ગાલીલ પ્રાંતના નાસરેથ નામે ગામમાં એક કન્યા પાસે મોકલ્યો. કન્યાનું નામ મરિયમ હતું અને તેમના વિવાહ દાવિદના વંશજ યૉસેફ નામના માણસ સાથે થયા હતા. દેવદૂતે તેમની પાસે અંદર જઈને કહ્યું, 'પ્રણામ, તારી ઉપર પ્રભુની કૃપા ઊતરી છે, પ્રભુ તારી સાથે છે.'

'આ વચન સાંભળીને તેઓ ક્ષોભ પામ્યાં અને વિચાર કરવા લાગ્યાં કે, આ તે કેવા પ્રકારના પ્રણામ! ત્યારે દેવદૂતે તેમને કહ્યું 'ગભરાઈશ નહીં, મરિયમ, કારણ, ઈશ્વર તારા ઉપર પ્રસન્ન થયા છે. જો, તને ગર્ભ રહેશે અને એક પુત્ર અવતરશે, તેનું નામ તું ઈસુ

રાખજે. એ મહાન હશે અને પરાત્પરનો પુત્ર કહેવાશે; પ્રભુ પરમેશ્વર તેને તેના પૂર્વજ દાવિદનું રાજસિંહાસન આપશે અને તે યુગોના યુગો સુધી ઇઝરાયલની પ્રજા ઉપર રાજ્ય કરશે; તેના રાજ્યનો અંત આવશે નહીં.'

મરિયમે દેવદૂતને કહ્યું, 'એ શી રીતે બનશે? હું તો પતિગમન કરતી નથી.'

દેવદૂતે જવાબ આપ્યો, 'પવિત્ર આત્મા તારા ઉપર ઊતરશે અને પરાત્પરનો પ્રભાવ તને છાઈ દેશે, અને એ જ કારણથી જે પવિત્ર પુત્ર અવતરશે તે 'ઈશ્વરપુત્ર' કહેવાશે. અને જો, તારી સગી એલિસાબેતને પણ ઘડપણમાં ગર્ભ રહ્યો છે, અને જે વાંઝણી કહેવાતી હતી એને અત્યારે છઠ્ઠો મહિનો ચાલે છે, કારણ, ઈશ્વરને કશું અશક્ય નથી.'

મરિયમે કહ્યું, 'હું તો ઈશ્વરની દાસી છું. તારી વાણી મારે વિશે સાચી પડો.' (લૂક ૧, ૨૬-૩૮).

મરિયમને મળેલી વધામણી પછી એમના સહવાસ પહેલાં મરિયમના પતિ યૉસેફને માલૂમ પડ્યું કે મરિયમને પવિત્ર આત્માના પ્રભાવથી ગર્ભ રહ્યો છે. આ વાત માથ્થીકૃત શુભસંદેશમાંથી આપણને જાણવા મળે છે. માથ્થી લખે છે:

'તેમના પતિ યૉસેફ ધર્મિષ્ઠ માણસ હતા અને તેમને ઉઘાડાં પાડવા ઇચ્છતા ન હતા, એટલે તેમની ઇચ્છા કશી હોહા વગર તેમને છૂટાં કરવાની હતી. તેઓ એ વાતનો વિચાર કરતા હતા એવામાં એક દેવદૂતે તેમને સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું, 'હે દાવિદપુત્ર યૉસેફ, તારી પત્ની મરિયમને ઘેર તેડી લાવતાં ડરીશ નહીં. એને જે ગર્ભ રહ્યો છે તે પવિત્ર આત્માના પ્રભાવથી રહ્યો છે. તેને પુત્ર અવતરશે અને તું તેનું નામ ઈસુ પાડજે, કારણ, તે પોતાની પ્રજાને પાપમાંથી મુક્તિ આપનાર છે.

'પ્રભુએ પયગંબરમુખે કરેલી ભવિષ્યવાણી સાચી પડે એટલા માટે આ બધું બન્યું. તેણે ભાખ્યું હતું કે, 'કુંવારી કન્યાને ગર્ભ રહેશે અને તે પુત્રને જન્મ આપશે અને લોકો તેનું નામ ઇમાનુએલ એવું પાડશે.' ઇમાનુએલ એટલે 'ઈશ્વર આપણી સાથે છે.'

'યૉસેફે ઊંઘમાંથી ઊઠીને દેવદૂતના કહ્યા પ્રમાણે કર્યું. તેઓ પોતાની પત્નીને ઘરે તેડી ગયા. તેમનું ગમન થયા વગર મરિયમને પુત્ર અવતર્યો અને યૉસેફે તેનું નામ ઈસુ પાડ્યું.' (માથ્થી ૧, ૧૯-૨૫).

લૂકકૃત શુભસંદેશમાં પાછા જઈએ તો ત્યાં ઈસુના જન્મ વખતે દેવદૂતો ભરવાડોને વધામણી આપે છે.

'એ પ્રદેશમાં ખુલ્લા મેદાનમાં રહેતા કેટલાક ભરવાડો રાતે વારાફરતી પોતાનાં ઘેટાંની ચોકી કરતા હતા. અચાનક પ્રભુનો એક દૂત તેમની આગળ પ્રગટ થયો અને તેમની આસપાસ પ્રભુની પ્રભા ઝળહળવા લાગી. આથી તેઓ ખૂબ ભયભીત થઈ ગયા, પણ દેવદૂતે તેમને કહ્યું, 'બીશો નહીં; સાંભળો, હું તમને ભારે આનંદના શુભસમાચાર આપવા આવ્યો છું. આખી પ્રજાને પણ એથી આનંદ આનંદ થઈ રહેશે; આજે દાવિદના નગરમાં તમારો મુક્તિદાતા અવતર્યો છે. એ જ ખ્રિસ્ત અને પ્રભુ છે. એની એંધાણી એ કે, તમે એક બાળકને કપડામાં લપેટીને ગમાણમાં સુવાડેલો જોશો.' (લૂક ૨, ૮-૧૨).

લૂક વધુમાં નોંધે છે, 'પલકારામાં એ દેવદૂતની સાથે બીજા સ્વર્ગીય દૂતોનો સમૂહ ઈશ્વરની સ્તુતિ ગાતો નજરે પડ્યો, 'પરમધામમાં ઈશ્વરનો મહિમા, અને પૃથ્વી ઉપર ઈશ્વરના પ્રીતિપાત્ર માણસોમાં શાંતિ! પછી દેવદૂતો તેમની આગળથી સ્વર્ગમાં પાછા ચાલ્યા ગયા.' (લૂક ૨, ૧૩-૧૫).

માથ્થીકૃત શુભસંદેશમાં આપણને બેથલેહેમમાં ઈસુના જન્મ વખતે એમનાં દર્શને આવેલા પૂર્વના પંડિતોની વાત મળે છે. પંડિતોએ યરુશાલેમમાં રાજા હેરોદ પાસેથી જાણ્યું

હતું કે પયગંબરોએ ભાખ્યા મુજબ ઈસુનું જન્મસ્થળ બેથલેહેમ છે. પરંતુ હેરોદે આગ્રહભરી રીતે કહેવા છતાં પંડિતો હેરોદને ઈસુની બાતમી આપ્યા વિના ઈશ્વરની પ્રેરણાથી બીજે રસ્તે પોતાને દેશ પાછા ગયા. એથી હેરોદનો રોષ એકદમ ભભૂકી ઊઠયો અને તેણે બાળ ઈસુને મારી નાખવાની યોજના કરી.

આ પ્રસંગે એક દેવદૂત ઈસુની વહારે આવે છે. માથ્થી લખે છે: 'તે લોકોના ગયા પછી દેવદૂતે યૉસેફને સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું, 'ઊઠ, બાળકને અને તેનાં માતાને લઈને મિસર ભાગી જા, અને હું કહું નહીં ત્યાં સુધી ત્યાં જ રહેજે, કારણ, હેરોદ એ બાળકને શોધી કાઢીને મારી નાખવાની પેરવીમાં છે.

'એટલે યૉસેફ ઊઠ્યા અને બાળક અને તેનાં માતાને લઈને રાતોરાત મિસર ચાલ્યા ગયા, અને હેરોદના મરણ સુધી ત્યાં રહ્યા.' (માથ્થી ૨, ૧૩-૧૪).

દેવદૂત ફરી એક વાર ઈસુની કસોટી વખતે ઈસુના જીવનમાં દેખા દે છે. ઈસુને કસોટીમાં ફસાવવા સેતાન નિષ્ફળ ગયો ત્યારે દેવદૂત ઈસુની વહારે આવ્યા. 'આ પછી સેતાન તેમને છોડીને ચાલ્યો ગયો, એટલે દેવદૂતો આવીને તેમની સેવા કરવા લાગ્યા.' (માથ્થી ૪, ૧૧).

પોતાના ત્રણ વર્ષના જાહેર જીવન દરમિયાન ઈસુએ ઘણી વાર દેવદૂતોની વાત કરી છે.

શિષ્યોએ ઈસુ પાસે જંગલી ઘાસનો દૃષ્ટાંતબોધ સમજાવવા માગણી કરી ત્યારે ઈસુએ દૃષ્ટાંતબોધના ખુલાસામાં દેવદૂતોનો આમ ઉલ્લેખ કર્યો છે:

'પણ જંગલી ઘાસ તે સેતાનની પ્રજા છે; અને તેને વાવનાર દુશ્મન તે સેતાન છે. લણણી એ યુગનો અંત છે, અને લણનારા તે દેવદૂતો છે. અને જેમ ઘાસ ભેગું કરીને અગ્નિમાં બાળી મૂકવામાં આવે છે, તેમ યુગના અંત વખતે પણ થશે: માનવપુત્ર પોતાના દૂતોને મોકલશે, અને તેઓ તેના રાજ્યમાંથી બધા પાપ કરનારા ને કરાવનારાઓને ભેગા કરી ભડભડતા અગ્નિમાં નાખશે.' (માથ્થી ૧૩, ૩૭-૪૨).

લૂક જણાવે છે કે દેવદૂતો સ્વર્ગીય મહેલમાં પ્રભુની સેવામાં સતત હાજર છે. એટલે ઈસુ કહે છે, 'હું તમને કહું છું કે, જે કોઈ લોકો આગળ મારો સ્વીકાર કરશે તેનો માનવપુત્ર પણ દેવદૂતો સમક્ષ સ્વીકાર કરશે; પણ જે કોઈ લોકો સમક્ષ મારો ઇનકાર કરશે તેનો દેવદૂતો સમક્ષ ઇનકાર કરવામાં આવશે.' (લૂક ૧૨, ૮-૯).

ફરી વાર 'ખોવાયેલું ઘેટું'ના દૃષ્ટાંત પછી ઈસુ કહે છે, 'એ જ રીતે હું તમને કહું છું કે, પશ્ચાત્તાપ કરનાર એક પાપી માટે પણ ઈશ્વરના દૂતોમાં આનંદ વ્યાપી જાય છે.' (લૂક ૧૫, ૧૦).

જુદી જુદી ભાષાઓ અને સંસ્કૃતિમાં રક્ષકદૂતની વાત આવે છે. ઈસુ દેવદૂતોને બાળકોના રક્ષક દૂત તરીકે ઓળખાવે છે. 'જોજો! આ નાનેરા જનોમાંથી કોઈની અવગણના કરશો નહીં; કારણ, હું તમને કહું છું કે, એમના દેવદૂતો સ્વર્ગમાં સતત મારા પરમપિતાનું પ્રત્યક્ષ દર્શન પામે છે.' (માથ્થી ૧૮, ૧૦).

કટોકટીના સમયે ઈસુની ધરપકડ કરવામાં આવી ત્યારે પોતાની તલવારથી બચાવવા મથેલા એક શિષ્યને તેમણે કહ્યું હતું કે 'તું શું એમ માને છે કે, હું મારા પિતાની મદદ માંગી શકું તેમ નથી, અને તે મને તત્ક્ષણ દેવદૂતોની બારથી પણ વધારે સેના ન મોકલી આપે?' (માથ્થી ૨૬, ૫૩).

એક શ્રીમંત અને એક ગરીબ માણસ લાઝરસની વાતમાં ઈસુએ દેવદૂતોની વાત કરી છે. 'હવે એવું બન્યું કે, એ ગરીબ માણસ મરી ગયો, અને દેવદૂતો તેને અબ્રાહામ

પાસે લઈ ગયા. પેલો શ્રીમંત પણ મરી ગયો અને તેને દફનાવવામાં આવ્યો.' (માથ્થી ૨૬, ૨૨).

ઈસુ કહે છે કે દેવદૂતો માનવપુત્રના છેલ્લા આગમન વખતે એમને અનુસરશે. 'એટલે જો કોઈ મારો અને મારાં વચનોનો સ્વીકાર કરતાં શરમાશે, તો માનવપુત્ર પણ જ્યારે પોતાનો, પિતાનો અને પવિત્ર દેવદૂતોનો મહિમા ધારણ કરીને આવશે, ત્યારે તેનો સ્વીકાર કરતાં શરમાશે.' (લૂક ૯, ૨૬).

વળી માનવપુત્રના આગમન વખતે દેવદૂતો વરેલા લોકોને ભેગા કરશે. 'રણશિંગાના નાદ સાથે તે પોતાના દૂતોને મોકલશે, અને તેઓ ક્ષિતિજના આ છેડાથી પેલા છેડા સુધીની ચારે દિશામાંથી તેના વરેલાઓને ભેગા કરશે.' (માથ્થી ૨૪, ૩૧).

ઈસુના પુનરુત્થાન પછી આપણે બે દેવદૂતોને એમની કબર પર જોઈએ છીએ. યોહાને એ દૃશ્યનું બરાબર વર્ણન કર્યું છે. 'પણ મરિયમ બહાર કબર પાસે રડતી ઊભી રહી. રડતાં રડતાં તેણે કબરમાં નીચા નમીને જોયું તો ઈસુનું શબ જ્યાં મૂકેલું હતું ત્યાં સફેદ વસ્ત્રધારી બે દેવદૂતો બેઠેલા હતા, એક ઓશીકે અને બીજો પાંગતે.' (યોહાન ૨૦, ૧૧-૧૨).

'પ્રેષિતોનાં ચરિતો'માં તેમ જ નવા કરારના બીજા કેટલાક ગ્રંથોમાં દેવદૂતોને પ્રેષિતોને મદદ કરતા જોઈએ છીએ. એક દેવદૂત પ્રેષિતોને એમના કેદખાનામાંથી મુક્ત કરી બહાર લાવે છે. પણ પ્રભુના એક દૂતે રાત્રે કેદખાનાના દરવાજા ખોલી નાખી તેમને બહાર લાવીને કહ્યું, 'જાઓ, અને મંદિરમાં ઊભા રહીને લોકોને આ નવા જીવનની બધી વાતો સંભળાવો. આ સાંભળીને તેમણે પરોઢના અરસામાં મંદિરમાં દાખલ થઈને લોકોને ઉપદેશ આપવા માંડ્યો.' (પ્રેષિતોનાં ચરિતો ૫, ૧૯-૨૧).

હિબ્રૂઓ પ્રત્યેના પત્રમાં તથા 'દર્શન' ગ્રંથમાં આપણને દેવદૂતો અંગે ઘણા ઉલ્લેખો જોવા મળે છે. હિબ્રૂઓ પ્રત્યેના પત્રના પ્રથમ અધ્યાયમાં જ દેવદૂતોને ઈસુના પરિચારક આત્માઓ તરીકે બતાવવામાં આવ્યા છે. 'દેવદૂતો તો જેઓ મુક્તિ પ્રાપ્ત કરનાર છે તેમની સેવા કરવાને મોકલાતા શું પરિચારક આત્માઓ જ નથી?' (હિબ્રૂઓ ૧, ૧૪).

દેવદૂતો અંગેનો છેલ્લો ઉલ્લેખ આપણને 'દર્શન' ગ્રંથના અંતમાં મળે છે. 'મેં ઈસુએ, ધર્મસંઘોને વિશે આ વાતો તમને જણાવવા દેવદૂતને તમારી પાસે મોકલ્યો છે. હું દાવિદનો વંશજ અને તેનું સંતાન છું; તેજસ્વી પ્રભાત-તારક છું'. (દર્શન ૨૨, ૧૬).

દેવદૂતોના અસ્તિત્વ અંગે ખ્રિસ્તીઓમાં ભિન્ન ભિન્ન માન્યતાઓ પ્રવર્તે છે. કેટલાક ઈસુપંથી અથવા ખ્રિસ્તી સંપ્રદાયો દેવદૂતોના અસ્તિત્વની અવગણના કરે છે. કૅથોલિક તથા ઑર્થોડોક્સ ખ્રિસ્તીઓ દેવદૂતોના અસ્તિત્વમાં દૃઢપણે માને છે.

બાઇબલના નિષ્ણાત રોનાલ્ડ બ્રાઉનરિગ 'હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ'માં કહે છે, 'હિપ્પોના સંત અગુસ્તીનથી માંડી ફ્રાન્સિસ આસીસી અને જોન ઑફ આર્ક સુધી સાદા, સીધા અને નમ્ર ખ્રિસ્તીઓ માને છે કે તેઓ હંમેશાં દેવદૂતોનાં માર્ગદર્શન અને રક્ષણ મેળવતાં રહે છે.' (પૃ. ૮).

૬. પટ્ટશિષ્ય સિમોન પીતર

પ્રેષિત સિમોન પીતર કેવળ બાર પ્રેષિતોમાં જ નહીં, પણ ઈસુના સંબંધમાં આવેલા બધા શિષ્યોમાં એક અનન્ય સ્થાન ધરાવે છે. ફક્ત ચાર શુભસંદેશ જ નહીં, 'પ્રેષિતોનાં ચરિતો' તેમ જ નવા કરારનાં કેટલાંક અન્ય પુસ્તકો પણ સિમોન પીતરની વાત કરે છે અથવા એમનો ઉલ્લેખ કરે છે.

બાર પ્રેષિતો મધ્યે પીતરના અજોડ સ્થાનનું કારણ ઈસુએ પોતે એમનો પીતર એટલે 'ખડક' તરીકે ઉલ્લેખ કરીને આપ્યું છે કે, 'એ ખડક ઉપર હું મારા ધર્મસંઘની ઇમારત ચણનાર છું; અને એની આગળ મૃત્યુનું પણ કંઈ ચાલશે નહીં.' (માથ્થી ૧૬, ૧૮).

ઈસુએ વધુમાં પીતરને કહ્યું, 'હું તને ઈશ્વરના રાજ્યની ચાવીઓ સોંપીશ. અને તું જેની જેની પૃથ્વી ઉપર બંધી કરીશ તેની ઈશ્વર તરફથી પણ બંધી કરવામાં આવશે, અને તું જેની જેની પૃથ્વી ઉપર છૂટ આપીશ તેની ઈશ્વર તરફથી પણ છૂટ આપવામાં આવશે.' (માથ્થી ૧૬, ૧૯).

પીતરને ઈસુએ આપેલા અનુપમ સ્થાનને ઈસુના પુનરુત્થાન પછી વધારે મજબૂત કરવામાં આવ્યું છે, ઈસુને કેદ પકડવામાં આવ્યા હતા ત્યારે પીતરે એમને ઓળખતા હોવાની ત્રણ ત્રણ વાર ના પાડી હતી. છતાં ઈસુના પુનરુત્થાન પછી શિષ્યોને દર્શન દઈને પીતરને ઈસુ કહે છે, 'મારાં ઘેટાંની સંભાળ રાખ.' (જુઓ યોહાન ૨૧, ૧૫-૧૮).

ઈસુએ પીતરને પોતાના શિષ્ય તરીકે અનુસરવા બોલાવ્યા ત્યારે પીતર એક માછીમાર હતા. તેઓ ગાલીલ સરોવરની પાસે આવેલા બેથસૈદાના વતની હતા. પણ તેઓ લગ્ન કરીને કફરનહુમમાં રહેતા હતા. સિમોન પીતર તથા તેમના ભાઈ આંદ્રિયા માછલી પકડીને જીવન ગુજારતા હતા. પરંતુ ઈસુએ બંને ભાઈઓને માછલીને બદલે 'માણસોને પકડનાર' બનાવી દીધા. (લૂક ૫, ૧૦).

પ્રથમ ત્રણ શુભસંદેશકારો — માથ્થી, માર્ક અને લૂક — જણાવે છે તેમ ઈસુએ સિમોન અને આંદ્રિયાને બોલાવ્યા ત્યારે બંને ભાઈઓ માછીમારો હતા અને તેઓ ગાલીલ સરોવરમાં માછલી પકડતા હતા. (જુઓ માથ્થી ૪, ૧૮-૨૨; માર્ક ૧, ૧૬-૨૦ અને લૂક ૫, ૨-૧૧).

પરંતુ યોહાનના શુભસંદેશ મુજબ આંદ્રિયા સ્નાનસંસ્કારક યોહાનના શિષ્ય હતા. આંદ્રિયા સૌપ્રથમ ઈસુને મળ્યા હતા અને પોતાના ભાઈ સિમોનને ઈસુ પાસે લઈ આવ્યા હતા. જયારે બંને ભાઈઓને પોતાની પાસે આવતા જોઈને ઈસુએ સિમોન પર નજર ઠેરવીને કહ્યું, 'તું યોહાનનો દીકરો સિમોન ને? કેફા (એટલે કે પીતર અર્થાત્ ખડક) નામે ઓળખાશે.' (યોહાન ૧, ૪૨).

'હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ' નામના પુસ્તકમાં લેખક રોનાલ્ડ બ્રાઉનરિગ કહે છે, 'નવા કરારનાં બધાં પાત્રોમાં કદાચ આપણે પીતરના પાત્ર વિશે સૌથી વધારે જાણીએ છીએ. તેમના સ્વભાવગત અને ઉતાવળિયા ઉત્સાહ માટે તેમ જ તેમની અવિવેકી ભૂલો અને પસ્તાવા માટે તેમનું પાત્ર વધુ આકર્ષક લાગે છે. તેમનાં આત્મવિશ્વાસ અને સદ્ભાવનાઓ

ઝડપથી ગાયબ થાય છે. પોતાના ધર્મસંઘની સ્થાપના માટે 'ખડક' તરીકે ઈસુએ કરેલી પીતરની પસંદગી આપણને નવાઈ પમાડે છે. પરંતુ પીતરનો પસ્તાવો અને માફીનો દાખલો બધા જ જમાનાના ખ્રિસ્તીઓ માટે પ્રેરણારૂપ હોઈ ઈસુએ કરેલી પીતરની પસંદગી યોગ્ય જ ઠરે છે.' (પૃ. ૨૦૩)

સ્વભાવગત ઘણા વિશિષ્ટ ગુણો પીતર પાસે છે. એટલે એમના જીવનને ઘણી દૃષ્ટિથી મૂલવી શકાય. સ્વભાવે પીતર ઉતાવળિયા છે. ઈસુને સરોવર ઉપર ચાલતા જોઈને તરત જ પીતરે કહ્યું, 'પ્રભુ! આપ હો તો મને પાણી ઉપર આપની પાસે આવવાની આજ્ઞા કરો.' (માથ્થી ૧૪, ૨૮).

વળી, ઈસુના દિવ્યરૂપ દર્શન વખતે પીતરનો ઉતાવળિયો સ્વભાવ પ્રગટ થાય છે. એક ઊંચા પર્વત ઉપર ઈસુનો ચહેરો સૂર્યની જેમ ઝળહળવા લાગ્યો. તેમની સાથે એકાએક મોશે અને એલિયાને વાત કરતા જોયા, ત્યારે પીતરે ઈસુને કહ્યું, 'પ્રભુ, અહીં રહીએ તો કેવું સારું! જો આપની ઇચ્છા હોય તો હું અહીં ત્રણ મઢૂલી ઊભી કરું: એક આપને માટે, એક મોશેને માટે ને એક એલિયાને માટે.' (માથ્થી ૧૭, ૪). આ પ્રસંગનું વર્ણન કરતાં લૂકે ઉમેર્યું છે કે, 'પણ પોતે શું બોલે છે એનું એને ભાન નહોતું." (લૂક ૯, ૩૪).

પોતાના પુનરુત્થાન પછી ઈસુએ તિબેરિયાસ સરોવર કિનારે પોતાના શિષ્યોને દર્શન દીધાં ત્યારે ફરી એક વાર આપણને પીતરના પ્રતિભાવમાં એમના ઉતાવળિયા સ્વભાવનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. ફક્ત યોહાનના શુભસંદેશમાં આપણને એ પ્રસંગનું વર્ણન મળે છે.

ઈસુને સરોવર કિનારે ઊભેલા જોઈને 'ઈસુના વહાલા શિષ્યે પીતરને કહ્યું, 'એ તો પ્રભુ છે!' એ પ્રભુ છે એમ સાંભળીને સિમોન પીતરે ઝભ્ભો ચડાવી દીધો. કારણ તેણે કપડાં કાઢી નાખ્યાં હતાં — અને સરોવરમાં ઝંપલાવ્યું." (માથ્થી ૨૧, ૭).

પીતર કોમળ હૃદયના અને પ્રેમાળ સ્વભાવના હતા. એમના હૃદયની કોમળતા તથા તેમનો ઉતાવળિયો સ્વભાવ ઈસુના શિષ્યોના પગ ધોવાના પ્રસંગમાં ખૂબ સુંદર રીતે પ્રગટ થાય છે. પીતર તો ઈસુને પોતાના પગ ધોવા દેતા નહોતા. પણ ઈસુનો પ્રતિભાવ જોઈને પીતર અધિરાઈથી કહે છે, 'તો પ્રભુ, એકલા પગ નહીં, પણ હાથ અને માથું પણ ધોજો!' (યોહાન ૧૩, ૯).

પીતરની પ્રેમાળ અને હેતાળ પ્રકૃતિ ઈસુને ઓળખતા હોવાની ના પાડ્યા પછી એમને મદદરૂપ નીવડે છે.

'દરમિયાન પીતર બહાર ચોકમાં બેઠો હતો, ત્યાં એક નોકરડીએ આવીને તેને કહ્યું, 'તું પણ ગાલીલના ઈસુની સાથે હતો.'

પણ તેણે સૌના દેખતાં ઇનકાર કર્યો: 'તું શું કહે છે? મને કંઈ સમજાતું નથી.' પછી તે દરવાજા આગળ ગયો. તો ત્યાં એક બીજી નોકરડીએ તેને જોયો અને ત્યાં ઊભેલા લોકોને તેણે કહ્યું, 'આ માણસ નાસરેથના ઈસુની સાથે હતો,'

અને ફરી તેણે સોગંદ ખાઈને ઇન્કાર કર્યો, 'હું એ માણસને ઓળખતો નથી.'

થોડી વાર પછી પાસે ઊભેલા લોકોએ આવીને પીતરને કહ્યું, 'જરૂર, તું પણ એ લોકોમાંનો જ છે. તારી બોલી બતાવી આપે છે.'

એટલે તેણે શપથપૂર્વક અને સોગંદ ખાઈને કહ્યું, 'હું એ માણસને ઓળખતો નથી.'

અને તે જ ક્ષણે કૂકડો બોલ્યો, અને પીતરને ઈસુના શબ્દો યાદ આવ્યા કે, 'કૂકડો બોલે તે પહેલાં તું મારો ત્રણ વખત ઇનકાર કરશે.' પછી તે બહાર જઈને છાતીફાટ રોવા લાગ્યો.' (માથ્થી ૨૬, ૬૯-૭૫).

એક બાજુ ડરના માર્યા પીતરે ઈસુને ઓળખતા હોવાની ના પાડી હતી. તો બીજી બાજુ પીતરે ઈસુનો ઈશ્વરપુત્ર તરીકે જાહેરમાં એકરાર કર્યો હતો. એક વાર ઈસુએ પોતાની ઓળખાણ વિશે લોકોની માન્યતા અંગે પોતાના શિષ્યોને પૂછ્યું હતું. પછી ઈસુએ સીધા પોતાના શિષ્યોને જ પૂછ્યું.

'પણ તમે? તમે શું કહો છો? હું કોણ છું? તે વખતે બધા શિષ્યો વતી પીતરે કહ્યું હતું: 'આપ તો ખ્રિસ્ત છો, ચેતનસ્વરૂપ ઈશ્વરના પુત્ર.' (માથ્થી ૧૬, ૧૫-૧૬).

આપણે ઈસુના પુનરુત્થાન પછીના પીતર સંબંધિત પ્રસંગોમાં પીતરની નીડરતા, હિંમત તથા આગેવાની જોઈ શકીએ છીએ.

લૂક અને પાઉલ બંનેએ નોંધ્યું છે કે, ઈસુએ પોતાના પુનરુત્થાનના દિવસે પીતરને એકલા ખાસ દર્શન દીધાં હતાં. ઈસુને ઓળખતા હોવાની ના પાડ્યા પછી પુનરુત્થાનના દિવસ સુધી પીતર ક્યાંય દેખાતા નથી, પરંતુ પુનરુત્થાન પામેલા ઈસુને મળ્યા પછી પીતર પૂરેપૂરા બદલાયેલા માનવ બન્યા.

અહીં મને પવિત્ર ભૂમિ ઇઝરાયલની મારી ૧૯૭૭ અને ૧૯૯૮ની બે મુલાકાત વખતે જોયેલાં બે દેવળોની ખાસ યાદ આવે છે. એમાં પ્રથમ દેવળ પીતરે જ્યાં ઈસુને ઓળખતા હોવાની સોગંદ ખાઈને ના પાડી હતી તે. જગ્યા પર બાંધેલું છે અને એનું નામ 'કૂકડાનો કેકારવ' છે. બીજું દેવળ જ્યાં ઈસુએ પુનરુત્થાન પછી ગાલીલ સરોવરના કિનારે શિષ્યો માટે નાસ્તો તૈયાર કર્યો હતો તે જગ્યા પર એક મોટો પથ્થર છે તેની ફરતે બાંધેલું દેવળ. તે જગ્યા પર જ પીતરે ઈસુનો બધા શિષ્યો આગળ ઈશ્વરપુત્ર ખ્રિસ્ત તરીકે એકરાર કર્યો હતો અને ઈસુએ પીતરને પોતાના ધર્મસંઘના વડા તરીકે સ્થાપ્યા હતા.

ઈસુના સ્વર્ગારોહણ પછી પીતરની પ્રથમ જવાબદારી ઈસુને દગો દઈને ફાંસો ખાનાર યહૂદાની જગ્યાએ એક નવા પ્રેષિતની ચૂંટણી કરવાની હતી. આ પ્રસંગે પીતરે લોકોને આપેલું પ્રવચન ખૂબ પ્રેરણાદાયી અને અસર કરનારું હતું. એ જ રીતે યહૂદી પુરોહિતો અને સત્તાધારીઓ આગળ પીતર પોતાનો અને યોહાનનો નીડરતાથી બચાવ કરે છે. પીતર હિંમતથી યહૂદી આગેવાનો આગળ ઘોષણા કરે છે કે ઈસુ જ પુનરુત્થાન પામેલા પ્રભુ છે!

કોઈક વાર પીતરના અસરકારક બોધ અને હૃદયપલટો કરવાની હાકલ સાથે એમણે કરેલા ચમત્કારો પણ આપણે જોઈ શકીએ છીએ. લુદામાં લકવાને કારણે આઠ વર્ષથી પથારીમાં પડેલા એનિયાસને ચમત્કારિક રીતે પીતરે સાજો કર્યો (પ્રે.ચ. ૯, ૩૨-૩૫). યાફામાં મરી ગયેલી સદગુણી 'ટબીથા' નામની શિષ્યાને પીતરે ફરી જીવન આપવાનો ચમત્કાર પણ કર્યો. (પ્રે. ચ. ૯, ૩૬-૪૨).

એ જ યાફામાં પીતરને એક દિવ્ય દર્શન થયું હતું. 'બીજે દિવસે, તેઓ પ્રવાસ કરતા કરતા શહેર નજીક પહોંચ્યા હતા એવામાં મધ્યાહ્નના અરસામાં પીતર પ્રાર્થના કરવા ધાબા ઉપર ગયા. તેમને ભૂખ લાગી અને ખાવાનું મન થયું. ખાવાનું તૈયાર કરતા હતા ત્યાં જ તેમને ભાવસમાધિ પ્રાપ્ત થઈ, અને તેમણે આકાશને ખૂલી જતું જોયું. અને તેમાંથી ચાર છેડેથી લટકાવેલી મોટી ચાદર જેવી કોઈ વસ્તુને પૃથ્વી ઉપર ઊતરતી જોઈ. તેમાં પૃથ્વી ઉપરનાં બધી જાતનાં ચોપગાં અને પેટે ચાલનારાં પ્રાણીઓ તથા આકાશમાં ઊડનારાં પંખીઓ પણ હતાં. પછી તેમને એક અવાજ સંભળાયો, 'ઊઠ, પીતર; મારીને ખા.'

પણ પીતર બોલ્યો, 'એ તો કદી બને નહીં, પ્રભુ! મેં કદી કોઈ અશુદ્ધ કે અપવિત્ર વસ્તુ ખાધી નથી.'

ફરી બીજી વાર અવાજ આવ્યો, 'ઈશ્વરે જેને પાવન કર્યું છે તેને તારે અપવિત્ર ન ગણવું જોઈએ.'

આમ ત્રણ વાર બન્યું અને તરત જ તે વસ્તુ આકાશમાં પછી ખેંચાઈ ગઈ.' (પ્રે. ચ. ૧૦, ૯-૧૬).

આ ચમત્કારિક દૃશ્ય પીતરને પોતાના નવા ખ્રિસ્તી ધર્મને વધારે સ્પષ્ટ રીતે સમજવામાં મદદરૂપ નીવડ્યું અને તેમને ખબર પડી કે પોતે જેની ઘોષણા કરતા હતા તે નવો ધર્મ ફક્ત યહૂદીઓ માટે જ નહીં, પણ બધી જ પ્રજાઓ માટે પણ છે.

નવા કરારમાં પીતરને નામે બે નાના ગ્રંથો છે. 'પીતરનો પહેલો પત્ર' અને 'પીતરનો બીજો પત્ર'. બાઇબલના પંડિતો કહે છે તેમ 'પીતરના પહેલા પત્ર'માં એના લેખકનાં સંદેશ અને શિક્ષણ છે. પહેલા પત્રના અભિવાદનમાં જણાવવામાં આવ્યું છે તેમ પત્ર પંતસ, ગલાતિયા, કપ્પદોકિયા, આસિયા અને બિથૂનિયા એટલે કે રોમન સામ્રાજ્યના આસિયા પ્રાંતમાં વિખરાયેલા ખ્રિસ્તીઓ અને ખ્રિસ્તી ધર્મસંઘો માટે પીતરે પોતે લખેલો ગ્રંથ છે. તે અરસામાં આસિયા પ્રાંતના ખ્રિસ્તીઓ પોતાના ધર્મ કાજે સતામણી વેઠતા હતા. એ પત્રમાં એમને શ્રદ્ધામાં દૃઢ રહીને અને પોતપોતાની ફરજોમાં મંડ્યા રહીને સતામણીનો સામનો કરવાનું પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

'પીતરના બીજા પત્ર'નો હેતુ એના વાચકોને ઈસુને શરણે આવવાનો અને ખોટા ઉપદેશકો સામે ચેતવણી આપવાનો છે. પણ આ પત્રના કર્તા વિશે બાઇબલના પંડિતોમાં મતભેદ પ્રવર્તે છે. અમુક લોકો માને છે કે પ્રસ્તુત પત્ર રોમ ખાતે સમ્રાટ નીરોની સતામણી હેઠળ પીતર શહીદ થયા તે પહેલાં આશરે ઈસ્વીસન ૬૫ અને ૬૮ વચ્ચે પીતરે લખેલો પત્ર છે. પરંતુ બ્રાઉનરિગ જેવા બાઇબલના પંડિતો કહે છે કે પીતરની શહાદતનાં સોએક વર્ષ પછી પ્રસ્તુત પત્ર લખાયો છે. તેઓ માને છે કે એના લેખકને આધારે નહીં પણ એમાં રજૂ થયેલા પ્રેષિતના ખરા શિક્ષણને આધારે એ પત્રનો સમાવેશ બાઇબલમાં કરવામાં આવ્યો છે.

યરુશાલેમમાં ભરાયેલી પ્રથમ પ્રેષિતિક પરિષદમાં પીતરનો અવાજ નિર્ણયાત્મક હતો: 'પ્રેષિતોનાં ચરિતો'માં આપણે વાંચીએ છીએ કે, 'અને પુષ્કળ ચર્ચા પછી પીતરે ઊભા થઈને કહ્યું, 'બંધુઓ, તમે જાણો છો કે ઠેઠ શરૂઆતમાં ઈશ્વરે તમારામાંથી મને પસંદ કર્યો હતો કે બિનયહૂદીઓ મારે મોઢે શુભસંદેશની વાણી સાંભળે અને એમાં શ્રદ્ધા ધરાવતા થાય. અને સર્વાન્તર્યામી ઈશ્વરે આપણામાં કર્યો હતો તેમ તેમનામાં પવિત્ર આત્માનો સંચાર કરીને પોતે તેમના પર પ્રસન્ન છે એમ સ્પષ્ટ દર્શાવ્યું છે. આપણી અને તેમની વચ્ચે તેણે કશો ભેદ કર્યો નથી. કારણ, તેમનાં હૃદય પણ શ્રદ્ધાથી શુદ્ધ બનાવ્યાં છે. તો હવે, આપણા પૂર્વજો કે આપણે જે ધૂંસરી ઉપાડી શક્યા નથી તે આ નવા શિષ્યોના ખભા ઉપર લાદીને તમે ઈશ્વરની ધીરજની કસોટી શા માટે કરો છો? આપણી તો શ્રદ્ધા છે કે, એમની પેઠે આપણો પણ ઉદ્ધાર પ્રભુ ઈસુની કૃપામાં જ રહેલો છે." (પ્રે. ચ. ૧૫, ૭-૧૧).

આજે સમગ્ર ખ્રિસ્તી આલમમાં પીતરે શરૂ કરેલા આ ધાર્મિક શિક્ષણ અને આગેવાનીનું કામ પીતરના ઉત્તરાધિકારી નામદાર વડાધર્મગુરુ પોપ દ્વારા થાય છે.

૭. શુભસંદેશકાર માથ્થી

'નવા કરાર'ના પ્રથમ શુભસંદેશમાં લેખક માથ્થીએ પોતાની હાકલની વાત કરી છે. 'ત્યાંથી આગળ જતાં ઈસુએ માથ્થી નામના માણસને જકાતનાકામાં બેઠેલો જોઈને કહ્યું, 'મારી પાછળ પાછળ આવ." (માથ્થી ૯, ૯).

બીજા અને ત્રીજા શુભસંદેશના લેખકો અનુક્રમે માર્ક અને લૂક માથ્થીને 'અલ્ફીના દીકરા લેવી' અને 'લેવી નામના જકાતદાર' તરીકે ઓળખાવે છે. ઈસુએ 'અલ્ફીના દીકરા લેવીને જકાતનાકામાં બેઠેલો જોઈને તેને કહ્યું, 'મારી પાછળ પાછળ આવ.' (માર્ક ૨, ૧૪; લૂક ૫, ૨૭).

લેવીનો અર્થ થાય છે 'જોડેલો'. બાઇબલના પંડિત હેરબર્ટ લોકિયર 'ઑલ ધ મૅન ઑફ ધ બાઇબલ'માં કહે છે તેમ એક જકાતદાર તરીકે જબરદસ્તીથી નાણાં કઢાવનારી દુનિયાની બધી કુટિલ રીતો સાથે તથા કેવળ પૈસા ભેગા કરવાના જ હેતુ સાથે લેવી સંકળાયેલો હતો. (પૃ. ૨૩૧)

પરંતુ પ્રથમ શુભસંદેશના લેખકે પોતાના માટે વાપરેલા નામ માથ્થીનો અર્થ થાય છે 'ઈશ્વરની ભેટ'. નવા કરારમાં માથ્થી વિશે ખૂબ ઓછું જાણવા મળે છે. પણ બે વાત તો ચોક્કસ અને સ્પષ્ટ છે. એક, ઈસુએ પોતાના શિષ્ય થવા માટે માથ્થીને બોલાવ્યા હતા અને બે, માથ્થીનું નામ ઈસુના બાર પ્રેષિતોની બધી યાદીઓમાં સમાયેલું છે.

માથ્થીકૃત શુભસંદેશ પ્રમાણે જ્યારે માથ્થીને ઈસુએ બોલાવ્યા ત્યારે તેઓ તરત જ ઈસુની પાછળ પાછળ ચાલી નીકળ્યા હતા. બીજા શિષ્યોને બોલાવ્યા પછી ઈસુએ માથ્થીને બોલાવ્યા હતા. એટલે કદાચ માથ્થી ઈસુને અગાઉથી ઓળખતા હશે એમ માની શકાય છે. લૂક પોતાના શુભસંદેશમાં લખે છે, 'આ પછી ઈસુ બહાર ગયા અને લેવી નામના જકાતદારને જકાતનાકામાં બેઠેલો જોઈ તેમણે તેને કહ્યું, 'મારી પાછળ પાછળ આવ.' એટલે તે ઊઠીને સર્વસ્વનો ત્યાગ કરીને તેમની પાછળ પાછળ ચાલી નીકળ્યો.' (લૂક ૫, ૨૭-૨૮).

તે દિવસે માથ્થીએ પોતાના ઘરે પ્રભુ ઈસુના માનમાં એક મોટો સત્કાર સમારંભ યોજ્યો હતો. આ રીતે માથ્થી જાહેર કરતા હતા કે પોતે જકાતદારનો ધંધો છોડી દીધો છે અને પોતે પોતાના ગુરુ ઈસુના શિષ્ય તરીકે એમને સંપૂર્ણપણે અનુસરવાનો નિર્ણય લઈ ચૂક્યા છે. તે ભોજનસમારંભ ખરેખર પોતાના જકાતદાર મિત્રો સાથેનો વિદાયસમારંભ હતો. જકાતદાર માથ્થી અને એમના સાથી જકાતદારો માટે એ ભોજનસમારંભ એક વાતની ઘોષણા કરે છે કે, ભલે પોતાના યહૂદી જાતભાઈઓ એમને ધિક્કારે, પણ પ્રભુ ઈસુએ પોતાના અનુયાયીઓમાં માથ્થીને ખુલ્લા દિલથી આવકાર્યા છે.

માથ્થી અંગેની ચોક્કસ માહિતીમાં બે બાબતો સમાયેલી છે: ઈસુએ માથ્થીને પોતાના પ્રેષિત તરીકે પસંદ કર્યા અને એમનું નામ બાર પ્રેષિતોની યાદીમાં છે. આ બે બાબતોથી વિશેષ આપણે પ્રથમ શુભસંદેશના લેખક તરીકે માથ્થી વિશે વધારે જાણીએ છીએ.

એક વ્યક્તિ પોતાના વિશે લખતી ન હોય તો પણ એમનાં લખાણમાંથી એ વ્યક્તિ વિશે ઘણું બધું જાણી શકાય છે. આ દૃષ્ટિએ માથ્થીકૃત શુભસંદેશની ઘણી લાક્ષણિકતાઓ એના લેખક માથ્થીની લાક્ષણિકતાઓ તરીકે ગણી શકાય.

પારંપરિક રીતે માથ્થીને જ પ્રથમ શુભસંદેશના લેખક તરીકે માનવામાં આવે છે. એ જ રીતે માથ્થીકૃત શુભસંદેશ જ સૌપ્રથમ લખાયેલા શુભસંદેશ તરીકે પણ ગણવામાં આવે છે. એટલે જ માથ્થીકૃત શુભસંદેશને પ્રથમ પુસ્તક તરીકે નવા કરારની શરૂઆતમાં ગોઠવવામાં આવ્યા છે. પરંતુ બાઇબલના અમુક પંડિતો માને છે કે માથ્થીકૃત શુભસંદેશ તેની પહેલાં લખાયેલા ત્રણ દસ્તાવેજનો આધાર લઈને લખવામાં આવ્યો છે અને એ ત્રણ ખતપત્રોમાં માર્કકૃત શુભસંદેશનો પણ સમાવેશ થાય છે. માથ્થીકૃત શુભસંદેશનો એક મૂળ સ્રોત માથ્થીએ પોતે અગાઉ લખેલું દસ્તાવેજી લખાણ છે.

બાઇબલના પંડિત રોનાલ્ડ બ્રાઉનરિગ 'હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ'માં કહે છે તેમ, 'માથ્થીકૃત શુભસંદેશમાં માર્કના શુભસંદેશના પંચાણું ટકા લખાણનો સમાવેશ થાય છે.' (પૃ. ૧૭૭)

છતાં એક કરતાં વધુ માથ્થીકૃત શુભસંદેશનું આગવું વિશિષ્ટ મહત્ત્વ છે. માથ્થીકૃત શુભસંદેશ એક યહૂદી દ્વારા લોકો માટે લખાયેલો શ્રદ્ધાનો ગ્રંથ છે. પોતાના શુભસંદેશના હેતુની બાબતમાં માથ્થી ખૂબ સ્પષ્ટ છે. તેમણે ખૂબ સફળતાથી પુરવાર કર્યું છે કે પ્રભુ ઈસુ જ ઈશ્વરે વચન આપેલા મુક્તિદાતા છે. જૂના કરારમાં જે તારણહારની વાત છે તે જ તારણહાર પ્રભુ ઈસુ પોતે છે. આ વાતના પુરાવારૂપે માથ્થીએ પોતાના શુભસંદેશમાં જૂના કરારના ઘણા ઉતારા આપ્યા છે.

માથ્થીના શુભસંદેશની એક આગવી વિશિષ્ટતા એ છે કે ફક્ત માથ્થી જ ઈશ્વરના રાજ્યના દૃષ્ટાંત આપે છે. બાઇબલના અંમુક પંડિતોએ જણાવ્યું છે કે માથ્થીએ પોતાના શુભસંદેશમાં આશરે ૫૬ વખત ઈશ્વરના રાજ્યની વાત કરી છે.

માથ્થી શુભસંદેશના રાંક અને નમ્ર લેખક છે. તેમણે પોતાના શુભસંદેશમાં પોતાના ગુરુ ઈસુનું સ્પષ્ટ ચિત્ર દોર્યું છે. પણ પોતાના વિશે ખાસ કશુંય જણાવ્યું નથી.

માથ્થીની એક બીજી વિશિષ્ટતા એ છે કે તેમણે 'ગિરિપ્રવચન' કે 'પરમસુખનો માર્ગ'માં ખૂબ સ્પષ્ટ રીતે ઈસુના નૈતિક શિક્ષણને વાચા આપી છે. માથ્થીએ ખૂબ ચીવટથી પસંદ કરેલું ઈસુનું 'ગિરિપ્રવચન' બધા સમય માટે અને બધી પ્રજાઓ માટે અમૂલ્ય રહે છે.

માથ્થીના શુભસંદેશની હજી એક આગવી વિશિષ્ટતા એ છે કે ચારેય શુભસંદેશમાં ફક્ત માથ્થીકૃત શુભસંદેશમાં જ આપણને 'અંતિમ ન્યાય'નું દૃષ્ટાંત જોવા મળે છે. વળી, માથ્થીએ પોતાના શુભસંદેશનાં પ્રકરણ ૨૪ અને પ્રકરણ ૨૫મા દુનિયાના અંત વિશે ઈસુએ આપેલો વાર્તાલાપ વ્યવસ્થિત રીતે આપ્યો છે.

એ જ રીતે ફક્ત માથ્થી જ પૂર્વમાંથી આવેલા પંડિતોની વાત કરે છે. (જુઓ માથ્થી ૨, ૧-૧૨). પોતાના શુભસંદેશને અંતે માથ્થીએ ઈસુના બધા શિષ્યો માટે આપેલો સંદેશ અસંદિગ્ધ છે. 'તમે જાઓ, અને બધી પ્રજાના લોકોને મારા શિષ્યો બનાવો અને તેમને પિતા અને પુત્ર અને પવિત્ર આત્માને નામે સ્નાનસંસ્કાર કરાવો. તમને મેં જે જે આજ્ઞાઓ આપી છે તેનું પાલન કરવાનો ઉપદેશ આપો, અને ખાતરી રાખજો કે હું યુગના અંત સુધી સદા તમારી સાથે છું.' (માથ્થી ૧૮, ૧૯-૨૦).

રોનાલ્ડ બ્રાઉનરિગે નોંધ્યું છે તેમ વિવિધ પારંપરિક માન્યતાઓ મુજબ માથ્થી શહીદ થયા છે. એમના શહીદ થવાના સ્થળ અંગે બાઇબલના પંડિતોમાં મતમતાંતર પ્રવર્તે છે.

કૅથલિક ખ્રિસ્તી આલમ સંત માથ્થીનો તહેવાર દર વર્ષે સપ્ટેમ્બર ૨૧મીએ ઊજવે છે.

૮. શુભસંદેશકાર માર્ક

આપણે 'નવો કરાર'માં સૌથી પ્રાચીન અને સૌથી નાના શુભસંદેશના લેખક તરીકે માર્કને ઓળખીએ છીએ. આપણને માર્કના શુભસંદેશથી તેમ જ પ્રેષિતોનાં ચરિતો તથા સંત પાઉલ અને સંત પીતરના પત્રોમાંથી શુભસંદેશકાર માર્ક વિશે સારો એવો ખ્યાલ મળી રહે છે.

પ્રેષિતોનાં ચરિતોએ એ વાત કરી છે કે સંત પીતર હેરોદની કેદમાંથી ચમત્કારિક રીતે મુક્ત થયા બાદ યોહાન ઉર્ફે માર્કનાં મા મરિયમના ઘેર ગયા હતા. ત્યાં પીતર માટે ઘણાં માનવો ભેગાં મળીને પ્રાર્થના કરતાં હતાં. સામાન્ય રીતે, આ જ યોહાન ઉર્ફે માર્કને શુભસંદેશકાર માર્ક તરીકે ઓળખવામાં આવે છે.

યોહાન ઉર્ફે માર્કનાં મા મરિયમ યરુશાલેમ ખાતે એક વિશાળ ઘરનાં માલિક હતાં. પ્રેષિતો અને પ્રથમ ખ્રિસ્તીઓ ત્યાં ભેગાં મળતાં હતાં. એક પરંપરા મુજબ આ વિશાળ ઘરને 'ઉપલી મેડી' તરીકે ઓળખવામાં આવે છે. ઈસુએ પોતાનું અંતિમ ભોજન પ્રેષિતો સાથે આ ઉપલી મેડીમાં લીધું હતું. ઈસુના સ્વર્ગારોહણ બાદ ઈસુના ૧૨ પ્રેષિતો અને અન્ય શિષ્યો ઈસુનાં માતા મરિયમ સાથે અહીં મળતાં હતાં અને પ્રાર્થના કરતાં હતાં.

માર્કનું યહૂદી નામ 'યોહાન' હતું. માર્ક કે માર્કૂસ રોમન સંસ્કૃતિ મુજબ સ્વીકારાયેલું નામ હશે. યહૂદી નામ શાઉલ પણ રોમનોની અસર હેઠળ 'પાઉલ' કે 'પાઉલૂસ' બન્યું હશે. 'હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ' પુસ્તકના લેખક રોનાલ્ડ બ્રાઉનરિંગ કહે છે તેમ, 'બાઇબલના અમુક પંડિતો માને છે કે તે જ માર્ક પેલો યુવાન હતો જે ગેથસેમાને નામની જગ્યાએ ઈસુને પકડવામાં આવ્યા ત્યારે પોતાની ચાદર ફગાવી દઈ ઉઘાડા શરીરે ભાગી છૂટ્યો હતો.' (પૃ. ૧૫૮).

આપણે માર્કને પાઉલ અને બાર્નાબાસના શુભસંદેશના પ્રચારકાર્યની મુસાફરીમાં મદદનીશ મુસાફર તરીકે ઓળખીએ છીએ. પાઉલ અને બાર્નાબાસે માર્કને પોતાના પ્રથમ પ્રચારકાર્યની મુસાફરીમાં સાથે લીધા હતા. પ્રેષિતોનાં ચરિતો કહે છે, 'પોતાનું સેવાકાર્ય પૂરું થતાં બાર્નાબાસ અને શાઉલ યોહાન ઉર્ફે માર્કને સાથે લઈને યરુશાલેમથી પાછા ફર્યા.' (પ્રે. ચ.૧૨, ૨૫).

રોનાલ્ડ બ્રાઉનરિંગ કહે છે, 'આશરે ઈ.સ.૪૬માં પાઉલ અને બાર્નાબાસ પોતાની સાથે યહૂદી યુવાન યોહાન ઉર્ફે માર્કને સાથે લઈને અંત્યોખથી સાયપ્રસ અને પમ્ફૂલિયામાં આવેલા પેર્ગે પહોંચ્યા. પણ યોહાન (ઉર્ફે માર્ક) તેમનાથી છૂટો પડીને પોતાના વતન યરુશાલેમ પાછો આવી રહ્યો.' (જુઓ પ્રે. ચ. ૧૩, ૧૩).

પ્રેષિતોનાં ચરિતોએ નોંધ્યું છે કે, યોહાન ઉર્ફે માર્ક પાઉલ અને બાર્નાબાસની સાથે તેમના પ્રચારકાર્યના અંત સુધી રહ્યા નહોતા. પરંતુ પમ્ફૂલિયાથી તેમનાથી અલગ થઈ ગયા હતા.

પ્રેષિતોનાં ચરિતો કહે છે, પાઉલ અને બાર્નાબાસ 'સલૂકિયા ગયા અને ત્યાંથી વહાણમાં બેસીને સાયપ્રસ ચાલ્યા ગયા. સાલમિસ પહોંચ્યા પછી તેમણે યહૂદીઓનાં

સભાગૃહોમાં ઈશ્વરનો સંદેશ સંભળાવ્યો. યોહાન પણ તેમની મદદમાં હતો.' (પ્રે.ચ. ૧૩, ૪-૫). અહીં જે મૂળ શબ્દ 'મદદમાં' વપરાયો છે એ જ શબ્દ સંત લૂકના શુભસંદેશના અધ્યાય ૪, ૨૦માં 'સેવક' તરીકે અનુવાદિત થયો છે.

યોહાન ઉર્ફે માર્કને સેવક તરીકે કે મદદ કરવાના પોતાના કામમાં કંઈ રુચ્યું ન હોય અથવા પાઉલ અને બાર્નાબાસની સાથેના એમના સંબંધમાં કોઈ વાંધાજનક સ્થિતિ ઊભી થઈ હોય, પણ હકીકત એ છે કે પમ્ફૂલિયાથી પ્રચારકાર્યની અધવચ્ચેથી માર્ક પાછા ફર્યા હતા. આથી પાઉલને ભારે મનદુઃખ થયું હતું.

ફરી વાર બાર્નાબાસ અને પાઉલના પ્રેષિતકાર્યની બીજી મુસાફરીમાં માર્કને સાથે લેવાનો પ્રશ્ન ઊભો થયો. 'પ્રેષિતોનાં ચરિતો' નોંધે છે, 'બાર્નાબાસની ઇચ્છા યોહાન ઉર્ફે માર્કને પણ સાથે લેવાની હતી. પણ પાઉલને લાગ્યું કે જે માણસ પમ્ફૂલિયામાં તેમનાથી અલગ થઈ ગયો હતો, અને તેમની સાથે કાર્યમાં ચાલુ રહ્યો નહોતો તેને સાથે ન લેવો.' (પ્રે.ચ. ૧૫, ૩૭-૩૮).

યોહાન ઉર્ફે માર્કને સાથે લેવા સામે પાઉલે સખત વાંધો ઉઠાવ્યો. એટલે પાઉલ અને બાર્નાબાસ વચ્ચે 'મતભેદ એટલો તીવ્ર થયો હતો કે તેઓ છૂટા પડી ગયા. બાર્નાબાસ માર્કને સાથે લઈને વહાણના રસ્તે સાયપ્રસ ચાલ્યો ગયો.' (પ્રે. ચ. ૧૫, ૩૯).

પાઉલ અને યોહાન ઉર્ફે માર્ક વચ્ચેનાં વિખવાદ અને અંતર લાંબો સમય ટક્યાં નહીં. તેમની વચ્ચે સુલેહ થઈ ગઈ. પાઉલ રોમ ખાતે કારાવાસમાં હતા ત્યારે યોહાન ઉર્ફે માર્કને એમની સેવાચાકરી કરતા આપણે જોઈએ છીએ. પાઉલ કલોસ્સાના ધર્મસંઘ પ્રત્યેના પત્રના અંતે યોહાન ઉર્ફે માર્કની સલામ પાઠવે છે. માર્ક સાથે અન્ય એક શિષ્યનાં વંદન પાઠવીને પાઉલ લખે છે, 'યહૂદીઓમાંથી તો આ બે જ જણ મારી સાથે ઈશ્વરના રાજ્યને માટે કામ કરે છે; એમને લીધે મને ઘણું પ્રોત્સાહન મળ્યું છે' (કલોસ્સા ૪, ૧૧). વળી, તિમોથી પ્રત્યેના પોતાના બીજા પત્રમાં પાઉલ પાર્કની માગણી કરે છે અને એમની ઉપયોગિતાની પ્રશંસા કરતાં લખે છે, 'લૂક એકલો મારી સાથે છે. માર્કને તારી સાથે લેતો આવજે; કારણ તે મને ઘણો મદદરૂપ થઈ પડે છે.' (૨ તિમોથી ૪, ૧૧).

રોમથી પાઠવેલા પોતાના પહેલા પત્રમાં સંત પીતરે યોહાન ઉર્ફે માર્કને 'મારો પુત્ર માર્ક' તરીકે ઓળખાવ્યા છે. એ પત્રના ઉપસંહારમાં સંત પીતર લખે છે, 'તમારી જેમ જ ઈશ્વરે બાબિલમાં પસંદ કરેલો ધર્મસંઘ તથા મારો પુત્ર માર્ક તમને વંદન પાઠવે છે.' (૧ પીતર ૫, ૧૩). આ સંદર્ભના આધારે રોનાલ્ડ બ્રાઉનરિગ જેવા બાઇબલના પંડિતો એવા તારણ પર આવ્યા છે કે, 'માર્ક રોમ ખાતે સંત પીતરના મદદનીશ હતા. તે પહેલાં અને પછી પણ માર્ક સંત પીતરના આધ્યાત્મિક 'પુત્ર' અને સાથીદાર રહ્યા હોય એ શક્ય છે.' (પૃ. ૧૫૯).

બાર્નાબાસ, પાઉલ અને પીતર જેવા ઈસુના નિકટના શિષ્યોના સંગાથમાં માર્ક જીવ્યા હતા. દેખીતી રીતે આ શિષ્યોનાં જીવન તથા ઉપદેશો માર્કને પોતાનો શુભસંદેશ લખવામાં મદદરૂપ નીવડ્યાં છે.

માર્કનું પ્રતીક પાંખાળો સિંહ છે. ફ્રાન્સિસ્કન સંન્યાસસંઘના ફા. લિયોનાર્ડ ફોલી (ઓ.એફ.એમ)એ મને ૧૯૭૭માં પોતાનું 'સેઇન્ટ્સ ઑફ ધ ડે' નામનું બે ભાગનું દળદાર પુસ્તક ભેટ આપ્યું હતું. તેના પ્રથમ ભાગમાં માર્ક અંગે એક લેખ છે. તેમાં ફાધર ફોલીએ માર્કના પ્રતીકનો ખુલાસો કર્યો છે. 'આ સિંહનું પ્રતીક માર્કે સ્નાનસંસ્કારક યોહાનના 'અરણ્યમાં કોઈનો પોકાર' તરીકે કરેલા વર્ણન (માર્ક ૧, ૩)માંથી લીધું છે; કલાકારોએ ગર્જના કરતા સિંહની સાથે અરણ્યમાંના પોકારને સરખાવ્યો છે. પાંખોની વાત તો

હઝકિયેલના દર્શનમાં ચાર પાંખોવાળાં પ્રાણીઓના દર્શનમાંથી આવે છે.’ (પૃ. ૯૧).

બાઇબલના પંડિતો માને છે કે, માર્કનો શુભસંદેશ ઈસુ ખ્રિસ્તનાં જીવન, કાર્ય અને મૃત્યુ અંગેનો પ્રથમ પ્રકાશિત પુરાવો છે. એક યહૂદી તરીકે માર્કને ઇઝરાયેલની રોજિંદા વ્યવહારની ભાષા ‘અરામાઇક’ આવડતી હતી. પરંતુ તેમણે પોતાનો શુભસંદેશ ગ્રીક ભાષામાં લખ્યો છે. તેઓ પોતાનો યહૂદી ધર્મગ્રંથ ‘જૂનો કરાર’ બરાબર જાણતા હતા, અને તેમણે પોતાના શુભસંદેશમાં બાઇબલના જૂના કરારની ગ્રીક આવૃત્તિમાંથી પોતાની પસંદગીનાં અવતરણો ટાંક્યાં છે.

સંત માથ્થી અને સંત લૂકના શુભસંદેશો માટે માર્કનો શુભસંદેશ સામાન્ય સ્રોત હતો. બ્રાઉનરિગ કહે છે, ‘૬૬૦ પંક્તિઓ ધરાવતા માર્કના શુભસંદેશ પૈકીની ૬૦૦ સંત માથ્થીના શુભસંદેશમાં મળે છે, તો ૩૫૦ સંત લૂકના શુભસંદેશમાં મળે છે. માંડ ૬૦ પંક્તિઓ સંત માથ્થી અને સંત લૂકના શુભસંદેશમાં સમાવેશ પામી નથી.’

વિલિયમ બાર્કલેએ ‘ધી ડેઇલી સ્ટડી બાઇબલ ધ ગૉસ્પેલ ઑફ માર્ક’માં નોંધ્યું છે તેમ, માર્કના શુભસંદેશમાં આપણે પાંચ અનોખી લાક્ષણિકતાઓ તારવી શકીએ.

એક, માર્કના શુભસંદેશમાં વાસ્તવવાદની મહામૂલી લાક્ષણિકતા છે. માર્કે ઈસુના જીવનનું સરળ અને નાટયાત્મક ચિત્રણ કર્યું છે. તેમની ભાષા પણ પ્રથમ સદીના મધ્યપૂર્વ એશિયામાં વપરાતી સરળ ગ્રીક ભાષા છે.

બે, પોતાના શુભસંદેશની છેક શરૂઆતથી જ માર્ક પોતાની શ્રદ્ધાની ઘોષણામાં સ્પષ્ટ રહે છે: ‘ઈશ્વરપુત્ર ઈસુ ખ્રિસ્તના શુભસંદેશનો પ્રારંભ.’ (માર્ક ૧, ૧).

ત્રણ, માર્ક પોતાના શુભસંદેશમાં ઈસુનું અત્યંત માનવીય ચિત્ર રજૂ કરે છે. માર્ક બેધડક ઈસુને ‘સુથાર’ (માર્ક ૬,૩) તરીકે ઓળખાવે છે; જ્યારે સંત માથ્થી અને સંત લૂક ઈસુને ‘સુથાર’ કહેતાં ખચકાય છે. એટલે તેઓ ઈસુને ‘સુથારનો દીકરો’ (માથ્થી ૧૩, ૫૫) કહે છે. માર્કે જેમ ઈસુનાં સંવેદનોને ચીતર્યાં છે તેમ અન્ય કોઈ શુભસંદેશકારે નથી ચીતર્યાં. માત્ર માર્ક જ કહે છે, ‘તે લોકોની અશ્રદ્ધા જોઈને ઈસુ છક થઈ ગયા’ (માર્ક ૬, ૬). ફરીથી, પેલા અમીર યુવાન અને ઈસુનો પ્રસંગ વર્ણવતાં માત્ર માર્ક જ કહે છે, ‘ઈસુએ એની ઉપર નજર ઠેરવી અને તેમના હૃદયમાં પ્રેમ પ્રગટ્યો.’ (માર્ક ૧૦, ૨૧).

ચાર, પોતાના શુભસંદેશમાં માર્ક કેટલાક પ્રસંગોની એવી આબેહૂબ જીવંત વિગતો રજૂ કરે છે જાણે કે તેઓ પોતે જે-તે પ્રસંગના નજરે નિહાળનાર સાક્ષી રહ્યા હોય! દાખલા તરીકે, સંત માથ્થી અને સંત લૂક બાળકો સાથે ઈસુનું સુંદર દૃશ્ય આપે છે. પરંતુ ફક્ત માર્ક જ કહે છે, ‘પછી તેમણે બાળકોને બાથમાં લઈને હાથ ફેરવીને આશીર્વાદ આપ્યા.’ (માર્ક ૧૦, ૧૬; જુઓ માથ્થી ૧૯, ૧૩-૧૫ અને લૂક ૧૮, ૧૫-૧૭).

પાંચ, માર્કનાં વાસ્તવવાદ અને સરળતા તેમની સાદી ગ્રીક શૈલી અને સામાન્ય અરામાઇક શબ્દોની રજૂઆતમાં જોઈ શકાય છે. માત્ર માર્ક જ શબ્દશઃ ઉતારો આપે છે કે, “ટલીથા કૂમ’, જેનો અર્થ એવો થાય છે કે, બેટા, મારી આજ્ઞા છે, ઊઠ.’ (માર્ક ૫, ૪૧). વળી, ક્રૂસ પરથી ઈસુના શબ્દો માર્ક જ ટાંકે છે કે, ‘એલોઇ, એલોઇ, લમા સબખ્થાની?’ અર્થાત્ ‘મારા ભગવાન, મારા ભગવાન, તમે મને કેમ છોડી દીધો?’ (માર્ક ૧૫, ૩૪).

લેખક વિલિયમ બાર્કલે પોતાના ‘ગૉસ્પેલ ઍકોર્ડિંગ ટુ સેઇન્ટ માર્ક’ પુસ્તકની પ્રસ્તાવનામાં કહે છે તેમ, ‘માર્કે કરેલા ચિત્રણમાં ઈસુની સંપૂર્ણ માનવતા તેમને આપણી તદ્દન સમીપ લાવી દે છે.’ (પૃ. ૫-૯).

માર્કે ખરેખર પોતાના આખા શુભસંદેશમાં ઈસુને મુક્તિદાતા અને ઈશ્વરપુત્ર તરીકે

રજૂ કર્યા છે, સાથોસાથ તેઓ પોતે ઈશ્વરપુત્ર ઈસુ ખ્રિસ્તમાં શ્રદ્ધા રાખનાર અને એ શ્રદ્ધાની ઘોષણા કરનાર સાચા પ્રેષિત પુરવાર થયા છે.

૯. શુભસંદેશકાર લૂક

મારી પાસે આવતાં સાહિત્યનાં અને પત્રકારત્વનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને હું કહું છું કે ગુજરાતી ભાષામાં પ્રભુત્વ મેળવવા માટે તમે બાઇબલના નવા કરારમાં સંત લૂકના બે ગ્રંથો વાંચો. લૂકના બે ગ્રંથો નવા કરારનો લગભગ ચોથો ભાગ રોકે છે. લૂકની ભાષા સરળ અને પ્રવાહી છે.

મૂળ ગ્રીકમાં લખાયેલી લૂકની બંને રચનાઓ આપણને શ્રેષ્ઠ કોટિના સાહિત્યનો ખ્યાલ આપે છે. ગુજરાતી ભાષા-સાહિત્યમાં પ્રથમ પંક્તિના અનુવાદકો ગણાતા સ્વ. નગીનદાસ ના. પારેખ અને ઈસુદાસ ક્વેલીએ બાઇબલનો અનુવાદ કર્યો છે. તેમણે લૂકની સાહિત્યિક રચનાઓની ગુણવત્તા જાળવી છે.

નવા કરારમાં લૂકે ત્રીજો શુભસંદેશ અને 'પ્રેષિતોનાં ચરિતો' એમ બે ગ્રંથો લખ્યા છે. સંત પાઉલે પોતાના કલોસ્સાના ધર્મસંઘ પરના પત્રમાં લૂક માટે 'વહાલા વૈદ લૂક' (કલોસ્સા ૪, ૧૪) કહ્યું છે. ચાર શુભસંદેશોના લેખકોમાંના એક એવા લૂકના જીવન વિશે આપણે પ્રમાણમાં ઓછું જાણીએ છીએ. નવા કરારમાં લૂકનું નામ ફક્ત ત્રણ વાર જ આવે છે: કલોસ્સા પરના પત્રમાં 'વહાલા વૈદ લૂક' (કલોસ્સા ૪, ૧૪), તિમોથી પ્રત્યેના બીજા પત્રમાં 'લૂક એકલો મારી સાથે છે' (૨ તિમોથી ૪, ૧૧) અને, ફિલેમોન પરના પત્રમાં 'લૂક પણ તમને વંદન પાઠવે છે' (ફિલ. ૨૪) — આમ લૂક વિશે ત્રણ જ ઉલ્લેખો મળે છે.

આપણે લૂક વિશે એમણે લખેલા બે ગ્રંથોમાંથી તેમ જ પ્રથમ સદીના ઇતિહાસ તથા ખ્રિસ્તી પરંપરામાંથી થોડુંઘણું જાણીએ છીએ. પારંપરિક માન્યતા પ્રમાણે લૂકનો જન્મ સિરિયાની તે વખતની રાજધાની અંત્યોખમાં થયો હતો. લૂક વ્યવસાયે વૈદ હતા. બાઇબલના પંડિતો માને છે કે લૂક ધનિક હોવા જોઈએ. એટલે જ તેઓ પાઉલના ઉપયોગી સાથીદાર તરીકે એમની સાથે પ્રેષિતિક કાર્યો માટે લાંબી મુસાફરી ખેડી શક્યા છે.

લૂકનું લખાણ દર્શાવે છે કે તેઓ ભણેલા અને જ્ઞાની માણસ હતા. તેમની નિરીક્ષણ શક્તિ તથા જોયેલી-સાંભળેલી વાતને ચોક્સાઇથી રજૂ કરવાની વિશેષ આવડત એમના લખાણમાં છતી થાય છે.

'પ્રેષિતોનાં ચરિતો'માં લૂકે ઈસુના સંદેશની ઘોષણા કરવા માટે પાઉલ સાથે કરેલી મુસાફરીની વાત 'અમે' સર્વનામનો ઉપયોગ કરીને કરી છે. બાઇબલના પંડિતો માને છે કે લૂકે 'અમે' સર્વનામનો ઉપયોગ કરીને કરેલી બધી વાતો એમણે પોતાની નોંધપોંથીમાં નોંધેલી પાઉલ સાથે કરેલી મુસાફરીની વાતો છે. આ રીતે આપણને પ્રેષિતોનાં ચરિતોના 'અમે' વાળા ઉતારાઓમાં (૧૬, ૧૦-૧૭; ૨૦, ૫-૧૫; ૨૭, ૧-૩૭ અને ૨૮, ૧-૧૪) લૂકની પાઉલ સાથેની મુસાફરીનાં વર્ણનો મળે છે.

મુસાફરીનાં આ વર્ણનોમાંથી આપણે જાણીએ છીએ કે લૂક પાઉલની બીજી પ્રેષિતિક મુસાફરી દરમિયાન ત્રોઆસથી નીકળી વહાણમાર્ગે સીધા સામુથ્રાસ ગયા, અને ત્યાંથી નિયાપોલિસ ગયા, અને ત્યાંથી મકદોનિયા પ્રાન્તના મુખ્ય શહેર ફિલિપ્પી ગયા. (જુઓ પ્રે. ચ. ૧૬, ૧૧-૧૨).

છએક વર્ષ પછી પાઉલની ત્રીજી પ્રૈષિતિક મુસાફરી દરમિયાન લૂક પાઉલ સાથે ફિલિપ્પીમાંથી યરુશાલેમ પરત આવ્યા અને પાઉલની છેલ્લી મુસાફરી દરમિયાન લૂક પાઉલ સાથે કૈસરિયાથી છેક રોમ ગયા. રોમ ખાતે પાઉલ બંધનમાં રહ્યા તે સમગ્ર સમય દરમિયાન લૂક પાઉલ સાથે રોમમાં રહ્યા.

લૂકના શુભસંદેશમાં કે 'પ્રેષિતોનાં ચરિતો'માં પાઉલની શહાદત (ઈ.સ.૬૪)ની વાત નથી. એટલે બંને ગ્રંથ પાઉલની શહાદત પહેલાં લખાયા હશે એવું મનાય છે. છતાં શુભસંદેશમાં યરુશાલેમના વિનાશ (ઈ.સ.૭૦)ની વાત (લૂક ૧૯, ૪૧-૪૪) સૂચવે છે કે કદાચ યરુશાલેમના વિનાશ પછી લૂકે પોતાના શુભસંદેશનું લખાણ પૂરું કર્યું હશે. બંને ગ્રંથોના લેખક લૂક હોવા અંગે કોઈ ખાસ વિવાદ નથી. પ્રથમ સદીના ખ્રિસ્તી ઇતિહાસને લગતા કેટલાક દસ્તાવેજો તેમ જ પારંપરિક માન્યતાઓ મુજબ લૂકે મૂળ ગ્રીક ભાષામાં બંને ગ્રંથો રચ્યા અને ૮૪ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યા.

લૂકના બંને ગ્રંથોમાંથી આપણે જાણીએ છીએ કે એક વૈદ તરીકેનું શિક્ષણ અને તબીબી સેવા લૂકને પ્રથમ પંક્તિના ઇતિહાસકાર પણ બનાવે છે. તેમની પંડિતાઈ અને સમગ્ર પરિસ્થિતિને પામવાની વિદ્વત્તા લૂકનાં લખાણોમાં પ્રગટ થઈ છે. નવા કરારનાં બીજાં લખાણોની સરખામણીમાં 'લૂકકૃત શુભસંદેશ' અને 'પ્રેષિતોનાં ચરિતો'માં આપણને ઉચ્ચ કોટિનું સાહિત્ય મળે છે. એટલે લૂકકૃત શુભસંદેશને દુનિયાનાં બધાં પુસ્તકોમાં સર્વશ્રેષ્ઠ ગ્રંથ ગણવામાં આવે છે.

લૂકકૃત શુભસંદેશની કેટલીક વિશિષ્ટતાઓ ખાસ નોંધપાત્ર છે. એક, લૂકે ઈસુનાં કાર્ય અને શિક્ષણને વિશ્વવ્યાપક દૃષ્ટિએ અને સાર્વત્રિક રૂપે રજૂ કર્યા છે. માથ્થીકૃત શુભસંદેશમાં ઈસુની વંશાવળી અબ્રાહમથી શરૂ થાય છે. પણ લૂકકૃત શુભસંદેશમાં લેખકે ઈસુની વંશાવળીને આદિમાનવ આદમ સુધી લઈ જવાનો પ્રયત્ન કર્યો છે. (જુઓ લૂક ૩, ૨૩-૨૮). 'સમસ્ત માનવજાત ઈશ્વરને હાથે થયેલું ઉદ્ધારકાર્ય જોવા પામશે' (લૂક ૩, ૬) એ વાતની લૂકે પોતાના સમગ્ર શુભસંદેશમાં ભારપૂર્વક ઘોષણા કરી છે.

બે, લૂકકૃત શુભસંદેશમાં આપણને ઈસુના વ્યક્તિત્વ અને એમની હૃદય-વિશાળતાનો ખાસ ખ્યાલ આવે છે. દાખલા તરીકે ફક્ત લૂકકૃત શુભસંદેશમાં જ આપણને ભલા શમરૂનીની વાત (લૂક ૧૦, ૨૫-૩૭), ખોવાયેલા દીકરાનું દૃષ્ટાંત (લૂક ૧૫, ૧૧-૩૨) અને સાથે ક્રૂસે લટકાવાયેલા ગુનેગારને ઈસુએ આપેલી માફી (૨૩, ૩૯-૪૩) વગેરે બાબતો મળે છે. તેમાં આપણને ઈસુનું આગવું વ્યક્તિત્વ તથા તેમના હૃદયની વિશાળતા જણાઈ આવે છે.

ત્રણ, લૂકકૃત શુભસંદેશમાં બાળકો અને સ્ત્રીઓ પ્રત્યેની ઈસુની વિશેષ સંવેદના જોઈ શકીએ છીએ. લૂકકૃત શુભસંદેશમાં આપણને ઘણાં સ્ત્રીપાત્રોનાં એટલે કે મરિયમ, એલિસાબેત, હાન્ના, મગ્દલાની મરિયમ, ખૂસાની વહુ યોહાન્ના, સુસાન્ના વગેરે નામો મળે છે. લૂકની બાળકો માટેની વિશેષ પસંદગી તેમણે કરેલા ઈસુનાં બાળપણનાં વર્ણનમાં તેમ જ બાળકો અંગેના ઘણા ઉલ્લેખમાં આપણે જોઈ શકીએ છીએ.

ચાર, લૂક ઈસુને ભીડભંજન પ્રભુ તરીકે રજૂ કરે છે. એમાં ગરીબગુરબાંઓ અને પાપીઓ પ્રત્યેની ઈસુની કરુણા અને માફીનાં આપણને દર્શન થાય છે. પતિત સ્ત્રીની વાત (લૂક ૭, ૩૬-૫૦) તથા જાખ્ખીનો પ્રસંગ (લૂક ૧૯, ૧-૧૦) આ વાતના પુરાવા છે.

પાંચ, ફક્ત લૂકકૃત શુભસંદેશમાં જ આપણને ત્રણ મુક્તિગાન મળે છે: મરિયમનું મહિમાગાન (લૂક ૧, ૪૬-૫૫), ઝખરિયાનું ગીત (લૂક ૧, ૬૮-૭૯) અને શિમયોને કરેલી ઈશ્વરની સ્તુતિ (લૂક ૨, ૨૯-૩૨). આ ત્રણ ગીતો દુનિયાભરની ધર્મસભામાં ઉપાસના

વિધિ અને પ્રાર્થનાના ભાગરૂપે આપણે વાપરીએ છીએ.

ટૂંકમાં કહીએ તો પવિત્ર આત્મા પ્રેરિત લૂકકૃત શુભસંદેશમાં સાહિત્યકાર લૂકની આગવી છાપ આપણે જોઈ શકીએ છીએ.

ખ્રિસ્તી લોકો ધર્મસભામાં લૂકને તબીબોના અને તબીબી સેવામાં રોકાયેલાં સૌ લોકોના રક્ષક સંત માને છે.

૧૦. શુભસંદેશકાર યોહાન

ઈસુના બાર શિષ્યોમાં સિમોન પીતરને બાદ કરીએ તો આપણે પ્રેષિત યોહાન વિશે સૌથી વધુ જાણીએ છીએ. એનું મુખ્ય કારણ યોહાને લખેલો ચોથો શુભસંદેશ અને નવા કરારમાં આવતા તેમના ત્રણ પત્રો તેમ જ યોહાન કૃત બાઇબલનું છેલ્લું પુસ્તક 'દર્શન' છે.

માથ્થીકૃત શુભસંદેશ મુજબ ઈસુ ગાલીલના સરોવરમાં માછલાં પકડતા પીતર અને તેના ભાઈ આંદ્રિયાને બોલાવ્યા પછી તરત જ યોહાન અને તેના ભાઈ યાકોબને બોલાવે છે: 'ત્યાંથી આગળ જતાં તેમણે બીજા બે ભાઈઓને જોયા — ઝ્બદીનો દીકરો યાકોબ અને તેનો ભાઈ યોહાન. તેઓ પોતાના બાપ ઝબદી સાથે હોડીમાં બેઠા બેઠા જાળ સમી કરતા હતા. ઈસુએ તેમને હાંક મારતાં જ તેઓ પણ હોડીને અને બાપને છોડીને તેમની પાછળ ચાલી નીકળ્યા' (માથ્થી ૪, ૨૧-૨૨).

આપણે જાણીએ છીએ કે યાકોબ, યોહાન તથા સિમોન પીતર ઈસુના ખાસ મિત્ર હતા. આ ત્રણેય શિષ્યો ઈસુના જીવનના ત્રણ અગત્યના પ્રસંગોમાં એમની સાથે જોવા મળે છે. ઈસુના દિવ્યરૂપદર્શન (માથ્થી ૧૭, ૧), યાઈરની દીકરીનું પુનર્જીવન (માર્ક ૫, ૩૭) અને ગેથસેમાને નામની જગ્યાએ ઈસુની મહાવ્યથા (માથ્થી ૨૬, ૩૭)ના પ્રસંગોના ત્રણેય શિષ્યો સાક્ષી બન્યા હતા.

છેલ્લા ભોજન વખતે ઈસુએ વિશ્વાસઘાતની આગહી કરી હતી ત્યારે યોહાને જ પીતરના ઇશારાથી એ અંગે ઈસુને પૂછ્યું હતું: 'એટલે ઈસુની છાતીસરસા ઢળીને તેણે (યોહાને) પૂછ્યું, 'પ્રભુ, એ કોણ છે?" (યોહાન ૧૩, ૨૫).

ઈસુના પુનરુત્થાનના દિવસે વહેલી સવારે પીતર સાથે દોડીને સૌપ્રથમ ખાલી કબરે યોહાન જ પહોંચ્યા હતા. યોહાનકૃત શુભસંદેશમાં યોહાન પોતાનો ત્રણ વાર 'ઈસુના વહાલા શિષ્ય' તરીકે ઉલ્લેખ કરે છે.

એક, ક્રૂસ પરથી ઈસુએ પોતાની માની સંભાળ રાખવાની જવાબદારી યોહાનને જ સોંપી હતી. 'ઈસુએ પોતાનાં માને અને તેમની પાસે ઊભેલા પોતાના વહાલા શિષ્યને જોઈને માને કહ્યું, 'બાઈ, આ તારો દીકરો.'

પછી તેમણે શિષ્યને કહ્યું, 'આ તારી મા.' અને તે ઘડીથી શિષ્યે તેમને પોતાને ત્યાં રાખ્યાં.' (યોહાન ૧૯, ૨૬-૨૭). બાર શિષ્યોમાં ફક્ત યોહાન જ ક્રૂસ પરની ઈસુની મહાવ્યથામાં ઈસુ પાસે હતા.

બે, ઈસુના પુનરુત્થાન પછી ગાલીલ સરોવરમાં પીતર અને સાથીદારો માછલાં પકડતી વખતે સરોવર કાંઠા ઉપર ઊભેલા ઈસુને સૌપ્રથમ યોહાને જ ઓળખી કાઢ્યા હતા. 'ત્યારે ઈસુના વહાલા શિષ્યે પીતરને કહ્યું, 'એ તો પ્રભુ છે!' (યોહાન ૨૧, ૭).

ત્રણ, ઈસુએ પીતરને એમની વિશેષ જવાબદારીની ફાળવણી કરી ત્યારે પણ યોહાનનો ઉલ્લેખ 'ઈસુના વહાલા શિષ્ય' તરીકે કર્યો છે. 'પીતરે પાછળ ફરીને જોયું તો ઈસુના વહાલા શિષ્યને, જેણે ભોજન વખતે તેમને છાતીસરસા ઢાળીને, 'પ્રભુ, કોણ આપને દગો દેવાનો છે?' એમ પૂછ્યું હતું, તેને પાછળ પાછળ આવતો જોયો.' (યોહાન

૨૧, ૨૦-૨ ૧).

શુભસંદેશમાંની બે વાતમાંથી યોહાનના સ્વભાવનો આપણને વિશેષ રીતે ખ્યાલ આવે છે. ઈસુએ પોતાના બાર શિષ્યોની પસંદગી કરતી વખતે યોહાન અને તેમના ભાઈ યાકોબને 'બને-રગેશ,' એટલે કે 'મેઘગર્જનાના પુત્રો' કહ્યા છે. 'પછી ઝબદીનો પુત્ર યાકોબ અને યાકોબનો ભાઈ યોહાન. એ બંનેનું તેમણે 'બને-રગેશ,' એટલે કે 'મેઘગર્જનાના પુત્રો; એવું નામ પાડ્યું.' (માર્ક ૩, ૧૭).

બીજા પ્રસંગમાં માથ્થી અને માર્કે ઝબદીના બે દીકરાઓને ખૂબ મહત્ત્વાકાંક્ષી ચીતર્યા છે. માથ્થીકૃત શુભસંદેશમાં યાકોબ અને યોહાનની મા ઈસુ પાસે આવીને પોતાના બે દીકરાઓ માટે ઈશ્વરના રાજ્યમાં વિશેષ સ્થાન માંગે છે. પરંતુ માર્કકૃત શુભસંદેશમાં બંને શિષ્યો પોતે આવીને ઈસુ આગળ એ જ માગણી કરે છે: 'ત્યાર પછી ઝબદીના બે દીકરા યાકોબ અને યોહાને ઈસુની પાસે આવીને કહ્યું, 'ગુરુદેવ, અમારી એક ઈચ્છા આપ પૂરી કરો એવી અમારી વિનંતી છે.'

ઈસુએ કહ્યું, 'તમારી શી ઇચ્છા છે? હું શું કરું?'

તેઓએ કહ્યું, 'એટલી મહેરબાની કરો કે, આપ જ્યારે મહિમાપૂર્વક વિરાજતા હો ત્યારે અમારામાંનો એક જણ આપને જમણે હાથે અને બીજો આપને ડાબે હાથે બેસે.' (માર્ક ૧૦, ૩૫-૩૭, માથ્થી ૨૦, ૨૦-૨૧).

યોહાન સાથેનો ઈસુનો ખાસ ઘરોબો બાર શિષ્યો સાથેના ઈસુના છેલ્લા ભોજનના પ્રસંગે પ્રગટ થાય છે. ભોજનની તૈયારી કરવા માટે ઈસુએ પીતરને અને યોહાનને પસંદ કર્યા હતા. લૂક નોંધે છે, 'ઈસુએ પીતર અને યોહાનને એવું કહીને મોકલ્યા કે, 'તમે જઈને આપણા માટે પાસ્ખાના ભોજનની તૈયારી કરો...'

'તે લોકો ગયા તો ઈસુએ કહ્યું હતું તે જ પ્રમાણે બધું નીકળ્યું. એટલે તેમણે પાસ્ખાભોજનની તૈયારી કરી.' (લૂક ૨૨, ૮-૩).

યોહાનકૃત શુભસંદેશ પ્રથમ ત્રણ શુભસંદેશથી તદ્દન અલગ તરી આવે છે. યોહાને ઈસુના જીવનના વિવિધ પ્રસંગો, એમનાં કાર્યો અને સંદેશાઓ રજૂ કરવા સાથે ઈશ્વરવિદ્યાના ઉચ્ચ ખ્યાલો પણ આપ્યા છે. એટલે યોહાનકૃત શુભસંદેશ જાણે પક્ષીરાજ ગરુડની પાંખો પર ઈશ્વરવિદ્યાના ઉચ્ચ આકાશે ઊંચે ઊડે છે. તેથી જ યોહાનના પ્રતીક તરીકે પક્ષીરાજ ગરુડને ગણવામાં આવતું હોય તો એમાં કંઈ નવાઈ નથી.

ઈસુના સ્વર્ગારોહણ પછી પ્રેષિત યોહાન ઇઝરાયલમાં રહ્યા હશે. પરંતુ રાજા હેરોદ અગ્રિપ્પા પહેલાની સતામણી દરમિયાન તેઓ એશિયાના પશ્ચિમી દ્વીપકલ્પ — મુખ્યત્વે હાલના તુર્કસ્તાન ગયા હતા અને ત્યાં રોમન સામ્રાજ્યના એક સમૃદ્ધ મથક એફેસસમાં રહીને આસપાસના વિસ્તારોમાં 'સાત ધર્મસંઘો' સ્થાપીને એમની સંભાળ રાખતા હતા. યોહાને પોતાના શુભસંદેશની રચના એફેસસમાં કરી હતી.

એફેસસ ખાતે યોહાન ખૂબ મોટી ઉંમર સુધી જીવ્યા હતા. તેઓ પોતાના શિષ્યો અને ઈસુ ખ્રિસ્તના અનુયાયીઓને છેલ્લી ઘડી સુધી એક જ સંદેશ આપતા રહ્યા: વહાલા ભાઈઓ, તમે પરસ્પર પ્રેમ રાખો. 'વત્સો, આપણે કેવળ શબ્દમાં અને મોઢાનો જ પ્રેમ ન બતાવતાં કાર્યમાં સાચો પ્રેમ બતાવીએ.' (૧ યોહાન ૩, ૧૮).

યોહાને પોતાના પહેલા પત્રમાં ઈશ્વરને પ્રેમસ્વરૂપ કહ્યા છે. 'વહાલા ભાઈઓ, આપણે એકબીજા ઉપર પ્રેમ રાખીએ, કારણ, પ્રેમ ઈશ્વરમાંથી ઉદ્ભવે છે, અને જે કોઈ પ્રેમ રાખે છે તે ઈશ્વરથી જન્મ્યો છે અને ઈશ્વરને પિછાને છે. જે પ્રેમ રાખતો નથી તે ઈશ્વરને પિછાનતો નથી, કારણ, ઈશ્વર પ્રેમસ્વરૂપ છે.' (૧ યોહાન ૪, ૭-૮).

યોહાન પ્રેમને વાતોમાં નહીં પણ પ્રેમ રોજબરોજના જીવનમાં જીવી બતાવવામાં માનતા હતા. એટલે તેઓ કહે છે, 'જો કોઈ એમ કહેતો હોય કે, 'હું ઈશ્વર પ્રત્યે પ્રેમ રાખું છું,' અને પોતાના ભાઈ પ્રત્યે દ્વેષ રાખતો હોય, તો તે જૂઠું બોલે છે. પોતાની આંખ સામે છે એવા ભાઈ ઉપર જે પ્રેમ રાખતો નથી તે જેને પોતે જોયો નથી એવા ઈશ્વર પ્રત્યે શી રીતે પ્રેમ રાખી શકવાનો હતો? અને આપણને ઈસુ તરફથી એવી આજ્ઞા થયેલી છે કે, જે ઈશ્વર પ્રત્યે પ્રેમ રાખતો હોય તેણે પોતાના ભાઈ પ્રત્યે પણ પ્રેમ રાખવો.' (૧ યોહાન ૪, ૨૦-૨૧).

યોહાનનો સંદેશ અને એ સંદેશ પાછળનો હેતુ એમને મન ખૂબ સ્પષ્ટ છે. એટલે તેઓ કહે છે, 'વહાલા ભાઈઓ, ઈશ્વરે જો આપણા ઉપર આટલો બધો પ્રેમ બતાવ્યો છે, તો આપણે તો એકબીજા પ્રત્યે પ્રેમ રાખવો જ જોઈએ.' (૧ યોહાન ૪, ૧૧).

યોહાન એશિયાના પશ્ચિમી દ્વીપકલ્પ પ્રાન્તના એટલે કે હાલના તુર્કસ્તાનના રક્ષક સંત છે.

૧૧. પ્રેષિત આંદ્રિયા

પ્રેષિત આંદ્રિયાનું નામ ગ્રીકમાં આન્દ્રેયાસ થાય છે અને એનો અર્થ 'મર્દ', 'શૂરવીર' કે 'બહાદુર' છે. આંદ્રિયા ઈસુના પટ્ટશિષ્ય સિમોન પીતરના ભાઈ છે. પીતરની જેમ તેઓ પણ ગાલીલ પ્રાન્તના બેથસૈદાના રહેવાસી છે.

આંદ્રિયા અને પીતરની હાકલ અંગે બે પરંપરા છે. માર્કના શુભસંદેશ મુજબ આંદ્રિયા અને પીતર ગાલીલ સરોવરમાં માછલાં પકડવા માટે જાળ નાખતા હતા ત્યારે ઈસુએ એમને બંનેને હાંક મારીને પોતાની પાછળ આવવાનું કહ્યું હતું. 'ગાલીલના સરોવર પાસે થઈને જતાં જતાં ઈસુએ સિમોન તથા તેના ભાઈ આંદ્રિયાને સરોવરમાં જાળ નાખતા જોયા; કારણ, તે લોકો માછી હતા. ઈસુએ તેમને કહ્યું, 'મારી પાછળ પાછળ આવો. હું તમને માછલાંને બદલે માણસો પકડતા કરીશ.' અને તરત જ તેઓ જાળને પડતી મૂકીને તેમની પાછળ પાછળ ચાલી નીકળ્યા.' (માર્ક ૧, ૧૬-૧૮).

બીજી પરંપરા મુજબ આંદ્રિયા સ્નાનસંસ્કારક યોહાનના શિષ્ય હતા. સ્નાનસંસ્કારક યોહાને ઈસુને જોઈને પોતાના શિષ્યોને બે વાર કહ્યું, 'જુઓ પેલું ઈશ્વરનું ઘેટું.' ઈસુને અનુસરવાના આંદ્રિયાના પ્રસંગને શુભસંદેશકાર યોહાને ખૂબ ચિત્રાત્મક રીતે વર્ણવ્યું છે.

'બીજે દિવસે ફરીથી યોહાન બે શિષ્યો સાથે ઊભા હતા ત્યારે ઈસુ તેમની પાસે થઈને જતા હતા. તેમના ઉપર નજર ઠેરવીને યોહાને કહ્યું, 'જુઓ, પેલું ઈશ્વરનું ઘેટું!'

પેલા બે શિષ્યો એમને આ પ્રમાણે બોલતા સાંભળીને ઈસુની પાછળ પાછળ ગયા. ઈસુએ પાછા ફરીને જોયું તો પેલાઓ પાછળ પાછળ આવતા હતા, એટલે તેમને પૂછ્યું, 'તમારે શું જોઈએ છે?' તેમણે જવાબ આપ્યો, 'ગુરુજી, આપ ક્યાં રહો છો?'

ઈસુએ કહ્યું, 'આવો, અને જુઓ.' એટલે તેઓએ જઈને જોયું કે તેઓ ક્યાં રહેતા હતા, અને બપોરના ચાર થવા આવ્યા હતા, એટલે તે દિવસે તેઓ તેમની સાથે રહી પડ્યા.

યોહાનનું બોલવું સાંભળીને જે બે જણ ઈસુની પાછળ પાછળ ગયા હતા તેમાં એક સિમોન પીતરનો ભાઈ આંદ્રિયા હતો.' (યોહાન ૧, ૩૫-૪૦).

આપણે આ બીજી પરંપરાને અનુસરીએ તો આપણે આંદ્રિયાને પ્રથમ 'મિશનરી' કે ઈસુના સંદેશવાહક કહી શકીએ. કારણ, ઈસુને મળ્યા પછી તરત જ તે પોતાના ભાઈ સિમોનને ઈસુ પાસે તેડી લાવે છે.

'તે પહેલાં પોતાના ભાઈ સિમોનને મળ્યો અને તેને કહ્યું, 'અમને મસીહ (એટલે કે ખ્રિસ્ત) મળ્યા છે.' તે સિમોનને ઈસુ પાસે લઈ ગયો.

ઈસુએ તેના ઉપર નજર ઠેરવીને કહ્યું, 'તું યોહાનનો દીકરો સિમોન ને? તું કેફા (એટલે કે પીતર અર્થાત્ ખડક) નામે ઓળખાશે.' (યોહાન ૧, ૪૧-૪૨).

બાઇબલમાંનાં 'સારભૂત' પુસ્તકો શબ્દથી હું અજાણ છું. નવા કરારનાં પ્રથમ ત્રણ પુસ્તકો એટલે કે માથ્થી, માર્ક અને લૂકના શુભસંદેશ તથા 'પ્રેષિતોનાં ચરિતો'માંના

પ્રેષિતોની યાદીમાં આંદ્રિયાનું નામ છે. ત્રણેય શુભસંદેશકારોએ સિમોન અને આંદ્રિયાની હાકલનું પણ વર્ણન કર્યું છે.

પહેલા ત્રણ શુભસંદેશમાં ઈસુ આંદ્રિયા અને સિમોનના ઘરે ગયાની પણ વાત મળે છે. અહીં માર્કે કરેલા એ પ્રસંગનું વર્ણન ટાંકું છું:

'પછી સભાગૃહમાંથી નીકળીને તેઓ યાકોબ અને યોહાનને લઈને સિમોન અને આંદ્રિયાને ઘેર ગયા. સિમોનની સાસુ તાવથી પથારીવશ હતી, અને તરત જ લોકોએ ઈસુને તેની વાત કરી, ઈસુએ પાસે આવીને તેને હાથ પકડીને બેઠી કરી એટલે તેનો તાવ ઊતરી ગયો, અને તે તેમની સેવા કરવા લાગી.' (માર્ક ૧, ૨૯ ૩૧; માથ્થી ૮, ૧૪-૧૭; લૂક ૪, ૩૮-૪૪).

બાઇબલના સંશોધકોએ કફરનહૂમમાં સિમોન પીતર અને આંદ્રિયાના પ્રથમ સદીના ઘરની જગ્યા શોધી કાઢી છે. અહી એક વાત નોંધવાનો મને આનંદ છે કે, પવિત્ર ભૂમિ ઇઝરાયલની મારી બે મુલાકાત દરમિયાન બેથસૈદામાં કફરનહુમમાં એ ઘરની જગ્યાએ થાંભલા પર બાંધેલા મહાદેવાલય (બસિલિકા)ની મુલાકાત લઈને પ્રાર્થના કરવાની મને તક મળી છે.

ઈસુએ યરુશાલેમ ખાતે ભવ્ય મંદિરના સર્વનાશની આગાહી કરી હતી અને ત્રણેય શુભસંદેશમાં એની વાત છે. પણ માર્કે એ વાતમાં આંદ્રિયા સાથે ઈસુના નિકટના ચાર શિષ્યોની વાત પણ નોંધી છે.

'ઈસુ મંદિરની સામે જેતૂન પર્વન ઉપર બેઠા હતા ત્યાં પીતર, યાકોબ, યોહાન અને આંદ્રિયાએ તેમને ખાનગીમાં પૂછ્યું, 'અમને કહો કે આ બધું ક્યારે બનશે? અને આ બધું બનવાની તૈયારી છે, એની એંધાણી શી હશે?" (માર્ક ૧૩, ૩-૪).

પરંતુ પ્રેષિત આંદ્રિયા અંગે તથા શિષ્યો વચ્ચે એમનાં વિશેષ કાર્યો અંગે આપણને વધારે ચોક્કસ માહિતી પ્રથમ ત્રણ શુભસંદેશમાં નહીં પણ ચોથા શુભસંદેશ એટલે કે યોહાનકૃત શુભસંદેશમાં મળે છે. આપણે અગાઉ કહ્યું છે તેમ કેવી રીતે પ્રથમ વાર આંદ્રિયા ઈસુને મળ્યા અને તેઓ કેવી રીતે પોતાના ભાઈ સિમોનને ઈસુ પાસે લઈ આવ્યા એવી બધી વિગતો આપણને યોહાનકૃત શુભસંદેશમાં જ મળે છે.

ઈસુએ પાંચ હજાર લોકોને ચમત્કારિક રીતે જમાડ્યાની વાત આપણને યોહાનકૃત શુભસંદેશમાં મળે છે અને એ પ્રસંગે આંદ્રિયાનો ફાળો નોંધપાત્ર છે. યોહાને એ પ્રસંગનું ખૂબ સુંદર રીતે વર્ણન કર્યું છે.

ઈસુ ડુંગર ઉપર ચડી ગયા અને ત્યાં શિષ્યોની સાથે બેઠા. યહૂદીઓનો મુખ્ય તહેવાર પાસ્ખા પાસે આવ્યો હતો. સામે નજર કરતાં લોકોના મોટા ટોળાને પોતા તરફ આવતું જોઈને તેમણે ફિલિપને કહ્યું, 'આ લોકોને ખવડાવવા માટે આપણે રોટલા ક્યાંથી ખરીદીશું?'

ફિલિપની કસોટી કરવા જ તેમણે આમ કહ્યું હતું; બાકી શું કરવું એની તેમને ખબર હતી.

ફિલિપે જવાબ આપ્યો, 'બસો રૂપામહોરના રોટલા લાવીશું તોયે બધાને થોડો થોડોયે નહીં આવે.'

તેમના શિષ્યોમાંના એકે, સિમોન પીતરના ભાઈ આંદ્રિયાએ, તેમને કહ્યું, 'અહીં એક છોકરા પાસે જવના પાંચ રોટલા અને બે મચ્છી છે; પણ આટલા બધામાં એનો શો હિસાબ?" (યોહાન ૬, ૩-૯).

અહીં લગભગ પાંચ હજાર લોકોને રોટલા વહેંચી આપવામાં આંદ્રિયાનો ભાગ

નોંધપાત્ર છે. કારણ, તેઓ જ 'પાંચ રોટલા અને બે મચ્છી'વાળા છોકરાને ઈસુ પાસે લઈ આવે છે અને એનાથી જ ઈસુ બધાને પેટભરી જમાડે છે.

શુભસંદેશમાં આપણે આંદ્રિયાને છેલ્લી વાર યરુશાલેમમાં ઈસુના વિજયપ્રવેશ વખતે તાડપત્રના રવિવારે મળીએ છીએ. ઉત્સવના દિવસે ઈસુને મળવાની આતુરતા બતાવનાર કેટલાક ગ્રીક લોકોને આંદ્રિયા ઈસુ પાસે લઈ ગયાની વાત યોહાને સરસ રીતે કરી છે.

'ઉત્સવમાં પૂજા કરવા આવેલા લોકોમાં કેટલાક ગ્રીકો હતા. તેમણે ગાલીલમાં આવેલ બેથસૈદાના ફિલિપ પાસે આવીને કહ્યું, 'મોટાભાઈ, અમારે ઈસુનાં દર્શન કરવાં છે.'

ફિલિપે જઈને આંદ્રિયાને કહ્યું; આંદ્રિયા અને ફિલિપે જઈને ઈસુને વાત કરી.' (યોહાન ૧૨, ૨૦-૨૨). ફરી એક વાર આપણે અહીં 'મિશનરી' આંદ્રિયાને મળીએ છીએ. તેઓ ગ્રીક લોકોને ઈસુ પાસે લઈ આવે છે.

આંદ્રિયા વિશેની બીજી બધી માહિતી આપણને પરંપરાગત માન્યતાઓ, ઇતિહાસકાર યુસેબીયસે પ્રથમ સદીમાં ખ્રિસ્તીઓ અંગે નોંધેલી વાત તથા ત્રીજી સદીમાં લખાયેલા 'સંત આંદ્રિયાનાં ચરિતો'માંથી મળે છે.

આ બધા સ્રોતોને આધારે આપણે કહી શકીએ કે આંદ્રિયાએ બીથિનિયા, સિન્થિયા, મકદોનિયા તથા અખાયામાં શુભસંદેશની ઘોષણા કરી હતી. તેઓએ પોતાના પ્રેષિતકાર્ય દરમિયાન સતામણી અને જેલવાસ વેઠ્યાં હતાં અને અંતે અખાયાના ઉત્તરપૂર્વમાં આવેલા પાત્રે ખાતે ઈસ્વીસન ૬૦માં શહીદ થયા હતા.

૧૨. ઝબદીનો દીકરો પ્રેષિત યાકોબ

ઈસુએ પોતાને અનુસરવા માટે યાકોબ અને તેના નાના ભાઈ યોહાનને સાથે બોલાવ્યા હતા. તે વખતે બન્ને ભાઈઓ પોતાના બાપ ઝબદી સાથે ગાલીલ સરોવરના કિનારે હોડીમાં બેઠા બેઠા જાળ સમી કરતા હતા. શુભસંદેશકાર માથ્થી અને માર્ક બન્નેએ એ પ્રસંગનું લગભગ એકસરખા શબ્દોમાં વર્ણન કર્યું છે.

ગાલીલના સરોવર પાસે થઈને ઈસુ જતા હતા. 'ત્યાંથી થોડે દૂર તેમણે ઝબદીના પુત્ર યાકોબને અને તેના ભાઈ યોહાનને હોડીમાં બેઠા બેઠા જાળ સમી કરતા જોયા. અને તરત જ તેમણે તેમને હાંક મારી, એટલે પોતાના બાપ ઝબદીને મજૂરો સાથે હોડીમાં છોડીને તેઓ ઈસુની પાછળ ચાલી નીકળ્યા.' (માર્ક ૧, ૧૯-૨૦, માથ્થી ૪, ૨૧-૨૨). યાકોબ અને તેના નાના ભાઈ યોહાન ગાલીલ પ્રાંતમાં બેથસૈદા ગામના વતની હતા. ઝબદી ઘણુંખરું એક ધનિક માછીમાર હતા. એટલે જ તેઓ માછલી પકડવામાં પોતાના દીકરાઓ સાથે મજૂરોને પણ રાખી શકતા હતા. બાપ ઝબદીની જેમ બન્ને દીકરાઓ પણ માછીમાર હતા.

શુભસંદેશમાં એક રસપ્રદ પ્રસંગ છે જે માથ્થી અને માર્ક બન્નેએ નોંધ્યો છે. પણ એમાં એક ખાસ નોંધપાત્ર તફાવત પણ છે. માર્કના શુભસંદેશ પ્રમાણે બન્ને ભાઈઓ જાતે ઈસુ પાસે આવીને એક માગણી કરે છે. 'ત્યાર પછી ઝબદીના બે દીકરા યાકોબ અને યોહાને ઈસુની પાસે આવીને કહ્યું, 'ગુરુદેવ, અમારી એક ઇચ્છા આપ પૂરી કરો એવી અમારી વિનંતી છે." (માર્ક ૧૦, ૩૫). માથ્થીના શુભસંદેશ મુજબ બન્ને ભાઈઓનાં મા એટલે કે ઝબદીની પત્ની બન્ને દીકરાઓ સાથે ઈસુ આગળ આવીને એ જ વિનંતી કરે છે. 'એ વખતે ઝબદીના છોકરાઓની માએ પોતાના છોકરાઓ સાથે આવીને ઈસુને પગે પડીને વરદાન માંગ્યું. ઈસુએ તેને કહ્યું, 'તારે શું જોઈએ છે?' બાઈએ કહ્યું, 'આપ એવી આજ્ઞા ફરમાવો કે આ મારા બે દીકરામાંથી એક આપના રાજ્યમાં આપને જમણે હાથે અને બીજો આપને ડાબે હાથે બેસે' (માથ્થી ૨૦, ૨૦-૨૧).

યાકોબ અને યોહાનની મા ઘણુંખરું ઈસુના નજીકના સંપર્કમાં હોવાં જોઈએ. પ્રેષિત માથ્થીએ ઈસુના ક્રૂસ પાસે ઊભેલી સ્ત્રીઓમાં ઝબદીના પુત્રોની માનો પણ સમાવેશ કર્યો છે. (માથ્થી ૨૭, ૫૬).

આવા ઉલ્લેખોના આધારે બાઇબલના પંડિતો માને છે કે યાકોબ અને યોહાનનાં માનું નામ સલોમી હોવું જોઈએ. ઈસુને અનુસરતી સ્ત્રીઓમાં સાલોમી પણ હતી. પારંપરિક માન્યતા પ્રમાણે સલોમી ઈસુનાં માતા પવિત્ર મરિયમની બહેન હતી.

જ્યારે ઈસુને ક્રૂસે જડાવવામાં આવ્યા ત્યારે બીજી કેટલીક સ્ત્રીઓ સાથે સલોમીએ પણ દૂર ઊભાં રહીને ઈસુનું ક્રૂસારોહણ જોયું છે. માર્ક લખે છે: 'કેટલીક સ્ત્રીઓ પણ દૂર રહી-રહી જોતી હતી. તેઓમાં મગ્દલાની મરિયમ અને નાના યાકોબ અને યૉસેફની મા મરિયમ તથા સલોમી પણ હતી, જે ઈસુ જ્યારે ગાલીલમાં હતા ત્યારે તેમની પાછળ પાછળ ફરતી અને તેમની સેવા કરતી હતી; ઉપરાંત ઈસુની સાથે યરુશાલેમ

આવેલી બીજી ઘણી સ્ત્રીઓ પણ ત્યાં હતી.' (માર્ક ૧૫, ૪૦-૪૧).

પ્રેષિતોની યાદીમાં હંમેશાં યાકોબનું નામ એના ભાઈ યોહાન સાથે આવે છે. કદાચ ઈસુએ પોતાના શિષ્યોને ગામડાંમાં બે-બેની જોડીમાં મોકલ્યા ત્યારે તેમણે યાકોબ અને યોહાનને સાથે મોકલ્યા હશે.

ઈસુએ તેમને બોલાવ્યા ત્યારે બન્ને ભાઈઓ તરત જ તેમની પાછળ પાછળ ચાલી નીકળ્યા હતા. ઈસુ પરની એમની શ્રદ્ધા તથા ઈસુ સાથેની તેમની ઊંડી મિત્રતા તેમને તેમ જ સંત પીતરને ઈસુની નજીક લાવે છે. એટલે સિમોન પીતર, યાકોબ અને યોહાનને પોતાના દિવ્યરૂપ દર્શનના સાક્ષી બનવા ઈસુએ ખાસ પસંદ કર્યા હતા. 'છ દિવસ પછી ઈસુ ફક્ત પીતર, યાકોબ અને તેના ભાઈ યોહાનને એક ઊંચા પર્વત ઉપર લઈ ગયા. ત્યાં તેઓની નજર આગળ તેમનું રૂપ બદલાઈ ગયું: તેમનો ચહેરો સૂર્યની જેમ ઝળહળવા લાગ્યો, અને તેમનાં વસ્ત્રો પ્રકાશ જેવાં ઊજળાં થઈ ગયાં.' (માથ્થી ૧૭, ૧-૨).

એ જ રીતે જ્યારે ઈસુ યાઈરની દીકરીને સાજી કરવા એમના ઘેર જાય છે ત્યારે ઈસુ પોતાની સાથે સિમોન પીતર, યાકોબ અને યોહાનને જ સાથે લઈ જાય છે. (જુઓ માર્કઃ ૫, ૩૭-૩૮, ૪૦, ૪૨).

અને છેલ્લે, ઈસુ રાબેતા મુજબ ગેથસેમાને વાડીમાં પોતાના પ્રેષિતો સાથે પ્રાર્થના કરવા માટે જાય છે તે વખતે પણ ઈસુ પોતાના ખૂબ નજીકના ત્રણ શિષ્યોને ખાસ પોતાની સાથે રાખે છે. માથ્થી અને માર્કે એ પ્રસંગનું વર્ણન કર્યું છે. 'પછી તેમણે પીતર, યાકોબ અને યોહાનને પોતાની સાથે લીધા. ભય અને ઉદ્વેગ તેમને ઘેરી વળ્યા, અને તેમણે શિષ્યોને કહ્યું, 'મને એટલો બધો શોક થાય છે કે જાણે પ્રાણ ચાલ્યા જશે. તમે અહીં રોકાઓ અને જાગતા રહો.' (માર્ક ૧૪, ૩૩-૩૪).

આ ત્રણ પ્રસંગો બતાવે છે કે આ ત્રણ શિષ્યો સિમોન, યાકોબ અને યોહાન ઈસુની ખૂબ નજીક હતા અને એમને માટે ઈસુને વિશેષ પ્રેમ હતો.

બાઇબલના પંડિત હુબર્ટ લોકયેર પોતાના પુસ્તક 'ઑલ ધ મૅન ઑફ ધ બાઇબલ'માં કહે છે કે ઝબદીનું યરુશાલેમમાં પણ એક ઘર હતું. (પૃ. ૧૬૯).

ઈસુની મહાવ્યથાના વર્ણનમાં ઈસુની ધરપકડના પ્રસંગ પછી યોહાન નોંધે છે, 'સિમોન પીતર અને એક બીજો શિષ્ય ઈસુની પાછળ પાછળ ગયા. એ શિષ્ય વડા પુરોહિતનો ઓળખીતો હતો એટલે તે ઈસુની સાથે સાથે વડા પુરોહિતના મહેલમાં દાખલ થયો; પણ પીતર બહારને દરવાજે રોકાઈ ગયો આથી પેલો બીજો શિષ્ય, જે વડાપુરોહિતનો ઓળખીતો હતો, તેણે બહાર જઈને દ્વારપાલિકાને કહીને પીતરને અંદર તેડાવ્યો.' (યોહાન ૧૮, ૧૫-૧૬).

ઈસુના બાર પ્રેષિતોમાં યાકોબ સૌપ્રથમ શહીદ થયા હતા. યાકોબ ઈસુને અનુસરવા માંડ્યા પછી પંદરેક વર્ષમાં શહીદીને વર્યા હતા. આપણે 'પ્રેષિતોનાં ચરિતો'માં વાંચીએ છીએ કે, 'એ જ અરસામાં રાજા હેરોદે ધર્મસંઘના કેટલાક માણસો ઉપર અત્યાચાર કરવા માટે હાથ ઉગામ્યા. યોહાનના ભાઈ યાકોબનો તેણે તલવારથી વધ કરાવ્યો.' (પ્રે. ચ. ૧૨, ૧-૨).

ઈસુના બાર શિષ્યોમાં ફક્ત યાકોબની શહીદીનો નવા કરારના પ્રેષિતોનાં ચરિતોમાં ઉલ્લેખ મળે છે. ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું હતું તેમ યાકોબે ઈસુને અનુસરવામાં રક્ત વહેવડાવ્યું હતું. ઈસુએ યાકોબ અને યોહનને કહ્યું હતું, 'હું જે પ્યાલો પીઉં તે તમે પીશો, અને હું જે અગ્નિસ્નાનમાંથી પસાર થાઉં તેમાંથી તમે પણ પસાર થશો, એ ખરું; પણ મારે ડાબે હાથે કે જમણે હાથે બેસવાનો અધિકાર આપવો એ મારા હાથની વાત નથી. એ

સ્થાન તો ઈશ્વરે નક્કી કર્યું હશે તેમને જ મળશે.’ (માર્ક ૧૦, ૩૯-૪૦).

ઈસુના ઘણા શિષ્યોની જેમ આપણે યાકોબ વિશે પણ ખૂબ ઓછું જાણીએ છીએ. છતાં ખ્રિસ્તી આલમમાં યાકોબ એક લોકપ્રિય સંત છે. ઘણા ખ્રિસ્તીઓ યાકોબનું નામ ધારણ કરીને ઈસુના શિષ્ય યાકોબની લોકપ્રિયતાની સાક્ષી પૂરે છે. યરુશાલેમ શહેરમાં બારમી સદીથી સંત યાકોબના નામે એક આર્મેનિયન મહાદેવાલય આવેલું છે. પારંપરિક માન્યતા મુજબ યાકોબનું મસ્તક જ્યાં દફનાવાયું હતું ત્યાં તે જ જગ્યા પર મહાદેવાલય બંધાયું છે.

છેક ૧૭મી સદીથી સ્પેનના લોકો માને છે કે યાકોબની શહીદી પહેલાં તેમણે સ્પેનની મુલાકાત લીધી હતી. સ્પેનનું એક શહેર કમ્પોસ્તેલ્લા સંત યાકોબનું એક મોટું તીર્થ વાસ છે. કેવળ સ્પેનમાંથી જ નહીં, પરંતુ આખા યુરોપ તેમ જ વિશ્વના અન્ય ભાગોમાંથી પણ યાત્રીઓ કમ્પોસ્તેલ્લાની મુલાકાત લઈને સંત યાકોબને આદરમાન આપે છે ને તેમની મધ્યસ્થી વડે પ્રાર્થના કરે છે.

૧૩. પ્રેષિત ફિલિપ

શુભસંદેશકાર માથ્થી, માર્ક અને લૂકના શુભસંદેશમાં ફિલિપનું નામ ફક્ત ઈસુના બાર શિષ્યોની નામાવલીમાં આવે છે. ઈસુના બાર પ્રેષિતોની ત્રણેય યાદીમાં ફિલિપનું નામ બાર્થોલ્મી સાથે આવે છે. (માથ્થી ૧૦, ૩; માર્ક ૩, ૧૮; લૂક ૬, ૧૪). 'પ્રેષિતોનાં ચરિતો'માં પણ પ્રેષિતોની યાદી છે. એમાં ફિલિપનું નામ થોમા જોડે આવે છે. (પ્રે. ચ. ૧, ૧૩).

આપણે યોહાનકૃત શુભસંદેશમાંથી ફિલિપ વિશે વધુ જાણીએ છીએ. ઈસુએ આંદ્રિયા અને એમના ભાઈ સિમોન પીતરને બોલાવ્યા પછી બીજે દિવસે ફિલિપને બોલાવ્યા હતા.

યોહાનકૃત શુભસંદેશના પ્રથમ અધ્યાયમાં ફિલિપની હાકલ વિશે અને એમના પ્રથમ મિશનરી કાર્ય વિશે આપણે વાંચીએ છીએ કે, 'બીજે દિવસે ઈસુએ ગાલીલ જવાનું નક્કી કર્યું. ફિલિપનો ભેટો થતાં ઈસુએ તેને કહ્યું, 'મારી પાછળ પાછળ આવ!' હવે, આ ફિલિપ પણ આંદ્રિયા અને પીતરના ગામ બેથસૈદાનો જ હતો. નથનિયેલનો ભેટો થતાં ફિલિપે તેને કહ્યું, 'જેને વિશે મોશેએ ધર્મસંહિતામાં અને પયગંબરોએ પણ લખેલું છે તેનો અમને ભેટો થયો છે; તે યૉસેફના પુત્ર નાસરેથના ઈસુ છે.'

ત્યારે નથનિયેલ બોલી ઊઠ્યો, 'નાસરેથમાંથી કશું સારું નીપજી શકે ખરું?'

ફિલિપે કહ્યું, 'ચાલ, અને જો.'

નથનિયેલને પોતા તરફ આવતો જોઈ ઈસુએ કહ્યું, 'જુઓ, આ એક સાચો ઇઝરાયલી આવે છે, એનામાં લગીરે કપટ નથી.'

નથનિયેલે તેમને પૂછ્યું, 'આપ મને ક્યાંથી ઓળખો?'

ઈસુએ જવાબ આપ્યો, 'ફિલિપે તને બોલાવ્યો તે પહેલાં મેં તને અંજીરના ઝાડ તળે જોયો હતો.'

નથનિયેલે કહ્યું, 'ગુરુજી, આપ ઈશ્વરના પુત્ર છો, આપ ઇઝરાયલના રાજા છો!' (યોહાન ૧, ૪૩-૪૯).

ઈસુ, ફિલિપ અને નથનિયેલને સંડોવતો આ સમગ્ર પ્રસંગ આપણને ઘણું કહી જાય છે. એક, ફિલિપ પણ આંદ્રિયા અને સિમોન પીતરના ગામ બેથસૈદાના વતની હતા. બે, તેમણે 'મારી પાછળ પાછળ આવ'ની ઈસુની હાકલ ઉત્સાહભેર સ્વીકારી અને ત્રણ, ફિલિપે ઈસુને અનુસરવાના પ્રથમ દિવસથી પ્રૈષિતિક કાર્ય શરૂ કર્યું. તેઓ નથનિયેલને ઈસુ પાસે તેડી લાવ્યા.

યોહાનકૃત શુભસંદેશમાં ફિલિપનો બીજો ઉલ્લેખ એક ચમત્કારના સંદર્ભમાં છે. એક છોકરા પાસેના જવના પાંચ રોટલા અને બે મચ્છીથી ઈસુ પાંચ હજાર લોકોને જમાડવાનો ચમત્કાર કરે છે. ચમત્કારનો પ્રસંગ ઈસુ અને ફિલિપ વચ્ચેના સંવાદથી શરૂ થાય છે. આખો પ્રસંગ વાંચીએ:

સામે નજર કરતાં લોકોના મોટા ટોળાને પોતા તરફ આવતું જોઈને તેમણે ફિલિપને

કહ્યું, 'આ લોકોને ખવડાવવા માટે આપણે રોટલા ક્યાંથી ખરીદીશું?'

ફિલિપની કસોટી કરવા જ તેમણે આમ કહ્યું હતું; બાકી શું કરવું એની તેમને ખબર હતી.

ફિલિપે જવાબ આપ્યો, 'બસો રૂપામહોરના રોટલા લાવીશું તોયે બધાને થોડો થોડોયે નહીં આવે.'

તેમના શિષ્યોમાંના એકે, સિમોન પીતરના ભાઈ આંદ્રિયાએ, તેમને કહ્યું, 'અહીં એક છોકરા પાસે જવના પાંચ રોટલા અને બે મચ્છી છે; પણ આટલા બધામાં એનો શો હિસાબ?'

ઈસુએ કહ્યું, 'લોકોને નીચે બેસાડી દો.'

ત્યાં પુષ્કળ ઘાસ હતું, એટલે લોકો બેસી ગયા. તેમની સંખ્યા લગભગ પાંચ હજારની હતી. પછી ઈસુએ તે રોટલા લીધા, ઈશ્વરનો આભાર માન્યો અને ત્યાં બેઠેલા લોકોને વહેંચી આપ્યા. એ જ રીતે તેમણે મચ્છી પણ વહેંચી આપી. સૌને જેટલું જોઈતું હતું તેટલું મળ્યું. જ્યારે બધા ધરાઈ ગયા ત્યારે તેમણે શિષ્યોને કહ્યું, 'તમે છાંડેલા ટુકડા ભેગા કરી લો, જેથી કશું નકામું ન જાય.' શિષ્યોએ તેમ કર્યું, તો જવના પાંચ રોટલામાંથી ખાતાં વધેલા ટુકડાઓથી બાર ટોપલા ભરાયા.' (યોહાન ૬, ૫-૧૩).

ઈસુ લોકોને ખવડાવવાની વાત સૌપ્રથમ ફિલિપને કહે છે. કારણ, ઈસુ અને શિષ્યોને ખવડાવવાની જવાબદારી ફિલિપને સોંપેલી હશે. પણ પાંચ હજાર જેટલી જનમેદનીને ખવડાવવાની કલ્પના પણ ફિલિપ કરી ન શકે. એટલે તેઓ કહે છે કે, 'બસો રૂપામહોરના રોટલા લાવીશું તોય બધાને થોડો થોડોય નહીં આવે.'

જનમેદનીને જમાડવા માટે 'લોકોને નીચે બેસાડી દો' એમ ઈસુએ કહ્યું ત્યારે ફિલિપને ખૂબ નવાઈ લાગી હશે. વળી, બધા લોકોએ ધરાઈને ખાતાં વધેલા રોટલાથી બાર ટોપલા ભરેલા જોઈને બીજા લોકોની સાથે ફિલિપ પણ બોલી ઊઠ્યા હશે કે, 'સાચે જ, આ તો જગતમાં આવનાર હતા તે પયગંબર જ છે.'

ફિલિપ એક મળતાવડા સ્વભાવના માનવ હોવા જોઈએ. ઈસુની યરુશાલેમની છેલ્લી મુલાકાત દરમિયાન પાસ્ખાના પ્રસંગે ફિલિપનું પ્રૈષિતિક કાર્ય આપણું ધ્યાન ખેંચે છે.

ઈસુના યરુશાલેમના વિજયપ્રવેશ પછી પારખા તહેવાર માટે ત્યાં ભેગા થયેલા કેટલાક ગ્રીક લોકો ઈસુને મળવા માંગે છે ત્યારે તેઓ ફિલિપ પાસે જાય છે. યોહાને એ પ્રસંગનું આબેહૂબ વર્ણન કર્યું છે:

'ઉત્સવમાં પૂજા કરવા આવેલા લોકોમાં કેટલાક ગ્રીકો હતા. તેમણે ગાલીલમાં આવેલા બેથસૈદાના ફિલિપ પાસે આવીને કહ્યું, 'મોટા ભાઈ, અમારે ઈસુનાં દર્શન કરવાં છે.'

ફિલિપે જઈને આંદ્રિયાને કહ્યું, આંદ્રિયા અને ફિલિપે જઈને ઈસુને વાત કરી. ત્યારે ઈસુએ તેમને કહ્યું, 'માનવપુત્રને મહિમાવસ્થ પ્રાપ્ત થવાનો સમય પાક્યો છે. હું તમને સાચેસાચ કહું છું કે, જ્યાં સુધી ઘઉંનો દાણો જમીનમાં પડીને મરી જતો નથી ત્યાં સુધી એકલો જ રહે છે; પણ જો તે મરી જાય છે તો મબલક પાક પેદા થાય છે.' (યોહાન ૧૨, ૨૦-૨૪). કદાચ ફિલિપે પેલા ગ્રીકોને ઈસુ પાસે લઈ જતાં કહ્યું હશે કે, 'ચાલ, અને જો.'

છેલ્લે, બાર પ્રેષિતોના ઈસુ સાથેના છેલ્લા ભોજન દરમિયાન ફિલિપ અને ઈસુ વચ્ચેનો સંવાદ ખાસ નોંધપાત્ર છે:

ઈસુએ કહ્યું,... 'તમે જો મને ઓળખ્યો હોત તો મારા પિતાને પણ ઓળખત. હવે તમે એને ઓળખો છો અને એને જોયો પણ છે.'

ફિલિપે તેમને કહ્યું, 'પ્રભુ, અમને પિતાનાં દર્શન કરાવો એટલે થયું."

ત્યારે ઈસુએ તેને કહ્યું, 'આટલા બધા વખતથી હું તમારી સાથે રહું છું, છતાં તું મને ઓળખતો નથી, ફિલિપ? જેણે મને દીઠો છે, તેણે પિતાને દીઠો છે. તો પછી તું, એમ કેમ કહે છે કે, 'અમને પિતાનાં દર્શન કરાવો? તને શું એટલો વિશ્વાસ નથી કે હું પિતામાં અને પિતા મારામાં વસે છે? હું તમને જે કહું છું તે મારા પોતા તરફથી નથી કહેતો. મારામાં વસતા પિતા પોતાનાં કાર્યો કર્યે જાય છે" (યોહાન ૧૪, ૬ ૧૦).

યોહાને પોતાના શુભસંદેશમાં ફિલિપ વિશે કરેલી બધી વાતોમાંથી આપણે માની લઈએ કે ફિલિપ ખૂબ નિખાલસ અને મળતાવડા સ્વભાવના હશે. ઈસુ સાથેના કિલિપના સંવાદમાં આપણને ફિલિપની સાદાઈનો પણ ખ્યાલ આવે છે.

ખ્રિસ્તી લોકો જુદી જુદી ઉપાસનાવિધિ પ્રમાણે મે મહિનાની જુદી જુદી તારીખે ફિલિપનો તહેવાર ઊજવે છે.

૧૪. પ્રેષિત બર્થોલ્મી

બાઇબલના નવા કરારના પ્રથમ ત્રણ શુભસંદેશકારો માથ્થી, માર્ક અને લૂકે આપેલી પ્રેષિતોની યાદીમાં આપણને બર્થોલ્મીનું નામ મળે છે. 'બાર્થોલ્મી' નામનો અર્થ 'થોલ્મી'નો દીકરો થાય છે.

'બાર્થોલ્મી' નામ પ્રેષિતનું મૂળ વૈયક્તિક નામ છે. બાઇબલના પંડિતો 'બર્થોલ્મી'ને યોહાનકૃત શુભસંદેશના 'નથનિયેલ' તરીકે ઓળખાવે છે. એક વૈયક્તિક નામ તરીકે 'નથનિયેલ'નું નામ ફક્ત યોહાનકૃત શુભસંદેશમાં આપણને મળે છે. પ્રથમ ત્રણ શુભસંદેશકારો 'બર્થોલ્મી'નું નામ હંમેશાં ફિલિપના નામ સાથે લખતા હોય છે. યોહાનકૃત શુભસંદેશમાં નથનિયેલને ઈસુ પાસે ફિલિપ જ લઈ આવે છે.

સ્નાનસંસ્કારક યોહાનના હસ્તે યર્દન નદીમાં સ્નાનસંસ્કાર પામ્યા પછી ઈસુ ગાલીલ જતા હતા. ગાલીલમાં સૌપ્રથમ 'ફિલિપનો ભેટો થતાં ઈસુએ તેને કહ્યું, 'મારી પાછળ પાછળ આવ." (યોહાન ૧, ૪૩).

પછી ફિલિપ પોતાના મિત્ર નથનિયેલને ઈસુ પાસે લઈ આવ્યા. ફિલિપ, નથનિયેલ અને ઈસુવાળો પ્રસંગ યોહાને ખૂબ ઉત્તમ રીતે તાદૃશ્ય કર્યો છે. નથનિયેલનો ભેટો થતાં ફિલિપે તેને કહ્યું, 'જેને વિશે મોશેએ ધર્મસંહિતામાં અને પયગંબરોએ પણ લખેલું છે તેનો અમને ભેટો થયો છે; તે યૉસેફના પુત્ર નાસરેથના ઈસુ છે.'

ત્યારે નથનિયેલ બોલી ઊઠ્યો, 'નાસરેથમાંથી કશું સારું નીપજે શકે ખરું?'

ફિલિપે કહ્યું, 'ચાલ, અને જો.'

નથનિયેલને પોતા તરફ આવતો જોઈ ઈસુએ કહ્યું, 'જુઓ, આ એક સાચો ઇઝરાયલી આવે છે, એનામાં લગીરે કપટ નથી.'

નથનિયેલે તેમને પૂછ્યું, 'આપ મને ક્યાંથી ઓળખો?'

ઈસુએ જવાબ આપ્યો, 'ફિલિપે તને બોલાવ્યો તે પહેલાં મેં તને અંજીરના ઝાડ તળે જોયો હતો.'

નથનિયેલે કહ્યું, 'ગુરુજી, આપ ઈશ્વરના પુત્ર છો, આપ ઇઝરાયલના રાજા છો!'

ઈસુએ તેને કહ્યું, 'મેં તને અંજીરના ઝાડ તળે જોયો હતો, એમ મેં કહ્યું એટલા ઉપરથી તને મારા ઉપર શ્રદ્ધા બેઠી છે? એના કરતાં પણ મોટી બાબતો તને જોવા મળશે.' પછી એમણે કહ્યું, 'હું તમને સાચું કહું છું કે, તમે આકાશને ઊઘડેલું અને દેવદૂતોને માનવપુત્ર દ્વારા ચડતા અને ઊતરતા જોશો.' (યોહાન ૧, ૪૫-૫૧).

જ્યારે ફિલિપ નથનિયેલને મળ્યા ત્યારે કદાચ નથનિયેલ યહૂદીઓનો પવિત્ર ગ્રંથ (બાઇબલનો જૂનો કરાર) વાંચતા હશે. ચુસ્ત ધર્મપરાયણ યહૂદીઓ અંજીરના ઝાડના છાંયડામાં બેસીને પોતાનો ધર્મગ્રંથ વાંચતા હોય છે. યહૂદી પ્રજાને એમના પયગંબરો દ્વારા ઈશ્વરે વચન આપ્યું હતું, અને પવિત્ર ધર્મગ્રંથમાં એની વાત છે, કે એમનામાંથી મુક્તિદાતા અવતરશે. એટલે જ નથનિયેલે ઈસુને 'ઈશ્વરના પુત્ર અને ઇઝરાયલના રાજા' તરીકે ઓળખી કાઢ્યા હશે.

યોહાનકૃત શુભસંદેશના અંત ભાગમાં ફરી આપણે નથનિયેલને મળીએ છીએ. ઈસુના પુનરુત્થાનના બીજા દિવસે પીતરની આગેવાની હેઠળ ઈસુના છએક શિષ્યો માછલાં પકડવા તિબેરિયાસ સરોવર ગયા. યોહાને આ પ્રસંગનું આબેહૂબ વર્ણન કર્યું છે.

'ઈસુએ તિબેરિયાસ સરોવર પાસે શિષ્યોને ફરી વાર દર્શન દીધાં, અને તે આ પ્રમાણે: સિમોન પીતર, થોમા (અર્થાત્ જોડિયો), ગાલીલમાં આવેલા કાનાનો નથનિયેલ, ઝબદીના દીકરાઓ અને બીજા બે શિષ્યો ભેગા મળ્યા હતા. એવામાં સિમોન પીતરે કહ્યું, 'હું માછલાં પકડવા જાઉં છું.'

'બીજાઓએ કહ્યું, 'અમે પણ તારી સાથે આવીએ છીએ.' આમ તેઓ ઊપડ્યા અને મછવામાં ચડી ગયા; પણ તે રાતે તેમના હાથમાં કશું આવ્યું નહીં. પરોઢ થવા માંડ્યું એવામાં ઈસુ કાંઠા ઉપર આવીને ઊભા, પણ શિષ્યોને ખ્યાલ ન આવ્યો કે આ ઈસુ છે. પછી ઈસુએ તેમને કહ્યું, 'છોકરાઓ, તમારી પાસે કંઈ માછલી છે?'

તેમણે જવાબ આપ્યો, 'ના.'

'એટલે ઈસુએ તેમને કહ્યું, 'મછવાની જમણી બાજુએ જાળ નાખો એટલે મળશે.' એ લોકોએ જાળ નાખી અને એટલી બધી માછલી પકડાઈ કે તેઓ જાળ મછવામાં ખેંચી શકતા નહોતા. ત્યારે ઈસુના વહાલા શિષ્યે પીતરને કહ્યું, 'એ તો પ્રભુ છે!'

"એ પ્રભુ છે,' એમ સાંભળીને સિમોન પીતરે ઝભ્ભો ચડાવી દીધો — કારણ, તેણે કપડાં કાઢી નાખ્યાં હતાં — અને સરોવરમાં ઝંપલાવ્યું. પણ બીજા શિષ્યો તો માછલાંથી ભરેલી જાળ ખેંચતા ખેંચતા મછવામાં જ આવ્યા. કારણ, તેઓ કિનારાથી બહુ દૂર નહોતા. માંડ સો ડગલાં હશે.'

કિનારે ઊતર્યા ત્યારે તેમણે જોયું તો કોલસા બળતા હતા, તે ઉપર એક માછલી પડેલી હતી અને રોટલો પણ હતો. ઈસુએ તેમને કહ્યું, 'તમે હમણાં પકડી તેમાંથી થોડી માછલી લાવો.'

એટલે સિમોન પીતર મછવામાં ચડીને મોટી મોટી માછલીઓથી ભરેલી જાળ કિનારે ખેંચી લાવ્યો. એકસો ને ત્રેપન હતી. આટલી બધી હતી તેમ છતાં જાળ તૂટી નહોતી.

ઈસુએ તેમને કહ્યું, 'આવો, નાસ્તો કરો.' કોઈ શિષ્યની એમ પૂછવાની હિંમત નહોતી ચાલતી કે, 'આપ કોણ છો?' તેઓ જાણતા હતા કે એ પ્રભુ છે. પછી ઈસુએ આવી રોટલો લઈ તેમને આપ્યો, અને એ જ રીતે માછલી પણ આપી.' (યોહાન ૨૧, ૧-૧૩).

બર્થોલ્મીનું નામ ઈસુના પુનરુત્થાન પછી આપણને પ્રેષિતોનાં ચરિતો ગ્રંથમાં ઈસુના અગિયાર શિષ્યોની યાદીમાં મળે છે.

'શહેરમાં દાખલ થઈને તેઓ માળ ઉપર જે ઓરડામાં રહેતા હતા ત્યાં ગયા, 'પીતર અને યોહાન, યાકોબ અને આંદ્રિયા, ફિલિપ અને થોમા, બર્થોલ્મી અને માથ્થી, અલ્ફીના દીકરા યાકોબ અને જહાલ સિમોન, અને યાકોબનો દીકરો યહૂદા' (પ્રે.ચ. ૧, ૧૩).

શુભસંદેશ બર્થોલ્મીના જીવન અને મિશન વિશે કશુંય કહેતો નથી. પરંતુ પહેલી-બીજી સદીના-આદિ ખ્રિસ્તીઓના ઇતિહાસ તથા પરંપરાગત માન્યતાઓમાંથી એમના જીવન અને મિશન વિશે આપણને કંઈક જાણવા મળે છે. રોનાલ્ડ બ્રાઉનરિગ એમના પુસ્તક 'હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ'માં લખે છે, 'યુસેબિયુસ ચોથી સદીના ઇતિહાસકાર અને કેસરિયાના ધર્માધ્યક્ષ છે. તેમણે લખ્યું છે કે ભારતની મુસાફરી કરનાર આલકઝાન્ડ્રિયાનો

એક નાગરિક માથ્થીકૃત શુભસંદેશ ત્યાંથી શોધી લાવ્યો છે. હિબ્રૂ ભાષામાં લખાયેલો એ માથ્થીકૃત શુભસંદેશ ઈસુના એક પ્રેષિત બર્થોલ્મી ત્યાં છોડી ગયા હતા. પરંપરાગત માન્યતા પ્રમાણે અરમેનિયામાં બર્થોલ્મીને જીવતાં ચામડી ઊતરડી નાખીને મારી નાખવામાં આવ્યા. એટલે બર્થોલ્મીનાં ચિત્રોમાં ચામડી ઊતરડાયેલા બાહુઓ અને હાથમાં છરી જોવા મળે છે.' (પૃ. ૨૦).

નથનિયેલ વિશે આપણે ઘણું જાણીએ છીએ. યોહાનકૃત શુભસંદેશના પ્રથમ પ્રકરણમાં જ ઈસુ નથનિયેલને 'એક સાચો ઇઝરાયલી' તરીકે ઓળખાવે છે. 'એનામાં લગીરે કપટ નથી.' (યોહાન ૧, ૪૭).

નથનિયેલ ઈસુને મળી શક્યા. કારણ, એમના મિત્ર ફિલિપ એમને ઈસુ પાસે લઈ ગયા. તેમણે ઈસુને સાંભળ્યા અને તેઓ એમની પાછળ પાછળ ચાલી નીકળ્યા. આજે આપણે કેવી રીતે ઈસુને મળીએ અને એમના શુભસંદેશનો કેવો પ્રતિભાવ આપી શકીએ?

૧૫. ભારતના પ્રેષિત થોમા

કૅથલિકો અને પ્રોટેસ્ટન્ટોના ભેદભાવ વિના કેરળના મોટા ભાગના ખ્રિસ્તીઓ ગર્વથી પોતાની જાતને સંત થોમાના ખ્રિસ્તીઓ તરીકે ઓળખાવે છે. તેઓ દૃઢપણે માને છે અને સદીઓ જૂની પરંપરાઓ સાક્ષી પૂરે છે કે સંત થોમા ઈસ્વીસન બાવનમાં ભારતમાં આવ્યા. જ્યારે ૧૯૭૨માં વડાધર્મગુરુ પૉલ છઠ્ઠાએ સંત થોમાને ભારતના પ્રેષિત તરીકે જાહેર કર્યા ત્યારે આ માન્યતા અને પરંપરાને જાહેર બહાલી મળી.

ખઇબલના નવા કરારમાં માથ્થી, માર્ક, લૂક અને પ્રેષિતોનાં ચરિતોએ આપેલી પ્રેષિતોની ચાર યાદીઓમાં સંત થોમાનું નામ મળે છે. પરંતુ આપણે યોહાનકૃત શુભસંદેશમાંથી સંત થોમા વિશે વધુ જાણીએ છીએ. યોહાને પોતાના શુભસંદેશમાં જ્યાં થોમા હાજર હોય એવા ચાર પ્રસંગોની વાત કરી છે.

એક, જ્યારે ઈસુએ સાંભળ્યું કે પોતાનો મિત્ર લાઝરસ યહૂદિયાના બેથાનિયામાં માંદો પડ્યો છે ત્યારે ઈસુએ યહૂદિયા જવાનું નક્કી કર્યું. પણ ઈસુના શિષ્યોએ વિરોધ કર્યો અને કહ્યું, ‘ગુરુજી, હજી હમણાં તો યહૂદીઓ આપને પથ્થરે પથ્થારે મારી નાખવા તૈયાર થયા હતા. છતાં પાછા આપ ત્યાં જાઓ છો?’ (યોહાન ૧૧, ૮).

શિષ્યોએ ઈસુના યહૂદિયા જવાની વાતની વિરોધ જારી રાખ્યો ત્યારે ‘ઈસુએ તેમને ફોડ પાડીને કહ્યું, ‘લાઝરસનું મરણ થયું છે: સારું થયું કે હું ત્યાં નહોતો. એ તમારા હિતમાં છે: એથી તમારી શ્રદ્ધા દૃઢ થશે. પણ હવે ચાલો, આપણે તેની પાસે પહોંચી જઈએ.” (યોહાન ૧૧, ૧૪-૧૫).

આવી વિકટ પરિસ્થિતિમાં પ્રેષિત થોમા પીતરની જેમ પોતાની અધીરાઈ અને હિંમત બતાવતાં પોતાના શિષ્યબંધુઓને ઉદ્દેશીને બોલ્યો, ‘ચાલો, આપણે પણ જઈએ અને એમની સાથે મરણને ભેટીએ.’ (યોહાન ૧૧, ૧૬). જ્યારે થોમાને લાગ્યું કે કંઈક તો કરવું પડશે ત્યારે તેમણે તે કરવાની પોતાની પૂરી તૈયારી બતાવી. થોમા જેને પોતાની જવાબદારી સમજે છે તેનાથી તેઓ કદી ભાગી જવામાં માનતા નથી.

બે, યોહાનકૃત શુભસંદેશમાં આપણે થોમાને બીજી વાર શિષ્યો સાથેના ઈસુના છેલ્લા ભોજન વખતે મળીએ છીએ. ઈસુ પોતાના શિષ્યોની વિદાય લેવાની તૈયારીરૂપે તેમની સાથે આત્મીયતાથી વાત કરે છે. ‘અને હું ત્યાં જઈને તમારે માટે જગ્યા તૈયાર કરીશ. એટલે હું પાછો આવીશ અને તમને મારી સાથે લઈ જઈશ. જેથી હું જ્યાં હોઉં ત્યાં તમે પણ હો. અને હું જ્યાં જાઉં છું ત્યાંનો રસ્તો તમે જાણો છો.’ (યોહાન ૧૪, ૩-૪). પણ ઈસુની વિદાયની આ વાતમાં થોમાને કંઈ સમજણ પડતી નથી. એટલે પોતાના અજ્ઞાનથી ક્ષોભ પામ્યા વિના ઈસુની વાત વચ્ચે થોમા એમને પૂછે છે, ‘પ્રભુ, આપ ક્યાં જાઓ છો એ અમે જાણતા નથી, પછી અમને રસ્તાની ખબર શી રીતે હોય?’ (યોહાન ૧૪, ૫).

આપણે થોમાની અધીરાઈ કે ઉતાવળિયાં પગલાં સામે ફરિયાદ કરવી ના જોઈએ. થોમાના આ અધીરા સ્વભાવને કારણે થોમાના પ્રશ્નના જવાબરૂપે આપણને ઈસુ પાસેથી

એક ખૂબ સુંદર વાત સાંભળવા મળે છે. 'ઈસુએ કહ્યું, 'હું જ માર્ગ છું. હું જ સત્ય છું અને હું જ જીવન છું; જે કોઈ પરમપિતા પાસે જાય છે તે મારી મારફતે જ જાય છે. તમે જો મને ઓળખ્યો હોત તો મારા પિતાને પણ ઓળખત. હવે તમે મને ઓળખો છો અને એને જોયો પણ છે." (યોહાન ૧૪, ૬-૭).

ત્રણ, આપણે થોમાને ત્રીજી વાર ઈસુના છેલ્લા ભોજનની ઓરડીમાં જ ઈસુના પુનરુત્થાન પછી મળીએ છીએ. પુનરુત્થાનની રાત્રે ઈસુએ ત્યાં પોતાના શિષ્યોને દર્શન દીધાં હતાં. પરંતુ તે વખતે થોમા ત્યાં બીજા બધા શિષ્યો સાથે હાજર નહોતા. એટલે થોમા આવ્યા ત્યારે શિષ્યોએ એમને ઈસુએ દર્શન દીધાની વાત કરી. પણ થોમાએ એમની વાત માનવાની ચોખ્ખી ના પાડી. યોહાને પોતાના શુભસંદેશમાં આ વાતોની સ્પષ્ટ રજૂઆત કરી છે. 'પણ બારમાંનો એક થોમા (અર્થાત્ જોડિયો) ઈસુ આવ્યા ત્યારે બીજા શિષ્યો સાથે નહોતો. બીજા શિષ્યોએ તેને કહ્યું કે, 'અમને પ્રભુનાં દર્શન થયાં છે.'

પણ થોમાએ તેમને કહ્યું, 'જ્યાં સુધી હું તેમના હાથે ખીલાનાં ચિહ્નો ન જોઉં, અને ખીલાની જગ્યામાં આંગળી ન ઘાલું, તેમ જ તેમના પડખામાં હાથ ન ઘાલું, ત્યાં સુધી હું કદી માનું નહીં.' (યોહાન ૨૦, ૨૪-૨૫).

આપણે જોઈ શકીએ છીએ કે આ પ્રસંગે થોમાનો પ્રતિભાવ ખૂબ લાક્ષણિક છે. તેમણે પોતાના સાથીદારોની સાક્ષી પર શંકા આણી. એટલે છેલ્લી બે સહસ્રાબ્દી દરમિયાન આખી દુનિયા થોમાને 'શંકાશીલ થોમા' તરીકે ઓળખે છે!

જો થોમાએ પોતાના સાથીદારોની વાતમાં શંકા કરી હતી તો તેઓ પ્રભુ ઈસુમાં શ્રદ્ધા રાખવામાં પણ કંઈ કમ નથી. કદાચ ઈસુએ થોમાને એક વ્યવહારુ માણસ તરીકે ગણ્યા હશે. એટલે અઠવાડિયા પછી છેલ્લા ભોજનની ઓરડીમાં ઈસુએ ફરી શિષ્યોને દર્શન દીધાં ત્યારે ઈસુએ થોમાને ખાસ પોતાની પાસે બોલાવ્યા અને બીજા બધાની હાજરીમાં પોતાને અડીને જાતે ખાતરી કરવા કહ્યું. 'તારી આંગળી અહીં લાવ, આ રહ્યા મારા હાથ; અને તારો હાથ આમ લાવ, અને મારા પડખામાં ઘાલ. અશ્રદ્ધા ખંખેરી નાખ; શ્રદ્ધા રાખ.' (યોહાન ૨૦, ૨૭).

પુનરુત્થાન પામેલા ઈસુની હાજરીનો જાત અનુભવ કરતાં સહજપણે નિખાલસતાથી 'થોમા બોલી ઊઠ્યો, 'ઓ મારા પ્રભુ, અને મારા પરમેશ્વર!'

ઈસુએ તેને કહ્યું, 'મને જોયો છે એટલે તને શ્રદ્ધા બેઠી છે. મને જોયા વગર પણ જેઓ શ્રદ્ધા રાખે છે તેઓ પરમસુખી છે.' (યોહાન ૨૦, ૨૮-૨૯).

પોતાના ગુરુજી અને પ્રભુ પરમેશ્વર પરની થોમાની શ્રદ્ધાના એકરારના પ્રતિભાવરૂપે આપણને પણ ઈસુએ 'પરમસુખી' કહ્યા છે. કારણ, ઈસુના શિષ્યોએ તો એમને સદેહે જોયા છે. પણ આપણે એ રીતે ઈસુને પ્રત્યક્ષ જોયા નથી.

ચાર, યોહાનકૃત શુભસંદેશમાં આપણે ચોથી વાર થોમાને પીતર અને બીજા પ્રેષિતો સાથે તિબેરિયાસ સરોવર પાસે મળીએ છીએ. થોમા અને બીજા પ્રેષિતો પીતરની આગેવાની હેઠળ તિબેરિયાસ સરોવરમાં માછલાં પકડવા ગયા હતા. તે વખતે ઈસુએ શિષ્યોને આપેલા દર્શન વિશે સંત યોહાન નોંધે છે, 'ઈસુએ તિબેરિયાસ સરોવર પાસે શિષ્યોને ફરી વાર દર્શન દીધાં, અને તે આ પ્રમાણે: સિમોન પીતર, થોમા (અર્થાત જોડિયો), ગાલીલમાં આવેલા કાનાનો નથનિયેલ, ઝબદીના દીકરાઓ અને બીજા બે શિષ્યો ભેગા મળ્યા હતા.' (યોહાન ૨૧, ૧-૨).

અહીં યોહાન સાથેની કુલ સાત શિષ્યોની યાદીમાં પીતર પછી તરત બીજા ક્રમે થોમાનું નામ આપ્યું છે. ઈસુના શિષ્યગણમાં અહીં આપણે 'થોમા'નું મહત્ત્વ જોઈ શકીએ

છીએ. ઈસુના બાર શિષ્યોમાં થોમાનું આગવું સ્થાન છે.

તિબેરિયાસ સરોવર કિનારે દર્શન દેતી વખતે ઈસુ પોતાના શિષ્યોને આત્મીય ભાવથી 'છોકરાઓ' કહીને બોલાવે છે; એટલું જ નહીં, પણ તેમને નાસ્તો લેવા માટે આમંત્રણ પણ આપે છે. 'ઈસુએ તેમને કહ્યું, 'આવો નાસ્તો કરો' કોઈ શિષ્યની એમ પૂછવાની હિંમત નહોતી ચાલતી કે, 'આપ કોણ છો?' તેઓ જાણતા હતા કે એ પ્રભુ છે.' (યોહાન ૨૧, ૧૨).

ગુજરાતમાં થોમા કે થોમાસ નામ વિરલ નથી. સંત થોમા દક્ષિણ ભારતના કેરળ રાજ્યમાં વધારે લોકપ્રિય સંત છે. ખ્રિસ્તી મા-બાપો પોતાના બાળકને સ્નાનસંસ્કાર વખતે થોમાનું નામ આપે છે. કેરળમાં અસંખ્ય ખ્રિસ્તી સંસ્થાઓ સંત થોમાના નામથી ઓળખાય છે. ત્યાં દેવળો, સ્કૂલો, હૉસ્પિટલો જેવી ઘણી બધી ખ્રિસ્તી સંસ્થાઓમાં સંત થોમા રક્ષક સંત છે.

સંત થોમાએ કેરળમાં પરંપરાગત માન્યતા પ્રમાણે કોડુનગલ્લૂર, નિરાનમ, કોલ્લમ, પાલાયુર, કોટેકાવ, કોકામંગલમ અને નીલકલ જેવાં સાત સ્થળ પર સાત દેવળો બાંધેલાં છે અને આજે તે બધાં દેવળો ખૂબ જાણીતાં તીર્થસ્થાનો છે.

ખૂબ લાંબા ગાળાની પરંપરાગત માન્યતા પ્રમાણે ભારતના ખાસ તો દક્ષિણ ભારતના ખ્રિસ્તીઓ માને છે કે મદ્રાસ (હાલ ચેન્નાઈ)ના માઇલાપુર (હાલ સાન થોમ) ખાતે સંત થોમા ઈસ્વીસન ૭૨મા શહીદ થયા છે. આજે ભક્તજનો તથા દેશવિદેશથી આવેલા યાત્રાળુઓ સાન થોમ મહાદેવળમાં સંત થોમાને નામે એક ચમત્કારિક ક્રૂસની ભક્તિ કરે છે.

સંત થોમા બાંધકામ કરનારાઓ તેમ જ સ્થપતિઓના રક્ષક સંત મનાય છે. એક દંતકથા મુજબ થોમા એક સુથાર હતા. દક્ષિણ ભારતના એક રાજાએ પોતાને માટે એક ભવ્ય મહેલ બાંધવા થોમાને પુષ્કળ નાણાં આપ્યાં. પરંતુ થોમાએ એ બધાં નાણાં ગરીબો અને જરૂરિયાતમંદ લોકો વચ્ચે વહેંચી દીધાં. વળી, થોમાએ રાજાને બરાબર સમજાવ્યું કે ધરતી પર એક ભવ્ય મહેલ બાંધવા કરતાં સ્વર્ગમાં એક અનોખો મહેલ બાંધવામાં વધારે ફાયદો છે.

'સંત થોમાસનાં ચરિતો' (ઍક્ટ્સ ઓફ સૅન્ટ થોમાસ) નામનો એક શુભસંદેશ પ્રચલિત છે. બીજી સદીમાં લખાયેલા એ શુભસંદેશને કોઈ પ્રમાણભૂત દસ્તાવેજ ગણતું નથી. પરંતુ એમાં પ્રેષિત થોમા વિશે એક ખૂબ રસપ્રદ વાત છે:

'સંત થોમાસનાં ચરિતો' જણાવે છે કે પ્રભુ ઈસુના મૃત્યુ પછી પ્રેષિતોએ દુનિયાભરમાં જઈને ઈસુના શુભસંદેશની ઘોષણા કરવાનું નક્કી કર્યું. એમાં કયો પ્રેષિત ક્યાં જશે એ વાત નક્કી કરવા માટે પ્રેષિતોએ ચિઠ્ઠી નાખી. એમાં પ્રેષિત થોમાને ફાળે પ્રૈષિતિકકાર્ય માટે ભારત આવ્યું. પણ થોમાએ ભારત જવા માટે સખત વિરોધ કર્યો.

તે રાતે ભગવાન ઈસુએ થોમાને દર્શન દઈને કહ્યું, 'થોમા, ડરીશ નહીં. હું તારી સાથે છું. મારી કૃપા તારે માટે પૂરતી છે. ખુશીથી જા અને ભારતમાં શુભસંદેશની ઘોષણા કર.'

'મારા પ્રભુ, મને ગમે ત્યાં મોકલો. પણ ભારતમાં નહીં,' થોમા પોતાના વિરોધમાં મક્કમ રહ્યા.

તે વખતે ભારતના એક રાજા ગુનડાફારસે મોકલેલા અભાનાસ નામે એક વેપારી યરુશાલેમમાં આવ્યા. તેઓ ભારતમાં પોતાના રાજા માટે એક મોટો મહેલ બાંધી આપે એવા એક સુથારની શોધમાં હતા.

ભરબજારમાં પ્રભુ ઈસુએ એ વેપારી અભાનાસને પૂછ્યું, 'તમે કોઈ સુથારને શોધો

છો?'

અભાનાસે કહ્યું કે, 'હા, સાચે જ હું એક સુથારને શોધું છું. ભારતમાં રાજા ગુનડાફારસને માટે એક મહેલ બાંધી આપનાર કુશળ સુથારની તાતી જરૂર છે.'

'મારી પાસે એક ગુલામ છે. તે ખૂબ કાર્યક્ષમ સુથાર છે.'

પ્રભુ ઈસુ અને વેપારી અભાનાસ વચ્ચે એક કરાર થયો. કરાર જણાવે છે કે, 'આ કરાર પુરાવો છે કે હું સુથાર જોસેફનો દીકરો ઈસુ, મારા ગુલામ અને સુથાર થોમાને ભારતના રાજા ગુનડાફારસના વેપારી અભાનાસને વેચું છું.'

પછી પ્રભુ ઈસુ પ્રેષિત થોમાને વેપારી અભાનાસ પાસે લઈ આવ્યા.

થોમાને જોઈને વેપારી અભાનાસે પૂછ્યું, 'આ તારો માલિક છે?'

થોમાએ ચોખ્ખી હા પાડી.

'તો મેં તારી ખરીદી કરી છે. કાલે તું મારી સાથે ભારત આવશે,' વેપારીએ કહ્યું અને થોમાને પોતાની પાસે લઈ લીધા.

બીજા દિવસે સવારે થોમા ઊંઘમાંથી ઊઠ્યા ત્યારે તેઓ ભારત જવા માટે તૈયાર હતા.

તે સવારની થોમાની પ્રાર્થના હતી કે, 'હે પ્રભુ ઈસુ, તારી ઇચ્છા મુજબ, મને જ્યાં લઈ જાઓ ત્યાં જવા હું તૈયાર છું. તારી ઇચ્છા પૂર્ણ થાઓ.'

૧૬. અલ્ફીનો દીકરો પ્રેષિત યાકોબ

અલ્ફીનો દીકરો યાકોબ ઈસુના બાર શિષ્યો પૈકીનો એક છે. આમ તો 'નવો કરાર'માં યાકોબ નામના છ પુરુષોની વાત આવે છે, પણ આ યોકાબ બાકીના પાંચ યાકોબ કરતાં 'અલ્ફીનો દીકરો' તરીકે જાણીતો હોવાથી અલગ તરી આવે છે. યાકોબ નામના છ માણસો પૈકીના બે જણ પ્રેષિતો છે: એક, ઝબદીનો દીકરો યાકોબ અને બે અલ્ફીનો દીકરો યાકોબ.

ત્રીજો યાકોબ એ કલોપાસનો દીકરો છે, જે 'નાના યાકોબ' (માર્ક ૧૫, ૪૦) તરીકે પણ ઓળખાય છે. ચોથો વાકોબ બાર પ્રેષિતો પૈકીના એક યહૂદાનો પિતા ગણાય છે. લૂક જેને યાકોબનો દીકરો યહૂદા કહે છે તે માથ્થી અને માર્કમાં થદી તરીકે ઓળખાય છે. પાંચમો યાકોબ ઈસુના ભાઈ તરીકે જાણીતો છે અને છઠ્ઠો યાકોબ જેના નામ પર નવા કરારમાં પત્ર છે તે પત્રના લેખક તરીકે ઓળખાય છે. આ પત્ર — યાકોબનો પત્ર — 'દુનિયાભરમાં વિખરાયેલા બારે વંશો પ્રત્યે એટલે કે રોમન સામ્રાજ્યમાં ઠેર ઠેર વસતા ખ્રિસ્તી બનેલા યહૂદીઓ ઉપર લખાયેલો પત્ર છે.'

અલ્ફીના દીકરા યાકોબ અંગે આપણે ઘણું ઓછું જાણીએ છીએ. પરંતુ ખૂબ જ મહત્ત્વની બાબત એ છે કે ઈસુએ પોતાની સાથે રહેવા માટે પોતાના અંતરંગ મિત્ર તરીકે યાકોબની ખાસ પસંદગી કરી છે. એટલે પ્રેષિત યાકોબ બીજા અગિયાર શિષ્યોની જેમ ત્રણેક વર્ષ ઈસુ સાથે રહ્યા; એમના સંદેશ સાંભળ્યા; એમના ચમત્કારો જોયા. અને છેલ્લે, અન્ય શિષ્યોની માફક યાકોબે ઈસુના સંદેશને સમગ્ર વિશ્વમાં ફેલાવવાનું કામ કર્યું.

અલ્ફીના દીકરા યાકોબનું નામ શુભસંદેશકારો માથ્થી, માર્ક અને લૂક (માથ્થી ૧૦, ૩; માર્ક ૩, ૧૮; લૂક ૬, ૧૫) દ્વારા પણ નોંધાયું છે. 'પ્રેષિતોનાં ચરિતો' (૧, ૧૩)માં પણ ઈસુના સ્વર્ગારોહણ બાદ તેમના અગિયાર શિષ્યોની યાદીમાં અલ્ફીના દીકરા યાકોબનું નામ નોંધાયું છે. ચારેચાર યાદીઓમાં તેમનું નામ નવમા સ્થાને નોંધાયેલું જોવા મળે છે.

પ્રાચીન પરંપરા અનુસાર અલ્ફીના દીકરા યાકોબને 'જુવાનિયો યાકોબ' અથવા કેટલાક અનુવાદો અનુસાર 'નાના યાકોબ' તરીકે ઓળખવામાં આવે છે. 'જુવાનિયો' કે 'નાના' માટેના ગ્રીક શબ્દનો ખરો અર્થ 'નાનો' થાય છે. મૂળ શબ્દ વ્યક્તિની ઉંમર કે તેના કદને દર્શાવતો હોઈ શકે. પરંતુ બાઇબલના વર્તમાન વિદ્વાનો કહે છે કે નવો કરાર અલ્ફીના દીકરા શિષ્ય યાકોબ અને ઈસુના ભાઈ યાકોબને એક જ વ્યક્તિ માનવા માટે પૂરતા પુરાવા આપતો નથી.

બાઇબલના કેટલાક પંડિતોએ અલ્ફીના દીકરા યાકોબને ઈસુના ભાઈ યાકોબ તરીકે ઓળખાવ્યા છે. પણ તાજેતરના બાઇબલના નિષ્ણાતો કહે છે કે અલ્ફીનો દીકરો યાકોબ અને ઈસુના ભાઈ યાકોબ વચ્ચે નિરાળો તફાવત છે. દા.ત. જ્યારે ઈસુના પરિવારે તેમનામાં અશ્રદ્ધા વ્યક્ત કરી (માર્ક ૩, ૨૧) ત્યારે તેમના શિષ્યો તો પસંદગી પામી ચૂક્યા હતા (માર્ક ૩, ૧૬, ૧૯). બીજી તરફ, માર્ક ૬, ૩ અનુસાર યાકોબ સહિતના ઈસુના ભાઈઓ નાઝરેથમાં રહ્યા હતા, જ્યારે તેમના વતન નાઝરેથના લોકોએ ઈસુનો તિરસ્કાર

કર્યો હતો.

પરંપરા કહે છે કે યરુશાલેમમાં અલ્ફીના દીકરા યાકોબને ખડક અથવા મંદિરની ટોચ ઉપરથી નીચે ફેંકી દેવાયા હતા. પરંતુ આ પતનથી તેઓ મૃત્યુ પામ્યા નહીં, એટલે ડંગોરાથી ફટકારીને એમને મારી નાખવામાં આવ્યા હતા. એટલે કેટલાંક ચિત્રોમાં અલ્ફીના દીકરા પ્રેષિત યાકોબને ડંગોરા સાથે કે એવી કોઈ વજનદાર વસ્તુ સાથે બતાવવામાં આવે છે.

બાઇઝેન્ટાઇન ધર્મવિધિમાં અલ્ફીના દીકરા યાકોબનો તહેવાર નવમી ઑક્ટોબરે ઊજવાય છે. જ્યારે, રોમન ઉપાસનાવિધિમાં તેમનો તહેવાર દર વર્ષે ત્રીજી મેના રોજ પ્રેષિત ફિલિપના તહેવારની સાથોસાથ ઊજવાય છે.

૧૭. પ્રેષિતો જહાલ સિમોન અને થદી ઉર્ફે યહૂદા

બીજી વૅટિકન વિશ્વ પરિષદનો ઉપાસનાવિધિ અંગેનો ખતપત્ર જણાવે છે કે, 'જેમ ખ્રિસ્તને એમના પિતાએ મોકલ્યા હતા તેવી જ રીતે ખ્રિસ્તે પવિત્ર આત્માથી સભર પ્રેષિતોને દુનિયાભરમાં મોકલ્યા છે. પ્રેષિતોને દરેક પ્રજા પાસે એટલા માટે મોકલવામાં આવ્યા છે કે તેઓ ઈશ્વરપુત્રની ઘોષણા કરે. એમની ઘોષણાનો સાર હતો કે ખ્રિસ્તે પોતાના મૃત્યુ અને પુનરુત્થાન દ્વારા આપણને મૃત્યુ અને સેતાનની પકડમાંથી મુક્ત કર્યા છે અને આપણને તેઓ પોતાના પિતાના રાજ્યમાં લાવ્યા છે.'

બાઇબલના નવા કરારમાં પ્રેષિતો પીતર, યાકોબ, યોહાન અને માથ્થી વિશે થોડીઘણી માહિતી મળે છે. પરંતુ બારમાના બાકીના પ્રેષિતો અંગે આપણને ભાગ્યે જ કોઈ ચોક્કસ માહિતી મળે છે. અલબત, બારેય પ્રેષિતોનાં નામો એમની ચાર યાદીમાં આપણને મળે છે. એ રીતે પ્રેષિત જહાલ સિમોન અને થદી ઉર્ફે યહૂદાનાં નામો આપણને બાર પ્રેષિતોની ચારેય યાદીમાં મળે છે.

યહૂદાનું નામ 'યાકોબના દીકરા યહૂદા' તરીકે આપણને નવા કરારમાં લૂકના શુભસંદેશ અને પ્રેષિતોનાં ચરિતોમાં તેમ જ યોહાનના શુભસંદેશમાં મળે છે. માથ્થી અને માર્ક બાર પ્રેષિતોની યાદીમાં યહૂદાના નામને સ્થાને 'થદી' નામ આપે છે, જેને બાઇબલના પંડિતો 'યહૂદા' જ માને છે. 'યહૂદા'નું નામ અને ઈસુને દગો દેનાર 'યહૂદા'નું નામ સરખું છે. એટલે લૂકના શુભસંદેશમાં બંનેને અલગ તારવવા માટે 'યાકોબનો દીકરો યહૂદા અને વિશ્વાસઘાતી નીવડ્યો હતો તે યહૂદા ઇશ્કરિયોત' તરીકે ઓળખવામાં આવ્યા છે. (લૂક ૬, ૧૬).

પ્રેષિત જહાલ સિમોનનું નામ શુભસંદેશમાં પ્રેષિતોની ચારેય યાદીમાં આવે છે. પ્રેષિત જહાલ સિમોનને માથ્થી અને માર્ક તથા પ્રેષિતોનાં ચરિતો 'જહાલ સિમોન' તરીકે ઓળખાવે છે (માથ્થી ૧૦, ૪; માર્ક ૩, ૮ અને પ્રેષિતોનાં ચરિતો ૧, ૧૩). લૂકે પ્રેષિતોની યાદીમાં 'જહાલ નામે ઓળખાતો સિમોન' તરીકે એમનો પરિચય આપ્યો છે. (લૂક ૬, ૧૫).

'જહાલ' તરીકેની પ્રેષિત સિમોનની ઓળખાણ આપણને ઘણું કહી જાય છે. સિમોન જહાલ પાર્ટીના સભ્ય હોઈ શકે. જહાલ પાર્ટી, રાષ્ટ્રસ્વાતંત્ર્યાભિમાની ટોળકી હતી. એના સભ્યો પોતાના રાજ્યને રોમન સત્તામાંથી મુક્ત કરવા માટે આધુનિક ગેરીલા પદ્ધતિથી રોમનો તથા રોમન સત્તાની સેવામાં રોકાયેલા યહૂદીઓ પર ચોરીછુપીથી-છાનામાના છાપો મારતા. જૂના કરારમાં વર્ણવેલા મક્કાબીઓના વારસદારો તરીકે જહાલ પાર્ટીના લોકો ફક્ત ઈશ્વરને જ પોતાના રાજા માનતા. આધુનિક આતંકવાદીઓની જેમ જહાલ પાર્ટીના લોકોના વખતોવખતના હુમલાને કારણે જ રોમનોએ ઈસ્વીસન ૭૦માં યરુશાલેમમાં યહૂદી લોકોના અતિ પવિત્ર મંદિરનો સર્વનાશ કર્યો હતો.

પ્રેષિત જહાલ સિમોનના જહાલ પાર્ટી સાથેની સંડોવણી અને સાથસહકારનો આપણને ચોક્કસ ખ્યાલ નથી. એની ખાસ જરૂર પણ નથી. કદાચ, ઈસુએ પોતાના બાર

શિષ્યોમાંના એક તરીકે સિમોનને પસંદ કરતાં પહેલાં તેઓ જહાલ પાર્ટીના સભ્ય હોઈ શકે. આપણા માટે એટલી જ માહિતી પૂરતી છે કે ઈસુએ જહાલ સિમોનને પોતાના ચુનંદા બાર શિષ્યોમાંના એક તરીકે પસંદ કર્યા છે અને એમને પોતાના સંદેશની ઘોષણા કરવા આદેશ આપીને લોકો વચ્ચે મોકલ્યા છે.

કૅથલિક ધર્મસભામાં થદી ઉર્ફે યહૂદાને અશક્ય લાગતી અને ખોવાયેલી બાબતોના સંત ગણવામાં આવે છે. લોકો અશક્ય લાગતી બાબતો અને ખોવાયેલી વસ્તુઓ મેળવવા માટે યહૂદાની મધ્યસ્થીથી પ્રાર્થના કરે છે.

બંને પ્રેષિતો યહૂદા અને જહાલ સિમોનના જીવન અને ઈસુના સંદેશની ઘોષણા કરવાનાં તેમનાં પ્રૈષિતિક કાર્યો વિશે આપણી પાસે ચોક્કસ માહિતી નથી. પરંતુ પરંપરાગત માન્યતાઓ તથા અપોક્રિપલ લખાણ 'ધ પેશન ઑફ સાયમન અને જ્યુડ' (સિમોન અને યહૂદાની મહાવ્યથા) મુજબ બંને પ્રેષિતો ઇરાનમાં ઈસુના સંદેશની ઘોષણા કરતા શહીદ થયા છે.

પશ્ચિમની કૅથલિક ધર્મસભા બંને પ્રેષિતોના તહેવાર એકસાથે ઑક્ટોબરની ૨૮મીએ ઊજવે છે. વૅટિકન વિશ્વ પરિષદે જણાવ્યા મુજબ બધા ખ્રિસ્તીઓ માને છે કે ખ્રિસ્તે સ્થાપેલા ખ્રિસ્તી ધર્મના પાયામાં બાર પ્રેષિતોનાં જીવન અને પ્રૈષિતિક કાર્ય છે. એટલે આપણે જહાલ સિમોન અને યહૂદા જેવા પ્રેષિતોનાં જીવન અને પ્રૈષિતિક કાર્ય વિશે ખાસ જાણતાં ન હોઈએ તો પણ આપણે વાર્ષિક તહેવાર દ્વારા એમને આદરમાન આપીએ છીએ અને એમની મધ્યસ્થીની મદદ માગીએ છીએ.

૧૮. યહૂદા ઇશ્કરિયોત

થોડા વખત પહેલાં એક આંતરરાષ્ટ્રીય ટેલિવિઝન ચૅનલે 'ગોસ્પલ ઑફ જ્યુડાસ' નામે એક કાર્યક્રમ રજૂ કર્યો. એને કારણે આજે જ્યુડાસ એટલે ઈસુના બાર પૈકીના એક શિષ્ય યહૂદા ઇશ્કરિયોતના પાત્ર અંગે વધુ જાણવા માટે લોકોની જિજ્ઞાસા જાગી છે. જોકે 'ગોસ્પલ ઑફ જ્યુડાસ' (યહૂદા) બાઇબલનો ભાગ નથી. એને તો 'અપોક્રિફલ' એટલે કે અસલ નથી એવો બનાવટી શુભસંદેશ ગણવામાં આવે છે. કારણ, બીજા અસલ શુભસંદેશ ઈસુના શિષ્યોએ પહેલી સદીમાં લખ્યા છે જ્યારે 'ગોસ્પલ ઑફ જ્યુડાસ' જ્યુડાસે નહીં પણ કોઈ ખ્રિસ્તીએ બીજી સદીમાં લખેલો છે. પણ અહીં આપણે 'ગોસ્પલ ઑફ જ્યુડાસ'ને બાજુમાં મૂકીને બાઇબલમાં મળતા ઈસુના શિષ્ય જ્યુડાસ એટલે યહૂદા ઇશ્કરિયોતના પાત્રની વાત કરીએ.

યહૂદા ઇશ્કરિયોત વિશે એક બાબત ચોક્કસપણે કહી શકાય. તેઓ ઈસુએ પોતે પસંદ કરેલા બાર શિષ્યોમાંના એક હતા. પ્રથમ ત્રણ શુભસંદેશના રચયિતાઓ એટલે કે માથ્થી, માર્ક અને લૂક ઈસુના બાર શિષ્યોની યાદીમાં યહૂદા ઇશ્કરિયોતનું નામ છેક છેલ્લે મૂકે છે અને એ પણ તેમણે કરેલા વિશ્વાસઘાતની વાત સાથે: 'અને ઈસુને દગો દીધો તે યહૂદા ઇશ્કરિયોત' (માથ્થી ૧૦, ૪; માર્ક ૩, ૧૯; લૂક ૬, ૧૬). ચોથા શુભસંદેશના લેખક યોહાન યહૂદાનું પ્રથમ વાર નામ લેતાં લખે છે, 'તે એમને (ઈસુને) દગો દેવાનો હતો, અને તે બારમાંનો એક હતો.' (યોહાન ૬, ૭૧).

યહૂદાના 'ઇશ્કરિયોત' નામ પરથી બાઇબલના પંડિતો માને છે કે તેઓ દક્ષિણ યહૂદિયામાં આવેલા કૅરિઓત નગરીના રહેવાસી હતા. ઈસુ અને તેમના બીજા અગિયાર શિષ્યો તો બધા ગાલીલના હતા. ચારેય શુભસંદેશ અને 'પ્રેષિતોનાં ચરિતો'માંથી આપણને યહૂદા ઇશ્કરિયોત વિશે જે બધી માહિતી મળે છે, એને આધારે આપણે કહી શકીએ કે યહૂદા ઇશ્કરિયોત ઈસુના બીજા બધા શિષ્યોથી અલગ તરી આવે છે. એમનો સ્વભાવ વિચિત્ર લાગે છે.

ઈસુના સમયમાં 'ઝેલટ' અથવા ઝનૂની નામે ઓળખાતા લોકોની એક ટુકડી કે સંઘ હતો. તે ઇઝરાયલમાંથી રોમન સત્તાને બળજબરીથી દૂર કરવા ઇચ્છનાર લોકોની ટુકડી હતી. 'ઝેલટ' અને 'ઇશ્કરિયોત' નામના સામ્યથી યહૂદાને 'ઝેલટ' ટુકડીના સભ્ય પણ ગણવામાં આવે છે. જે હોય તે પણ યહૂદા ઇશ્કરિયોત પોતાના આચારવિચારથી બીજા બધા શિષ્યોથી તદ્દન ભિન્ન વ્યક્તિ પુરવાર થાય છે.

યોહાને યહૂદા ઇશ્કરિયોતને ચોખ્ખેચોખ્ખો 'ચોર' કહ્યા છે. એક વાર ઈસુ પોતાના મિત્ર લાઝરસને ત્યાં ગોઠવેલા એક ભોજનસમારંભમાં પંગતે બેઠા હતા. તે પ્રસંગના વર્ણનમાં યોહાને આપણને યહૂદા ઇશ્કરિયોતનો સારો પરિચય આપ્યો છે.

'તે વખતે મરિયમે અસલ જટામાસીનું અત્યંત કીમતી એક શેર અત્તર લાવી ઈસુના ચરણે લગાડ્યું અને પોતાના વાળ વડે તેમનાં ચરણો લૂછયાં. આખું ઘર અત્તરની મહેકથી મઘમઘી ઊઠ્યું. યહૂદા ઇશ્કરિયોત, ઈસુનો એક શિષ્ય, જે એમને દગો દેવાનો હતો તે

બોલી ઊઠ્યો, 'આ અત્તર ત્રણસો રૂપામહોરમાં વેચીને તે રકમ ગરીબોને કેમ ન વહેંચી આપી?' એને ગરીબોની બહુ પડી હતી માટે એ આમ બોલ્યો હતો એવું નહોતું, પણ એ પોતે ચોર હતો, અને પૈસાની પેટી એની પાસે હતી. એટલે તેમાં જે કંઈ મૂકવામાં આવતું તે એ ચોરી લેતો હતો.' (યોહાન ૧૨, ૩-૬).

યોહાન અને યહૂદા ઇશ્કરિયોત બીજા શિષ્યોની જેમ ઈસુને ત્રણ ત્રણ વર્ષ અનુસરતા રહ્યા. તેઓએ ઈસુના સંદેશા સાંભળ્યા હતા. એમના ચમત્કારો જોયા હતા. ઈસુ અને યહૂદા ઇશ્કરિયોત સાથેના અનુભવનાં ઘણાં વર્ષ પછી આશરે ઈસ્વીસન ૫૫ અને ૮૫ વચ્ચે યોહાને પોતાના શુભસંદેશની રચના કરી છે. એટલે ઈસુને દગો દેવાનો પ્રસંગ, ક્રૂસે ચઢાવીને મારી નાખવાની ઈસુની શિક્ષા તથા યહૂદા ઇશ્કરિયોતનો ફાંસી ખાવાનો બનાવ — આવી બધી બાબતોને ધ્યાનમાં લીધા પછી યોહાન ઉપર મુજબ યહૂદા ઇશ્કરિયોતનું વર્ણન કરે છે. એમાં યોહાને નિઃસંકોચપણે યહૂદા ઇશ્કરિયોતને ખૂબ નિમ્ન કક્ષાના પાત્ર તરીકે વર્ણવ્યા છે.

ઈસુએ બીજા શિષ્યોની જેમ યહૂદા ઇશ્કરિયોતને પોતાના બાર શિષ્યોમાંના એક તરીકે પસંદ કર્યા હતા. એટલું જ નહીં, બલ્કે, પોતાની નાની ટુકડીના ખજાનચી તરીકે પૈસાની પેટી એમને સોંપી હતી. એટલે ઈસુએ યહૂદા ઇશ્કરિયોતના સ્વભાવ અને વ્યક્તિત્વમાં કશુંય ખોટું જોયું નહીં હોય. ઈસુએ યહૂદા ઇશ્કરિયોતને પસંદ કર્યા ત્યારે તેમણે તેમનામાં એક ઉપયોગી અને કાર્યક્ષમ શિષ્યનું રૂપ તિહાળ્યું હશે.

ઈસુના શિષ્ય બનીને ઈસુની નાની ટુકડીમાં જોડાયા ત્યારે યહૂદા ઇશ્કરિયોતને ઈસુમાં યહૂદી પ્રજાને રોમનોની સત્તામાંથી મુક્તિ અપાવનાર તારણહારનું દર્શન થયું હશે. યહૂદી પ્રજા તો ઈસુના જન્મ વખતે તારણહારની રાહ જોતી હતી. તેઓ માનતા હતા કે કોઈ રાજકીય આગેવાન તેમને રોમન સત્તામાંથી મુક્તિ અપાવશે અને ભૌતિક મુશ્કેલીઓ તથા માંદગીમાંથી તેમને બચાવશે. એટલે બાઇબલના પંડિતો કહે છે કે, એક ચતુર યહૂદી તરીકે યહૂદા ઇશ્કરિયોત ઈસુને યહૂદીઓના રાજકીય મુક્તિદાતા ગણીને ઈસુના શિષ્ય બન્યા હશે. એટલે તેમણે ઈસુ રાજકીય મુક્તિદાતા તરીકેનું પોતાનું કામ જલદી પાર પાડે એમાં એમને મદદરૂપ થવા માટે એમને દગો દીધો છે.

પરંતુ ચારેય શુભસંદેશકારોએ યહૂદા ઇશ્કરિયોત વિશે કરેલી સમગ્ર વાતોના સંદર્ભમાં ઈસુને સહકાર આપનાર બનવા માટે યહૂદા ઇશ્કરિયોતે ઈસુને દગો દીધો છે એવી વાત યોગ્ય લાગતી નથી.

માથ્થી, માર્ક અને લૂકે સ્પષ્ટ જણાવ્યું છે કે યહૂદા ઇશ્કરિયોત પોતાની મેળે જ યહૂદીઓના વડા પુરોહિત પાસે ગયા હતા. સંત માથ્થીએ નોંધ્યું છે કે,

'બારમાંના એક, યહૂદા ઇશ્કરિયોતે મુખ્ય પુરોહિતો પાસે જઈને કહ્યું, 'હું તેને પકડાવી દઉં તો તમે મને શું આપશો?' તે લોકોએ તેને ત્રીસ ચાંદીના સિક્કા તોળી આપ્યા. ત્યારથી તે ઈસુને પકડાવી દેવાની તક શોધવા લાગ્યો.' (માથ્થી ૨૬, ૧૪-૧૬; જુઓ માર્ક ૧૪૪ ૧૦-૧૧; લૂક ૨૨, ૩-૬).

દેખીતી રીતે ઈસુને પકડાવી દેવામાં પહેલ કરીને યહૂદા ઇશ્કરિયોત યહૂદી આગેવાનો પાસે જાય છે. યહૂદી આગેવાનો યહૂદા ઇશ્કરિયોતની દરખાસ્તથી ખુશ થયા અને તેઓએ કોઈ આનાકાની વિના તેમને 'ત્રીસ ચાંદીના સિક્કા તોળી આપ્યા.' અને માથ્થી ઉમેરે છે કે, 'ત્યારથી તે ઈસુને પકડાવી દેવાની તક શોધવા લાગ્યો.'

અંતે યહૂદા ઇશ્કરિયોતે એક ચુંબનથી એટલે કે મિત્રતા અને નિકટના સંબંધની નિશાનીથી ઈસુને દગો દીધો. માથ્થી લખે છે કે, 'સીધા ઈસુની પાસે આવીને તેણે કહ્યું,

'પ્રણામ ગુરુદેવ!' પછી તેણે ઈસુને ચુંબન કર્યું.' (માથ્થી ૨૬, ૪૯).

ઈસુએ આગાહી કરતાં છેલ્લા ભોજન વખતે પોતાના બારેય શિષ્યોને કહ્યું હતું કે તેઓમાંનો એક જણ તેમને દગો દેશે. 'હું તમને ખાતરીથી કહું છું કે, તમારામાંથી એક જણ, જે મારી સાથે જમી રહ્યો છે, તે મને પકડાવી દેશે.' (માર્ક ૧૪, ૧૯).

ઈસુ હંમેશની ટેવ મુજબ જેતૂન વાડીમાં પ્રાર્થના કરવા જતા હતા. યહૂદા ઇશ્કરિયોતને એની ખબર હતી. એટલે ત્યાં જાહેર જનતાના કોઈ વિરોધ વિના તેમને પકડાવી દેવાની યોગ્ય તક માનીને યહૂદા ઇશ્કરિયોત મુખ્ય પુરોહિતના માણસોને લઈને જેતૂન વાડીમાં ઈસુ પાસે પહોંચી જાય છે. યહૂદા ઇશ્કરિયોત એ લોકોને આપેલી બાતમી મુજબ ઈસુને ચુંબન કરવા જાય છે ત્યારે ઈસુ 'દગાખોર', 'વિશ્વાસઘાતી', 'દુશ્મન' જેવા નામોથી યહૂદા ઇશ્કરિયોતને બોલાવી શોરબકોર કરી વિરોધ કરતા નથી. તેઓએ પ્રેમથી એમનું નામ લઈને એટલું જ કહ્યું છે કે, 'યહૂદા, ચુંબન કરીને તું માનવપુત્રને પકડાવી દે છે?' (લૂક ૨૨, ૪૮).

ગુરુ-શિષ્ય અને મિત્રતાના સંબંધના ચુંબનથી ઈસુને મકડાવી દેવાના યહૂદા ઇશ્કરિયોતના વર્તનમાં આપણને માનવહૃદય કેટલું ક્રૂર અને દગાખોર બની શકે છે એનો ખ્યાલ આવે છે. અને સાથોસાથ આવી કપટી પરિસ્થિતિમાં પણ વિશ્વાસઘાતીને પ્રેમથી એમનું નામ લઈને બોલાવનાર ઈસુના પ્રેમ અને ધીરજથી આપણે આશ્ચર્યચકિત થઈએ છીએ. તેમણે યહૂદા ઇશ્કરિયોતને ત્રણ વર્ષ સુધી પોતાની સાથે રાખીને પ્રેમ, ધીરજ, માફી, સેવા, શાંતિ, દયા, કરુણાના પાઠ પોતાના જીવનથી તથા સંદેશથી આપ્યા છે. પોતે ચીંધેલા એ જ રસ્તે ઈસુ 'યહૂદા'નું નામ દઈ બોલાવીને દગાખોરીમાંથી પાછા ફરવા તેમને આમંત્રણ આપે છે.

પરંતુ પીતરની જેમ પશ્ચાત્તાપથી ઈસુ પાસે પરત આવવાને બદલે યહૂદા ઇશ્કરિયોત પોતાની મેળે હતાશાને રસ્તે ચઢે છે. પોતાની જાતને ઈસુ અને બીજા બધા શિષ્યોથી અલગ કરીને તેઓ ગળાફાંસો ખાઈ લે છે.

એક પાપમાંથી બીજા પાપમાં અને બીજા પાપમાંથી ત્રીજા પાપમાં સહેલાઈથી લપસી પડાય છે. પાપનું આ લપસણિયું ખતરનાક છે. પાપની શરૂઆતમાં સાવધ બનીને પશ્ચાત્તાપને રસ્તે જીવનમાં પરત ફરવામાં શાણપણ છે. એ જ ઈસુએ ચીંધેલો રસ્તો છે. તો સેતાનનો રસ્તો પાપમાં અને પાપમાં ખૂંપી જવાનો છે. પાપ માણસને ક્યાં સુધી દોરી જશે એ તો કોઈ કહી શકે નહીં. પરંતુ કોઈ પણ ગુનામાંથી ઈસુ તરફ વળવાનો રસ્તો હંમેશા ખુલ્લો છે.

યહૂદા ઇશ્કરિયોતના પાત્રમાંથી આપણે એક બીજો પાઠ પણ લઈ શકીએ. ઈસુ સાથે ત્રણ ત્રણ વર્ષ રહેવા છતાં, તેમનાં પ્રેમ, માફી, દયા જેવા સંદેશાઓ સાંભળવા છતાં, અને તેમના ચમત્કારોના સાક્ષી બનવા છતાં અંતે માનવ ખુદ પોતાના રસ્તે ચડીને એમને દગો દઈ શકે છે અને પોતાની જાતને ખોઈ શકે છે.

૧૯. બારમો શિષ્ય પ્રેષિત મથ્થિયા

મથ્થિયા નામનો અર્થ 'ઈશ્વરની ભેટ' એવો થાય છે. યહૂદા ઇશ્કરિયોતે ઈસુને દગો દીધો હતો અને 'તેણે ફાંસો ખાધો' (માથ્થી ૩૭, ૫). એ પછી શિષ્યોએ બારમા શિષ્ય તરીકે યહૂદાનું સ્થાન લેવા મથ્થિયાની પસંદગી કરી હતી.

ઈસુના પુનરુત્થાન અને સ્વર્ગારોહણ બાદ મથ્થિયાની પસંદગી થઈ હતી. એ વાત પ્રેષિતોનાં ચરિતોમાં આવે છે. 'એ સમય દરમિયાન પીતરે ભેગા થયેલા લગભગ એકસોવીસ ગુરુબંધુઓની સમક્ષ ઊભા રહીને કહ્યું.' (પ્રે. ચ. ૧, ૧૫).

પીતરે એકસોવીસ ગુરુબંધુઓને યહૂદાના સ્થાને શિષ્યોમાં જોડાવા માટે 'પ્રભુ ઈસુના પુનરુત્થાનના સાક્ષી તરીકે' કોઈ વ્યક્તિને પસંદ કરવા જણાવ્યું. જે વ્યક્તિ પસંદ થાય તેની જરૂરી લાયકાત અંગે પીતરે જણાવ્યું, 'એટલે ભગવાન ઈસુ આપણી વચ્ચે હરતાફરતા હતા તે બધો સમય, અર્થાત્ યોહાને એમને સ્નાનસંસ્કાર કરાવ્યો ત્યાંથી માંડીને એમને આપણી વચ્ચેથી ઉપર લઈ લેવામાં આવ્યા તે દિવસ સુધી, જેઓ આપણી સાથે હતા તેઓમાંનો એક જણ તેમના પુનર્જીવનના સાક્ષી તરીકે આપણી સાથે જોડાવો જોઈએ.' (પ્રે. ચ. ૧, ૨૧-૨૨).

ગુરુબંધુઓએ પીતરનું કહેલું ધ્યાનમાં લીધું. તેમણે પ્રભુના આશીર્વાદ અને માર્ગદર્શન માટે પ્રાર્થના કરી. તેમની વચ્ચે પીતરે દર્શાવેલી લાયકાત ધરાવતા બે જણ હતા: બાર્સાબાસ તરીકે ઓળખાતો યૉસેફ ઉર્ફે યુસ્તુસ અને બીજો મથ્થિયા. 'પછી તેઓ પ્રાર્થના કરીને બોલ્યા, 'હે સર્વાન્તર્યામી પ્રભુ, યહૂદા ધાર્મિક સેવાકાર્યામાંથી અને પ્રેષિતપદમાંથી ખરી પડીને પોતાને સ્થાને ચાલ્યો ગયો છે; તેની જગ્યા લેવા માટે તેં આ બેમાંથી કોને પસંદ કર્યો છે તે અમને જણાવ." (પ્રે. ચ. ૧, ૨૪-૨૫).

પછી શિષ્યોએ પ્રથમ રાજા શાઉલની ચૂંટણી વખતે ઉપયોગમાં લેવાયેલી પરંપરાગત પદ્ધતિ વાપરી. પ્રેષિતોનાં ચરિતો કહે છે તેમ, 'પછી તેઓએ એ બંનેનાં નામની ચિઠ્ઠી નાખી, અને તેમાં મથ્થિયાનું નામ નીકળ્યું, એટલે તેની અગિયાર પ્રેષિતો ભેગી ગણના કરવામાં આવી.' (પ્રે. ચ. ૧,૨૬).

સંત લૂકના શુભસંદેશમાં ઈસુએ ૭૨ શિષ્યોની પસંદગી કર્યાની વાત આવે છે. તેમણે 'બીજા ૭૨ શિષ્યોને નીમીને બબ્બેની ટુકડીમાં પોતે જે શહેર કે ગામ જવાના હતા ત્યાં અગાઉથી મોકલી આપ્યા.' (લૂક ૧૦, ૧). પરંપરા કહે છે તે મુજબ, મથ્થિયા અને યૉસેફ બાર્સાબાસ બન્ને ઈસુના પ્રારંભિક શિષ્યગણમાં હતા અને ઈસુ પોતે જવાના હતા ત્યાં અગાઉથી પહોંચવા માટે ઈસુએ પસંદ કરેલા ૭૨ શિષ્યોમાં તેમનો સમાવેશ થતો હતો.

નવા કરારમાં મથ્થિયાનું નામ બીજે કોઈ ઠેકાણે મળતું નથી. એટલે તેમના જીવન વિશે અને તેમની ચૂંટણી બાદ તેમના કામકાજ અંગે આપણે ખાસ જાણતા નથી.

'ઑલ ધ મૅન ઑફ ધ બાઇબલ'માં હેરબર્ટ લુકિયરે મથ્થિયાની ચૂંટણી અંગે શંકા ઉઠાવતા કોઈક ડેવિડ સ્મિથની વાત કરી છે. તે લખે છે, 'ડેવિડ સ્મિથ માને છે કે

મથ્થિયાની પસંદગી ઈશ્વર તરફથી નહોતી. શિષ્યો માર્ગદર્શનને માટે પ્રાર્થના કરે છે, પણ એ પ્રાર્થના દિવ્ય દિશા માટેના વિશ્વાસને બદલે વહેમો અને પાખંડોથી ભરેલાં તેમનાં વિધિવિધાન હતાં. ખાલી પડેલા સ્થાનને પાઉલ ખરી રીતે સંભાળી લેતાં મથ્થિયાની ચૂંટણી બાજુએ રહી ગઈ હતી.' (પૃ. ૨૩૩). 'પ્રેષિતોનાં ચરિતો'માં વર્ણન કરવામાં આવેલી મથ્થિયાની ચૂંટણીને સ્વીકારતાં આપણે આ બાબતને ડેવિડ સ્મિથના એક અભિપ્રાય તરીકે જ લઈ શકીએ.

બાઇબલના કેટલાક વિદ્વાનો પરંપરા અનુસાર માને છે કે મથ્થિયાએ સૌ પ્રથમ યહૂદિયા એટલે કે હાલના ઇઝરાયલમાં અને પછી ઇથિયોપિયામાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કર્યો હતો. મથ્થિયાના મૃત્યુ અંગે એક પરંપરા કહે છે કે તેમણે ઇથિયોપિયા ખાતે શહીદી વહોરી લીધી હતી, જ્યારે બીજી પરંપરા કહે છે કે યરુશાલેમ ખાતે તેમનો શિરચ્છેદ કરવામાં આવ્યો હતો.

મથ્થિયા પ્રત્યેના આપણા આદરભાવ માટે આપણે એટલું જાણવું પૂરતું છે કે, તેઓ ઈસુની ખૂબ નજીક હતા અને ઈસુના પુનરુત્થાનના સાક્ષી હતા.

કૅથલિક ધર્મસભા મથ્થિયાને દરજી, સુથાર અને દારૂના વ્યસનથી મુક્તિ પામેલાઓના રક્ષકસંત તરીકે સન્માન આપે છે.

૨૦. ઈસુની વંશાવળીમાંની સ્ત્રીઓ

યહૂદી પ્રજા પોતાના વંશવેલામાં ખૂબ ગર્વ લે છે અને ખૂબ ઝીણવટથી પોતાની વંશાવળી જાળવી રાખે છે. એનો એક પુરાવો બાઇબલમાં સંત માથ્થીકૃત શુભસંદેશ (માથ્થી ૧, ૧-૧૬)માં અને સંત લૂકકૃત શુભસંદેશ (લૂક ૩, ૨૩-૩૮)માં આપેલી વંશાવળી છે. બાઇબલના જાણકારો ઈસુની વંશાવળીની બે યાદીમાં એક નોંધપાત્ર તફાવત જોઈને સાનંદાશ્ચર્ય પામે છે. સંત લૂકની વંશાવળીમાં કોઈ સ્ત્રીપાત્રનું નામ નથી. જ્યારે સંત માથ્થીની વંશાવળીમાં પાંચ-પાંચ સ્ત્રી-પાત્રોનાં નામો આવે છે.

સંત માથ્થીની વંશાવળીમાં આવતાં સ્ત્રી-પાત્રો છે તામાર, રાહાબ, રૂથ, બાથશેબા અને ઈસુનાં માતા મરિયમ. આ પાંચ પાત્રોમાંથી અહીં બે પાત્રોની — તામાર અને રાહાબની - ચર્ચા કરીએ. બંને પાત્રો ઇઝરાયલીઓ નથી પણ પરજ્ઞાતિની — કનાની — સ્ત્રીઓ છે. બીજાં બે પાત્રો — રૂથ અને બાથશેબા — બાઇબલનાં ખૂબ જાણીતાં પાત્રો છે. રૂથને નામે બાઇબલમાં એક ગ્રંથ છે. અને બાથશેબા ઉરિયાની વિધવા અને દાવિદની પત્ની તથા શલોમોનની માતા તરીકે બાઇબલમાં ખૂબ જાણીતું પાત્ર છે. પાંચમું સ્ત્રીપાત્ર ઈસુનાં માતા મરિયમ. માતા મરિયમ વિશે અહીં ખાસ કશુંય કહેવાની જરૂર નથી.

તામારની વાતથી શરૂ કરીએ. તામારની વાત બાઇબલના પ્રથમ ગ્રંથ 'ઉત્પત્તિ'ના ૩૮મા અધ્યાયમાં આવે છે. ઇઝરાયલીઓના વડવા યાકોબના દીકરા યહૂદાએ એક પરજ્ઞાતિની કનાની છોકરીને જોઈ. તેના પિતાનું નામ શુવા હતું. યહૂદાએ એ છોકરી સાથે લગ્ન કર્યું. યહૂદા અને શુવાને ત્રણ દીકરાઓ થયા. એર, ઓનાન અને શેલાહ.

યહૂદાએ પોતાના મોટા દીકરા એર માટે કનાની જ્ઞાતિમાંથી એક વહુ આણી. તેનું નામ તામાર હતું. પરંતુ એર પ્રભુની નજરમાં દુષ્ટ હોવાને કારણે તેનું મૃત્યુ થયું. પછી પોતાની પ્રજાના નિયમ મુજબ યહૂદાએ પોતાના બીજા પુત્ર ઓનાનને કહ્યું, 'તું તારા ભાઈની વહુ સાથે સમાગમ કરી દિયર તરીકેની તારી ફરજ બજાવ અને તારા ભાઈ માટે વંશજ પેદા કર.' પણ ઓનાન ભાઈની વહુ સાથે સમાગમ કરતો ત્યારે તે પોતાનું વીર્ય જમીન પર પાડી નાખતો. કારણ, તે ઇચ્છતો નહોતો કે તેના ભાઈનો વંશજ પેદા થાય. તેનાં આ બૂરાં કામને કારણે તેનું પણ મૃત્યુ થયું. એટલે યહૂદાએ ષુત્રવધૂ તામારને કહ્યું, 'મારો દીકરો શેલાહ મોટો થાય ત્યાં સુધી તું તારા બાપને ઘેર વિધવા તરીકે રહે.' એટલે તામાર તેના બાપને ઘેર જઈને રહી.

વખત જતાં તામારને ખબર પડી કે શેલાહ મોટો થયો છે. તેમ છતાં તેને તેની સાથે પરણાવવામાં આવ્યો નહીં. યહૂદાની વહુ-શુવાની દીકરી-મરણ પામી અને શોકનો સમય પૂરો થયા પછી યહૂદા પોતાના મિત્ર અદુલ્લામી હીરા સાથે તેનાં ઘેટાં કાતરનારાઓ પાસે તિમ્ના ગયો. તામારને આ વાતની ખબર પડતાં તેણે વિધવાનાં વસ્ત્રો ઉતારી નાખ્યાં, બુરખો ઓઢી લીધો અને પોતાનું શરીર ઢાંકીને તિમ્નાને રસ્તે આવેલા એનાઇમના દરવાજા આગળ બેઠી. જ્યારે યહૂદાએ તેને જોઈ ત્યારે તેણે તેને વેશ્યા ધારી લીધી અને તેની પાસે જઈને તે બોલ્યો, 'ચાલ, મને તારી સાથે સુવા દે.'

યહૂદાએ તેને પોતાની સાથે સુવાના બદલામાં એક લવારું મોકલી આપવાનું કહ્યું.

તામારે યહૂદા લવારું મોકલે ત્યાં સુધી સાનમાં તેની મહોર, તેનો અછોડો તથા તેના હાથમાંની ડાંગ માંગીને મેળવી લીધાં. યહૂદાએ તેની સાથે સમાગમ કર્યો અને તેને ગર્ભ રહ્યો. પછી તે યહૂદા પાસેથી ચાલી ગઈ અને વેશ્યાનો બુરખો કાઢીને તેણે વિધવાનાં વસ્ત્રો પહેરી લીધાં.

જ્યારે યહૂદાએ પોતાના અદુલ્લામવાસી મિત્ર જોડે લવારું મોકલીને સાનમાં મૂકેલી વસ્તુઓ પાછી મેળવવા પ્રયત્ન કર્યો ત્યારે એને ગામના લોકો પાસેથી જાણવા મળ્યું કે, ત્યાં એનાઇમના રસ્તા પાસે કોઈ વેશ્યા નથી.

ત્રણેક મહિના પછી યહૂદાને જાણવા મળ્યું કે પોતાની વિધવા પુત્રવધૂએ વેશ્યાવૃત્તિ કરી છે અને તેને ગર્ભ રહ્યો છે ત્યારે તેણે તેને બહાર લઈ જઈને બાળી મૂકવાનું કહ્યું.

તામારને બાળવા લઈ જતા હતા ત્યારે તેણે પોતાના સસરાને સંદેશ મોકલ્યો કે, જેણે મને પોતાનાં મહોર, અછોડો તથા ડાંગ આપ્યાં છે તેનાથી મને ગર્ભ રહ્યો છે.

યહૂદાએ પોતાની વસ્તુઓ ઓળખી કાઢી અને કહ્યું, 'એ નિર્દોષ છે. દોષ મારો છે. મેં એને મારા દીકરા શેલાહ સાથે ન પરણાવી તેનું આ પરિણામ છે.'

તામારને પ્રસવ દરમિયાન બે જોડિયા દીકરા જન્મ્યા: પેરેસ અને ઝેરાહ. પેરેસનું નામ ઈસુની વંશાવળીમાં આવે છે.

ઇઝરાયલીઓ માટે કનાનીઓ પરજ્ઞાતિના લોકો છે. મોશેનો આદેશ કનાની લોકોનો નાશ કરવાનો હતો. એટલે કનાની સ્ત્રીને પરણનાર ઇઝરાયલી પુરુષ પણ મૃત્યુને પાત્ર હતો. ઇઝરાયલીઓની આવી પરિસ્થિતિ હોવા છતાં પરજ્ઞાતિની સ્ત્રી તામાર ઈસુની વંશાવળીમાં સ્થાન મેળવે છે, એ આશ્ચર્યજનક બાબત છે.

યહૂદા અને તામાર ઈસુનાં વડદાદા-દાદી હોવાની વાત સ્પષ્ટ કરે છે કે કોઈ માનવની પાત્રતા કે સિદ્ધિને કારણે નહીં, પણ ઈશ્વર પોતાની અસીમ કૃપાથી પોતાનું કામ પાર પાડવા માટે માનવને પસંદ કરે છે. એટલે મોશેના નિયમોનુસાર મૃત્યુને પાત્ર હોય એવી બે વ્યક્તિઓને યહૂદા અને પરજ્ઞાતિની તામારને ઈસુની વંશાવળીમાં સમાવવામાં આવી છે. એ રીતે ઈશ્વર અગાઉથી માનવજાતને જણાવે છે કે ઈસુનો શુભસંદેશ ઇઝરાયલીઓ તથા ઇતર જ્ઞાતિના બધા લોકો માટે છે. ઈશ્વરના રાજ્યમાં કોઈ વાડાબંધી નથી. ઈશ્વરનું રાજ્ય સૌને માટે ખુલ્લું છે.

ઈસુની વંશાવળીમાં આવતું બીજું સ્ત્રી-પાત્ર એક વેશ્યા રાહાબ છે. કનાની વેશ્યા રાહાબની વાત યહોશુઆના ગ્રંથમાં આવે છે. ઈસુની વંશાવળીમાં વેશ્યા રાહાબનું પાત્ર પણ આપણને તામારના પાત્રના જેવો સંદેશ આપે છે.

યહોશુઆની સરદારી હેઠળ ઇઝરાયલીઓ એકેક શત્રુ રાજ્યને હરાવીને કનાન ભૂમિની યરીખો નગરી પાસે આવ્યા. ત્યાં યહોશુઆએ બે જાસૂસોને છૂપી રીતે યરીખો નગરીની અને આસપાસના પ્રદેશની બાતમી મેળવવા માટે મોકલ્યા.

યહોશુઆના જાસૂસો યરીખોમાં વેશ્યા રાહાબને ઘેર પહોંચ્યા. આ વાત જાણીને યરીખોના રાજાએ પોતાના માણસો મોકલીને રાહાબને એના ઘરમાં રહેલા માણસોને બહાર કાઢવાનું કહ્યું. પરંતુ રાહાબે તે બે જાસૂસોને સંતાડી દીધા અને કહ્યું કે તે માણસો રાત પડતાં શહેરનો દરવાજો બંધ કરવાનો સમય થયો ત્યારે ચાલ્યા ગયા હતા.

રાજાના માણસો ગયા પછી રાહાબે બે જાસૂસોને કહ્યું, 'મને ખબર છે કે પ્રભુએ આ દેશ તમને આપી દીધો છે, અને અમે બધાં તમારાથી ભયભીત થઈ ગયાં છીએ, અને તમારા આવવાથી દેશનાં સૌ વતનીઓ થરથરી ગયાં છે. તમે મિસરમાંથી બહાર આવતા

હતા ત્યારે પ્રભુએ તમારી સામેનો રાતો સમુદ્ર સૂકવી નાખ્યો હતો, તે અમે સાંભળ્યું હતું. વળી, યર્દન નદીની પૂર્વમાં બે અમોરી રાજાઓ સિહોન અને ઓગને તમે તેમનાં લશ્કરો સાથે કાપી નાખ્યા હતા, તે પણ અમે સાંભળ્યું હતું. એ સાંભળીને અમારી છાતી બેસી ગઈ હતી, અને તમે આવ્યા એથી અમારા સૌના હોશકોશ ઊડી ગયા છે; કારણ, તમારો ઈશ્વર પ્રભુ ઉપર આકાશનો અને નીચે ધરતીનો ધણી છે. હવે તમે પ્રભુને નામે કસમ ખાઈને મને વચન આપો કે, મેં તમારી પ્રત્યે જેવો માયાળુ વર્તાવ રાખ્યો છે તેવો માયાળુ વર્તાવ તમે મારા કુટુંબ પ્રત્યે રાખશો, અને એની કોઈ પાકી એંધાણી આપો. એવું વચન આપો કે, તમે મારાં બાપને, માને, ભાઈઓને અને બહેનોને અને તેમનાં બધાં માણસોને જીવતદાન આપશો અને અમને બધાંને મોતમાંથી ઉગારી લેશો.'

જાસૂસી માણસોએ રાહાબની વાતને કબૂલીને એમને અને એમનાં સૌ કુટુંબીજનોને બચાવવાનું વચન આપ્યું. પછી રાહાબે કોટની રાંગે આવેલા પોતાના ઘરની બારીમાંથી દોરડા વડે બંને જાસૂસોને ઉતારી દીધા અને ડુંગરોમાં ચાલીને એમનો પીછો પકડનારાઓથી સંતાઈ રહેવા કહ્યું.

યહોશુઆની સરકારી હેઠળ ઇઝરાયલીઓએ યરીખો પર હુમલો કરીને સર્વનો નાશ કર્યો ત્યારે જાસૂસોએ આપેલા વચન પ્રમાણે ફકત રાહાબ અને તેમનાં સૌ કુટુંબીજનો જ મૃત્યુમાંથી બચી ગયાં હતાં.

ઈસુની વંશાવળીમાં રાહાબને તેમણે સંતાડી રાખેલા પેલા બે જાસૂસો પૈકીના એક સલ્માની પત્ની તરીકે ઓળખવામાં આવે છે. રાહાબ અને સલ્માએ બોઆઝને જન્મ આપ્યો. સંત માથ્થી નોંધે છે તેમ, 'બોઆઝ અને રૂથથી થયેલો પુત્ર તે ઓબેદ, ઓબેદનો ઈશાઈ અને ઈશાઈનો પુત્ર તે રાજા દાવિદ. દાવિદનો ઉરિયાની વિધવાથી થયેલો પુત્ર તે શલોમોન.'

૨૧. મહાન રાજા હેરોદ અને એમના અનુગામીઓ

હેરોદ એ સૈનિક અન્તિપાતેરની અટક છે. અન્તિપાતેર હેરોદ ઈસ્વીસન પૂર્વે ૬૩મા ઈદુમેયા (એટલે જૂના કરારના અદોમ)ના રાજ્યપાલ હતા. તેઓ એક કુશળ રાજકારણી હતા. રોમન બાદશાહ જ્યુલિયસ સીઝરને આલેક્સાંડ્રિયા ખાતે ઈજિપ્તનાં સૈન્યો ઘેરી વળ્યાં ત્યારે અન્તિપાતેરે યહૂદી સેનાને મોકલીને બાદશાહ સીઝરને ઘેરાવમાંથી ભાગી જવામાં મદદ કરી હતી. એના બદલામાં અન્તિપાતેરને રોમન નાગરિકત્વ આપવામાં આવ્યું અને તેઓ સિરિયાના બધા યહૂદી પ્રાન્તોના મુખત્યાર (Procurator) પણ બન્યા. તેમના બે દીકરાઓ પણ રાજ્યપાલ બન્યા. ફાસેલ યહૂદિયાના અને હેરોદ ગાલીલના રાજ્યપાલ બન્યા.

અહીં ગાલીલના શાસનકર્તા હેરોદ વિશે બાઇબલના પંડિત રોનાલ્ડ બ્રાઉનરિગની વાત નોંધનીય છે. તેઓ Who’s Who the New Testament માં લખે છે કે મહાન હેરોદ રોમન બાદશાહના પ્રીતિપાત્ર રાજકર્તા રહેવામાં ખૂબ સફળ બન્યા હતા અને તેઓ યહૂદીઓના રાજા તરીકે ઓળખાવવામાં સૌ પ્રથમ હતા. તેમના બધા ઉત્તરાધિકારીઓ ઈસ્વીસનની પ્રથમ સદી સુધી રોમન સત્તાના સર્વથા પરાધીન રાજકર્તાઓ બની રહ્યા હતા. (પૃ. ૮૪).

હેરોદ નામે નવા કરારમાં છ પાત્રોની વાત આવે છે. એક, મહાન હેરોદ; બે, હેરોદ આર્ખિલાઉસ; ત્રણ, હેરોદ અંતિપાસ; ચાર હેરોદ ફિલિપ; પાંચ, હેરોદ અગ્રિપ્પા પહેલો અને છ હેરોદ અગ્રિપ્પા બીજો.

એક, મહાન હેરોદ ઈસ્વીસન પૂર્વે ૩૭થી ઈસ્વીસન પૂર્વે ૪ સુધી યહૂદીઓના રાજા હતા. તેઓ કાર્યક્ષમ અને કુશળ રાજકર્તા હતા. પણ તેઓ શું કરી બેસશે તે અંગે કોઈ કશું કહી શકતું નહીં. તેમણે પોતાની પત્ની અને બે બાળકોને મારી નાખ્યાં હતાં. તેઓ ઘણા રાજમહેલો અને રાજકિલ્લાઓ બંધાવનાર શિલ્પી હતા. પણ રાજકર્તા તરીકે લોકો તેમને ધિક્કારતા હતા. બ્રાઉનરિગ લખે છે કે, ‘કદાચ પોતાને લોકપ્રિય બનાવવાના હેતુથી તેમણે (યરુશાલેમ ખાતે) મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.’

મહાન હેરોદના રાજ્યકાળ દરમિયાન ઈસુનો જન્મ થયો હતો. સંત માથ્થીકૃત શુભસંદેશમાં આપણે વાંચીએ: ‘ઈસુ યહૂદિયામાં આવેલા બેથલેહેમ ગામમાં રાજા હેરોદના સમયમાં જન્મ્યા હતા. એમના જન્મ પછી પૂર્વમાંથી કેટલાક પંડિતો યરુશાલેમ આવીને પૂછવા લાગ્યા કે, ‘યહૂદીઓનો નવો જન્મેલો રાજા ક્યાં છે? કારણ, અમે તેના તારાને ઊગતો જોયો છે અને તેને પગે લાગવા આવ્યા છીએ.’

આ સાંભળીને રાજા હેરોદ તેમ જ બધા યરુશાલેમવાસીઓ ચિંતામાં પડી ગયા; અને યહૂદીઓના બધા મુખ્ય પુરોહિતો અને શાસ્ત્રીઓને ભેગા કરીને રાજા પૂછપૂછ કરવા લાગ્યો કે, ‘ખ્રિસ્તનો જન્મ ક્યાં થવાનો છે?’ તેમણે કહ્યું, ‘યહૂદિયા પ્રાન્તમાં આવેલા બેથલેહેમમાં; કારણ, પયગંબરે આમ લખ્યું છે કે,

“હે યહૂદિયા પ્રાન્તમાં આવેલ બેથલેહેમ, યહૂદિયાના મુખ્ય શહેરોમાં તારું સ્થાન

કંઈ કમ નથી; કારણ, તારે ત્યાં એક એવો આગેવાન ઉદય પામશે, જે મારી પ્રજા ઇસ્રાયલની રખેવાળી કરશે.'

'ત્યાર પછી હેરોદે પંડિતોને એકાંતમાં મળવા બોલાવ્યા અને તારો દેખાયાનો ચોક્કસ સમય જાણી લીધો. પછી તેણે એ લોકોને એમ કહીને બેથલેહેમ મોકલ્યા કે, 'જાઓ, અને એ બાળકની કાળજીથી ભાળ મેળવો; ભાળ મળે એટલે મને ખબર આપો, જેથી હું પણ જઈને તેને પગે લાગું.' (માથ્થી ૨, ૧-૮).

પૂર્વમાંથી આવેલા પંડિતો બાળ ઈસુને મળીને એમને ભેટ ધર્યા પછી, તેમને સ્વપ્નમાં ચેતવવામાં આવ્યા પ્રમાણે હેરોદ પાસે પાછા ના જવાને બદલે બીજે રસ્તે પોતાના દેશ પાછા ગયા.

જ્યારે હેરોદે જોયું કે પંડિતો તેમને છેતરીને બીજે રસ્તે પરત ગયા છે ત્યારે તેમનો રોષ એકદમ ભભૂકી ઊઠચો. માથ્થી લખે છે, 'તેણે પંડિતો પાસેથી જે સમય ખાતરીપૂર્વક જાણી લીધો હતો તેને આધારે બેથલેહેમ અને તેની આસપાસના પ્રદેશમાંના બે વર્ષના અને તેથી નાના બધા છોકરાઓનો વધ કરવાનો હુકમ છોડચો.' (માથ્થી ૨, ૧૬).

માથ્થીના જણાવ્યા મુજબ મહાન હેરોદના મૃત્યુ પછી ઈસુ, મરિયમ અને યૉસેફનું પવિત્ર કુટુંબ પાછું નાસરેથ આવીને રહ્યું.

મહાન રાજા હેરોદનું રાજ્ય એમના મૃત્યુ પછી એમનાં બચેલાં ત્રણ સંતાનો વચ્ચે વહેંચાઈ ગયું. હેરોદ આર્ખિલાઉસ યહૂદિયા, શમરુન અને ઈડુમિયાના રાજા બન્યા; હેરોદ અંતિપાસ ગાલીલ અને પેરેયાના રાજા બન્યા અને હેરોદ ફિલિપ યટૂરિયા ગોલાનિતીસ અને ખોનિતિયાના રાજા બન્યા.

બે, હેરોદ આર્ખિલાઉસ, બાઇબલ પંડિત બ્રાઉનરિંગ કહે છે તેમ મહાન હેરોદના જ્યેષ્ઠ પુત્ર હેરોદ આર્ખિલાઉસે તેમના પિતાના સ્વભાવના બધા દુર્ગુણો વારસામાં મેળવ્યા છે. શુભસંદેશમાં એમનું નામ ફક્ત એક જ વાર જોવા મળે છે.

'જ્યારે તેમણે (ઈસુનાં પાલક પિતા યૉસેફે) સાંભળ્યું કે હેરોદને બદલે તેનો પુત્ર આર્ખિલાઉસ યહૂદિયામાં રાજ્ય કરે છે ત્યારે ત્યાં જતાં તેમને ડર લાગ્યો. તેમને સ્વપ્નમાં ઈશ્વર તરફથી સૂચના મળતાં તેઓ ગાલીલ પ્રાન્તમાં ગયા અને નાસરેથ નામના ગામમાં જઈને રહેવા લાગ્યા.' (માથ્થી ૨, ૨૨-૨૩).

ત્રણ, હેરોદ અંતિપાસ ગાલીલ અને પેરેયાના રાજકર્તા હતા. તેમણે સ્નાનસંસ્કારક યોહાનને કેદ કર્યા હતા. પછી હેરોદે પોતાના ભાઈ ફિલિપની પત્ની હેરોદિયાસની માગણીચી એક જલ્લાદને મોકલીને કેદખાનામાં યોહાનનો શિરચ્છેદ કરાવ્યો હતો. ઈસુએ હેરોદ અંતિપાસને 'શિયાળવા' કહ્યું છે. જ્યારે કેટલાક ફરોશીઓએ ઈસુને ચેતવણી આપી હતી કે હેરોદ તેમને મારી નાખવા તાકે છે ત્યારે ઈસુએ તેમને કહ્યું, 'એ શિયાળવાને જઈને કહો કે, આજે અને આવતી કાલે તો હું અપદૂતો કાઢવાનું અને લોકોને સજા કરવાનું ચાલુ રાખવાનો છું, અને પરમ દિવસે મારું કામ પૂરું થશે.' (લૂક ૧૩, ૩૨).

નવા કરારના ચારેય શુભસંદેશમાં તેમ જ 'પ્રેષિતોનાં ચરિતો'માં હેરોદ અંતિપાસના ઘણા ઉલ્લેખો જોવા મળે છે. હેરોદ એક શાણી માણસ હતો. તેણે અરેબિયાના એરેતાસના રાજાની દીકરી જોડે લગ્ન કર્યું હતું અને એને છૂટાછેડા પણ આપ્યા હતા. ત્યાર પછી હેરોદ પોતાના સાવકા ભાઈ ફિલિપની પત્ની હેરોદિયાસને પરણ્યો હતો.

યહૂદી ઇતિહાસકાર જોસેફુસે નોંધ્યા પ્રમાણે રાજા એરેતાસે પોતાની દીકરીને છૂટાછેડા આપવા બદલ હેરોદને ઈસ્વીસન ૩૪માં હરાવ્યા હતા. ઈસ્વીસન ૩૯માં હેરોદ અંતિપાસને રોમમાં બોલાવવામાં આવ્યા અને એ જ વર્ષે એમને દેશનિકાલ કરવામાં

આવ્યા હતા.

ચાર, હેરોદ ફિલિપ — મહાન હેરોદના ત્રણ દીકરાઓમાં સૌથી નાના હતા અને તેઓ સૌથી વધારે કાર્યક્ષમ રાજકર્તા હતા. હેરોદ ફિલિપ ચટૂરિયા, લુસાનિયાસ અને ત્રાખોનિયાના રાજકર્તા હતા. તેમનું મૃત્યુ ઈ.સ. ૩૪માં થયું હતું.

હેરોદ અંતિપાસ હેરોદિયાસને પરણ્યા હતા. એના સંદર્ભમાં શુભસંદેશકાર માથ્થી અને માર્કે હેરોદ ફિલિપનો ઉલ્લેખ કર્યો છે. 'વાત એમ છે કે, હેરોદે પોતાના ભાઈ ફિલિપની પત્ની હેરોદિયાસને ખાતર યોહાનને પકડી જંજીર પહેરાવી કારાગારમાં નાખ્યા હતા.' (માથ્થી ૧૪, ૩).

પાંચ, હેરોદ અગ્રિપ્પા પહેલો — હેરોદિયાસના ભાઈ અરિતોબુલુસનો દીકરો અને મહાન હેરોદનો પૌત્ર હતો. તેમને પોતાના કાકા હેરોદ ફિલિપનું રાજ્ય વારસામાં મળ્યું હતું. વળી, હેરોદ અંતિપાસને દેશનિકાલ કરવામાં આવ્યા પછી તેમના રાજ્યના પણ તેઓ રાજકર્તા બન્યા હતા. પછી તો તેમની રાજસત્તા યહૂદિયા, શમરુન અને ઈદુમેયા સુધી પણ પહોંચી હતી. બીજા શબ્દોમાં કહીએ તો તેમના દાદા મહાન હેરોદના આખા રાજ્ય પર તેઓ રાજસત્તા ચલાવતા હતા.

હેરોદ અગ્રિપ્પા પહેલાએ ખ્રિસ્તીઓ સામે સતામણી શરૂ કરી હતી. 'પ્રેષિતોનાં ચરિતો'માં લૂક લખે છે, 'એ જ અરસામાં રાજા હેરોદે ધર્મસંઘના કેટલાક માણસો ઉપર અત્યાચાર કરવા માટે હાથ ઉગામ્યા. યોહાનના ભાઈ યાકોબનો તેણે તલવારથી વધ કરાવ્યો, અને યહૂદીઓ રાજી થાય છે એમ જોઈને તેણે આગળ જઈને પીતરને સુધ્ધાં પકડાવ્યો. બેખમીર રોટીના પર્વ દરમિયાન આ બન્યું. તેને પકડાવીને તેણે કેદમાં પૂરી દીધો અને એના ઉપર પહેરો ભરવા ચાર ચાર સિપાઈઓની ચોકી ગોઠવી દીધી. તેનો ઇરાદો પાસ્ખા પછી તેને લોકો સમક્ષ રજૂ કરવાનો હતો.' (પ્રે. ચ. ૧૨, ૧-૪).

લૂકે 'પ્રેષિતોનાં ચરિતો'ના બારમા પ્રકરણમાં હેરોદ અગ્રિપ્પાના અપમૃત્યુનું પણ વર્ણન કર્યું છે. 'આથી ઠરાવેલ દિવસે હેરોદ બાદશાહી ઝભ્ભો પહેરીને સિંહાસન ઉપર બેસીને તેમની આગળ ભાષણ કરવા લાગ્યો. લોકો બોલી ઊઠ્યા, 'આ તો દેવની વાણી છે, માનવની નથી!' એ જ ક્ષણે પ્રભુના એક દૂતે તેને ઢાળી દીધો, કારણ, તેણે એ મહિમા ઈશ્વરને નહોતો અર્પ્યો, કીડાઓએ તેને કોરી ખાધો અને તે મરણ પામ્યો.' (પ્રે. ચ. ૧૨, ૨૧-૨૩).

છ, હેરોદ અગ્રિપ્પા બીજા — હેરોદ અગ્રિપ્પા પહેલાનો દીકરો અને મહાન હેરોદનો પ્રપૌત્ર હતો. રોમના બાદશાહ કલૌદિયુસે તેમને લબાનાનના છાલ્સીસ પ્રાન્તની રાજસત્તા સોંપી હતી. પાછળથી ઈસ્વીસન ૫૩માં તેમને ગાલીલ, ઈદુમેયા, ગોલાનિત્તીસ અને ત્રાખોનિતિયાની રાજસત્તા સોંપવામાં આવી હતી.

રોમન રાજ્યપાલ (Procurator) ફેસ્તુસની માગણીથી હેરોદ અગ્રિપ્પા બીજાની સમક્ષ ચકાસણી માટે પાઉલ હાજર થયા હતા. લૂકે પાઉલ, સજા હેરોદ અગ્રિપ્પા બીજા અને રોમન રાજ્યપાલના મિલનનું વિસ્તૃત વર્ણન કર્યું છે. પાઉલને હેરોદ અગ્રિપ્પા બીજા પાસે મોકલતાં ફેસ્તુસે આ પ્રમાણે સંદેશ આપ્યો હતો: 'મહારાજા અગ્રિપ્પા અને સર્વ ઉપસ્થિત સજ્જનો, આપ આ જે માણસને જુઓ છો એની વિરુદ્ધ યરુશાલેમના અને આ શહેરના સર્વ યહૂદીઓએ મારી સમક્ષ ફરિયાદ કરેલી છે, અને બાપોકાર એમ કહેલું છે કે, 'એ ઘડી પણ જીવતો રહેવો ન જોઈએ.'

'પણ મને માલૂમ પડયું છે કે એણે મૃત્યુદંડને પાત્ર ઠરવા જેવું કશું, કર્યું નથી; અને એણે પોતે નામદાર બાદશાહને ધા નાખી છે, એટલે મેં એને મોકલી આપવાનો નિર્ણય કર્યો

છે.

'પણ હું એને વિશે નામદારને કશું ચોક્કસપણે લખી શકું એમ નથી. એથી કરીને મેં એને આપ સર્વની સમક્ષ, અને ખાસ કરીને આપ મહારાજા અગ્રિપ્પાની સમક્ષ રજૂ કર્યો છે, જેથી તપાસમાંથી મને કંઈ લખવા જેવું મળી આવે.' (પ્રે. ચ. ૨૫, ૨૪-૨૬).

અગ્રિપ્પા સમક્ષ પાઉલનો બચાવ બતાવે છે કે, તેઓ એકબીજાને આદરમાન આપતા હતા અને અરસપરસ કદર કરતા હતા. પોતાના બચાવને અંતે પાઉલ કહે છે, 'થોડી કે ઘણી, પણ હું તો ઈશ્વર પાસે એટલું માગું છું કે, માત્ર આપ જ નહીં, પણ આજે મારી વાત સાંભળનાર સૌ કોઈ સુધ્ધાં એક આ જંજીર સિવાય મારા જેવા જ બની જાય!'

રાજા હેરોદ અગ્રિપ્પા બીજા યહૂદી પ્રજા ઉપર રોમન સત્તા સામેનો બળવો અને યરુશાલેમના મંદિર અને પ્રજાના સર્વનાશ પછી પણ રાજ્ય કરતા રહ્યા. હેરોદ અગ્રિપ્પા નિવૃત્તિ લઈને રોમ ગયા અને ઈસ્વીસન ૯૨માં એમનું મૃત્યુ થયું ત્યારે હેરોદ રાજવંશની સત્તાનો અંત આવ્યો. પ્રથમ ખ્રિસ્તી ધર્મસંઘના ઇતિહાસમાં હેરોદ રાજવંશે નોંધપાત્ર ભાગ ભજવ્યો છે.

૨૨. શુભસંદેશના બે સૂબેદારો

સૂબેદાર રોમન સૈન્યમાં સો સૈનિકોની દેખરેખ રાખતો સૈનિક અધિકારી છે. બાઇબલમાં નવા કરારમાં કુલ ૬ સૂબેદારોની વાત આવે છે. એમાં પ્રથમ ત્રણ શુભસંદેશોમાં ફક્ત બે સૂબેદારોની વાત આવે છે. માથ્થી અને લૂકે કફરનહૂમના વિધર્મી સૂબેદારની વાત કરી છે, તો ઈસુને ક્રૂસે ચડાવવાની ફરજ બજાવનાર સૂબેદાર વિશે પ્રથમ ત્રણેય શુભસંદેશકારોએ વાત કરી છે. અહીં ઈસુના જીવન સાથે સંકળાયેલા આ બે સૂબેદારોનાં પાત્રો તપાસીએ.

લૂકે અને માથ્થીએ કરેલી કફરનહૂમના સૂબેદારની વાતમાં થોડો ફેર જોઈ શકાય. માથ્થીકૃત શુભસંદેશમાં સૂબેદાર પોતે ઈસુ પાસે આવીને ઈસુ પર ઊંડી શ્રદ્ધાથી પોતાના નોકરને સાજો કરવા ઈસુને વિનંતી કરે છે. પણ લૂકકૃત શુભસંદેશમાં સૂબેદાર પોતાના વતી યહૂદી આગેવાનોને ઈસુ પાસે મોકલીને ઈસુ પર ઊંડી શ્રદ્ધાથી વિનંતી કરે છે કે ઈસુ પોતાના વહાલા નોકરને સાજોસમો કરે.

માથ્થી અને લૂકનાં વર્ણનોમાં થોડીઘણી ભિન્નતા હોવા છતાં આખા પ્રસંગનું બયાન બતાવે છે કે બંને શુભસંદેશકારો એક જ સૂબેદાર અને તેમના નોકરની વાત કરે છે. સૂબેદાર અંગેનું માથ્થીનું વર્ણન વાંચો:

'ઈસુએ કફરનહૂમમાં પ્રવેશ કર્યો એટલે એક સૂબેદારે આવીને તેમને વિનંતી કરી, 'પ્રભુ, મારો નોકર ઘેર પથારીમાં પડ્યો છે, અને પક્ષાઘાતથી ખૂબ પીડાય છે.'

ઈસુએ તેને કહ્યું, 'હું આવીને તેને સાજો કરું છું.'

પણ સૂબેદારે જવાબ આપ્યો, 'પ્રભુ, આપનાં પગલાં મારે ઘેર થાય એવાં પુણ્ય મારાં ક્યાંથી? આપ ફકત મોઢેથી કહો એટલે મારો નોકર સાજો થઈ જશે.'...

આ સાંભળીને ઈસુ નવાઈ પામ્યા અને પોતાની પાછળ આવતા લોકોને તેમણે કહ્યું, 'હું તમને ખાતરીથી કહું છું કે ઇસ્રાયલમાં પણ મેં આવી શ્રદ્ધા કયાંય દીઠી નથી...'

પછી ઈસુએ પેલા અમલદારને કહ્યું, 'જા ભાઈ, તારી શ્રદ્ધા ફળો.' અને તે જ ઘડીએ તેનો નોકર સાજો થઈ ગયો.' (માથ્થી ૮, ૫-૮, ૧૦,૧૩).

માથ્થીના ઉપરોક્ત હેવાલ સાથે લૂકના નીચેના વર્ણનની સરખામણી કરો. લૂક લખે છે:

'લોકોને આ બધી વાતો કહી રહ્યા પછી ઈસુ કફરનહૂમ ગયા. ત્યાં એક સૂબેદારનો નોકર માંદો પડ્યો હતો અને મરવાની અણી ઉપર હતો. એ નોકર સૂબેદારને વહાલો હતો. સૂબેદારે ઈસુ વિશે સાંભળતાં યહૂદિયાના કેટલાક આગેવાનોને એવી વિનંતી કરવા તેમની પાસે મોકલ્યા કે, 'આપ આવીને મારા નોકરને બચાવો.' તેઓએ ઈસુ પાસે આવીને આજીજી કરી કે, 'આપ એના ઉપર આટલી કૃપા કરો એને એ પાત્ર છે, કારણ, એ આપણા લોકો ઉપર સદ્ભાવ રાખે છે અને એણે જ આપણું સભાગૃહ બાંધી આપેલું છે.'

એટલે ઈસુ તેઓની સાથે ગયા. પણ ઘરથી થોડે દૂર હતા ત્યાં સૂબેદારે પોતાના મિત્રો મારફતે સંદેશ મોકલ્યો કે, 'પ્રભુ, આપ તસ્દી ન લેશો. આપનાં પગલાં મારે ઘેર થાય

એવાં પુણ્ય મારાં ક્યાંથી? હું તો મારી જાતને પણ આપની પાસે આવવાને લાયક ગણતો નથી. આપ મોઢેથી કહો એટલે મારો નોકર સાજો થઈ જશે.'...

આ સાંભળીને ઈસુ નવાઈ પામ્યા, અને પોતાની પાછળ આવતા ટોળા તરફ ફરીને તેમણે કહ્યું, 'હું તમને કહું છું કે, આવી શ્રદ્ધા તો મેં ઇસ્રાયલમાં પણ દીઠી નથી!'

'અને પેલા માણસો પાછા ઘેર આવીને જુએ છે તો નોકર સાજો થઈ ગયો હતો.' (લૂક ૭, ૧-૭; ૯-૧૦).

બાઇબલના કેટલાક પંડિતો માને છે કે યોહાનકૃત શુભસંદેશમાં એક સરકારી અમલદારની વિનંતીથી તેના મરવાની અણી પર પહોંચેલા દીકરાને ઈસુએ દૂરથી સાજોસમો કર્યાની જે વાત આવે છે તે વાત માથ્થી અને લૂકે કરેલી સૂબેદારની જ વાત છે (જુઓ યોહાન ૪, ૪૩-૫૪).

ત્રણેય શુભસંદેશકારોની વાતોમાં સૂબેદારની ઈસુ પરની અટલ શ્રદ્ધા આપણે જોઈ શકીએ છીએ. ખુદ ઈસુ જ સૂબેદારની શ્રદ્ધાની કદર કરી પોતાની સાથે આવેલા લોકો આગળ એ વિધર્મી માણસની શ્રદ્ધાની પ્રશંસા કરે છે.

પરમપૂજા દરમિયાન પરમપ્રસાદની વિધિમાં પુરોહિત અને ભક્તજનો પ્રાર્થના કરે છે કે 'પ્રભુ આપ મારે આંગણે પધારો એ પુણ્ય મારાં નથી, પરંતુ આપનાં વચનોથી જ મારા આત્માનું કલ્યાણ થશે.' (જુઓ માથ્થી ૮, ૮).

પ્રભુ ઈસુએ સૂબેદારને ઘરે જઈ તેના નોકરને સાજો કરવાની વાત કરી ત્યારે પેલા સૂબેદારે આવા જ શબ્દોથી ઈસુ પરની એમની શ્રદ્ધા પ્રગટ કરી હતી. જાણ્યે-અજાણ્યે ઈસુએ પેલા વિધર્મી સૂબેદારની શ્રદ્ધાની કરેલી કદર સદીઓથી ખ્રિસ્તી લોકો રોજેરોજ કરી રહ્યાં છે.

શુભસંદેશમાં આવતા બીજા સૂબેદારને માથે ઈસુને ક્રૂસે ચડાવવાની જવાબદારી છે. ઈસુને પિલાતના મહેલથી 'ગુલગથા' નામની જગ્યાએ લઈ જવામાં આવ્યા અને ત્યાં ઈસુ ક્રૂસ પર મૃત્યુ પામ્યા ત્યાં સુધીનો આખો સમય આ સૂબેદારે ઈસુ પર તેમ જ બીજા બધા માણસો અને બનાવો પર દેખરેખ રાખી છે. પોતાના હાથ નીચેના સિપાઈઓને તેમણે ઈસુને કિરમજી ઝભ્ભો પહેરાવીને અને માથા પર કાંટાનો મુગટ મૂકીને ઈસુની મશ્કરી કરતા અને એમને મારપીટ કરતા જોયા છે. કદાચ અતિશય પીડાને કારણે ઈસુ રસ્તામાં જ મરી જશે એવી બીકથી સૂબેદારે કૂરેને ગામના વતની સિમોનને ઈસુનો ક્રૂસ ઉપાડી લેવા વેઠે પકડયા હશે. તેમણે ક્રૂસના વજન અને શારીરિક અશક્તિથી ઈસુને જમીન પર ગબડી પડતા જોયા છે. સૂબેદારના માર્ગદર્શનથી સિપાઈઓએ ઈસુને ક્રૂસ પર સૂવડાવીને એમને હાથ અને પગ પર ખીલા ઠોકી દીધા હશે.

ક્રૂસ પરથી ઈસુનાં વચનો — 'હે પિતા, આ લોકોને માફ કર; પોતે શું કરે છે એનું એમને ભાન નથી', અને એક ગુનેગારને આપેલું અભયદાન 'હું તને ખાતરીથી કહું છું કે, આજે તું મારી સાથે પુણ્યલોકમાં હશે', અને 'હે પિતા, મારા પ્રાણ હું તારા હાથમાં સોંપું છું', વગેરે ઈસુના છેલ્લા શબ્દો — સૂબેદારે બરાબર સાંભળ્યા હશે. સૂબેદારે અગાઉ પણ ગુનેગારોને ક્રૂસ પર ચડાવી મારી નાખવાનો હુકમ ઝીલ્યો હશે. આ બધું જોઈને અને અનુભવીને સૂબેદારે ઈસુના ક્રૂસ પરના મૃત્યુ વખતે પોતાનો પ્રતિભાવ આપ્યો છે:

'સાચે જ એ ઈશ્વરનો પુત્ર હતો.' (માથ્થી ૨૭, ૫૪)

'સાચે જ એ માણસ ઈશ્વરનો પુત્ર હતો.' (માર્ક ૧૫, ૩૯)

'સાચે જ એ માણસ ધર્માત્મા હતો.' (લૂક ૨૩, ૪૭)

સૂબેદારના આ શબ્દો પ્રગટ કરે છે કે ખૂબ નિખાલસતાથી અને પ્રમાણિકપણે

તેમણે પોતાનો ચુકાદો આપ્યો છે. પોતાના આ પ્રતિભાવથી સૂબેદારે ઘોષણા કરી છે કે ઈસુને મારી નાખવાનો પિલાતનો હુકમ અન્યાયી હતો. ઈસુને મારી નાખવાનો હુકમ પાળીને પોતે ખોટું કર્યું છે. આ સૂબેદારની હિંમત તથા વાસ્તવિક હકીકતનો સ્વીકાર કરવાનું એમનું પ્રમાણિકપણું અને સચ્ચાઈ ખરેખર દાદ માંગી લે છે.

૨૩. સેતાન, શેતાન, શયતાન કે અપદૂત

નવા કરારની મૂળ ગ્રીક ભાષામાં 'સાતાનાસ' અને 'ડિયાબોલોસ' એમ બે શબ્દો છે. અંગ્રેજીમાં એનો અનુવાદ 'સેઈટન' અને 'ડેવિલ' કરવામાં આવે છે. બંને શબ્દો વચ્ચે ખાસ ફેર નથી. એટલે કેટલાક અંગ્રેજી અનુવાદ બંને ગ્રીક શબ્દો માટે ફક્ત 'ડેવિલ' શબ્દ વાપરે છે. એ જ રીતે સંપૂર્ણ બાઇબલના ગુજરાતી અનુવાદમાં પણ મુખ્યત્વે 'સેતાન' શબ્દ વાપરવામાં આવે છે. નવા કરારમાં સેતાનનો ૬૦થી વધારે વાર ઉલ્લેખ જોવા મળે છે.

જૂના કરારમાંથી તેમ જ અન્ય યહૂદી સાહિત્યમાંથી નવા કરારમાં સેતાન કે શયતાન શબ્દ ઊતરી આવે છે. સાર્થ ગુજરાતી જોડણીકોશ મુજબ સેતાન કે શેતાન કે શયતાન શબ્દનો અર્થ 'ઈશ્વર સામે બળવો કરનાર એક ફિરસ્તો' છે. જૂના કરારમાં ઘણી વાર 'બળવો કરનાર'ના અર્થમાં પ્રતીકરૂપે સેતાન શબ્દ વાપરવામાં આવે છે.

નવા કરારમાં સેતાન માટે ઘણાં નામો છે. બાઇબલના ઈસુસંઘી પંડિત ફાધર જોન એલ. મેકેન્ઝી બતાવે છે તેમ સેતાનને 'બળવાન માણસ' કહેવામાં આવે છે (માથ્થી ૧૨, ૨૯; માર્ક ૩, ૨૭; લૂક ૧૧, ૨૧). 'સંસારનો શાસક' કહેવામાં આવે છે. (યોહાન ૧૨, ૩૧) (ડિક્શનરી ઑફ ધ બાઇબલ, પૃ. ૭૭૫).

નવા કરારમાં આપણને મુખ્યત્વે સેતાન શબ્દ જ જોવા મળે છે. જોકે સંત યોહાનકૃત શુભસંદેશમાં અપદૂત, દુષ્ટાત્મા, જૂઠાબોલો, જૂઠનો બાપ, અનિષ્ટ આચરનાર વગેરે શબ્દો સેતાન માટે વપરાયા છે. (જુઓ: યોહાન ૮,૪૪).

નવા કરારના પ્રથમ ત્રણ શુભસંદેશમાં ઈસુની કસોટીની વાત આવે છે અને એમાં આપણે સૌપ્રથમ ઈસુની કસોટી કરનાર સેતાનને મળીએ છીએ. ઈસુની કસોટીને સમજવા માટે આપણે ઈસુના સ્નાનસંસ્કાર વખતે સંભળાયેલી આકાશવાણી ધ્યાનમાં લઈએ: 'તું મારો પુત્ર છે, મારો પ્રિયતમ પુત્ર છે: તારા ઉપર હું પ્રસન્ન છું.' (માર્ક ૧, ૧૧; વધુમાં જુઓ સ્તોત્રસંહિતા ૨,૭; યશાયા ૪૨, ૧; માથ્થી ૩, ૧૭; ૧૨, ૧૮; માર્ક ૯, ૭; લૂક ૩, ૨૨). આ આકાશવાણી પછી ઈસુની કસોટી થાય છે. દેખીતી રીતે ઈસુના સ્નાનસંસ્કાર અને કસોટી વચ્ચેનો સંબંધ જોઈ શકાય છે. માર્ક તો ઈસુની કસોટીની વાત ફક્ત બે વાક્યોમાં રજૂ કરે છે: 'પછી પવિત્ર આત્મા તેમને અરણ્યમાં લઈ ગયો. ચાળીસ દિવસ સુધી તેઓ અરણ્યમાં રહ્યા તે દરમિયાન સેતાને તેમની કસોટી કરી. તેઓ ત્યાં રાની પશુઓ ભેગા રહેતા હતા, અને દેવદૂતો તેમની સેવા કરતા હતા.' (માર્ક ૧, ૧૨-૧૩).

માથ્થી અને લૂકે ઈસુની કસોટીની વાત વિસ્તારથી કરી છે. કદાચ માર્કને એની ખબર ન હોય. (માથ્થી ૪, ૧-૧૧; લૂક ૪, ૧-૧૩).

અરણ્યની વિકરાળ પરિસ્થિતિમાં સેતાન ઈસુ સામે પ્રત્યક્ષ હાજર થાય છે અને ઈસુને મુક્તિદાતાના વિકટ માર્ગમાંથી ભાગી જવાનો રસ્તો સૂચવે છે. બાઇબલના પંડિત રોનાલ્ડ બ્રાઉનરિગ કહે છે: 'ખુદ સેતાને કરેલી કસોટીના રૂપમાં પ્રથમ ત્રણ શુભસંદેશો ઈસુના આંતરિક સંઘર્ષનું વર્ણન કરે છે. આ આંતરિક સંઘર્ષમાં ઈસુના મુક્તિદાતા બનવાની

રીત તથા એના પરિણામનો સામનો કરવાની વાત છેં' (હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ, પૃ. ૨૪૭).

ત્રણેય કસોટીઓમાં સેતાન ઈસુને સૂચના કરે છે કે લોકોની વાહ વાહ મેળવવા માટે ઈસુ મુક્તિદાતા તરીકે પોતાની શક્તિનું ખોટું પ્રદર્શન કરે.

માથ્થી અને લૂક બંનેના શુભસંદેશમાં ઈસુની પ્રથમ કસોટી રોટલા વિશે છે. 'કસોટી કરનારે આવીને તેમને કહ્યું, 'જો તું ઈશ્વરનો પુત્ર હો તો આ પથરાઓને રોટલા થઈ જવાનું કહે!" મંદિરના શિખર ઉપર ઈસુને લઈ જવાની કસોટી અને અત્યંત ઊંચા પર્વત ઉપર લઈ જવાની કસોટી માથ્થીમાં બીજા અને ત્રીજા ક્રમમાં આવે છે જયારે લૂકમાં ઊલટા ક્રમમાં આવે છે.

જોન મેકેન્ઝી જેવા બાઇબલના પંડિતો ઈસુની કસોટીનો ખુલાસો કરતાં જણાવે છે કે 'ઈસુની કસોટીઓને ચોક્કસ બનાવો તરીકે લેવાને બદલે સૈદ્ધાંતિક પ્રતીક તરીકે સમજવાની જરૂર છે. કસોટીના બનાવો ઈસુ કેવા પ્રકારના મુક્તિદાતા હતા, તેનું વર્ણન કરે છે.' (ડિક્શનરી ઑફ ધ બાઇબલ, પૃ. ૮૭૯).

ઈસુની કસોટીને આપણે ગમે તે રીતે સમજીએ, પણ એક વાત તો સ્પષ્ટ છે કે શુભસંદેશોમાં ખુદ ઈસુએ પોતે સેતાનના અસ્તિત્વનો સ્વીકાર કર્યો છે. 'ઘર ફૂટ્યે ઘર જાય' દૃષ્ટાંતબોધમાં ઈસુના વિરોધીઓ એમના ઉપર આરોપ મૂકે છે કે 'એ તો અપદૂતોના સરદાર સેતાનની મદદથી અપદૂતો કાઢે છે.' (માર્ક ૩, ૨૨ અને જુઓ માથ્થી ૯, ૩૪; ૧૦, ૨૫). શુભસંદેશોમાં ઘણા પ્રસંગો છે જ્યાં ઈસુ અપદૂતોના સરદારનો સામનો કરે છે અને અપદૂત વળગેલા માણસને વળગાડમાંથી મુક્ત કરે છે.

માથ્થી અને સૂક બન્નેએ અપદૂતને કાઢીને ઈસુએ મૂંગા માણસને વાચા આપ્યાની વાતનું વર્ણન કર્યું છે. 'એક વાર ઈસુ માણસને મૂંગો બનાવી દેનાર અપદૂતને કાઢતા હતા. અપદૂત બહાર નીકળતાંવેંત પેલા મૂંગા માણસને વાચા આવી. એ જોઈને લોકો અચંબો પામી ગયા.' (લૂક ૧૧, ૧૪; માથ્થી ૧૨, ૨૨-૨૩).

શુભસંદેશો સ્પષ્ટપણે બતાવે છે કે ઈસુએ સેતાનને કાઢી નાખ્યા છે એટલું જ નહીં, પણ પોતાના શિષ્યોને પણ સેતાનને કાઢી નાખવાની શક્તિ આપી છે. ઈસુએ ૭૨ શિષ્યોની રવાનગી કર્યાની વાત લૂકે કરી છે. 'આ પછી પ્રભુએ બીજા ૭૨ શિષ્યોને નીમીને બબ્બેની ટુકડીમાં પોતે જે જે શહેર કે ગામ જવાના હતા ત્યાં અગાઉથી મોકલી આપ્યા' (લૂક ૧૦, ૧). જ્યારે ૭૨ શિષ્યો પાછા આવ્યા ત્યારે ઈસુને અહેવાલ આપ્યા કે, 'પ્રભુ, આપને નામે અપદૂતો પણ અમને વશ વર્તે છે' (લૂક ૧૦, ૧૭).

પ્રેષિતો પાઉલ અને પીતર તથા નવા કરારમાં બે પુસ્તકોના લેખકો યાકોબ અને યહૂદા સેતાન અંગેની એમના વખતની માન્યતામાં માનતા હતા. 'પ્રેષિતોનાં ચરિતો'માં હનનિયા અને સફીરાના પ્રસંગમાં તેમના જુઠ્ઠાણા બદલ પીતરે એમનો સામનો કર્યો હતો. 'હનનિયા, તારામાં એવો તે કેવો સેતાન ભરાયો કે તું પવિત્ર આત્માની આગળ જૂઠ્ઠું બોલ્યો?' (પ્રે. ચ. ૫, ૩).

પીતરે પોતાના પ્રથમ પત્રમાં સેતાનને 'ગર્જના કરતા સિંહની' સાથે સરખાવ્યો છે. 'સાવધ રહેજો, જાગતા રહેજો, કારણ, તમારો દુશ્મન સેતાન ગર્જના કરતા સિંહની પેઠે કોનો કોળિયો કરવો એની શોધમાં આંટા માર્યા કરે છે.' (૧ પીતર ૫, ૮).

સંત પાઉલે સેતાનની વાતને પોતાની ચતુરાઈથી હાવાને ભોળવી દેનાર સાપ સાથે જોડી છે. 'મને બીક લાગ્યા કરે છે કે, રખેને જેમ સાપે પોતાની ચતુરાઈથી હાવાને ભોળવી હતી તેમ ખ્રિસ્ત પ્રત્યેની અનન્ય અને નિર્મળ ભક્તિથી તમારું ચિત્ત ચલિત થઈ જાય.' (૨ કરિંથ ૧૧, ૩). રોમના ધર્મસંઘ પરના પત્રમાં સંત પાઉલ લખે છે, 'શાન્તિદાતા પરમેશ્વર

થોડા જ સમયમાં સેતાનને તમારાં ચરણો તળે કચડી નાખશે.' (રોમ ૧૬, ૨૦).

યાકોબે પણ પોતાના પત્રમાં અપદૂતોની વાત કરી છે. તેઓ લખે છે, 'ઈશ્વર એક અને અદ્વિતીય છે એમ તું માને છે, એમ ને? ઉત્તમ વાત છે! એમ તો અપદેવતાઓ પણ માને છે - અને થથરે છે.' (યાકોબ ૨, ૧૯).

આદિ ખ્રિસ્તીઓની સતામણીમાં આપણને સેતાનનાં કામોની વિગતવાર માહિતી મળે છે. બાઇબલના પંડિત રોનાલ્ડ બ્રાઉનરિગ લખે છે, સ્વર્ગના સ્વપ્નરૂપ ચિત્ર પછી ખુલાસો કરવામાં આવે છે કે 'સ્વર્ગમાં હારેલા અજગર અને તેના દૂતોને નીચે પૃથ્વી પર પછાડવામાં આવ્યા છે. ત્યાં મર્યાદિત સમય માટે ભલા અને ભૂંડા વચ્ચેનું યુદ્ધ ચાલુ રહેશે.' (હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ, પૃ. ૨૪૮).

'દર્શન' ગ્રંથમાં આપણે વાંચીએ છીએ: 'એ પછી સ્વર્ગમાં યુદ્ધ જામ્યું. મિખાએલ અને તેના દૂતો અજગરની સામે યુદ્ધે ચઢ્યા. અજગર અને તેના દૂતો ઝૂઝ્યા ખરા, પણ તેઓ હારી ગયા અને તેમને માટે સ્વર્ગમાં કોઈ સ્થાન જ ન રહ્યું; અને એ મોટા અજગરને નીચે પછાડવામાં આવ્યો; ...માટે, ઓ સ્વર્ગ અને સ્વર્ગવાસીઓ, આનંદો! પણ, ઓ ધરતી અને સમુદ્ર, તમે અફસોસ કરો! કારણ, સેતાન તમારે ત્યાં ભારે રોષે ભરાઈને ઊતરી આવ્યો છે, અને તેને ખબર છે કે તેના હાથમાં સમય ટૂંકો છે.' (દર્શન ૧૨, ૭-૯, ૧૨).

સેતાન કે અપદૂત વિશેની સૌથી મોટી વાત એ છે કે ઈસુએ સેતાન કે અપદૂત પર જીત મેળવી છે. (જુઓ સૂક ૧૧, ૨૧-૨૨; પ્રે. ચ. ૧૦,૩૮; હિબ્રૂ ૨, ૧૪).

૨૪. સિમોન નામનાં નવ પાત્રો

નવા કરારમાં સિમોન નામ ધરાવતાં નવ પાત્રો છે. એમાં સિમોન પીતર અને જહાલ સિમોન નામે બે પાત્રો ઈસુના ૧૨ પ્રેષિતોમાં છે. તેમના વિશે બે ભિન્ન લેખો લખાયા છે. અહીં બાકીના સાત સિમોનની વાત કરીએ.

એક, ઈસુના ભાઈ સિમોન. એક કહેવત છે: 'સાધુ તો ચલતા ભલા'. ઈસુ એક ફરતા ફકીર તરીકે પ્રથમ વાર પોતાના વતન નાસરેથ પહોંચ્યા અને ત્યાં વિશ્રામવારને દિવસે સભાગૃહમાં ગયા. શુભસંદેશકાર માથ્થી, માર્ક અને લૂકે ઈસુની પોતાના ગામની મુલાકાતની વાત કરી છે. ઈસુની પ્રભાવશાળી વાણીથી તેમના ગામના લોકો આશ્ચર્યચકિત થઈ ગયા અને તેઓ કહેવા લાગ્યા, 'આ માણસમાં આવું જ્ઞાન અને આવી ચમત્કારિક શક્તિઓ ક્યાંથી?' (માથ્થી ૧૩, ૫૪).

લોકોની નવાઈનું કારણ, તેઓ જાણતા હતા કે ઈસુ ગામના એક સુથારનો દીકરો છે. એટલે તેઓ વિસ્મયથી એકબીજાને પ્રશ્નો પૂછવા લાગ્યા. માથ્થી અને માર્કે એમના પ્રશ્નોને વાચા આપી છે. 'એ પેલા સુથારનો દીકરો નથી? એની માનું નામ મરિયમ નથી? અને યાકોબ, યૉસેફ, સિમોન તથા યહૂદા એના ભાઈઓ નથી? અને એની બહેનો બધી આપણા ભેગી રહેતી નથી? તો પછી એનામાં આ બધું આવ્યું ક્યાંથી?' (માથ્થી ૧૩, ૫૫-૫૬; માર્ક ૬, ૨-૩).

બાઇબલના પંડિતો આ સિમોનને ઈસુના પિતરાઈ ભાઈ-બહેનો સાથે મૂકે છે. આપણે જાણીએ છીએ કે ઈસુના એક પિતરાઈ ભાઈ યાકોબ આદિ ખ્રિસ્તી ધર્મસભામાં એક જાણીતી આગેવાન-વ્યક્તિ બન્યા હતા. પણ ઈસુના બીજાં પિતરાઈ ભાઈ-બહેનો વિશે આપણી પાસે કોઈ ચોક્કસ માહિતી નથી.

બે, કુષ્ઠરોગી સિમોન. ઈસુના સમયમાં 'કુષ્ઠરોગ' શબ્દ ચામડીના કોઈ પણ રોગ માટે વપરાતો હતો. ઈસુ કે અન્ય કોઈ જણે સિમોનને એમના કુષ્ઠરોગમાંથી સાજાનરવા કર્યા હતા. છતાં એમને 'કુષ્ઠરોગી સિમોન' કહેવામાં આવતા હતા. એક દિવસ ઈસુ એમને ઘેર જમવા ગયા. માથ્થી અને માર્ક સ્પષ્ટપણે જણાવે છે કે, 'ઈસુ બેથાનિયામાં કુષ્ઠરોગી સિમોનને ત્યાં હતા.' (માથ્થી ૨૬, ૬; માર્ક ૧૪, ૩).

જ્યારે ઈસુ સિમોનને ત્યાં ભોજન કરવા બેઠા ત્યારે 'એક બાઈ આરસપહાણની કૂપીમાં અસલ જટામાસીનું ખૂબ કીમતી અત્તર લઈને આવી. તેણે તે કૂપી તોડીને અત્તર ઈસુના માથામાં રેડી દીધું.' (માર્ક ૧૪, ૩; માથ્થી ૨૬, ૬-૭).

આપણે જાણીએ છીએ તેમ બેથાનિયા તો ઈસુનાં મિત્રો માર્થા, મરિયમ અને તેમના ભાઈ લાઝરસનું ગામ છે. શુભસંદેશકાર યોહાને પણ આ જ પ્રસંગનું કે આના જેવા એક પ્રસંગનું વર્ણન કર્યું છે. 'હવે એવું બન્યું કે લાઝરસ નામે એક માણસ માંદો પડ્યો. તે મરિયમ અને તેની બહેન માર્થાના ગામ બેથાનિયામાં રહેતો હતો. જે મરિયમે પ્રભુનો અત્તરથી અભિષેક કર્યો હતો અને તેમનાં ચરણ પોતાના વાળથી લૂછ્યાં હતાં તે મરિયમનો ભાઈ લાઝરસ માંદો પડયો હતો.' (યોહાન ૧૧, ૧-૨). ઈસુએ આ જ લાઝરસને

મૃત્યુમાંથી પુનર્જીવન આપ્યું હતું. બાઇબલનાં ઘણા પાત્રોની જેમ આપણે કુષ્ઠરોગી સિમોન વિશે પણ ખાસ જાણતા નથી.

ત્રણ, ફરોશી સિમોન. ફક્ત લૂકે જ આ ફરોશી સિમોનની વાત કરી છે. 'એક ફરોશીએ ઈસુને પોતાને ત્યાં જમવા નોતર્યા, એટલે તેઓ તેને ઘેર જઈને ભાણે બેઠા. એટલામાં ફરોશીને ઘેર ઈસુ જમવા બેઠા છે એવું જાણીને, શહેરની એક પતિત સ્ત્રી સંગેમરમરની કૂપીમાં અત્તર લઈને આવી પહોંચી, અને પાછળ જઈને આંસુ સારતી સારતી ઈસુને ચરણે પડી ગઈ. તેનાં આંસુથી તેમનાં ચરણ ભીંજાઈ ગયાં તે તેણે પોતાના વાળથી લૂછી નાખ્યાં. પછી તેણે ચરણ ચૂમી ચૂમીને અત્તર લગાડયું.' (લૂક ૭, ૩૬-૩૮).

બાઇબલના અમુક પંડિતો માને છે કે આ ફરોશી સિમોન અને કુષ્ઠરોગી સિમોન એક જ વ્યક્તિ છે, બે ભિન્ન પાત્રો નથી. તો બીજા બાઇબલના નિષ્ણાતો માને છે કે બંને સિમોન એક નથી પણ અલગ વ્યક્તિઓ છે. કારણ, કુષ્ઠરોગી સિમોનનું ઘર બેથાનિયામાં છે. જ્યારે ફરોશી સિમોનનું ઘર બેથાનિયામાં નહીં, પણ ગાલીલમાં (મગદલામાં) છે. એટલું જ નહીં, પણ ઈસુના પગે અત્તર લગાડનાર બાઈને 'શહેરની એક પતિત સ્ત્રી' તરીકે ઓળખાવવામાં આવી છે.

ફરોશી સિમોનની વાતમાં આપણને પશ્ચાત્તાપ અને માફીનો પાઠ મળે છે. એક બાજુ આપણે ફરોશી સિમોનને ઈસુ પર શંકા ધરાવતા જોઈએ છીએ. તો બીજી બાજુ પતિત સ્ત્રીની ઈસુ પરની અડગ શ્રદ્ધા જોઈને આપણે પ્રભાવિત થઈએ છીએ. લૂકે વર્ણવેલો ફરોશી સિમોનનો પ્રતિભાવ નોંધપાત્ર છે: 'આ જોઈને ઈસુને નોતરનાર ફરોશી મનમાં વિચાર કરવા લાગ્યો કે, 'જો આ માણસ ખરેખર પયગંબર હશે તો એને ખબર પડી જવી જોઈએ કે એને અડનાર આ બાઈ કોણ છે અને કેવી છે; એ તો પતિતા છે.' (લૂક ૭, ૩૯).

ચાર, યહૂદા ઇશ્કરિયોતનો પિતા સિમોન. ફક્ત યોહાનકૃત શુભસંદેશમાં જ સિમોન ઇશ્કરિયોતની વાત આવે છે. યહૂદા ઇશ્કરિયોત ઈસુના બાર શિષ્યોમાંનો એક હતો. બાર શિષ્યોમાં યહૂદાને એક અગત્યનું કામ સોંપવામાં આવ્યું હતું. ઈસુ અને એમના શિષ્યો માટે વાપરવાના પૈસાની પેટી સિમોન ઇશ્કરિયોતના દીકરા યહૂદાને સોંપવામાં આવી હતી. છતાં યહૂદા ઇશ્કરિયોતે નાણાં માટે ઈસુને દગો દીધો હતો.

એક વાર ઈસુએ આડકતરી રીતે બાર શિષ્યો સાથેની વાતચીતમાં યહૂદાનો ઉલ્લેખ કર્યો હતો. 'મેં' તમને બાર જણને પસંદ નથી કર્યા? છતાં તમારામાંનો જ એક સેતાન છે.' (યોહાન ૬, ૭૦). ઈસુએ કરેલા ઉલ્લેખનો યોહાને ખુલાસો કર્યો છે: 'એમના મનમાં સિમોન ઇશ્કરિયોતનો દીકરો યહૂદા હતો; કારણ, તે એમને દગો દેવાનો હતો, અને તે બારમાંનો એક હતો' (યોહાન ૬, ૭૧).

સિમોન ઇશ્કરિયોતના નામ પરથી ખાઇબલના પંડિતોના કહેવા મુજબ 'ઇશ્કરિયોત'નો અર્થ 'કરિયોત'ના માણસ એવો થાય છે. એટલે દગાખોરનું કુટુંબ દક્ષિણ યહૂદિયામાં આવેલા કરિયોત ગામમાં આવેલું હશે.

યોહાનના શુભસંદેશમાં સિમોન ઇશ્કરિયોતનું નામ ત્રણ વાર આવે છે અને ત્રણેય વખત એ ઉલ્લેખ એમના દીકરા યહૂદાના નામ સાથે આવે છે.

પાંચ, કૂરેને ગામનો સિમોન. પ્રથમ ત્રણ શુભસંદેશોમાં કૂરેને ગામના સિમોનની વાત આવે છે. તેઓ કંઈક કામ માટે કૂરેને ગામથી યરુશાલેમ શહેરમાં આવ્યા હશે. એવામાં પિલાતના મહેલમાંથી સિપાઈઓ ઈસુને એમના ખભે ક્રૂસ લાધીને ગુલગાથા તરફ લઈ જતા હતા. સિપાઈઓને લાગ્યું કે કોરડાના મારથી અને અન્ય સતામણીથી થાકેલા ઈસુ

કદાસ ક્રૂસ ઊંચકીને ગુલગાથા સુધી પહોંચતા પહેલાં મૃત્યુને શરણે થશે. એટલે તેઓ ક્રૂસ ઊંચકીને ઈસુને મદદ કરવા માટે સિમોનને વેઠે પકડે છે. માથ્થીના શબ્દોમાં કહીએ તો, 'તેઓ બહાર નીકળતા હતા એવામાં કૂરેને ગામનો વતની સિમોન નામનો માણસ તેમને મળ્યો. તેને તેમણે ઈસુનો ક્રૂસ ઉપાડી લેવા વેઠે પકડ્યો.' (માથ્થી ૨૭, ૩૨).

કૂરેને ગામના સિમોનની વધુ ઓળખાણ આપતાં માર્કે નોંધ્યું છે કે તેઓ 'સિકંદર અને રૂફસનો બાપ' હતા (માર્ક ૧૫, ૨૧). લૂકકૃત શુભસંદેશમાં કૂરેનેના સિમોનને સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે. 'તેઓ ઈસુને લઈને જતા હતા, એવામાં ગામડેથી પાછા વળતા કૂરેને ગામના સિમોન નામના એક માણસને તેમણે પકડ્યો અને કૂસ તેના ઉપર ચડાવી દઈ ઈસુની પાછળ પાછળ આવવા કહ્યું.' (લૂક ૨૩, ૨૬).

ત્રણેય શુભસંદેશકારો માથ્થી, માર્ક અને લૂક જણાવે છે તેમ, સૂબાના સિપાઈઓના દબાણથી કૂરેને ગામના સિમોન ઈસુનો ક્રૂસ પોતાના ખભા પર ચડાવીને ઈસુની પાછળ ગયા છે.

છ, મંત્રવિદ્યાવાળો સિમોન. પોતાના જંતરમંતરથી લોકોને અચંબામાં નાખી દેનાર સિમોનની વાત ફક્ત 'પ્રેષિતોનાં ચરિતો'માં આવે છે. 'પ્રેષિતોનાં ચરિતો'ના આઠમા અધ્યાયમાં એમનો પરિચય આપવામાં આવ્યો છે. 'સિમોન નામનો એક માણસ પહેલેથી એ શહેરમાં જંતરમંતરના પ્રયોગો કરતો આવ્યો હતો, અને તેણે શમરુનના લોકોને અચંબામાં નાખી દીધા હતા, અને પોતે કોઈ મહાપુરુષ હોય એવો દાવો કરતો હતો. નાનાથી માંડીને મોટા સુધી સૌ તેનું સાંભળતા હતા અને કહેતા હતા, 'આ માણસ જેને 'મહાશક્તિ' કહીએ એવી ઈશ્વરની શક્તિનો અવતાર છે.' લોકો તેનું એટલા માટે સાંભળતા હતા કે ઘણા લાંબા સમયથી તે તેમને પોતાની મંત્રવિદ્યાથી અચંબો પમાડતો આવ્યો હતો.' (પ્રે. ચ. ૮, ૯-૧ ૧).

યરુશાલેમમાં ધર્મસંઘ સામે ભારે અત્યાચારો શરૂ થયા ત્યારે આદિ ખ્રિસ્તીઓ યહૂદિયા અને શમરુનના પ્રદેશોમાં વેરાઈ ગયા. એમાં ફિલિપ શમરુનના શહેરમાં જઈને ખ્રિસ્તનો પ્રચાર કરવા લાગ્યા. ફિલિપનાં વચનો અને ચમત્કારોથી પ્રભાવિત થયેલા શમરુનનાં ઘણાં સ્ત્રી-પુરુષોએ ખ્રિસ્ત પરની શ્રદ્ધાથી સ્નાનસંસ્કાર લીધો. સિમોને પણ શ્રદ્ધાથી સ્નાનસંસ્કાર લીધો. 'સિમોનને પોતાને પણ શ્રદ્ધા બેઠી અને સ્નાનસંસ્કાર લીધા પછી તે ફિલિપની સાથે ને સાથે રહેતો, અને પરચા અને અદ્‌ભુત ચમત્કારો થતા જોઈને ચકિત થઈ જતો.' (પ્રે. ચ. ૮, ૧૩).

એટલામાં યરુશાલેમથી પીતર અને યોહાન શમરુનમાં આવ્યા. પીતરે અને યોહાને સ્નાનસંસ્કાર લીધેલા શમરુનીઓને માથે હાથ મૂક્યો, અને તેમને પવિત્ર આત્માની પ્રાપ્તિ થઈ. પીતર અને યોહાનના હાથ મૂકવાથી લોકોને પવિત્ર આત્માની પ્રાપ્તિ થાય છે તે જોઈને પ્રભાવિત થયેલા મંત્રવિદ્યાવાળા સિમોન એ જ શક્તિ મેળવવા માટે પીતરને નાણાં આપવા તૈયાર થયા. 'સિમોન તેમને પૈસા આપવા તૈયાર થયો અને કહેવા લાગ્યો, મને પણ આ શક્તિ આપો. જેથી જેને માથે હું હાથ મૂકું તેને પવિત્ર આત્માની પ્રાપ્તિ થાય.' (પ્રે. ચ. ૮, ૧૮૬-૧૯).

નાણાં આપીને પવિત્ર આત્માને ખરીદવાની વાતથી પીતર ક્ષોભ પામ્યા અને પીતરે સિમોનને કહ્યું, 'જહાનમમાં જાય તું ને તારા પૈસા! ઈશ્વરનું વરદાન પૈસાથી ખરીદી શકાય એવું તેં માન્યું જ શી રીતે? આ બાબતમાં તારો કશો લાગભાગ નથી, કારણ, તારું અંતઃકરણ પરમેશ્વર આગળ ચોખ્ખું નથી. એટલે તારી આ દુષ્ટતા માટે પશ્ચાત્તાપ કર અને પ્રભુને પ્રાર્થના કર, જેથી કદાચ તારા અંતરના આ બદઇરાદાની તને માફી મળે. હું તો

જોઉં છું કે તું હળાહળ વિષથી ભરેલો છે, અને પાપમાં જકડાયેલો છે. (પ્રે. ચ. ૮, ૨૦-૨૩).

'ત્યારે સિમોને કહ્યું, તમે મારે માટે પ્રભુને પ્રાર્થના કરો કે, તમે કહ્યું એમાંનું કશું મારા પર ન ગુજરે.' (પ્રે. ચ. ૮, ૨૪).

પીતરના સખત શબ્દોની સિમોન પર ઊંડી અસર થઈ. તેમણે પશ્ચાત્તાપ કર્યો.

સાત, સિમોન ચમાર. મંત્રવિદ્યાના સિમોનની જેમ સિમોન ચમારની વાત પણ ફક્ત 'પ્રેષિતોનાં ચરિતો'માં જ આવે છે. લોકોના આમંત્રણથી પીતર લુદાથી યાફા પહોંચ્યા. ત્યાં ટબીથા નામની એક શિષ્યા રહેતી હતી; એ બાઈનું આખું જીવન સત્કર્મ અને દાનધર્મમાં વીત્યું હતું. પણ તે બાઈ મરી ગઈ હતી. પીતરે પ્રાર્થના કરીને તેના શબ તરફ ફરીને કહ્યું, 'ટબીથા, ઊઠ!' પછી મૃત્યુમાંથી બેઠી થયેલી ટબીથાને પીતરે હાથના ટેકાથી ઊભી કરીને બધા ભક્તોને તેને જીવતી દેખાડી. (જુઓ પ્રે. ચ. ૯, ૪૦-૪૧).

આ પ્રસંગના અનુસંધાનમાં લૂકે નોંધ્યું છે કે, 'પીતર સિમોન નામના કોઈ ચમારને ત્યાં ઘણા દિવસ યાફામાં રહ્યો.' (પ્રે. ચ. ૯, ૪૩).

દરિયાકિનારે આવેલા સિમોન ચમારના ઘરની વાત પણ આપણને પ્રેષિતોનાં ચરિતોમાં જોવા મળે છે. કૈસરિયામાં રહેતા ભાવિક સેનાપતિ કર્નેલ્યુસને દૈવી દર્શનમાં એક દેવદૂતે આદેશ આપ્યો, 'હવે તું માણસોને યાફા મોકલીને સિમોન ઉર્ફે પીતરને તેડાવી મંગાવ. તે સિમોન ચમારને ત્યાં ઊતરેલો છે, જેનું ઘર દરિયાકિનારે આવેલું છે.' (પ્રે. ચ. ૧૦, ૫-૬).

પવિત્ર ભૂમિ ઇસ્રાયલની મુલાકાત લેતા યાત્રાળુઓને પ્રવાસના માર્ગદર્શકો પૌરાણિક યાફાના બંદર પાસે લઈ જાય છે અને ત્યાં સિમોન ચમારના ઘરનું સ્થળ બતાવે છે.

૨૫. પીતરની પત્ની અને સાસુ

કોઈ પણ પરિણીત પુરુષના જીવનમાં બે મહત્ત્વપૂર્ણ અને નોંધપાત્ર વ્યક્તિઓ તેની પત્ની અને સાસુ હોય છે. પ્રથમ ત્રણ શુભસંદેશકારો માથ્થી, માર્ક અને લૂકે ઈસુ પીતરના ઘરે ગયા અને તેમની સાસુને તાવમાંથી સાજી કરી એ વાત કરી છે.

આ રીતે શુભસંદેશ પીતરની સાસુની વાત કરે છે ત્યારે આપણે માની શકીએ કે પીતર પરિણીત પુરુષ છે અને તેની પત્ની જોડે પીતરની સાસુ પણ ઘરમાં છે. શુભસંદેશકારોએ આપણને આ બંને સ્ત્રીઓનાં નામો આપ્યાં નથી. પીતરની પત્નીનો તો સીધો ઉલ્લેખ પણ નથી. છતાં શુભસંદેશકારોએ જે વાત કરી છે તેમાંથી આપણે આ બંને સ્ત્રીઓ વિશે કેટલીક બાબતો કલ્પી શકીએ છીએ.

માથ્થીએ પોતાના શુભસંદેશમાં લખ્યું છે કે, 'ઈસુ પીતરના ઘરમાં ગયા, તો તેમણે તેની સાસુને તાવથી પથારીમાં પડેલી જોઈ. તેમણે તેનો હાથ પકડતાં જ તેનો તાવ ઊતરી ગયો, અને તે ઊઠીને ઈસુની સેવા કરવા લાગી.' (માથ્થી ૮, ૧૪-૧૫).

માર્કે કરેલી એની એ જ વાતની વિગતોમાં થોડોક તફાવત મળે છે. માર્કે લખ્યું છે કે, 'પછી સભાગૃહમાંથી નીકળીને તેઓ યાકોબ અને યોહાનને લઈને સિમોન અને આંદ્રિયાને ઘેર ગયા. સિમોનની સાસુ તાવથી પથારીવશ હતી, અને તરત જ લોકોએ ઈસુને તેની વાત કરી. ઈસુએ પાસે આવીને તેને હાથ પકડીને બેઠી કરી એટલે તેનો તાવ ઊતરી ગયો, અને તે તેમની સેવા કરવા લાગી.' (માર્ક ૧, ૨૯-૩૧).

લૂકે કરેલી એની એ જ વાત માથ્થી કરતાં માર્કે કરેલી વાત સાથે વધારે સામ્ય ધરાવે છે. 'સભાગૃહમાંથી નીકળીને ઈસુ સિમોનને ઘેર ગયા. સિમોનની સાસુને સખત તાવ આવેલો હતો. તે લોકોએ ઈસુને તેને સાજી કરવા વિનંતી કરી. તેમણે તેના ઉપર ઝૂકીને તાવને આજ્ઞા કરતાં તેનો તાવ ઊતરી ગયો અને તે એકદમ ઊભી થઈને તેમની સેવા કરવા લાગી.' (લૂક ૪, ૩૮-૩૯).

માર્કની વાત મુજબ ઈસુએ પીતરની સાસુને હાથ પકડીને બેઠી કરી. એટલે તેનો તાવ ઊતરી ગયો, અને તે તેમની સેવા કરવા લાગી. લૂકે આપેલી વિગતો મુજબ ઈસુએ પીતરની સાસુ ઉપર ઝૂકીને તાવને આજ્ઞા કરતાં તેનો તાવ ઊતરી ગયો અને તે એકદમ ઊભી થઈને તેમની સેવા કરવા લાગી. માર્કમાં ઈસુ તે સ્ત્રીનો હાથ પકડીને સાજી કરે છે અને લૂકમાં ઈસુ પીતરની સાસુ પર ઝૂકીને તાવને આજ્ઞા કરતાં તેનો તાવ ઊતરી જાય છે.

આપણે જાણીએ છીએ તેમ ઈસુના જાહેરજીવનમાં ઈસુનું પોતાનું ઘર નહોતું (જુઓ માથ્થી ૮, ૨૦). પોતાના જાહેરજીવન દરમિયાન ઈસુ પોતાના શિષ્યો સાથે ગામેગામ ફરીને ઈશ્વરના રાજ્યની ઘોષણા કરતા હતા. તે વખતે ઈસુ અને શિષ્યો જે ઘરમાં ખાવાનું અને માથું મેલવાનું ઠામ મળે ત્યાં રહેતા હતા.

ઈસુ એમના બે શિષ્યોના એટલે પીતર અને તેના ભાઈ આંદ્રિયાના ગામ કફરનહૂમના સભાગૃહમાં ઉપદેશ આપીને બે શિષ્યો યાકોબ અને તેના ભાઈ યોહાનની સાથે પીતરને ઘેર પહોંચ્યા. ત્યાં પોતરની સાસુને તાવથી પીડાતી જોઈને ઈસુએ એને

સાજી કરી અને તરત જ તે પોતાના ઘરે આવેલા બધા આગંતુકોની સેવા કરવા લાગી ગઈ.

આ પ્રસંગના વર્ણનમાં ત્રણેય શુભસંદેશકારોએ પીતરની પત્નીની વાત કરી નથી; પણ ફક્ત એમની સાસુની વાત કરી છે. કેમ? આપણે જાણીએ છીએ કે ઈસુ ગામેગામ ઉપદેશ કરતા હતા તે દરમિયાન કેટલીક ભાવુક સ્ત્રીઓ પણ ઈસુના શિષ્યો સાથે ગામેગામ જતી હશે અને તેમની જોઈતી વ્યવસ્થા પોતાનું ગાંઠનું ખર્ચીને કરતી હશે. આમ, પીતરની પત્ની ઈસુ અને શિષ્યો સાથે ફરતી હતી ત્યારે પીતરના ઘરની બધી વ્યવસ્થા અને યજમાનગીરી એમની સાસુ જ કરતી હશે. એટલે માર્કે પોતાના શુભસંદેશમાં ઈસુને ક્રૂસે ચડાવવામાં આવ્યા ત્યારે ખાસ નોંધ્યું છે કે, 'કેટલીક સ્ત્રીઓ પણ દૂર રહી રહી જોતી હતી' એ વર્ણનમાં કેટલીક સ્ત્રીઓનાં નામો આપ્યા પછી માર્કે ખાસ કહ્યું છે કે, 'ઉપરાંત ઈસુની સાથે યરુશાલેમ આવેલી બીજી ઘણી સ્ત્રીઓ પણ ત્યાં હતી.' (માર્ક ૧૫, ૪૦-૪૧). આ ઘણી સ્ત્રીઓમાં પીતરની પત્ની પણ એક હોઈ શકે.

પાઉલે કરિંથના ધર્મસંઘ પર લખેલા પહેલા પત્રમાંથી પણ આપણે માની શકીએ કે પીતરની પત્ની પણ ઈસુ અને તેમની ટુકડી સાથે ફરતી હતી. પોતાના બચાવમાં પોતાના ટીકાકારોને પાઉલ પૂછે છે કે, 'પ્રભુના ભાઈઓ અને કેફાની (પીતરની) પેઠે અમને પણ શું પોતાની ધર્મપત્નીને સાથે લઈ જવાનો અધિકાર નથી?' (૧ કરિંથ ૮, ૫). અહીં પાઉલ નિર્દેશ કરે છે કે પીતર પોતાની પત્નીને પણ સાથે લઈને ઈસુ જોડે ગામેગામ ફરતા હતા અથવા ઈસુના પુનરુત્થાન પછી નવા ખ્રિસ્તી પંથને આગેવાની પૂરી પાડતા પીતરની પડખે એમની પત્ની પણ રહેતી હતી.

પીતરે નવા કરારમાં લખેલા પોતાના પ્રથમ પત્રમાં આદર્શ સ્ત્રીને ચીતરી છે. કદાચ પીતરે પોતાની પત્ની અને સાસુના સ્ત્રી સ્વભાવનો નમૂનો પોતાના મનમાં રાખીને પ્રસ્તુત પત્ર લખ્યો હશે. પીતર લખે છે, 'પત્નીઓ, તમે તમારા પતિઓના કહ્યામાં રહેજો, જેથી તેમનામાં કોઈ શુભસંદેશને માનતા ન હોય તો તમારા એક શબ્દ પણ કહ્યા વગર, તમારા આદરયુક્ત પવિત્ર આચરણ માત્રથી જ, પ્રભુને માર્ગે ખેંચાઈ આવે. તમારો શણગાર બહારનો ન હોય, જેમ કે વેણી ગૂંથવી, સોનાનાં ઘરેણાં અને ભાતભાતનાં વસ્ત્રો પહેરવાં, પણ અંતરનો — ચારિત્ર્યનો — હજો. સૌમ્ય અને શાંત સ્વભાવ એ જ તમારો અવિનશ્વર અલંકાર હોય — એનું જ ઈશ્વરની નજરમાં ભારે મૂલ્ય છે. ઈશ્વરને આધારે રહેનારી પ્રાચીન કાળની પવિત્ર સ્ત્રીઓ પણ એ જ રીતે પોતાને શણગારતી હતી. તેઓ પતિના કહ્યામાં રહેતી હતી.' (૧ પીતર ૩, ૧-૫).

આપણે જાણીએ છીએ તેમ પીતર મિજાજી અને લાગણીવશ પુરુષ હતા. આ સ્વાભાવિક વિશિષ્ટતાને કારણે પીતરને પ્રથમ ખ્રિસ્તીઓને આગેવાની પૂરી પાડવામાં ઘણી મુશ્કેલીઓ નડી હશે. આવા સંદર્ભમાં પીતરની પત્ની અને સાસુએ એમને સ્ત્રી-સહજ સલાહસૂચન અને સાંત્વન પૂરાં પાડ્યાં હશે અને એમને યોગ્ય રસ્તે પ્રથમ ખ્રિસ્તી ધર્મસંઘને જરૂરી આગેવાની પૂરી પાડવામાં મદદ કરી હશે.

આપણે પીતર વિશે, એમની પત્ની તથા સાસુ વિશે જે કંઈ જાણીએ છીએ, તેમાંથી માની શકીએ કે પીતરની પત્ની તથા સાસુએ એમની સારી સારસંભાળ રાખી હશે અને પોતાનું ઘર સાચવતાં સાચવતાં અને ત્યાં આવતા મહેમાનોનો ઉમળકાથી આદરસત્કાર કર્યો હશે.

૨૬. પતિત સ્ત્રી

નવા કરારમાં કેટલાંક ખૂબ આકર્ષક પાત્રો છે. પણ તેમનાં નામ આપવામાં આવ્યાં નથી. લેખક અને ઇતિહાસકાર લૂક તેવા એક પાત્રને પોતાના શુભસંદેશમાં 'પતિત સ્ત્રી' કહીને ઓળખાવે છે.

ઈસુના મૃત્યુના થોડા વખત પહેલાં એમના પગે અત્તર લગાડવાની કે એમના માથા ઉપર અત્તર રેડવાની વાત જુદા જુદા શુભસંદેશકારોએ કરી છે. પણ દરેકની વાતમાં ખૂબ વૈવિધ્ય જોવા મળે છે. એટલે શુભસંદેશકારોએ જુદી જુદી સ્ત્રીઓ અને ભિન્નભિન્ન પ્રસંગોની વાતો કરી છે કે એક જ પ્રસંગની વાત વિભિન્ન રીતે કરી છે તે અંગે બાઇબલના પંડિતોમાં મતભેદ પ્રવર્તે છે.

અહીં હું લૂકે કરેલી પતિત સ્ત્રીની વાત એના જેવા બીજા બધા પ્રસંગોથી અને સ્ત્રીઓથી અલગ, ભિન્ન અને આગવી માનું છું. મોભાદાર માનવોની દૃષ્ટિએ પતિત સ્ત્રી ઈસુના સંપર્કમાં આવે, તે ખૂબ અજુગતો પ્રસંગ છે. છતાં દેખીતી રીતે ઈસુ એ પતિત સ્ત્રીને પોતાની પાસે આવકારે છે, પોતાના પગે અત્તર લગાડવા દે છે અને ચુંબન કરવા દે છે.

ઈસુને આમંત્રણ આપનાર ફરોશીની દૃષ્ટિએ ઈસુ જેવા પયગંબર, આવી પતિત સ્ત્રીને આવકારવામાં કે એને પોતાને અડવા દેવામાં કલંકિત થાય છે, બદનામ થાય છે.

ઈસુ પોતાને ઘરે પધારવાના છે એ વાત એમને આમંત્રણ આપનાર ફરોશી સિમોને પોતાના મિત્રોને કહી હશે અને જોતજોતામાં આડોશપાડોશમાં ફેલાઈ હશે. કોઈનો ન્યાય તોળ્યા વિના બધા લોકોને પોતાની પાસે પ્રેમ અને કરુણાથી આવકારતા ઈસુ વિશે પેલી પતિત સ્ત્રીએ અગાઉ સાંભળ્યું હશે. એટલે સિમોન ફરોશીને ત્યાં ઈસુ જમવા બેઠા છે એવું જાણીને પતિત સ્ત્રી કોઈની પરવા કર્યા વિના સીધી ઈસુ પાસે પહોંચી જાય છે.

પોતાને ઘેર પતિત સ્ત્રીને જોઈને સિમોન તો આભો જ બની ગયો. પણ પોતાના આદરણીય મહેમાન ઈસુને પતિત સ્ત્રીને આવકારતાં જોઈને તે પતિત સ્ત્રીને ક્શુંય કરી શક્યો નહીં, પણ મનમાં ને મનમાં ખૂબ ગુસ્સો અનુભવ્યો. ઈસુ સિમોનનો પ્રતિભાવ અને પતિત સ્ત્રી પ્રત્યેનો તેનો તીવ્ર અણગમો તરત જ પારખી ગયા. 'જે કાંઈ ગુપ્ત છે તે જાહેર થયા વગર રહેવાનું નથી.' (માથ્થી ૧૦, ૨૬), એમ કહેનાર ઈસુ સિમોનને ઉદ્દેશીને પતિત સ્ત્રીનો પ્રેમ અને સિમોનની યજમાનગીરીની ઊણપ તરફ એમની સાથે જમવા બેઠેલા બધા લોકોનું ધ્યાન દોરે છે, એટલું જ નહીં, પણ પેલી પતિત સ્ત્રીને કહે છે કે, 'તારાં પાપ માફ કરવામાં આવ્યાં છે... તારી શ્રદ્ધાએ તને ઉગારી લીધી છે, સુખેથી જા'.

લૂકકૃત શુભસંદેશમાં આવતી ફરોશી સિમોન અને પતિત સ્ત્રીની આખી વાત અહીં પ્રસ્તુત છે.

'એક ફરોશીએ ઈસુને પોતાને ત્યાં જમવા નોતર્યા, એટલે તેઓ તેને ઘેર જઈને ભાણે બેઠા. એટલામાં ફરોશીને ઘેર ઈસુ જમવા બેઠા છે એવું જાણીને, શહેરની એક પતિત સ્ત્રી સંગેમરમરની કૂપીમાં અત્તર લઈને આવી પહોંચી, અને પાછળ જઈને આંસુ

સારતી સારતી ઈસુને ચરણે પડી ગઈ. તેનાં આંસુથી તેમનાં ચરણ ભીંજાઈ ગયાં તે તેણે પોતાના વાળથી લૂછી નાખ્યાં. પછી તેણે ચરણ ચૂમી ચૂમીને અત્તર લગાડ્યું. આ જોઈને ઈસુને નોતરનાર ફરોશી મનમાં વિચાર કરવા લાગ્યો કે, 'જો આ માણસ ખરેખર પયગંબર હશે તો એને ખબર પડી જવી જોઈએ કે એને અડનાર આ બાઈ કોણ છે અને કેવી છે; એ તો પતિતા છે.'

આથી ઈસુએ તેને કહ્યું, 'સિમોન, મારે તને એક વાત કહેવી છે.'

ત્યારે તેણે કહ્યું, 'કહો ને, ગુરુજી.'

"એક શાહુકારનું બે જણ પાસે લેણું હતું; એક જણ પાસે પાંચસો રૂપામહોર અને બીજા પાસે પચાસ. પણ દેવું વાળવાનું તેમનું ગજું નહોતું એટલે શાહુકારે બંનેનું દેવું માફ કર્યું. તો બેમાંથી કોણ તેના ઉપર વધારે પ્રેમ રાખશે?"

સિમોને જવાબ આપ્યો, 'મારા ધારવા પ્રમાણે, જે માણસનું તેણે વધારે દેવું માફ કર્યું હતું તે.'

ઈસુએ કહ્યું, 'તારી ધારણા સાચી છે.' અને પેલી સ્ત્રી તરફ ફરીને તેમણે સિમોનને કહ્યું, 'આ બાઈને તું જુએ છે ને? હું તારા ઘરમાં આવ્યો, તેં મને પગ ધોવા પાણી ન આપ્યું, પણ એ બાઈએ પોતાનાં આંસુથી મારા પગ ભીંજવ્યા અને પોતાના વાળથી લૂછી નાખ્યા. તેં મને ચુંબન ન દીધું, પણ હું અંદર આવ્યો ત્યારથી એ મારી કદમબોસી કરી રહી છે. તેં મારા વાળમાં તેલ ન નાખ્યું, પણ એણે મારા પગે અત્તર લગાવ્યું છે. અને એટલે હું તને કહું છું કે, એનો આ ભર્યોભર્યો પ્રેમ પુરવાર કરે છે કે એનાં ઘણાં પાપોની એને માફી મળી છે. જેને ઓછું માફ થયું હોય છે તે ઓછો પ્રેમ બતાવે છે.'

પછી તેમણે તે બાઈને કહ્યું, 'તારાં પાપ માફ કરવામાં આવ્યાં છે.'

ત્યારે તેમની સાથે જમવા બેઠેલા માણસો માંહોમાંહે કહેવા લાગ્યા, 'આ કોણ છે કે પાપો પણ માફ કરે છે?'

પણ ઈસુએ તે બાઈને કહ્યું, 'તારી શ્રદ્ધાએ તને ઉગારી લીધી છે, સુખે જા.' (લૂક ૭, ૩૬-૫૦).

આ સમગ્ર વાતમાં આપણે પતિત સ્ત્રીની એક આગવી વિશેષતા જોઈ શકીએ છીએ. તે ઈસુને પ્રેમ અને કરુણાની મૂર્તિ તરીકે ઓળખે છે. એટલે સંગેમરમરની કૂપીમાં કીમતી અત્તર લઈને પોતાના ગામમાં આવેલા ઈસુને મળવા જાય છે. લોકો તેને પતિતા તરીકે જુએ છે. પણ તે કોઈની પરવા કરતી નથી. તે તો નિઃસંકોચપણે સિમોનના ઘરમાં પ્રવેશે છે અને પશ્ચાત્તાપથી ઈસુને ચરણે પડે છે. ઈસુ પતિત સ્ત્રીના ભર્યાભર્યા પ્રેમ અને પશ્ચાત્તાપને આવકારે છે અને એને માફી બક્ષે છે.

શુભસંદેશકાર માથ્થી અને માર્કે પણ લૂકે કરેલી પતિત સ્ત્રીની જેમ ઈસુના શરીર ઉપર અત્તર રેડનારી અનામી સ્ત્રીની વાત કરી છે. (જુઓ માથ્થી ૨૬, ૬-૧૩; માર્ક ૧૪, ૩-૯). આ બંને શુભસંદેશકારોએ કરેલી વાતમાં ઈસુના શિષ્યો કે લોકોએ કીમતી અત્તર વેચીને ગરીબોને મદદ કરવાને બદલે એનો દુરુપયોગ કરવા માટે અનામી સ્ત્રીની ટીકા કરી છે.

પણ ઈસુએ તો બંને વર્ણનોમાં અનામી બાઈનો બચાવ કર્યો છે. માથ્થી અને માર્કે લગભગ સરખા શબ્દોમાં ઈસુનો પ્રતિભાવ રજૂ કર્યો છે. 'પણ ઈસુએ કહ્યું, 'એને જેમ કરવું હોય તેમ કરવા દો... એણે તો મારા માટે બહુ સારું કામ કર્યું છે... એણે પહેલેથી જ મારા દેહને દફનની તૈયારીરૂપે અત્તર લગાડયું છે. હું તમને ખાતરીથી કહું છું કે, જગતભરમાં જ્યાં જ્યાં શુભસંદેશની ઘોષણા થશે ત્યાં ત્યાં આ બાઈએ મારે માટે જે કર્યું

છે તે પણ એના સ્મારક તરીકે જણાવવામાં આવશે.' (માર્ક ૧૪, ૬-૯).

ઈસુની આગાહી સાચી પડી છે કે ઈસુના સમયથી આજ સુધી આ અનામી બાઈની અનન્ય પ્રેમગાથા આપણે વાંચીએ છીએ અને એની કદર કરીએ છીએ.

૨૭. હેરોદિયાસ

ઈસુના અને એમના શિષ્યોના સમયમાં હેરોદ નામના રાજાઓ યહૂદિયામાં રાજસત્તા ચલાવતા હતા. હેરોદિયાસની વાત આપણને પ્રથમ ત્રણેય શુભસંદેશમાં જોવા મળે છે.

હેરોદિયાસ અરિસ્તોબુલુસની દીકરી હતાં અને અરિસ્તોબુલુસ મહાન હેરોદ અને મરિયમનો દીકરો હતો. હેરોદિયાસે પ્રથમ લગ્ન રોમમાં હેરોદ ફિલિપ સાથે કર્યાં હતાં. ત્યાર પછી ફિલિપને છોડીને તેમણે ફિલિપના સગા હેરોદ અંતિપાસ સાથે લગ્ન કર્યું. તેમને પ્રથમ લગ્નથી શલોમી નામે એક દીકરી હતી. ત્રણેય શુભસંદેશ જણાવે છે તેમ હેરોદિયાસે સ્નાનસંસ્કારક યોહાનનું નિકંદન કાઢવા માટે પોતાની દીકરી શલોમીનો ઉપયોગ કર્યો.

શુભસંદેશકાર માથ્થી તથા માર્કે હેરોદિયાસની યોહાન સામેની દુશ્મનાવટનું વિગતવાર વર્ણન કર્યું છે. શલોમી દ્વારા હેરોદિયાસના કહેવાથી જ હેરોદે સ્નાન-સંસ્કારક યોહાનનો શિરચ્છેદ કરાવ્યો હતો.

શુભસંદેશકાર માથ્થીના શબ્દોમાં સ્નાનસંસ્કારક યોહાનને મારી નાખવાનું હેરોદિયાસનું કાવતરું અને એમના શિરચ્છેદની આખી વાતનો ખ્યાલ મેળવીએ.

'આ અરસામાં રાજા હેરોદને કાને ઈસુની કીર્તિ પહોંચી. તેણે પોતાના દરબારીઓને કહ્યું, 'આ સ્નાનસંસ્કારક યોહાન છે. એ પાછા સજીવન થયા છે એટલે જ તો તે આવી ચમત્કારિક શક્તિઓ ધરાવે છે.'

'વાત એમ છે કે, હેરોદે પોતાના ભાઈ ફિલિપની પત્ની હેરોદિયાસને ખાતર યોહાનને પકડી જંજીર પહેરાવી કારાગારમાં નાખ્યા હતા; કારણ, યોહાને તેને કહ્યું હતું કે, 'તું એની સાથે રહે છે એ અધર્મ છે.' હેરોદને તેમને મારી નાખવાનું મન થયું. પણ તેને લોકોની બીક લાગી, કારણ, તેઓ યોહાનને પયગંબર માનતા હતા.

'પણ હેરોદની વરસગાંઠની ઉજવણી વખતે હેરોદિયાસની દીકરીએ બધા વચ્ચે નૃત્ય કરીને હેરોદને એવો તો ખુશ કર્યો કે તેણે તેને વરદાન આપ્યું, 'માગ, માગ; જે માગે તે આપું.'

'એટલે પોતાની માની શિખવણીથી તેણે કહ્યું, 'મને અત્યારે ને અત્યારે સ્નાનસંસ્કારક યોહાનનું માથું થાળીમાં મૂકીને આપો.'

'આ સાંભળી રાજાને ખૂબ દુ:ખ થયું; પણ પોતે વરદાન આપી બેઠો હતો. તેથી, સાથે બેઠેલાઓની શરમે, તેણે તેની માગણી પૂરી કરવાની આજ્ઞા ફરમાવી; અને કારાવાસમાં યોહાનનો શિરચ્છેદ કરાવ્યો. તેમનું માથું થાળીમાં લાવીને છોકરીને આપવામાં આવ્યું અને તે તેની મા પાસે લઈ ગઈ. ત્યાર પછી યોહાનના શિષ્યોએ આવીને તેમનું શબ લઈ જઈ તેને દફનાવ્યું, અને ઈસુને જઈને વાત કરી' (માથ્થી ૧૪, ૧-૧૨).

હેરોદિયાસની વાત આપણને જૂના કરારના એક ખૂબ નઠારા સ્ત્રીપાત્ર ઈઝબેલની યાદ દેવડાવે છે. રાજા આહાબની પત્ની ઈઝબેલે એક પડોશી ભાઈ નાબોથને મારી નાખવાનું કાવતરું રચ્યું અને રાજાની મદદથી એને મારી નખાવીને રાજમહેલ પાસે આવેલી

જમીન પચાવી પાડી. ઈઝબેલનાં આવાં નઠારાં કાર્યોને કારણે એનું નામ ક્રૂરતાનો પર્યાય બન્યું છે.

હેરોદ અંતિપાસની પડતી માટે પણ હેરોદિયાસ જ કારણભૂત નીવડયાં હતાં. સમ્રાટ ગાઈયુસ કલિગુલાએ હેરોદિયાસના ભાઈ અગ્રિપ્પાને રાજા નીમ્યો. હેરોદિયાસ પોતાના પતિ હેરોદ અંતિપાસ રાજા બને એમ ઇચ્છતા હતા અને એ માટે પતિ હેરોદ અંતિપાસ પર દબાણ કરતા હતા. પણ અગ્રિપ્પાએ હેરોદ અંતિપાસ પર છેતરપિંડીનો આરોપ મૂક્યો. હેરોદ અંતિપાસ પોતાની સામેના આરોપ સામે બચાવ કરી શક્યા નહીં. પરિણામે હેરોદ અંતિપાસને ફ્રાન્સમાં દેશનિકાલ કરવામાં આવ્યા. પતિના દેશનિકાલમાં પત્ની હેરોદિયાસ પણ સ્વેચ્છાએ પતિ સાથે દેશનિકાલમાં ગઈ. જ્યાં હેરોદ અંતિપાસ અને પત્ની હેરોદિયસ પોતાના જીવનના અંત સુધી રહ્યાં.

૨૮. ઈસુના ભાઇઓ: યૉસેફ અને યહૂદા

નવા કરારમાં પ્રથમ ત્રણ શુભસંદેશકારોએ ઈસુનાં ભાઈ-બહેનોની વાત કરી છે. ઈસુએ પોતાનાં ઘર અને ગામ છોડીને જાહેર જીવનની શરૂઆતમાં સ્નાનસંસ્કારક યોહાનને હસ્તે યર્દન નદીમાં સ્નાનસંસ્કાર લીધો હતો (માર્ક ૧, ૯). પછી ઈસુએ કેટલાક શિષ્યોને ભેગા કર્યા અને વિશ્રામવારને દિવસે સભાગૃહોમાં જઈને ઉપદેશ આપવા માંડ્યો. ઈસુના ઉપદેશથી અને ચમત્કારોથી લોક આશ્ચર્યચકિત થઈ જતા હતા અને કહેતા કે 'તેઓ શાસ્ત્રીઓની પેઠે નહીં, પણ કોઈ અધિકારી ષુરુષની પેઠે ઉપદેશ આપતા હતા.' (માર્ક ૧, ૨૨).

આમ, જાહેર જીવન દરમિયાન પ્રથમ વાર પોતાના શિષ્યો સાથે પોતાના વતન આવીને વિશ્રામવારને દિવસે ઈસુએ સભાગૃહમાં ઉપદેશ આપ્યો. સંખ્યાબંધ શ્રોતાઓ ઈસુના ઉપદેશથી પ્રભાવિત થયા ખરા, પણ માર્કે નોંધ્યું છે કે, 'તે લોકોને ઈસુ પર શ્રદ્ધા બેસતી નહોતી.'

આ સંદર્ભમાં માથ્થીકૃત અને માર્કકૃત શુભસંદેશોમાં આપણને ઈસુનાં ભાઈઓ અને બહેનોની વાત મળે છે. માથ્થી લખે છે: 'એ પેલા સુથારનો દીકરો નથી? એની માનું નામ મરિયમ નથી? અને યાકોબ, યૉસેફ, સિમોન તથા યહૂદા એના ભાઈઓ નથી? તો પછી એનામાં આ બધું આવ્યું ક્યાંથી? આમ, તેમને ઈસુ ઉપર શ્રદ્ધા બેસતી નહોતી.' (માથ્થી ૧૩, ૫૫-૫૭).

અને માર્ક લખે છે, 'આ બધું આ માણસમાં આવ્યું ક્યાંથી? અહો, આને આ શું જ્ઞાન પ્રાપ્ત થયું છે! એ આવા ચમત્કારો શી રીતે કરે છે? આ પેલો સુથાર નથી? પેલી મરિયમનો દીકરો? યાકોબ, યૉસેફ, યહૂદા અને સિમોનનો આ ભાઈ નથી? એની બહેનો અહીં આપણા ભેગી રહેતી નથી? (માર્ક ૬, ૨-૩).

અહીં માથ્થીએ ઈસુને સુથારનો દીકરો કહ્યા છે. પણ માર્કે ઈસુને 'સુથાર' કહ્યા છે. બંને શુભસંદેશકારોએ ઈસુના ચાર ભાઈઓનાં નામો આપ્યાં છે. પણ ઈસુની બહેનોનાં નામ કે એમની સંખ્યા આપી નથી. બાઇબલના પંડિતો કહે છે કે ઈસુના સમયમાં સ્ત્રીઓને સમાજ અને ધર્મમાં કોઈ સ્થાન નહોતું. એટલે જ બંને શુભસંદેશકારોની યાદીમાં ઈસુના ભાઈઓનાં નામો હોવા છતાં એમની બહેનોનાં નામો નથી.

આ ભાઈબહેનોના ઈસુ સાથેના સગપણ અંગે બાઇબલના જાણકારોમાં ખૂબ મતભેદ પ્રવર્તે છે. કેટલાક પંડિતો તેમને ઈસુનાં સગાં ભાઈબહેનો એટલે ઈસુની જેમ યૉસેફ અને મરિયમનાં સંતાનો માને છે. કેટલાંક માને છે કે ઈસુનાં આ ભાઈબહેનો યૉસેફના અગાઉનાં લગ્નથી થયેલાં સંતાનો છે. પણ આજે મોટા ભાગના બાઇબલના નિષ્ણાતો માને છે કે તેઓ ઈસુનાં કાકા, મામા, ફોઈ કે માસીનાં દીકરા-દીકરીઓ છે. ગુજરાતમાં તો એક જ ગામનાં સૌ દીકરા-દીકરીઓને એકબીજાનાં ભાઈબહેનો ગણવામાં આવે છે.

ઈસુનો જન્મ એશિયાના ઇસ્રાયલ દેશમાં થયો છે. એટલે આપણે એશિયાના

સંદર્ભમાં વિચાર કરીએ તો ઈસુનાં ભાઈબહેનોને એમનાં કાકા-ફોઈ કે મામા-માસીનાં સંતાનો તરીકે સ્વીકારવાં યોગ્ય લાગે છે. બાઇબલના પ્રખર પંડિત જેરોમ આ મતના હતા.

જો ઈસુનાં આ ભાઈબહેનો એમનાં સગાં ભાઈબહેનો હોત તો ઈસુને ક્રૂસ પરથી પોતાનાં માતા મરિયમને પોતાના શિષ્ય યોહાનને સોંપવાની જરૂર ન પડત. આપણે માનીએ છીએ કે ઈસુનાં ભાઈબહેનો એમની નજીકનાં સગાંસંબંધીઓ હતાં.

ઉપરોક્ત નામથી ઓળખાવેલા ઈસુના ચારેય ભાઈઓમાં યાકોબ વિશે સ્વતંત્ર લેખ છે. જયારે સિમોનની વાત પણ 'સિમોન' નામવાળા નવા કરારમાં આઠ પાત્રો સાથે થઈ છે.

અહીં યૉસેફ અને યહૂદાની થોડી વાત કરીએ. પ્રથમ બે શુભસંદેશોમાં ઈસુના ભાઈ યૉસેફ અંગે આપણને કેટલાક ઉલ્લેખો મળે છે. પ્રથમ ઉલ્લેખમાં આપણે જોયું છે તેમ ઈસુના ચાર ભાઈઓની યાદીમાં છે (માથ્થી ૧૩, ૫૫). બીજો ઉલ્લેખ ઈસુના ક્રૂસ પાસે ઊભેલી સ્ત્રીઓની યાદીમાં છે. 'એમાં મગ્દલાની મરિયમ, યાકોબ અને યૉસેફની મા મરિયમ અને ઝબદીના પુત્રોની મા પણ હતી.' (માથ્થી ૨૭. ૫૬). માર્કકૃત શુભસંદેશમાં પણ આ બંને ઉલ્લેખો છે.

યૉસેફના નામનો છેલ્લો ઉલ્લેખ માર્કે ઈસુની દફનવિધિના પ્રસંગે કર્યો છે. 'મગ્દલાની મરિયમ અને યૉસેફની મા મરિયમ ઈસુને ક્યાં દફનાવે છે તે જોયા કરતી હતી.' (માર્ક ૧૫, ૪૭).

યૉસેફ્ના નામ અંગેના આ ઉલ્લેખો સિવાય ઈસુના ભાઈ યૉસેફ વિશે આપણી પાસે કોઈ માહિતી નથી. પણ ઈસુના ભાઈ યહૂદા વિશે આપણને વધારે માહિતી મળે છે. કારણ, નવા કરારમાં એક પત્ર એમના નામે છે.

ગ્રીક ભાષામાં યહૂદા નામનો અર્થ સ્તુતિ થાય છે. હિબ્રૂ ભાષામાં યહૂદા કે યૂદનું નામ ખૂબ લોકપ્રિય છે. 'યહૂદાના પત્ર'માં લેખક પોતાની જાતની ઓળખાણ કરાવે છે, 'લિખિતંગ ઈસુ ખ્રિસ્તનો બંદો, યાકોબનો ભાઈ યહૂદા.' (યહૂદા ૧, ૧). અહીં યહૂદા પોતાના ભાઈ યાકોબનો ઉલ્લેખ કરે છે કારણ, આદિ ખ્રિસ્તીઓમાં યાકોબ યરુશાલેમ ખાતે ધર્મસંઘના અગ્રણી તરીકે ખૂબ જાણીતા આગેવાન હતા.

આપણે જોયું છે તેમ ઈસુના ભાઈઓની યાદીમાં બંને શુભસંદેશકારો માથ્થી અને માર્કે 'યહૂદા'ના નામનો સમાવેશ કર્યો છે. ઈસુના ભાઈ યહૂદા ઈસુના પ્રેષિત શિષ્ય યહૂદાથી ભિન્ન છે. એટલે જ ચારેય શુભસંદેશકારોએ પ્રેષિત યહૂદાના નામ સાથે હંમેશાં ઈસુને દગો દીધો હતો તે યહૂદા ઇશ્કરિયોત એમ લખ્યું છે. (માથ્થી ૧૦, ૪; માર્ક ૩, ૧૯ અને લૂક ૬,૧૬).

પોતાના પત્રમાં યહૂદાએ યહૂદી ધર્મમાંથી ઈસુના શિષ્ય બનેલા લોકોને પોતાના પરંપરાગત ધર્મસિદ્ધાંતોને વળગી રહેવા અનુરોધ કર્યો છે. યહૂદા લખે છે, 'મને લાગ્યું કે, જે ધર્મસિદ્ધાંતો પુણ્યજનોને કાયમ માટે સોંપવામાં આવેલા છે તેના રક્ષણ માટે ઝૂઝવા પ્રેરતો પત્ર તમને લખવાની જરૂર છે.' (યહૂદા ૧,૩).

ફક્ત એક જ પ્રકરણવાળા યહૂદાના નાના પત્રને અંતે ઈશ્વરનું સુંદર મહિમાસ્તોત્ર છે. 'અંતમાં જે તમને પતનમાંથી બચાવવાને સમર્થ છે, અને પોતાના મહિમાના દરબારમાં તમને નિર્દોષ અને આનંદથી ભર્યા ભર્યા રજૂ કરી શકે એમ છે, તે એક અને અદ્વિતીય ઈશ્વરનાં - આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા આપણો ઉદ્ધાર કરનારનાં - મહિમા, પ્રતાપ, આધિપત્ય અને અધિકાર યુગારંભ પૂર્વે, અત્યારે અને સર્વ ભાવિ યુગોમાં વ્યાપી રહો! અસ્તુ.' (યહૂદા ૧, ૨૪-૨૫).

યાકોબના પત્રની જેમ યહૂદા પણ પોતાના પત્રમાં ઈસુના ભાઈ તરીકેના એમના સંબંધનો કોઈ ઉલ્લેખ કરતા નથી. પણ આપણે જાણીએ છીએ કે, ‘નવા કરાર’માં ઘણા પત્ર લખનાર સંત પાઉલે તેમને ઈસુના ભાઈઓ તરીકે ઓળખાવ્યા છે.

૨૯. યાકોબ, ઇસુનો ભાઇ

નવા કરારમાં યાકોબ નામે ૬ પાત્રો છે. એમાંથી બે યાકોબનાં નામ ઈસુના બાર શિષ્યોમાં આવે છે. એક, ઝબદીનો દીકરો યાકોબ અને બે, અલ્ફીનો દીકરો યાકોબ. આ બંને પાત્રો વિશે અલગ લખાણો આગળ આવી ગયાં છે. અહીં ઈસુના ભાઈ યાકોબની વાત પ્રસ્તુત છે.

માથ્થીકૃત શુભસંદેશમાં આપણને ઈસુના ચાર ભાઈઓનાં નામો મળે છે. ઈસુનાં દૃષ્ટાંતોથી આશ્ચર્યચકિત થયેલા એમના ગામ નાસરેથના લોકો ઈસુ વિશે કહેવા લાગ્યા, 'એ પેલા સુથારનો દીકરો નથી? એની માનું નામ મરિયમ નથી? અને યાકોબ, યૉસેફ, સિમોન તથા યહૂદા એના ભાઈઓ નથી? અને એની બહેનો બધી આપણી ભેગી રહેતી નથી?' (માથ્થી ૧૩, ૫૫-૫૬).

બાઇબલના પંડિતો માને છે કે 'ઈસુના ભાઈઓ' એટલે કાં તો એમના સાવકા ભાઈઓ હશે કે કાં તો એમના કાકા-મામા અથવા ફોઈ-માસીના દીકરાઓ હશે. એશિયાની સંસ્કૃતિને ધ્યાનમાં લઈને હું માનું છું કે 'ઈસુના ભાઈઓ' એટલે એમના કાકા-મામાના અથવા તો એમની ફોઈ-માસીના દીકરાઓ. જો યાકોબ અને બીજા ત્રણ ભાઈઓ ઈસુના સગા ભાઈઓ હોત તો આપણને એમના વિશે શુભસંદેશોમાં તથા 'પ્રેષિતોનાં ચરિતો'માં સીધી કે આડકતરી રીતે વધારે માહિતી મળી હોત. બાઇબલમાં ભાઈઓ અને બહેનો માટેના ઘણા બધા ઉલ્લેખો જોતાં આપણે માની શકીએ કે આ બધા ઉલ્લેખો નજીકના સંબંધ બતાવવા માટેના પ્રયોગો છે. એટલે એમને ઈસુનાં સગાં ભાઈ-બહેનો એટલે એક જ મા-બાપનાં સંતાનો માનવાની જરૂર નથી.

આપણે જાણીએ છીએ કે ઈસુના ભાઈ યાકોબ આદિ ખ્રિસ્તીઓના ઇતિહાસમાં નોંધપાત્ર ભાગ ભજવનાર પ્રેષિત હતા. પાઉલે પુનરુત્થાન પછી ઈસુએ યાકોબને દર્શન દીધાની વાત કરી છે. 'ત્યાર પછી તેમણે યાકોબને અને પછી બધા પ્રેષિતોને દર્શન દીધાં હતાં.' (૧ કરિંથ ૧૫, ૭).

યરુશાલેમનાં આદિ ખ્રિસ્તીઓના આગળ પડતા આગેવાન તરીકે યાકોબની નામના છે. સંત પાઉલના આત્મકથાત્મક લખાણ, ગલાતિયાના પત્રમાં તેમણે યાકોબ માટે 'પ્રભુના ભાઈ' શબ્દપ્રયોગ કર્યો છે. જ્યારે પાઉલે યરુશાલેમ જઈને પીતર સાથે બે અઠવાડિયાં ગાળ્યાં હતાં ત્યારે તેમણે પીતર સિવાય આગેવાનોમાં ફક્ત યાકોબની મુલાકાત કરી હતી. 'પછી ત્રણ વર્ષ બાદ, કેફાની (પીતરની) મુલાકાતે હું યરુશાલેમ ગયો હતો, અને પંદર દિવસ તેમની સાથે રહ્યો હતો; પણ બીજા કોઈ પ્રેષિતને મળ્યો નહોતો, એક પ્રભુના ભાઈ યાકોબ સિવાય.' (ગલાતિયા ૧, ૧૮-૧૯). દેખીતી રીતે પીતર પછી યરુશાલેમમાં યાકોબ જ સૌથી મહત્ત્વના આગેવાન હતા.

જ્યારે પીતર હેરોદના કેદખાનામાંથી ચમત્કારિક રીતે મુક્ત થયા ત્યારે પીતરે સીધા યોહાન માર્કની મા મરિયમને ઘેર જઈને ત્યાં એમને માટે પ્રાર્થના કરતા લોકોને પોતાની મુક્તિના સમાચાર આપ્યા હતા. પછી ત્યાંથી બીજે જતાં પીતરે ત્યાંના લોકોને એક વિનંતી

કરી હતી કે, 'યાકોબને અને ધર્મબંધુઓને આ વાત કરજો.' (પ્રે. ચ. ૧૨, ૧૭). આ વાત બતાવે છે કે યરુશાલેમ ધર્મસંઘમાં યાકોબનું આગવું સ્થાન હતું.

પાઉલ પ્રથમ વાર પીતર અને યાકોબને યરુશાલેમ ખાતે મળ્યા પછી ૧૪ વર્ષ બાદ પાઉલ યરુશાલેમ પરત ફર્યા હતા. એ મુલાકાતની વાત કરતાં પાઉલે યાકોબને યરુશાલેમ ધર્મસંઘનો પાયો કે સ્તંભ ગણ્યા હતા. આપણે ગલાતિયાના ધર્મસંઘ પ્રત્યેના પાઉલના પત્રમાં વાંચીએ: 'વળી, ઈશ્વરે મને બક્ષેલી કૃપાની એમને ખાતરી થઈ એટલે ધર્મસંઘના સ્તંભ ગણાતા યાકોબ, કેફા અને યોહાને મારી અને બાર્નાબાસની સાથે સહકાર્યકર તરીકે હાથ મેળવ્યા, અને અમારે બિનયહૂદીઓમાં અને તેમણે યહૂદીઓમાં જવું, એ વાતનો સ્વીકાર કર્યો.' (ગલાતિયા ૨, ૯).

આદિ ખ્રિસ્તી ધર્મસંઘમાં મોશેના કાયદા પ્રમાણે નહીં વર્તનાર વિધર્મીઓમાંથી ઈસુને અનુસરતા થયેલા ખ્રિસ્તીઓનો યહૂદી ખ્રિસ્તીઓ સુન્નત જેવી બાબતોમાં ખૂબ વિરોધ કરતા હતા. પાઉલ ઇચ્છતા નહોતા કે વિધર્મી ખ્રિસ્તીઓ યહૂદી ખ્રિસ્તીઓની જેમ મોશેના કાયદાને અનુસરે. યાકોબે પાઉલની આ વાત બરાબર સમજી લીધી હતી. યાકોબની અંગત પવિત્રતા તથા તેમના રાજનૈતિક જ્ઞાનને કારણે તેઓ યહૂદી ખ્રિસ્તીઓ તથા બિનયહૂદી ખ્રિસ્તીઓ માટે સ્વીકારપાત્ર ધાર્મિક આગેવાન પુરવાર થયા હતા.

જ્યારે યહૂદી ખ્રિસ્તીઓ અને બિનયહૂદી ખ્રિસ્તીઓ વચ્ચેના સૈદ્ધાંતિક મતભેદના ઉકેલ માટે યરુશાલેમ ખાતે પ્રથમ ધર્મપરિષદ મળી હતી ત્યારે યાકોબે આગેવાની લઈને પોતાનો નિર્ણય જાહેર કરતાં કહ્યું, 'આથી મારો મત તો એવો છે કે, જે બિનયહૂદીઓ ઈશ્વર પ્રત્યે વળે છે તેમને વિશેષ તકલીફમાં મૂકવા નહીં, પણ તેમને લખી દેવું કે, 'મૂર્તિથી ભ્રષ્ટ થયેલું નૈવેદ્ય, લોહી કે ગૂંગળાવી મારેલાં લોહી સાથેનાં પ્રાણીઓ ખાવાં નહીં, અને નિષિદ્ધ લગ્નસંબંધોથી દૂર રહેવું." (પ્રે. ચ. ૧૫, ૧૯, ૨૧, ૨૫).

'ઑલ ધ મૅન ઑફ ધ બાઇબલ'ના લેખક હેરબર્ટ લોકીયર જેવા બાઇબલના કેટલાક પંડિતો માને છે કે આ ઈસુના ભાઈ યાકોબ જ 'યાકોબનો પત્ર'ના લેખક છે. પરંતુ એ બાબતમાં બાઇબલના નિષ્ણાતોમાં મતભેદ છે. તેમ છતાં યાકોબ યરુશાલેમ ધર્મસંઘના અગ્રણી હતા, તે બાબતમાં મતભેદ નથી.

ઇતિહાસકારો જૉસેફુસ (Josephus) અને હેગેસિપ્પુસ (Hegesippus) મુજબ ઈસુના ભાઈ યાકોબ શહીદ થયા હતા. વડા પુરોહિતો તથા ધાર્મિક અદાલતની ઉશ્કેરણીથી યાકોબને મંદિરની ઊંચી દીવાલ પરથી નીચે કિદ્રોન ખીણમાં ફેંકી દેવામાં આવ્યા હતા. પછી ખીણમાં જ પથ્થરમારા અને ગદામારથી એમના દુશ્મનોએ યાકોબને મારી નાખ્યા હતા.

૩૦. બરબ્બાસ

બરબ્બાસ બાઇબલના ચારેય શુભસંદેશમાં આવતું એક ગૌણ પણ નોંધનીય પાત્ર છે.

સંત માથ્થીકૃત શુભસંદેશમાં બરબ્બાસને 'એક નામીચો કેદી' તરીકે ઓળખાવાયા છે. માથ્થીકૃત શુભસંદેશમાં બરબ્બાસનું નામ પાંચ વાર આવે છે.

સંત માર્ક પોતાના શુભસંદેશમાં બરબ્બાસ વિશે કહે છે કે, 'બળવા દરમિયાન જેમણે ખૂન કર્યું હતું એવા બળવાખોરો સાથે બરબ્બાસ નામે એક માણસ હાજતમાં હતો.' માર્કકૃત શુભસંદેશમાં બરબ્બાસનું નામ ત્રણ વાર આવે છે.

બરબ્બાસનો પરિચય આપતાં સંત લૂક કહે છે, 'બરબ્બાસને શહેરમાં થયેલા હુલ્લડ અંગે અને ખૂનને માટે કેદમાં પૂરવામાં આવ્યો હતો.' સંત લૂકકૃત શુભસંદેશમાં પણ બરબ્બાસનું નામ ત્રણ વાર આવે છે.

સંત યોહાનકૃત શુભસંદેશ મુજબ બરબ્બાસ એક લૂંટારા હતા. પિલાતે યહૂદીઓના મોટા તહેવાર પાસ્ખા નિમિત્તે 'યહૂદીઓના રાજા' ઈસુને છોડી મૂકવાની વાત કરી ત્યારે સંત યોહાન કહે છે, ટોળાના લોકો 'બૂમ પાડી ઊઠ્યા, એને નહીં, બરબ્બાસને!' બરબ્બાસ એક લૂંટારો હતો. સંત યોહાન પોતાના શુભસંદેશમાં ફક્ત બે વાર બરબ્બાસનું નામ લે છે.

બરબ્બાસ એ અરામી ભાષામાંથી આવેલું ગ્રીક નામ છે. એનો અર્થ 'બાપનો દીકરો' થાય છે. યહૂદીઓના મોટા તહેવાર પાસ્ખા વખતે ઇસ્રાયલમાં કોઈ એક રાજદ્વારી કેદીને છોડી મૂકવાનો રિવાજ હતો. એ રિવાજને અનુસરીને રોમન સૂબા પોન્તિયુસ પિલાતે ઈસુને છોડી મૂકવાની દરખાસ્ત મૂકી. પરંતુ યહૂદી પ્રજાના મુખ્ય પુરોહિતોએ લોકોને ઈસુને બદલે બરબ્બાસને છોડી મૂકવાની માગણી કરવાને ઉશ્કેર્યા.

પછી માથ્થી, માર્ક અને લૂકે લગભગ એકના એક જ શબ્દોમાં લખ્યું છે કે, 'પિલાતે લોકોની માગણી પ્રમાણે બરબ્બાસને છોડી મૂકયો અને ઈસુને કોરડા મરાવી ક્રૂસે ચડાવવા માટે સોંપી દીધા.' (માથ્થી ૨૭, ૨૬).

સંત યોહાનના નોંધ્યા મુજબ પિલાતે ઈસુની ઊલટતપાસ કરી હતી. વિશ્રામવારનો આગલો દિવસ હોવાને કારણે તે વખતે યહૂદી લોકો અભડાય નહીં તે માટે રાજભવનની બહાર ઊભા રહ્યા હતા. એટલે પિલાતે એમની પાસે જઈને એકરાર કર્યો હતો. 'મને આ માણસમાં કંઈ દોષ દેખાતો નથી.' (યોહાન ૧૮, ૩૮)

સંત માર્કે કહ્યું છે તેમ, 'પિલાત જાણતો હતો કે કેવળ અદેખાઈને લીધે મુખ્ય પુરોહિતોએ ઈસુને હવાલે કર્યા હતા.' એટલે ઈસુને બચાવી લેવાના હેતુથી પિલાતે લોકોને કહ્યું, 'જુઓ, તમારામાં એવો રિવાજ છે કે, પાસ્ખાના પર્વ ઉપર તમારા કહેવા પ્રમાણે મારે એક માણસને છોડી મૂકવો. તો હું યહૂદીઓના રાજાને છોડી મૂકું? તમારી શી ઇચ્છા છે?' (યોહાન ૧૮, ૩૯)

એટલે લોકો ફરી બૂમ પાડી ઊઠ્યા, 'એને નહીં, બરબ્બાસને!' બરબ્બાસ એક

લૂંટારો હતો. સંત યોહાનકૃત શુભસંદેશમાં ભલે બરબ્બાસને 'લૂંટારો' કહેવાયો હોય, પણ દેખીતી રીતે અમુક લોકોનો બરબ્બાસ હીરો હોય એવું એમની બૂમો પરથી દેખાય છે.

બાઈબલના પંડિતો કહે છે કે, 'ઘણાખરા લોકો માને છે કે બરબ્બાસ 'જહાલ' ટુકડીના સભ્ય હોવા જોઈએ. 'કમાન્ડો' કે 'ગેરિલા'ના જેવી રીતભાત અપનાવતા 'જહાલ' ટુકડીના લોકો ઇસ્રાયલ ઉપર હકૂમત ચલાવતા રોમના સત્તાધારીઓને રાજ્યમાંથી ભગાડવાનાં કામો ચોરીછૂપીથી કરતા હતા. 'જહાલ'ના નામે ઓળખાતા રાષ્ટ્રવાદી લોકો ઈસ્વીસન પૂર્વેની પહેલી અને બીજી સદીથી ઈસ્વીસન ૭૩માં યરુશાલેમનો વિનાશ થયો ત્યાં સુધી રોમનો સામે બળવો પોકારતા રહ્યા હતા.' '(મોશેની) નિયમસંહિતા સિવાય અન્ય કોઈ કાયદાકાનૂન નહીં - ઈશ્વર સિવાય અન્ય કોઈ રાજા નહીં' એમ 'જહાલ' ટુકડીના રાષ્ટ્રભિમાની યહૂદીઓ માનતા હતા. તેઓ વધુ અને વધુ હિંસક બની ગયાનો ઐતિહાસિક પુરાવો મળી રહે છે.

સૂબાના રાજભવન આગળ 'બરબ્બાસને છોડી દો'નો પોકાર કરતા લોકો પરદેશી રોમનસત્તા સામે બળવો કરનાર બરબ્બાસના અનુયાયીઓ હોઈ શકે છે. તે જનમેદની માટે બરબ્બાસ કોઈ ચોર લૂંટારો ન હોય પણ એમને વિદેશી સત્તામાંથી રાજકીય મુક્તિ તરફ દોરી જનાર ક્રાન્તિકારી બળવાખોર 'હીરો' હોઈ શકે છે.

૩૧. હાન્ના, એક સમર્થ પયગંબર

હાન્ના 'નવો કરાર'નાં પયગંબર છે, પરંતુ તેઓ 'જૂનો કરાર'ના મોશેની બહેન મરિયમ (મહાપ્રસ્થાન ૧૫, ૨૦), દબોરા (કાજીઓ ૪, ૧૦) તથા હુલદા (૨ રાજાઓ ૨૨, ૧૪) જેવા પયગંબર છે. હાન્ના નામનો અર્થ 'તરફેણ' કે 'દયા' એવો થાય છે.

લૂકનો શુભસંદેશ ખૂબ ટૂંકમાં હાન્નાનું એક ઉત્તમ ચિત્ર રજૂ કરે છે. 'આશેર કુળના ફનુએલની દીકરી હાન્ના નામે એક પયગંબર પણ ત્યાં હતી. તે ખૂબ ઘરડી હતી. લગ્ન પછી સાત વરસ તે પતિ સાથે રહી હતી, અને ત્યાર પછી ચોર્યાસી વરસની થતાં સુધી વિધવા તરીકે એકલી રહેતી આવી હતી. તે કદી મંદિર છોડીને જતી નહોતી પણ ઉપવાસ અને પ્રાર્થના કરતી રાત-દિવસ ભક્તિમાં લીન રહેતી હતી. આ જ ક્ષણે ત્યાં આવી પહોંચીને તેણે ઈશ્વરની સ્તુતિ કરી અને જેઓ યરુશાલેમની મુક્તિની રાહ જોતા હતા તેમને સૌને ઈસુ સંબંધે વાતો કરી.' (લૂક ૨, ૩૬-૩૮).

હાન્ના પયગંબર તરીકે ઓળખાય છે. પયગંબરનું કાર્ય દિવ્ય સંદેશ ફેલાવવાનું છે. ઘટનાની પહેલાં અને પછીની વાતોનું જ્ઞાન હાન્નાને મળ્યું છે અને તેના દ્વારા ઈશ્વર અન્યોને પોતાનો દિવ્યસંદેશ પહોંચાડે છે.

હાન્નાની ગણતરી એવા પયગંબરોની પંક્તિમાં થાય છે કે જેમણે પેઢી દર પેઢી મસીહના આગમનની સતત ઘોષણા કરી છે. પ્રભુના આત્માની પ્રેરણાથી હાન્ના મંદિરમાં એ જ સમયે આવી કે જ્યારે ઈસુનાં મા-બાપ તેમને ઈશ્વર ચરણે અર્પણ કરવા લઈ આવ્યાં હતાં.

બાળકને અને તેની માતાને તાકી-તાકીને જોતાં હાન્નાને જૂના કરારની ભવિષ્યવાણીઓની પરિપૂર્તિ થતી જણાઈ. 'ઑલ ધ વીમૅન ઑફ ધ બાઇબલ'માં હુબર્ટ લોક્યિર કહે છે, 'પોતાના સુદીર્ઘ અને પ્રભુમય જીવન દરમિયાન તેમનું દિલોદિમાગ જૂના કરારની એ ભવિષ્યવાણીમાં ઓતપ્રોત હતું કે જેમાં સર્પના મસ્તકને છૂંદી નાખનાર સ્ત્રીના ગર્ભની વાત આવે છે. ખ્રિસ્તની નિરંતર પ્રતીક્ષા કરતાં શિમયોનની સાથોસાથ હાન્ના પણ માનતાં હતાં કે મરિયમનો પહેલા ખોળાનો પુત્ર ખરેખર દાવિદના વંશરૂપી ઠૂંઠાંમાંથી ફૂટેલો ફણગો હતો.' (જુઓ યશાયા ૧૧:૧; મિખા ૫, ૨).

હાન્નાના પરિવાર અને તેના વંશ અંગે આપણે ખૂબ ઓછું જાણીએ છીએ, સિવાય કે તે ફનુએલની દીકરી હતી. ફનુએલ આશેર કુળનો હતો. લગ્ન પછી સાત વર્ષ હાન્ના પતિ સાથે રહી, પછી વિધવા થઈ. લૂક કહે છે કે મંદિરમાં ઈસુનું સમર્પણ કરવામાં આવ્યું ત્યારે હાન્ના ૮૪ વર્ષની હતી.

પોતાના વૈધવ્યકાળ દરમિયાન તેઓ યરુશાલેમના મંદિરમાં જ પ્રાર્થના અને સેવાપૂજામાં પરોવાયેલાં રહ્યાં. મંદિરમાં સેવાપૂજા કરતાં-કરતાં જ તેઓ ઘરડાં થયાં. પોતાના વૈધવ્યકાળ દરમ્યાન કદી મંદિર ન છોડીને તેમણે ઈશ્વર સાથેના અંતરંગ સંબંધને ખેડ્યો ને પોષ્યો. પ્રભુ તેમની ઊર્જા અને શક્તિનો સ્રોત હતા. તેમણે પ્રભુની ઇચ્છા જાણી અને પૂર્ણ પ્રતિબદ્ધતા સાથે તેને અનુસરતાં રહ્યાં.

મંદિરમાં પ્રાર્થના, ઉપવાસ અને પૂજા તેમનો નિત્યક્રમ હતો. એટલે પ્રભુ પરમેશ્વરે બાળ ઈસુ તથા તેમનાં મા-બાપને મળવાનો વિશેષાધિકાર તેમને આપ્યો. મંદિરમાં નિયમિતપણે પૂજા માટે આવતા લોકો માટે હાન્ના ચોક્કસપણે એક જાણીતા ભક્ત-મહિલા રહ્યાં હશે. તેઓ પોતાના જીવનની પરિપૂર્ણતા ઈસુ અને તેમનાં માતાનાં દર્શનમાં નિહાળે છે. તેઓ હવે પોતાના માટે નવી ભૂમિકા જુએ છે. જેમને જેમને તેઓ મળે છે તે બધાને તેઓ ઈસુની ઘોષણા કરે છે. લૂક કહે છે, ‘આ જ ક્ષણે ત્યાં આવી પહોંચીને તેણે ઈશ્વરની સ્તુતિ કરી અને જેઓ યરુશાલેમની મુક્તિની રાહ જોતા હતા તેમને સૌને ઈસુ સંબંધે વાતો કરી.’ (લૂક ૨, ૩૮). આમ, હાન્ના ઈસુના પ્રથમ મિશનરી બની રહ્યાં.

હાન્ના માટે અનિતા, હાન્ના, અન્નામ્મા, આન્નાકુટ્ટી વગેરે વિવિધ સ્વરૂપનાં નામો પ્રચલિત છે. વિશ્વભરમાં હજારો ને લાખો બાલિકાઓનું નામકરણ હાન્ના અથવા એ નામના વિવિધ સ્વરૂપમાં કરાય છે, તે હાન્ના નામની લોકપ્રિયતા દર્શાવે છે. દેવળ, શાળાઓ કે હૉસ્પિટલો વગેરે ખ્રિસ્તી સંસ્થાઓને પણ તેમનું નામ અપાય છે. તેમના નામવાળા ઘણા ધાર્મિક સંન્યાસિની સંઘો પણ કૅથલિક ખ્રિસ્તીઓમાં છે.

૩૨. અરિમથાઇ ગામના યૉસેફ

બાઇબલના ચારેય શુભસંદેશમાં અરિમથાઈ ગામના યૉસેફની વાત આવે છે. નિકોદેમસની જેમ અરિમથાઈ ગામના યૉસેફ પણ ઈસુના એક ગુપ્ત શિષ્ય હતા.

ઈસુના મૃતદેહને દફનાવવાના સંદર્ભમાં ચારેય શુભસંદેશકારોએ લગભગ સરખા શબ્દોમાં યૉસેફની વાત કરી છે. માથ્થીએ કરેલી વાત અહીં આપું છું. 'સાંજ થતાંમાં યૉસેફ નામનો અરિમથાઈ ગામનો એક ધનવાન માણસ, જે ઈસુનો શિષ્ય હતો, તે આવી પહોંચ્યો; તેણે પિલાત પાસે જઈને ઈસુના શબની માગણી કરી, એટલે પિલાતે શબ તેને સોંપવાનો હુકમ ફરમાવ્યો. યૉસેફે શબને લઈને સ્વચ્છ વસ્ત્રમાં વીંટાળ્યું અને ખડકમાં કોરી કાઢેલી પોતાની નવી કબરમાં મૂક્યું. ત્યાર પછી એક મોટી શિલા ગબડાવીને કબરના મુખ આગળ મૂકી તે ચાલતો થયો.' (માથ્થી ૨૭, ૫૭-૬૦).

માથ્થી સ્પષ્ટ રીતે કહે છે કે, 'તેણે (અરિમથાઈ ગામના યૉસેફે) પિલાત પાસે જઈને ઈસુના શબની માગણી કરી. એટલે પિલાતે શબ તેને સોંપવાનો હુકમ ફરમાવ્યો.'

શુભસંદેશકાર લૂકે અરિમથાઈ ગામના યૉસેફને ભલા અને ધર્મિષ્ઠ માણસ તરીકે વર્ણવ્યો છે. લૂક લખે છે, 'એવામાં યૉસેફ નામનો વરિષ્ઠસભાનો એક સભ્ય આવી પહોંચ્યો. તે ભલો અને ધર્મિષ્ઠ હતો. તેણે તે લોકોની યોજનામાં કે તેના અમલમાં સંમતિ આપી નહોતી. તે યહૂદિયાના એક ગામ અરિમથાઈનો વતની હતો, અને ઈશ્વરના રાજ્યની પ્રતીક્ષા કરતો હતો.' (લૂક ૨૩, ૫૦-૫૧).

એક ભલા અને ધર્મિષ્ઠ માણસ તરીકે ઈસુના ગુપ્ત શિષ્ય યૉસેફને લાગ્યું હશે કે ક્રૂસ પર ઈસુને મારી નાખવાનો ચુકાદો અન્યાયી છે. પણ ઈસુ ક્રૂસ પર મરી ગયા છે, એવા સમાચાર સાંભળીને યૉસેફે હિંમતભેર પિલાત પાસે જઈને ઈસુના શબની માગણી કરી. કારણ, પોતાના ગુરુ પ્રભુ ઈસુને શોભે એ રીતે તેમના શબને દફનાવવા તેઓ ઇચ્છતા હતા.

યૉસેફના સૌજન્યથી પ્રભુ ઈસુના મૃતદેહને એક યોગ્ય કબર એટલે ખુદ યૉસેફની 'ખડકમાં કોરી કાઢેલી વણવાપરી કબર મળી.' શુભસંદેશકાર માર્ક લખે છે, 'પિલાતે (ઈસુનું) શબ લઈ જવાની યૉસેફને રજા આપી. યૉસેફ એક શણનું' કપડું વેચાતું લાવ્યો અને ઈસુને ઉતારીને તેણે તેમને કપડામાં વીંટ્યા. ત્યાર પછી તેણે ખડકમાં કોરી કાઢેલી એક કબરમાં તેમને મૂક્યા અને એક શિલા ગબડાવીને કબરના મુખ આગળ મૂકી.' (માર્ક ૧૫, ૪૫-૪૬).

માથ્થી જણાવે છે તેમ, ઈસુના શબને દફનાવવા માટે યૉસેફે 'ખડકમાં કોરી કાઢેલી પોતાની નવી કબર' આપી. (માથ્થી ૨૭, ૫૯).

અરિમથાઈ ગામના યૉસેફ એક ધનિક અને ધર્મિષ્ઠ યહૂદી માણસ હતા. ઈસુને ક્રૂસ પર જડવામાં આવ્યા હતા તે જગ્યાની પાસે જ ખડકમાં કોરી કાઢેલી યૉસેફની નવી વણવાપરી કબર હતી. ઈસુના એક અન્ય ગુપ્ત શિષ્ય નિકોદેમસની મદદ લઈને યૉસેફે ઈસુના શબને પોતાને માટે તૈયાર રાખેલી વણવાપરી કબરમાં દફનાવ્યું.

પૌરાણિક માન્યતા મુજબ પ્રેષિત ફિલિપે અરિમથાઈ ગામના યૉસેફને શુભસંદેશની ઘોષણા કરવા માટે બ્રિટનમાં મોકલ્યા અને યૉસેફે ત્યાં ગ્લાસ્ટોનબરી ખાતે ધર્મસંઘની સ્થાપના કરી.

બાઇબલના પંડિત રોનાલ્ડ બ્રાઉનરિંગના કહેવા મુજબ અરિમથાઈ ગામ એટલે લુદા પાસે આવેલ રામલા ગામ. યરુશાલેમની દક્ષિણ-પશ્ચિમે સમુદ્ર કિનારે આવેલા મેદાનમાં રામલા ગામ આવેલું છે. અસલ કે પ્રમાણભૂત માન્યતા વગરના 'નિકોદેમસના શુભસંદેશ' મુજબ યૉસેફે લુદા ખાતે સૌપ્રથમ ખ્રિસ્તી ધર્મસંઘની સ્થાપના કરી હતી. (જુઓ, હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ, પૃ. ૧૩૬).

૩૩. વડા પુરોહિત કાયફા

કાયફા નામનો અર્થ સંશોધક કે ખંતથી શોધનાર એવો થાય છે. જૉસેફ કાયફા ઈસ્વીસન ૧૮થી ૩૭ સુધી એટલે ઈસુના જાહેર જીવન અને ક્રૂસ પરના મૃત્યુ વખતે યહૂદીઓના વડા પુરોહિત હતા. કાયફાની કાવતરાખોર અને લુચ્ચી આગેવાનીથી જ યરુશાલેમ ખાતે રોમન સત્તાધારીઓએ ઈસુની ધરપકડ કરીને મૃત્યુની શિક્ષા કરી હતી અને એમને ક્રૂસ પર મારી નાખ્યા હતા.

પ્રથમ શુભસંદેશકાર માથ્થીએ બે વાર કાયફાના નામનો ઉલ્લેખ કર્યો છે. 'મુખ્ય પુરોહિત અને પ્રજાના આગેવાનો કાયફા નામના વડા પુરોહિતના મહેલમાં ભેગા થયા, અને તેમણે ઈસુને છળકપટથી પકડાવીને મૃત્યુદંડ દેવડાવવાનો નિર્ણય કર્યો.' (માથ્થી ૨૬, ૩).

'જેમણે ઈસુને પકડ્યા હતા તેઓ તેમને વડા પુરોહિત કાયફાની પાસે લઈ ગયા, જયાં શાસ્ત્રીઓ અને આગેવાનો પણ ભેગા થયેલા હતા.' (માથ્થી ૨૬, ૫૭).

સ્નાનસંસ્કારક યોહાનને વગડામાં ઈશ્વરનો સંદેશ મળ્યો હતો, તે સંદર્ભમાં લૂકે કાયફાના નામની વાત કરી છે. 'અને આનાસ તથા કાયફા વડા પુરોહિતપદે હતા, ત્યારે ઝખરિયાના પુત્ર યોહાનને વગડામાં ઈશ્વરનો સંદેશ મળ્યો.' (લૂક ૩, ૨).

કાયફા ઈસ્વીસન ૧૮થી ૩૭ સુધી વડા પુરોહિત હતા અને આનાસના જમાઈ હતા. અમીર પુરોહિત કુળમાં સામાન્ય રીતે પુરોહિતોનાં સંતાનો વચ્ચે લગ્નો થતાં હતાં. એટલે એક પુરોહિત અન્ય પુરોહિતની દીકરી સાથે લગ્ન કરી શકતા. યહૂદી ધર્મગુરુઓ પોતાના દીકરા કે જમાઈની વડા પુરોહિતપદે નિમણૂક કરતા હતા. એ રીતે પુરોહિત વર્ગ અંદરોઅંદર સત્તા અને સાધનસંપત્તિમાં ભાગીદાર બનતો હતો. આ રીતે કાયફા પોતાના સસરાના અનુગામી વડા પુરોહિત બન્યા હતા.

બાઇબલના પંડિત રોનાલ્ડ બ્રાઉનરિગ કહે છે તેમ, રોમથી કાયફા અને એમના સસરાની વડા પુરોહિત તરીકે નિમણૂક થઈ હતી. કાયફા લોકોમાં અપ્રિય હતા. એટલે રોમન રાજ્યપાલ વિતેલ્લિયુસે એમને વડા પુરોહિતપદેથી દૂર કર્યા હતા. (જુઓ હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ પૃ. ૨૪)

ઈસુએ ત્રણ દિવસથી મૃત્યુમાં પોઢી ગયેલા લાઝરસને પુનર્જીવિત કર્યા હતા અને એથી ઈસુની લોકપ્રિયતા ખૂબ વધી ગઈ હતી. ઈસુની વધતી જતી લોકપ્રિયતા યહૂદી પુરોહિત વર્ગ તેમ જ અન્ય ધાર્મિક આગેવાનો માટે ખૂબ ભયજનક બની હતી. એટલે વડા પુરોહિત કાયફાએ યહૂદી અદાલત અને વરિષ્ઠસભા બોલાવી અને ઈસુને ગુનેગાર પુરવાર કરવા અને ધરપકડ કરવાનું ષડ્યંત્ર રચ્યું.

યોહાનરચિત શુભસંદેશે વરિષ્ઠસભાના ચિત્રાત્મક દૃશ્યની વાત કરી છે. 'આ ઉપરથી મુખ્ય પુરોહિતોએ અને ફરોશીઓએ વરિષ્ઠસભા બોલાવી અને કહ્યું, 'આપણે કરીએ છીએ શું? કારણ, આ માણસ તો પુષ્કળ ચમત્કારો કરે છે. આપણે જો એને ફાવે તેમ કરવા દઈશું, તો બધા જ લોકો એના ઉપર શ્રદ્ધા રાખતા થઈ જશે, અને રોમન લોકો આવીને આપણા મંદિરનો અને પ્રજાનો, બંનેનો નાશ કરશે.'

'પણ તેઓમાંનો એક, કાયફા, જે તે વરસે વડો પુરોહિત હતો, તે બોલ્યો, 'તમને કશી ગતાગમ જ નથી. તમે એટલો વિચાર કેમ નથી કરતા કે, પ્રજાને ખાતર એક માણસ મરી જાય અને આખી પ્રજા વિનાશમાંથી ઊગરી જાય એ તમારા હિતમાં છે?'

'પણ આ એ પોતા તરફથી નહોતો બોલ્યો, પણ તે વરસે એ વડા પુરોહિતપદે હતો, એટલે એ અગમવાણી ભાખતો હતો કે, યહૂદી પ્રજાને ખાતર ઈસુએ મરવાનું છે; અને તે કેવળ પ્રજાને ખાતર જ નહીં, પણ ઈશ્વરનાં વેરવિખેર પડેલાં સંતાનોને એક કુટુંબમાં ભેગાં કરવા ખાતર.' (યોહાન ૧૧, ૪૭-૫૨).

કાયફાના દૂતોએ ઈસુને એમના કાવાદાવામાં ફસાવવા ઘણી વાર પ્રયત્ન કર્યો હતો. પણ એમને કંઈ સફળતા મળી નહોતી. એટલે વરિષ્ઠસભામાં પ્રમુખસ્થાને રહીને કાયફાએ સ્વાભાવિક રીતે પ્રશ્ન ઉઠાવ્યો, 'આપણે કરીએ છીએ શું?'

પછી કાયફાએ પોતે જ એ પ્રશ્નનો જવાબ આપ્યો છે, 'તમને કશી ગતાગમ જ નથી. તમે એટલો વિચાર કેમ નથી કરતા કે, પ્રજાને ખાતર એક માણસ મરી જાય અને આખી પ્રજા વિનાશમાંથી ઊગરી જાય એ તમારા હિતમાં છે?' (યોહાન ૧૧, ૫૦).

કાયફાના આ પ્રતિભાવ પર શુભસંદેશકાર યોહાનની નોંધ ખાસ ધ્યાનપાત્ર છે. 'પણ આ એ પોતા તરફથી નહોતો બોલ્યો, પણ તે વરસે એ વડા પુરોહિતપદે હતો, એટલે એ અગમવાણી ભાખતો હતો કે, યહૂદી પ્રજાને ખાતર ઈસુએ મરવાનું છે.' (યોહાન ૧૧, ૫૧).

યોહાને વધુમાં કહ્યું છે કે 'વરિષ્ઠસભાના દિવસથી એ લોકોએ ઈસુને મારી નાખવાનો નિર્ણય કર્યો.' (યોહાન ૧૧, ૫૩).

પોતાના જાહેરજીવનની શરૂઆતથી ઈસુ યરુશાલેમ ખાતે મંદિરની મુલાકાતે જતા હતા. પરંતુ યહૂદીઓના પાસ્ખાના તહેવાર પહેલાં ઈસુ યરુશાલેમ ગયા હતા અને મંદિરનો દુરુપયોગ કરતા બધા લોકોને તેમ જ તેમનાં ઢોર-ઘેટાંને મંદિરમાંથી ભગાડી મૂક્યાં હતાં. આ રીતે મંદિરમાં ધંધોવેપાર કરતા લોકોને બળજબરીથી કાઢી મૂકવાનું ઈસુનું કામ વડા પુરોહિત કાયફા સામે પડકારરૂપ બન્યું. યોહાને આખા પ્રસંગનું વર્ણન કર્યું છે.

'યહૂદીઓનો પાસ્ખાનો તહેવાર પાસે આવ્યો હતો, એટલે ઈસુ યરુશાલેમ ગયા. ત્યાં મંદિરમાં તેમણે બળદ, ઘેટાં અને કબૂતરના વેપારીઓ અને શરાફોને બેઠેલા જોયા. ઈસુએ દોરડીઓનો ચાબખો બનાવીને તે બધાને ઢોર અને ઘેટાં સાથે મંદિરમાંથી હાંકી કાઢ્યા અને શરાફોના સિક્કા વેરી નાખ્યા તથા તેમના ગલ્લા ઉથલાવી પાડ્યા. પછી તેમણે કબૂતર વેચનારાઓને કહ્યું, 'આ બધું હઠાવી લો અહીંથી. મારા પિતાના ઘરને તમારે બજાર નથી બનાવી મૂકવાનું." (યોહાન ૨, ૧૩-૧૬).

ઈસુનું આ કામ વડા પુરોહિત કાયફાની સત્તા સામેનો ખુલ્લેખુલ્લો પડકાર હતો. એટલું જ નહીં, પણ મંદિરની હદમાં થતા ધીખતા ધંધાવેપારમાં પુરોહિતવર્ગની સાથીદારી-ભાગીદારી હતી. વડા પુરોહિતની દેખરેખ હેઠળ ધંધોવેપાર ચાલતો હતો. દાખલા તરીકે મંદિરમાં મંદિરના જ સિક્કા સ્વીકારવામાં આવતા અને શરાફો રોમન અને ગ્રીક નાણાં બદલી આપવામાં પણ લખલૂટ નફો કરતા હતા. તે વખતે મંદિરમાં ભેગા થયેલા સામાન્ય લોકોની બીકથી ઈસુની ધરપકડ કરવામાં આવી નહોતી. પણ તે સમયથી કાયફાને લાગેવળગે ત્યાં સુધી વહેલી તકે ઈસુને પોતાના રસ્તામાંથી દૂર કરવા કાયફા ઇચ્છતા હતા.

એ તક માટે ત્રણેક વર્ષ રાહ જોયા પછી એક પાસ્ખાના તહેવારને પ્રસંગે ઈસુએ જનસમુદાય વચ્ચે યરુશાલેમમાં વિજયપ્રવેશ કર્યો હતો. કાયફા માટે ઈસુ સામે કંઈક નક્કર પગલાં ભરવા માટે ઈસુનો વિજયપ્રવેશ એક પડકાર હતો. લોકો હાથમાં ખજૂરીનાં

છટિયાં લઈને સામૈયું કરવા સાથે પોકારતા હતા કે, 'જય! જય! પ્રભુને નામે આવનાર ઇસ્રાયેલના રાજા ઉપર આશીર્વાદ ઊતરો.' (યોહાન ૧૧, ૧૩). કાયફાએ વરિષ્ઠસભા બોલાવીને ચોક્કસ પગલાં ભરવાનો નિર્ણય કર્યો.

વડા પુરોહિત કાયફાએ મંદિરના મુખ્ય સત્તાધીશ તરીકે મંદિરના સિપાઈઓને મોકલીને રાત્રે ઈસુને છાનામાના કેદ કરીને ઉતાવળે ઈસુ સામે મુકદમો ચલાવવાનાં પગલાં ભર્યાં.

રોનાલ્ડ બ્રાઉનરિગ લખે છે, 'રાત્રે કોઈના પર મૃત્યુને લાયક ગુનાનો આરોપ મૂકવો ગેરકાયદેસર હતો. વડા પુરોહિત કાયફાએ પ્રમુખસ્થાને બેસીને ધરપકડ કરેલા કેદી સામે મૃત્યુદંડ આપવા માટે સુનાવણી કરવી ગેરકાયદેસર હતી; એ જ રીતે સાક્ષીઓ વચ્ચે મતભેદ હોવા છતાં કેદીને નિર્દોષ જાહેર ના કરવો તે ગેરકાયદેસર હતું. (જુઓ, હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ, પૃ. ૨૫).

વરિષ્ઠસભા સમક્ષની ઈસુની સુનાવણી ચારેય શુભસંદેશકારોએ નોંધી છે. જ્યારે સાક્ષીઓ કોઈ ચોક્કસ ગુનાના ખાતરીપૂર્વકના પુરાવા લાવવામાં નિષ્ફળ ગયા ત્યારે વડા પુરોહિત કાયફાએ પોતે ઈસુની પૂછપરછ કરી. ચારેય શુભસંદેશકારોએ લગભગ સરખા શબ્દોમાં આ વાત રજૂ કરી છે. અહીં માર્કે નોંધેલી વાત લઈએ.

માર્ક લખે છે, 'ત્યારે વડા પુરોહિતે (એટલે કાયફાએ) સૌના દેખતાં ઊભા થઈને ઈસુને પ્રશ્ન પૂછ્યો, 'આ લોકો તારી વિરુદ્ધ જે આક્ષેપો કરે છે તેનો તારે કંઈ જવાબ આપવો નથી?'

પણ ઈસુ મૂંગા રહ્યા. તેમણે કશો જવાબ ન આપ્યો. એટલે વડા પુરોહિતે તેમને ફરી પ્રશ્ન પૂછ્યો, 'તું ખ્રિસ્ત છે? પરમ પૂજ્ય પરમેશ્વરનો પુત્ર છે?'

ઈસુએ કહ્યું, 'હા, હું છું, અને તમે માનવપુત્રને સર્વશક્તિમાન ઈશ્વરને જમણે હાથે બેઠેલો અને આકાશનાં વાદળાંમાં વીંટળાઈને આવતો જોશો.'

ત્યારે વડો પુરોહિત પોતાનાં કપડાં ફાડીને બોલી ઊઠ્યો, 'હવે આપણને વધારે સાક્ષીની શી જરૂર છે? તમે ઈશ્વરનિંદા સાંભળી છે. તમને શું લાગે છે?'

તેમણે સૌએ ઈસુને મૃત્યુદંડને પાત્ર ઠરાવ્યા.' (માર્ક ૧૪, ૬૦-૬૪).

બાઇબલના પંડિત હેરબર્ટ લોકિયરે ઈસુની અદાલતી સુનાવણી અંગે કરેલી વાત અહીં પ્રસ્તુત છે. લોકિયર લખે છે, 'કાયફા વડા પુરોહિત હોવાને નાતે તેમની બધી વાતો સત્તાથી રંગાયેલી છે. પણ કાયદાના નીતિનિયમોની કોઈ પરવા વિના ઉપેક્ષા કરીને ઈસુને મૃત્યુદંડ આપવાની વાત કાયફાના મચકોડાયેલા અંતરાત્મા (warped conscience) ને પ્રગટ કરે છે. (જુઓ માથ્થી ૨૬, ૫૭-૫૮; યોહાન ૧૮, ૨૪). છતાં કાયફાની વાતમાં અગમવાણી હતી કે, 'આખી પ્રજા ખાતર એક માણસ મરી જાય અને આખી પ્રજા વિનાશમાંથી ઊગરી જાય.' (યોહાન ૧૧, ૫૦) અને 'ઈસુએ યહૂદી અને બિનયહૂદી વચ્ચે દુશ્મનાવટની દીવાલ પોતાના દેહના બલિદાન દ્વારા તોડી પાડીને બન્નેને એક કર્યા છે.' (એફેસસ ૨, ૧૪). (જુઓ, ઑલ ધ મૅન ઑફ ધ બાઇબલ પૃ. ૮૧).

વડા પુરોહિત તરીકે કાયફાની વાત 'પ્રેષિતોનાં ચરિતો'માં પણ ઘણી વાર આવે છે. પીતર અને યોહાન સામેની તપાસણી માટે મળેલી વરિષ્ઠસભામાં વડા પુરોહિતના નાતે કાયફા બે વાર પ્રમુખસ્થાને રહ્યા હતા. પણ સામાન્ય લોકોની બીકે બંને વાર ઈસુના નામની ઘોષણા કરનાર સામે કોઈ પગલાં લઈ શક્યા નહોતા. પણ એક આદરણીય ફરોશી ગમલિયેલનાં સલાહસૂચનથી કાયફાએ પ્રેષિતોને કોઈ શિક્ષા કર્યા વિના 'ઈસુને નામે બોલશો નહીં'ની ચેતવણી આપીને છોડી મૂક્યા.

સ્તેફાનની તપાસણી વખતે પણ વડા પુરોહિત તરીકે વરિષ્ઠસભામાં પ્રમુખસ્થાને કાયફા રહ્યા હતા. વળી વડા પુરોહિત તરીકે કાયફાએ નવા પંથના લોકોને એટલે કે ઈસુના શિષ્યોને પકડી કેદ કરવાનો અધિકાર-પત્ર શાઉલને આપ્યો હતો. આદિ ખ્રિસ્તીઓની આ પ્રકારની સતામણીથી યરુશાલેમમાંથી ખ્રિસ્તીઓ વેરવિખેર થયા હતા અને પરિણામે દૂરસુદૂરના પ્રદેશોમાં ઈસુના સંદેશની ઘોષણા કરવામાં આવી હતી અને નવા પંથના પ્રચાર-ફેલાવ થતા રહ્યા હતા.

૩૪. મગ્દલાની મરિયમ

તાજેતરમાં મગ્દલાની મરિયમના પાત્રે દુનિયાભરના ઘણા લોકોમાં ખૂબ જિજ્ઞાસા જગાવી છે. એનાં બે મુખ્ય કારણો છે. એક, ડાન બ્રાઉનની નવી નવલકથા 'ધ દ વિન્ચી કોડ'માં મગ્દલાની મરિયમને ઈસુ ખ્રિસ્તની પત્ની અને એમના બાળકની માતા તરીકે ચીતરી છે અને બે, બાઇબલમાં ઈસુનાં માતા મરિયમ પછી સૌથી જાણીતું પ્રમુખ સ્ત્રી-પાત્ર મગ્દલાની મરિયમનું છે.

વળી, થોડાં વર્ષ પહેલાં એક નવલકથાકાર નિકોસ કઝાન્તઝાકીસે 'ધ લાસ્ટ ટેમ્પટેશન ઑફ જિસસ ક્રાઇસ્ટ' નામે એક નવલકથા લખી હતી. હોલિવૂડમાં દસેક વર્ષ પહેલાં ફિલ્મ નિર્માતા માર્ટિન સ્કોર્સેસેએ એની ફિલ્મ પણ બનાવી હતી. સ્વિટ્ઝરલૅન્ડના એક સિનેમાઘરમાં મને એ ફિલ્મ જોવાની તક મળી હતી. એમાં વધસ્તંભ ઉપર મરતાં પહેલાં ઈસુ ક્રૂસ ઉપરથી ઊતરીને મગ્દલાની મરિયમ જોડે ગૃહસંસાર માંડયાની વાત છે.

ઈસુ ખ્રિસ્ત અને મગ્દલાની મરિયમ બંને ઐતિહાસિક પાત્રો છે. એ જ રીતે જેના નામ પરથી ડાન બ્રાઉનની નવલકથાને નામ મળ્યું છે તે લિયોનાર્દો દ વિન્ચી પણ ઇતિહાસમાં ખૂબ જાણીતા તેજસ્વી ચિત્રકાર છે. નવલકથાકાર ડાન બ્રાઉનની નવલકથાની સફળતાનું રહસ્ય એ છે કે ઇતિહાસ અને લોકમાનસ પર ખૂબ જાણીતાં આ ત્રણ પાત્રોની જૂની હકીકતોને લઈને નવલકથાકારે એક ભવ્ય અને કાલ્પનિક કથાને ખૂબ કુશળતાથી ગૂંથી છે.

આપણે અહીં કોઈ કાલ્પનિક બાબતોને આધારે નહીં પણ ચાર શુભસંદેશમાં આપેલી પ્રમાણભૂત માહિતીને આધારે મગ્દલાની મરિયમને સમજવા પ્રયત્ન કરીએ. માથ્થી, માર્ક, લૂક અને યોહાન એમ ચારેય શુભસંદેશકારોએ મગ્દલાની મરિયમની વાત કરી છે. શુભસંદેશમાં ઈસુનાં માતા મરિયમ પછી સૌ સ્ત્રીઓમાં મગ્દલાની મરિયમને સૌથી મોખરાનું સ્થાન અને માન મળે છે.

માતા મરિયમ ઉપરાંત શુભસંદેશોમાં ત્રણ મરિયમની વાત આવે છે. (૧) મગ્દલાની મરિયમ, (૨) લાઝરસ અને માર્થાની બહેન મરિયમ અને (૩)પ્રેષિત યાકોબ અને તેમના ભાઈ યૉસેફની મા મરિયમ. મરિયમ નામવાળી આ ત્રણ સ્ત્રીઓ ઉપરાંત ઈસુના શિષ્યગણમાં બીજી અનેક સ્ત્રીઓ હતી. સંત લૂક નોંધે છે: 'તેમની (ઈસુની) સાથે બારે શિષ્યો હતા, અને અપદૂતો અને રોગોથી મુક્ત કરવામાં આવેલી કેટલીક સ્ત્રીઓ પણ હતી. તેમાં જેનાથી સાત અપદૂતો નીકળ્યા હતા તે મગ્દલાવાળી તરીકે ઓળખાતી મરિયમ, હેરોદના કારભારી ખૂઝાની વહુ યોહાન્ના, સુસાન્ના અને બીજી અનેક હતી. એ સ્ત્રીઓ ગાંઠનું ખર્ચીને ઈસુની સેવા કરતી હતી.' (લૂક ૮, ૨-૩).

ઈસુની શિષ્યાઓની વાત કરતાં પહેલાં લૂકે શહેરની એક પતિતાની વાત કરી છે. એ સ્ત્રીએ પ્રેમભર્યા પશ્ચાત્તાપથી સિમોન ફરોશીને ઘેર ભાણે બેઠેલા ઈસુના ચરણ ચૂમી ચૂમીને અત્તર લગાડ્યું હતું. એ બાઇને ઈસુએ કહ્યું: 'તારાં પાપ માફ કરવામાં આવ્યાં છે.' (લૂક ૭, ૪૮).

'ઇમ્પ્રેશન્સ ઑફ જિસસ' (Impressions of Jesus)ના લેખક ડેનીસ મકબ્રાઇડ જેવા બાઇબલના કેટલાક નિષ્ણાતો આ પતિતાને મગ્દલાની મરિયમ માને છે. પરંતુ ઑલ ધ વીમૅન ઑફ ધ બાઇબલના લેખક હેરબર્ટ લોકિયર જેવા બાઇબલના પંડિતો કહે છે કે મગ્દલાની મરિયમને પેલી પતિતા ગણવા માટે આધારભૂત એવી કોઈ પાયાની માહિતી કે પુરાવો નથી. હું માનું છું કે મગ્દલાની મરિયમને પતિતા ગણવામાં એને ઘોર અન્યાય થાય છે, એમાં મગ્દલાની મરિયમની બદનક્ષી પણ છે.

મગ્દલાની મરિયમ વિશે બાઇબલમાં સારી એવી માહિતી ઉપલબ્ધ છે. ઈસુને અનુસરનારી સન્નારીઓની યાદીમાં સૌ પ્રથમ મગ્દલાની મરિયમનું નામ આવે છે. નાસરેથ ગામથી આવેલા ઈસુને લોકો 'નાસરી' કહેતા હતા. એ જ રીતે મગ્દલાની મરિયમના નામથી સ્પષ્ટ સમજી શકાય છે કે 'મગ્દલા' ગાલીલ સરોવરને કિનારે કફરનહૂમથી ત્રણેક કિલોમીટર દૂર આવેલું ગીચ વસ્તીવાળા નગરનું નામ છે.

મગ્દલાની મરિયમનાં મા-બાપ અને કુટુંબ કે ગૃહસંસાર વિશે આપણે કશું જાણતા નથી. પરંતુ ઈસુની સાથે ફરતી અને પોતાની આવકમાંથી ઈસુ અને તેમના શિષ્યોને મદદ કરતી સ્ત્રીઓની યાદીમાં મગ્દલાની મરિયમનું નામ પ્રથમ આવે છે. આથી આપણે માની શકીએ કે ઈસુની અને તેમના શિષ્યોની સેવા પોતાના ખર્ચે કરવા માટે મગ્દલાની મરિયમને વારસામાં સાધનસંપત્તિ મળી હશે. પરંતુ કોઈ કૌટુંબિક જવાબદારી વિના સ્વતંત્ર હોવાને કારણે મગ્દલાની મરિયમ ઈસુ અને એમના શિષ્યો તથા અન્ય સ્ત્રીઓ સાથે ઠેર-ઠેર ફરી શકતી હતી.

માર્ક (૧૬, ૯) અને લૂકે (૮, ૨)માંથી આપણે જાણીએ છીએ કે ઈસુએ મગ્દલાની મરિયમમાંથી સાત અપદૂતોને કાઢ્યા હતા. ઈસુના સમયમાં અપસ્માર અને ગાંડપણ જેવા રોગોને લોકો ભૂત કે અપદૂતોનો વળગાડ માનતા હતા. મરિયમ એવા કોઈ ભારે રોગના પંજામાં સપડાઈ હશે અને ઈસુએ એને રોગમુક્ત કરીને સંપૂર્ણ સ્વાસ્થ્ય બક્ષ્યું હશે. મગ્દલાની મરિયમ કોઈ વારસાગત રોગનો પણ ભોગ બની હશે. પરંતુ મુખ્ય બાબત એ છે કે તેને હેરાનપરેશાન કરતા રોગ કે ભૂતપ્રેતના પંજામાંથી ઈસુએ એને સંપૂર્ણ સુરક્ષા બક્ષી હતી. આ રીતે પોતાને મળેલા નવા જીવનને મગ્દલાની મરિયમે આભારવશ હૃદયે ઈસુ અને તેમના શિષ્યોની સેવામાં સમર્પી દીધું છે એમ માની શકાય.

રોગ કે વળગાડથી મુક્તિ પામેલી મગ્દલાની મરિયમ સાથે બીજી કેટલીક સ્ત્રીઓ પણ હતી. સંત લૂકે સ્પષ્ટ કહ્યું છે કે, શહેરેશહેર અને ગામેગામ ફરતા ઈસુ અને તેમના શિષ્યો સાથે 'અપદૂતો અને રોગોથી મુક્ત કરવામાં આવેલી કેટલીક સ્ત્રીઓ પણ હતી.' આ સ્ત્રીઓમાં મગ્દલાની મરિયમમાં બીજા કરતાં વધારે નિષ્ઠા અને આગેવાનીના ગુણો હશે, એટલે જ ઈસુને અનુસરીને એમની સેવા કરતી સ્ત્રીઓની યાદીમાં હંમેશાં મગ્દલાની મરિયમનું નામ સૌથી પહેલું આવે છે.

ઈસુ અને તેમના શિષ્યોની સેવા કરવામાં મગ્દલાની મરિયમે આગળ પડતો ભાગ ભજવવાને કારણે ડાન બ્રાઉન જેવા નવલકથાકારોએ એને ઈસુની પત્ની તરીકે ચીતરી હશે. એમાં નવલકથાકારની ફળદ્રુપ કલ્પના જ દેખાય છે. પરંતુ બાઇબલનો કે ઇતિહાસનો કોઈ ટેકો કે પુરાવો એમાં નથી.

ઈસુ પોતાના શિષ્યો સાથે ગામે-ગામ અને શહેરેશહેર ફરીને ઈશ્વરના રાજ્યની ઘોષણા કરતા હતા. એમાં રસ્તામાં ભોજન કરવાથી માંડી રાતે સૂવા માટેની વ્યવસ્થા જેવી અનેક દૈનિક જરૂરિયાતોને જોવાની હોય છે. આમાં મગ્દલાની મરિયમ અને એમની સાથેની ઈસુની બીજી શિષ્યાઓએ પોતાની સાધનસંપત્તિ ખૂબ ઉદારતાથી કામે લગાડી છે.

એમાં મગ્દલાની મરિયમે આગળ પડતો ભાગ ભજવ્યો છે એમાં શંકાને અવકાશ નથી. પરંતુ આ વાતને લઈને મગ્દલાની મરિયમને ઈસુની પત્ની તરીકે ચીતરનાર લોકો ભૂલી જાય છે કે આધુનિક માનસ અને ઈસુના સમયની મન:સ્થિતિ વચ્ચે આકાશ-પાતાળનો તફાવત છે.

હું માનું છું કે ઈસુના બારેય પ્રેષિત-શિષ્યોની જેમ મગ્દલાની મરિયમને ઈસુ સાથે ગુરુ અને શિષ્યા તરીકે નજીકનો સંબંધ હતો. એ સંબંધને મરિયમે ઈસુ પ્રત્યેની અજોડ નિષ્ઠા અને સેવાથી પોષ્યો છે. ઈસુએ પણ મગ્દલાની મરિયમની નિષ્ઠા અને સેવાની કદર કરી છે. આ વાત ઈસુની મહાવ્યથા, ક્રૂસ પરનું મૃત્યુ તથા પુનરુત્થાનના પ્રસંગે છતી થાય છે.

ઈસુની ગાલીલમાંથી યરુશાલેમ તરફની છેલ્લી મુસાફરીમાં રાબેતા મુજબ મગ્દલાની મરિયમ અને બીજી સ્ત્રીઓ ઈસુ અને તેમના શિષ્યોને અનુસરે છે અને ગાંઠનું ખર્ચીને તેમની સેવા કરે છે. એટલું જ નહીં, પણ ઈસુને પકડવામાં આવ્યા ત્યારે તેમના લગભગ બધા શિષ્યો એમને છોડીને ભાગી ગયા ત્યારે મગ્દલાની મરિયમ અને કેટલીક અન્ય શિષ્યાઓ ઈસુની સાથે ને સાથે રહી. ઈસુની જેમ તેઓ સતામણી અને મૃત્યુના ભય સામે નીડર રહી. એટલે ઈસુના દુન્યવી જીવનના છેલ્લા ત્રણ દિવસોની વાત ઈસુની સાથે રહેલી સ્ત્રીઓના મોઢેથી સાંભળીને શુભસંદેશકારોએ પોતપોતાના શુભસંદેશમાં એનું આલેખન કર્યું હશે.

સંત લૂકે નોંધ્યું છે કે ઈસુના ક્રૂસારોહણને માર્ગે 'ઈસુની પાછળ લોકોનું મોટું ટોળું ચાલતું હતું, અને તેમાં તેમને માટે છાતી કૂટતી અને વિલાપ કરતી સ્ત્રીઓ પણ હતી.' (લૂક ૨૩, ૨૭). ક્રૂસારોહણને માર્ગે ઈસુને અનુસરતી સ્ત્રીઓમાં લૂકે મગ્દલાની મરિયમનું નામ લીધું નથી; પરંતુ એ સ્ત્રીઓમાં મગ્દલાની મરિયમ ન હોય તો જ નવાઈ કહેવાય. એટલે ઈસુને પકડીને એમના વિરોધીઓ એમને સૂબા પિલાતના રાજભવનમાં લઈ ગયા ત્યારે ઈસુને અનુસરતી સ્ત્રીઓ સાથે ઈસુની માતા મરિયમ તથા મગ્દલાની મરિયમ હોય અને તેઓએ ઈસુ સામેની અદાલતી કાર્યવાહીનું દૂરથી નિરીક્ષણ કર્યું હોય એમ માની શકાય.

'ધ પૅશન ઑફ ધ ક્રાઇસ્ટ' ફિલ્મમાં એમના દિગ્દર્શક મેલ ગિબ્સને એક ચોટદાર દૃશ્ય મૂક્યું છે. પિલાતે, રાજભવનના પટાંગણમાં ઈસુને અત્યંત દારુણ રીતે કોરડા મરાવ્યા હતા. કોરડાના મારથી ઈસુના શરીરમાંથી વહેલા લોહીએ આંગણાના પથ્થર ભીંજવી નાખ્યા હતા. મેલ ગિબ્સનના દૃશ્યમાં સ્ત્રીઓ — દેખીતી રીતે ઈસુની મા મરિયમ અને મગ્દલાની મરિયમ — પોતાનાં અંગવસ્ત્રોથી આંગણામાં પડેલું ઈસુનું લોહી લૂછી નાખે છે.

ક્રૂસારોહણને માર્ગે ઈસુની પાછળ ગયેલી આ સ્ત્રીઓ, લૂક નોંધે છે તેમ, છાતી કૂટતી અને વિલાપ કરતી સ્ત્રીઓ તરફ ફરીને ઈસુએ તેમને કહ્યું, 'યરુશાલેમની દીકરીઓ, મારે માટે ડરશો નહીં, તમારે પોતાને માટે અને તમારાં સંતાનો માટે રડો.' (લૂક ૨૩, ૨૮). આખા ગાલીલ અને યહૂદિયામાં ઈશ્વરના રાજ્યની ઘોષણા કરતી વખતે ઈસુ સાથે ફરેલી મગ્દલાની મરિયમ ક્રૂસને માર્ગે પણ ઈસુને અનુસરતી હશે.

ઈસુને ક્રૂસે ચડાવ્યા ત્યારે ઘણી સ્ત્રીઓ દૂરથી બધું જ નિરીક્ષણ કરતી હતી. માથ્થી અને માર્કે લગભગ સરખા શબ્દોમાં નોંધ્યું છે કે, 'ઘણી સ્ત્રીઓ પણ દૂર ઊભી રહી જોતી હતી. તેઓ ગાલીલથી ઈસુની પાછળ પાછળ તેમની સેવા કરતી આવી હતી. એમાં મગ્દલાની મરિયમ, યાકોબ અને યૉસેફની મા મરિયમ અને ઝબદીના પુત્રોની મા પણ હતી' (માથ્થી ૨૭, ૫૫-૫૬). ઈસુના જીવનમાં એમની સાથે સાયુજ્ય અનુભવનારી સ્ત્રીઓ એમની ક્રૂસ પરની મહાવ્યથા અને મૃત્યુ વખતે એમનાથી દૂર રહી શકે ખરી?

લૂકે તો ખાસ નોંધ્યું છે કે, 'ઈસુનાં ઓળખીતાંઓ અને ગાલીલથી ઈસુ સાથે આવેલી સ્ત્રીઓ દૂર ઊભાં રહ્યાં રહ્યાં આ બધું જોતાં હતાં.' (લૂક ૨૩, ૪૯). આથી આપણે માની શકીએ કે મગ્દલાની મરિયમે બીજી બધી સ્ત્રીઓ સાથે 'ગુલગથા' નામની જગ્યાએ ઈસુને ક્રૂસે જડી દીધાનું દૃશ્ય જોયું છે અને ક્રૂસ પરથી ઈસુએ કરેલી હૃદયસ્પર્શી વાતો સાંભળી છે. પ્રિયજનની મહાવ્યથામા કોઈ પણ રીતે મદદ ન કરી શકવાની નિ:સહાયતામાં મગ્દલાની મરિયમ, ઈસુનાં માતા મરિયમ અને અન્ય સ્ત્રીઓએ પોતે કેવી વેદના અને લાગણી અનુભવી હશે તે તો કલ્પવી જ રહી!

શુભસંદેશમાં ઈસુના બે છૂપા શિષ્યો અરિમથાઈના યૉસેફ અને નિકોદેમસે ઈસુનું શબ ક્રૂસ ઉપરથી ઉતારીને દફનવિધિ માટે સુગંધી દ્રવ્યો સાથે શણના કપડામાં વીંટાળ્યાની વાત છે. ઈસુનાં માતા મરિયમ, મગ્દલાની મરિયમ અને અન્ય ભાવુક સ્ત્રીઓએ બંને શિષ્યોને ઈસુના શબને દફનાવવામાં મદદ કરી હશે. લૂકે તો નોંધ્યું છે કે, 'જે સ્ત્રીઓ ગાલીલથી ઈસુની સાથે-સાથે આવી હતી તેઓ યૉસેફની પાછળ પાછળ ગઈ. તેમણે કબર અને શબની ગોઠવણી ધ્યાનથી જોઈ. પછી તેઓએ ઘેર જઈને સુગંધી દ્રવ્યો અને અત્તર તૈયાર કર્યાં.' (લૂક ૨૩, ૫૫-૫૬).

વિશ્વવિખ્યાત ચિત્રકલાકાર પીટર પૉલ રૂબેન્સે 'ધ ડિસેન્ટ ઑફ ધ ક્રૉસ' નામે એક ખૂબ પ્રસિદ્ધ ચિત્ર કંડાર્યું છે. એમાં ચિત્રકારે ક્રૂસ પરથી ઈસુના શબને ઉતારવામાં અરિમથાઈના યૉસેફ અને નિકોદેમસને મદદ કરનારી મગ્દલાની મરિયમ અને કિલયોપાસની પત્ની મરિયમનું દૃશ્ય પણ ખૂબ કૌશલ્યથી ચિતર્યું છે. રૂબેન્સના ચિત્રે ગાલીલથી ઈસુ સાથે આવેલી સ્ત્રીઓમાં મગ્દલાની મરિયમ ક્રૂસ પરના ઈસુના મૃત્યુ વખતે હાજર હતી એવી પરંપરાગત માન્યતાને તાદૃશ બનાવી છે.

શુભસંદેશમાં મગ્દલાની મરિયમને વિશિષ્ટ સ્થાન અને માન મળ્યાં છે. કારણ, સંત માર્કે નોંધ્યું છે તેમ, 'રવિવારને દિવસે વહેલી સવારે સજીવન થઈને ઈસુએ સૌપ્રથમ મગ્દલાની મરિયમને દર્શન દીધાં.' ઈસુએ પોતાના દુન્યવી જીવન દરમિયાન ઈશ્વરના રાજ્યની ઘોષણા કરતાં લોકોની ઘણી રૂઢિચુસ્ત માન્યતાઓ તોડી હતી. તેમણે પાપીઓ તથા જકાતદારો સાથે નહીં જમવા જેવી યહૂદીઓની રીતભાતની વિરુદ્ધ ક્રાન્તિકારી પગલાં ભર્યાં હતાં. યહૂદી સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ગુલામ કે દાસ જેવું હતું. પરંતુ ઈસુએ પોતાના આચારવિચારમાં તથા સ્ત્રીઓ સાથેના વર્તનમાં તેમને પુરુષ સમી સમાનતા અને આત્મગૌરવ બક્ષ્યાં. ઈસુનાં એ બધાં ક્રાન્તિકારી પગલાં અધૂરાં હોય તેમ પુનરુત્થાન પામેલા ઈસુ સૌ પ્રથમ એક સ્ત્રીને — મગ્દલાની મરિયમને — દર્શન આપે છે અને એને જ પોતાના પુનરુત્થાનની સંદેશવાહક બનાવી દે છે!

સંત યોહાને મગ્દલાની મરિયમને ઈસુએ આપેલા દર્શનને ખૂબ સુન્દર રીતે, સચોટ ચિત્રાત્મક ભાષામાં આલેખ્યું છે. 'પણ મરિયમ બહાર કબર પાસે રડતી ઊભી રહી. રડતાં રડતાં તેણે કબરમાં નીચા નમીને જોયું તો ઈસુનું શબ જ્યાં મૂકેલું હતું ત્યાં સફેદ વસ્ત્રધારી બે દેવદૂતો બેઠેલા હતા. એક ઓશીકે અને બીજો પાંગતે. તેમણે તેને પૂછ્યું, 'બાઈ, તું કેમ રડે છે?"

તેણે કહ્યું, 'કારણ, તેઓ મારા પ્રભૂને લઈ ગયા છે અને તેમને ક્યાં રાખ્યા છે તેની મને ખબર નથી.'

એટલું કહીને પાછું ફરીને જોતાં તેને ઈસુ ઊભેલા દેખાયા, પણ એ ઈસુ છે એમ તે ઓળખી ન શકી. ઈસુએ તને કહ્યું, 'બાઈ, તું કેમ રડે છે? તું કોને શોધે છે?'

આ માળી છે એમ ધારીને તેણે કહ્યું, 'ભાઈ, તમે જો એને ઉપાડી ગયા હો તો મને

કહો કે તમે તેમને ક્યાં રાખ્યા છે, એટલે હું તેમને લઈ જઈશ.'

ઈસુએ તેને કહ્યું, 'મરિયમ!'

એટલે તે તેમના તરફ ફરીને હિબ્રૂમાં બોલી, 'રબ્બુની!' (અર્થાત્ 'ગુરુજી!')

ઈસુએ તેને કહ્યું, 'મને વળગીશ નહીં; હજી હું પિતા પાસે ઉપર ચાલ્યો ગયો નથી; પણ મારા ભાઈઓને કહેજે કે, હું મારા પિતા અને તમારા પિતા, મારા ઈશ્વર અને તમારા ઈશ્વર પાસે ઉપર જઈ રહ્યો છું.'

મગ્દલાની મરિયમે આવીને શિષ્યોને જાણ કરી કે, 'મને પ્રભુનાં દર્શન થયાં છે, અને તેમણે મને આમ આમ કહ્યું છે.' (યોહાન ૨૦, ૧૧-૧૮).

ઈસુના સમયનો અભ્યાસ કરતાં આપણે નિ:શંકપણે કહી શકીએ કે તે જમાનામાં કોઈ પુરુષ સ્વપ્નમાં પણ વિચાર ન કરે એવું કામ નવજીવન પામેલા ઈસુ કરે છે. તેઓ એક સ્ત્રીને — મગ્દલાની મરિયમને — પોતાની સંદેશવાહક બનાવે છે. ગાલીલની બીજી સ્ત્રીઓ સાથે ઈસુને અનુસરીને મગ્દલાની મરિયમે ઈસુનાં મૂલ્યો, આદર્શો અને વલણોને આત્મસાત્ કર્યાં છે. એટલે મરિયમ કોઈ આનાકાની કર્યા વિના તરત જ હિંમતથી પોતાને સોંપાયેલો સંદેશ ઈસુના શિષ્યોને પહોંચાડે છે.

યહૂદી સમાજમાં સ્ત્રીનું સ્થાન છેક તળિયે હતું. સ્ત્રીના મતને કોઈ ગણકારતું નહોતું. સ્ત્રીઓને તો ઘરની અંદર જ ભરાઈ રહેવાનું હતું. પરંતુ મગ્દલાની મરિયમ જાણે છે કે ઈસુએ આવી બધી રૂઢિચુસ્ત માન્યતાઓ અને રીતરિવાજોને દૂર કરીને દરેક માનવને, સ્ત્રી-પુરુષનો ભેદભાવ કર્યા વિના, સમાનતા, આત્મગૌરવ અને આદરમાન બક્ષ્યાં છે. એટલે મરિયમને ઈસુના શિષ્યોને કલ્પ્યો ન હોય એવો સંદેશ પહોંચાડવામાં ઉત્સાહ અને આનંદ સિવાય અન્ય કોઈ પ્રતિભાવ નથી.

ઈસુ સાથેનું મિલન અને એમની સાથેના લાંબા ગાળાના સંપર્કે મગ્દલાની મરિયમમાં અનોખું પરિવર્તન લાવી દીધું છે. ઈસુ સાથેનું મિલન અને એમનો સંપર્ક દરેક માનવમાં પણ આવું અનોખું પરિવર્તન લાવ્યા વિના રહે નહીં. આનો એક દાખલો પાઉલ છે. ગલાતિયાના પત્રમાં સંત પાઉલ કહે છે કે, 'ખ્રિસ્તની સાથે જ હું પણ ક્રૂસે જડાયેલો છું; એટલે હવે જે જીવે છે તે હું નથી જીવતો, પણ ખ્રિસ્ત મારામાં જીવે છે' (ગલાતિયા ૨, ૨૦). મગ્દલાની મરિયમ પણ સંત પાઉલની જેમ કહી શકે છે કે, હવે હું નહીં પણ ખ્રિસ્ત મારામાં જીવે છે. પોતાનાં સમર્પણ અને સેવાથી મરિયમ સંપૂર્ણપણે ઈસુમય બની હતી.

ઈસુના પુનરુત્થાનની વાત પછી મગ્દલાની મરિયમની વાત શુભસંદેશ કે આખા બાઇબલમાં ક્યાંય આવતી નથી. ઈસુના સ્વર્ગારોહણ પછી ઈસુના બધા શિષ્યો યરુશાલેમ શહેરમાં માળ ઉપર એક ઓરડીમાં ભેગા મળીને 'બધા એકમન થઈને સતત પ્રાર્થના કર્યા કરતા હતા.' 'પ્રેષિતોનાં ચરિતો' વધુમાં કહે છે તેમ, 'એમની સાથે ઈસુનાં મા મરિયમ સુધ્ધાં, કેટલીક સ્ત્રીઓ અને ઈસુના ભાઈઓ પણ હતાં.' ઈસુના શિષ્યો અને અનુયાયીઓમાં મગ્દલાની મરિયમ પણ હશે એમ માની શકાય.

ઈસુના મિલન અને એમની સાથેના સંપર્કથી મગ્દલાની મરિયમ અબળામાંથી સબળા બની હતી. એટલું જ નહીં, પણ સમસ્ત દુનિયા માટે ઈસુના પુનરુત્થાનની પ્રથમ સાક્ષી તથા ઈસુની સંદેશવાહક બને છે. ઈસુ સાથેના મિલન અને સતત જીવંત સંપર્કથી માનવ શું ન કરી શકે એનો એક સચોટ દાખલો મગ્દલાની મરિયમ છે.

૩૫. પોન્તિયસ પિલાત

પોન્તિયસ પિલાત નવા કરારનાં સૌથી જાણીતાં પાત્રોમાંનું એક છે. તેમણે ઈસુ ખ્રિસ્તને મૃત્યુની સજા ફરમાવી હતી. શુભસંદેશકાર લૂક કહે છે તેમ, તે યહૂદિયાનો સૂબો હતો. (લૂક ૩, ૧). આપણે પિલાત વિશે નવા કરારમાંથી તેમ જ તેમના સમકાલીન યહૂદી ઇતિહાસકારો જોસેફુસ તથા ફિલો દ્વારા જાણીએ છીએ. ચોથી સદીના ખ્રિસ્તી ઇતિહાસકાર કૈસરિયાના યુસેબિયૂસે પણ પોન્તિયસ પિલાત વિશે લખ્યું છે.

ઈસુના ક્રૂસ પરના મૃત્યુના ત્રણ વર્ષ પહેલાં, પોન્તિયસ પિલાતને યહૂદિયાના સૂબા તરીકે નીમવામાં આવ્યા હતા. તેમની પત્નીનું નામ ક્લાઉદિયા પ્રોકુલા હતું. ક્લાઉદિયા રોમન બાદશાહ અગસ્તસની પૌત્રી હતી. બાદશાહ તિબેરિયૂસની ત્રીજી પત્ની ક્લાઉડિયાના લગ્ન બહારના સંબંધથી થયેલું સંતાન હતી. આ રીતે પત્નીના રાજકીય સંબંધને કારણે બાદશાહ તિબેરિયૂસે પિલાતને યહૂદિયાના રોમન સૂબા તરીકે નીમ્યા હશે એમ કેટલાક લોકો માને છે.

નવા કરારમાં પોન્તિયસ પિલાતનું જે ચરિત્રચિત્રણ મળે છે તેનાથી જુદું ચરિત્રચિત્રણ ઇતિહાસકાર જોસેફુસ અને ફીલો કરે છે. દાખલા તરીકે જૉસેફુસે આપેલા એક પ્રસંગ મુજબ પિલાત હઠીલો છે, ક્રૂર છે, જોરજુલમ કરનાર છે અને ચાલાકીથી યરુશાલેમ મંદિરનાં નાણાં લેનાર છે. પોન્તિયસ પિલાતે યહૂદિયામાં પોતાનો હોદ્દો સંભાળ્યો અને યરુશાલેમમાં આવ્યા ત્યારે તેઓ રોમન બાદશાહ સીસરનું કંડારેલું પૂતળું પોતાના સૈનિકો પાસે ઊંચકાવીને લાવ્યા અને યરુશાલેમ ખાતે પોતાના રાજકીય ઘાટ પર મંદિર સામેની દીવાલ પર સીસરની કોતરેલી મૂર્તિને સ્થાપી. યહૂદી સંવેદનાને ધ્યાનમાં લેનાર તેમની પહેલાંના કોઈ સૂબાઓએ આવું કામ કર્યું નહોતું. કારણ, યહૂદીઓ એક જ ઈશ્વરમાં માનનારા હતા અને તેઓ કોઈ કોતરેલી મૂર્તિને માન્ય રાખતા નહોતા.

બાઇબલના પંડિત અને ડિક્શનરી ઑફ ધ બાઇબલ'ના લેખક જૉન એલ. મેકેન્ઝીએ નોંધ્યું છે તેમ મંદિર સામે સીસરની કંડારેલી મૂર્તિ મૂકવાના વિરોધમાં યહૂદી લોકોએ વિરોધ કર્યો હતો. તેમણે મોટી સંખ્યામાં પ્રતિનિધિઓને કેસરિયા ખાતેના સૂબાના રાજમહેલમાં મોકલ્યા. ત્યાં આ પ્રતિનિધિઓનો વિરોધ ચાલુ રહ્યો ત્યારે પાંચમા દિવસે સૂબા પિલાતે પોતાના સૈન્યને વિરોધીઓ વચ્ચે મોકલીને ઘણા બધાને મારી નંખાવ્યા. (પૃ. ૬૭૭).

એક બીજા પ્રસંગમાં સૂબા પિલાતે મંદિરના લોકોને છેતરીને મંદિરનાં નાણાં લૂંટી લીધાં હતાં અને એ નાણાંને યરુશાલેમ શહેરમાં પાણી લાવવાની પોતાની યોજનામાં વાપરી કાઢ્યાં હતાં.

બાઇબલના નિષ્ણાત રોનાલ્ડ બ્રાઉનરિગે 'હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ'માં પોન્તિયસ પિલાતને એક ખૂબ ગુસ્સાવાળા, ગર્વિષ્ઠ અને જિદ્દી યુવાન તરીકે ચીતર્યા છે, જેનો વિરોધ કરવામાં આવે ત્યારે તે હઠીલા બાળકની જેમ વર્તી શકે છે. (પૃ. ૨૧૯).

પોન્તિયસ પિલાતનું નામ ચારેય શુભસંદેશમાં તથા પ્રેષિતોનાં ચરિતોમાં આવે છે.

પાઉલના તિમોથી પરના પ્રથમ પત્રમાં પણ પિલાતના નામનો ઉલ્લેખ મળે છે. લૂકકૃત શુભસંદેશમાં પિલાતનું નામ પ્રથમ વાર હૃદયપલટો કરી સ્નાનસંસ્કાર પામવાની સ્નાનસંસ્કારક યોહાને કરેલી ઘોષણાના સંદર્ભમાં આવે છે. (લૂક ૩,૧). લૂકે ફરીવાર પિલાતનું નામ ગાલીલના કેટલાક માણસો બલિદાન ચડાવતા હતા ત્યારે પિલાતે તેમની કતલ કરી નાખ્યાના સંદર્ભમાં લીધું છે. (લૂક ૧૩, ૧).

પિલાત ૧૨ વર્ષ સુધી યહૂદિયાનો સૂબો હતો. યહૂદીઓ તેમ જ શમરુનીઓ તેમને ક્રૂર અને સ્વાર્થી રીતે રાજ કરવા માટે ધિક્કારતા હતા.

જાણીતા લેખક આલ્બર્ટ નોલનું ઇતિહાસ પહેલાનો ઈસુ Jesus Before History નામે એક પુસ્તક છે. એમાં એમણે ઈસુના સમકાલીન યહૂદી ફિલસૂફ ફિલોનું એક અવતરણ આપ્યું છે. યહૂદિયાના સૂબા પોન્તિયસ પિલાત વિશે ફિલો લખે છે, 'પિલાત સ્વભાવના જિદ્દી, સ્વછંદી અને કઠોર હતા. ફિલોએ આપેલી પિલાતના ગુનાઓની યાદીમાં 'રુશવતખોર, આપખુદ, જબરદસ્તીથી લૂંટ કરનાર, હિંસક, નિંદાખોર, કોઈ ચુકાદો આપ્યા વિના વારંવાર ફાંસી દેનાર અને પાર વિનાની ક્રૂરતા આચરનાર'નો સમાવેશ થાય છે.'

ચારેય શુભસંદેશમાં પિલાત પોતાના અંતરાત્માના અવાજને અનુસરતા ન હોય કે અંતરાત્માના કોઈ અવાજ વિનાના સત્તાધારી હોય એવી વ્યક્તિ તરીકે પ્રગટ થાય છે. ઇતિહાસકારોએ તેમને એક નિષ્ઠુર એકાધિપતિ તરીકે ચીતર્યા છે. તેમના જણાવ્યા મુજબ પિલાત તેમની પહેલાંના સૂબાઓના રીતરિવાજોને અનુસરતા કે આદરમાન આપતા નહોતા તેમ જ તેમની પ્રજા યહૂદીની માન્યતાઓ તથા રીતરિવાજોને આદરમાન આપતા નહોતા. જોકે ચારેય શુભસંદેશ પિલાતને ભિન્ન રીતે ચીતરે છે.

ચારેય શુભસંદેશો મુજબ પિલાત રોમન બાદશાહને ખુશ રાખવા અને પોતાનું સૂબાપણું સાચવવા આતુર વ્યક્તિ છે. એટલે તેઓ યહૂદી અધિકારીઓને ખુશ રાખવા અને તેમનો ટેકો મેળવવામાં ઉત્સુક રહે છે.

ચારેય શુભસંદેશકારોએ નોંધ્યું છે તેમ, પિલાતે ઈસુમાં કોઈ દોષ જોયો નહોતો. 'પિલાતે મુખ્ય પુરોહિતોને અને ટોળાના લોકોને કહ્યું, 'મને આ માણસનો કોઈ દોષ દેખાતો નથી.' (લૂક ૨૩, ૪) અને પિલાતે ઈસુને યહૂદી આગેવાનો તથા લોકોના આક્ષેપોમાંથી મુક્ત કરવા પ્રયત્ન કર્યો હતો.

જ્યારે યહૂદી આગેવાનો ઈસુને પિલાત પાસે લઈ આવ્યા ત્યારે પિલાતે તેમને કહ્યું કે, ઈસુને તેઓ પોતે લઈ જઈને તેમના કાયદા મુજબ ઈસુનો ન્યાય કરે. યોહાનના શબ્દોમાં કહીએ તો, 'પિલાતે કહ્યું, તો તમે જ એને લઈ જાઓ, અને તમારા શાસ્ત્ર પ્રમાણે એનો ન્યાય કરો' (યોહાન ૧૮, ૩૧).

ઈસુની તપાસ કરતાં પિલાતને જાણવા મળ્યું કે ઈસુ મૂળ ગાલીલથી આવે છે. એટલે તે વખતે યરુશાલેમમાં આવેલા ગાલીલના રાજા હેરોદના દરબારમાં ઈસુને મોકલીને પિલાતે સમગ્ર પ્રસંગમાંથી છૂટવાનો પ્રયત્ન કર્યો. લૂકે એ પ્રસંગનું વર્ણન કર્યું છે. 'આ સાંભળીને પિલાતે પૂછ્યું કે, 'એ ગાલીલનો છે શું?' અને હેરોદના ઇલાકાનો છે એમ જાણવામાં આવતાં તેણે તેમને હેરોદ પાસે મોકલી આપ્યા. તે પણ એ વખતે યરુશાલેમમાં હતો.' (લૂક ૨૩, ૬-૭). પણ હેરોદ તથા તેમના સૈન્યે ઈસુનું ખૂબ અપમાન અને મશ્કરી કરીને પાછા પિલાત પાસે મોકલી આપ્યા.

પિલાતે ફરી પોતાની જવાબદારીથી છટકવા મુખ્ય પુરોહિતો અને લોકોને કહ્યું કે પોતે કે હેરોદ ઈસુમાં કોઈ દોષ જોઈ શક્યા નથી. પિલાતનો તે વખતનો નિર્ણય તો યહૂદી

અધિકારીઓને ખુશ કરવા માટેનો જ છે. 'પિલાત તેમને કહે છે, 'તમે જુઓ છો કે, મૃત્યુની સજાને પાત્ર થવા જેવું એણે કશું કર્યું નથી; એટલે હું તો એને થોડી સજા કરીને છોડી દઈશ.' (લૂક ૨૩, ૧૫-૧૬). ઈસુએ સજાને પાત્ર થવા જેવું કશું કર્યું ન હોય તો એને 'થોડી સજા' પણ કરવાની શી જરૂર છે?

પણ મુખ્ય પુરોહિતો, બીજા યહૂદી આગેવાનો તથા લોકો ઈસુને મૃત્યુની સજા ફરમાવવા માટે પિલાત પર જોરદાર દબાણ કરતા રહ્યા. છતાં ઈસુને મુક્ત કરવા માટે પિલાતે બીજી વાર એક નબળો પ્રયત્ન કર્યો. પાસ્ખાના પર્વ ઉપર સૂબાની ભેટ તરીકે એક યહૂદી કેદીને મુક્ત કરી દેવા સૂબો બંધાયેલો હતો. એટલે યહૂદી આગેવાનો અને લોકોને પાસ્ખા પર્વની ભેટ તરીકે ખૂન અને હુલ્લડ માટે કેદમાં પૂરેલા કેદી બરબ્બાસને બદલે કેદી ઈસુને મુક્ત કરવા પિલાતે દરખાસ્ત કરી. માથ્થીએ પોતાના શુભસંદેશમાં નોંધ્યું છે કે, 'એ વખતે બરબ્બાસ નામે એક નામીચો કેદી તેમના તાબામાં હતો.' (માથ્થી ૨૭, ૧૬).

પણ પુરોહિતો અને આગેવાનોએ લોકોને સમજાવ્યા કે તેઓ બરબ્બાસને છોડી મૂકવાની અને ઈસુને મૃત્યુદંડ આપવાની માગણી કરે. એટલે પિલાતે જોયું કે તેમના 'પ્રયત્ન'થી કશુંય વળતું નથી ત્યારે તેમણે લોકોની માગણી પ્રમાણે જ નિર્ણય કર્યો. 'તેણે લોકોની માગણી પ્રમાણે બરબ્બાસને છોડી મૂક્યો અને ઈસુને કોરડા મરાવી ક્રૂસે ચડાવવા માટે સોંપી દીધા.' (માથ્થી ૨૭, ૨૬).

પિલાતે પોતાના મત કે અંતરાત્માના અવાજ મુજબ નહીં પણ યહૂદી આગેવાનો અને લોકોના મત મુજબ ઈસુને ક્રૂસે ચડાવી મારી નાખવાનો ચુકાદો આપ્યો!

ઈસુને મુક્ત કરવાના પિલાતના પ્રયત્ન કરતાં એમને ક્રૂસે ચડાવી મારી નાખવાનો યહૂદી આગેવાનો તથા લોકોનો પ્રયત્ન વધારે સફળ થયો!

ઈસુના ક્રૂસ પરના મૃત્યુ પછી પિલાત પોતાના ખરા રૂપે બે બાબતોમાં પ્રગટ થાય છે. તેણે ઈસુને મૃત્યુની સજા ફરમાવવાનું કારણ ત્રણ ભાષાઓમાં એટલે કે લૅટિન, ગ્રીક અને હિબ્રૂ ભાષાઓમાં લખીને ઈસુના ક્રૂસ પર લટકાવ્યું હતું કે, 'નાસરેથનો ઈસુ યહૂદીઓનો રાજા'. યહૂદીઓના મુખ્ય પુરોહિતોએ એ લખાણ સામે વાંધો ઉઠાવ્યો. પણ પિલાતે ખૂબ જ જાણીતી થયેલી પેલી ઉક્તિ કહી, 'મેં તો લખ્યું તે લખ્યું' (યોહાન ૧૯, ૧૯-૨૨).

ક્રૂસ પરના ઈસુના મૃત્યુ પછી પિલાત યહૂદી લોકોના રીત-રિવાજોને તથા કાયદાઓને માન્ય રાખતા નથી. યહૂદી રિવાજ મુજબ મૃત્યુ પછી ગુનેગારોના મૃતદેહને સામાન્ય ખાડામાં ફેંકી દેવાનું હોય છે. પણ ઈસુની બાબતમાં અરિમથાઈના યૉસેફે દફનવિધિ કરવા માટે પિલાત પાસે ઈસુનું શબ ઉતારવાની રજા માગી ત્યારે પિલાતે એ રજા મંજૂર કરી. (યોહાન ૧૯, ૩૮). જોકે બીજે દિવસે મુખ્ય પુરોહિતો અને ફરોશીઓએ પિલાત પાસે ઈસુનું શબ જ્યાં દાટયું હતું તે કબરને જાપતામાં રાખવાની માગણી કરી ત્યારે પિલાતે એમને ચોકીદારો આપીને કબર જાપતામાં રાખવાની મંજૂરી આપી હતી. (માથ્થી ૨૭, ૬૨-૬૬).

આથી વિશેષ આપણે પોન્તિયસ પિલાત વિશે કશુંય જાણતા નથી. પણ રોનાલ્ડ બ્રાઉનરિગના કહ્યા પ્રમાણે, 'વિવિધ પરંપરાઓ મુજબ રોમન બાદશાહ નિરોએ પિલાતને મોતની સજા કરી, તેમને વિયનામાં દેશનિકાલ કરવામાં આવ્યા, પિલાતે પોતે આપઘાત કર્યો.' (હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ, પૃ. ૨૨૫).

૩૬. મરિયમ — યાકોબ અને યૉસેફની મા

યાકોબ અને યૉસેફની મા મરિયમનું નામ આપણને માથ્થીકૃત અને માર્કકૃત શુભસંદેશોમાં મળે છે. એમના નામનો ઉલ્લેખ હંમેશાં મગ્દલાની મરિયમના નામ સાથે થાય છે.

ક્રૂસ પાસેના દૃશ્યનું વર્ણન કરતાં માથ્થી લખે છે, 'ઘણી સ્ત્રીઓ પણ દૂર રહી રહી જોતી હતી. તેઓ ગાલીલથી ઈસુની પાછળ પાછળ તેમની સેવા કરતી આવી હતી. એમાં મગ્દલાની મરિયમ, યાકોબ અને યૉસેફની મા મરિયમ અને ઝબદીના પુત્રોની મા પણ હતી.' (માથ્થી ૨૭, ૫૫-૫૬).

શુભસંદેશકાર માથ્થી અહીં સ્પષ્ટ રીતે કહે છે કે ક્રૂસે જડાયેલા ઈસુને ઘણી સ્ત્રીઓ દૂર રહી રહી જોતી હતી. તેઓ ગાલીલથી ઈસુની સેવા કરવા આવી હતી. લૂકે સ્પષ્ટ કહ્યું છે કે 'એ સ્ત્રીઓ ગાંઠનું ખર્ચીને ઈસુની (અને એમના શિષ્યોની) સેવા કરતી હતી.' (લૂક ૮, ૩). ઈસુ ગાલીલ અને યહૂદિયામાં ઠેર ઠેર ફરીને શુભસંદેશ આપનાર ધર્મગુરુ હતા. ઈસુની સાથે આખા ગાલીલમાં ફર્યા પછી આ સ્ત્રીઓ યહૂદિયામાં પણ આવી અને ઈસુના મરણ અને દફન સુધી ઈસુને અનુસરતી રહી.

ઈસુને અનુસરીને એમની કબરે જનાર બધી સ્ત્રીઓમાં ફક્ત મગ્દલાની મરિયમનું નામ આપણને ચારેય શુભસંદેશમાં મળે છે. માથ્થી લખે છે, 'અઠવાડિયાનો પહેલો દિવસ ઊગવામાં હતો, એવામાં મગ્દલાની મરિયમ અને પેલી બીજી મરિયમ કબર જોવા આવી.' (માથ્થી ૨૮, ૧). અહીં 'બીજી મરિયમ'ની વાત છે તે મરિયમ યાકોબ અને યૉસેફની મા મરિયમ છે એમ વિદ્વાનો માને છે. કારણ, બીજી જગ્યાએ માથ્થી અને માર્કે આ બંને મરિયમનાં નામ સાથે જ આપ્યાં છે.

યાકોબ અને યૉસેફની મા મરિયમે મગ્દલાની મરિયમ અને શલોમી સાથે ઈસુને ક્રૂસે ચડાવ્યાનું હૃદયદ્રાવક દૃશ્ય જોયું; (જુઓ માર્ક ૧૫, ૪૦) એટલું જ નહીં પણ ઈસુની ખાલી કબર જોવાનો આઘાત પણ અનુભવ્યો. મરિયમ અને સલોમી (ઝબદીની પત્ની) બંનેને ઈસુની કબર આગળ સૌપ્રથમ ઈસુના પુનરુત્થાનના સમાચાર સાંભળવાનો અનેરો આનંદ પણ મળ્યો. માર્કે ઈસુના પુનરુત્થાનના દિવસે ઈસુની કબર આગળ પહોંચનાર ત્રણ સ્ત્રીઓની વાત કરી છે. 'વિશ્રામવાર પૂરો થતાં મગ્દલાની મરિયમ, યાકોબની મા મરિયમ અને શલોમી ઈસુને લગાડવા માટે સુગંધી દ્રવ્યો ખરીદી લાવી. રવિવારને દિવસે સવારના પહોરમાં સૂરજ ઊગતાં જ તેઓ કબર આગળ આવી.' (માર્ક ૧૬, ૧-૨).

સાથોસાથ આ ત્રણેય સ્ત્રીઓને ઈસુ સજીવન થયાના ખુશખબર એમના શિષ્યોને પહોંચાડવાના સંદેશવાહક બનવાનું સદ્ભાગ્ય પણ મળ્યું. માર્ક લખે છે, 'અને કબરમાં જઈને તેમણે જોયું તો સફેદ ઝભ્ભો પહેરેલો એક યુવાન જમણી બાજુએ બેઠો હતો. તેઓ ચોંકી ઊઠી.' (માર્ક ૧૬, ૪).

'પણ તે યુવાને તેમને કહ્યું, 'બીશો નહીં; ક્રૂસે ચડાવેલા નાસરેથના ઈસુને તમે શોધો છો, તે સજીવન થયા છે. તે અહીં નથી. જુઓ, તેમને જ્યાં પોઢાડયા હતા તે જગ્યા આ

રહી. પણ હવે જાઓ, અને પીતરને તથા બીજા શિષ્યોને કહો કે, 'તેઓ તમારી આગળ ગાલીલ જઈ રહ્યા છે, અને તેમણે તમને કહ્યા પ્રમાણે ત્યાં તમને તેમનાં દર્શન થશે.' (માથ્થી ૨૮, ૮-૧૦).

લૂકરચિત શુભસંદેશ મુજબ આ સ્ત્રીઓ ઈસુના શિષ્યોને એમના પુનરુત્થાનના સમાચાર આપે છે. પરંતુ શિષ્યો એમની વાત માની શકતા નથી. વાંચો:

'ત્યારે તેઓને ઈસુના શબ્દો યાદ આવ્યા, અને કબરેથી પાછા આવીને તેમણે અગિયાર પ્રેષિતોને અને બીજા સૌને આ બધા સમાચાર આપ્યા. એ સ્ત્રીઓમાં મગ્દલાની મરિયમ, યોહાન્ના અને યાકોબની મા મરિયમ પણ હતી. તેમની સાથેની બીજી સ્ત્રીઓએ પણ પ્રેષિતોને વાત કરી, પણ તેમને આ વાત અક્કલ વગરની લાગી અને તેમણે માની નહીં' (લૂક ૨૪ ૮-૧૧).

ચોથા શુભસંદેશકાર યોહાને ઈસુના ક્રૂસ પાસે ઊભેલી ત્રણ સ્ત્રીઓનાં નામો લીધાં છે. પણ એમાં યાકોબ અને યૉસેફની મા મરિયમનું નામ નથી પણ કલોપાની વહુ મરિયમનું નામ છે. એટલે બાઇબલના કેટલાક પંડિતો માને છે કે કલોપાની વહુ મરિયમ અને યાકોબ તથા યૉસેફની મા મરિયમ બે અલગ પાત્રો નથી, પણ એકની એક વ્યકિત છે. (યોહાન ૧૯, ૨૫).

જે હોય તે, પણ એક વાત તો ચોક્કસ છે કે યાકોબ અને યૉસેફની મા મરિયમે ખૂબ પ્રેમ અને નિષ્ઠાથી ઈસુ અને તેમના શિષ્યોની સેવાચાકરી કરી, એટલું જ નહીં, પણ તેમના એક દીકરા યાકોબને ઈસુના શુભસંદેશ પ્રચાર-ફેલાવના કામમાં પ્રેષિત તરીકે સમર્પી દીધા.

૩૭. સભાગૃહનો અધ્યક્ષ યાઇર અને દીકરી

નવા કરારમાં પ્રથમ ત્રણ શુભસંદેશકારો માથ્થી, માર્ક અને લૂક સભાગૃહના અધ્યક્ષ યાઈર અને તેમની દીકરીની વાત કરે છે. માર્ક અને લૂક તો તેમની દીકરીને ઈસુએ આપેલા પુનર્જીવનની વાત વિગતવાર કરે છે. પણ માથ્થીમાં સભાગૃહના અધ્યક્ષનું નામ નથી પણ ફક્ત 'એક અમલદાર'નો ઉલ્લેખ છે.

અમલદાર કે સભાગૃહના અધ્યક્ષ યહૂદી સમાજમાં ખૂબ આદરણીય આગેવાન છે. તેઓ સભાગૃહમાં મુખ્ય કાર્યકર્તા તરીકે જવાબદારીનો મોટો હોદ્દો ધરાવે છે. ખ્રિસ્તી ધર્મમાં સભાપુરોહિત કે પાળકની જેમ યહૂદી સભાગૃહનો અધ્યક્ષ સભાગૃહમાં કોણ, કયો ભાગ ભજવે છે, સભાગૃહમાં અજુગતું કશુંય ન થાય, એવી બધી બાબતો જોવાની જવાબદારી ધરાવે છે.

આપણે જાણીએ છીએ કે યહૂદી આગેવાનો એક ધાર્મિક ગુરુ તરીકેનાં ઈસુનાં જીવનશૈલી અને સંદેશનો વિરોધ કરતા હતા. તેમણે ઈસુને વાદવિવાદમાં ફસાવવાનો પ્રયત્ન કર્યો છે. છેલ્લે તો તેઓ ઈસુને ગમે તેમ કરીને મારી નાખવાની પેરવીમાં હતા.

એટલે આપણે માની શકીએ કે યહૂદી ધાર્મિક આગેવાન તરીકે યાઈર પોતાની દીકરીને સાજીનરવી કરવા માટે બધાય પ્રયત્નો કર્યા પછી છેલ્લા ઉપાય તરીકે શ્રદ્ધાથી ઈસુ પાસે આવ્યા હશે. ઈસુ તો પોતાનો વિરોધ કરતા અને ધિક્કાર કરતા યહૂદી આગેવાનોમાંના એક તરીકે યાઈરને જોવાને બદલે એક જરૂરિયાતમંદ અને બેબાકળા પિતા તરીકે એમને આવકારે છે અને તરત જ એમની વિનંતી મુજબ એમની સાથે એમના ઘર તરફ ઊપડી જાય છે.

રસ્તામાં ઈસુ કોઈક સાથે વાત કરતા હતા ત્યાં કોઈ આવીને યાઈરને કહે છે, 'તમારી છોકરી તો મરી ગઈ. હવે ગુરુજીને શું કરવા તસ્દી આપો છો?' (માર્ક ૫, ૩૫).

યાઈર અને આગંતુક વચ્ચેની વાત સાંભળીને ઈસુએ દિલની દયાથી યાઈરને કહ્યું, 'ગભરાઈશ નહીં. તું તારે શ્રદ્ધા રાખ.'

પછી ઈસુએ અત્યાર સુધી પોતાને અનુસરતી મેદનીને પોતાની સાથે આવવાની મના કરી અને પોતાની પસંદગીના ત્રણ શિષ્યોને — પીતર, યાકોબ અને યાકોબના ભાઈ યોહાનને — સાથે લઈને યાઈરને ઘરે પહોંચ્યા.

સભાગૃહના અધ્યક્ષના ઘેર રોકકળ અને ઘોંઘાટ મચ્યો હતો. ઈસુએ રોતાંકકળતાં લોકોને કહ્યું, 'છોકરી મરી નથી ગઈ, ઊંઘે છે.' અને તેમણે બધા લોકોને ઘર બહાર કાઢી મૂક્યાં. 'પછી છોકરીનાં મા-બાપને અને પોતાના સાથીઓને સાથે લઈને છોકરી જ્યાં સૂતી હતી ત્યાં ગયા.'

પોતાની સાથે લીધેલાં છોકરીનાં મા-બાપ અને ત્રણ શિષ્યોની હાજરીમાં ઈસુએ છોકરીનો હાથ પકડીને એને હુકમ કર્યો, 'ટલીથા કૂમ' જેનો અર્થ થાય છે કે, 'બેટા, મારી આજ્ઞા છે, ઊઠ.' (જુઓ માર્ક ૫, ૩૭-૪૧).

માર્ક ઈસુના શિષ્ય પીતરના અનુયાયી હોઈ યાઈરની દીકરીને પુનર્જીવિત કરવાની

વાત માર્કે પીતરના મોઢે સાંભળી હશે. એટલે માર્ક એ સમગ્ર પ્રસંગનું આબેહૂબ વર્ણન કરી શક્યા છે.

'તરત જ છોકરી ઊઠીને ફરવા લાગી; તેને બાર વરસ થયાં હતાં. આ જોઈને લોકો તો આશ્ચર્યથી આભા જ થઈ ગયા. પણ ઈસુએ તેમને કડક આજ્ઞા ફરમાવી કે, 'કોઈને આની જાણ થવી ન જોઈએ;' અને કહ્યું 'છોકરીને કંઈક ખાવાનું આપો.' (માર્ક ૫, ૪૨-૪૩).

અડગ શ્રદ્ધાથી ઈસુની પાસે આવેલા યાઈરની શ્રદ્ધા ફળી. ઈસુએ એમની મૃત્યુ પામેલી દીકરીને પુનર્જીવિત કરી.

સભાગૃહના અધ્યક્ષ યાઈરને ઘેર રોતાંકકળતાં અને ઘોંઘાટ કરતાં કે ઈસુને હસી કાઢતાં લોકો વચ્ચે ઈસુ ખૂબ શાંતિ અને ધીરજથી વર્તે છે. કારણ, એક બાજુ, ઈસુને પોતાના ઈશ્વર પિતા પર અડગ શ્રદ્ધા છે, સંપૂર્ણ ભરોસો છે. તો બીજી બાજુ ઈસુ જાણે છે કે સભાગૃહના અધ્યક્ષ યાઈર પોતાના જાતભાઈઓના પૂર્વગ્રહો અને વિરોધ ગણકાર્યા વિના તેમની પાસે આવ્યા છે. ઈસુ પાસે આવવામાં યાઈરે પોતાના ઉચ્ચ હોદ્દાને પણ ગણકાર્યો નહોતો; ઊલટું ખૂબ નમ્રતાથી ઈસુ પાસે આવીને એમના પગે પડ્યા હતા.

યાઈરના પાત્રને સમજાવતાં બાઇબલના એક પંડિત વિલ્યમ બાર્કલેએ ફિલ્સૂફ ડાયોજિનિયસની વાત કરી છે. એક વાર ચાંચિયાઓએ ડાયોજિનિયસને પકડ્યા અને ગુલામ તરીકે વેચવા માટે બજારમાં લઈ ગયા. ગુલામને ખરીદવા આવેલા લોકોમાં એક માણસ પર નજર ઠેરવીને ડાયોજિનિયસે કહ્યું, 'મને પેલા માણસને વેચી દો. તેમને એક માલિકની જરૂર છે.' પેલા માણસે ડાયોજિનિયસને ગુલામ તરીકે ખરીદ્યો અને એને પોતાના ઘરના રખેવાળનું અને બાળકોના શિક્ષણનું કામ સોંપ્યું. પછી તે માણસ કહેતો હતો, 'ડાયોજિનિયસ મારા જીવનમાં આવ્યો તે મારા માટે એક ખૂબ સારો દિવસ હતો.' વિલ્યમ બાર્કલ અંતે ઉમેરે છે: ખરી વાત છે પણ ડાયોજિનિયસને ખરીદવા માટે પેલા માણસને માલિક તરીકેના પોતાના ગર્વને રદબાતલ કરવો પડ્યો હતો. ઈસુ પાસે આવવામાં યાઈર પણ સભાગૃહના અધ્યક્ષ તરીકેના હોદ્દા અને ગર્વને બાજુએ મૂકીને નમ્ર બન્યા હતા.

૩૮. કનાન જાતિની સ્ત્રીની શ્રદ્ધા

માથ્થીકૃત અને માર્કકૃત શુભસંદેશોમાં આપણને કનાન જાતિની સ્ત્રીની વાત મળે છે. માથ્થી આ અનામી સ્ત્રીને 'કનાન જાતિની એક બાઈ' તરીકે ઓળખાવે છે. માર્કકૃત શુભસંદેશમાં એ 'સિરિયાના ફિનીકિયાની વિધર્મી બાઈ' છે. આ બંને ઓળખાણ એકબીજાની પુરવણીરૂપ છે. બંને ઓળખાણમાં ક્યાંય બાઈનું નામ નથી. એ જ રીતે એના પતિ કે એની દીકરીનાં પણ નામ નથી.

માથ્થીની વાત મુજબ કનાનની બાઈની 'દીકરીને અપદૂત વળગ્યો છે'. પણ માર્ક કહે છે કે બાઈની 'છોકરીને અશુદ્ધ આત્મા વળગ્યો છે. 'અશુદ્ધ આત્મા' (evil spirit) કે અપદૂત (demon) છોકરીને' ખૂબ સતાવે છે. રોનાલ્ડ બ્રાઉનરિગ પોતાના પુસ્તક 'હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ'માં કહે છે કે અશુદ્ધ આત્મા કે અપદૂતનું વળગણ સામાન્ય રીતે વાઈના દરદ માટે વપરાય છે. દીકરીના આ દરદથી એની મા ખૂબ હેરાનપરેશાની અનુભવે છે.

ઈસુ અને તેમના શિષ્યો રોમન સત્તા હેઠળના સિરિયા પ્રાન્તમાં તૂર પ્રદેશમાં જઈને એક ઘરમાં ઘણુંખરું શાંતિ અને વિશ્રામ માટે ઊતર્યા છે. કારણ, ગાલીલ સરોવરના આસપાસના વિસ્તારોમાં ઈસુ અને શિષ્યો પાસે લોકોની મોટી મેદની ભેગી થતી હતી અને ઈસુ એમની વચ્ચે ઈશ્વરના રાજ્યની ઘોષણા કરવા અને માંદાંઓને સાજાંનરવાં કરવામાં ખૂબ વ્યસ્ત રહ્યા હતા. એટલે ઈસુની ઇચ્છા હતી કે એમની તૂરની મુલાકાતની 'કોઈને જાણ ન થાય.' (માર્ક ૭, ૨૪).

ઈસુની કીર્તિ અને નામના ફક્ત યહૂદિયા અને ગાલીલના યહૂદીઓ વચ્ચે જ નહીં પણ પરપ્રાન્તના વિધર્મી લોકો વચ્ચે પણ ફેલાઈ ગઈ હતી. એટલે માર્ક કહે છે તેમ ઈસુ એક ઘરે ઊતર્યાની વાત છૂપી રહી ન શકી. એટલે કનાન જાતિની બાઈ આવીને પોકારી ઊઠી, 'હે દાવિદના પુત્ર, હે પ્રભુ, મારા ઉપર દયા કરો!' (માથ્થી ૧૫, ૨૨). અહીં ઈસુ માટે 'દાવિદના પુત્ર' સંબોધન ખૂબ અર્થબદ્ધ છે. જોન એલ. મેકેન્ઝી 'ડિક્શનરી ઑફ ધ બાઇબલ'માં કહે છે કે આદિ ખ્રિસ્તીઓ વચ્ચે 'મુક્તિદાતા' તરીકેનો ઈસુનો ખ્યાલ આ સંબોધન સૂચવે છે.

એ વિધર્મી બાઈ ઈસુને 'દાવિદના પુત્ર' કહીને ઊંડી શ્રદ્ધાથી એમનો 'મસીહ' કે 'મુક્તિદાતા' તરીકે સ્વીકાર કરે છે અને વિનંતી કરે છે, 'હે પ્રભુ મારા ઉપર દયા કરો!' પછી અટક્યા વિના ઈસુને કહે છે કે, 'મારી દીકરીને અપદૂત વળગ્યો છે અને ખૂબ સતાવે છે.' (માથ્થી ૧૫, ૨૨).

ઈસુ એ બાઈની વિનંતીનો કોઈ પ્રતિસાદ આપતા નથી. ઊલટું, ઈસુ એની વિનવણીની ધરાર અવગણના કરતા હોય એવું લાગે છે. પણ એ બાઈ તો પોતાની માગણીમાં મંડી રહે છે. એટલે ઈસુના શિષ્યો બાઈની વિનવણીથી પરેશાન થઈને ઈસુને વિનંતી કરે છે કે 'એને સંતોષીને વિદાય કરી દો. આ આપણી પૂંઠે પૂંઠે બૂમ પાડ્યા કરે છે.' (માથ્થી ૧૫, ૨૩).

જ્યારે એ વિધર્મી બાઈ જોડે પોતાના શિષ્યો પણ વિનવણી કરે છે ત્યારે ઈસુ જવાબ આપે છે, 'મને તો ફક્ત ઇસ્રાયલનાં ભૂલાં પડેલાં પ્રજાજનો માટે મોકલ્યો છે.' ઈસુના આ પ્રતિભાવથી પણ કનાન જાતિની એ બાઈ પીછેહઠ કરતી નથી. ઈસુને પગે પડીને તે પોતાની વિનવણી ચાલુ રાખે છે, 'પ્રભુ મને મદદ કરો!'

પણ ઈસુ પોતાની વાતને એક ઉપમાથી જારી રાખે છે. ઈસુ એ બાઈને કહે છે, 'છોકરાંનાં મોઢામાંથી રોટલો લઈને ગલૂડિયાંને નાખવો એ સારું નથી' (માથ્થી ૧૫, ૨૬). આવા અપમાનજનક લાગતા જવાબથી પણ હાર્યા વિના એ બાઈ ઈસુની વાતને અનુમોદન કરતી હોય એમ બોલે છે, 'સાચું, પ્રભુ! છતાં ગલૂડિયાં પોતાના માલિકનું વધ્યુંઘટ્યું તો ખાય છે.' (માથ્થી ૧૫, ૨૭).

વિધર્મી બાઈના આ પ્રતિભાવથી ઈસુ ખૂબ પ્રભાવિત થયા. ઈસુ પરની એની ઊંડી શ્રદ્ધાની કદર કરતાં ઈસુ એને કહે છે, 'ઓ બાઈ, તારી શ્રદ્ધા જબરી છે! તારી ઇચ્છા ફળો.' અને માથ્થીએ ઉમેર્યું છે, 'અને તે જ ઘડીએ તેની દીકરી સાજી થઈ ગઈ.' (માથ્થી ૧૫, ૨૮).

આ જ વાત માર્ક થોડી ભિન્ન રીતે કરે છે. 'ત્યારે ઈસુએ તેને કહ્યું, 'તારા આ જવાબ પર હું ખુશ છું. તું ઘેર જા. તારી છોકરીનો અપદૂત નીકળી જ ગયો છે. તે બાઈ ઘેર જઈને જુએ છે તો છોકરી પથારીમાં સૂતેલી છે, અને અપદૂત ચાલ્યો ગયો છે." (માર્ક ૭, ૨૯-૩૦).

એ બાઈની શ્રદ્ધા અને ઈસુના જવાબ પર ટિપ્પણી કરતાં 'ઑલ ધ વિમૅન ઑફ ધ બાઇબલ'ના લેખક હેરબર્ટ લોકિયર કહે છે, 'તેની ફળવંત શ્રદ્ધા સાચી શ્રદ્ધાનાં ક્રમશ: ત્રણ પગલાં બતાવે છે. એની શ્રદ્ધાની ચકાસણીનું પ્રથમ પગલું મૌન છે.' (માથ્થી ૧૫, ૨૩). બીજું પગલું નકાર છે (માથ્થી ૧૫, ૨૪) અને ત્રીજું પગલું ઠપકો છે (માથ્થી ૧૫, ૨૬). પ્રેમાળ હેતુ સિદ્ધ કરવા ઈસુએ આ ત્રણેય પગલાં ભર્યાં હતાં. આ ચકાસણીમાંથી શ્રદ્ધાનો વિજય થયો. અપમાનજનક લાગતી વાતને તે બાઈએ પોતાની તરફેણની દલીલમાં ફેરવી નાખી. તેની શ્રદ્ધાને કારણે ચોક્કસ અને વાસ્તવિક પરિણામ મળ્યું. (પૃ. ૨૨૬).

૩૯. અંધ બર્તિમાય

પ્રભુ ઈસુ પોતાના શિષ્યો સાથે છેલ્લી વાર યરુશાલેમ જતા હતા. તેઓ યરીખોથી નીકળતાં રસ્તાની ધારે બેઠેલા એક અંધ માણસને મળ્યા. તે છે તિમાયનો દીકરો બર્તિમાય. ઈસુએ અંધ બર્તિમાયને ચમત્કારિક રીતે દેખતો કર્યો અને તે ઈસુની પાછળ રસ્તે ચાલવા લાગ્યો.

પ્રભુ ઈસુએ પોતાના જાહેર જીવન દરમિયાન ઘણાને ચમત્કારિક રીતે સાજાં કર્યાં છે. લાંબી માંદગીનો ભોગ બનેલાંઓની માંદગી મટાડી છે. આંધળાઓને દૃષ્ટિદાન આપ્યું છે. પરંતુ ચારેય શુભસંદેશમાં ભાગ્યે જ ઈસુએ સાજા કરેલા કોઈ બીમારનું નામ મળે છે. પણ બર્તિમાયની બાબતમાં આપણને એમનું નામ માર્કના શુભસંદેશમાંથી મળે છે. એટલું જ નહીં, પણ ઈસુ સાથેના એમના મિલનને પ્રથમ ત્રણેય શુભસંદેશકારોએ ખૂબ ચિત્રાત્મક રીતે વર્ણવ્યું છે. યરીખોથી નીકળીને યરુશાલેમ જતાં ઈસુ અને તેમના શિષ્યો તથા અનુયાયીઓના કોલાહલથી બર્તિમાયને લાગ્યું કે રસ્તે જતાં ટોળાં રોજનાં ટોળાંથી ભિન્ન છે.

ટોળાં અંગે તપાસ કરતાં રસ્તાની ધારે બેઠેલા આંધળા બર્તિમાયને ખબર પડી કે ઈસુ અને એમના શિષ્યો તથા અનુયાયીઓનું મોટું ટોળું પસાર થઈ રહ્યું છે. ઈસુનું નામ સાંભળીને રસ્તાની ધારે બેઠેલો બર્તિમાય બૂમ પાડવા લાગ્યો, 'ઓ દાવિદપુત્ર ઈસુ. મારા પર દયા કરો.'

'દાવિદપુત્ર ઈસુ, મારા પર દયા કરો'ની વિનંતી બર્તિમાય વિશે ઘણું કહી જાય છે. એક, બર્તિમાયે ઈસુ વિશે લોકો પાસેથી ઘણું બધું સાંભળ્યું હશે. ઈસુના ત્રણ વર્ષના જાહેર જીવનના લગભગ અંતે બર્તિમાય ઈસુને મળે છે. એટલે ઈસુના શિષ્યો વિશે, તેમનાં કાર્યો અને સંદેશા વિશે, તેમના ચમત્કારો વિશે તથા કેટલીક બાબતોમાં યહૂદી ધર્મગુરુઓ તેમ જ અન્ય આગેવાનો અને ઈસુ વચ્ચે સામસામા ટકરાવાના પ્રસંગો વિશે બર્તિમાયે ઘણું સાંભળ્યું હશે. બે, ઈસુ સાથેના ટોળીના લોકો ત્રણેય શુભસંદેશકારોએ નોંધ્યું છે તેમ બર્તિમાયને ધમકાવીને શાંત રહેવાનું કહે છે. પરંતુ બર્તિમાય તો ઊલટો વધારે જોરથી બૂમ પાડવા લાગ્યો, 'ઓ દાવિદપુત્ર, મારા પર દયા કરો!' (માર્ક ૧૦, ૪૮).

ત્રણ, બર્તિમાય પોતાની અંતરદૃષ્ટિથી ઈસુને ઓળખી કાઢે છે અને તેમને 'દાવિદના પુત્ર' કહીને બોલાવે છે. યહૂદી લોકોમાં 'દાવિદપુત્ર' એટલે મુક્તિદાતા છે. યહૂદી લોકો સદીઓથી એ મુક્તિદાતાની રાહ જોતા હતા. એટલે જ ચારેય શુભસંદેશોમાં પ્રભુ ઈસુ માટે 'દાવિદનો પુત્ર' કે 'દાવિદનો વંશજ' એવા ઉલ્લેખ જોવા મળે છે. (માથ્થી ૨૨, ૪૫; માર્ક ૧૨, ૩૫; લૂક ૨૦, ૪૧ અને યોહાન ૭, ૪૫).

બર્તિમાય પ્રભુ ઈસુને 'દાવિદપુત્ર ઈસુ' કહીને બૂમ પાડે છે ત્યારે ટોળાના લોકો એ આંધળા માણસને ગણકારતા નથી. પણ ઈસુનો પ્રતિભાવ અને ઈસુએ એને આપેલા દૃષ્ટિદાનનો પ્રસંગ ખાસ નોંધવા જેવો છે. તે આખો પ્રસંગ અહીં માર્કના શુભસંદેશમાંથી ઉતારું છું:

ઈસુ ઊભા રહી ગયા અને બોલ્યા, 'એને બોલાવો', અને લોકોએ તે આંધળા માણસને બોલાવીને કહ્યું, 'હિંમત રાખ, ઊભો થા; ઈસુ તને બોલાવે છે.'

એટલે તે પોતાની ચાદર ફગાવી દઈને એકદમ ઊભો થઈ ગયો અને ઈસુ પાસે આવ્યો.

ઈસુએ તેને કહ્યું, 'તારી શી ઇચ્છા છે? તારે માટે હું શું કરું?'

પેલો આંધળો માણસ બોલ્યો, 'ગુરુજી, મને દેખતો કરો,' ઈસુએ તેને કહ્યું, 'જા, તારી શ્રદ્ધાએ તને ઉગારી લીધો છે.' અને તે જ ક્ષણે તે દેખતો થઈ ગયો અને ઈસુની પાછળ પાછલ રસ્તે ચાલવા લાગ્યો.' (માર્ક ૧૦, ૪૯-૫૨).

માથ્થીએ અને લૂકે પણ બર્તિમાયને દૃષ્ટિદાન આપવાનો પ્રસંગ સવિસ્તર નોંધ્યો છે. (માથ્થી ૨૦, ૨૯-૩૪; લૂક ૧૮, ૩૫-૪૩).

આ સમગ્ર પ્રસંગમાં વિચિત્ર વાત એ છે કે આંધળો બર્તિમાય ઈસુને 'દાવિદ પુત્ર' કહીને મુક્તિદાતા તરીકે ઓળખે છે, ઘોષણા કરે છે. પરંતુ ઈસુને અનુસરતા ટોળાના દૃષ્ટિવાળા લોકોને ઈસુ અંગેની એવી ઓળખ નથી. એટલે જ ટોળાના 'ઘણાં માણસોએ તેને ધમકાવીને શાંત રહેવા કહ્યું.'

બર્તિમાય ઈસુને દાવિદના પુત્ર તરીકે ઓળખે છે. એટલું જ નહીં, એમને ઈસુ પાસેથી શું જોઈએ છે એનો સ્પષ્ટ ખ્યાલ છે. એટલે તેઓ ઈસુને શ્રદ્ધાથી કહે છે, 'ગુરુજી, મને દેખતો કરો.'

પ્રભુ ઈસુએ તરત જ એમની શ્રદ્ધાની કદર કરીને એમને કહ્યું, 'જા, તારી શ્રદ્ધાએ તને ઉગારી લીધો છે. અને તે જ ક્ષણે તે દેખતો થઈ ગયો અને ઈસુની પાછળ પાછળ રસ્તે ચાલવા લાગ્યો.'

૪૦. કોડી અર્પનાર વિધવા અને નાઇનની વિધવા

નવા કરારમાં બે વિધવાઓનાં પાત્રો આવે છે. એમાં એક પાત્ર મંદિરના ભંડારમાં બે કોડી નાખનાર ગરીબ વિધવા છે. બીજું પાત્ર નાઈન ગામની વિધવા છે. ભંડારમાં બે કોડી નાખનાર ગરીબ વિધવાની વાત માર્ક તથા લૂકના શુભસંદેશોમાં આવે છે. પણ નાઈનની વિધવાની વાત ફક્ત લૂકના શુભસંદેશમાં છે.

બંને વિધવાઓનાં નામ તથા તેમની કૌટુંબિક અને સામાજિક બાબતો વિશે આપણે કશુંય જાણતા નથી. ઈસુએ એમને બંનેને જોઈ છે અને એમની પરિસ્થિતિની નોંધ લેવાને કારણે બંને વિધવાઓ બાઇબલનાં અમર પાત્રો બની ગઈ. બંનેની વાત આપણાં હૃદયને સ્પર્શી જાય છે.

વિધવાની કોડીની વાત માર્કે (૧૨, ૪૧-૪૪) અને લૂકે (૨૧, ૧-૪) ચાર ચાર કડીઓમાં કરી છે. અહીં માર્કે કરેલી વાત ટાંકું છું:

વિધવાની બે કોડી

‘ઈસુ મંદિરના ભંડાર સામે બેઠા બેઠા, લોકો તેમાં પૈસા નાખતા હતા તે જોતા હતા. ઘણા પૈસાદાર લોકો મોટી મોટી રકમ નાખતા હતા. એવામાં એક ગરીબ વિધવાએ આવીને તેમાં બે કોડી નાખી. ઈસુએ શિષ્યોને પાસે બોલાવીને કહ્યું, ‘હું તમને ખાતરીથી કહું છું કે, ભંડારમાં પૈસા નાખનાર બીજા બધા કરતાં આ ગરીબ વિધવાએ વધારે નાખ્યું છે; કારણ, એ બીજા લોકોએ તો પોતા પાસે જે વધારાનું હતું તેમાંથી નાખ્યું છે, પણ આ બાઈ પાસે તો પોતા માટે પણ પૂરતું નહોતું, છતાં એણે પોતાની પાસે જે કંઈ હતું તે બધું જ, પોતાની જીવાદોરી જ આપી દીધી.’ (માર્ક ૧૨, ૪૧-૪૪).

યહૂદી લોકોનો તહેવાર બેખમીર રોટીના પર્વના અઠવાડિયામાં સમગ્ર યહૂદિયામાંથી લોકો યરુશાલેમ ખાતે મંદિરમાં ઉપાસના વિધિઓમાં ભાગ લેવા માટે આવતા અને મંદિર માટે દાન આપતા. લોકોને દાન આપવા માટે મંદિરની દીવાલ જોડે દાન-પેટી કે ભંડાર હતા. બેખમીર રોટીના પર્વ પ્રસંગે બીજા બધા યહૂદીઓની જેમ ઈસુ અને તેમના શિષ્યો પણ મંદિરમાં આવ્યા હતા. ત્યાં ઈસુ જુએ છે કે એક ગરીબ દેખાતી સ્ત્રી પિત્તળના બે નાણાં દાનપેટીમાં નાખે છે. ઈસુ કદાચ એ સ્ત્રીને ગરીબ અને વિધવા તરીકે ઓળખતા હશે. ખૂબ ગરીબ દેખાતી એ સ્ત્રી જોડે બીજા કોઈ નહીં હોય. એટલે ઈસુનું ધ્યાન એના તરફ અને મંદિરમાં કરેલા એના દાન તરફ ગયું હશે. ખૂબ ઉદારતા અને ઈશ્વર પરની ઊંડી શ્રદ્ધાથી દાન કરનાર વિધવાની ઈસુ કદર કરે છે. એટલું જ નહીં, પણ પોતાના શિષ્યોને પણ એની ઉદારતા અને ત્યાગભાવનાની વાત કરે છે.

ઈસુ અને તેમના શિષ્યોએ ઘણા બધા લોકોને મંદિરના ભંડારમાં દાન નાખતા જોયા છે. એમાં ઘણા પૈસાદાર લોકોએ મોટી રકમ ભંડારમાં નાખી છે. લોકોની દૃષ્ટિએ ધનિક લોકોએ કરેલી મોટી મોટી રકમના દાન આગળ વિધવાની બે કોડીની કંઈ વિસાત નથી. પણ કેવળ દેખાવથી નહીં પણ દિલથી માણસને પારખનાર ઈસુ જાણે છે કે મંદિરના

ભંડારમાં બે કોડી નાખવામાં વિધવાએ પોતાનું સર્વસ્વ ઈશ્વરની આગળ ધરી દીધું છે. એટલે ઈસુ પોતાના શિષ્યોને કહે છે કે, 'બીજા લોકોએ તો પોતા પાસે જે વધારાનું હતું તેમાંથી નાખ્યું છે, પણ આ બાઈએ... પોતાની જીવાદોરી જ આપી દીધી છે.' (માર્ક ૧૨, ૪૪).

આજે વિધવાની બે કોડીની વાત માત્ર ખ્રિસ્તીઓ જ નહીં પણ ઇતરધર્મોના ઘણા લોકો જાણે છે. કારણ, વિધવાની બે કોડીની વાત 'પ્રતીક' બની ગઈ છે. ઉદારતા અને ત્યાગભાવનાથી આપેલી નાની રકમ માટે આપણે 'વિધવાની બે કોડી' શબ્દપ્રયોગ કરીએ છીએ અને એવા દાનની ખૂબ કદર કરીએ છીએ.

નાઈનની વિધવા

નાઈનની વિધવાની વાત આપણને ફક્ત લૂકકૃત શુભસંદેશમાં મળે છે. આપણે અહીં નાઈનની વિધવા પ્રત્યે ઈસુની વિશેષ અનુકંપા અને હમદર્દી જોઈ શકીએ છીએ. ઈસુના સમયમાં આજની જેમ નિરાધાર વિધવાઓની સ્થિતિ ખૂબ ખરાબ હતી. આ સંદર્ભમાં માથ્થીકૃત શુભસંદેશમાં આવતી એક વાત આપણને ખાસ સ્પર્શી જાય છે. એમાં ઈસુ વિધવાઓની મિલકત હોઈયાં કરવા બદલ શાસ્ત્રીઓ અને ફરોશીઓની આકરી ટીકા કરે છે. 'ઓ શાસ્ત્રીઓ અને ફરોશીઓ, ઓ દંભીઓ, તમારી કેવી દુર્દશા થશે! તમે વિધવાઓની મિલકત હોઈયાં કરી નાખો છો.' (માથ્થી ૨૩, ૧૪). બાઇબલની સૌથી મહત્ત્વની હસ્તપ્રતોમાં આ ૧૪મી કડી મળતી નથી. એટલે સંપૂર્ણ બાઇબલમાં આ કડી આપણને પદટિપ્પણીમાં મળે છે.

ઈસુ પોતાના શિષ્યો સાથે યહૂદીઓના સભાગૃહોમાં ઉપદેશ આપતા અને આખા ગાલીલ પ્રાંતમાં ફરવા લાગ્યા. (જુઓ માથ્થી ૪, ૨૩-૨૫), ઈસુની આ મુસાફરીમાં તેઓ અને તેમની સાથેના લોકો નાઈન નામના ગામે પહોંચ્યા ત્યારે તેમને ગામમાંથી શબપેટીમાં એક વિધવાના મરી ગયેલા દીકરાને લઈને આવતા લોકો સામે મળ્યા. આ આખી વાત લૂકે પોતાના શુભસંદેશમાં નોંધી છે:

'તેઓ (ઈસુ, શિષ્યો અને પુષ્કળ લોકો) નાઈન ગામના દરવાજા નજીક પહોંચ્યા ત્યાં કોઈ વિધવાનો એકનો એક દીકરો મરી ગયો હતો તેને લઈને આવતા લોકો તેમને સામા મળ્યા. ગામના પુષ્કળ લોકો તે બાઈની સાથે હતા. તેને જોઈને પ્રભુને દયા આવી અને તેમણે તે બાઈને કહ્યું, 'રડીશ નહીં.' પછી નનામી પાસે જઈને તેમણે તેના ઉપર હાથ મૂક્યો એટલે ઊંચકનારા ઊભા રહ્યા. પછી ઈસુ બોલ્યા, 'જુવાન માણસ, તને હું કહું છું કે, બેઠો થા.' ત્યાં તો તે મરેલો માણસ બેઠો થઈને બોલવા લાગ્યો. અને ઈસુએ તેને તેની માને સોંપી દીધા.' (લૂક ૭, ૧૨-૧૫).

પોતાના એકના એક દીકરાના મૃત્યુથી રડતી વિધવા બાઈને જોઈને ઈસુને દયા આવી. ઈસુએ એને ખૂબ પ્રેમથી સાંત્વન આપ્યું, એટલું જ નહીં, પણ એ મરેલા યુવાનને પોતાના શબ્દ માત્રથી જીવનદાન આપ્યું, 'જુવાન માણસ, તને હું કહું છું કે બેઠો થા' અને ઈસુએ મૃત્યુમાંથી નવજીવન પામેલા દીકરાને એની વિધવા માને સોંપ્યો. વૈદ્ય અને શુભસંદેશકાર લૂકે આ પ્રસંગની ખૂબ સુંદર વાત કરી છે. પ્રસંગ કમકમાટી ઉપજાવનારો છે અને લૂકની વાત હૃદય પર ઘેરી અસર કરનારી છે. માનવ જીવનના દારુણ પ્રસંગમાં ઈસુની કરુણા અને મરેલાને જીવતા કરવાની ઈસુની શક્તિથી એ પ્રસંગે હાજર રહેલા લોકો સાથે આપણે પણ પ્રભાવિત થઈએ છીએ.

વિધવા મા અને નવજીવન પામેલા દીકરાના કોઈ પ્રતિભાવની આપણને ખબર નથી. પણ તેઓએ બીજા બધા લોકોની જોડે ઈશ્વરની સ્તુતિ કરી હશે અને જિંદગીભર ઈસુની તેમના પ્રત્યેની કરુણા અને દયાની ઘોષણા કરતાં રહ્યાં હશે.

૪૧. બે ભાઈઓ — સિકંદર અને રૂફસ

ગ્રીક ભાષામાં સિકંદર નામનો અર્થ 'સંરક્ષક માણસ' થાય છે. એ જ રીતે રૂફસ નામનો અર્થ 'લાલ-વાળવાનો' થાય છે. ઈસુના સમયના ઇસ્રાયલ દેશમાં બંને નામો ખૂબ સામાન્ય હતાં. નવા કરારમાં સિકંદર અને રૂફસ નામે કેટલીક વ્યક્તિઓ છે. એટલે અહીં આપણે માર્કકૃત શુભસંદેશમાં આવતા કૂરેને ગામના વતની સિમોનના બે દીકરાઓની એટલે સિકંદર અને રૂફસની વાત કરીએ છીએ.

ઈસુને ક્રૂસે જડવાની શિક્ષા થઈ છે. તેઓ ક્રૂસ ઉપાડીને 'ગુલગથા' અર્થાત્ 'ખોપરીનું સ્થાન' નામની જગ્યા તરફ જઈ રહ્યા છે. માર્ક લખે છે, 'કુરેને ગામનો વતની સિમોન નામનો એક માણસ, સિકંદર અને રૂફસનો બાપ, ગામડેથી પાછા વળતાં ત્યાં થઈને જતો હતો તેને એ લોકોએ ઈસુનો ક્રૂસ ઉપાડી લેવા વેઠે પકડયો.' (માર્ક ૧૫, ૨૧).

કૂરેને ગામના વતની સિમોનનું નામ પ્રથમ ત્રણેય શુભસંદેશમાં આવે છે (જુઓ માથ્થી ૨૭, ૩૨; માર્ક ૧૫, ૨૧ અને લૂક ૨૩, ૨૬). પરંતુ ફક્ત માર્કકૃત શુભસંદેશમાં આપણને સિમોનના બે દીકરાનાં નામો મળે છે. બાઇબલના પંડિત રોનાલ્ડ બ્રાઉનરિગ માને છે કે તેઓ પાછળથી ખ્રિસ્તીઓ બન્યા હશે અને માર્કકૃત શુભસંદેશ વાંચનાર ખ્રિસ્તીઓમાં તેમનાં નામો જાણીતાં થયાં હશે. એટલે જ માર્કે પોતાના શુભસંદેશમાં એમનાં નામો આપ્યાં છે.

પાઉલ રોમના ધર્મસંઘ પ્રત્યેના પોતાના પત્રમાં રૂફસ અને એની માતાને સલામ પાઠવે છે: 'ખ્રિસ્તના ચુનંદા ભક્ત રૂફસ અને તેની તથા મારી માને વંદન કહેજો' — (રોમ ૧૬, ૧૩). આ રૂફસ કૂરેને ગામના વતની સિમોનનો દીકરો રૂફસ છે કે અન્ય કોઈ રૂફસ છે, એની આપણને ચોક્કસ ખબર નથી. પાઉલે રૂફસ અને એની મા બંનેને ખૂબ પ્રેમ અને આદરમાનથી વંદન કર્યાં.

બ્રાઉનરિગ કહે છે તેમ, માર્કે પોતાનો શુભસંદેશ રોમમાં ઈસ્વીસન ૬૪-૬૫ની આસપાસ લખ્યો છે, પણ અહીં બે બાબતો સ્પષ્ટ નથી. એક, આપણને ચોક્કસ ખબર નથી કે રૂફસ અને એની મા કૂરેને ગામના વતની સિમોનના કુટુંબનાં સભ્યો છે કે નહીં. બીજું, પાઉલ જેમને વંદન પાઠવે છે તે રૂફસ અને એની મા રોમનાં વતનીઓ છે કે એફેસસનાં વતનીઓ છે, તેની આપણને ખાતરી નથી.

આદિ ધર્મસંઘની પારંપરિક માન્યતા મુજબ કૂરેને ગામનો વતની સિમોન અને એમના કુટુંબના બધા સભ્યો નવા ઈસાઈ ધર્મસંઘમાં ખ્રિસ્તીઓ તરીકે પ્રખ્યાત બન્યા હતા.

બાઇબલના પંડિત બ્રાઉનરિગ લખે છે કે, રૂફસ અને એની મા પ્રત્યે પાઉલનું આદરમાન તથા માર્કે સિકંદર અને રૂફસનો સિમોનના નામ સાથે કરેલો ઉલ્લેખ પારંપરિક માન્યતાને મજબૂત કરે છે કે, કૂરેને ગામના સિમોન અને એમના કુટુંબે ધર્મપલટો કરી ખ્રિસ્તીધર્મનો સ્વીકાર કર્યો હતો. (હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ, પૃ. ૨)

૪૨. શલોમી નામે બે સ્ત્રીઓ

'શલોમી' નામ 'શલોમોન' નામનું સ્ત્રીરૂપ છે. શલોમી અને શલોમોન બંને નામો હિબ્રૂ શબ્દ 'શાલોમ' (શાંતિ)માંથી આવે છે. શલોમી નામે નવા કરારમાં બે સ્ત્રીઓ છે.

૧. ઝબદીના પુત્રોની મા શલોમી

હિબ્રૂ ભાષામાં શલોમી એટલે 'શાંતિ-દાયક' સ્ત્રી. શુભસંદેશમાં ફક્ત માર્ક જ શલોમી નામનો બે વાર ઉલ્લેખ કરે છે. ક્રૂસે જડેલા ઈસુના ક્રૂસ નીચે ઊભેલી સ્ત્રીઓની યાદીમાં માર્કે શલોમીનો સમાવેશ કર્યો છે. 'કેટલીક સ્ત્રીઓ પણ દૂર રહી રહી જોતી હતી. તેઓમાં મગ્દલાની મરિયમ અને નાના યકોબ અને યૉસેફની મા મરિયમ તથા શલોમી પણ હતી.' (માર્ક ૧૫, ૪૦).

બીજી વાર શલોમીનું નામ ઈસુના મૃતદેહને લગાડવા માટે સુગંધી દ્રવ્યો ખરીદી લાવનાર સ્ત્રીઓની યાદીમાં જોવા મળે છે. 'વિશ્રામવાર પૂરો થતાં મગ્દલાની મરિયમ, યાકોબની મા મરિયમ અને શલોમી ઈસુને લગાડવા માટે સુગંધી દ્રવ્યો ખરીદી લાવી. રવિવારને દિવસે સવારના પહોરમાં સૂરજ ઊગતાં જ તેઓ કબર આગળ આવી.' (માર્ક ૧૬, ૧-૨).

માથ્થીકૃત શુભસંદેશમાં પણ ઈસુના ક્રૂસ નીચે ઊભેલી સ્ત્રીઓનાં નામો માર્કે આપેલા ક્રમમાં આવે છે. પરંતુ એમાં એક નોંધપાત્ર તફાવત છે. નામોની યાદીમાં અંતે આવતું નામ શલોમીને સ્થાને 'ઝબદીના પુત્રોની મા' આવે છે. 'ઘણી સ્ત્રીઓ પણ દૂર રહી રહી જોતી હતી. તેઓ ગાલીલથી ઈસુની પાછળ પાછળ તેમની સેવા કરતી આવી હતી. એમાં મગ્દલાની મરિયમ, યાકોબ અને યૉસેફની મા મરિયમ, અને ઝબદીના પુત્રોની મા પણ હતી.' (માથ્થી ૨૭, ૫૫-૫૬).

લૂકકૃત શુભસંદેશમાં પણ ઈસુને અનુસરતી અને એમની કબર પાસે ગયેલી સ્ત્રીઓની વાત આવે છે. તેઓ ફકત કહે છે કે, 'જે સ્ત્રીઓ ગાલીલથી ઈસુની સાથે સાથે આવી હતી તેઓ યૉસેફની પાછળ પાછળ ગઈ. તેમણે કબર અને શબની ગોઠવણી ધ્યાનથી જોઈ. પછી તેઓએ ઘેર જઈને સુગંધી દ્રવ્યો અને અત્તર તૈયાર કર્યાં.' (લૂક ૨૩, ૫૫-૫૬). ઈસુની કબર પાસે ગયેલી સ્ત્રીઓમાં લૂકે ત્રણ નામો આપ્યાં છે. 'એ સ્ત્રીઓમાં મગ્દલાની મરિયમ, યોહાન્ના અને યાકોબની મા મરિયમ પણ હતી.' (લૂક ૨૪, ૧૦ અ). પછી લૂકે ખાસ નોંધ્યું છે કે, 'તેમની સાથેની બીજી સ્ત્રીઓએ પણ પ્રેષિતોને વાત કરી' (લૂક ૨૪, ૧૦ બ). પ્રથમ ત્રણ શુભસંદેશકારોએ જણાવ્યું છે કે, ગાલીલથી માંડી ઈસુને અનુસરનાર શિષ્યો સાથે કેટલીક સ્ત્રીઓ પણ ઈસુને અનુસરતી હતી. તેઓ ઈસુ અને એમના શિષ્યોની જરૂરિયાતોની સંભાળ લેતી હતી. આ સ્ત્રીઓમાં શલોમીનો પણ સમાવેશ થાય છે એમ આપણે માની શકીએ.

ઈસુએ ગાલીલમાં કરેલી ઈશ્વરના રાજ્યની ઘોષણા દરમિયાન માથ્થી અને માર્કે અ�ક ખાસ પ્રસંગની નોંધ કરી છે. માર્કકૃત શુભસંદેશ મુજબ ઝબદીના બે દીકરાઓ

ઈશ્વરના રાજ્યમાં ઈસુના જમણા હાથે અને ડાબે હાથે બેસવાની માગણી કરે છે. (જુઓ માર્ક ૧૦, ૩૫-૪૦).

આ જ વાત માથ્થીએ પણ કરી છે. પણ એમાં એક નોંધપાત્ર તફાવત છે. માથ્થીના જણાવ્યા મુજબ ઝબદીના બે દીકરાઓ નહીં પણ ઝબદીની પત્ની એટલે એ બે શિષ્યોની મા ઈસુ પાસે એ જ માગણી લઈને આવે છે.

એ વખતે ઝબદીના છોકરાઓની માએ પોતાના છોકરાઓ સાથે આવીને ઈસુને પગે પડીને વરદાન માગ્યું.

ઈસુએ તેને કહ્યું, 'તારે શું જોઈએ છે?'

બાઈએ કહ્યું, 'આપ એવી આજ્ઞા ફરમાવો કે આ મારા બે દીકરામાંથી એક આપના રાજ્યમાં આપને જમણે હાથે અને બીજો આપને ડાબે હાથે બેસે.'

પણ ઈસુએ કહ્યું, 'તમે શું માગો છો એ તમે સમજતા નથી. મારે જે પ્યાલો પીવાનો છે તે તમે પી શકશો?'

તેમણે કહ્યું, 'બેશક!'

ઈસુએ તેમને કહ્યું, 'મારો પ્યાલો તો તમે પીવા પામશો, પણ મારે જમણે હાથે અને ડાબે હાથે બેસવાનો અધિકાર આપવો એ મારા હાથની વાત નથી. એ તો મારા પિતાએ નક્કી કર્યું હશે તેમને જ મળશે." (માથ્થી ૨૦, ૨૦-૨૩).

શલોમી અને તેમના પતિ પોતાનાં બાળકો માટે અ�ક આદર્શ મા-બાપ રહ્યાં હશે. શલોમી ખરેખર એક પવિત્ર સ્ત્રી છે. તેઓ પોતે ઈસુને અનુસરે છે. એટલું જ નહીં, પણ પોતાના બે દીકરાઓને પણ ઈસુને અનુસરવા પ્રેરણા આપે છે. એમના બે દીકરાઓ યાકોબ અને યોહાન તો પીતર સાથે ઈસુના ખૂબ નિકટના ત્રણ શિષ્યો બન્યા, એ વાત અહીં ખાસ નોધંપાત્ર છે.

૨. નાચતી શલોમી

શુભસંદેશમાં આ શલોમીનું નામ આપવામાં આવ્યું નથી. એટલે એને આપણે 'હેરોદિયાસની દીકરી' તરીકે ઓળખીએ છીએ. પરંતુ આપણને આ 'હેરોદિયાસની દીકરી'નું 'શલોમી' નામ યહૂદી ઇતિહાસકાર જોસેફુસ પાસેથી મળે છે. શલોમી તો હેરોદિયાસના પ્રથમ પતિ ફિલિપની દીકરી છે. હેરોદ ફિલિપ (જુઓ માથ્થી ૧૪, ૩; માર્ક ૬, ૧૭), આપણે જાણીએ છીએ તેમ 'મહાન હેરોદ'નો દીકરો છે. એટલે આ શલોમી મહાન હેરોદની પૌત્રી છે.

હેરોદિયાસ અને શલોમીની વાત આપણે યોહાનની શહાદતના પ્રસંગમાં અને માર્કે કરેલા વર્ણનમાં વાંચીએ છીએ.

સ્નાનસંસ્કારક યોહાને હેરોદિયાસને પોતાના પતિ ફિલિપને છોડીને પોતાના સંબંધી હેરોદ અંતિપાસ સાથે લગ્નેતર સંબંધ રાખવા માટે દોષિત ઠરાવી હતી. યોહાને નીડરપણે હેરોદ અંતિપાસને પણ પોતાની ભત્રીજીને એટલે કે ફિલિપની પત્નીને પોતાની પત્ની તરીકે લેવા બદલ ઠપકાર્યા હતા. યહૂદી કાયછાકાનૂન પતિ જીવતા હોય ત્યારે અન્ય પતિ સાથેના લગ્નને મંજૂર કરતા નથી.

હેરોદ અંતિપાસે પોતાની અને હેરોદિયાસની ટીકા કરવા બદલ સ્નાનસંસ્કારક 'યોહાનને પકડી જંજીર પહેરાવી કારાગારમાં નાખ્યા હતા.' (માથ્થી ૧૪, ૩). છતાં માર્કે નોંધ્યું છે કે હેરોદ અંતિપાસ 'યોહાનને ધર્મિષ્ઠ અને પવિત્ર પુરુષ, માનતો હતો, એટલે

તેનાથી ડરતો હતો અને તેનું રક્ષણ કરતો હતો.' (માર્ક ૬, ૨૦). પણ 'હેરોદિયાસ યોહાન ઉપર કીનો રાખતી હતી અને તેમને મારી નાખવા તાકતી હતી' (માર્ક ૬, ૧૯).

આ આખી વાત આપણે માથ્થીકૃત શુભસંદેશમાંથી વાંચીએ: 'વાત એમ છે કે, હેરોદે પોતાના ભાઈ ફિલિપની હેરોદિયાસને ખાતર યોહાનને પકડી જંજીર પહેરાવી કારાગારમાં નાખ્યા હતા; કારણ, યોહાને તેને કહ્યું હતું કે, 'તું એની સાથે રહે છે એ અધર્મ છે.' હેરોદને તેમને મારી નાખવાનું મન થયું. પણ તેને લોકોની બીક લાગી, કારણ, તેઓ યોહાનને પયગંબર માનતા હતા.

પણ હેરોદની વરસગાંઠની ઉજવણી વખતે હેરોદિયાસની દીકરીએ બધા વચ્ચે નૃત્ય કરીને હેરોદને એવો તો ખુશ કર્યો કે તેણે તેને વરદાન આપ્યું, 'માગ, માગ, જે માગે તે આપું.'

એટલે પોતાની માની શિખવણીથી તેણે કહ્યું, 'મને અત્યારે ને અત્યારે સ્નાનસંસ્કારક યોહાનનું માથું થાળીમાં મૂકીને આપો.'

આ સાંભળી રાજાને ખૂબ દુ:ખ થયું; પણ પોતે વરદાન આપી બેઠો હતો તેથી, સાથે બેઠેલાઓની શરમે, તેણે તેની માગણી પૂરી કરવાની આજ્ઞા ફરમાવી; અને કારાવાસમાં યોહાનનો શિરચ્છેદ કરાવ્યો. તેમનું માથું થાળીમાં લાવીને છોકરીને આપવામાં આવ્યું, અને તે તેની મા પાસે લઈ ગઈ. ત્યાર પછી યોહાનના શિષ્યોએ આવીને તેમનું શબ લઈ જઈ તેને દફનાવ્યું.' (માથ્થી ૧૪, ૩-૧૨; જુઓ માર્ક ૬, ૧૨-૨૮).

યહૂદી ઇતિહાસકાર જૉસેફુસના જણાવ્યા મુજબ યોહાનની શહાદત યર્દન નદીથી પાર માકેયુસ ગઢમાં થઈ હતી. જૉસેફુસે નોંધ્યું છે કે તે વખતે શલોમીની ઉંમર ૧૬ વર્ષની હતી અને તેણે યટૂરિયા અને ત્રાખોનિતિયાના રાજા ફિલિપ સાથે લગ્ન કર્યું હતું. (જુઓ લૂક ૩,૧).

૪૩. સુસાન્ના અને ઘણી અનામી સ્ત્રીઓ

સુસાન્ના નામનો અર્થ ગ્રીક અને હિબ્રૂ બંનેમાં 'કમળનું ફૂલ' કે 'કમળનું સફેદ ફૂલ' થાય છે. નવા કરારમાં ઈસુને અનુસરતી ઘણી સ્ત્રીઓની વાત કેટલીય વાર આવે છે. પણ ફક્ત લૂકના શુભસંદેશમાં આપણને સુસાન્નાનું નામ મળે છે.

ચારેય શુભસંદેશકારોએ નામો આપ્યાં વિના ઈસુને અનુસરતી ઘણી સ્ત્રીઓની વાત કરી છે. માર્કકૃત શુભસંદેશમાં ઈસુના ક્રૂસ પાસે ઊભેલી કેટલીક સ્ત્રીઓની નામ સાથે વાત કર્યા પછી માર્ક લખે છે, 'જે (સ્ત્રીઓ) ઈસુ જ્યારે ગાલીલમાં હતા ત્યારે તેમની પાછળ પાછળ ફરતી અને તેમની સેવા કરતી હતી; ઉપરાંત ઈસુની સાથે યરુશાલેમ આવેલી બીજી ઘણી સ્ત્રીઓ પણ ત્યાં હતી.' (માર્ક ૧૫, ૪૧).

ઈસુના જાહેર જીવન દરમિયાન એમની મદદમાં ઘણી ભાવિક સ્ત્રીઓ હતી. તે સ્ત્રીઓ ઈસુ જે ગામ કે શહેર જવાના હોય તે ગામ કે શહેરમાં જઈને ઈસુ અને એમના શિષ્યો માટે જરૂરી બધી વ્યવસ્થા કરતી હતી. એમાં એ સ્ત્રીઓ ખુદ પોતાની સાધનસંપત્તિને ઈસુની સેવામાં ખર્ચી નાખતી હતી. લૂકે બરાબર એ સ્ત્રીઓની સેવાનું વર્ણન કર્યું છે. લૂકની વાતમાં સુસાન્નાના નામનો ઉલ્લેખ મળે છે.

'આ પછી ઈસુ શહેરેશહેર અને ગામેગામ ઈશ્વરના રાજ્યના શુભસંદેશનો પ્રચાર કરતા ફરવા લાગ્યા. તેમની સાથે બારે શિષ્યો હતા, અને અપદૂતો અને રોગોથી મુક્ત કરવામાં આવેલી કેટલીક સ્ત્રીઓ પણ હતી. તેમાં જેનામાંથી સાત અપદૂતો નીકળ્યા હતા તે મગ્દલાવાળી તરીકે ઓળખાતી મરિયમ, હેરોદના કારભારી ખૂઝાની વહુ યોહાન્ના, સુસાન્ના અને બીજી અનેક હતી. એ સ્ત્રીઓ ગાંઠનું ખર્ચીને ઈસુની સેવા કરતી હતી.' (લૂક ૮, ૧-૩).

આપણે જાણીએ છીએ કે ઈસુના જાહેરજીવન દરમિયાન ઈસુએ ઘણી સ્ત્રીઓને વિવિધ પ્રકારની મદદ કરી હતી. માંદી સ્ત્રીઓને સાજી કરી હતી. અશુદ્ધ આત્મા વળગેલી સ્ત્રીઓને મુક્ત કરી હતી. પાપી સ્ત્રીઓને માફી આપી હતી. આવી નક્કર મદદથી પર સુસાન્ના જેવી સ્ત્રીઓ પોતાની સહજ આંતરદૃષ્ટિથી પોતાના પ્રત્યેનાં ઈસુનાં વલણ અને વર્તનની કદર કરતી હતી. ઈસુ પાપી કે પુણ્યશાળી બધી સ્ત્રીઓને પ્રેમથી અને માનવ તરીકેની સમાનતાની દૃષ્ટિએ આવકારતા હતા.

યહૂદી સમાજમાં સ્ત્રી તરીકે જનમવામાં ગેરફાયદો હતો. સમાજમાં કે ધર્મમાં સ્ત્રીઓનું કોઈ સ્થાન નહોતું. કોઈ કિંમત નહોતી. બાળકો, ગુલામો અને સ્ત્રીઓની સમાન સ્થિતિ હતી. સમાજમાં અને ધર્મમાં તેમનો કોઈ હક્ક ન હતો.

સ્ત્રીઓને ગેરફાયદામાં રાખતા બધા સામાજિક અને ધાર્મિક રીતરિવાજો અને રૂઢિપ્રથાઓથી મુક્ત રહીને ઈસુ સ્ત્રીઓ સાથે હળીમળીને રહેતા હતા અને એમને યોગ્ય આદરમાન આપતા હતા. ઈસુના સમયમાં સ્ત્રીનાં કામો પોતાના પતિને જાતીય સુખ આપવા, બાળકોને ઉછેરવા અને રસોડાનું કામ કરવા પૂરતાં મર્યાદિત હતાં. સ્ત્રી કોઈ પુરોહિત કે ફરોશી કે શાસ્ત્રીની શિષ્યા કે અનુયાયી બની શકતી નહોતી.

ઈસુને ઘણી સ્ત્રી મિત્રો હતી. તે વેશ્યાઓને તેમ જ ધર્મ અને સમાજની દૃષ્ટિએ પાપી ગણાતી સ્ત્રીઓને પ્રેમથી આવકારતા. બધી સ્ત્રીઓ ઈસુ માટે પોતાની માતા સમાન હતી. એટલે જ ઈસુના સંદેશ ઝીલવામાં લીન રહેલાં ટોળાંનાં ભાઈબહેનો તરફ હાથ લંબાવીને ઈસુએ કહ્યું, 'જો, આ રહ્યાં મારી મા અને મારા ભાઈઓ. જે કોઈ ઈશ્વરની ઇચ્છા પ્રમાણે ચાલે તે મારો ભાઈ, તે મારી બહેન, અને તે મારી મા.' (માર્ક ૩, ૩૪-૩૫).

ખરેખર સુસાન્ના અને એમના જેવી બીજી ઘણી સ્ત્રીઓ ઈસુને અનુસરતી હતી, એમની શિષ્યાઓ બનતી હતી. જો કે એમાં રીતરિવાજો અને રૂઢિપ્રથાઓનો ભંગ થતો હતો, છતાં એમાં નવાઈને કોઈ અવકાશ નથી.

૪૪. નામદાર થિયફિલ

ગ્રીક ભાષામાં થિયફિલ નામનો અર્થ 'ઈશ્વરનો પ્રેમી' કે 'ઈશ્વરનો મિત્ર' થાય છે. નવા કરારમાં લૂકરચિત બંને ગ્રંથોની એટલે કે લૂકકૃત શુભસંદેશ અને 'પ્રેષિતોનાં ચરિતો'ની શરૂઆતમાં થિયફિલનું નામ આવે છે. લૂકકૃત શુભસંદેશમાં લેખકે 'નામદાર થિયફિલ' કહીને એટલ કે ખૂબ આદરમાનથી થિયફિલને સંબોધ્યા છે.

'નામદાર થિયફિલ આપણી વચ્ચે બની ચૂકેલી ઘટનાઓના મૂળ સાક્ષીઓ તેમ જ ઈશ્વરની વાણીના સેવકો પાસેથી આપણને પ્રાપ્ત થયેલી પરંપરાને અનુસરીને એક વૃત્તાંત તૈયાર કરવાનું ઘણા જણે હાથમાં લીધું છે.' (લૂક ૧, ૧-૨). 'થિયફિલ, શરૂઆતથી માંડીને તે પવિત્ર આત્માથી પ્રેરિત થઈને પોતાના પસંદ કરેલા પ્રેષિતોને આદેશ આપ્યા પછી પોતાને સ્વર્ગમાં લઈ લેવામાં આવ્યા ત્યાં સુધી ઈસુએ જે કંઈ કર્યું અને ઉપદેશ્યું તેનો વૃત્તાંત મેં મારા પહેલા ગ્રંથમાં આપ્યો છે.' (પ્રે. ચ. ૧, ૧-૨).

આ બે ઉલ્લેખો સિવાય નવા કરારમાં થિયફિલ અંગે અન્ય કોઈ ઉલ્લેખ નથી. પણ એમના બે ઉલ્લેખમાંથી આપણે કેટલીક બાબતો તારવી શકીએ. લૂકે થિયફિલને 'નામદાર' કહીને સંબોધ્યા છે. સામાન્ય રીતે ખાસ કોઈ આદરણીય વ્યક્તિને સંબોધવા માટે 'નામદાર' શબ્દ વાપરવામાં આવે છે. ખાસ ઉચ્ચ હોદ્દા પર બિરાજતી વ્યક્તિને, દાખલા તરીકે રાજ્યપાલને, આપણે 'નામદાર' કહીએ છીએ.

લૂકે કરેલા 'નામદાર થિયફિલ'ના સંબોધનથી તથા શુભસંદેશ લખવા પાછળના હેતુની સ્પષ્ટ વાતથી બાઇબલના અભ્યાસીઓ થિયફિલ અંગે વિવિધ મતો રજૂ કરે છે. લૂક લખે છે, 'એ બધી બાબતોનું લાંબા સમયથી ચોકસાઈપૂર્વક અનુશીલન કરેલું હોઈ મને પણ આપને માટે એક વ્યવસ્થિત વૃત્તાંત લખી કાઢવાનું ઠીક લાગ્યું છે, જેથી આપને મળેલો ધર્મોપદેશ કેટલો પ્રમાણભૂત છે તે આપ ચોક્કસપણે જાણવા પામો' (લૂક ૧, ૩-૪). આ અવતરણને આધારે કેટલાક લોકો માને છે કે થિયફિલ ઉચ્ચ હોદ્દે બિરાજતા કોઈ રોમન અધિકારી હશે. તેઓ વિધર્મી હશે. બીજાઓ માને છે કે તે ધર્મપરિવર્તન કરેલા જાહેર કીર્તિ અને મોભાવાળા કોઈ ખ્રિસ્તી હશે કે જેઓ ઈસુ ખ્રિસ્તના જીવન અને સંદેશ વિશે ઊંડાણથી જાણવા આતુર છે.

ઈસુના શિષ્યોના સાથીદાર તરીકે ઈસુ ખ્રિસ્ત વિશે સારી પેઠે જાણકારી ધરાવનાર ભરોસાપાત્ર વ્યક્તિ તરીકે લૂકને થિયફિલે ઈસુ ખ્રિસ્તના જીવન અને સંદેશ વિશે જાણાવવાનું કહ્યું હશે.

શુભસંદેશ લખવા પાછળનો હેતુ લૂકે સ્પષ્ટ રીતે જણાવ્યો છે કે, 'જેથી આપને મળેલો ધર્મોપદેશ કેટલો પ્રમાણભૂત છે તે આપ ચોક્કસપણે જાણવા પામો.' (લૂક ૧, ૪). થિયફિલને ઈસુ ખ્રિસ્તના નવા પંથ વિશે ધર્મોપદેશ મળેલ છે. લૂકની આવી વાત પરથી આપણે અનુમાન કરી શકીએ કે ધર્મપરિવર્તન કરેલી વ્યક્તિ તરીકે થિયફિલને મૂળભૂત ધર્મોપદેશ મળ્યો છે. હવે લૂક અને થિયફિલ પણ ઇચ્છે છે કે એ ધર્મોપદેશ વધુ ઊંડાણથી સમજાવવામાં આવે.

ફક્ત રોમના રાજ્યપાલો ફેલિકસ (પ્રે. ચ.૨૪, ૨) અને ફેસ્તુસ (પ્રે. ચ. ૨૬, ૨૪)ને સંબોધવા માટે લૂકે 'નામદાર' શબ્દપ્રયોગ કર્યો છે. આ કારણથી બાઇબલના અભ્યાસીઓ માને છે કે રોમની કોઈ રાજ્યપાલ કક્ષાની ઉચ્ચ પદાધિકાર ધરાવતી પ્રતિષ્ઠિત વ્યક્તિએ ધર્મપલટો કરી ઈસુધર્મનો સ્વીકાર કર્યો હશે અને એમને ધ્યાનમાં લઈને લૂકે પોતાનો શુભસંદેશ રચ્યો છે.

લૂકરચિત સમગ્ર શુભસંદેશ આ પ્રકારની માન્યતા માટે યોગ્ય લાગે છે. ઈસુ ખ્રિસ્તને ક્રૂસે ચઢાવી મારી નાખવાની મુખ્ય જવાબદારી લૂકે રોમન સત્તા પર નહીં પણ યહૂદી લોકો પર નાખી છે. એટલે રોનાલ્ડ બ્રાઉનરિગ કહે છે તેમ, વિશ્વભરના લોકોને લાગુ પડે અને તેમને રસ પડે એવો સંદેશ આપનાર યહૂદી ધર્મના ઈસુ ખ્રિસ્તને લૂકે રજૂ કર્યા છે કે જેમને રોમન સત્તાધારી લોકો મુક્ત કરવા ઇચ્છતા હતા પણ એમના પોતાના યહૂદી લોકોએ સમજ્યા વિના મૃત્યુને લાયક ઠરાવ્યા હતા. (હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ, પૃ. ૨૬૯).

થિયફિલે આખો લૂકકૃત શુભસંદેશ વાંચ્યા બાદ ઈસુના મૃત્યુ પછીના બનાવો અને પુનરુત્થાન વિશે વધુ જાણવાની ઇચ્છા લૂક આગળ પ્રગટ કરી હશે અને એ પ્રેરણા અને પ્રોત્સાહનથી લૂકે 'પ્રેષિતોનાં ચરિતો' લખ્યાં હશે એમ આપણે માની શકીએ. ગમે તેમ પણ એક વાત સ્પષ્ટ છે કે, રોમન લોકો, ભલે વિધર્મી હોય કે ધર્મપલટો કરેલા ખ્રિસ્તી હોય, એમને ધ્યાનમાં રાખીને 'પ્રેષિતોનાં ચરિતો' ગ્રંથ લખવામાં આવ્યો છે.

૪૫. એલિસાબેત અને ઝખરિયા

પયગંબર હાન્નાની માફક સ્નાનસંસ્કારક યોહાનનાં મા-બાપ એલિસાબેત અને ઝખરિયાની વિગતો માત્ર લૂક જ નોંધે છે. એલિસાબેત શબ્દનો અર્થ થાય છે, 'પ્રભુ મારા સોગંદ (oath) છે.' એટલે 'પ્રભુની પૂજા કરનાર.'

લૂકકૃત શુભસંદેશ જણાવે છે તેમ એલિસાબેત તેમના પતિની માફક એક ધર્મગુરુના પરિવારનાં છે. 'યહૂદિયાના રાજા હેરોદના વખતમાં અબિયાના વર્ગનો ઝખરિયા નામનો એક પુરોહિત હતો. તે અહરોનના વંશની એલિસાબેત નામની એક સ્ત્રીને પરણ્યો હતો.' (લૂક ૧, ૫).

આપણી પ્રચલિત ઢબમાં એલિસાબેત પ્રભુનો ડર નાખનારાં બાઈ હતાં. એલિસાબેત અને તેમના પતિનું સંત લૂક સુંદર વર્ણન કરે છે: 'બંને પ્રભુની બધી આજ્ઞાઓનું તથા વિધિઓનું દોષ વગર પાલન કરતાં હતાં એટલે ઈશ્વરની નજરમાં ધર્મિષ્ઠ હતાં. પણ તેમને કંઈ સંતાન નહોતું, કારણ, એલિસાબેત વંધ્યા હતી અને એ બંનેની ઉંમર ઘણી થઈ હતી.' (લૂક ૧, ૬-૭).

એલિસાબેત અને ઝખરિયાએ બાળક માટે ખૂબ પ્રાર્થનાઓ કરી હશે. યહૂદી પ્રજા નિ:સંતાનપણાને કે વંધ્યત્વને શાપ ગણતી. અને એ બાબત એલિસાબેતના સ્વમાનને ખૂબ ડંખતી રહી હશે, કેમ કે તેઓ એક પુરોહિત પરિવારનાં હતાં અને એક પુરોહિતનાં પરિણીતા હતાં.

ઈશ્વરે યહૂદી પ્રજાને આપેલા વચન મુજબ મસીહનું આગમન થશે, એમ યહૂદીઓ માનતા હતા. દરેક યહૂદી મહિલા આવનારા મસીહની માતા બનવાનું સદ્ભાગ્ય પોતાને સાંપડે એવું સ્વપ્ન સેવતી હશે. એટલે પોતાનું વંધ્યત્વ એલિસાબેતને ભારે અકારું લાગ્યું હશે. તેઓ પોતાના પતિ સાથે સારું જીવન જીવી, પ્રભુના સર્વ નિયમો અને આજ્ઞાઓ પાળવા લાગ્યાં.

પ્રભુએ આ વૃદ્ધ દંપતીની વિનવણીઓ કાને ધરી અને બાળક માટેની તેમની ઇચ્છાને આશીર્વાદિત કરી. ઝખરિયા જ્યારે મંદિરના સૌથી પવિત્ર સ્થળ ખાતે સેવારત હતા ત્યારે દેવદૂત ગાબ્રિએલે તેમની પાસે જઈને કહ્યું, 'ગભરાઈશ નહીં, ઝખરિયા, કારણ, ભગવાને તારી અરજ સાંભળી છે; તારી પત્ની એલિસાબેતને પુત્ર અવતરશે, અને તું તેનું નામ યોહાન પાડજે.' (લૂક ૧, ૧૩).

થોડા દિવસ પછી એલિસાબેતને 'ગર્ભ રહ્યો અને પાંચ મહિના સુધી તે લોકોની નજરથી છુપાતી રહી.' (લૂક ૧, ૨૪).

તેમની સગર્ભાવસ્થાને છ માસ વીત્યા બાદ દેવદૂત ગાબ્રિએલે મરિયમ નામની કુંવારીને દર્શન દીધા અને દેવદૂતે તેમને કહ્યું કે પતિ-સમાગમ વિના જ પવિત્ર આત્મા દ્વારા તેઓ સગર્ભાવસ્થા પામશે. દેવદૂતે મરિયમને એવી પણ માહિતી આપી કે તેમની સગી એલિસાબેતને છઠ્ઠો મહિનો જાય છે.

પછી, મરિયમ યહૂદિયાના પહાડી પ્રદેશમાં આવેલા એક ગામમાં જવા ઉતાવળાં

ઉતાવળાં નીકળી પડ્યાં, અને ઝખરિયાના ઘરમાં પહોંચીને એલિસાબેતને વંદન કર્યાં. એ પ્રસંગનું વર્ણન કરતાં લૂક કહે છે, 'અને એલિસાબેત પવિત્ર આત્માની પ્રેરણાથી સભર બનીને મોટે સાદે બોલી ઊઠી, સૌ સ્ત્રીઓમાં તું ધન્ય છે અને ધન્ય છે તારી ડૂખનું બાળક! હું તે કેવી ભાગ્યશાળી કે મારા પ્રભુની માતા મને મળવા આવી! અને વાત તો સાંભળ, જેવા તારા વંદનના શબ્દ મારે કાને પડ્યા કે તરત જ મારા પેટમાંનું બાળક આનંદથી ફરક્યું.' (લૂક ૧, ૪૨-૪૪).

પોતાની સગી એલિસાબેતની મરિયમે લીધેલી મુલાકાત અને બન્ને બાળકોને પોતપોતાની માતાના ઉદરમાં થયેલો હરખ નોંધપાત્ર છે. પોતાની સગર્ભાવસ્થા અંગે બંને પાસે મહાન રહસ્યો હોવાના લીધે બંને એકબીજાની સોબતમાં રહે છે. એમને એ વાતની સારી પેઠે ખબર હતી કે તેમની સગર્ભાવસ્થા તથા તેમનાં બાળકો ઘણે અંશે અસામાન્ય છે.

એલિસાબેત મરિયમને સૌથી માનવંતા નામે સંબોધે છે, 'મારા પ્રભુની માતા' અને સામે મરિયમનો પ્રતિભાવ પણ ભાવુક હતો.

થોડા સમયમાં એલિસાબેતે એક પુત્રને જન્મ આપ્યો. લોકો બાળકનું નામ એના બાપના નામ પરથી 'ઝખરિયા' પાડવા જતા હતા. પરંતુ એલિસાબેતે વાંધો ઉઠાવ્યો. 'નહીં! એનું નામ યોહાન પાડવાનું છે.' હવે લોકોને એવું નામ પાડવામાં વાંધો હતો. 'પણ તમારા કુટુંબમાં એ નામનું કોઈ નથી!' (લૂક ૧, ૬૧). એટલે તેઓ બાળકના પિતા ઝખરિયા પાસે ગયા. સૌની નવાઈ વચ્ચે ઝખરિયાએ એક પાટી મંગાવીને તેના ઉપર લખ્યું, 'એનું નામ યોહાન છે.' (લૂક ૧, ૬૩).

પ્રભુનું વચન પૂર્ણ થશે, એના સંકેતરૂપે જ્યારે ઈશ્વરે ઝખરિયાને બાળકનું વરદાન આપ્યું ત્યારે તેમની વાચા હણાઈ ગઈ હતી. તેમને વાચા પાછી ત્યારે ફૂટી જ્યારે તેમના લોકોએ બાળકનું નામ પાડવાનું કહ્યું અને તેમણે એક પાટી પર લખ્યું, 'એનું નામ યોહાન છે.' (લૂક ૧, ૬૩).

લૂક નોંધે છે તેમ, યોહાનનો જન્મ અને એનું નામકરણ 'યહૂદિયાના પહાડી પ્રદેશમાં સર્વત્ર આ આખી વાત ચર્ચાનો વિષય થઈ પડી.'

તે પ્રસંગે ઝખરિયાએ પવિત્ર આત્માની પ્રેરણાથી સભર બનીને ઈશ્વર પ્રભુનો આભાર માન્યો અને ભવિષ્યવાણી ભાખી હતી કે, 'અને હે બાલપુત્ર! તું પરાત્પરનો પયગંબર કહેવાશે, કારણ, તારે પ્રભુની આગળ આગળ ચાલી એના માર્ગો તૈયાર કરવાના છે; તારે એની પ્રજાને જણાવવાનું છે કે, 'તમને મુક્તિ — પાપોની માફી — મળવાની છે." (લૂક ૧, ૭૬-૭૭).

ઝખરિયાના સમગ્ર ગીત કે આભારસ્તોત્રમાં યહૂદી ધર્મગ્રંથનું જ્ઞાન અને પાંડિત્ય આપણે જોઈ શકીએ છીએ.

એલિસાબેતે પુત્રને જન્મ આપ્યો અને તેની સુન્નત કરાવી ત્યાર બાદ આપણને એલિસાબેત અને ઝખરિયા વિશે સાંભળવા મળતું નથી. પરંતુ સદીઓથી ખ્રિસ્તીઓમાં એલિસાબેત અને ઝખરિયાનાં નામો ખૂબ લોકપ્રિય રહ્યાં છે. હજારો ખ્રિસ્તી બાળકો અને ખ્રિસ્તી સંસ્થાઓ સાથે એલિસાબેતનું નામ જોડાયું છે.

૪૬. બાદશાહ ઓગસ્તસ

ઓગસ્તસ નામનો અર્થ થાય છે ગૌરવશીલ કે ઉમદા. ઇતિહાસમાંથી આપણે જાણીએ છીએ કે ઓગસ્તસ સીસર એમના કાકા જુલિયસ સીસરના મૃત્યુ પછી રોમના બાદશાહ તરીકે ગાદીએ આવ્યા હતા.

ઓગસ્તસનું નામ નવા કરારમાં ફક્ત સંત લૂકકૃત શુભસંદેશમાં જ આવે છે. ફક્ત લૂકે શુભસંદેશની વાતને વિશ્વ ઇતિહાસના સંદર્ભમાં મૂકી છે.

લૂક લખે છે, 'હવે, એ સમયે એવું બન્યું કે, બાદશાહ ઓગસ્તસે આખા રોમન સામ્રાજ્યની વસ્તીગણતરી કરવાનું ફરમાન કાઢ્યું. એ પહેલી વસ્તીગણતરી હતી અને એ સમયે કુરીનિયસ સિરિયાનો સૂબો હતો. એટલે સૌ પોતપોતાને વતન નોંધાવા ચાલ્યા ગયા. એ રીતે યૉસેફ પણ, દાવિદના વંશના અને કુળના હોવાથી, ગાલીલના ગામ નાસરેથથી યહૂદિયામાં આવેલા દાવિદના નગર બેથલેહેમ નોંધાવા ચાલ્યા ગયા.' (લૂક ૨, ૧-૪).

અહીં લૂકે ઈસુનું ગામ નાસરેથ, ઈસુનું જન્મસ્થળ બેથલેહેમ અને ઈસુનો જન્મસમય ચોક્કસ ઇતિહાસના સંદર્ભમાં મૂક્યાં છે. કારણ, એમણે રોમના બાદશાહ ઓગસ્તસ અને સિરિયાનો સૂબો કુરીનિયસના સમયમાં ઈસુના જન્મનો સમય મૂક્યો છે.

પણ બાઇબલના પંડિતો કહે છે કે રોમન બાદશાહનો આખા સામ્રાજ્યમાં વસ્તીગણતરી કરવાનો રિવાજ નહોતો. પરંતુ સરકારી કરવેરો ઉઘરાવવા માટે રોમન પ્રાંતોની વસ્તીગણતરી કરવામાં આવતી. પણ એવી વસ્તીગણતરી જે તે રોમન પ્રાંતનો સૂબો કરાવતો હતો. એટલે એ શક્ય છે કે વસ્તીગણતરી કરવાનું ફરમાન કાઢનાર મહાન હેરોદ હોઈ શકે, જે ઈસ્વીસન પૂર્વે ૪માં મરી ગયા હતા. આ વાતને આધારે બાઇબલના નિષ્ણાતો હવે માને છે કે ઈસુનો જન્મ ઈસ્વીસન પૂર્વે ૬માં થયો હતો. પંડિતો વચ્ચે એકમત પ્રવર્તે છે કે, ગ્રેગોરિયન કૅલેન્ડર નામે ઓળખાતા અંગ્રેજી કૅલેન્ડરની ગણતરી કરવામાં ભૂલ થઈ છે. પોપ ગ્રેગરીએ ઈસ્વીસન ૧૫૮૨માં ગ્રેગોરિયન કૅલેન્ડરને ઔપચારિક રીતે જાહેર વપરાશમાં દાખલ કર્યું હતું.

મહાન હેરોદ ઈસ્વીસન પૂર્વે ૪માં મૃત્યુ પામ્યા હતા. એમણે બાદશાહ ઓગસ્તસના નામે બે શહેરો બાંધ્યાં હતાં. ભૂમધ્ય સમુદ્રને કિનારે આવેલું શહેર — કેસરિયા અને ડુંગરાળ પ્રદેશમાં આવેલું શહેર — શમરુન.

રોમન લોકોનું પોતાનું કૅલેન્ડર હતું અને તેઓ પોતાનો ઇતિહાસ લખતા હતા. એ ઇતિહાસ મુજબ રોમન સેનેટે ગાઇયન્સ ઓક્તાવિયસને 'ઓગસ્તસ'નો ઇલકાબ આપ્યો. ઓગસ્તસે ૪૫ વર્ષ રોમન સામ્રાજ્ય પર રાજ્ય કર્યું. એમના રાજ્યકાળ દરમિયાન સમગ્ર રોમન સમ્રાજ્યે શાંતિ અને આબાદી અનુભવી હતી. ઈસ્વીસન ૧૪મા એમનું મૃત્યુ થયું ત્યારે એમના દત્તક પુત્ર તિબેરિયસ એમના ઉત્તરાધિકારી બન્યા.

બાઇબલના પંડિત લેખક બ્રાઉનરિગે સીસર ઓગસ્તસનું ટૂંકું જીવનચરિત્ર આપ્યું છે. ગાઇયસ ઓક્તાવિયસ રોમ ખાતે ઈસ્વીસન પૂર્વે ૬૩મા જન્મ્યા હતા. તેઓ જુલિયસ સીસરના પ્રપૌત્ર હતા. વીસ વર્ષની ઉંમરે સીસરને મારી નાખવામાં આવ્યા ત્યારે તેમને

જાણવા મળ્યું કે સીસરે પોતાના વારસદાર તરીકે તેમને દત્તક લીધા છે. તેમણે ઈસ્વીસન પૂર્વે ૩૧મા અકતિપુમ યુદ્ધમાં પોતાના વિરોધી આથોની પર જીત મેળવી હતી. બાદશાહ ઓગસ્તસે કુલ ૪૫ વર્ષ રોમન સામ્રાજ્યના સર્વસત્તાધીશ તરીકે રાજ્ય કર્યું. (પૃ. ૧૫).

૪૭. ધર્મિષ્ઠ શિમયોન અને કાળિયો શિમયોન

શિમયોન નામે બાઇબલના નવા કરારમાં બે પાત્રો છે. ધર્મિષ્ઠ અને ભક્તહૃદયના શિમયોનની વાત લૂકકૃત શુભસંદેશમાં આવે છે અને કાળિયાને નામે ઓળખાતા શિમયોનની વાત 'પ્રેષિતોનાં ચરિતો'માં આવે છે. લૂકકૃત શુભસંદેશમાં ઈસુની વંશાવળીમાં એક ત્રીજા શિમયોનનો ઉલ્લેખ છે (લૂક ૩, ૩૦). પરંતુ માથ્થીકૃત શુભસંદેશમાં ઈસુની વંશાવળીમાં 'શિમયોન' નામનો ઉલ્લેખ નથી.

યહૂદી ધર્મમાં પ્રથમ ખોળાના બાળકને યરુશાલેમ મંદિરમાં ઈશ્વરને સમર્પિત કરવાનો રિવાજ છે. બાળકના જન્મના ચાલીસ દિવસ પછી બાળકને મંદિરમાં લઈ જઈને ઈશ્વરને સમર્પિત કરવામાં આવે છે. જૂના કરારનો ગ્રંથ મહાપ્રસ્થાન કહે છે કે, 'ઇસ્રાયલીઓમાં જે કોઈ પહેલા પ્રસવનું હોય પછી તે માણસ હોય કે પશુ હોય, તે મારું છે.' (મહાપ્રસ્થાન ૧૩, ૨). મોશેએ યહૂદી પ્રજાને આપેલા આ યહૂદી કાયદાકાનૂન મુજબ ઈસુનાં માતાપિતા યૉસેફ અને મરિયમ પોતાના પ્રથમ બાળક ઈસુને સમર્પણવિધિ માટે યરુશાલેમ ખાતે મંદિરમાં લઈ આવે છે.

એ જ દિવસે ને સમયે દૈવી પ્રેરણાથી ધર્મિષ્ઠ શિમયોન પણ મંદિરમાં આવે છે. શિમયોનનો પરિચય આપતાં લૂક લખે છે: 'એ વખતે યરુશાલેમમાં શિમયોન કરીને એક માણસ રહેતો હતો. તે ધર્મિષ્ઠ અને ભક્તહૃદયનો હતો. તે ઇસ્રાયલના ઉદ્ધારની ઉત્કંઠાપૂર્વક રાહ જોતો હતો, અને તેના અંતરમાં પવિત્ર આત્માનો વાસ હતો. પવિત્ર આત્માએ તેને જણાવ્યું હતું કે, પ્રભુના અભિષિક્ત મુક્તિદાતાનાં દર્શન કર્યા પહેલાં તેને મરણ આવવાનું નથી. પવિત્ર આત્માનો પ્રેર્યો તે મંદિરમાં આવ્યો હતો.' (લૂક ૨, ૨૫-૨૭).

લૂક કહે છે તેમ, પ્રભુના અભિષિક્ત મુક્તિદાતાનાં દર્શન કર્યા વિના એને મૃત્યુ આવવાનું નથી એમ પવિત્ર આત્માએ એને જણાવ્યું હતું. એ પ્રસંગનું વર્ણન કરતાં લૂક લખે છે: 'ઈસુનાં માતાપિતા ધર્મસંહિતાના રિવાજ પ્રમાણે કરવાની ક્રિયા માટે તેને લઈને મંદિરમાં આવ્યાં, ત્યારે તેણે બાળકને પોતાના હાથમાં લઈ લીધો અને ઈશ્વરની સ્તુતિ કરવા માંડી:

"હે નાથ, તમારા કોલ પ્રમાણે તમે હવે તમારા આ દાસને શાંતિથી મુક્ત કરી શકો છો; કારણ, તમે બધી પ્રજાઓ માટે જે મુક્તિદાતા નિમ્યો છે, તેને મારી આંખે નિહાળ્યો છે. તે દેશવિદેશના લોકોને અજવાળનાર જ્યોતિ, અને તમારી પ્રજા ઇસ્રાયલનું ગૌરવ છે.'

'ઈસુનાં માતા અને પિતા એને વિશે જે કહેવાતું હતું તે સાંભળીને નવાઈ પામ્યાં. શિમયોને તેઓને આશીર્વાદ આપ્યા અને પછી બાળકની માતા મરિયમને કહ્યું, 'જો, આ બાળક ઇસ્રાયલમાં ઘણાની પડતીનું તેમ જ ચડતીનું નિમિત્ત તથા વિરોધનું નિશાન બનવા નિર્માયો છે, અને એ રીતે ઘણાના મનની વાતો બહાર આવશે. તારું પોતાનું અંતર પણ તલવારથી વીંધાઈ જશે!' (લૂક ૨, ૨૭-૩૫).

બાઇબલના પંડિતો કહે છે કે માતા મરિયમનું અંતર તલવારથી વીંધાઈ જવાની વાત ધર્મિષ્ઠ શિમયોનની ભવિષ્યવાણી છે જે ઈસુના ક્રૂસ પરના મૃત્યુ વખતે સાચી ઠરે છે.

પોતાના પુત્ર ઈસુને ક્રૂસ પર મહાદુ:ખ વેઠતા જોઈને માતા મરિયમના હૃદયમાં અનુભવાયેલી મહાવ્યથા આપણે કલ્પી શકીએ. હૃદય વીંધાઈ જવા જેવું મહાદુ:ખ માતા મરિયમે અનુભવ્યું છે.

બાઇબલના પંડિત રોનાલ્ડ બ્રાઉનરિગ કહે છે કે શિમયોનના સ્તુતિગીતમાં બાળ ઈસુ વિષે 'દેશવિદેશના લોકોને અજવાળનાર જ્યોતિ'નો જે ઉલ્લેખ આવે છે તે ઉલ્લેખની પ્રેરણા શિમયોનને જૂના કરારના યશાયા ગ્રંથમાંથી મળી હશે. યશાયાના ગ્રંથમાં 'દુ:ખી માણસનું વિલાપગીત' આવે છે. (વેદનામૂર્તિ સેવક — યશાયા ૫૩, ૧-૧૨).

ખ્રિસ્તી લોકો માને છે કે બાળ ઈસુને હાથમાં લઈને ધર્મિષ્ઠ શિમયોને જે આનંદ અને શાંતિ અનુભવ્યાં હતાં, તેવો અનુભવ ઈશ્વર પર વિશ્વાસ રાખનાર શ્રદ્ધાળુ માનવો ઈસુના બીજા આગમન વખતે એમને નિહાળવામાં પામશે.

કાળિયાને નામે ઓળખાતો શિમયોન અંત્યોખના ધર્મસંઘમાં જે પયગંબરો અને ઉપદેશકો હતા, તેમાંનો એક હતો. ફક્ત 'પ્રેષિતોનાં ચરિતો'માંથી આપણને કાળિયા શિમયોનની વાત મળે છે. બાઇબલમાં બીજે ક્યાંય એમનો ઉલ્લેખ નથી.

'પ્રેષિતોનાં ચરિતો'માં લૂકનું વર્ણન બતાવે છે કે કાળિયો શિમયોન અંત્યોખ ધર્મસંઘના પવિત્ર આત્માથી પ્રેરિત આગેવાન હતા.

'પ્રેષિતોનાં ચરિતો'માં આપણે વાંચીએ, 'અંત્યોખના ધર્મસંઘમાં કેટલાક પયગંબરો અને ઉપદેશકો હતા: બાર્નાબાસ, કાળિયાને નામે ઓળખાતો શિમયોન, કૂરેનેનો લૂકિયસ, રાજા હેરોદનો બાળમિત્ર મનાહેમ, અને શાઉલ. તેઓ પ્રભુની આરાધના અને ઉપવાસ કરતા હતા. એવામાં પવિત્ર આત્માએ કહ્યું, 'જે કામને માટે મેં બાર્નાબાસને અને શાઉલને બોલાવ્યા છે તેને માટે એમને અલગ કાઢી આપો.' પછી ઉપવાસ અને પ્રાર્થના કર્યા બાદ તેઓએ તેમને માથે હાથ મૂકીને તેમને રવાના કરી દીધા.' (પ્રે. ચ. ૧૩, ૧-૩).

અહીં પયગંબર અને ઉપદેશક તરીકે કાળિયા શિમયોનના કામની કે એ કામની તૈયારીની વાત આપણને મળે છે. 'તેઓ પ્રભુની આરાધના અને ઉપવાસ કરતા હતા.' બાર્નાબાસ અને શાઉલને એમના કામમાં રવાના કરતાં પહેલાં કાળિયો શિમયોન બીજા પયગંબરો અને ઉપદેશકો સાથે મળીને ઉપવાસ અને પ્રાર્થના કરતા હતા.

પ્રભુની આરાધના, ઉપવાસ અને પ્રાર્થના કાળિયો શિમયોન જેવા આદિ ખ્રિસ્તીઓના જીવનનો અગત્યનો ભાગ હતો.

૪૮. આનાસ — એક યહૂદી વડા પુરોહિત

આનાસ નામનો અર્થ હિબ્રૂ ભાષામાં દયાળુ કે ક્ષમાશીલ થાય છે. સંત લૂક રચિત શુભસંદેશમાં આપણને સૌપ્રથમ આનાસ નામ જોવા મળે છે. લૂક જણાવે છે કે સ્નાનસંસ્કારક યોહાનના જાહેર જીવનની શરૂઆત આનાસના સમયમાં થાય છે.

'અને આનાસ તથા કાયફા વડા પુરોહિતપદે હતા ત્યારે ઝખરિયાના પુત્ર યોહાનને વગડામાં ઈશ્વરનો સંદેશ મળ્યો.' (લૂક ૩,૨).

રોમન સૂબા ક્યુરીનિમુસે આનાસને સાડત્રીસ વર્ષની ઉંમરે ઈસ્વીસન ૬માં વડા પુરોહિતપદે નીમ્યા હતા. તેઓ ફક્ત ૯ વર્ષ જ વડા પુરોહિતપદે રહ્યા હતા. કારણ, રોમના યહૂદિયા ખાતેના સૂબા વલેરિયન ગ્રાતૂસે એમને પદભ્રષ્ટ કર્યા હતા. આનાસ પછી એમના જમાઈ કાયફા વડા પુરોહિતપદે આવ્યા હતા. આનાસની જેમ કાયફા પણ કુલીન અમીર પુરોહિત વર્ગમાંથી આવ્યા હતા.

લૂકરચિત શુભસંદેશની શરૂઆતમાં આનાસનો આ ઉલ્લેખ મળે છે. પછી આપણને વડા પુરોહિત આનાસનું નામ ઈસુની ધરપકડ બાદ સાંભળવા મળે છે. 'એ પછી સૈનિકોએ, સેનાપતિએ અને યહૂદીઓના સિપાઈઓએ ઈસુને પકડ્યા અને તેમને બાંધીને પહેલા તેઓ આનાસ પાસે લઈ ગયા; તે વરસના વડા પુરોહિત કાયફાનો તે સસરો થતો હતો.' (યોહાન ૧૮, ૧૨-૧૨).

આનાસના ઘર કે મહેલ આગળ વિશાળ પ્રાંગણ હતું જ્યાં દરવાજા તથા દરવાનો તથા અન્ય નોકરચાકરો હતા.

આનાસના મહેલમાં ઈસુની સૌપ્રથમ પૂછપરછ કરવામાં આવી હતી. આનાસ તથા એમનો પુરોહિતવર્ગ અમીર હતો અને તેઓ લાગવગવાળા આગેવાનો હતા. મંદિરના વિધર્મીઓ માટેના વિસ્તારમાં ભોગ ચઢાવવાનાં જાનવરો અને ચીજવસ્તુઓનો એમનો ધીકતો ધંધો હતો.

રોનાલ્ડ બ્રાઉનરિગ કહે છે તેમ આનાસના કુટુંબમાં એમના પાંચ દીકરાઓ અને એક જમાઈ એમ કુલ આઠ માણસો વડા પુરોહિતપદે રહ્યા છે (જુઓ 'હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ', પૃ. ૯). તેઓ બધા યહૂદી પ્રજા ઉપર ધાર્મિક અને રાજકીય રીતે ખૂબ અસરકારક રહ્યા છે. ઈસુ એમના જાહેરજીવન દરમિયાન આ લોકો સાથે ભળ્યા નહોતા; પણ એમનાથી દૂર રહ્યા હતા. આનાસ અને એમનો પુરોહિતવર્ગ ઈસુની હિલચાલ તથા ઉપદેશ પર દેખરેખ રાખતા હતા.

અદાલતી ચકાસણીમાં ઈસુએ મોટા ભાગે મૌન જ સેવ્યું હતું. પણ આનાસે એમની પૂછપરછ કરી હતી ત્યારે ઈસુએ એમને કહ્યું હતું કે પોતે હંમેશાં જાહેરમાં બોલ્યા છે, છૂપી રીતે તેમણે કશુંય કહ્યું નથી. એટલે ઈસુએ સામે આનાસને પ્રશ્ન કર્યો, 'તમે મને શું કરવા પૂછો છો? મારા શ્રોતાઓને પૂછો ને, કે મેં તેમને શું કહ્યું છે; મેં તેમને શું કહ્યું છે તેની તેમને ખબર છે.' (યોહાન ૧૮, ૨૧).

વડા પુરોહિત આનાસ સામેના ઈસુના આવા જવાબથી પાસે ઊભેલા એક

સિપાઈએ ઈસુને એક લપડાક મારી. ત્યારે ઈસુએ ફરી કહ્યું, 'મેં જો કંઈ ખોટું કહ્યું હોય તો સાબિત કરો; પણ હું જો સાચું બોલ્યો હોઉં તો શા માટે મને મારો છો?' (યોહાન ૧૮, ૨૩). અહીં ઈસુ આપણને બતાવે છે કે સ્વરક્ષા સૌ માનવોનો હક્ક છે અને અન્યાય સામે ચૂપ રહેવું ના જોઈએ.

આનાસના પ્રાંગણમાં જ સિમોન પીતરે ઈસુને ઓળખતા હોવાની ત્રણ ત્રણ વાર ચોખ્ખી ના પાડી હતી અને પછી પોતાની ભૂલથી સભાન બનતાં પશ્ચાત્તાપી હૃદયે રડી પડ્યા હતા.

આનાસ અંગેના છેલ્લા ઉલ્લેખમાં યોહાન જણાવે છે કે, 'પછી આનાસે ઈસુને બાંધીને વડા પુરોહિત કાયફા પાસે મોકલી આપ્યા.' (યોહાન ૧૮, ૨૪).

પદભ્રષ્ટ થયા હોવા છતાં આનાસ પુરોહિત વર્ગમાં તેમ જ યહૂદી પ્રજામાં પ્રભાવશાળી રહ્યા હતા. એટલે જ ઈસુને પકડ્યા પછી સૌ પ્રથમ એમની આગળ લઈ જવામાં આવ્યા હતા.

મંદિરમાં લોકોને ઈસુનો ઉપદેશ આપવા બદલ પીતર અને યોહાનને એક સાંજે કેદમાં પૂરી દીધા હતા. બીજા દિવસે એમની સામે કેસ ચલાવવા માટે યહૂદીઓના અધિકારીઓ, આગેવાનો અને શાસ્ત્રીઓ યરુશાલેમમાં ભેગા થયા હતા ત્યારે વડા પુરોહિતના કુળના સૌ કોઈ સાથે આનાસ અને કાયફા હતા. 'પ્રેષિતોનાં ચરિતો' જણાવે છે તેમ યહૂદીઓની આ વરિષ્ઠસભાએ પ્રેષિતોની પૂછપરછ કરી હતી. પ્રેષિતો 'અભણ અને પ્રાકૃત માણસો' હોવા છતાં એમની નીડરતાથી એમના પર કેસ ચલાવવા આવેલા ધાર્મિક આગેવાનો 'અચંબામાં પડી ગયા.'

પીતર અને યોહાનની હાજરીમાં અને એમને અદાલત બહાર કાઢી મૂકીને પણ વરિષ્ઠસભાએ એમના કેસની ચર્ચા વિચારણા કરી. અંતે વરિષ્ઠસભાએ 'લોકોની બીકે તેમને સજા કરવાનો કોઈ માર્ગ ન સૂઝતાં, થોડી વધુ ધમકી આપીને તેમને છોડી મૂક્યા.' (પ્રે. ચ. ૪, ૨૧). આનાસ વિશે ચારેય શુભસંદેશમાં અન્ય કોઈ ઉલ્લેખ આપણને મળતો નથી.

બાઇબલના પંડિત રોનાલ્ડ બ્રાઉનરિગે પોતાના પુસ્તક 'હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામેન્ટ'માં વડાપુરોહિત આનાસનું પાત્રનિરૂપણ કર્યું છે. બ્રાઉનરિગ લખે છે 'આનાસ વિશે એક જગજાહેર વાત હતી કે એક ધનવાન માણસ તરીકે આનાસે રોમનોને નાણાં વ્યાજે આપ્યાં હતાં. એટલે એમની છૂપી વાતો ખુલ્લી કરવાની ધમકી આપીને આનાસ પોતાનું કામ કઢાવી શકતા હતા. આનાસ અને એમનું કુટુંબ રાજકીય કાવાદાવામાં ખૂબ સફળ રહ્યાં હતાં. એટલું જ નહીં, પણ વડા પુરોહિત હોવાને નાતે આનાસ કશી રોકટોક વિના વિશિષ્ટ સગવડો અને હક્કો ભોગવતા હતા.' (પૃ. ૯).

૪૯. ખૂઝાની વહુ યોહાન્ના

હિબ્રૂ ભાષામાં યોહાન્ના નામનો અર્થ થાય છે, 'પ્રભુએ સદ્ભાવ બતાવ્યો છે' અથવા 'પ્રભુ કૃપાદૃષ્ટિ કે સદ્ભાવ છે'. નવા કરારની કેટલીક નામાંકિત સ્ત્રીઓમાં એક છે યોહાન્ના. આ વિખ્યાત સ્ત્રી ઈસુના જાહેર જીવન દરમિયાન એમનાં મૃત્યુ અને પુનરુત્થાન સુધી એમને અનુસરતાં રહ્યાં હતાં.

ચારેય શુભસંદેશકારોમાં ફક્ત લૂક જ યોહાન્નાનો નામોલ્લેખ કરે છે. 'ઈસુ શહેરેશહેર અને ગામેગામ ઈશ્વરના રાજ્યના શુભસંદેશનો પ્રચાર કરતા ફરવા લાગ્યા. તેમની સાથે બારે શિષ્યો હતા, અને અપદૂતો અને રોગોથી મુક્ત કરવામાં આવેલી કેટલીક સ્ત્રીઓ પણ હતી. તેમાં જેનામાંથી સાત અપદૂતો નીકળ્યા હતા તે મગ્દલાવાળી તરીકે ઓળખાતી મરિયમ, હેરોદના કારભારી ખૂઝાની વહુ યોહાન્ના, સુસાન્ના અને બીજી અનેક હતી. એ સ્ત્રીઓ ગાંઠનું ખર્ચીને ઈસુની સેવા કરતી હતી.' (લૂક ૮, ૧-૩).

અહીં યોહાન્નાનો પરિચય ગાલીલના રાજા હેરોદના કારભારી ખૂઝાની વહુ તરીકે આપવામાં આવ્યો છે. એટલે આપણે માની શકીએ કે યોહાન્ના એક સાધનસંપન્ન સ્ત્રી હતાં અને કારભારી ખૂઝાની વહુ તરીકે સામાજિક નામના પણ ધરાવતાં હતાં. ઈસુએ પોતાના જાહેર જીવન દરમિયાન કેટલીક સ્ત્રીઓને અપદૂતો અને રોગથી મુક્ત કરેલી હતી. યોહાન્નાની ગણના એ સ્ત્રીઓમાં થાય છે.

પોતાને રોગથી કે અપદૂતમાંથી મુક્ત કરવા માટે યોહાન્ના ઈસુનાં ઋણી છે. ઈસુની આ કૃપાદૃષ્ટિની કદર કરતાં યોહાન્ના ઈસુને પોતાના ગુરુ તરીકે સ્વીકારે છે અને તેમની શિષ્યા બને છે. ઈસુની સેવામાં એક સમર્પિત સ્ત્રી તરીકે યોહાન્ના ઈસુની બીજી શિષ્યાઓ સાથે ભળી જાય છે અને ઈસુની તથા એમના શિષ્યોની સેવાચાકરીમાં મંડ્યાં રહે છે.

ઈસુ અને એમના શિષ્યો જે જે ગામોમાં જવાના હોય તે તે ગામોમાં અન્ય શિષ્યાઓ સાથે પહોંચી જઈને યોહાન્ના એમના આગમન માટે બધી તૈયારીઓ કરે છે.

યોહાન્નાના પતિ ખૂઝા રાજા હેરોદના કારભારીનો ઉચ્ચ હોદ્દો શોભાવે છે. હેરોદના કારભારી બનવા માટે ખૂઝા એક કાર્યક્ષમ અને બુદ્ધિમાન વ્યક્તિ હોવી જોઈએ. બંને પતિ-પત્ની રાજા હેરોદના દરબારમાં માનીતાં સજ્જનો હશે. કારભારી ખૂઝાની પત્ની હોવાને કારણે હેરોદની ઈસુને મળવાની ઇચ્છા વિશે યોહાન્ના જાણતાં હશે. કદાચ યોહાન્નાએ ઈસુ વિશે કરેલી પોતાના અનુભવની વાતમાંથી રાજા હેરોદને ઈસુને મળવાની ઇચ્છા થઈ હશે. એ જ રીતે ઈસુ અને તેમના શિષ્યોની સેવાચાકરીના પોતાના અનુભવોમાં યોહાન્નાએ રાજદરબારના અધિકારીઓને તેમ જ નોકરચાકરોને ભાગીદાર સાથીદાર બનાવ્યા હશે.

માથ્થી કહે છે તેમ, જ્યારે રાજા હેરોદને કાને ઈસુની કીર્તિ પહોંચી ત્યારે તેઓ માનતા હતા કે પોતે જેનો શિરચ્છેદ કર્યો હતો તે સ્નાનસંસ્કારક યોહાન જ ઈસુ છે. 'આ અરસામાં રાજા હેરોદને કાને ઈસુની કીર્તિ પહોંચી. તેણે પોતાના દરબારીઓને કહ્યું, 'આ સ્નાનસંસ્કારક યોહાન છે. એ પાછા સજીવન થયા છે એટલે જ તો તે આવી ચમત્કારિક શક્તિઓ ધરાવે છે.' (માથ્થી ૧૪, ૧-૨).

હેરોદની આવી વાતો યોહાન્નાને કાને પહોંચી હશે અને યોહાન્નાએ સીધી કે આડકતરી રીતે ઈસુ સાથેના પોતાના અનુભવની વાતો હેરોદને જણાવી હશે. ઈસુ સાથેના યોહાન્નાના અનુભવો જાણીને રાજા હેરોદ ઈસુને મળવા તલપાપડ થયા હશે.

યોહાન્ના ઈસુ અને તેમના શિષ્યોની સેવાચાકરી કરતાં હતાં એટલું જ નહીં, પણ એ સેવાચાકરીમાં પોતાની સાધનસંપત્તિનો પણ ઉપયોગ કર્યો હશે.

બાઇબલના પંડિત હેરબર્ટ લોકિયર પોતાના પુસ્તક 'ઑલ ધ વિમૅન ઑફ ધ બાઇબલ'માં કહે છે કે, યોહાન્ના જાણતાં હતાં કે ઈસુ અને એમની સાથે જતા શિષ્યો પાસે ખૂબ ઓછી સાધન-સંપત્તિ હતી. એટલે યોહાન્ના પોતાની ધનદોલતમાંથી તેમને ખૂબ ઉદારતાથી મદદ કરતા. એ રીતે આપવાની બાબતમાં યોહાન્ના બીજાને માટે નમૂનારૂપ હતાં. (પૃ. ૭૮).

ઈસુના ક્રૂસારોહણ વખતે યોહાન્ના ક્રૂસ પાસે ઊભાં હશે. લૂકે કહ્યું છે કે, 'ઈસુના ઓળખીતાઓ અને ગાલીલથી ઈસુ સાથે આવેલી સ્ત્રીઓ દૂર ઊભાં રહ્યાં રહ્યાં આ બધું જોતાં હતાં.' (લૂક ૨૩, ૪૯). યોહાન્ના અને એમના જેવી બીજી શિષ્યાઓ ઈસુની ધરપકડ થઈ ત્યારે જાન લઈને નાસી છૂટેલા શિષ્યોની માફક ત્યાંથી ભાગી ગઈ નહોતી. પણ ઈસુને અનુસરીને ઈસુની ક્રૂસ પરની મહાવ્યથામાં એમની સાથે રહી હતી.

વધુમાં લૂકે જણાવ્યું છે કે, 'જે સ્ત્રીઓ ગાલીલથી ઈસુની સાથે આવી હતી તેઓ યૉસેફની પાછળ પાછળ ગઈ. તેમણે કબર અને શબની ગોઠવણી ધ્યાનથી જોઈ. પછી તેઓએ ઘેર જઇને સુગંધી દ્રવ્યો અને અત્તર તૈયાર કર્યાં.' (લૂક ૨૩, ૫૫-૫૬).

યોહાન્ના સાથે આ બધી સ્ત્રીઓને ઈસુને છેલ્લી ઘડી સુધી અનુસરવાના વળતરરૂપે તેઓને ઈસુના પુનરુત્થાનનાં સાક્ષી બનવાનું સદ્ભાગ્ય સાંપડ્યું. ઈસુના મૃત્યુના ત્રીજા દિવસે રવિવારે વહેલી સવારે આ સ્ત્રીઓ ઈસુની કબરે પહોંચી ત્યારે તેમને ઈસુની ખાલી કબર જોવા મળી. બે દેવદૂતોએ તેમને કહ્યું, 'તમે જીવતાને મરેલામાં કેમ શોધો છો? તેઓ અહીં નથી. તેઓ તો સજીવન થયા છે.' (લૂક ૨૪, ૬).

દેવદૂતોની વાત સાંભળીને એ સ્ત્રીઓને ઈસુના શબ્દો યાદ આવ્યા. લૂકે નોંધ્યું છે, 'ત્યારે તેઓને ઈસુના શબ્દો યાદ આવ્યા, અને કબરેથી પાછા આવીને તેમણે અગિયાર પ્રેષિતોને અને બીજા સૌને આ બધા સમાચાર આપ્યા. એ બધી સ્ત્રીઓમાં મગ્દલાની મરિયમ, યોહાન્ના અને યાકોબની મા મરિયમ પણ હતી.' (લૂક ૨૪, ૮-૧૦).

આમ, ઈસુના મૃત્યુથી વ્યથિત બનેલી યોહાન્ના અને બીજી બધી સ્ત્રીઓને ઈસુની કબરમાંથી ઈસુના પુનરુત્થાનના સંદેશવાહકો બનવાનું સદ્ભાગ્ય મળે છે.

યોહાન્ના અને એમના જેવી સ્ત્રીઓ જેમ ઈસુના જીવન દરમિયાન એમની સાથે ને સાથે રહી તેમ તેમના ક્રૂસારોહણ, મૃત્યુ અને પુનરુત્થાન વખતે પણ અડગ રીતે ઈસુની સાથે ને સાથે રહે છે.

૫૦. મરિયમ નામે ત્રણ સ્ત્રીઓ

મરિયમ નામે નવા કરારમાં ઘણાં સ્ત્રીપાત્રોની વાત આવે છે. એમાં સૌથી વધારે જાણીતું સ્ત્રી-પાત્ર યૉસેફની પત્ની અને ઈસુની મા મરિયમ છે. મરિયમ નામની બીજી સાત-આઠ સ્ત્રીઓમાં ત્રણ મુખ્ય સ્ત્રી પાત્રો ગણી શકાય. એક, મગ્દલાની મરિયમ, બે, બેથાનિયાની મરિયમ, ત્રણ, યાકોબ તથા યૉસેફની મા મરિયમ. આ ચારેય પાત્રોને આ સંગ્રહમાં સ્વતંત્રપણે આલેખવામાં આવ્યાં છે.

મરિયમ નામની બીજી સ્ત્રીઓમાં આપણે અહીં ત્રણ સ્ત્રીપાત્રોની વાત કરીએ: ૧) કલોપાની વહુ મરિયમ, ૨) યોહાન માર્કની મા મરિયમ અને ૩) રોમના ધર્મસંઘમાંની મરિયમ. આ ત્રણેય 'મરિયમ' નામનાં સ્ત્રીપાત્રો પોતાના ધર્મસંઘમાં ખૂબ જાણીતી સેવાપરાયણ સ્ત્રીઓ હશે. પણ નવા કરારમાં એમના વિશે કોઈ ખાસ માહિતી મળતી નથી.

૧) કલોપાની વહુ મરિયમ

કલોપાની વહુ મરિયમનું નામ આપણને ફક્ત યોહાનકૃત શુભસંદેશમાં જ મળે છે. માથ્થી, માર્ક અને લૂક 'કલોપાની વહુ મરિયમ'ની વાત કરતા નથી. પણ એ ત્રણેય પ્રથમ શુભસંદેશકારો 'યાકોબ અને યૉસેફની મા મરિયમ'ની વાત કરે છે. એટલે બાઇબલના કેટલાક પંડિતો માને છે કે, એ બંને મરિયમ અલગ અલગ સ્ત્રીઓ નથી, પણ એકનીએક જ સ્ત્રી છે.

પણ હું માનું છું કે તેઓ બે અલગ અલગ સ્ત્રીપાત્રો છે. શુભસંદેશોમાં આપણે વાંચીએ છીએ કે ઈસુના જાહેર જીવન દરમિયાન એમની સાથે એમના બાર શિષ્યો તથા 'કેટલીક સ્ત્રીઓ પણ હતી' અને 'એ સ્ત્રીઓ ગાંઠનું ખર્ચીને ઈસુની સેવા કરતી હતી.' (જુઓ લૂક ૮, ૨-૩; માથ્થી ૨૭, ૫૫-૫૬; માર્ક ૧૫, ૪૦-૪૧ અને લૂક ૨૩, ૪૫).

ઈસુને અનુસરનારાઓમાં સ્ત્રીઓ હતી, એ વાતની નવાઈ નથી. યહૂદી સમાજમાં સ્ત્રીઓનો કોઈ દરજજો નહોતો. તેમની વાત પુરાવારૂપે માન્ય નહોતી. પણ સ્ત્રીઓ સાથેનો ઈસુનો વ્યવહાર અ▯ક ખૂબ ભિન્ન ચિત્ર ઊભું કરે છે. ઈસુ સ્ત્રીઓ સાથે આદરમાનથી વર્તે છે. માનવ તરીકેના સ્ત્રીના આગવા વ્યક્તિત્વનો તથા પુરુષો સાથેની સ્ત્રીઓની સમાનતાનો સ્વીકાર કરે છે. વ્યભિચારમાં પકડાયેલી સ્ત્રી, કૂવા પાસે મળેલી શમરુની સ્ત્રી, ખોવાયેલા સિક્કાને શોધતી સ્ત્રી, ન્યાય માટે લડતી વિધવા વગેરે સ્ત્રીઓ સાથેના વર્તનમાં ઈસુ માનવ તરીકેના એમના ગૌરવને માન્ય રાખે છે અને એમને યોગ્ય આદરમાન આપે છે. ઈસુના સંદેશ અને એમના વર્તનથી પ્રભાવિત થઈને ઈસુની ઘણીબધી શિષ્યાઓ હતી. શુભસંદેશકારો આ બધી શિષ્યાઓનાં નામો લઈ શક્યા નથી અને જેમનાં નામો લીધાં છે તેમાં ફેરફાર છે.

૨) યોહાન માર્કની મા મરિયમ

મરિયમનું નામ નવા કરારમાં એક જ વાર આવે છે. હેરોદે યહૂદીઓને રાજી રાખવા માટે પીતરને પકડીને કેદમાં પૂરી દીધા હતા. પણ એક રાતે કેદખાનામાંથી ચમત્કારિક રીતે મુક્ત થતાં પીતર સીધા યોહાન માર્કની માને ઘરે ગયા જ્યાં ઈસુના શિષ્યો પીતરની મુક્તિ માટે પ્રાર્થના કરતા હતા. 'પ્રેષિતોનાં ચરિતો'માં આપણે વાંચીએ: 'પરિસ્થિતિનો ખ્યાલ આવતાં તે (એટલે ચમત્કારિક રીતે કેદમાંથી બહાર આવેલા પીતર) યોહાન ઉર્ફે માર્કની મા મરિયમને ત્યાં ગયા, તો ત્યાં ઘણાં માણસો ભેગાં થઈને પ્રાર્થના કરતાં હતાં.' (પ્રે. ચ. ૧૨, ૧૨).

યોહાન માર્કની મા મરિયમ અને એમના ઘરની આ ટૂંકી વાતમાંથી યોહાન માર્કની મા મરિયમ વિશે તથા માર્કકૃત શુભસંદેશના લેખક યોહાન માર્ક વિશે આપણે ઘણુંબધું જાણી શકીએ છીએ.

યોહાન માર્કની મા મરિયમનું ઘર ખૂબ મોટું હતું અને તે સાધનસંપન્ન સ્ત્રી હતાં. એટલે તેઓ પોતાની સેવામાં એક દાસીને રાખી શકતા હતા. તેઓ ખૂબ ઉદાર અને ભક્તિવાળા સ્ત્રી હતાં. તેઓ પોતાને ઘેર ઘણાંબધાં લોકોને આવકારીને પ્રાર્થના માટે ઘરમાં જગ્યા આપતાં હતાં. સંખ્યામાં વધતા જતા ઈસુના અનુયાયીઓ પ્રાર્થના માટે એ મરિયમને ઘેર જ નિયમિત મળતાં હતાં. ઈસુના શિષ્યો માટે મળવાની જગ્યા તરીકે યોહાન માર્કની મા મરિયમનું ઘર સૌને માન્ય હતું. એટલે જ પીતર કેદખાનાથી મુક્ત થતાં સીધા એમને ઘેર ગયા.

પારંપરિક માન્યતા પ્રમાણે ઈસુ અને તેમના બાર શિષ્યો પાસ્ખાનું ભોજન લેવા માટે જે ઘરના મેડા ઉપર મોટા ખંડમાં મળ્યા હતા તે ઘર યોહાન માર્કની મા મરિયમનું હતું. એ જ ઘરમાં ઈસુના સ્વર્ગારોહણ પછી પ્રેષિતો અને ઈસુની માતા મરિયમ ભેગાં મળ્યાં હતાં અને ત્યાં જ તેમને પવિત્ર આત્માની પ્રાપ્તિ થઈ હતી. (જુઓ માર્ક ૧૪, ૧૩-૧૫).

યોહાન મર્કની મા મરિયમ પોતાના મોટા ઘરમાં નોકરચાકરોને પણ રાખતાં હતાં. એટલે જ પીતરે એમના ઘરનું બારણું ખખડાવ્યું ત્યારે રોદા નામની દાસી જ દરવાજો ખોલવા ગઈ હતી. પીતર ત્યાં ગયા અને દાસી રોદાએ એમનો અવાજ પારખ્યો, તે બંને બાબતો બતાવે છે કે અગાઉ પણ પીતરે તે ઘરની ઘણીવાર મુલાકાત લીધી હશે. (જુઓ પ્રે. ચ. ૧૨, ૧૨-૧૬).

કદાચ શુભસંદેશકાર યોહાન માર્કને પોતાનાં મા સાથે ગાઢ સંબંધ હોવાને કારણે જ યરુશાલેમથી પાઉલ સાથે મિશનરી યાત્રાએ ગયા પછી પેર્ગેથી તેઓ પાઉલથી છૂટા પડીને યરુશાલેમ પાછા આવ્યા. (જુઓ પ્રે. ચ. ૧૩, ૧૩).

બાઇબલના કેટલાક પંડિતો અનુમાન કરે છે કે યોહાન માર્કની મા મરિયમ કદાચ બાર્નાબાસની કાકી કે બહેન થતાં હશે. બાર્નાબાસ પાઉલના સાથી અને પાઉલની જેમ ધર્મપ્રચારક હતા. એવા સંબંધને કારણે જ બાર્નાબાસે ધર્મપ્રચારની યાત્રામાં યોહાન માર્કને પોતાના સાથીદાર તરીકે પસંદ કર્યા હતા જ્યારે પાઉલ એમને સાથે લેવાના વિરોધમાં હતા; કારણ, માર્ક પર્ગેથી એમને અધવચ્ચે છોડીને યરુશાલેમ પરત ફર્યા હતા.

આપણે જાણીએ છીએ કે યોહાન માર્કને કારણે થયેલા વાદવિવાદના પરિણામે પાઉલ અને બાર્નાબાસ એકબીજાથી છૂટા પડ્યા હતા અને બાર્નાબાસે ધર્મપ્રચારની યાત્રામાં યોહાન માર્કને પોતાના સાથીદાર તરીકે સાથે લીધા હતા. (જુઓ પ્રે. ચ. ૧૫, ૩૬-૪૦). પાઉલ અને બાર્નાબાસ સાથે ધર્મના પ્રચારમાં ફેલાવમાં જોડાવાને કારણે તેમ જ પોતાની મા સાથેના નિકટના સંબંધને કારણે યોહાન માર્કને પોતાનો શુભસંદેશ રચવામાં ઘણી મદદ મળી હશે.

૩) રોમ ખાતેની સ્ત્રી મરિયમ

રોમના ધર્મસંઘનાં એક નોંધપાત્ર સભ્ય છે. આપણને એમનું નામ રોમના ધર્મસંઘ પ્રત્યેના પાઉલના પત્રમાંથી મળે છે. (રોમ ૧૬,૬).

રોમના ધર્મસંઘ પ્રત્યેના પત્રની શુભેચ્છામાં પાઉલે મરિયમનું નામ વિશેષ લીધું છે. આ મરિયમ રોમના ધર્મસંઘમાં ખૂબ જાણીતાં સ્ત્રી હશે અને પોતાની સેવા પરાયણતાથી રોમનાં ખ્રિસ્તી ભાઈબહેનોને વહાલાં થઈ પડ્યાં હશે. તેમના ધર્મસંઘની એક નિષ્ઠાવાન સેવિકા તરીકે રોમના મરિયમ પોતાના ગુરુ ઈસુને જ અનુસરતા હતા જે ઈસુએ સેવા લેવા નહીં, પણ સેવા કરવા માનવ વચ્ચે વાસ કર્યો છે. (માથ્થી ૨૦, ૨૮).

૫૧. માર્થા, ઈસુનાં મિત્ર

યોહાનકૃત શુભસંદેશ કહે છે, 'ઈસુને માર્થા અને તેની બહેન (મરિયમ) તેમ જ લાઝરસ ઉપર પ્રેમ હતો.' (યોહાન ૧૨, ૫). લાઝરસ અને તેમની બે બહેનો ઈસુનાં નિકટમાં નિકટ મિત્રો હતાં.

ઈસુ બેથાનિયામાં હોય કે એ ગામની પાસેથી જતા હોય ત્યારે બેથાનિયામાં રહેતાં પોતાનાં મિત્રોના મહેમાન બનવાનું ઈસુ ચૂકતા નહોતા.

ચાર શુભસંદેશોમાં ફક્ત લૂકકૃત અને યોહાનકૃત શુભસંદેશ જ માર્થા અને એમની બહેન મરિયમનાં નામો આપે છે. લૂકે વર્ણવેલા ઈસુના એક મુલાકાતના પ્રસંગમાંથી આપણને માર્થા અને મરિયમનાં પાત્રોના આગવા ગુણોનો ખ્યાલ આવે છે.

માર્થા અને મરિયમના ઘરની ઈસુની મુલાકાતનું લૂકે સરસ વર્ણન કર્યું છે.

'પ્રવાસ કરતા કરતા ઈસુ એક ગામમાં આવી પહોંચ્યા અને ત્યાં માર્થા નામની એક બાઈએ પોતાના ઘરમાં તેમનું સ્વાગત કર્યું. તેને મરિયમ કરીને આ બહેન હતી. તે પ્રભુનાં ચરણ આગળ બેસીને તેમનાં વચન સાંભળતી હતી. દરમિયાન માર્થા વિવિધ સેવાસત્કાર કરવા દોડધામ કરતી હતી; તે ઈસુ પાસે આવીને બોલી, 'પ્રભુ, મારી બહેને બધું કામ મારી એકલી ઉપર નાખ્યું છે, એનું તમને કશું નથી લાગતું? તમે એને કહોને કે મને હાથ લાગે.'

પણ પ્રભુએ જવાબ આપ્યો, 'માર્થા, માર્થા, તું અનેક વસ્તુની ચિંતા કરે છે અને બાવરી થાય છે; પણ, ખરું જોતાં જરૂર તો એક વસ્તુની જ છે; આ મરિયમે શ્રેષ્ઠ ભાગ પસંદ કર્યો છે, અને તે એની પાસેથી છીનવી લેવામાં નહીં આવે." (લૂક ૧૦, ૩૮-૪૨).

બંને બહેનોમાં માર્થા મોટાં હતાં અને તેઓ મિત્ર ઈસુની યજમાનગીરી કરવામાં ખૂબ રોકાયેલાં હતાં. તેઓ ઈસુ અને એમના શિષ્યો માટે સુંદર ભોજન તૈયાર કરવામાં પડયાં હતાં. એમની બહેન મરિયમ પણ માર્થાને મદદ કરે તો ભોજન ખૂબ સરસ રીતે જલદી તૈયાર કરી શકાય. બંને બહેનો ભોજન તૈયાર કરે ત્યારે ઈસુ અને તેમના શિષ્યો ઘરમાં આરામ કરી શકે. આવી ભાવનાથી ભોજનની વ્યવસ્થામાં પડેલા માર્થાએ ઈસુ પાસે આવીને ફરિયાદ કરી કે, 'પ્રભુ, મારી બહેને બધું કામ મારી એકલી ઉપર નાખ્યું છે, એનું તમને કશું નથી લાગતું? તમે એને કહોને કે મને હાથ લાગે.'

પરંતુ ઈસુ અને મરિયમનો આ અંગે માર્થાથી વિભિન્ન ખ્યાલ હતો. એટલે ઈસુ માર્થાને કહે છે કે, 'માર્થા, માર્થા, તું અનેક વસ્તુની ચિંતા કરે છે અને બાવરી થાય છે; પણ, ખરું જોતાં જરૂર તો એક વસ્તુની જ છે; આ મરિયમે શ્રેષ્ઠ ભાગ પસંદ કર્યો છે, અને તે એની પાસેથી છીનવી લેવામાં નહીં આવે.' (લૂક ૧૦, ૪૧-૪૨). અહીં આપણે માર્થાને પોતાના કામમાં મંડ્યા રહેનાર કર્મનિષ્ઠ અને સખત મહેનત કરનાર વ્યક્તિ તરીકે ઓળખી શકીએ છીએ. માર્થા તો યજમાનગીરીને ખૂબ મહત્ત્વ આપનાર પાત્ર છે.

યોહાનકૃત શુભસંદેશમાં માર્થાનાં વિભિન્ન પાસાં આપણને જોવા મળે છે. માર્થા ઊંડી શ્રદ્ધાવાળાં બહેન છે. તેઓ પોતાના કૌટુંબિક મિત્ર ઈસુ પર ઊંડો ભરોસો રાખે છે. એટલે પોતાના ભાઈ લાઝરસના મૃત્યુ પ્રસંગે બંને બહેનો પોતાના કૌટુંબિક મિત્ર ઈસુને

સંદેશ મોકલી એમના મૃત્યુની જાણ કરે છે.

યોહાનકૃત શુભસંદેશનો આખો અગિયારમો અધ્યાય બતાવે છે કે ઈસુ લાઝરસ અને એમનાં બે બહેનો સાથે ખૂબ નજીકનો સંબંધ ધરાવતા હતા.

માર્થાને ઈસુએ કહ્યું, 'હું જ પુનરુત્થાન છું અને હું જ જીવન છું. જેને મારામાં શ્રદ્ધા છે, તેનું મૃત્યુ થાય તો પણ, તે જીવતો થશે; બલકે, મારામાં શ્રદ્ધા રાખનાર કોઈ પણ જીવતો માણસ કદી મૃત્યુ નહીં પામે. તું આ માને છે?' (યોહાન ૧૧, ૨૫-૨૬).

માર્થાનો જવાબ તેમની ઊંડી શ્રદ્ધાનો સુંદર દાખલો છે. માર્થાએ કહ્યું, "જી પ્રભુ, હું માનું છું કે જગતમાં આવનાર હતા તે ખ્રિસ્ત, ઈશ્વરના પુત્ર, આપ જ છો.' (યોહાન ૧૧, ૨૭).

ઈસુ અને માર્થા વચ્ચેનો આ સંવાદ ખ્રિસ્તી લોકોની દફનવિધિ વખતે ખાસ વાંચવામાં આવે છે, જેમાં ઈસુ અને તેમના ત્રણ મિત્રો સાથેની મિત્રતાનો સંબંધ આપણે માણી શકીએ છીએ.

ઊંડી શ્રદ્ધા અને ખરી મિત્રતાનો સુંદર દાખલો આપણને માર્થા પૂરો પાડે છે. ભલમનસાઈવાળા બધા લોકો ઈસુ સાથે શ્રદ્ધા અને મિત્રતાનો આવો સંબંધ રાખી શકે છે.

પર. બેથાનિયાની મનનશીલ મરિયમ

મરિયમ નામે નવા કરારમાં નવ સ્ત્રીઓ છે. અહીં આપણે બેથાનિયાની મરિયમની વાત કરીએ છીએ. તે માર્થા અને લાઝરસની બહેન છે. બે બહેનો — મરિયમ અને માર્થા — તથા તેમના ભાઈ લાઝરસ ઈસુનાં નિકટનાં મિત્રો હતાં. ઈસુ માટે તે ત્રણેય મિત્રોનું ઘર પોતાના ઘર જેવું હતું. ઈસુએ અવારનવાર તેમના ઘરે એટલે કે પોતાના મિત્રોને ઘેર મહેમાનગત માણી છે.

ફક્ત બે શુભસંદેશકારો — લૂક અને યોહાન — બે બહેનોનાં નામ આપે છે. ઈસુ તેમના ઘરે મુલાકાતે જાય છે અને બંને બહેનોને મળે છે, તે વાત લૂક ટૂંકમાં અને સચોટ રીતે આપે છે.

'પ્રવાસ કરતા કરતા ઈસુ એક ગામમાં આવી પહોંચ્યા અને ત્યાં માર્થા નામની એક બાઈએ પોતાના ઘરમાં તેમનું સ્વાગત કર્યું. તેને મરિયમ કરીને એક બહેન હતી. તે પ્રભુનાં ચરણ આગળ બેસીને તેમનાં વચન સાંભળતી હતી. દરમિયાન માર્થા વિવિધ સેવાસત્કાર કરવા દોડધામ કરતી હતી; તે ઈસુ પાસે આવીને બોલી, 'પ્રભુ, મારી બહેને બધું કામ મારી એકલી ઉપર નાખ્યું છે, એનું તમને કશું નથી લાગતું? તમે એને કહોને કે મને હાથ લાગે.'

પણ પ્રભુએ જવાબ આપ્યો, 'માર્થા, માર્થા, તું અનેક વસ્તુની ચિંતા કરે છે અને બાવરી થાય છે; પણ, ખરું જોતાં જરૂર તો એક વસ્તુની જ છે; આ મરિયમે શ્રેષ્ઠ ભાગ પસંદ કર્યો છે, અને તે એની પાસેથી છીનવી લેવામાં નહીં આવે." (લૂક ૧૦, ૩૮-૪૨).

આ ટૂંકી વાતમાં લૂકે બંને બહેનોના સ્વભાવ વિશે આપણને જણાવ્યું છે. એમાં મરિયમ પ્રેમાળ અને મનનશીલ વ્યક્તિ છે, તો એમની બહેન માર્થા આતિથ્યસત્કારની ભાવનાવાળી કાર્યરત વ્યક્તિ છે. ઈસુની મહેમાનગીરી સાચવવામાં વ્યસ્ત રહેનાર માર્થા પોતાની બહેન મરિયમની નિષ્ક્રિયતાથી ખુશ નથી. એટલે તેઓ ઈસુને ફરિયાદ કરે છે કે યોગ્ય મહેમાનગીરી કરવામાં મરિયમ એમને કંઈ મદદ કરતી નથી. પણ ઈસુ મરિયમનો બચાવ કરીને માર્થાને કહે છે તે મહેમાનગીરીમાં અનેક વસ્તુઓની ચિંતા કરે છે અને બાવરી થાય છે. પણ એની જરૂર નથી, ખરું જોતાં જરૂર તો એક વસ્તુની જ છે. મરિયમે યોગ્ય બાબતની પસંદગી કરી છે. તે એની પાસેથી છીનવી લેવામાં નહીં આવે.

અહીં ઈસુ કહે છે કે મરિયમે યોગ્ય વસ્તુ કે બાબતની પસંદગી કરી છે. પ્રશ્ન થાય છે કે ઈસુ કઈ વસ્તુને 'યોગ્ય' કે 'શ્રેષ્ઠ' ગણે છે? ભોજન માટે માર્થા અનેક વસ્તુઓ તૈયાર કરવામાં વ્યસ્ત હશે અને ઈસુ માર્થાને કહે છે કે અનેક વસ્તુઓની જરૂર નથી. ફક્ત એક વસ્તુની જરૂર છે. શું ઈસુ આધ્યાત્મિક બાબત કે ભૌતિક વસ્તુઓની વાત કરે છે? દેખીતી રીતે માર્થા ભૌતિક બાબતોમાં વ્યસ્ત છે.

પણ મરિયમે ઈસુના ચરણે બેસીને આધ્યાત્મિક બાબત એટલે ઈશ્વરની વાણી સાંભળવાની બાબત પસંદ કરી છે. એટલે ઈસુ કહે છે કે તે શ્રેષ્ઠ બાબત છે, જે એની પાસેથી છીનવી લેવામાં નહીં આવે.

ઈસુ અને બંને બહેનો વિશે વધુ વિગતવાર માહિતી આપણને સંત યોહાનકૃત

શુભસંદેશમાં મળે છે. માર્થા અને મરિયમના ભાઈ લાઝરસને મૃત્યુના ચાર દિવસ પછી પુનર્જીવન આપવાની વાત ફક્ત યોહાનકૃત શુભસંદેશમાં જ આવે છે.

જ્યારે લાઝરસ માંદો પડ્યો ત્યારે એની બે બહેનોએ — માર્થા અને મરિયમે — ઈસુને સંદેશ મોકલ્યો કે, 'પ્રભુ, તમારો વહાલો મિત્ર માંદો પડ્યો છે.'

આ સંદેશ મળ્યા પછી પણ ઈસુ પોતે જ્યાં હતા ત્યાં જ વધુ બે દિવસ રોકાયા. પછી ઈસુ અને એમના શિષ્યો બેથાનિયા ખાતે પોતાના ત્રણ મિત્રોને ત્યાં પહોંચ્યા ત્યારે લાઝરસના મૃત્યુના ચાર દિવસ થયા હતા. ઈસુ આવે છે એમ જાણીને માર્થા તેમને સામે મળવા ગઈ અને મરિયમ ઘેર જ રહી. જ્યારે ઈસુ પોતાના મિત્રોને ઘેર પહોંચ્યા ત્યારે મરિયમે એમને કહ્યું, 'ગુરુદેવ, આપ જો અહીં હોત તો મારો ભાઈ મરી ગયો ન હોત.' (યોહાન ૧૧, ૩૨).

બંને બહેનોએ, માર્થા અને મરિયમે, લગભગ સરખી રીતે પ્રભુ ઈસુ પરની શ્રદ્ધા વ્યકત કરી કે જ્યારે તેમનો ભાઈ લાઝરસ માંદો હતો ત્યારે ઈસુ બેથાનિયામાં હાજાર હોત તો તેમનો ભાઈ મરી ગયો ન હોત. મરિયમ ઈસુને કહેવા લાગ્યા, 'ગુરુદેવ, આપ જો અહીં હોત તો મારો ભાઈ મરી ગયો ન હોત.' તેમની આ ઊંડી શ્રદ્ધાની કદરરૂપે ઈસુ તેમના ભાઈને પુનર્જીવિત કરવાનો ચમત્કાર કરે છે.

ઈસુએ 'લાઝરસ, બહાર આવ' એમ બૂમ પાડી તો મરેલો લાઝરસ કબરમાંથી બહાર આવ્યો. એ પ્રસંગનું વર્ણન કરીને યોહાન અંતે નોંધે છે, 'ઈસુએ જે કર્યું હતું તે જોઈને મરિયમને મળવા આવેલા યહૂદીઓમાંના ઘણાની તેમના ઉપર શ્રદ્ધા બેઠી.' (યોહાન ૧૧, ૪૫).

યોહનકૃત શુભસંદેશમાં ફરી એક વાર આપણને મરિયમનો ભેટો થાય છે. આ વખતે પાસ્ખા પર્વના છ દિવસ પહેલાં ઈસુ પોતાના શિષ્યો સાથે મરિયમને ઘેર પહોંચે છે. મરિયમ અને એની બહેન માર્થા મહેમાનો માટે ભાણું પીરસે છે. ઈસુ સાથે બે બહેનોના ભાઈ લાઝરસ ભાણે બેસે છે. તે વખતે અણધારી રીતે બીજા બધાના આશ્ચર્ય વચ્ચે મરિયમે ઈસુના પગે અત્તર લગાડે છે.

યોહાન લખે છે:

'તે વખતે મરિયમે અસલ જટામાંસીનું અત્યંત કીમતી એક શેર અત્તર લાવી ઈસુના ચરણે લગાડ્યું અને પોતાના વાળ વડે તેમના ચરણો લૂછ્યા. આખું ઘર અત્તરની મહેકથી મઘમઘી ઊઠ્યું. યહૂદા ઇશ્કરિયોત, ઈસુનો એક શિષ્ય, જે એમને દગો દેવાનો હતો તે બોલી ઊઠ્યો, 'આ અત્તર ત્રણસો રૂપામહોરમાં વેચીને તે રકમ ગરીબોને કેમ ન વહેંચી આપી?' એને ગરીબોની બહુ પડી હતી માટે એ આમ બોલ્યો હતો એવું નહોતું, પણ એ પોતે ચોર હતો, અને પૈસાની પેટી એની પાસે હતી એટલે તેમાં જે કંઈ મૂકવામાં આવતું તે એ ચોરી લેતો હતો.

આથી ઈસુએ કહ્યું, 'એને જેમ કરવું હોય તેમ કરવા દો. મારા દફનના દિવસ માટે ભલે એ સાચવી રાખતી. ગરીબો તો તમારી સાથે હંમેશાં રહેવાના જ, પણ હું કંઈ હંમેશાં રહેવાનો નથી." (યોહાન ૧૨, ૩-૮).

આ અનોખા પ્રસંગમાં મરિયમ પ્રત્યે લોકોનો પ્રતિભાવ ઈસુના પ્રતિભાવથી તદ્દન ભિન્ન છે. લોકો મરિયમના કૃત્યની નિંદા કરે છે. ત્યારે ઈસુ એને આવકારે છે. ઈસુના પગે લગાડવા માટે મરિયમે વાપરેલા કીમતી જટામાસીના અત્તરમાં યહૂદા ઇશ્કરિયોત જેવા લોકો નાણાંનો દુર્વ્યય જુએ છે. પણ કીમતી અત્તરથી પર ઈસુ મરિયમનો પોતાના માટેનો પ્રેમ અને તેમની ભક્તિ જુએ છે. એટલું જ નહીં, ઈસુ મરિયમનો બચાવ કરે છે,

મરિયમની સેવાની કદર પણ કરે છે. ઈસુ મરિયમની પ્રશંસા કરે છે.

આવો જ એક બનાવ, ઈસુને અત્તર લગાડવાનો પ્રસંગ માથ્થીના (માથ્થી ૨૬, ૬-૧૩) અને માર્કના (માર્ક ૧૪, ૩-૧૧) શુભસંદેશોમાં આવે છે.

બંને શુભસંદેશકારોની વાત એકસરખી છે. 'ઈસુ બેથાનિયામાં કુષ્ઠરોગી સિમોનને ત્યાં હતા એવામાં એક બાઈ આરસપહાણની કૂપીમાં ખૂબ કીમતી અત્તર લઈને આવી, અને તેણે ઈસુ ભોજન કરવા બેઠા હતા ત્યાં તેમના માથા ઉપર રેડી દીધું. આ જોઈને શિષ્યો રોષે ભરાઈને કહેવા લાગ્યા, 'આ બગાડનો શો અર્થ છે? આ અત્તર વેચ્યું હોત તો પુષ્કળ પૈસા આવત, અને તે ગરીબોને આપી શકાત!" (માથ્થી ૨૬,૬-૯).

અહીં ઈસુના માથે અત્તર લગાડનારનું નામ નથી પણ 'એક બાઈ' કહીને એમની ઓળખ આપવામાં આવી છે. કેટલાક લોકો આ બાઈને બેથાનિયાની મરિયમ, લાઝરસ અને માર્થાની બહેન તરીકે ઓળખાવે છે. પણ બાઇબલના મોટા ભાગના પંડિતો માને છે કે બંને અલગ સ્ત્રીઓ છે, એક જ સ્ત્રી નથી.

ઈસુના મોઢે પ્રશંસા પામનાર બેથાનિયાની મરિયમ ખરેખર એક ઉદાત્ત સ્ત્રી છે. સૌના આદરને અને અનુકરણને પાત્ર છે.

૫૩. વાંકી વળેલી સ્ત્રી

વાંકી વળેલી 'અબ્રાહમની દીકરી'ની વાત ઇતિહાસમાં ખાસ ધ્યાન આપનાર શુભસંદેશકાર લૂક જ કરે છે. અઢાર વર્ષથી માંદગીનો ભોગ બનનાર બાઈને ચમત્કારિક રીતે સાજા કરવાની વાતમાં આપણને લૂકના વૈદ્યકીય જ્ઞાનનો પણ ખ્યાલ મળે છે.

લૂકની વાત સાંભળીએ, 'વિશ્રામવારે ઈસુ એક સભાગૃહમાં ઉપદેશ આપતા હતા. ત્યાં એક બાઈ એવી હતી જે અઢાર વર્ષથી અપદૂત વળગવાથી માંદી હતી; તે વાંકી વળી ગઈ હતી અને ટટ્ટાર ઊભી રહી શકતી જ નહોતી. તેને જોતાં જ ઈસુએ તેને પાસે બોલાવી કહ્યું, 'બાઈ, તારી પીડા મટી ગઈ છે.' એમ કહીને તેમણે તેના ઉપર હાથ મૂક્યા કે તરત જ તે ટટ્ટાર થઈ ગઈ અને ઈશ્વરની સ્તુતિ કરવા લાગી.' (લૂક ૧૩, ૧૦-૧૨).

અહીં લૂકે એક વ્યવસાયી વૈદ્ય તથા ઇતિહાસકાર તરીકે બાઈની માંદગીની વાત વિગતવાર કરી છે. તે બાઈ અઢાર વર્ષથી પોતાની માંદગી વેઠી રહી હતી. તેની લાંબી માંદગીને કારણે તે ટટ્ટાર ઊભી રહી શકતી નહોતી. તે વાંકી વળી ગઈ હતી. છતાં તે બાઈ પોતાની માંદગીથી હારેલી કે થાકેલી નહોતી. તે પોતાની માંદગી માટે ઈશ્વરનો અને સૌ કોઈનો વાંક કાઢતી નહોતી. તે માંદી હોવા છતાં દર વિશ્રામવારે સભાગૃહમાં આવતી હતી અને પ્રાર્થનામાં ભાગ લેતી હતી. તેના અસાધ્ય લાગતા રોગથી કંટાળ્યા વિના તે સભાગૃહમાં આવીને બધા શ્રદ્ધાળુ લોકો સાથે ઈશ્વરની સ્તુતિ કરતી હતી.

ઈસુ પોતાના શિષ્યો સાથે ઠેર-ઠેર ફરીને ઈશ્વરના રાજ્યની ઘોષણા કરતા વિશ્રામવારને દિવસે પોતાની ટેવ મુજબ બીજા બધા યહૂદીઓની જેમ સભાગૃહમાં જાય છે. ઈસુ અને તેમના શિષ્યો તથા પેલી બાઈ અને તેમના જેવા શ્રદ્ધાળુ લોકો સાથે વિશ્રામવારે તે સભાગૃહમાં એક નાની ટોળકી પણ છે. એ ટોળકીમાં ઈસુના વિરોધીઓ અને ટીકાકારો છે. યહૂદી ધર્મના આગેવાનો હોય એવા ફરોશીઓ અને શાસ્ત્રીઓની એ ટોળકીનું કામ ઈસુની ભૂલો શોધી કાઢીને એમને ફસાવવાનું છે.

આ ટોળકીમાં સભાગૃહના અધ્યક્ષનો પણ સમાવેશ થાય છે. ઈસુને બરાબર ખબર છે કે તેમના વિરોધીઓ પણ સભાગૃહમાં હાજર છે. પણ ઈસુ એમની પરવા કરતા નથી. તેઓ હંમેશની જેમ પોતાના નિર્ધારિત રસ્તે ચાલે છે. સભાગૃહમાં શ્રદ્ધાળુ લોકો વચ્ચે વાંકી વળેલી સ્ત્રીને જોતાં ઈસુ તેને પોતાની પાસે બોલાવે છે અને તેના ઉપર ખૂબ પ્રેમ અને કરુણાથી હાથ મૂકીને તેને કહે છે, 'બાઈ, તારી પીડા મટી ગઈ છે.'

પોતાના શિષ્યો સાથે ગામેગામ ઘૂમતા ઈસુની પયગંબર તરીકેની ખ્યાતિ એ બાઈ જાણતી હશે. એટલે ઈસુ તેને પોતાની પાસે બોલાવે છે ત્યારે તે બાઈ ખંત અને ધીરજથી ઈસુ પાસે જાય છે અને ચમત્કારિક રીતે સાજી થાય છે. બાઈનો એક જ પ્રતિભાવ છે. પોતાને બરાબર સાજી થયેલી જોઈને તે ઈશ્વરની સ્તુતિ કરે છે અને સભાગૃહના ઘણા બધા લોકો એની સાથે જોડાઈને પ્રભુની સ્તુતિ ગાય છે.

ઈશ્વરની સ્તુતિ ગાતાં સાજી થયેલી બાઈએ કદાચ બાઇબલના જૂના કરારની હાન્નાની જેમ કહ્યું હશે કે,

'પ્રભુએ મારું હૃદય આનંદથી ભરી દીધું છે
પ્રભુની કૃપાથી હું ઉન્નત મસ્તકે ફરું છું
મારા દુશ્મનોની હું હાંસી ઉડાવું છું
ઈશ્વરે મને સહાય કરી છે
એથી હું આનંદમાં છું.' (૧ શમુએલ ૨, ૧).

કદાચ પેલી બાઈએ નવા કરારમાં માતા મરિયમની જેમ ઈશ્વરનાં સ્તુતિવચનો ઉચ્ચાર્યાં હશે,

'મારું અંતર પ્રભુનો મહિમા ગાય છે,
અને મારો આત્મા મારા ઉદ્ધારક પરમેશ્વરમાં રાચે છે.
કારણ, તેણે પોતાની આ દીન દાસી ઉપર કૃપાદૃષ્ટિ કરી છે.'
(લૂક ૨, ૪૬-૪૭).

એક બાજુ ચમત્કારિક રીતે સાજી થયેલી બાઈ તથા બીજા શ્રદ્ધાળુ લોકો ઈશ્વરની સ્તુતિ ગાય છે તો બીજી બાજુ ઈસુના વિરોધીઓનો પ્રતિભાવ બિલકુલ ભિન્ન છે. બધા લોકોની જેમ સાજી થયેલી બાઈની સાથે ઈશ્વરની સ્તુતિ ગાવાને બદલે એ લોકો ઈસુ સામે ગુસ્સો કરે છે. કારણ, વિશ્રામવારે કોઈ કામ કરવાની મનાઈ છે, તે કાયદાને અવગણીને ઈસુએ અઢાર વર્ષથી વાંકી વળેલી બાઈને સાજી કરવાનો ગુનો બધાની આગળ કર્યો છે.

ઈસુના વિરોધીઓનો પ્રતિભાવ આપતાં લૂક કહે છે, 'વિશ્રામવારને દિવસે સાજી કરી એથી સભાગૃહનો અધ્યક્ષ ઈસુ ઉપર રોષે ભરાઈને લોકોને કહેવા લાગ્યો, 'કામ કરવાના છ-છ દિવસ છે. એ દિવસો દરમિયાન સાજા થવા આવો, પણ વિશ્રામવારે નહીં." (લૂક ૧૩, ૧૪).

જુઓ ઈસુના વિરોધીઓ ઈસુ સામે રોષે ભરાયા છે. પણ તેઓ પોતાનો રોષ ઈસુ સામે વ્યક્ત કરી શકતા નથી પણ પેલી બાઈને અને લોકોને કહે છે, 'કામ કરવાના છ-છ દિવસ છે. એ દિવસો દરમિયાન સાજા થવા આવો, પણ વિશ્રામવારે નહીં.'

ઈસુ પોતાના વિરોધીઓનું પાખંડીપણું બરાબર જાણે છે. ઈસુ મોં જોઈને ચાંલ્લો કરનાર માનવ નથી. એટલે તેઓ પોતાના વિરોધીઓને ઉઘાડા પાડતાં કહે છે, 'તમે તે કેવા પાખંડી છો! તમારામાં એક પણ એવો છે જે વિશ્રામવારે પોતાના બળદને કે ગધેડાને ગમાણમાંથી છોડીને પાણી પાવા ન લઈ જતો હોય? તો આ બાઈને - અબ્રાહામના કુળની એક દીકરીને - અઢાર વર્ષ થયાં સેતાને બાંધી રાખી હતી, એને વિશ્રામવારે છૂટી કરી એ ખોટું કર્યું?' (લૂક ૧૩, ૧૫-૧૬).

ઈસુ પોતાના વિરોધીઓના પાખંડીપણાને ઉઘાડું પાડતાં લોકોના જ દૈનિક જીવનના દાખલા લઈને પોતે જે કર્યું છે તે બરાબર છે તેમ પુરવાર કરે છે. વાસ્તવિક હકીકત સામે વિરોધીઓનું પાખંડીપણું ચાલે નહીં. એટલે તેઓ શરમિંદા થઈ ગયા. લૂક નોંધે છે, 'આ વચનો ઉચ્ચારતાં જ તેમના વિરોધીઓ શરમિંદા બની ગયા; પણ લોકો તો ઈસુ જે અદ્ભુત કાર્ય કરી રહ્યા હતા તે જોઈને આનંદમગ્ન બની ગયા.' (લૂક ૧૩, ૧૭).

ઈસુના પ્રતિભાવમાં વિશ્રામવારની પવિત્રતાને આડકતરી રીતે સ્વીકારવા સાથે દયા અને કરુણાનાં સેવાકાર્યો કરવાની જરૂરિયાત જોઈ શકાય છે. તો આપણી નાનીમોટી આધ્યાત્મિક અને શારીરિક માંદગી કે જરૂરિયાતમાં પેલી બાઈની જેમ શ્રદ્ધાથી ઈસુ પાસે

પહોંચીએ. બાઈની વાત બતાવે છે તે મુજબ ઈસુ આપણી વહારે આવશે.

૫૪. ઈસુનો વહાલો મિત્ર લાઝરસ

લાઝરસ નામનો અર્થ થાય છે “જેને ઈશ્વરે મદદ કરી છે’. શુભસંદેશમાં લાઝરસ નામે બે વ્યક્તિઓની વાત આવે છે. પ્રથમ લાઝરસની વાત ફક્ત લૂકના શુભસંદેશમાં આવે છે. શ્રીમંત અને ગરીબ માણસના દૃષ્ટાંતમાં લૂકે ફક્ત ગરીબ માણસનું નામ આપ્યું છે અને તે ગરીબ માણસ એટલે લાઝરસ. (લૂક ૧૬, ૧૯-૩૧).

બીજા લાઝરસની વાત ફકત યોહાનકૃત શુભસંદેશમાં આવે છે. તે લાઝરસ એટલે માર્થા અને મરિયમ નામની બે બહેનોના ભાઈ. આપણે અહીં આ બીજા લાઝરસ છે જે ઈસુના મિત્ર છે, તેમની વાત કરીએ.

લાઝરસની સમગ્ર વાત યોહાનકૃત શુભસંદેશના અધ્યાયો ૧૧ અને ૧૨મા આવે છે. લાઝરસ માર્થા અને મરિયમ નામે બે બહેનોના ભાઈ છે. યોહાન ખાસ જણાવે છે કે, ઈસુ આ બે બહેનો અને તેમના ભાઈ લાઝરસના મિત્ર હતા. ‘ઈસુને માર્થા અને તેની બહેન તેમ જ લાઝરસ ઉપર પ્રેમ હતો.’ (યોહાન ૧૧, ૫).

માર્થા, મરિયમ, લાઝરસ અને ઈસુ વચ્ચેનો ઊંડો અને નિકટનો સંબંધ અને મિત્રતાનો ખ્યાલ ઈસુ પર મોકલેલા બે બહેનોના સંદેશમાંથી મળે છે. જ્યારે લાઝરસ માંદા પડ્યા ત્યારે બન્ને બહેનોએ ઈસુને કહેવડાવ્યું કે, ‘પ્રભુ, તમારો વ્હાલો મિત્ર માંદો પડ્યો છે.’ (યોહાન ૧૧, ૩).

જ્યારે ઈસુને સંદેશ મળ્યો ત્યારે ઈસુ પોતાના માંદા મિત્રને મળવા માટે તરત જ ઊપડયા નહોતા. પણ ઈસુએ પોતાના શિષ્યોને દૃઢ રીતે કહ્યું, ‘આ માંદગી મોત નિપજાવવા નથી આવી, પણ ઈશ્વરનો મહિમા કરવા આવી છે; એને લીધે ઈશ્વરના પુત્રનો મહિમા થાય એ માટે આવી છે.’ (યોહાન ૧૧, ૪).

બે દિવસ પછી ઈસુએ પોતાના શિષ્યોને પોતાની સાથે યહૂદિયામાં બેથાનિયા ખાતે આવવા કહ્યું. પણ શિષ્યોએ એનો વિરોધ કરતાં કહ્યું, ‘ગુરુજી, હજી હમણાં તો યહૂદીઓ આપને પથ્થરે પથ્થરે મારી નાખવા તૈયાર થયા હતા. છતાં પાછા આપ ત્યાં જાઓ છો?’ (યોહાન ૧૧, ૮).

પોતાના શિષ્યોનો વિરોધ હોવા છતાં ઈસુએ પોતાની સાથે આવવા માટે અનુરોધ કરતાં કહ્યું, ‘આપણો મિત્ર લાઝરસ ઊંઘી ગયો છે, પણ હું તેને જગાડવા જાઉં છું.’ (યોહાન ૧૧, ૧૧).

ઈસુની વાતથી શિષ્યોના વલણમાં કોઈ ફરક ના પડ્યો. પણ બેથાનિયા જવાની વાતનો તેઓ વિરોધ કરતા રહ્યા. એટલે ઈસુએ ફોડ પાડીને શિષ્યોને કહ્યું, ‘લાઝરસનું મરણ થયું છે, સારું થયું કે હું ત્યાં નહોતો. એ તમારા હિતમાં છે, એથી તમારી શ્રદ્ધા દૃઢ થશે. પણ હવે ચાલો, આપણે એની પાસે પહોંચી જઈએ.’ (યોહાન ૧૧, ૧૪-૧૫).

ઈસુ અને શિષ્યો બેથાનિયા પહોંચ્યા ત્યારે લાઝરસને દફનાવ્યાના ચાર દિવસ થયા હતા. ઈસુ અને બે બહેનો માર્થા અને મરિયમ વચ્ચેના સંવાદમાંથી આપણને માલૂમ પડે છે કે પોતે શું કરવાના છે એનો ઈસુને સ્પષ્ટ ખ્યાલ હતો. એટલે ઈસુએ તેમને કહ્યું કે ઈસુને

લાઝરસને જ્યાં દફનાવ્યા છે તે જગ્યા પર લઈ જાય. લાઝરસની કબર પર ઈસુ રડી પડયા. અહીં લાઝરસ માટેનો એમનો પ્રેમ અને મિત્રતા જાહેર રીતે પ્રગટ થાય છે. ઈસુને રડતા જોઈને યહૂદી લોકોએ કહ્યું પણ ખરું કે, 'જુઓ, એમને તેના ઉપર કેટલો બધો પ્રેમ હતો!' (યોહાન ૧૧,૩૬).

લાઝરસની કબર પરનાં દૃશ્યોનું શુભસંદેશકાર યોહાને ખૂબ સુંદર રીતે વર્ણન કર્યું છે. ઈસુ ફરી ઊંડો નિસાસો નાખીને કબર આગળ ગયા: એ એક ગુફા હતી અને તેના ઉપર શિલા ઢાંકેલી હતી. ઈસુએ કહ્યું, 'શિલા હઠાવી લો.'

મરેલા માણસની બહેન માર્થાએ કહ્યું, 'ગુરુદેવ, હવે તો લાશ ગંધાઈ ઊઠી હશે, કારણ, આજે તો ચોથો દિવસ થયો.'

ઈસુએ તેને કહ્યું, 'મેં તને કહ્યું નહોતું કે તું શ્રદ્ધા રાખીશ તો ઈશ્વરનો મહિમા જોવા પામીશ?' એટલે તે લોકોએ શિલા હઠાવી દીધી.

પછી ઈસુએ ઊંચું જોઈને કહ્યું, 'હે પિતા, હું તારો આભાર માનું છું કે તેં મારી પ્રાર્થના સાંભળી છે. મને તો ખબર જ હતી કે તું હંમેશાં મારી પ્રાર્થના સાંભળે છે; પણ આ તો હું આસપાસ ઊભેલા લોકોને અર્થે કહું છું કે જેથી એમને વિશ્વાસ બેસે કે તેં મને મોકલ્યો છે.'

એટલું બોલીને તેમણે મોટે અવાજે બૂમ પાડી, 'લાઝરસ, બહાર આવ.' મરેલો માણસ બહાર આવ્યો. તેને હાથેપગે પાટા બાંધેલા હતા અને તેના મોઢા ઉપર રૂમાલ વીંટાળેલો હતો. ઈસુએ લોકોને કહ્યું, 'એને છોડી નાખો અને જવા દો.' (યોહાન ૧૧, ૩૮-૪૪).

ચાર દિવસથી મરેલા અને દફનાવેલા માણસને ઈસુએ પુનઃજીવન આપ્યાનો ચમત્કાર જોઈને લોકોએ બે પ્રકારનો પ્રતિભાવ આપ્યો. બેથાનિયા યરુશાલેમની નજીક હોવાથી ઘણા યહૂદીઓ માર્થા અને મરિયમ પાસે તેમના ભાઈનો ખરખરો કરવા આવ્યા હતા. એમાં કેટલાક યહૂદીઓએ ઈસુ પર શ્રદ્ધા મૂકી તો બીજા કેટલાક યહૂદીઓએ પાછા યરુશાલેમ જઈને મુખ્ય પુરોહિતો અને ફરોશીઓને ઈસુએ કરેલા ચમત્કારની વાત કરી.

એટલે ઈસુના વિરોધીઓ ફક્ત ઈસુને જ નહીં, પણ ઈસુએ મૃત્યુમાંથી પુન:જીવિત કરેલા લાઝરસને પણ મારી નાખવાનું કાવતરું રચવા લાગ્યા. ઈસુને એ કાવતરાનો ખ્યાલ હતો. એટલે કેટલાક સમય સુધી ઈસુ યહૂદિયામાં ખુલ્લેઆમ ફરતા નહોતા.

પરંતુ ઈસુ કોઈ માણસની ધાકધમકીથી ડરી જનાર વ્યક્તિ નહોતા. એટલે શુભસંદેશકાર યોહાન કહે છે, 'પાસ્ખાના તહેવારના છ દિવસ પહેલાં ઈસુ બેથાનિયા આવી પહોંચ્યા. એમણે જેને સજીવન કર્યો હતો તે લાઝરસ અહીં રહેતો હતો. ત્યાં એ લોકોએ એમને માટે ભોજનસમારંભ ગોઠવ્યો. માર્થા પીરસતી હતી અને લાઝરસ ઈસુની સાથે પંગતમાં બેઠો હતો.' (યોહાન ૧૨, ૧-૨).

લોકોને જાણ થઈ કે ઈસુ એમના મિત્રોને ઘેર મુલાકાતે આવ્યા છે. એટલે લોકો ફકત ઈસુને જ જોવા માટે નહીં પણ લાઝરસને પણ જોવા માટે મોટી સંખ્યામાં ભેગા થયા. ઘણી મોટી સંખ્યામાં લોકોને ઈસુ અને લાઝરસને મળવા જતા જોઈને મુખ્ય પુરોહિતો અને ફરોશીઓ ખૂબ ડરી ગયા. એટલે યોહાન નોંધે છે: 'આથી મુખ્ય પુરોહિતોએ લાઝરસનો પણ જીવ લેવાનું નક્કી કર્યું, કારણ, ઘણા યહૂદીઓ એને કારણે તેમને છોડી જતા હતા અને ઈસુમાં શ્રદ્ધા ધરાવતા થતા હતા.' (યોહાન ૧૨, ૧૦-૧૧).

પછીથી જ્યારે ઈસુએ યરુશાલેમમાં વિજયપ્રવેશ કર્યો ત્યારે ઈસુને આવકારવા માટે લોકોની મોટી મેદની ભેગી મળી હતી. કારણ, મરેલાંની કબરમાંથી લાઝરસને

પુનઃજીવિત કર્યાના ઈસુના ચમત્કાર વિશે લોકોએ સાંભળ્યું હતું.

લાઝરસ વિશે વધુમાં આપણે કશું જાણતા નથી. પરંતુ પૂર્વની પૌરાણિક પરંપરા મુજબ લાઝરસ અને તેમની બે બહેનો સાયપ્રસ જઈને રહ્યાં હતાં અને લાઝરસ ત્યાં કિત્તિયુ ખાતેના ધર્માધ્યક્ષ બન્યા હતા. ખ્રિસ્તીઓના ધાર્મિક ઇતિહાસવાળા 'પ્રેષિતોનાં ચરિતો' ગ્રંથમાં લાઝરસનો કોઈ ઉલ્લેખ નથી. ઈસુએ માર્થાને કરેલી વાતમાં લાઝરસને પુનઃજીવિત કર્યાની વાત સ્પષ્ટ થાય છે. ઈસુએ માર્થાને કહ્યું, 'હું જ પુનરુત્થાન છું અને હું જ જીવન છું.' (યોહાન ૧૧, ૨૫).

૫૫. લાઝરસ નામે એક કંગાળ માણસ

'લાઝરસ' નામનો અર્થ 'જેને ઈશ્વરે મદદ કરી છે'. લાઝરસ નામે નવા કરારમાં બે પાત્રો છે. પ્રથમ લાઝરસ એટલે ઈસુના મિત્ર. તે માર્થા અને મરિયમના ભાઈ છે અને બેથનિયામાં રહે છે. બીજા લાઝરસ ઈસુની એક દૃષ્ટાંતકથામાં આવતું પાત્ર છે. તે લાઝરસ ભિખારી છે. અહીં આપણે આ ભિખારી લાઝરસને સમજવા પ્રયત્ન કરીએ.

સંત લૂકકૃત શુભસંદેશમાં એક શ્રીમંત માણસ અને એક ગરીબ માણસની દૃષ્ટાંતકથા આવે છે. ઈસુ પોતાના સંદેશમાં દૃષ્ટાંતો દ્વારા લોકોને ઈશ્વરના રાજ્યની વાત સમજાવતા હતા. સામાન્ય રીતે ઈસુની દૃષ્ટાંતકથાઓમાં આવતાં પાત્રોનું નામ ન હોય. પણ શ્રીમંત અને ગરીબ માણસ અંગેની દૃષ્ટાંતકથામાં ઈસુએ ગરીબ માણસના પાત્રને 'લાઝરસ' નામથી ઓળખાવ્યું છે.

બાઇબલના પંડિત રોનાલ્ડ બ્રાઉનરિગે પોતાનો ગ્રંથ 'હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ'માં શ્રીમંત અને લાઝરસની દૃષ્ટાંતકથાને 'ત્રણ અંકોની કરુણાંતિકા' કહી છે. 'આ ત્રણ અંકોની કરુણાંતિકા છે જેમાં બે મુખ્ય પાત્ર છે. લૅટિન ભાષામાં 'દિવેસ' નામે આ દૃષ્ટાંતકથા ઓળખાય છે. 'દિવેસ'નો અર્થ શ્રીમંત થાય છે. એમાં આવતો ભિખારી માણસ લાઝરસ નામે ઓળખાય છે. લાઝરસ એટલે હિબ્રૂ ભાષામાં જેને ઈશ્વરે મદદ કરી છે.' (પૃ. ૧૪૪).

દૃષ્ટાંતકથાનો આરંભ શ્રીમંત માણસના ઘરના દૃશ્યથી થાય છે. એમાં શ્રીમંત માણસ તથા ગરીબ, માંદા લાઝરસના દેખાવનું વર્ણન છે. શ્રીમંત માણસ ઝીણામાં ઝીણી મલમલનાં વસ્ત્રો પહેરે છે અને રોજબરોજ ભારે દબદબાથી જાફત ઉડાવે છે. બીજી બાજુ લાઝરસ શ્રીમંતના ઘરને આંગણે પડી રહે છે. તેમના શરીરે ઘારાં પડેલાં છે. શ્રીમંતના ભાણામાંથી પડેલી એઠવાડથી પેટ ભરવા તેઓ તલસે છે.

દૃષ્ટાંતકથાના બીજા અંકમાં દૃશ્ય બદલાય છે. બીજા અંકનું દૃશ્ય બે ભાગમાં છે. પહેલા ભાગમાં લાઝરસ મરી ગયા છે અને દેવદૂતો તેમને અબ્રાહામ પાસે લઈ ગયા છે. બીજા ભાગમાં શ્રીમંત માણસ પણ મરી ગયા છે અને તેમને દફનાવવામાં આવ્યા છે. નરકમાં ઘોર યાતના વેઠતા શ્રીમંત માણસે ઊંચે જોયું તો તેમણે અબ્રાહમ પાસે લાઝરસને મિજબાનીમાં બેઠેલા જોયા. તેણે મોટેથી બૂમ પાડી. 'પિતા અબ્રાહમ, મારા ઉપર દયા લાવો અને લાઝરસને મોકલો કે તે પોતાની આંગળીનું ટેરવુંયે પાણીમાં બોળીને મારી જીભને ઠારે, કારણ, હું આ જ્વાળામાં રિબાઈ રહ્યો છું.' (લૂક ૧૬, ૨૪).

ત્રીજા અંકમાં દૃશ્ય એનું એ જ છે. પણ નરકમાંના શ્રીમંત માણસ અને સ્વર્ગમાંના અબ્રાહમ વચ્ચે રસપ્રદ સંવાદ છે.

શ્રીમંત માણસ ઇચ્છે છે કે અબ્રાહમ લાઝરસને મોકલીને એમને બચાવી લે. અબ્રાહમ એમને જણાવે છે કે લાઝરસને એમની પાસે મોકલવાની કોઈ શક્યતા નથી. કારણ, બંને વચ્ચે એક મોટી ખાઈ છે, જેથી કોઈ અબ્રાહમથી શ્રીમંતની બાજુ કે શ્રીમંતની બાજુથી અબ્રાહમની બાજુ આવી ના શકે.

શ્રીમંત માણસ અબ્રાહમનો ખુલાસો સમજે છે અને સ્વીકારે છે. પણ તેઓ અબ્રાહમ પાસે હજી એક બીજી વિનંતી કરે છે. તેઓ કહે છે, 'તો પિતાજી, તમે એને મારા બાપને ત્યાં મોકલો. મારે પાંચ ભાઈઓ છે. એ જઈને તેમને બધી વાત કહીને ચેતવે, નહીં તો તેઓ પણ આ યાતનાભર્યા સ્થાનમાં આવશે.' (લૂક ૧૬, ૨૭-૨૮).

અબ્રાહમને શ્રીમંત માણસની પોતાના ભાઈઓ વતીની વિનંતી સ્વીકાર્ય નથી. કારણમાં અબ્રાહમ કહે છે કે, એ લોકો પાસે મોશે અને પયગંબરો છે જ. તેમનું સાંભળે. તેઓ શ્રીમંત માણસના ભાઈઓને યોગ્ય દોરવણી આપી શકે છે.

પણ શ્રીમંત માણસને અબ્રાહમની વાત સ્વીકાર્ય નથી. શ્રીમંત માણસ માને છે કે મૃત્યુ પામેલામાંથી કોઈ તેમની પાસે જાય તો તેઓ માનશે અને પશ્ચાત્તાપ કરશે.

જવાબમાં અબ્રાહમ કહે છે, "જો તેઓ મોશેનું અને પયગંબરોનું નહીં સાંભળતા હોય તો મૃત્યુ પામેલામાંથી કોઈ સજીવન થાય તોયે તેઓ સમજવાના નથી.' (લૂક ૧૬, ૩૧).

અહીં દૃષ્ટાંતકથાનો એકદમ અંત આવે છે. ઈસુ પોતાની આ દષ્ટાંતકથા વિશે બીજો કોઈ ઉપદેશ કે ચુકાદો, પ્રતિભાવ કે ખુલાસો કરતા નથી. એટલે દૃષ્ટાંતકથાના અંતે ઈસુને સાંભળનારાઓ અને આપણે જે તારણ કાઢવું હોય તે કાઢી શકીએ છીએ. લાઝરસ અને શ્રીમંત માણસની દૃષ્ટાંતકથાનો એક ચોક્કસ સંદેશ છે. શ્રીમંત માણસે ગરીબ-ભિખારી લાઝરસની અવગણના કરી હતી તેમ આપણે જરૂરિયાત-મંદોની કદી અવગણના કરવી ના જોઈએ.

૫૬. જાખ્ખી નામનો એક મુખ્ય જકાતદાર

ચાર શુભસંદેશકારોમાં ફક્ત લૂક જ જાખ્ખી નામના મુખ્ય જકાતદારની રમણીય વાત આપણને કહે છે. જાખ્ખી એક ધનિક જકાતદાર હતા. કારણ, યરીખોમાં જકાતદારો માટે સારો ધંધો મળતો હતો. જાખ્ખી તો યરીખો જિલ્લાના મુખ્ય જકાતદાર હતા.

ઇસ્રાયલના બધા યહૂદીઓની જેમ જાખ્ખીએ પણ ઈસુ નામના એક અસામાન્ય ગુરુજી (Rabbi) વિશે ઘણુંબધું સાંભળ્યું હતું. એક દિવસ જાખ્ખીને સમાચાર મળ્યા કે એ અજોડ ગુરુજી એમના યરીખો શહેરમાં થઈને જવાના છે. તેમને લાગ્યું કે ઈસુ અને તેમના શિષ્યો કદાચ યરુશાલેમ ખાતે યહૂદી તહેવાર માટે જતા હશે.

જાખ્ખી ઈસુને મળવા ખૂબ આતુર હતા. પણ તેમને મુખ્યત્વે ત્રણ પ્રશ્નો નડતા હતા. એક, તેઓ ઠીંગણા માણસ હતા. બે, લોકો એટલે જાખ્ખીના જાતભાઈઓ એમને પરદેશી સત્તાની સેવામાં રોકાયેલા પાપી ગણતા હતા. અને ત્રણ, ઈસુ અને શિષ્યો યરીખો થઈને જતા હતા ત્યારે તેઓ મોટા ટોળાથી ઘેરાયેલા હતા. પણ જાખ્ખી તો ગમે તેમ ઈસુને મળવામાં મક્કમ હતા. એટલે તેમણે પોતાને માટે એક રસ્તો શોધી કાઢ્યો. ટોળાથી આગળ જઈને ઈસુ જતા હતા એ જ રસ્તે એક ઊમરાના ઝાડ ઉપર જાખ્ખી ચડી ગયા. ઝાડ પર ઈસુની રાહ જોઈને બેઠા હતા ત્યારે જાખ્ખીને ખબર નહોતી કે એક મોટો ચમત્કાર થવાનો છે. જ્યારે ઈસુ અને ગિરદી પેલા ઊમરાના ઝાડ નીચે આવ્યાં ત્યારે ઈસુએ ઉપર જોયું અને જાખ્ખીને નીચે ઊતરી આવવાનું કહ્યું.

‘જાખ્ખી, ઝટ નીચે આવ, કારણ, આજે મારે તારા ઘરમાં ઉતારો કરવાનો છે.’ (લૂક ૧૯, ૫).

જાખ્ખી કેટલા બધા ખુશખુશાલ થઈ ગયા હશે તે તમે કલ્પી શકો છો. જાખ્ખી તાબડતોબ નીચે ઊતર્યા અને ઈસુને ઉમળકાથી પોતાને ઘેર તેડી ગયા અને હરખભેર એમનો અને એમના શિષ્યોનો સત્કાર કર્યો.

પણ કેટલાક લોકો ખુશ નહોતા કે ઈસુ એક જકાતદારને ઘેર ગયા છે. એ લોકોને મન જકાતદારો તો જાહેર પાપીઓ જ હતા અને તેઓ ઈસુને ટીકાત્મક નજરે જોવા લાગ્યા. કારણ, જકાતદારો યહૂદી તો હતા; છતાં તેઓ વિદેશી સત્તાની સેવામાં જકાત ઉઘરાવનાર યહૂદીઓના દ્રોહીઓ ગણાતા હતા. એટલે લોકો ઈસુ સામે અંદરોઅંદર બબડવા લાગ્યા કે, ‘આણે તો પાપીને ત્યાં મુકામ કર્યો!’ (લૂક ૧૯, ૭).

લોકો પોતાના વિશે કે ઈસુ વિશે ગમે તે બોલે, પણ જાખ્ખીને એની પરવા નહોતી. ઈસુની મુલાકાતથી જાખ્ખી એક નવા માનવ બન્યા હતા. જાખ્ખીના શબ્દો તથા એમના આચારવિચાર જાહેર કરતા હતા કે જાખ્ખી ઈસુ સાથેના મિલનથી ખૂબ બદલાઈ ગયા છે. જ્યારે જાખ્ખીએ જાણ્યું કે ઈસુ પોતાના સારા મિત્ર બન્યા છે ત્યારે ખુદ જાખ્ખી જાણ્યેઅજાણ્યે બદલાઈ ગયા. એટલે લૂકે એની નોંધ લીધી છે. પણ જાખ્ખીએ ઊભા થઈને પ્રભુને કહ્યું, ‘પ્રભુ, જુઓ, મારી મિલકતનો અડધો ભાગ હું ગરીબોને દાનમાં આપું છું, અને મેં જો કોઈને છેતરીને કંઈ લીધું હશે તો હું ચારગણું પાછું આપવા તૈયાર છું.”

(લૂક ૧૯, ૮).

જાખ્ખીનાં વાણીવર્તન બતાવે છે કે તેઓ પોતાનાં પાપો માટે પશ્ચાત્તાપ કરે છે અને તેમની ઉદારતાની કોઈ સીમા નથી. તેઓ ભલમનસાઈથી જે આપવાની તૈયારી બતાવે છે તે યહૂદી કાયદાકાનૂન જણાવે છે એના કરતાં ઘણુંબધું વધારે છે.

બાઇબલના 'કર્મકાંડ' ગ્રંથ (૬, ૫) અને 'રણમાં' ગ્રંથ (૫, ૭)માં પ્રભુના કહ્યા મુજબ મોશે ઇસ્રાયલી પ્રજાને શિખામણ આપે છે, 'કોઈ સ્ત્રી કે પુરુષ પ્રભુની આજ્ઞાનો ભંગ કરીને બીજા કોઈને નુકસાન કરે, તો તે ગુનેગાર બને છે, અને તેણે તેનું પ્રાયશ્ચિત્ત કરવું જ જોઈએ. તેણે પોતે કરેલું પાપ કબૂલ કરવું અને જેનું તેણે નુકસાન કર્યું હોય તેને તે પૂરેપૂરું ભરપાઈ કરી આપવું; ઉપરાંત વીસ ટકા જેટલું વધારે આપવું.' (રણમાં ૫, ૬-૭).

જાખ્ખી મોશેની નિયમસંહિતા મુજબ ૧૨૦ ટકા નુકસાન ભરપાઈ કરવા કરતાં ખૂબ વધારે ઉદારતા બતાવે છે. જાખ્ખી પોતાની સાધનસંપત્તિનો અર્ધો ભાગ ગરીબોને આપવાની તૈયારી બતાવે છે; એટલું જ નહીં, પણ તેમણે જેનું નુકસાન કર્યું છે એને ૪ ગણો એટલે ૪૦૦ ટકા નુકસાન ભરપાઈ કરવાની તૈયારી બતાવે છે. કાયદો એમની પાસે માગે એના કરતાં વધારે આપવાની જાખ્ખીની ઉદારતા છે. જાખ્ખી પોતાના દિલથી પ્રાયશ્ચિત્ત કરે છે.

ઈસુના પ્રેમે જાખ્ખીને જીતી લીધા છે અને ઈસુ તરત જ જાખ્ખીના પ્રાયશ્ચિત્તની ભાવના તથા ઉદારતાને માન્ય રાખે છે. ઈસુએ તેને કહ્યું, 'આજે આ ઘરનો ઉદ્ધાર થયો; આ માણસ પણ અબ્રાહામનો વંશજ છે. માનવપુત્ર જે કોઈ ખોવાઈ ગયું છે તેને શોધવા અને ઉદ્ધારવા અવતરેલો છે." (લૂક ૧૯, ૯-૧૦).

લોકો ભલે જાખ્ખીને એક જકાતદાર ગણે, પાપી ગણે, સમાજે બહિષ્કૃત કરેલો માનવ ગણે. પણ ઈસુ માટે બીજા બધા યહૂદી માનવોની જેમ જાખ્ખી પણ આદ્યપિતા અબ્રાહામના વંશજ છે, ઈશ્વર પિતાનો દીકરો છે, પોતાનો ભાઈ છે.

૫૭. એમ્માઉસ તરફ જતા કિલયોપાસ

કિલયોપાસ નામનો અર્થ થાય છે સંપૂર્ણ મહિમા. નવા કરારમાં કિલયોપાસનો બે વાર ઉલ્લેખ મળે છે. એક એમ્માઉસ તરફ જતા ઈસુના બે શિષ્યોમાંના એકનું નામ કિલયોપાસ છે. (લૂક ૨૪, ૧૮). બે, ઈસુના ક્રૂસ પાસે ઊભેલા લોકોનાં નામોમાં કિલયોપાસનું નામ આવે છે. (કલોપાની વહુ મરિયમ — યોહાન ૧૯,૨૫). કિલયોપાસ અને ક્લોપા એક વ્યક્તિ હોઈ શકે કે બે ભિન્ન વ્યક્તિઓ પણ હોઈ શકે.

એમ્માઉસ તરફ જતા ઈસુના બે શિષ્યોનો વૃત્તાંત ફક્ત શુભસંદેશકાર લૂક જ આપે છે. ઈસુના મૃત્યુ પછીના બનાવોના વર્ણનમાં લૂકે આ બે શિષ્યો અંગેનું વૃત્તાંત નોંધપાત્ર રીતે લંબાણથી આપ્યું છે. એમ્માઉસ તરફ જતા બે શિષ્યોનું વૃત્તાંત ખૂબ જાણીતું છે. ઈસુના બે શિષ્યો ઈસુના પુનરુત્થાનના પ્રથમ દિવસે પોતાના ગામ એમ્માઉસ તરફ જતા હતા. દેખીતી રીતે તેઓ યરુશાલેમમાં છેલ્લા ત્રણેક દિવસમાં બનેલા બનાવોથી સારી પેઠે વાકેફ હતા. અને ઘણુંખરું તેઓ મુખ્ય પ્રસંગોના સાક્ષી પણ બન્યા હશે. એથી તેઓ ખૂબ હતાશ થયેલા હતા.

બે શિષ્યો એમ્માઉસ જતા હતા ત્યારે તેમના માટે એક અજાણી વ્યક્તિ ઈસુ પોતે તેમની સાથે એક સહયાત્રી તરીકે જોડાયા. તેમને પોતાની ચર્ચામાં મશગૂલ થયેલા જોઈને ઈસુએ તેમને પૂછ્યું: ‘તમે ચાલતાં ચાલતાં શાની વાત કરો છો?’ લૂકે આ સમગ્ર પ્રસંગનું વર્ણન આબેહૂબ રીતે કર્યું છે.

‘તે લોકો ઊભા રહ્યા; તેમના ચહેરા ઉદાસ થઈ ગયા હતા. તેઓમાંના એકનું નામ કિલયોપાસ હતું. તેણે જવાબ આપ્યો, ‘યરુશાલેમમાં તમે જ એક એવા રહેવાસી છો, જેને આજકાલ ત્યાં શું શું બની ગયું એની ખબર નથી?’ (લૂક ૨૪, ૧૭-૧૮).

કિલયોપાસ અને બીજા શિષ્યએ ધાર્યું હતું કે તેમના સહયાત્રી યરુશાલેમમાં બનેલી બધી બાબતોથી વાકેફ હશે. પરંતુ તે અજાણ્યા મુસાફરે તેમને પૂછ્યું, ‘શું બની ગયું?’ (લૂક ૨૪, ૧૯).

શિષ્યોના પ્રતિભાવો જણાવે છે કે તેઓ ખૂબ દુ:ખી અને નિરાશામાં ડૂબેલા હતા. ‘તેઓએ કહ્યું, ‘નાસરેથના ઈસુની વાત સ્તો. તે ઈશ્વરની અને સૌ લોકોની નજરમાં વચનથી અને કર્મથી પ્રબળ પયગંબર હતા; પણ અમારા મુખ્ય પુરોહિતોએ અને રાજકર્તાઓએ તેમને પકડાવી દીધા અને મોતની સજા કરાવી ક્રૂસે ચડાવી દીધા. અમને તો એવી આશા હતી કે, જેને હાથે ઇસ્રાયલની મુક્તિ થવાની હતી તે એ જ હતા. વળી, આજે તો એ વાતને ત્રણ દિવસ થવા આવ્યા.

‘એ વાત સાચી કે, અમારામાંની કેટલીક સ્ત્રીઓએ અમારાં ચિત્તને ખળભળાવી મૂક્યાં છે. તેઓ વહેલી સવારે કબરે ગઈ હતી, પણ ત્યાં શબ જોવામાં ન આવતાં પાછી આવી અને એવી વાત લાવી કે, ‘અમને દેવદૂતોએ દર્શન દીધાં અને કહ્યું કે, ઈસુ જીવતા છે.’ એટલે અમારામાંના કેટલાક કબરે ગયા તો એ સ્ત્રીઓએ કહ્યું હતું તેવું જ નીકળ્યું, પણ ઈસુનાં દર્શન એમને ન થયાં.’ (લૂક ૨૪, ૧૯-૨૪).

શિષ્યોના સહયાત્રીએ હજીય અજાણ્યા પ્રવાસી તરીકે તેમને કહ્યું, 'ઓ મૂરખાઓ, પયગંબરોએ જે જે કહેલું છે તે સમજવામાં તમારી અક્કલ કેમ બહેર મારી ગઈ છે? ખ્રિસ્ત પોતાનો મહિમા પ્રાપ્ત કરે તે પહેલાં તેણે આ બધું ભોગવવું આવશ્યક નહોતું?' (લૂક ૨૪, ૨૫-૨૬).

પછી અજાણ્યા મુસાફર ઈસુએ 'પોતાને વિશે મોશેથી માંડી બધા પયગંબરોએ શાસ્ત્રમાં જ્યાં જ્યાં જે કાંઈ કહ્યું છે તે બધું તેમને સમજાવ્યું.' (લૂક ૨૪, ૨૭).

જ્યારે ત્રણેય મુસાફરો એમ્માઉસ પહોંચ્યા ત્યારે બે શિષ્યોને પોતાની સાથેનો પ્રવાસી આગળ જતો હોય એવું લાગ્યું. એટલે બે શિષ્યોએ અજાણ્યા મુસાફરને તેમની સાથે આવવા આગ્રહ કર્યો. શિષ્યોએ અજાણ્યા મુસાફરને કહ્યું, 'સાંજ થવા આવી છે, દિવસ આથમી ગયો છે, માટે અમારી સાથે રહી જાઓ.' એટલે તેઓ તેમની સાથે રહેવા અંદર ગયા.' (લૂક ૨૪, ૨૯).

ઈસુએ (અજાણ્યા મુસાફરે) તેમના આમંત્રણનો સ્વીકાર કર્યો અને તેમની સાથે તેમના ઘરમાં ગયા. ત્યારે ત્રણેય સાથે જમવા બેઠા ત્યારે એક અણધાર્યો બનાવ બન્યો. લૂકે એ દૃશ્યનું સરસ વર્ણન કર્યું છે. 'તેમની સાથે જમવા બેઠા પછી તેમણે રોટલી લઈ ઈશ્વરની સ્તુતિ કરી, અને રોટલીના ટુકડા કરીને તેમને આપ્યા. ત્યારે તે લોકોની આંખ ઊઘડી અને તેમણે ઈસુને ઓળખ્યા. પણ ઈસુ અંતર્ધાન થઈ ગયા.' (લૂક ૨૪, ૩૦-૩૧).

બન્ને શિષ્યોની આંખો ઊઘડી ગઈ અને તેમણે ઈસુને ઓળખી કાઢ્યા. પરંતુ ઈસુ તો તેમની આંખો આગળથી આંખના પલકારામાં અલોપ થઈ ગયા હતા!

સમગ્ર મુસાફરી અને સાથે વાળુ કરવાના પ્રસંગનો શિષ્યોએ આપેલો પ્રતિભાવ ખાસ નોંધપાત્ર છે. 'તેઓ એકબીજાને કહેવા લાગ્યા, 'તેઓ રસ્તે આપણી સાથે વાત કરતા હતા અને શાસ્ત્ર સમજાવતા હતા ત્યારે આપણાં અંતર ઝળાંઝળાં નહોતાં થઇ જતાં?'

'તે જ ઘડીએ ઊઠીને તેઓ યરુશાલેમ પાછા આવ્યા.' (લૂક ૨૪, ૩૨-૩૩).

બન્ને શિષ્યો એમ્માઉસ પહોંચ્યા ત્યારે ઈસુને તેમણે કહ્યું હતું કે દિવસ આથમી ગયો છે એટલે રાત રોકાઈ જાવ. પરંતુ પુનરુત્થાન પામેલા ઈસુના અણધાર્યા દર્શનથી બન્ને શિષ્યો એટલા બધા ઉત્સાહમાં આવી ગયા કે તેઓ તાબડતોબ પાછા યરુશાલેમ જવા ઊપડ્યા. યરુશાલેમમાં તેમના આશ્ચર્ય વચ્ચે તેમણે અગિયાર શિષ્યોને અને બીજાઓને ભેગા થઈને વાતો કરતા જોયા કે, ઈસુએ સિમોનને દર્શન દીધાં છે. બન્ને શિષ્યોએ પણ એમ્માઉસ ખાતે ભોજન વખતે ઈસુએ તેમને કેવી રીતે દર્શન દીધાં એની વાત કહી સંભળાવી.

આજે બાઇબલના પંડિતોમાં ઇસ્રાયલ ખાતે એમ્માઉસ ક્યાં આવ્યું છે તે અંગે ચોક્કસ ખાતરી નથી. એટલે લોકોએ એમ્માઉસ નામ તરીકે એક કે બે નહીં પણ ચાર જગ્યાને શક્ય એમ્માઉસ ગામ તરીકે દર્શાવી છે. કિલયોપાસ સાથેના બીજા શિષ્ય કોણ હતા તે પણ આપણે જાણતા નથી.

એમ્માઉસ જતા તે શિષ્યોનું વૃત્તાંત ઈસુના પુનરુત્થાન પછીનું એક નમૂનારૂપ વૃત્તાંત છે. કિલયોપાસ અને તેમના સાથીદાર શિષ્ય યરુશાલેમમાં બનેલી ઘટનાઓથી સંપૂર્ણપણે નિરાશ થયેલા હતા. તેઓ બધી આશાઓ ખોઈ બેઠા હતા. પરંતુ એમ્માઉસ તરફની ઈસુ સાથેની મુસાફરી અને સાંજના ભોજન વખતે ઈસુને ઓળખી કાઢવાથી બધું જ બદલાઈ ગયું. હવે તો તેઓ ઈસુથી સભર છે એટલે તેઓ તાબડતોબ યરુશાલેમ પાછા ફરે છે અને બીજાની આગળ પુનરુત્થાન પામેલા ઈસુની ઘોષણા કરે છે.

૫૮. ઈસુના છૂપા શિષ્ય નિકોદેમસ

નિકોદેમસ પ્રથમ વાર ઈસુને મળવા માટે રાતે આવે છે. ઈસુ સાથેના એમના સંવાદમાંથી આપણને નિકોદેમસની નિખાલસતાનો ખ્યાલ આવે છે. તેઓ સત્યના શોધક છે. એક ગુરુજી તરીકે તેઓ ઈસુની કદર કરે છે. 'નિકોદેમસ' નામનો અર્થ ગ્રીક ભાષામાં લોકો ઉપર જીત મેળવનાર' એવો છે.

બાઇબલના નવા કરારમાં ફક્ત સંત યોહાન જ નિકોદેમસની વાત કરે છે. યોહાનકૃત શુભસંદેશમાં આપણે નિકોદેમસને ત્રણ અલગ પ્રસંગોમાં મળીએ છીએ.

અધ્યાય ત્રણની શરૂઆતમાં નિકોદેમસને યહૂદીઓના આગેવાન તરીકે તેમ જ ઈસુને ઈશ્વર તરફથી આવેલા ગુરુ તરીકે સ્વીકારનાર યહૂદી તરીકે શુભસંદેશકાર યોહાન રજૂ કરે છે.

'ફરોશીઓમાં નિકોદેમસ કરીને એક માણસ હતો; તે યહૂદીઓનો એક આગેવાન હતો. એક દિવસ રાતે ઈસુની પાસે આવીને તે કહેવા લાગ્યો, 'ગુરુજી, અમે જાણીએ છીએ કે તમે ઈશ્વર તરફથી આવેલા ગુરુ છો, કારણ, તમે જે બધા પરચા બતાવો છો તે કોઈ માણસ ઈશ્વરની સહાય વગર બતાવી ન શકે" (યોહાન ૩, ૧-૨).

ઈસુ સાથેના સંવાદમાં નિકોદેમસના શબ્દો એમના વિશે ઘણું કહી જાય છે. નિકોદેમસ એક ફરોશી છે. એટલે તેઓ યહૂદી લોકોના આગેવાન છે અને તેઓ યહૂદીઓની વરિષ્ઠસભાના સભ્ય છે.

ઈસુ સાથેના પ્રથમ મિલનમાં તેઓ ઈસુને 'રાબ્બી' એટલે 'ગુરુજી' કહીને સંબોધે છે. યહૂદી લોકોમાં 'રાબ્બી' એટલે ખૂબ આદરણીય ગુરુજી છે. નવા કરારમાં ઈસુને ઘણી વાર 'ગુરુજી' કહીને સંબોધવામાં આવે છે.

'તમે ઈશ્વર તરફથી આવેલા ગુરુ છો' એમ કહીને નિકોદેમસ જણાવે છે કે તેઓ ઈસુને અગાઉથી બરાબર ઓળખતા હતા. તે રાતે નિકોદેમસ ઈસુને પહેલી વાર ખાનગી રીતે મળ્યા હશે. પરંતુ તેમણે ઈસુ વિશે ઘણું સાંભળ્યું હશે. કદાચ ઈસુને સાંભળવા માટે ભેગા થતા લોકોના ટોળામાં ભળી જઈને ઈસુના મોઢે એમના સંદેશા સાંભળ્યા હશે. ઈસુએ કરેલા ચમત્કારો વિશે સાંભળ્યું હશે અથવા ચમત્કારોના સાક્ષી પણ બન્યા હશે. ઈસુને મળેલા ફરોશીઓ અને શાસ્ત્રીઓની વાત નિકોદેમસના ધ્યાનમાં આવી હશે. ઈસુની દૃષ્ટાંતકથાઓ પણ એમના ધ્યાનમાં આવી હશે.

ઈસુ વિશેની આવી બધી વાતો અને અનુભવોમાંથી નિકોદેમસે માની લીધું હશે કે ઈસુ ઈશ્વર તરફથી આવેલા ગુરુ છે. એટલે નિકોદેમસ નિખાલસતાથી ઈસુનો ઈશ્વર તરફથી આવેલા ઈશ્વરના માણસ તરીકે સ્વીકાર કરે છે.

ઈસુ અને નિકોદેમસ વચ્ચેના એ પ્રથમ મિલનમાં ઈસુ નિકોદેમસને કહે છે, 'હું તને સાચેસાચ કહું છું કે, જ્યાં સુધી માણસ નવેસર જન્મ ન લે ત્યાં સુધી તે ઈશ્વરનું રાજ્ય જોવા પામી નહીં શકે.' (યોહાન ૩, ૩).

પરંતુ ઈસુના નવેસર જન્મની વાત નિકોદેમસ સમજી શકતા નથી. એટલે તેઓ

નમ્રપણે ઈસુને પૂછે છે, ‘માણસ ઘરડો થયો હોય ત્યારે જન્મ શી રીતે લઈ શકે? તે ફરી વાર પોતાની માના ગર્ભમાં જઈને જન્મ લઈ શકે ખરો?’ (યોહાન ૩, ૪).

ઈસુ નિકોદેમસ સાથે ‘પાણી અને પવિત્ર આત્મામાંથી જન્મ’ લેવાની વાત કરે છે. પરંતુ એ વાત પણ નિકોદેમસની સમજણની બહાર છે. એટલે તેઓ ફરી ઈસુને પૂછે છે, ‘એવું શી રીતે બને છે?’ (યોહાન ૩, ૯). આ વખતે નિકોદેમસના પ્રશ્નથી ઈસુ નવાઈ પામે છે અને નિકોદેમસને પૂછે છે, ‘ઇસ્રાયલનો ગુરુ થઈને તને આટલી ખબર નથી?’ (યોહાન ૩, ૧૦).

પછી ખૂબ ધીરજથી ઈસુ નિકોદેમસને પોતાની વાતનો ખુલાસો કરી સમજાવે છે. ઈસુ સાથેની આ પ્રથમ મુલાકાતથી નિકોદેમસ પર ઊંડી છાપ પડી હશે. એટલે જ યોહાનના શુભસંદેશમાં નિકોદેમસને આપણે બીજી વાર મળીએ છીએ ત્યારે તેઓ ઈસુનો બચાવ કરવામાં ગૂંથાયેલા છે.

ઈસુના જાહેર જીવનના અંતે યરુશાલેમના વધુ ને વધુ લોકો ઈસુની કદર કરતા હતા અને એમને વધાવી લેતા હતા. એટલું જ નહીં, પણ લોકો ઈસુને ‘પયગંબર’ અને ‘ખ્રિસ્ત’ તરીકે સ્વીકારતા હતા. (જુઓ યોહાન ૭, ૪૦-૪૧).

તો બીજી બાજુ મુખ્ય પુરોહિતો અને ફરોશીઓ ઈસુની લોકપ્રિયતાથી બેચેન બની જતા હતા. એટલે તેમણે મંદિરના સિપાઈઓને ઈસુને પકડવા મોકલ્યા હતા. પરંતુ સિપાઈઓએ ઈસુને પકડવાની હિંમન ન કરી. ઊલટું, પુરોહિતો અને ફરોશીઓને તેમણે કહ્યું કે, ‘આ માણસ બોલે છે એવું કોઈ માણસ કદી બોલ્યો નહીં?’ (યોહાન ૭, ૪૬).

પુરોહિતો અને ફરોશીઓ ઈસુની નિંદા કરતા હતા અને ઈસુ પર શ્રદ્ધા રાખનાર લોકોને વખોડી કાઢતા હતા. નિકોદેમસે હિંમતથી વચ્ચે પડીને કહ્યું, ‘શું આપણું શાસ્ત્ર માણસને શું કહેવાનું છે તે સાંભળ્યા પહેલાં જ, અને તે શું કરે છે તે જાણ્યા વગર જ, તેને સજા ફરમાવે છે?’ (યોહાન ૭. ૫૧).

નિકોદેમસનો આ પ્રતિભાવ બતાવે છે કે તેઓ એક સિદ્ધાંતવાદી માનવ છે. તેઓ યહૂદી કાયદા અને શાસ્ત્ર મુજબ વર્તવામાં માને છે. તેઓ પોતાના ફરોશી જાતભાઈઓ સમક્ષ ઈસુનો પક્ષ લઈને પોતાની હિંમત બતાવે છે.

યોહાને વર્ણવેલા ઈસુના મૃત્યુ પછીના પ્રસંગમાં આપણે ઈસુ પ્રત્યેની કદર નિકોદેમસના વર્તનમાં જોઈ શકીએ છીએ. પોતાના શુભસંદેશમાં નિકોદેમસવાળો ત્રીજો પ્રસંગ યોહાન આ રીતે વર્ણવે છે. ક્રૂસ પર ઈસુના મૃત્યુ પછી ઈસુનો એક ગુપ્ત શિષ્ય અરિમથાઈનો યૉસેફ હિંમતથી પિલાત પાસે ઈસુના શબની માગણી કરે છે:

‘આ બધું બની ગયા પછી આરિમથાઈનો યૉસેફ, જે ઈસુનો શિષ્ય હતો પણ યહૂદીઓની બીકે ગુપ્ત રહેતો હતો, તેણે પિલાત પાસે ઈસુનું શબ ઉતારવાની રજા માગી, અને પિલાતે રજા આપી. એટલે યૉસેફે આવીને શબ ઉતારી લીધું.’ (યોહાન ૧૯, ૩૮).

ઈસુની દફનવિધિમાં અરિમથાઈના યૉસેફ સાથે નિકોદેમસ પણ હતા. એટલે યોહાન ઉમેરે છે, ‘વળી, નિકોદેમસ, જે પહેલાં રાત્રે ઈસુ પાસે આવી ગયો હતો તે પણ આશરે અઢી મણ બોળ અને અત્તરનું મિશ્રણ લઈને આવ્યો. પછી તેમણે ઈસુના શબને લઈને યહૂદીઓની દફનવિધિ અનુસાર સુગંધી દ્રવ્યો સાથે શણના કાપડમાં વીંટાળ્યું. ઈસુને જ્યાં ક્રૂસે જડવામાં આવ્યા હતા ત્યાં એક બગીચો હતો અને તેમાં એક નવી જ વણવાપરી કબર હતી; યહૂદીઓનો વિશ્રામવારની તૈયારીનો દિવસ હતો, અને આ કબર પાસે હતી એટલે તેમણે ઈસુને તેમાં દફનાવી દીધા.’ (યોહાન ૧૯, ૩૯-૪૨).

જ્યારે, ઈસુને પકડીને ક્રૂસ પર મારી નાખવામાં આવ્યા ત્યારે ઈસુના મોટા ભાગના

શિષ્યો ભાગી ગયા, પણ નિકોદેમસ હિંમતથી જાહેરમાં આવે છે અને ખૂબ પ્રેમથી આરિમથાઈના યૉસેફ સાથે ઈસુની સુંદર રીતે દફનવિધિ કરે છે.

નિકોદેમસ વિશે યોહાનકૃત શુભસંદેશમાં મળતા ત્રણ પ્રસંગો સિવાય બાઇબલના નવા કરારમાં અન્ય કોઈ ઉલ્લેખ કે માહિતી નથી. પરંતુ પરંપરાગત માન્યતા મુજબ ઈસુના પુનરુત્થાન પછી નિકોદેમસ ઈસુના એક વફાદાર અનુયાયી બન્યા હતા. અણીના સમયે બીજા બધા શિષ્યો ભાગી ગયા હતા ત્યારે જાહેરમાં આવીને યહૂદી પરંપરા મુજબ ઈસુની દફનવિધિ સુન્દર રીતે કરવામાં મદદ કરનાર આ વ્યક્તિ તરીકે નિકોદેમસ આપણી કદરને પાત્ર છે.

૫૯. શમરુનની એક બાઈ

ઘણાં કારણોસર શમરુનની બાઈની વાત ખૂબ નોંધપાત્ર છે. એક, શમરુનની બાઈ પોતાની જાતને પાપી તરીકે સ્વીકારે છે અને છતાં તે મુક્તિની શોધમાં છે. તે ઈસુને સાચું જ કહે છે કે તે એક પુરુષ સાથે રહેતી હોવા છતાં 'મારે ધણી નથી.' બે, ઈસુ તે બાઈ આગળ પોતાની જાતને મસીહ (એટલે કે ખ્રિસ્ત) તરીકે પ્રગટ કરે છે, તેની તે સાક્ષી છે. ત્રણ, યોહાનના શુભસંદેશમાં તે બાઈ પ્રથમ મિશનરી તરીકે પોતાના ગામમાં જઈને ઈસુની ઘોષણા કરે છે અને ગામના લોકોને ઈસુ પાસે લાવે છે.

ઈસુ અને શમરુનની બાઈની આખી વાત ફક્ત યોહાનકૃત શુભસંદેશમાં આવે છે. યોહાનરચિત શુભસંદેશના ચોથા પ્રકરણમાં એકથી બેતાળીસમી કડી સુધી આપણે શમરુનની બાઈની વાત વાંચી શકીએ છીએ.

ઈસુ અને તેમના શિષ્યો યહૂદિયાથી ગાલીલ જાય છે. ઈસુના સમયમાં યહૂદિયાથી ગાલીલ જવા માટે બે રસ્તા હતા. ઇસ્રાયલની દક્ષિણમાં આવેલા યહૂદિયાથી ઉત્તરમાં આવેલા ગાલીલ વચ્ચે ૧૨૦ માઈલનું અંતર હતું. ઈસુએ બંને મથકો વચ્ચે શમરુન થઈ જતો ટૂંકો રસ્તો લીધો. પરંતુ પારંપરિક દુશ્મનાવટને કારણે સામાન્ય રીતે યહૂદીઓ યર્દન નદી પસાર કરીને પેરિયા થઈને જતો લાંબો માર્ગ લેતા હતા. યહૂદીઓ સામેની દુશ્મનાવટને કારણે શમરુનના લોકોએ શમરુન પ્રાંતમાં આવેલા ગરીઝિમ પર્વત પર મંદિર બાંધ્યું હતુ અને ત્યાં પૂજા-અર્ચના કરતા હતા.

જ્યારે ઈસુ અને એમના શિષ્યો શમરુનના સૂખાર નામના ગામે પહોંચ્યા ત્યારે ઈસુ મુસાફરીથી થાકીને ત્યાં જ આવેલા યાકોબના કૂવા પાસે બેસી પડ્યા અને શિષ્યો ખાવાનું ખરીદવા માટે ગામમાં ગયા. એવામાં શમરુનની એક બાઈ પાણી ભરવા આવી. ઈસુએ પારંપરિક રીતરિવાજો તોડીને એ બાઈને કહ્યું 'મને પાણી પાને.' ઈસુની માગણીથી શમરુનની બાઈ આશ્ચર્યચકિત થઈ ગઈ. કારણ, ઈસુ એ બાઈની દૃષ્ટિએ એક યહૂદી હતા અને યહૂદીઓ શમરુનીઓ જોડે વહેવાર રાખતા નહોતા.

શુભસંદેશકાર યોહાને ઈસુ અને શમરુનની બાઈ વચ્ચેનો સંવાદ સુંદર રીતે આપ્યો છે.

ત્યારે તે શમરુનની બાઈએ કહ્યું, 'તમે યહૂદી થઈને એક શમરુનની બાઈ પાસે પાણી માગો છો, એ કેવું? કારણ, યહૂદીઓ શમરુનીઓ સાથે વહેવાર રાખતા નથી.

ઈસુએ તેને કહ્યું, 'ઈશ્વર કેવું દાન આપી શકે છે, અને કોણ તારી પાસે પીવાનું પાણી માગી રહ્યું છે, એની જો તને ખબર હોત, તો તેં જ તેની પાસે માગ્યું હોત, અને તેણે તને જીવંત જળ આપ્યું હોત.'

તે બાઈએ કહ્યું, 'ભાઈ, તમારી પાસે ડોલ તો છે નહીં, અને કૂવો ઊંડો છે. તો પછી તમારી પાસે જીવંત જળ આવ્યું ક્યાંથી? અમારા વડવા યાકોબે અમને આ કૂવો આપ્યો હતો અને તેણે પોતે તથા તેનાં સંતાનોએ અને ઢોરોએ પણ એમાંથી પાણી પીધું હતું. તો શું તમે એના કરતાં પણ મોટા છો?'

ઈસુએ કહ્યું, 'જે કોઈ આ પાણી પીશે તે ફરી તરસ્યું થવાનું, પણ જે કોઈ મારું આપેલું પાણી પીશે તેને ફરી કદી તરસ નહીં લાગે; પણ હું એને જે પાણી આપીશ તે તો એના અંતરમાં શાશ્વત જીવનના ઝરારૂપે વહેતું રહેશે.'

બાઈએ કહ્યું, 'ભાઈ, મને એ પાણી આપો, જેથી મને તરસ જ ન લાગે અને અહીં સુધી પાણી ભરવા પણ આવવું ન પડે.' (યોહાન ૪, ૭-૧૫)

આ સંવાદમાં આપણે ત્રણ બાબત વિશેષ નોંધી શકીએ. એક, સંવાદ શરૂ કરવામાં ઈસુ જ પહેલ કરે છે. બે, પ્રશ્નો પૂછીને ઈસુ એ બાઈની ઇન્તેજારી જગાડે છે અને ત્રણ, ઈસુ ધીમે ધીમે એ બાઈને ઊંડી વાસ્તવિકતા તરફ લઈ જાય છે.

શમરુનના પ્રદેશમાં થઈને મુસાફરી કરવામાં અને પછી શમરુનની બાઈ સાથે વાતે વળગવામાં ઈસુ ઘણી પારંપરિક માન્યતાઓ, યહૂદી રીતરિવાજો અને રૂઢિઓને તોડે છે. વળી એ બાઈ સાથેના સંવાદ દ્વારા, એ બાઈ પ્રત્યેની હમદર્દી અને પ્રેમ દ્વારા ઈસુની માનવતા પ્રગટ થાય છે. એ બાઈ પાસેથી એના જીવનની ગૂઢ વાતો સાંભળવામાં ઈસુને કોઈ આંચકા લાગતા નથી. એ બાઈ આગળ ઈસુ પોતાને મસીહ તરીકે પ્રગટ કરે છે. તેઓ મુક્તિદાતા છે, જેઓ ફક્ત યહૂદીઓને જ નહીં, પણ સમગ્ર માનવજાતને મુક્તિ આપવા માટે આવ્યા છે.

ઈસુ અને બાઈ વચ્ચેના સંવાદ દ્વારા તેઓ એકબીજાની નજીક આવે છે અને ઈસુ એ બાઈને પોતાના ધણીને બોલાવી લાવવા કહે છે. તે બાઈએ સાચું જ કહ્યું છે કે એનો કોઈ ધણી નથી. એ બાઈના જવાબથી કોઈ નવાઈ પામ્યા વિના ઈસુ એની સચ્ચાઈની કદર કરતાં કહે છે કે, "મારે ધણી નથી,' એમ તું કહે છે એ સાચું છે, કારણ, તેં પાંચ પાંચ ધણી કર્યા હતા, અને અત્યારે તું જેની સાથે રહે છે એ તારો ધણી નથી. તારું કહેવું તદ્દન સાચું છે.' (યોહાન ૪, ૧૮).

ઈસુએ આંતરદૃષ્ટિથી કરેલી વાતથી એ બાઈને લાગે છે કે તે કોઈ સામાન્ય યહૂદી ભાઈ સાથે નહીં, પણ એને વિશે ઊંડી સમજશક્તિ ધરાવતી કોઈ વિલક્ષણ વ્યક્તિ સાથે વાત કરી રહી છે. એ બાઈ અને ઈસુ વચ્ચેનો સંવાદ વાંચીએ:

બાઈએ કહ્યું, 'પ્રભુ તમે તો કોઈ પયગંબર લાગો છો! અમારા વડવાઓ આ ડુંગરમાં ઉપાસના કરતા હતા, અને તમે લોકો કહો છો કે, ઈશ્વરની ઉપાસના તો યરુશાલેમમાં કરવી જોઈએ.'

ઈસુએ તેને કહ્યું, 'બાઈ, મારું કહ્યું માનજે કે, એવો સમય આવી રહ્યો છે, જ્યારે તમે પરમપિતાની ઉપાસના આ ડુંગરમાંયે નહીં કરો અને યરુશાલેમમાંયે નહીં કરો. તમે શમરુનીઓ જેની ઉપાસના કરો છો તેને ઓળખતા નથી, જ્યારે અમે જેની ઉપાસના કરીએ છીએ તેને ઓળખીએ છીએ; કારણ, ઉદ્ધાર યહૂદીઓ મારફતે આવે છે. પણ એવો સમય આવી રહ્યો છે, અરે, હાલ આવી પહોંચ્યો છે, જ્યારે સાચા ઉપાસકો ઈશ્વરના આત્માના પ્રેર્યા પરમપિતાની સચ્ચાઈથી ઉપાસના કરશે. પરમપિતાને એવા જ ઉપાસકો જોઈએ છે. ઈશ્વર આત્માસ્વરૂપ છે, એટલે જેઓ એની ઉપાસના કરે છે તેમણે એના આત્માના પ્રેર્યા સચ્ચાઈથી ઉપાસના કરવી જોઈએ.' (યોહાન ૪, ૧૯-૨૪).

ઈસુ પોતાના જાહેરજીવનના આ તબક્કામાં લોકો આગળ પોતાની જાત પ્રગટ કરતા નહોતા. કારણ, યોહાને બીજે કહ્યું છે તેમ, 'તેમને (ઈસુને) કોઈને વિશે કાંઈયે કહેવાની જરૂર નહોતી; માણસના અંતરમાં શું છે તેની તેમને ખબર હતી' (યોહાન ૨, ૨૫). છતાં અહીં આપણે જોઈએ છીએ કે ઈસુ પોતાની જાતને એ બાઈ આગળ પ્રગટ કરે છે અને એ બાઈને પોતાની સંદેશવાહક (મિશનરી) બનાવે છે. આગળ વાંચીએ:

પેલી બાઈએ કહ્યું, 'મને ખબર છે કે મસીહ (એટલે કે ખ્રિસ્ત) આવી રહ્યા છે. તેઓ જ્યારે આવશે ત્યારે અમને બધી સમજણ પાડશે.'

ઈસુએ તેને કહ્યું, 'હું જ મસીહ છું — જે તારી સાથે વાત કરી રહ્યો છું" (યોહાન ૪, ૨૫-૨૬).

પેલી સ્ત્રી પોતાનો ઘડો ત્યાં મૂકીને ગામમાં ચાલી ગઈ અને ત્યાં તેણે લોકોને કહ્યું, 'આવો, મેં જે જે કર્યું છે તે બધું કહી આપનાર માણસને જોવો હોય તો આવો. એ ખ્રિસ્ત તો નહીં હોય?' લોકો ગામમાંથી નીકળીને ઈસુ ભણી જવા લાગ્યા.' (યોહાન ૪, ૨૮-૩૦).

પેલી શમરુનની બાઈને ઈસુએ સોંપેલા મિશનકાર્યમાં સારી સફળતા મળે છે. શમરુનના ઘણા લોકો ઈસુને મળવા માટે ગામથી અર્ધો કિલોમીટર અંતરે આવેલા યાકોબના કૂવા પાસે આવે છે. યોહાન લખે છે:

'મેં જે જે કર્યું છે તે બધું એણે કહી આપ્યું' એવું પેલી બાઈએ કહ્યું હતું, એ ઉપરથી ગામમાંના ઘણા શમરુનીઓની ઈસુ ઉપર શ્રદ્ધા બેઠી. એટલે એ શમરુનીઓ જ્યારે ઈસુ પાસે આવ્યા, ત્યારે તેઓએ તેમને પોતાની સાથે રહેવાનો આગ્રહ કર્યો, અને ઈસુ ત્યાં બે દિવસ રહ્યા.

અને તેમની વાણી સાંભળીને બીજા ઘણાને શ્રદ્ધા બેઠી. તેઓ પેલી બાઈને કહેવા લાગ્યા, 'હવે અમે તારા કહેવા ઉપરથી જ શ્રદ્ધા રાખીએ છીએ એવું નથી, કારણ, અમે જાતે એમને સાંભળ્યા છે, અને અમને ખાતરી છે કે, આ માણસ સાચે જ જગતના ઉદ્ધારક છે.' (યોહાન ૪, ૩૯-૪૨).

ઈસુને મળવાથી શમરુનના લોકો ખૂબ ખુશ થયા અને તેઓએ ઈસુને પોતાની સાથે રહેવા આગ્રહ કર્યો અને ઈસુ અને તેમના શિષ્યો શમરુન ગામમાં બે દિવસ રહ્યા.

ઈસુ સાથેના મિલનથી અને પોતાના ગામના લોકોએ ઈસુ અને તેમના શિષ્યોના કરેલા આવકારથી તથા જાતે મેળવેલા ઈસુનાં પ્રેમ અને માફીના અનુભવથી પેલી બાઈના જીવનમાં જડમૂળથી પરિવર્તન આવ્યું.

૬૦. વ્યભિચારમાં પકડાયેલી અનામી સ્ત્રી

જાણીતા ગુજરાતી કવિ નિરંજન ભગતે પોતાના એક કાવ્યમાં થરથરતા પથ્થરની વાત કરી છે. યહૂદી સમાજમાં વ્યભિચાર કરતાં પકડાયેલાં સ્ત્રી-પુરુષને પથ્થરે-પથ્થરે મારી નાખવાનો કાયદો છે. બાઇબલમાં વ્યભિચાર કરતાં પકડાયેલી એક બાઈ અને એને પથ્થરે-પથ્થરે મારવા તૈયાર થયેલા યહૂદી લોકોની અને ત્યાં ઈસુની હાજરીની વાત છે. કવિ કલ્પના કરે છે કે, પથ્થરે મારવા તૈયાર થયેલા લોકોના હાથમાં રહેલો પથ્થર થરથર ધ્રૂજે છે.

નવા કરારના યોહાનકૃત શુભસંદેશમાં વ્યભિચાર કરતાં પકડાયેલી બાઈનો ચુકાદો આપવા માટે તે બાઈને ઈસુ પાસે લઈ આવ્યાની વાત છે. ગૂડ ન્યૂઝ બાઇબલની પદટિપ્પણીમાં જણાવાયું છે કે બાઇબલની ઘણી હસ્તપ્રતોમાં આ પ્રસંગ નથી. કેટલીક હસ્તપ્રતોમાં લૂકકૃત શુભસંદેશના એકવીસમા પ્રકરણને અંતે ૩૮મી કડી પછી આ પ્રસંગ આપવામાં આવ્યો છે. આ રહ્યો બાઇબલમાં ફક્ત યોહાને વર્ણવેલો આખો પ્રસંગ:

'સવારના પહોરમાં ઈસુ ફરી મંદિરમાં આવ્યા, અને બધા લોકો તેમની પાસે ભેગા થવા લાગ્યા, એટલે તેમણે બેસીને તેમને ઉપદેશ આપવા માંડ્યો. એવામાં શાસ્ત્રીઓ અને ફરોશીઓ વ્યભિચાર કરતાં પકડાયેલી એક બાઈને તેમની પાસે લઈ આવ્યા અને તેને વચમાં ઊભી રાખીને તેઓએ ઈસુને કહ્યું, 'ગુરુજી, આ બાઈ પ્રત્યક્ષ વ્યભિચાર કરતાં પકડાઈ છે. હવે, શાસ્ત્રમાં મોશેએ આપણને એવી બાઈને પથ્થર મારીને મારી નાખવાનું ફરમાવેલું છે. તો આપ શું કહો છો?' આમ કહેવામાં તેમનો હેતુ એમની પરીક્ષા કરી જોઈ એમના ઉપર આરોપ મૂકવાને કંઈ બહાનું મેળવવાનો હતો. પણ ઈસુ તો નીચા વળીને આંગળી વતી ભોંય ઉપર લખવા લાગ્યા. છતાં પેલા લોકોએ પ્રશ્ન પૂછવાનું ચાલુ રાખ્યું. એટલે ઈસુએ ટટાર થઈને તેમને કહ્યું, 'તમારામાં જે નિષ્પાપ હોય તે એને પહેલો પથરો મારે.' અને ફરી તેઓ નીચા વળીને ભોંય ઉપર લખવા લાગ્યા. એ સાંભળીને મોટાથી માંડીને સૌ એક પછી એક ચાલ્યા ગયા, અને ઈસુ એકલા જ રહ્યા. પેલી બાઈ તેમની સામે ઊભી હતી. ઈસુએ ફરી ટટાર થઈને તે બાઈને કહ્યું, 'બહેન, તે લોકો ક્યાં છે? કોઈએ તને સજા ન કરી?' બાઈએ કહ્યું, 'કોઈએ નહીં, પ્રભુ.' ત્યારે ઈસુએ કહ્યું, 'હું પણ તને સજા નથી કરતો. જા, હવેથી પાપ કરીશ નહીં.' (યોહાન ૮, ૧-૧૧).

વ્યભિચાર કરતાં પકડાયેલી બાઈની વાતમાં યોહાને જે વિગતો આપી છે અને જે વિગતો છોડી દીધી છે — બધું જ યહૂદી ધર્મ અને સંસ્કૃતિ વિશે ઘણુંબધું કહી જાય છે. ઈસુ રાતે જેતુન પહાડ પર જઈને ઈશ્વરપિતા સાથે પ્રાર્થનામાં સમય ગાળ્યા પછી સવારના પહોરમાં મંદિરમાં ઉપદેશ આપે છે. ઈસુને સાંભળવા માટે એમની સતત વધતી જતી લોકચાહનાને કારણે લોકનું મોટું ટોળું ભેગું થયું છે. લોકોને મસીહ એટલે મુક્તિદાતાને સાંભળવા છે.

પણ વડા પુરોહિતો તથા યહૂદી સમાજના અન્ય આગેવાનો ઈસુની લોકપ્રિયતાથી અને રૂઢિ-પ્રણાલિકાથી ભિન્ન રીતભાતોથી તેમ જ નીડર સંદેશથી ખૂબ ચિંતાતુર છે. તેઓ

બધા ઈસુને ફાંસલામાં પકડવા અને પોતાના માર્ગમાંથી દૂર કરવાની તક શોધે છે.

મંદિરમાં મુક્તિદાતાનો સંદેશ સંભળાવવા માટે આતુર લોકોને ઈસુ ધર્મબોધ આપી રહ્યા છે. ત્યાં ફરોશીઓ અને શાસ્ત્રીઓ ઈસુની આગળ વ્યભિચાર કરતાં પકડાયેલી એક સ્ત્રીને ઢસડી લાવે છે. લોકોની વચ્ચે એ સ્ત્રીને ઊભી રાખીને તેઓ ઈસુને પૂછે છે, 'ગુરુજી, આ બાઈ પ્રત્યક્ષ વ્યભિચાર કરતાં પકડાઈ છે. હવે, શાસ્ત્રમાં મોશેએ આપણને એવી બાઈને પથ્થર મારીને મારી નાખવાનું ફરમાવેલું છે. તો આપ શું કહો છો?'

ઈસુ એમને કોઈ જવાબ આપતા નથી. તેમને ખબર છે કે તેમના વિરોધીઓ કોઈ ફાંસલમાં તેમને પકડવા માટે પ્રયત્ન કરે છે. યહૂદી લોકોએ ખૂબ આદરમાનથી માન્ય રાખેલ મોશેના કાયદા મુજબ જો ઈસુ તેમને કહે કે, 'એ બાઈને પથ્થર મારીને મારી નાખો' તો એ લોકો માટે પુરવાર થશે કે ઈસુમાં પાપીઓ માટે કોઈ માફી નથી; દયા કે કરુણા નથી અને ખરો પ્રેમ પણ નથી. બીજી બાજુ, જો ઈસુ તેમને કહે કે 'એ બાઈને માફી આપો, એને જવા દો' તો ઈસુ પર મોશેના સર્વમાન્ય કાયદાનો ભંગ કરવાનો આરોપ મૂકવામાં આવે. એટલે બંને રીતે ઈસુ એમના ફાંસલામાં પકડાય એ વાત ચોક્કસ હતી.

પુરુષ અને સ્ત્રી સાથે મળીને વ્યભિચાર કરે છે. પણ ઈસુના વિરોધીઓ કેવળ વ્યભિચાર કરેલી બાઈને પકડીને ઈસુ આગળ ખડી કરે છે. તેઓ કેમ એ બાઈ સાથે વ્યભિચાર કરનાર પુરુષને પકડી લાવ્યા નહીં? વ્યભિચારના ઘૃણાજનક ગુના માટે મોશેનો કાયદો બંને સ્ત્રી-પુરુષોને પથ્થરે-પથ્થરે મારી નાખવા જણાવે છે. ઈસુ પોતાના વિરોધીઓનું આ કાવતરું જોઈને એમને કહે છે: 'તમારામાં જે નિષ્પાપ હોય તે એને પહેલો પથરો મારે.'

ઈસુની આગળ વ્યભિચારી સ્ત્રીને લાવનાર ઈસુના વિરોધીઓ એમનો ચુકાદો સાંભળીને દિગ્મૂઢ થઈ ગયા. ઈસુને માટે તૈયાર કરેલો ફાંસલો હવે તેમની સામે છે. તેમને ખ્યાલ આવ્યો કે ફક્ત ઈસુ જ કોઈ પાપ વિનાના છે. એટલે તેઓ બધા વીલા મોઢે એક પછી એક જતા રહે છે. કારણ, તેમનો ઢોંગધતૂરો ખુલ્લો પડ્યો હતો. તેમના પોતાના અંતરાત્માએ એમને ગુનેગાર ઠરાવ્યા છે.

ઈસુના વિરોધીઓ પોતાના હૃદયમાં ક્રોધભરીને વ્યભિચારી સ્ત્રી ઉપર આરોપ મૂકતા હતા ત્યારે ઈસુ પોતાની આંગળી વડે અત્યંત શાંતિથી ભોંય પર લખતા હતા. પણ પોતાના ન્યાયપ્રદ ચુકાદા પછી નજર ઊંચી કરીને ઈસુએ જોયું તો એમની સામે ફક્ત પેલી બાઈ જ ઊભી હતી. તેમણે ખૂબ પ્રેમ અને કરુણાથી એ બાઈને કહ્યું, 'હું પણ તને સજા નથી કરતો. જા, હવેથી પાપ કરીશ નહીં.'

વ્યભિચારમાં પકડાયેલી આ બાઈના નામ કે જીવન વિશે આપણે કશુંય જાણતા નથી. શુભસંદેશકારે એ બાઈ જોડે વ્યભિચાર કરનાર પુરુષ વિશે પણ કશું જણાવ્યું નથી. પણ એ સ્ત્રીએ ઈસુના આશ્વાસનરૂપ શબ્દોથી ખૂબ રાહત અનુભવી હશે અને પોતાના વ્યભિચારી માર્ગને છોડીને ઈસુએ બતાવેલા સાચા પ્રેમ અને દયાના માર્ગે નવું જીવન ગાળ્યું હશે. ઈસુનો સંદેશ સાંભળીને એ બાઈએ સ્વીકાર્યું છે કે ઈશ્વર દરેક પાપીને માફી આપે છે.

૬૧. બાર્સાબાસ નામે બે પાત્રો: યુસ્તુસ અને યહૂદા

બાર્સાબાસ નામે ઓળખાતાં બે પાત્રો આપણને 'પ્રેષિતોનાં ચરિતો'માં મળે છે: યૉસેફ ઉર્ફે યુસ્તુસ બાર્સાબાસ અને યહૂદા બાર્સાબાસ.

'પ્રેષિતોનાં ચરિતો' મુજબ બાર્સાબાસ યુસ્તુસ ઈસુના સ્નાનસંસ્કારથી માંડી એમના સ્વર્ગારોહણ સુધી ઈસુ અને તેમના શિષ્યો સાથે હતા. યહૂદા ઇશ્કરિયોતને સ્થાને બાર પ્રેષિતોમાં એક તરીકે એક શિષ્યની પસંદગી કરવાનો સવાલ આવ્યો ત્યારે ઈસુના જાહેર જીવન, મૃત્યુ અને સ્વર્ગારોહણ સુધી ઈસુ સાથે રહેનાર બે શિષ્યોની યાદીમાં બાર્સાબાસ યુસ્તુસનું નામ આવે છે. આ અંગે પીતરના સંબોધનના શબ્દો 'પ્રેષિતોનાં ચરિતો'માં આપણે વાંચીએ:

'એટલે ભગવાન ઈસુ આપણી વચ્ચે હરતાફરતા હતા તે બધો સમય, અર્થાત્ યોહાને એમને સ્નાનસંસ્કાર કરાવ્યો ત્યાંથી માંડીને એમને આપણી વચ્ચેથી ઉપર લઈ લેવામાં આવ્યા તે દિવસ સુધી, જેઓ આપણી સાથે હતા તેઓમાંનો એક જણ તેમના પુનર્જીવનના સાક્ષી તરીકે આપણી સાથે જોડાવો જોઈએ' (પ્રે. ચ. ૧, ૨૧-૨૨).

પીતરની દરખાસ્ત મુજબ યરુશાલેમ ખાતેના ખ્રિસ્તીઓએ બે શિષ્યોનાં નામો આપ્યાં: 'બે જણને સૂચવવામાં આવ્યા: એક બાર્સાબાસ તરીકે ઓળખાતો યૉસેફ ઉર્ફે યુસ્તુસ, અને બીજો મથ્થિયા' (પ્રે. ચ. ૧, ૨૩). 'પ્રેષિતોનાં ચરિતો' કે નવા કરારનો અન્ય કોઈ ગ્રંથ બાર્સાબાસ યુસ્તુસ વિશે અન્ય કોઈ માહિતી આપતો નથી.

લોકોએ સૂચવેલાં બે નામોમાંથી મથ્થિયાની પસંદગી થઈ હતી. મથ્થિયા સાથે યુસ્તુસ બાર્સાબાસનું નામ પણ સૂચવવામાં આવ્યું હતું, તે મોટી વાત છે. કારણ, એ વાત પુરવાર કરે છે કે તેઓ ઈસુ સાથે લાંબો સમય જીવ્યા હતા અને આદિ ખ્રિસ્તીઓ એમના શિષ્યપણાની કદર કરતા હતા.

બીજો બાર્સાબાસ એટલે યહૂદા બાર્સાબાસ પણ ઈસુના વિખ્યાત અનુયાયી હતા. તેઓ ઈસ્વીસન ૪૯ કે ૫૦માં યરુશાલેમ ખાતે યોજાયેલી પ્રથમ ધર્મપરિષદના સભ્ય હોઈ શકે. કારણ, પાઉલ સાથે પરિષદનો સંદેશ અંત્યોખના લોકોને પહોંચાડવા માટે પરિષદે પસંદ કરેલા બે શિષ્યોમાં યહૂદા બાર્સાબાસનો સમાવેશ થાય છે. 'પ્રેષિતોનાં ચરિતો'માં આપણે વાંચીએ છીએ:

'ત્યાર પછી પ્રેષિતો અને વડીલો આખા ધર્મસંઘની સંમતિથી એવા નિર્ણય ઉપર આવ્યા કે પોતામાંથી પ્રતિનિધિઓ પસંદ કરીને તેમને પાઉલ અને બાર્નાબાસની સાથે અંત્યોખ મોકલવા. તેમણે ધર્મબંધુઓમાં અગ્રણી એવા બે જણને પસંદ કર્યા, એક યહૂદા ઉર્ફે બાર્સાબાસ અને બીજો સિલાસ.' (પ્રે. ચ. ૧૫, ૨૨).

પ્રેષિતોનાં ચરિતો કહે છે તેમ બંને યહૂદા બાર્સાબાસ અને સિલાસ ધર્મબંધુઓમાં અગ્રણીઓ હતા અને તેમને ખૂબ અગત્યના પ્રૈષિતિકકામ માટે પસંદ કરવામાં આવ્યા છે. એમનું કામ અઘરું પણ હશે. કારણ, અંત્યોખના યહૂદી ખ્રિસ્તીઓ ત્યાંના ગ્રીક ખ્રિસ્તીઓ એટલે બિન-યહૂદી ખ્રિસ્તીઓ પર મોશેના કાયદાઓ અને રીતરિવાજો ઠોકી બેસાડવા

માગતા હતા. પણ પાઉલ અને બાર્નાબાસ એનો સખત વિરોધ કરતા હતા.

ઈસુના ભાઈ યાકોબના અધ્યક્ષપદે મળેલી પ્રથમ યરુશાલેમ ધર્મપરિષદે પાઉલ અને બાર્નાબાસના મતનો સ્વીકાર કર્યો હતો. અને પરિષદ મોશેના કાયદાઓ અને રીતરિવાજોનો બોજો બિનયહૂદી ખ્રિસ્તીઓ પર લાદવા ઇચ્છતી નહોતી. વળી, પરિષદ પાઉલ અને બાર્નાબાસે કરેલા પ્રૈષિતિકકાર્યની ખૂબ કદર કરતી હતી. એટલે પરિષદના સંદેશમાં બાર્નાબાસ અને પાઉલને 'આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને ચરણે આત્મસમર્પણ કરનાર' વહાલા પ્રેષિતો તરીકે ઓળખાવ્યા છે.

આવા સંજોગોમાં યરુશાલેમ ખાતેની પ્રથમ ધર્મપરિષદ યહૂદા બાર્સાબાસ અને સિલાસને પોતાના સંદેશ સાથે અંત્યોખ મોકલે છે 'આથી અમે યહૂદાને અને સિલાસને મોકલ્યા છે; તેઓ જાતે તમને એ જ સંદેશ મોઢેથી કહેશે.' (પ્રે. ચ. ૧૫, ૨૭).

'પ્રેષિતોનાં ચરિતો' વધુમાં નોંધે છે, 'તેમની વિદાય લઈને પ્રતિનિધિઓ અંત્યોખ આવ્યા અને બધાને ભેગા કરીને તેમણે પેલો પત્ર આપ્યો. એ વાંચીને મળેલા ઉત્તેજનથી તેમને ખૂબ આનંદ થયો.

'યહૂદા અને સિલાસ પયગંબર હતા, એટલે તેમણે ધર્મબંધુઓને ઉત્સાહનાં અનેક વચનો સંભળાવીને તેમનામાં દૃઢતા પ્રેરી. થોડો સમય ત્યાં રહ્યા પછી ધર્મબંધુઓએ, તેમને જેમણે મોકલ્યા હતા તેમની પાસે પાછા જવા શાંતિ ઇચ્છી વિદાય આપી.' (પ્રે. ચ. ૧૫, ૩૦-૩૪).

અહીં શુભસંદેશકાર અને 'પ્રેષિતોનાં ચરિતો'ના લેખક લૂકે નોંધ્યું છે કે, બંને 'યહૂદા અને સિલાસ પયગંબર હતા'. પ્રથમ ખ્રિસ્તી ધર્મસંઘમાં બંને પયગંબરો ભરોસાપાત્ર અને કાર્યક્ષમ સંદેશવાહકો હતા.

આમ, આપણને ખ્યાલ આવે છે કે ઈસુના આ બંને શિષ્યો યુસ્તુસ બાર્સાબાસ અને યહૂદા બાર્સાબાસ નવા કરારનાં બે ભિન્ન પાત્રો છે.

૬૨. સફીરા

હિબ્રૂ ભાષામાં સફીરા નામ એટલે માણેક સફીરા એક સ્ત્રી હતી. તે જૂઠું બોલવાથી સંત પીતરના પગ આગળ પટકાઈ પડી અને તરત જ મરી ગઈ. આપણને પ્રેષિતોનાં ચરિતોના પાંચમા અધ્યાયમાં આ ઘટનાનું વર્ણન મળે છે. પરંતુ આખી ઘટનાની સંપૂર્ણ વિગત સમજવા માટે આપણે ચોથા અધ્યાયમાં જવું પડશે. ચોથા અધ્યાયમાં બીજી વસ્તુઓની વાત સાથે વિશ્વાસીઓ એકમન અને એકજીવ બની ગયાની વાત છે. લખાણ જણાવે છે: 'આમ, વિશ્વાસીઓનો સંઘ એકમન અને એકજીવ બની ગયો. તેઓમાંનો એક પણ માણસ પોતાની કોઈ પણ વસ્તુને પોતાની આગવી ગણાવતો નહોતો, પણ બધું બધાંનું સહિયારું હતું.

'પ્રેષિતો ભારે સામર્થ્યપૂર્વક ઈસુના પુનર્જીવનની સાક્ષી પૂરતા હતા, અને એ બધા ઉપર લોકોની ખૂબ પ્રીતિ હતી.

સંઘમાં કોઈને કશાની ખોટ નહોતી, કારણ, જેમની જેમની પાસે જમીન કે ઘર હતાં તેઓ તે વેચીને તેની ઊપજ પ્રેષિતોને ચરણે ધરી દેતા હતા, અને પછી દરેકને તેની જરૂર પ્રમાણે વહેંચી આપવામાં આવતી હતી' (પ્રે. ચ. ૪, ૩૨-૩૫).

'પ્રેષિતોનાં ચરિતો'ના ગ્રંથમાં આગળ યૉસેફનું નક્કર ઉદાહરણ આપવામાં આવ્યું છે: 'આમ યૉસેફ, જેનું ઉપનામ પ્રેષિતોએ બાર્નાબાસ (એટલે કે આશ્વાસન આપનાર) એવું પાડ્યું હતું, અને જે સાયપ્રસમાં જન્મેલો પુરોહિતસહાયક હતો, તેણે પોતાની માલિકીની જમીન વેચી નાખી અને જે પૈસા ઊપજ્યા તે લાવીને પ્રેષિતોને ચરણે ધરી દીધા.' (પ્રે. ચ. ૪, ૩૬-૩૭).

પ્રથમ ખ્રિસ્તીની વાત આપણને કહે છે કે તેઓ પોતાની ઇચ્છાથી પ્રથમ ખ્રિસ્તી સમાજમાં બધી વસ્તુઓ સહિયારી ગણતાં હતાં અને જરૂર પ્રમાણે ભાગીદારી-સાથીદારી કરતાં હતાં. એ એક પ્રકારનો પ્રભુ કેન્દ્રિત ખ્રિસ્તી સામ્યવાદ હતો. દરેક ખ્રિસ્તીને પોતાની જરૂરિયાત મુજબ મળી રહેતું હતું અને પ્રત્યેક માનવ પોતાની મિલકત વેચીને આખી રકમ બધાની જરૂરિયાત માટે શિષ્યોને આપતો હતો. પરંતુ કોઈને પોતાની મિલકત સમાજ માટે વેચવાની કે લાવવાની ફરજ પાડવામાં આવતી નહોતી. માટે તે જબરજસ્તીનો કે ફરજિયાતપણાનો સામ્યવાદ નહોતો. ખ્રિસ્તીઓ ઈશ્વરના આત્માથી પ્રેરિત થઈને સમાજ માટે એકઠું કરતાં હતાં.

આ સંદર્ભમાં સફીરા અને તેનો પતિ હનનિયા ખ્રિસ્તી સમાજ માટે કંઈક કરવા માટે ઉત્સુક બન્યાં. પ્રથમ ખ્રિસ્તી સમાજના સભ્યો તરીકે બીજાની સાથીદારી-ભાગીદારીનો તેમને લાભ મળ્યો હતો. એટલે તેઓ પણ પોતાની મિલકત વેચવા માટે અંદરોઅંદર ચર્ચા કરી સહમત થયાં હોવાં જોઈએ.

તેમની મિલકત વેચ્યા પછી તેમને મળેલાં નાણાંની મોટી રકમથી તેમને લોભ જાગ્યો. તેથી તેઓએ પારસ્પરિક સમજણથી નક્કી કર્યું કે તેઓને પોતાની મિલકત વેચીને મળેલાં નાણાંમાંથી અમુક ભાગ પોતાની પાસે રાખીને બાકીનો ભાગ શિષ્યોને આપવો.

પરંતુ જ્યારે હનનિયાએ પ્રેષિતોને નાણાં આપ્યાં ત્યારે ઈશ્વરનો આત્મા છેતરાયો નહોતો. પ્રેષિત પીતરે અંતરજ્ઞાનથી હનનિયા અને સફીરાને તેમની છેતરપિંડી અંગે પૂછપરછ કરી. બાઇબલે આ આખી વાત નોંધી છે: 'પણ હનનિયા નામે બીજો એક માણસ હતો, તેણે તેની પત્ની સફીરાની સંમતિ લઈને અમુક મિલકત વેચી નાખી; અને તેની જે કિંમત ઊપજી તેમાંથી થોડો ભાગ પોતાની પત્નીને જણાવીને રાખી મૂક્યો અને બાકીનો લાવીને પ્રેષિતોને ચરણે ધરી દીધો. પણ પીતરે તેને કહ્યું, 'હનનિયા, તારામાં એવો તે કેવો સેતાન ભરાયો કે તું પવિત્ર આત્માની આગળ જૂઠું બોલ્યો અને જમીનની કિંમતનો થોડો ભાગ તેં રાખી લીધો? એ હતી ત્યારે તારી જ નહોતી? અને વેચ્યા પછી પણ શું કરવું એ તારા હાથની વાત નહોતી? તને આવું કરવાનું કેમ સૂઝ્યું? તું માણસો આગળ નહીં, પણ ઈશ્વર આગળ જૂઠું બોલ્યો છે.'

'આ શબ્દો સાંભળતાં જ હનનિયા જમીન પર પટકાઈ પડયો અને તેના પ્રાણ ઊડી ગયા. અને જેણે જેણે આ સાંભળ્યું તે સૌ ભયભીત થઈ ગયા. જુવાનિયાઓએ આવી તેના શબને વીંટી બહાર લઈ જઈને દાટી દીધું.' (પ્રે. ચ. ૫, ૧-૬).

હનનિયાનો સામનો કરી એનું જુઠાણું પુરવાર કર્યા પછી ત્રણેક કલાક બાદ એની પત્ની સફીરા પીતર પાસે અંદર આવી. તેને ખબર નહોતી કે હનનિયાને શું થયું હતું. 'પ્રેષિતોનાં ચરિત' પછીની વાતનું વર્ણન કરતાં કહે છે: 'ત્રણેક કલાક વીતી ગયા પછી તેની પત્ની અંદર આવી. શું બની ગયું છે તેની એને ખબર જ નહોતી. પીતરે પૂછ્યું, 'બોલ, તમે જમીન આટલામાં વેચી હતી?'

"હા, એટલામાં વેચી હતી,' તે બોલી.

ત્યારે પીતરે કહ્યું, તમે બંને પ્રભુના આત્માની આવી કસોટી કરવા કેમ એક થયાં? સાંભળ, તારા ધણીને દફનાવનારાઓનાં પગલાં બારણે સંભળાય છે, અને તેઓ તને પણ લઈ જશે.'

તે જ ક્ષણે તે પીતરના પગ આગળ પટકાઈ પડી, અને તેનો પ્રાણ ઊડી ગયો. જ્યારે જુવાનિયાઓ અંદર આવ્યા, ત્યારે તેમણે તેને મરેલી જોઈ અને તેઓએ તેને લઈ જઈને તેના ધણી પાસે દાટી દીધી.' (પ્રે. ચ. ૫, ૭-૧૦).

પીતરે સફીરા અને એના પતિ હનનિયા બંને આગળ ચોખવટ કરી હતી તેમ, કોઈ કાયદાકાનૂનથી કે કોઈના દબાણથી તેમની જમીન વેચી નાખવા કે જમીનના વેચાણમાંથી મળેલી કિંમત સંઘને કે પ્રેષિતોને આપવા બંધાયેલાં નહોતાં.

છતાં તેમણે પોતાની જમીન વેચીને એની બધી કિંમતની પૂરી રકમ પ્રેષિતોને સંઘના ઉપયોગ માટે આપવાનો દેખાવ કરવાનો મોટો અપરાધ કર્યો. પણ હકીકતમાં સફીરા અને હનનિયાએ અરસપરસની સમજૂતીથી જમીન વેચવાથી મળેલી પૂરી રકમનો અમુક ભાગ પોતાની પાસે રાખી મૂક્યો હતો. પોતાના પતિની જેમ સફીરા પણ જમીનની કિંમતોનાં બધાં નાણાં સંઘને આપવાનું જૂઠ પીતર આગળ બોલી.

અંગ્રેજીમાં 'બાઇબલનાં બધાં સ્ત્રીપાત્રો'નું પુસ્તક લખનાર લેખક હેરબર્ટ લોકિયર કહે છે તેમ, 'ઈશ્વરને અને પૈસાને એકીસાથે સેવવાનો તેમનો પ્રયત્ન હતો. તેમનું મન બંને તરફ ખેંચાયું. એટલે તેમનાં હૃદય ઈશ્વર અને દુનિયા વચ્ચે વહેંચાઈ ગયાં.' (પૃ. ૧૫૪).

પ્રેષિત પીતર બંનેને ગુનેગાર ઠરાવવામાં સ્પષ્ટ છે. તેમણે હનનિયાને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, 'તું પવિત્ર આત્માની આગળ જૂઠું બોલ્યો.' (પ્રે. ચ. ૫, ૪). એ જ રીતે પીતરે સફીરાને પણ સાફ શબ્દોમાં સંભળાવ્યું, 'તમે બંને પ્રભુના આત્માની આવી કસોટી કરવા કેમ એક થયાં?' (પ્રે. ચ. ૫,૯). પ્રેષિત પીતરનો તાબડતોબનો કડક ચુકાદો અને એને

પરિણામે થયેલું યુગલનું મૃત્યુ પ્રથમ ખ્રિસ્તી સંઘને ઊંડાણથી સ્પર્શી ગયું હશે. એટલે જ પ્રેષિતોનાં ચરિતો કહે છે, ‘આખા ધર્મસંઘમાં અને જેમણે જેમણે આ બધું સાંભળ્યું તે સૌમાં ભય વ્યાપી ગયો.’ (પ્રે. ચ. ૫, ૧૧).

ઉપર જણાવેલા પુસ્તકમાં લેખક લોકિયેર કહે છે તેમ, અહીં પ્રથમ ખ્રિસ્તી ધર્મસંઘના સૌ સભ્યોને અને આપણને પણ એક પાઠ શીખવાનો મળ્યો છે કે, ‘લાલચ, છેતરપિંડી, દગો, જુઠ્ઠાણું તથા ખોટા દેખાવ સામે સાવચેત રહેવાની જરૂર છે. ધર્મસંઘમાં લોકોનું આદરમાન નાણાંથી ખરીદી શકાય નહીં.’

૬૩. હનનિયા નામે બે જણ

બાઇબલના ‘નવો કરાર’માં હનનિયા નામનાં ત્રણ પાત્રો છે. પ્રથમ હનનિયા જુઠ્ઠું બોલનાર લોભી ખ્રિસ્તી છે. બીજો હનનિયા દમસ્કસ ખાતેનો ખ્રિસ્તી અનુયાયી છે અને ત્રીજો હનનિયા યહૂદીઓનો વડો પુરોહિત છે. અહીં જુઠ્ઠું બોલનાર હનનિયા અને વડો પુરોહિત હનનિયાની વાતો પ્રસ્તુત છે.

૧. હનનિયા — જુઠ્ઠો શિષ્ય

હનનિયા નામના આ જૂઠ્ઠા શિષ્યને તથા તેની પત્ની સફીરાને સાંકળતી ઘટનાની વાત ‘પ્રેષિતોનાં ચરિતો’ના પાંચમા અધ્યાયમાં વર્ણવવામાં આવી છે.

‘પણ હનનિયા નામે બીજો એક માણસ હતો, તેણે તેની પત્ની સફીરાની સંમતિ લઈને અમુક મિલકત વેચી નાખી; અને તેની જે કિંમત ઊપજી તેમાંથી થોડો ભાગ પોતાની પત્નીને જણાવીને રાખી મૂક્યો અને બાકીનો લાવીને પ્રેષિતોને ચરણે ધરી દીધો. પણ પીતરે તેને કહ્યું, ‘હનનિયા, તારામાં એવો તે કેવો સેતાન ભરાયો કે તું પવિત્ર આત્માની આગળ જૂઠ્ઠું બોલ્યો અને જમીનની કિંમતનો થોડો ભાગ તેં રાખી લીધો? એ હતી ત્યારે તારી જ નહોતી? અને વેચ્યા પછી પણ શું કરવું એ તારા હાથની વાત નહોતી? તને આવું કરવાનું કેમ સૂઝયું? તું માણસો આગળ નહીં પણ ઈશ્વર આગળ જૂઠ્ઠું બોલ્યો છે.

‘આ શબ્દો સાંભળતાં જ હનનિયા જમીન પર પટકાઈ પડયો અને તેના પ્રાણ ઊડી ગયા. અને જેણે જેણે આ સાંભળ્યું તે સૌ ભયભીત થઈ ગયા. જુવાનિયાઓએ આવી તેના શબને વીંટી બહાર લઈ જઈને દાટી દીધું.

ત્રણેક કલાક વીતી ગયા પછી તેની પત્ની અંદર આવી. શું બની ગયું છે તેની એને ખબર જ નહોતી. પીતરે પૂછ્યું ‘બોલ, તમે જમીન આટલામાં વેચી હતી?’

‘હા, એટલામાં વેચી હતી,’ તે બોલી.

ત્યારે પીતરે કહ્યું, તમે બંને પ્રભુના આત્માની આવી કસોટી કરવા કેમ એક થયાં? સાંભળ, તારા ધણીને દફનાવનારાઓનાં પગલાં બારણે સંભળાય છે, અને તેઓ તને પણ લઈ જશે.’

‘તે જ ક્ષણે તે પીતરના પગ આગળ પટકાઈ પડી, અને તેના પ્રાણ ઊડી ગયા. જ્યારે જુવાનિયાઓ અંદર આવ્યા, ત્યારે તેમણે તેને મરેલી જોઈ અને તેઓએ તેને લઈ જઈને તેના ધણી પાસે દાટી દીધી.’ (પ્રેષિતોનાં ચરિતો ૫, ૧-૧૦).

૨. હનનિયા — વડા પુરોહિત

વડા પુરોહિત હનનિયાની વાત પણ આપણને ‘પ્રેષિતોનાં ચરિતો’માં જ મળે છે. તે યરુશાલેમમાં વડા પુરોહિત અને યહૂદી વરિષ્ઠ સભાના અધ્યક્ષ હતા.

રોમના વડાના સૂચન અનુસાર પાઉલની સુનાવણી દરમિયાન વરિષ્ઠ સભાએ

પાઉલ સામે આરોપ ઘડવા માંડયા. 'પ્રેષિતોનાં ચરિતો'માં આપણે વાંચીએ છીએ કે: 'વરિષ્ઠ સભા તરફ સ્થિર નજરે જોઈને પાઉલે કહ્યું, 'ભાઈઓ, હું આજ સુધી ચોખ્ખા દિલે પરમેશ્વરની સાક્ષીએ મારું જીવન ગાળતો આવ્યો છું.' ત્યાં વડા પુરોહિત હનનિયાએ પાસે ઊભેલા માણસોને પાઉલના મોઢા ઉપર મારવાની આજ્ઞા કરી. ત્યારે પાઉલે તેને કહ્યું, 'ઓ પાખંડી! ઈશ્વર તને મારશે. તું કાયદેસર મારો ન્યાય ચૂકવવાને ત્યાં બેઠો છે અને છતાં કાયદા વિરુદ્ધ જઈને તું મને મારવાનો હુકમ કરે છે!'

પાસે ઊભેલા માણસો બોલી ઊઠયા, 'ઈશ્વરના વડા પુરોહિતનું તું અપમાન કરે છે? 'પાઉલે જવાબ દીધો, 'ભાઈઓ, એ વડા પુરોહિત છે એની મને ખબર નહોતી; શાસ્ત્રમાં એવું લખેલું છે કે, 'પ્રજાના શાસકની નિંદા કરવી નહીં." (પ્રે. ચ. ૨૩, ૧-૫).

પછી રોમન સૂબા ફેલિક્સે વડા પુરોહિત હનનિયા અને અન્ય યહૂદી વડીલોને પાઉલ સામે પોતાની ફરિયાદ રજૂ કરવા માટે કૈસરિયા તેડાવ્યા.

'પાંચ દિવસ પછી વડો પુરોહિત હનનિયા કેટલાક આગેવાનો અને તેર્તુલ્લુસ નામે એક વકીલ સાથે આવી પહોંચ્યો. તેમણે રાજ્યપાલ આગળ પાઉલ સામેની પોતાની ફરિયાદ રજૂ કરી.' (પ્રે. ચ. ૨૪, ૧).

જવાબમાં પાઉલે ફેલિક્સની સમક્ષ પોતાનો બચાવ રજૂ કર્યો. પણ તેણે નવા રાજ્યપાલ ફેસ્તસે સત્તા સંભાળી ત્યાં સુધી તેને બે વર્ષ માટે કારાવાસમાં ધકેલી દીધો.

રોનાલ્ડ બ્રાઉનરિગના પુસ્તક 'હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ' અનુસાર હનનિયાને તેનાં કથિત રોમન — તરફી વલણોના બદલારૂપે વર્ષ ૬૯-૭૦માં જ્યારે તિતસે શહેરને ઘેરો ઘાલ્યો ત્યારે યરુશાલેમમાં જ તેમના કેટલાક દેશવાસીઓએ જ મોતને ઘાટ ઉતારી દીધા.

૬૪. બાર્નાબાસ — આશ્વાસન આપનાર

'પ્રેષિતોનાં ચરિતો'માં બાર્નાબાસનું વર્ણન કરવામાં આવ્યું છે કે, 'એ પોતે સાધુપુરુષ હતો અને એના હૃદયમાં પવિત્ર આત્માનો અને શ્રદ્ધાનો વાસ હતો' (પ્રેષિતોનાં ચરિતો ૧૧, ૨૪). બાર્નાબાસનું મૂળ નામ યૉસેફ હતું. 'પ્રેષિતોનાં ચરિતો'માં કહેવાયું છે, 'આમ, યૉસેફ, જેનું ઉપનામ પ્રેષિતોએ બાર્નાબાસ (એટલે કે આશ્વાસન આપનાર) એવું પાડ્યું હતું અને જે સાયપ્રસમાં જન્મેલો પુરોહિત સહાયક હતો.' (પ્રે. ચ. ૪, ૩૬).

બાર્નાબાસની સ્વભાવગત ભલાઈ અને ઉદારતા આપણે એમની નિ:સ્વાર્થ સેવામાં જોઈ શકીએ છીએ. આદિ ખ્રિસ્તીઓની સેવામાં તેમણે પોતાનું સર્વસ્વ સોંપી દીધું હતું. પ્રેષિતોનાં ચરિતો વર્ણન કરે છે કે, બાર્નાબાસે 'પોતાની માલિકીની જમીન વેચી નાખી અને જે પૈસા ઊપજ્યા તે લાવીને પ્રેષિતોને ચરણે ધરી દીધા.' (પ્રે. ચ. ૪, ૩૭).

આ અદ્‌ભુત ઉદારતા આદિ ખ્રિસ્તીઓ માટે નમૂનારૂપ બની હતી. એટલે પ્રેષિતોનાં ચરિતોએ તેની નોંધ આદિ ખ્રિસ્તીઓના સામાન્ય ફંડમાં તેના ઉદાર ફાળા તરીકે કરી છે.

બાર્નાબાસનું વ્યક્તિત્વ જરૂર ભારે અસરકારક હશે. પાઉલ સાથેના મિશનરી પ્રવાસમાં લુસ્રા ખાતે લોકોએ બાર્નાબાસને ઝયુસદેવ અને પાઉલને હેર્મસદેવ કહ્યા. જન્મથી અપંગ એક માણસને ચાલતો કરવાના પાઉલના ચમત્કારથી પ્રભાવિત થઈને લુકોનિયાના લોકોએ પાઉલ અને બાર્નાબાસ વિશે કહ્યું, 'આપણે ત્યાં તો દેવો માનવરૂપે ઊતરી આવ્યા છે!' (પ્રે. ચ. ૧૪, ૧૧).

પાઉલ ખ્રિસ્તીઓના સતામણીખોર તરીકે ઓળખાતા હોવાથી અન્ય શિષ્યો જ્યારે પાઉલથી ડરતા હતા ત્યારે બાર્નાબાસ જ હિંમતભેર પાઉલની પડખે રહ્યા હતા અને તેમને શિષ્યો પાસે લઈ ગયા હતા. પ્રેષિતોનાં ચરિતોમાં આ ઘટના વિગતવાર વર્ણન પામી છે. 'યરુશાલેમ પહોંચ્યા પછી તેણે શિષ્યોમાં ભળવાનો પ્રયત્ન કર્યો, પણ તેઓ બધા એનાથી ડરતા હતા, કારણ, તેમને વિશ્વાસ નહોતો બેસતો કે એ શિષ્ય થયો છે. છતાં બાર્નાબાસે એને સાથ આપ્યો અને પ્રેષિતો આગળ લઈ ગયો, અને શાઉલને પ્રવાસ દરમિયાન દર્શન દઈને પ્રભુએ કેવી રીતે એની સાથે વાતો કરી હતી, અને દમસ્કમાં એણે કેવો હિંમતભેર ઈસુને નામે ઉપદેશ કર્યો હતો, એ બધું તેમને કહી સંભળાવ્યું. ત્યાર પછી શાઉલ પ્રેષિતો સાથે યરુશાલેમમાં હરવાફરવા લાગ્યો અને પ્રભુને નામે હિંમતભેર ઉપદેશ કરતો રહ્યો' (પ્રે. ચ. ૯, ૨૬-૨૮).

બાર્નાબાસ અને શાઉલ અંત્યોખના ધર્મસંઘમાં વિશેષ પસંદગી પામેલ પયગંબરો તથા ઉપદેશકો ગણાતા હતા. મિશનરી કાર્ય માટે તેઓ બીજાઓથી અલગ તારવેલા હતા. પ્રેષિતોનાં ચરિતો આપણને બાર્નાબાસ તથા પાઉલના ખાસ મિશન અંગે જણાવે છે. 'અંત્યોખના ધર્મસંઘમાં કેટલાક પયગંબરો અને ઉપદેશકો હતા: બાર્નાબાસ, કાળિયાને નામે ઓળખાતો શિમયોન, કૂરેનેનો લૂકિયસ, રાજા હેરોદનો બાળમિત્ર મનાહેમ, અને શાઉલ, તેઓ પ્રભુની આરાધના અને ઉપવાસ કરતા હતા. એવામાં પવિત્ર આત્માએ કહ્યું, "જે કામને માટે મેં બાર્નાબાસને અને શાઉલને બોલાવ્યા છે તેને માટે એમને અલગ કાઢી

આપો.' પછી ઉપવાસ અને પ્રાર્થના કર્યા બાદ તેઓએ તેમને માથે હાથ મૂકીને તેમને રવાના કરી દીધા.' (પ્રે. ચ. ૧૩, ૧-૩).

પછી ખ્રિસ્તીઓ સતામણીના માર્યા વેરવિખેર થઈ ગયા અને સાયપ્રસ તથા અંત્યોખ જેવા દૂરસુદૂરના પ્રદેશોમાં પહોંચ્યા. વિખૂટા પડેલા ખ્રિસ્તીઓ જ્યાં પણ ગયા ત્યાં પોતાની શ્રદ્ધાનો પ્રસાર કરતા રહ્યા. શ્રદ્ધાળુઓનો એક ઊભરતો સમુદાય અંત્યોખમાં અસ્તિત્વમાં આવ્યો છે, એવી વાત જ્યારે યરુશાલેમમાં પહોંચી ત્યારે આદિ ધર્મસંઘના આગેવાનોએ અંત્યોખ મોકલવા માટે બાર્નાબાસની પસંદગી કરી હતી.

પ્રેષિતોનાં ચરિતો કહે છે, 'યરુશાલેમમાંના ધર્મસંઘને કાને આ સમાચાર આવતાં, તેમણે બાર્નાબાસને અંત્યોખ મોકલી આપ્યો. ત્યાં આવીને ઈશ્વરની કૃપાનાં ફળ જોઈને તેને ખૂબ આનંદ થયો.' (પ્રેષિતોનાં ચરિતો ૧૧, ૨૨-૩૩). અહીં આપણને તેમની ઉત્સાહી મિશનરી તરીકેની કાર્યપદ્ધતિનો ખ્યાલ મળે છે. ઈશ્વરના માનવ તરીકે લોકો વચ્ચે તે પવિત્ર આત્માના કાર્યને ઓળખી શક્યા. લોકોની શ્રદ્ધાની પ્રશંસા તેઓ કરી શક્યા અને શ્રદ્ધામાં ટકી રહેવા જાળવવા તથા તેમાં વૃદ્ધિ પામવા તેઓ લોકોને પ્રેરણા આપી શક્યા.

બાર્નાબાસ કદાચ પાઉલ સાથેના તેમના મિશનરી પ્રવાસ માટે અને પછી તેમની વચ્ચે થયેલી તકરારને કારણે અલગ-અલગ માર્ગે જવા માટે વધારે જાણીતા છે. 'પ્રેષિતોનાં ચરિતો'ના ૧૩ અને ૧૪મા અધ્યાયોમાં આ આખી ઘટનાનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. પાઉલ અને બાર્નાબાસ ખૂબ સારા મિશનરી મિત્રો હતા અને અંત્યોખ, લુકોનિયા, લુસ્ત્રા તથા દેર્બે જેવાં સ્થળોએ તેમણે ઈસુ અંગે હિંમતભેર પ્રચાર કર્યો હતો.

ઇકોનિયોમાં પાઉલ અને બાર્નાબાસ 'યહૂદીઓના સભાગૃહમાં ગયા અને એવી રીતે બોલ્યા કે યહૂદીઓ અને બિનયહૂદીઓનો મોટો સમુદાય ઈસુ ઉપર શ્રદ્ધા ધરાવતો થયો.' (પ્રે. ચ. ૧૪, ૧).

દેર્બેમાં પણ એવું જ થયું. 'પાઉલ અને બાર્નાબાસે દેર્બેમાં શુભસંદેશનો પ્રચાર કર્યો અને ઘણા શિષ્યો બનાવ્યા.' (પ્રે. ચ. ૧૪, ૨૧).

નવાઈ પમાડે એવી વાત એ છે કે બાર્નાબાસ અને પાઉલ જેવા મહાન મિશનરીઓ પોતાના સફળ મિશન દરમિયાન મતભેદથી અલગ પડી ગયા હતા. પણ હકીકત એ છે કે તેઓની વચ્ચેની તકરાર માટે ત્રીજી વ્યક્તિ કારણભૂત હતી. વિવિધ સ્થળોએ શિષ્યોની પુનઃમુલાકાતની પાઉલની ઇચ્છા હતી અને બાર્નાબાસ પાઉલ સાથે પૂર્ણ સંમત હતા. પણ બાર્નાબાસ પોતાના ભત્રીજા માર્કને તેમની સાથે લેવા માગતા હતા. માર્ક એમને એક મિશનરી પ્રવાસમાં અધવચ્ચે છોડી ગયા હતા. તેથી પાઉલ માર્કને લેવાની વિરુદ્ધમાં હતા. એ બાબતમાં મતભેદ એટલો બધો તીવ્ર હતો કે બાર્નાબાસ અને પાઉલ બંને અલગ-અલગ રસ્તે વળી ગયા અને છૂટા પડ્યા: 'તેમની વચ્ચે મતભેદ એટલો તીવ્ર થયો હતો કે તેઓ છૂટા પડી ગયા. બાર્નાબાસ માર્કને સાથે લઈને વહાણને રસ્તે સાયપ્રસ ચાલ્યો ગયો, અને પાઉલે સિલાસને પસંદ કર્યો.' (પ્રે. ચ. ૧૫, ૩૯-૪૦).

જોકે, એ જાણીને રાહત થાય છે કે પાછળથી પાઉલ અને બાર્નાબાસ વચ્ચે સુલેહ થઈ હતી અને તેઓ સહ-કાર્યકર તરીકે કામ કરવા લાગ્યા. (૧ કરિંથ ૯, ૬; કલોસ્સા ૪, ૧૦).

પ્રારંભિક ધર્મસભાના પ્રથમ ખ્રિસ્તીઓમાં સૌથી વધારે માનનીય આગેવાનો પૈકી બાર્નાબાસ પણ એક છે.

૬૫. ગમલિયેલ, પાઉલના શિક્ષક

ગમલિયેલ નામનો અર્થ હિબ્રૂ ભાષામાં ઈશ્વરનો પ્રતિફળ છે. ગમલિયેલ યહૂદી કાયદાકાનૂનના પ્રબુદ્ધ શિક્ષક અને આદરણીય ફરોશી હતા. તાલમુડ એટલે યહૂદી નાગરિક અને ધાર્મિક કાયદાકાનૂનનો સંગ્રહ કહે છે કે રબ્બી ગમલિયેલના મૃત્યુથી કાયદાની ભવ્યતા લોપ પામી.

હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ (Who's Who the New Testament) ના લેખક રોનાલ્ડ બ્રાઉનરિંગ કહે છે કે 'રબ્બાન'ના સર્વશ્રેષ્ઠ ઇલકાબથી નવાજવામાં આવેલા, સાત યહૂદી રબ્બુનીઓમાં ગમલિયેલ એક હતા. જૉન એલ. મેકેન્ઝીનો ગ્રંથ 'ધ ડિક્શનરી ઑફ ધ બાઇબલ' જણાવે છે કે 'રબ્બાન'ને કાયદાના સર્વશ્રેષ્ઠ શિક્ષક માનવામાં આવે છે. (પૃ. ૨૯૬).

બ્રાઉનરિંગ કહે છે કે, ગમલિયેલ જાણીતા રબ્બી હિલ્લેલના પૌત્ર અને વિદ્યાર્થી હતા. યહૂદી કાયદાકાનૂનની પરંપરામાં હિલ્લેલ અને એમના પ્રતિસ્પર્ધી શામ્માઈ ઉદાત્ત જોડી હતી. હિલ્લેલની સ્કૂલમાં એક આદર્શ ફરોશી તરીકે ગમલિયેલ કાયદાની બાબતમાં દયાળુ, ઉદારમતવાદી અને વાસ્તવદર્શી પંડિત હતા. પણ શામ્માઈ સદૂકીઓના પ્રતિનિધિરૂપ કાયદાને ચુસ્તપણે વળગી રહેનાર કલ્પનાવિહીન વલણવાળા તાર્કિક સિદ્ધાંતવાદી હતા. (જુઓ હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ, પૃ. ૭૫).

નવા કરારમાં ગમલિયેલની વાત આપણને સૌ પ્રથમ 'પ્રેષિતોનાં ચરિતો'માં મળે છે. પીતર અને યોહાનની ધરપકડ કરીને વરિષ્ઠ સભા સમક્ષ ખડા કરવામાં આવે છે. પ્રેષિતોનો ન્યાય તોળવામાં આવે છે. પોતાના ઉપર આરોપ મૂકનાર સામે પીતર અને યોહાન દૃઢપણે ઈસુ ખ્રિસ્ત પરની પોતાની શ્રદ્ધા વરિષ્ઠસભા સમક્ષ જાહેર કરે છે. પ્રેષિતોની આ હિમ્મતભરી વાતથી વરિષ્ઠસભાના સભ્યો ધૂંઆપૂંઆ થાય છે અને પ્રેષિતોને મારી નાખવા માંગે છે. આ વિકટ પરિસ્થિતિમાં ગમલિયેલે આપેલી સલાહથી પ્રેષિતોનો વધ કરવા તૈયાર થયેલા વરિષ્ઠસભાના સભાસદો સ્વસ્થ રીતે વિચારીને પ્રેષિતોને છોડી મૂકે છે.

'પ્રેષિતોનાં ચરિતો'માં આપણે ગમલિયેલની સલાહ વાંચીએ છીએ. 'આ સાંભળીને તેઓ સળગી ઊઠયા અને તેમનો વધ કરવાને તૈયાર થયા; પણ ગમલિયેલ નામનો એક ફરોશી, જે પોતે નિયમસંહિતાનો પંડિત હતો અને બધા લોકો જેને માન આપતા હતા, તેણે વરિષ્ઠસભામાં ઊભા થઈને પ્રેષિતોને થોડા સમય માટે બહાર મોકલવાની આજ્ઞા કરી, અને પછી સભાસદોને કહ્યું,

'ઇસ્રાયલી ભાઈઓ, આ માણસો સામે તમે જે પગલાં લેવા તૈયાર થયા છો, તેનો કાળજીથી વિચાર કરજો. થોડા સમય પહેલાં થ્યુદાસ આવ્યો હતો અને પોતે પણ કંઈક છે એમ કહેતો હતો. આશરે ચારસોએક માણસો એની સાથે જોડાયા હતા, પણ તે માર્યો ગયો અને તેના અનુયાયીઓ બધા વેરવિખેર થઈ ગયા અને શૂન્યમાં મળી ગયા. એ પછી વસ્તીગણતરીના અરસામાં ગાલીલનો યહૂદા આવ્યો; તેણે કેટલાક લોકોને પોતાની પાછળ ખેંચ્યા. પણ તેનો પણ અંત આવ્યો અને તેના અનુયાયીઓ પણ બધા વેરણછેરણ થઈ

ગયા. એટલે અત્યારે મારું તમને એમ કહેવું છે કે, આ લોકોથી આઘા જ રહેજો. એમને જે કરવું હોય તે કરવા દેજો; કારણ, એ યોજના અથવા પ્રવૃત્તિના મૂળમાં જો માણસ હશે તો તે પડી ભાંગશે, પણ એના મૂળમાં જો ઈશ્વર હશે તો તમે એમને જેર કરી શકવાના નથી, અને ઊલટા તમે ઈશ્વરની સામે બાકરી બાંધશો." (પ્રે. ચ. ૫, ૩૩-૩૯).

નવા કરારમાં ગમલિયેલનો બીજો ઉલ્લેખ પણ આપણને 'પ્રેષિતોનાં ચરિતો'ના ૨૨મા પ્રકરણમાં જોવા મળે છે. પાઉલ પોતાને ગમલિયેલના શિષ્ય કે વિદ્યાર્થી તરીકે જાહેર કરે છે અને પોતાની જાતનો બચાવ કરતાં કહે છે કે, 'હું પણ યહૂદી છું. કિલીકિયામાં આવેલા તાર્સસમાં જન્મેલો છું અને આ જ શહેરમાં ઊછરેલો છું. આપણા પૂર્વજોના શાસ્ત્રને ચુસ્ત રીતે અનુસરીને મને ગમલિયેલને ચરણે શિક્ષણ મળેલું છે. ઈશ્વરને વિશે તમે બધા આજે જેવી ધગશ ધરાવો છો તેવી જ હું પણ ધરાવતો આવ્યો છું.' (પ્રે. ચ. ૨૨, ૩).

બાઇબલના પંડિતો માને છે કે પાઉલે ગમલિયેલ પાસે ૩-૪ વર્ષ પોતાના પૂર્વજોના યહૂદી ધર્મ અને કાયદાઓનો અભ્યાસ કર્યો હશે.

યરુશાલેમ ખાતે વરિષ્ઠસભામાં ગમલિયેલે કરેલી વાત પુરવાર કરે છે કે તેઓ એક ઉદારમતવાદી હતા અને કાયદાકાનૂનને અક્ષરશ: વળગી રહેવાને બદલે સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં લઈને દયાળુપણે ન્યાય કરનાર ધર્મિષ્ઠ માણસ હતા.

બાઇબલનો શબ્દકોશ તૈયાર કરનાર મેકેન્ઝી કહે છે કે આદિ ખ્રિસ્તીઓ અંગેની એક દંતકથા મુજબ ગમલિયેલ ખ્રિસ્તી બન્યા હતા. (પૃ. ૨૯૬).

૬૬. ફિલિપ, એક પુરોહિત સહાયક

નવા કરારમાં ફિલિપ નામે ત્રણ પાત્રો છે. એમાં સૌથી વધારે જાણીતું પાત્ર ઈસુના બાર શિષ્યોમાંનો એક, પ્રેષિત ફિલિપ છે. બીજો ફિલિપ ગાલીલના રાજા હેરોદનો ભાઈ ફિલિપ છે. તે 'યહૂદિયા અને ત્રાખોનિતિયાનો રાજા હતો.' (લૂક ૩, ૧) માથ્થી અને માર્ક રચિત શુભસંદેશોમાં તેમના નામનો ઉલ્લેખ છે. આપણે અહીં ત્રીજું પાત્ર પુરોહિત સહાયક ફિલિપની વાત કરીએ.

પુરોહિત સહાયક ફિલિપની વાત 'પ્રેષિતોનાં ચરિતો'માં આવે છે. 'પ્રેષિતોનાં ચરિતો'ના છઠ્ઠા પ્રકરણમાં સાત સહાયકોની વરણીની વાત આવે છે.

પ્રેષિતો ઈશ્વરની વાણીના પ્રચારમાં રોકાયેલા હતા ત્યારે નવા ઈસુપંથને અનુસરનાર શિષ્યોની સંખ્યા વધવા માંડી અને રોજ અન્ન વહેંચણી જેવાં કામો માટે ખાસ માણસોની જરૂર પડી. 'પ્રેષિતોનાં ચરિતો'માં આખી વાત આપણે વાંચીએ.

'એ દિવસોમાં શિષ્યોની સંખ્યા વધતી જતી હતી ત્યારે ગ્રીકભાષી લોકોએ હિબ્રૂભાષી લોકો વિરુદ્ધ બડબડાટ શરૂ કર્યો કે, 'રોજ અન્ન વહેંચતી વખતે અમારી વિધવાઓની ઉપેક્ષા કરવામાં આવે છે.' આથી બાર પ્રેષિતોએ બધા શિષ્યોને ભેગા કરીને કહ્યું, 'ઈશ્વરની વાણીને પડી મૂકીને અમે ભાણાંની ચિંતા કર્યા કરીએ એ ઠીક નથી." (પ્રે. ચ. ૬, ૧–૩).

પ્રેષિતોએ કરેલી વાત બધા લોકોને મંજૂર હતી. એટલે પ્રેષિતોની સૂચના મુજબ લોકોએ પોતાનામાંથી સાત પ્રતિષ્ઠિત માણસોને ચૂંટી કાઢ્યા. તે સાત માણસો પવિત્ર આત્માથી સભર હતા અને તેમનામાં વહેવારબુદ્ધિ હતી.

'પ્રેષિતોનાં ચરિતો'માં આપણને સાતેય સહાયકોનાં નામો મળે છે. સ્તેફાન, ફિલિપ, પ્રોખરસ, નિકાનોર, તિમોન, પાર્મનાસ અને નિકલાઉસ. લોકોએ આ સાતેય જણને પ્રેષિતો આગળ રજૂ કર્યા, અને પ્રેષિતોએ પ્રાર્થના કરીને તેમને માથે હાથ મૂક્યા.

ફિલિપ અને બીજા સહાયકોની પસંદગી અને નિમણૂકથી સારું પરિણામ આવ્યું. લૂક કહે છે, 'ઈશ્વરના સંદેશાનો પ્રસાર વધતો જ ગયો, અને યરુશાલેમમાં શિષ્યોની સંખ્યા પુષ્કળ વધતી ગઈ, અને ઘણા બધા પુરોહિતો પણ ઈસુ ઉપર શ્રદ્ધા ધરાવતા થયા.' (પ્રે. ચ. ૬, ૭).

'પ્રેષિતોનાં ચરિતો'ના સાતમા પ્રકરણમાં પુરોહિત સહાયક સ્તેફાનનાં પ્રૈષિતિક કાર્ય તથા તેમની શહાદતની વાત કર્યા પછી લગભગ આખા ૮માં પ્રકરણમાં પુરોહિત સહાયક ફિલિપના પ્રૈષિતિકાર્ય વિશેની વાત આવે છે. યરુશાલેમમાંના ધર્મસંઘ પરની સતામણીથી ઈસુના અનુયાયીઓ યહૂદિયા, શમરુન જેવા પ્રદેશોમાં ફેલાઈ ગયા.

શમરુનના પ્રદેશમાં ગયેલા શિષ્યો સાથે પુરોહિત સહાયક ફિલિપ જોડાયા. 'ફિલિપ શમરુનના શહેરમાં જઈને ત્યાંના લોકોની આગળ ખ્રિસ્તનો પ્રચાર કરવા લાગ્યો.' (પ્રે. ચ. ૮,૫).

લોકો ફિલિપે કરેલી ઈસુ ખ્રિસ્તની વાત એકચિત્તે સાંભળતા હતા. તેમણે જોયું કે

ફિલિપની વાતથી અશુદ્ધ આત્માઓ માણસમાંથી બહાર નીકળતા હતા; લકવાવાળાં અને લૂલાંલંગડાં માણસો સાજાં થતાં હતાં.

લૂકે નોંધ્યું છે કે, 'ઈશ્વરના રાજ્યનો અને ઈસુ ખ્રિસ્તનો શુભસંદેશ સંભળાવનાર ફિલિપનાં વચન ઉપર તે લોકોની શ્રદ્ધા બેસતાં તેમણે, પુરુષોએ અને સ્ત્રીઓએ બંનેએ, સ્નાનસંસ્કાર લીધો.' (પ્રે. ચ. ૮, ૧૨).

ફિલિપે ઇથિયોપિયાના ઉચ્ચ અમલદારને સ્નાનસંસ્કાર આપ્યો તે તેમનું સૌથી શ્રેષ્ઠ સક્ષમ પ્રૈષિતિકકાર્ય ગણી શકાય. પવિત્ર આત્માની પ્રેરણાથી ફિલિપે ઊઠીને યરુશાલેમમાંથી ગાઝા જતા રસ્તે ચાલવા માંડ્યું. રસ્તામાં તેમને ઇથિયોપિયાનો એક ખોજો મળ્યો. તે ઇથિયોપિયાનાં રાણી કંદાકેના બધા ભંડાર સંભાળતો હતો. તે અમલદાર યરુશાલેમથી પાછા વળતાં રથમાં બેઠાં બેઠાં પયગંબર યશાયાનો ગ્રંથ વાંચતો હતો. પવિત્ર આત્માના પ્રેર્યા ફિલિપે પેલા રથને પકડી પાડ્યો અને અમલદારને પૂછ્યું, 'તમે વાંચો છો એ તમને સમજાય છે?'

ઇથિયોપિયાના અમલદારે ફિલિપને રથમાં પોતાની પાસે બેસાડયા. અમલદાર નીચેનો શાસ્ત્રપાઠ વાંચતો હતો:

'કતલ કરવાના ઘેટાની પેઠે તેને દોરી ગયા;
ઊન ઉતારનાર આગળ ઘેટું જેમ મૂંગું રહે છે તેમ
તેણે પોતાનું મોં ખોલ્યું નહીં.
તેનું અપમાન થયું,
પણ તેને ન્યાય ન મળ્યો.
એના વંશજોની વાત કોણ કરી શકશે?
કારણ, આ પૃથ્વી ઉપરથી
એનું જીવન હરી લેવામાં આવ્યું છે. '

(પ્રે. ચ. ૮, ૩૨-૩૩).

અમલદારે શાસ્ત્રનો પાઠ વાંચીને ફિલિપને પૂછ્યું કે, 'પયગંબર પોતાના વિશે કહે છે કે બીજાના વિશે?'

'પછી ફિલિપે બોલવાનું શરૂ કર્યું અને શાસ્ત્રના આ વચનથી શરૂઆત કરી તેને ઈસુનો શુભસંદેશ સંભળાવ્યો.' (પ્રે. ચ. ૮, ૩૪).

જ્યારે તેઓ એક જળાશય આગળ આવી પહોંચ્યા ત્યારે અમલદારની માગણીથી ફિલિપે એમને સ્નાનસંસ્કાર કરાવ્યો.

'તેઓ પાણીમાંથી બહાર આવ્યા ત્યાં પવિત્ર આત્માએ ફિલિપને ઝડપી લીધો, અને અમલદાર પછી તેને જોવા પામ્યો નહીં. અમલદાર રાજી થતો થતો પોતાને રસ્તે પડ્યો. ફિલિપ જુએ છે તો પોતે અઝોતસ પહોંચી ગયો હતો; અને ત્યાંથી તે રસ્તે આવતાં બધાં ગામોમાં શુભસંદેશ સંભળાવતો સંભળાવતો કૈસરિયા પહોંચ્યો.' (પ્રે. ચ. ૮, ૩૯-૪૦).

બાઇબલ નિષ્ણાત રોનાલ્ડ બ્રાઉનરિગ કહે છે કે, 'કૈસરિયામાં આશરે ઈસ્વીસન ૫૮માં ફિલિપ અને એમની ચાર દીકરીઓએ પાઉલ અને લૂકની મહેમાનગીરી સ્વીકારી હતી અને યરુશાલેમ તરફની પાઉલની છેલ્લી મુસાફરીમાં એમને વિદાય આપી હતી.' (જુઓ હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ, પૃ. ૨૧૫).

ફિલિપ અને એમના કુટુંબ સાથેના પાઉલ સહવાસ અંગે લૂકે પણ 'પ્રેષિતોનાં

ચરિતો'માં લખ્યું છે. યરુશાલેમ પરત જતી વખતે પાઉલ અને લૂક કૈસરિયામાં થોડો સમય રોકાયા હતા. લૂકે 'પ્રેષિતોનાં ચરિતો'માં નોંધ્યું છે કે, 'બીજે દિવસે અમે ત્યાંથી નીકળી કૈસરિયા આવ્યા. ત્યાં અમે શુભસંદેશવાહક ફિલિપને ઘેર ગયા અને ત્યાં જ રહ્યા. તે યરુશાલેમમાં ચૂંટી કાઢેલા સાત સહાયકોમાંનો એક હતો. તેને ચાર કુંવારી દીકરીઓ હતી, તેઓ અગમવાણી ઉચ્ચારવાની શક્તિ ધરાવતી હતી. અમે ત્યાં થોડા દિવસ રોકાયા.' (પ્રે. ચ. ૨૧, ૮-૧૦).

ફિલિપ અને એમની ચાર દીકરીઓ વિશે આપણી પાસે અન્ય કોઈ માહિતી નથી. બ્રાઉનરિગ કહે છે કે ફિલિપના પાછળના જીવન અંગેની પારંપરિક વાતોમાં વિરોધી સૂરો સાંભળવા મળે છે. બ્રાઉનરિગ માને છે કે ફિલિપ પાછળથી લુદાના ધર્માધ્યક્ષ બન્યા હશે. (હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ, પૃ. ૨૧૫).

૬૭. પ્રથમ શહીદ સ્તેફાન

બાઇબલના નવા કરારનો ગ્રંથ 'પ્રેષિતોનાં ચરિતો'માંથી આપણે સ્તેફાન વિશે જાણીએ છીએ. સ્તેફાન નામનો અર્થ ગ્રીકમાં મુગટ કે હાર થાય છે. પ્રેષિતોએ પસંદ કરેલા સાત સહાયકોમાં સ્તેફાન એક હતા. 'પ્રેષિતોનાં ચરિતો'ના અધ્યાય ૬ અને ૭માં મુખ્યત્વે સ્તેફાનને લગતી વાત છે.

ઈસુના પુનરુત્થાન પછીના એકાદ વર્ષમાં એમના શિષ્યો અને અનુયાયીઓની સંખ્યા આશરે ૫૦૦૦ જેટલી થઈ હતી. ઈસુના બાર પ્રેષિતો આટલા બધા અનુયાયીઓ માટે વાણીની ઘોષણા અને ભાણાંની સેવા કરી શકતા નહોતા. વળી, રોજ અન્ન વહેંચવા અંગે ગ્રીકભાષી લોકો અને હિબ્રૂભાષી લોકો વચ્ચે બડબડાટ પણ થતો હતો. પ્રેષિતોનાં ચરિતો નોંધે છે, 'એ દિવસોમાં શિષ્યોની સંખ્યા વધતી જતી હતી ત્યારે ગ્રીકભાષી લોકોએ હિબ્રૂભાષી લોકો વિરુદ્ધ બડબડાટ શરૂ કર્યો કે, 'રોજ અન્ન વહેંચતી વખતે અમારી વિધવાઓની ઉપેક્ષા કરવામાં આવે છે.' (પ્રે. ચ. ૬, ૧).

આ સંદર્ભમાં બાર પ્રેષિતોએ બધા શિષ્યોને ભેગા કરીને એમનામાંથી સાત પ્રતિષ્ઠિત માનવોને અન્ન વહેંચણી જેવાં કામો વ્યવસ્થિત રીતે કરવા માટે પસંદ કરવાની સૂચના કરી. સ્તેફાન એમાંના એક હતા.

'આ સૂચના સૌને પસંદ પડી, અને તેમણે જે શ્રદ્ધા અને પવિત્ર આત્માથી સભર ભર્યો હતો એવા સ્તેફાનને, અને ફિલિપને, પ્રોખરસને, નિકાનોરને, તિમોનને, પાર્મનાસને તથા જેણે પહેલાં યહૂદી ધર્મનો સ્વીકાર કર્યો હતો તે અંત્યોખના નિકલાઉસને ચૂંટી કાઢયા. એ બધાને તેમણે પ્રેષિતો આગળ રજૂ કર્યા, અને પ્રેષિતોએ પ્રાર્થના કરીને તેમને માથે હાથ મૂક્યા.' (પ્રે. ચ. ૬, ૫-૬).

પ્રેષિતોએ સહાયકો વિષે જે આગ્રહ રાખ્યો હતો તે મુજબ સ્તેફાન પ્રતિષ્ઠિત માણસ હતા અને પવિત્ર આત્માથી સભર હતા. વળી, તેમનામાં વહેવારબુદ્ધિ પણ હતી. એટલે યહૂદી સભાગૃહના બંધનમુક્તો કહેવાતા કેટલાક માણસો તેમ જ કેટલાક ગ્રીક લોકો સ્તેફાન સાથે વાદવિવાદ કરવા આવ્યા. પ્રેષિતોનાં ચરિતો નોંધે છે, 'સ્તેફાનને પ્રભુની કૃપા અને શક્તિ ભરપૂર મળેલી હતી. તેણે લોકોમાં મોટા ચમત્કારો અને પરચા બતાવવા માંડયા. પણ બંધનમુક્તોના કહેવાતા સભાગૃહના કેટલાક માણસોએ અને કુરેને, આલેકસાંડ્રિયા તેમ જ કિલીકિયા અને આસિયાના કેટલાક માણસોએ આવીને સ્તેફાન સાથે વાદવિવાદ કરવા માંડયો. પણ તે પવિત્ર આત્માની પ્રેરણાથી એવી જ્ઞાનભરી વાણી બોલતો હતો કે તેની આગળ તેઓ ટક્કર ઝીલી શક્યા નહીં.' (પ્રે. ચ. ૬, ૮-૧૦).

વાદવિવાદમાં હારેલા સ્તેફાનના વિરોધીઓએ એમને પછાડવા માટે અવળો રસ્તો લઈને એમને કેદમાં પકડ્યા. 'ત્યારે તેમણે એવા માણસો ઊભા કર્યા જેમણે કહ્યું કે, 'અમે એને મોશેની અને ઈશ્વરની નિંદાનાં વચનો ઉચ્ચારતો સાંભળ્યો છે.'

આમ, તેઓએ લોકોને, આગેવાનોને અને શાસ્ત્રીઓને ઉશ્કેરી મૂક્યા અને સ્તેફાન ઉપર તૂટી પડી, તેને પકડીને વરિષ્ઠસભા સમક્ષ લઈ જઈ ખોટા સાક્ષીઓ ઊભા કરી

કહેવડાવ્યું કે, 'આ માણસ આખો વખત આ પવિત્ર સ્થાનની અને શાસ્ત્રની વિરુદ્ધ બોલ્યા કરે છે. અમે એને એવું કહેતા સાંભળ્યો છે કે, 'આ નાસરેથવાળો ઈસુ આ સ્થાનનો નાશ કરશે અને મોશેએ આપણને આપેલા રીતરિવાજોને બદલી નાખશે." (પ્રે. ચ. ૬, ૧૧-૧૪).

વરિષ્ઠસભા અને વડાપુરોહિત સમક્ષ પોતાનો બચાવ કરવાનો વારો આવ્યો ત્યારે સ્તેફાને નીડરતાથી કહ્યું, 'ભાઈઓ અને વડીલો, સાંભળો. આપણા પૂર્વજ અબ્રાહામ હારાનમાં આવીને રહ્યા તે પહેલાં મેસોપોતામિયા હતા ત્યારે મહિમાવંત ઈશ્વરે તેમને દર્શન દઈને કહ્યું હતું, 'તારા દેશને અને સગાંવહાલાંને છોડીને હું બતાવું તે દેશમાં ચાલ્યો આવ'...' (પ્રે. ચ. ૭, ૨-૩).

આમ, અબ્રાહામથી માંડી ઈસુના મૃત્યુ સુધીનો યહૂદીઓનો ધાર્મિક ઇતિહાસ સ્તેફાને સૌને કહી સંભળાવ્યો. સ્તેફાનની છેલ્લી વાતમાં વડાપુરોહિત અને વરિષ્ઠસભાના લોકો સામે સીધો આક્ષેપ હતો.

'તમે કેવા જિદ્દી છો! તમારાં હૃદય અને કાન ધર્મવિમુખ જ રહ્યાં છે; તમે હંમેશાં પવિત્ર આત્માનો વિરોધ કરો છો. તમારા વડવાઓએ કર્યું તે જ તમે કરો છો. તમારા પૂર્વજોએ કયા પયગંબરને સતાવ્યા નહોતા? જેમણે જેમણે ઈશ્વરે મોકલેલ ધર્મપુરુષના આગમનની આગાહી કરી હતી તેમને એ લોકોએ મારી નાખ્યા હતા, અને હવે તમે એ ધર્મના અવતારનો વિશ્વાસઘાત કર્યો છે અને તેનું ખૂન કર્યું છે. તમને તો દેવદૂતો મારફતે ધર્મસંહિતા મળી છે, છતાં તમે તે પાળી નથી.' (પ્રે. ચ. ૭, ૫૧-૫૩).

આમ સ્તેફાને વડાપુરોહિત અને તેમની વરિષ્ઠસભાને ઈસુનો વિશ્વાસઘાત કરનાર અને તેમના ખૂનના જવાબદાર ઠરાવ્યા ત્યારે સ્તેફાન વિરુદ્ધ તેઓ દાંત કચકચાવવા લાગ્યા. તે પ્રસંગે સ્તેફાનને એક દિવ્યદર્શન થયું.

'પણ પવિત્ર આત્માથી જે સભર ભર્યો હતો એવા સ્તેફાને આકાશ તરફ મીટ માંડી તો તેને ઈશ્વરના મહિમાનાં દર્શન થયાં, અને તેણે ઈસુને ઈશ્વરના જમણે હાથે ઊભેલા જોયા. તે બોલી ઊઠયો, 'જુઓ, જુઓ, આકાશ ખૂલી ગયું છે, અને હું માનવપુત્રને ઈશ્વરને જમણે હાથે ઊભેલો જોઉં છું!" (પ્રે. ચ. ૭, ૫૫-૫૬).

આ સાંભળીને સ્તેફાનના વિરોધીઓનો રોષ ભભૂકી ઊઠયો અને તેઓ તેમને શહેર બહાર ધકેલી જઈ પથરા મારવા લાગ્યા. પથ્થરના ઘા પડતા સ્તેફાને મોટેથી પોતાના વિરોધીઓ માટે પ્રાર્થના કરી.

"પ્રભુ ઈસુ, મારા પ્રાણને સંભાળી લો.'

'પછી તે ઘૂંટણિયે પડીને મોટે સાદે બોલી ઊઠયો, 'પ્રભુ, આ પાપ એમને માથે ચડાવશો નહીં.' એટલું કહીને તે ચિરનિદ્રામાં પોઢી ગયો.' (પ્રે. ચ. ૭, ૫૯ ૬૦).

સ્તેફાન ઈસુની જેમ જ મૃત્યુને વર્યા. તેમણે પોતાને પથ્થર મારીને મારી નાખનાર વિરોધીઓ માટે પ્રાર્થના કરી અને તેમને માટે પ્રભુ ઈસુ પાસે માફી માગી. આ રીતે છેલ્લી ઘડી સુધી હિંમતથી વિરોધીઓને માટે પ્રાર્થના કરવામાં અને માફી આપવામાં સ્તેફાને પોતાના વિરોધીઓ પરના પ્રેમની જીત બતાવી.

યરુશાલેમના ઉત્તર ભાગમાં 'સ્તેફાનને પથ્થર મારો' નામે એક દેવળ હતું. યરુશાલેમમાં એ દેવળની જગ્યાએ ઈસ્વીસન ૪૬૦માં એમ્પેરેસ થેઓડાસિયાએ સંત સ્તેફાનના નામે એક મહાદેવળ અને સહાયકો (ડીકન્સ)ની તાલીમ માટે એક મઠ સ્થાપ્યા હતા. બારમી સદીમાં મહાદેવળ અને મઠને જમીનદોસ્ત કરવામાં આવ્યાં હતાં. પરંતુ ૧૮૮૧માં દોમેનિકન ફાધરોએ જૂના મહાદેવળવાળી જગ્યા મેળવીને ત્યાં નવેસરથી સંત

સ્તેફાન દેવળ બાંધ્યું. આજે યરુશાલેમને ફરતે બાંધેલી જૂની દીવાલનો એક દરવાજો સ્તેફાન ગેટ કે લાયન ગેટ નામે ઓળખાય છે.

'પ્રેષિતોનાં ચરિતો'માં નોંધવામાં આવ્યું છે કે, 'કેટલાક ભક્તિપરાયણ માણસોએ સ્તેફાનને દફનાવ્યો અને તેની પાછળ પુષ્કળ શોક કર્યો.' (પ્રે. ચ. ૮, ૨). સ્તેફાનના જીવન અને મૃત્યુનો દાખલો લઈને પ્રથમ સદીથી ખ્રિસ્તી ધર્મના ઇતિહાસમાં શહીદોનું લશ્કર કે વણજાર શરૂ થઈ છે.

મધ્યયુગથી યુરોપના ખ્રિસ્તીઓ વચ્ચે સંત સ્તેફાન એક ખૂબ લોકપ્રિય સંત છે. એટલે એમનું નામ જૂના યજ્ઞસ્તોત્રની પ્રાર્થનામાં સમાવેશ પામ્યું છે. રોજની પરમપૂજામાં દરેક પુરોહિત પ્રાર્થના કરતા હતા કે, 'તમારા પ્રેષિતો અને ધર્મશહીદો સ્નાનસંસ્કારક યોહાન, સ્તેફાન, મથ્થિયા અને બાર્નાબાસ તેમ જ સર્વ સંતોના સંગમાં અમને સ્થાન આપવાની કૃપા કરો.' આજે પણ પરમપૂજામાં પ્રથમ યજ્ઞસ્તોત્ર પસંદ કરનાર પુરોહિત એ જ પ્રાર્થના બોલે છે.

ભારતમાં પણ સંત સ્તેફાન એક લોકપ્રિય સંત છે. એટલે એમને નામે દેવળ, દવાખાનું અને સ્કૂલ જેવી સંસ્થાઓનાં નામ પાડવામાં આવે છે. સંત સ્તેફાનનો તહેવાર નાતાલના દિવસ પછી તરત જ ડિસેમ્બરની ૨૬મી તારીખે ઊજવવામાં આવે છે. સંત સ્તેફાનના ગુણોથી પ્રભાવિત થઈને દુનિયાભરનાં ખ્રિસ્તી મા-બાપ પોતાના દીકરાને સ્તેફાન કે સ્ટીફન નામ આપે છે.

૬૮. હનનિયા નામનો શિષ્ય

ગ્રીક નામ હનનિયાનો અર્થ થાય છે કે, 'ઈશ્વર મધુર છે' કે 'યાહવેહ મધુર રહ્યા છે'. હનનિયા નામે આપણને નવા કરારમાં ત્રણ પાત્રો મળે છે.

અહીં આપણે દમસ્કસ ખાતેના શિષ્યની વાત કરીએ છીએ. હનનિયા નામવાળાં બીજાં બે પાત્રોની વાત એટલે સફીરાનો પતિ હનનિયા. (પ્રે. ચ. ૫, ૧ ૧૦). અને વડો પુરોહિત હનનિયાની વાત (પ્રે. ચ. ૨૩, ૨; ૨૪, ૧) આપણે બીજે કરી છે.

દમસ્કસ ખાતેના શિષ્ય હનનિયાની વાત અદકેરી છે. તેઓ ઈસુ ખ્રિસ્તના જાણીતા શિષ્ય છે અને દમસ્કસ ખાતે નવા ઈસુપંથી લોકોના માનીતા આગેવાન છે. તેઓએ ઈસુના શિષ્યો પર સિતમ ગુજારતા તાર્સસના શાઉલ વિશે ઘણું સાંભળ્યું છે.

પણ પ્રભુ તરફથી શાઉલને મદદ કરવાનું એક દિવ્ય દર્શન મળે છે ત્યારે તેઓ શાઉલનો ડર હોવા છતાં શાઉલને સ્નાનસંસ્કાર કરાવવા જાય છે. આ આખી વાતનું 'પ્રેષિતોનાં ચરિતો'માં લૂકે આબેહુબ વર્ણન કર્યું છે:

'હવે, દમસ્કમાં હનનિયા નામે એક શિષ્ય રહેતો હતો. પ્રભુએ તેને દર્શન દઈને કહ્યું, 'હનનિયા!' તે બોલ્યો, 'હાજર છું. પ્રભુ.'

પછી પ્રભુએ તેને કહ્યું, 'તું ઊભો ઊભો 'સીધી' નામની ગલીમાં જા અને યહૂદાને ઘેર તાર્સસના શાઉલ નામના માણસની તપાસ કર. તે અત્યારે પ્રાર્થના કરી રહ્યો છે અને તેને એક દિવ્યદર્શન લાધ્યું છે. તેમાં તેણે હનનિયા નામના માણસને આવીને પોતાને દેખતો કરવા પોતા ઉપર હાથ મૂકતો જોયો છે.'

હનનિયાએ કહ્યું, 'પ્રભુ, એ માણસે યરુશાલેમમાં તમારા ભક્તો ઉપર જે જે સિતમ ગુજાર્યા છે તે વિશે મેં ઘણા માણસો પાસે સાંભળ્યું છે. અને અહીં પણ જે કોઈ તમારું નામ લે તે સૌને બંધનમાં નાખવાની એણે મુખ્ય પુરોહિતો પાસે સત્તા મેળવી છે.'

પણ પ્રભુએ તેને કહ્યું, 'તું તારે જા. કારણ, વિધર્મી લોકો અને તેમના રાજાઓ આગળ તેમ જ ઇસ્રાયલની પ્રજા આગળ મારું નામ પ્રગટ કરવા મેં એને મારા સાધન તરીકે પસંદ કરેલો છે. હું પોતે એને બતાવીશ કે મારા નામ ખાતર એણે કેટકેટલું ભોગવવાનું છે." (પ્રે. ચ. ૯, ૧૦-૧૬).

પ્રભુનાં દર્શન અને સંદેશથી હનનિયામાં હિંમત આવી અને એમની શંકાકુશંકાઓ દૂર થઈ. હનનિયામાં એટલું બધું પરિવર્તન આવ્યું કે તેમણે પાઉલ પાસે જઈને નીડરપણે એમને પ્રભુનો સંદેશ સંભળાવ્યો. લૂકે હનનિયામાં આવેલા પરિવર્તનની નોંધ લીધી છે.

આથી હનનિયા ગયો અને ઘરમાં જઈને શાઉલ ઉપર પોતાના હાથ મૂકીને બોલ્યો, 'શાઉલ, મારા ભાઈ, પ્રભુએ — અહીં આવતાં રસ્તામાં તને જેમણે દર્શન દીધાં હતાં તે ઈસુએ — તું ફરી દેખતો થાય અને તારામાં પવિત્ર આત્માનો વાસ થાય એ માટે મને મોકલ્યો છે.'

'એને તે જ ક્ષણે શાઉલની આંખો ઉપરથી જાણે પડળ ખૂલી ગયાં અને તે દેખતો થઈ ગયો. પછી તેને સ્નાનસંસ્કાર કરાવવામાં આવ્યો. ત્યાર પછી તેણે ખોરાક લીધો

એટલે તેને શક્તિ આવી.' (પ્રે. ચ. ૯, ૧૭-૧૯).

હનનિયા જાણતા હતા કે શાઉલ પ્રભુ ઈસુના શિષ્યોના કટ્ટર વિરોધી છે, શિષ્યોની સતામણી કરે છે. પણ પ્રભુનો સંદેશ મળતાં પોતાની ગભરામણને બાજુએ મૂકીને પ્રભુ ભરોસે ખુલ્લા મનથી પાઉલ પાસે પહોંચી જાય છે અને પાઉલને સ્નાનસંસ્કાર કરાવે છે. આ પ્રસંગ ઈસ્વીસન ૩૬માં બન્યો હતો.

શાઉલમાંથી પ્રેષિત બનેલા પાઉલને હનનિયામાં આવેલા પરિવર્તનનો ખ્યાલ હતો. એટલે વર્ષો પછી પાઉલે હનનિયાને 'શાસ્ત્રપરાયણ ધર્મિષ્ઠ માણસ' તરીકે ઓળખાવ્યા છે. પાઉલ પોતાના ધર્મપરિવર્તનનો ખ્યાલ આપતાં કહે છે, 'ત્યાં હનનિયા નામનો શાસ્ત્રપરાયણ ધર્મિષ્ઠ માણસ, જેની ત્યાંના યહૂદીઓમાં સારી ખ્યાતિ હતી, તે આવી મારી પાસે ઊભો રહીને બોલ્યો, 'ભાઈ શાઉલ, ફરી દેખતો થા.' તે જ ક્ષણે મને તે દેખાવા લાગ્યો.' (પ્રે. ચ. ૨૨ ૧૨-૧૩).

અહીં પાઉલના શબ્દોમાં આપણે હનનિયા માટેનો એમનો પ્રેમ, કદર અને આદરભાવ જોઈ શકીએ છીએ.

હનનિયા આપણને એક સુન્દર નમૂનો પૂરો પાડે છે. હકીકતો પર આધારિત હોય તો પણ લોકો સામેના આપણા પૂર્વગ્રહો અને વિરોધને આપણે કાયમ વળગી રહેવું ના જોઈએ. માનવો બદલાય છે અને ઘણી વાર પહેલાં કરતાં વધુ સારા બને છે. બદલાયેલા લોકોને સ્વીકારવા અને કદર કરવા માટે આપણે ખુલ્લું મન અને ઉદાર હૃદય રાખવાની જરૂર છે.

૬૯. લકવાગ્રસ્ત ઈસુભક્ત એનિયાસ

ગ્રીક ભાષામાં એનિયાસ નામનો અર્થ ‘સ્તુતિ’ કે ‘ગુણગાન’ થાય છે. લૂક કહે છે કે લુદાના ઈસુભક્ત એનિયાસ આઠ વર્ષથી લકવાથી પથારીવશ હતા. ફરતા ફરતા પીતર લુદા પહોંચ્યા અને પથારીવશ એનિયાસને મળ્યા.

લૂક ‘પ્રેષિતોનાં ચરિતો’માં લખે છે, ‘હવે, એવું બન્યું કે બધે ફરતો ફરતો પીતર લુદામાં રહેતા ભક્તો પાસે આવી પહોચ્યો. ત્યાં તેણે એનિયાસ નામના એક માણસને લકવાને કારણે આઠ વરસથી પથારીમાં પડેલો જોયો. પીતરે તેને કહ્યું, ‘એનિયાસ, ઈસુ ખ્રિસ્ત તને સાજો કરે છે; ઊઠ, અને તારી પથારી જાતે કર.’ અને તરત જ તે ઊભો થયો. લુદા અને શારોનના બધા વતનીઓએ તેને જોયો અને તેઓ પ્રભુ તરફ વળ્યા.’ (પ્રે. ચ. ૯, ૩૨-૩૫).

ઈસુની ધરપકડથી ડરી ગયેલા અને ઘણી વાર આવેશમય રીતે વર્તનાર પીતર ઈસુના પુનરુત્થાન પછી વિરલ હિંમત અને ધગશવાળા પ્રેષિત બન્યા છે. હવે પીતર પુનરુત્થાનની શક્તિથી ઈસુની ઘોષણા કરે છે અને ઈસુના સંદેશનો પ્રચાર-ફેલાવ કરતા બધે જ ફરે છે.

યહૂદી ધર્મમાંથી ઈસુના અનુયાયીઓ બનેલા ખ્રિસ્તીઓ વચ્ચે ફરતાં પીતર લુદા પહોંચે છે. લુદામાં લકવાથી પથારીવશ એનિયાસને દૃઢ શ્રદ્ધાથી કહે છે, ‘એનિયાસ, ઈસુ ખ્રિસ્ત તને સાજો કરે છે; ઊઠ, અને તારી પથારી જાતે કર.’ એનિયાસ પણ ઈસુના નામ પરની અટલ શ્રદ્ધાથી સાજાનરવા થઈને ઊભા થાય છે અને પથારી જાતે કરે છે.

આઠ વર્ષથી લકવાનો ભોગ બનીને પથારીવશ રહેલા એનિયાસના ચમત્કારિક સાજાપણાના સમાચાર આખા લુદામાં જ નહીં, પણ પાસેના શારોન ગામમાં વાયુવેગે ફેલાયા અને બંને ગામોમાંથી ઘણાબધા લોકો ઈસુ તરફ વળ્યા. લૂકે લખ્યું છે કે એનિયાસને જોઈને લુદા અને શારોનના બધા વતનીઓ પ્રભુ તરફ વળ્યા. (પ્રે. ચ. ૯, ૩૫)

૧૦. 'ટબીથા ઊઠ!'

હિબ્રૂ ભાષામાં ટબીથા કે ગ્રીક ભાષામાં 'દોરકાસ' નામનો અર્થ થાય છે ચપળ નેત્રોવાળી નાની હરણી. ટબીથાની વાત આપણને ફક્ત 'પ્રેષિતોનાં ચરિતો'માં મળે છે. લૂકે નોંધ્યું છે કે, 'યાફામાં એક શિષ્યા રહેતી હતી. તેનું નામ ટબીથા હતું. એ બાઈનું આખું જીવન સત્કર્મ અને દાનધર્મમાં વીત્યું હતું.' (પ્રે. ચ. ૯, ૩૬).

ઈસુના સમયમાં યાફા બંદર હતું. યાફા બંદરે ગ્રીક ભાષી વિદેશીઓની ખૂબ આવ-જા હતી. લૂકે ટબીથાનું નામ ગ્રીક ભાષામાં પણ આપ્યું છે. તે બતાવે છે કે યાફા બંદરે ગ્રીક ભાષા ખૂબ પ્રચલિત હતી. ટબીથા નામ હિબ્રૂઓ તેમ જ ગ્રીક લોકો મધ્યે લોકપ્રિય નામ હોઈ શકે છે.

ટબીથાના કુટુંબ કે વંશવેલા વિશે આપણે કશુંય જાણતા નથી. પણ 'પ્રેષિતોનાં ચરિતો'ની વાતથી આપણે સ્પષ્ટ માની શકીએ કે ટબીથા પોતાના કામ માટે તેમ જ દાનધર્મ માટ ખૂબ જાણીતાં સ્ત્રી હતાં.

લૂકે જણાવ્યું છે તેમ તે બાઈએ સત્કર્મો અને દાનધર્મ કરવામાં પોતાનું જીવન વિતાવ્યું હતું. ટબીથા એક સાધનસંપન્ન અને હિકમતી સ્ત્રી હતાં. તેઓ પોતાનો બધો સમય સત્કર્મો કરવામાં અને ગરીબોને મદદ કરવામાં વિતાવતાં હતાં.

ટબીથાની ઓળખાણ એક શિષ્યા તરીકે આપવામાં આવે છે. 'ઑલ વુમન ઑફ ધ બાઇબલ'ના લેખક હેરબર્ટ લોકિયર કહે છે કે, 'પ્રેષિત ફિલિપે પવિત્ર આત્માના સશક્તિકરણથી યાફામાં એક ખ્રિસ્તી ધર્મસંઘ સ્થાપ્યો હતો. યાફા જે અત્યારે નાફા તરીકે ઓળખાય છે તે શહેર પ્રૈષિતિક પ્રવૃત્તિઓ તેમ જ સામાજિક સેવાકાર્યનું આદિકાળથી વ્યવસ્થિત કેન્દ્ર હતું.' (પૃ. ૪૬).

શિષ્યા અને ઊંડી શ્રદ્ધા રાખનાર વ્યક્તિ તરીકે ટબીથા પ્રભુ ઈસુ પર સંપૂર્ણ ભરોસો રાખતાં હતાં. તેઓ જાણતાં હતાં કે દાનધર્મ કર્યા વિના કેવળ શ્રદ્ધાનો કોઈ અર્થ નથી. એટલે તેઓ પહેરણ અને ઝભ્ભો બનાવીને ગરીબોને આપતાં હતાં. પણ ઓચિંતા ટબીથા માંદાં પડ્યાં અને એકદમ મૃત્યુ પામ્યાં. બધા શ્રદ્ધાળુઓ તેમ જ તેમનાં દાનધર્મો મેળવનાર ગરીબ લોકો ભાંગી પડ્યાં. લૂકે એ પ્રસંગનું વર્ણન કર્યું છે. 'એવું બન્યું કે, એ જ અરસામાં તે માંદી પડીને મરી ગઈ.' (પ્રે.ચ. ૯, ૩૭). સક્રિય જીવન દરમિયાન જ ટબીથાનું મૃત્યુ થયું.

લૂકે ટબીથાનાં કોઈ સગાંસંબંધીનો ઉલ્લેખ કર્યો નથી. પણ એમના મૃતદેહની સારસંભાળ રાખવા માટે ત્યાંના બધા શ્રદ્ધાળુ શિષ્યો હાજર હતાં. તેમણે સાંભળ્યું કે ઈસુના એક મહાન શિષ્ય પીતર યાફા પાસે લુદા આવ્યા છે. તેઓએ તરત જ એક સંદેશ સાથે બે શિષ્યોને પીતર પાસે યાફા મોકલ્યા. એમનો સંદેશ હતો કે, તાબડતોબ અહીં આવો. (પ્રે. ચ. ૯, ૩૮).

પીતર બે શિષ્યો સાથે તરત જ આવ્યા ત્યારે તેઓ તેમને ઉપરની ઓરડીમાં ટબીથાના શબ પાસે લઈ ગયા. લૂકે એ દૃશ્યનું સુંદર વર્ણન કર્યું છે. 'ત્યાં પહોંચતાં જ

તેઓ તેને ઉપરના ઓરડામાં લઈ ગયા. ત્યાં બધી વિધવાઓ તેની આસપાસ ફરી વળી અને રડતાં રડતાં દોરકાસ તેમની સાથે હતી ત્યારે જે પહેરણ અને ઝભ્ભા બનાવતી હતી તે તેમને બતાવવા લાગી.' (પ્રે. ચ. ૯, ૩૯).

ટબીથાના નિર્મળ તેજસ્વી મૃતદેહથી તેમ જ એમની આસપાસ રડતી વિધવાઓની વાતથી પીતરને પણ ખૂબ લાગી આવ્યું હશે.

પોતાના ગુરુ પ્રભુ ઈસુએ યાઈરની દીકરીને પુનર્જીવિત કર્યાના પ્રસંગને અનુસરીને 'પીતરે ટબીથાની ઓરડીમાંથી બધા લોકોને બહાર કાઢી મૂકીને ઘૂંટણિયે પડી પ્રાર્થના કરવા માંડી.

ત્યાર પછી શબ તરફ ફરીને તેણે કહ્યું, 'ટબીથા ઊઠ!' તેણે આંખ ઉઘાડીને પીતર સામે જોયું અને તે બેઠી થઈ ગઈ.' (પ્રે. ચ. ૯, ૪૦).

ટબીથા પુનર્જીવિત થઈ અને પીતરે બધી વિધવાઓને અને એના મૃત્યુથી દુ:ખી થયેલા બધા શ્રદ્ધાળુઓને બોલાવીને ટબીથાને એમને સોંપી દીધી. બધા લોકો માટે પુનર્જીવિત થયેલાં ટબીથાનું દર્શન આશ્ચર્ય અને આનંદનો અનુભવ હતો. બધા લોકોએ હર્ષોલ્લાસથી પુનર્જીવિત થયેલાં ટબીથાને વધાવી લીધાં હશે. માની ન શકાય છતાં એ એક વાસ્તવિક ઘટના હતી.

મૃત્યુમાંથી પુનર્જીવન પામેલાં ટબીથાના સમાચાર એ આખા વિસ્તારમાં વ્યાપી ગયા. વનાગ્નિની જેમ એ સમાચાર બધેય ફેલાઈ ગયા.

સભાગૃહના અધ્યક્ષ યાઇરની દીકરીને ઈસુએ પુનર્જીવિત કર્યાનો પ્રસંગ માથ્થી, માર્ક અને લૂકે નોંધ્યો છે. એ પ્રસંગ સાથે ટબીથાને પુનર્જીવિત કરવાના પ્રસંગનું સામ્ય જોઈ શકાય છે. બંને પ્રસંગોમાં મૃતદેહની આસપાસ રડતાં લોકોને એ ઓરડીમાંથી દૂર કરવામાં આવ્યાં હતાં.

૭૧. રોમન સેનાપતિ કર્નેલ્યુસ

યરુશાલેમના આદિ ખ્રિસ્તીઓમાં રોમન લશ્કરી ટુકડીના સેનાપતિ કર્નેલ્યુસની વાત અનોખી છે. એમની આખી વાત આપણે 'પ્રેષિતોનાં ચરિતો'ના દસમા અધ્યાયમાં વાંચીએ છીએ. કર્નેલ્યુસની વાત આપણને જણાવે છે કે, ધર્મપલટો કરીને ઈસુના અનુયાયી એટલે ખ્રિસ્તી બનનાર યહૂદીઓ તથા અન્ય જાતિના ખ્રિસ્તીઓ વચ્ચે કોઈ ભેદભાવ કે તફાવત નથી.

'પ્રેષિતોનાં ચરિતો'માં કર્નેલ્યુસને 'ભાવિક' અને 'ઈશ્વરથી ડરીને ચાલનાર' વ્યક્તિ તરીકે ઓળખવામાં આવે છે. 'કૈસરિયામાં કર્નેલ્યુસ નામે માણસ રહેતો હતો. તે ઈટાલીવાળી નામે ઓળખાતી લશ્કરી ટુકડીનો સેનાપતિ હતો. તે અને તેનો આખો કુટુંબપરિવાર ભાવિક અને ઈશ્વરથી ડરીને ચાલનારો હતો. તે યહૂદી લોકોને ઉદારતાથી દાન આપતો હતો અને સતત ઈશ્વરની પ્રાર્થના કરતો હતો.' (પ્રે. ચ. ૧૦,૧-૨).

ઈશ્વરથી ડરીને ચાલનાર ભાવિક માણસ તરીકે કર્નેલ્યુસ અનેક દેવોની પૂજામાં કે રોમનોની મૂર્તિપૂજાવાદી ફિલસૂફીમાં માનતા ના હોય. એટલે તેઓ યહૂદી લોકોના એકેશ્વવાદની આધ્યાત્મિકતા તરફ આકર્ષાયા હશે. પરિણામે તેઓ પ્રાર્થનામાં અને ગરીબોને ઉદારતાથી મદદ કરવામાં પરોવાયા હતા.

એક દિવસ કર્નેલ્યુસને અણધાર્યો અનુભવ થયો. તેઓ પ્રાર્થનામાં મગ્ન હતા ત્યારે તેમને એક દિવ્ય દર્શન થયું. 'એક દિવસ પાછલે પહોરે ત્રણેક વાગ્યે તેને દૈવી દર્શન થયું; તેમાં તેણે એક દેવદૂતને અંદર આવીને પોતાને 'કર્નેલ્યુસ' કહીને બોલાવતો સ્પષ્ટ જોયો.' (પ્રે. ચ. ૧૦, ૩).

કર્નેલ્યુસ અને દેવદૂત વચ્ચેનો સંવાદ બતાવે છે કે તેઓ એક ખુલ્લા મનના માનવ હતા અને દૈવી પ્રેરણા મુજબ વર્તવાની એમની તૈયારી હતી. એટલે તેઓ દેવદૂતના કહ્યા મુજબ તરત જ પોતાના બે નોકરોને તથા એક ભાવિક સિપાઈને પીતરને તેડી લાવવા યાફા મોકલે છે.

સેનાપતિ કર્નેલ્યુસના માણસો યાફાના રસ્તે હતા તે દરમિયાન સિમોન પીતરને એક દૈવી દર્શન કે ભાવસમાધિ પ્રાપ્ત થઈ. એ ભાવસમાધિમાં પીતરે 'આકાશને ખૂલી જતું જોયું, અને તેમાંથી ચાર છેડેથી લટકાવેલી મોટી ચાદર જેવી કોઈ વસ્તુને પૃથ્વી ઉપર ઊતરતી જોઈ. તેમાં પૃથ્વી ઉપરનાં બધી જાતનાં ચોપગાં અને પેટે ચાલનારાં પ્રાણીઓ તથા આકાશમાં ઊડનારાં પંખીઓ પણ હતાં.' (પ્રે. ચ. ૧૦, ૧૧-૧૨).

પછી પીતરને 'એક અવાજ સંભળાયો, 'ઊઠ, પીતર; મારીને ખા" (પ્રે. ચ. ૧૦, ૧૩). પણ પીતરે એ અવાજનો વિરોધ કર્યો. કારણ, તેમણે કદી આવી અશુદ્ધ કે અપવિત્ર વસ્તુ ખાધી નહોતી.

'ફરી બીજી વાર અવાજ આવ્યો, 'ઈશ્વરે જેને પાવન કર્યું છે તેને તારે અપવિત્ર ન ગણવું જોઈએ.'

'આમ ત્રણ વાર બન્યું અને તરત જ તે વસ્તુ આકાશમાં પાછી ખેંચાઈ ગઈ.' (પ્રે.

ચ. ૧૦, ૧૫-૧૬).

પીતર આ ગૂંચવણભરી ભાવસમાધિ વિશે વિચાર-મનન કરતા હતા ત્યાં સેનાપતિ કનેલ્યુસના માણસો યાફા પહોંચીને પીતરને શોધતા હતા.

પીતર પોતાના દૈવી દર્શન વિશે વિચારમનન કરતા હતા ત્યાં પવિત્ર આત્માએ તેમને કહ્યું, "જો, કોઈ માણસો તને શોધે છે; ઝટપટ નીચે ઊતર, અને કોઈ પણ જાતના અંદેશો વગર તેમની સાથે જા, કારણ, એમને મોકલનાર હું છું.' (પ્રે. ચ. ૧૦, ૨૦). એટલે પીતર બહાર જઈને કર્નેલ્યુસે મોકલેલા માણસોને મળ્યા.

ત્રણેય માણસોએ પીતરને કર્નેલ્યુસની વાત જણાવી અને તેમના આવવાનો હેતુ જણાવ્યો કે તેઓ પીતરને પોતાની સાથે પોતાના માલિક પાસે લઈ જવા માટે આવ્યા છે. પીતરે ત્રણેય માણસોને પોતાના ઘરમાં આવકાર્યા. એના પછીના દિવસે પીતર કેટલાક યહૂદી ધર્માંતરિત માણસોને પોતાની સાથે લઈને કર્નેલ્યુસના ઘર તરફ નીકળ્યા. બીજા દિવસે પીતર અને સાથેના બીજા બધા માણસો કૈસરિયા પહોંચ્યા. કર્નેલ્યુસે પીતરના પગે પડીને તેમને પોતાને ઘેર આવકાર્યા.

કર્નેલ્યુસને ઊભો કરીને પીતરે કહ્યું કે, 'ઊભો થા. હું પણ માણસ જેવો માણસ છું.' (પ્રે. ચ. ૧૦, ૨૬). કર્નેલ્યુસના ઘરમાં પીતરે જોયું કે કર્નેલ્યુસનાં ઘણાં સંબંધીઓ અને મિત્રો પીતરની રાહ જોઈને બેઠાં હતાં.

એટલે પીતરે કર્નેલ્યુસને કહ્યું, 'તમે જાણો છો કે યહૂદીને બીજી કોમના માણસ સાથે ભળવાની અથવા તેને ત્યાં જવાની મના છે; પણ ઈશ્વરે મને કોઈ પણ માણસને અપવિત્ર કે અશુદ્ધ ન ગણવાનું શીખવ્યું છે. એટલે મને બોલાવતાં જ હું કશી આનાકાની વગર આવ્યો.' (પ્રે. ચ. ૨૮-૨૯). તે વખતે પીતરના પૂછ્યા મુજબ કનેલ્યુસે પોતાને મળેલા દૈવી દર્શન વિશે પીતરને જણાવ્યું.

પીતરે પોતાના પ્રતિભાવરૂપે બધા લોકોને સંબોધતાં કહ્યું, 'હવે મને ખરેખર સમજાય છે કે ઈશ્વર કોઈનો પક્ષપાત કરતો નથી. પણ દરેક પ્રજામાં જે કોઈ તેનાથી ડરીને ચાલે છે અને ધર્માચરણ કરે છે તેનો તે અંગીકાર કરે છે. તેણે ઈસુ મારફતે ઇસ્રાયલનાં સંતાનોને શાંતિના શુભ સમાચાર સંભળાવ્યા છે અને પોતાનો સંદેશ મોકલ્યો છે; એ ઈસુ સૌના પ્રભુ છે.' (પ્રે. ચ. ૧૦, ૩૪-૩૬).

પછી પીતરે કર્નેલ્યુસ અને બીજા બધા લોકોને ઈસુનાં જીવન, મૃત્યુ, પુનરુત્થાન અને તેમના સંદેશ વિશે સમજાવ્યું.

પીતર બોલતા હતા ત્યાં એમને સાંભળી રહેલા બધા માણસો પર પવિત્ર આત્મા ઊતરી આવ્યા. પીતર તથા તેમની સાથેના ધર્માન્તરિત યહૂદી લોકો ખૂબ નવાઈ પામ્યા કે પવિત્ર આત્મા ઇતર જાતિના લોક ઉપર પણ ઊતરી આવ્યા.

પીતરે બરાબર જાણ્યું કે જેમ યહૂદી ખ્રિસ્તીઓ ઉપર પવિત્ર આત્મા ઊતરી આવ્યા છે તેમ ઇતર જાતિના લોકો ઉપર પણ પવિત્ર આત્મા કોઈ ભેદભાવ વગર ઊતરી આવ્યા છે. એટલે પીતરે કર્નેલ્યુસ તથા તેમની સાથેના બધા લોકોને પાણીથી ઈસુને નામે સ્નાનસંસ્કાર કરાવવાની આજ્ઞા આપી. પછી કર્નેલ્યુસના આગ્રહ મુજબ પીતર તેમની સાથે થોડા દિવસ રહ્યા.

આદિ ખ્રિસ્તી ધર્મસભા માટે કર્નેલ્યુસની વાત ખૂબ નોંધપાત્ર છે. કારણ, યહૂદી ધર્મમાંથી ખ્રિસ્તી બનેલા લોકો તથા ઈતર જાતિમાંથી ખ્રિસ્તી બનેલા લોકો વચ્ચે સુન્નતની બાબતમાં મોટો વાદવિવાદ હતો.

એ વાદવિવાદનો ઉકેલ યરુશાલેમ ખાતે મળેલી ઈસુના ભાઈ યાકોબની દોરવણી

હેઠળની ધર્મપરિષદમાં પીતરે કર્નેલ્યુસવાળા પ્રસંગનું વર્ણન કરીને આણ્યો હતો. એ જ રીતે પાઉલ અને બાર્નાબાસે પણ ઇતર જાતિઓમાંથી ઈસુના શિષ્ય બનેલા લોકો વિશે જણાવ્યું હતું.

કર્નેલ્યુસની તથા એમના બધા સાથીઓની વાત આપણા માટે પુરવાર કરે છે કે, ઈસુના અનુયાયીઓમાં યહૂદી ખ્રિસ્તીઓ તથા ઇતર જાતિમાંથી બનેલા ખ્રિસ્તીઓ વચ્ચે કોઈ તફાવત કે ભેદભાવ નથી.

કર્નેલ્યુસની સમગ્ર વાતમાં આપણે તેમની ભલમનસાઈ, નિયમિત પ્રાર્થના કરવાની એમની ટેવ, તથા દૈવી દર્શનને અનુરૂપ વર્તવાની અને આધ્યાત્મિક બાબતો સ્વીકારવાની એમની તૈયારી જોઈ શકીએ છીએ.

૭૨. બે ક્લૌદિયુસ — બાદશાહ અને સેનાપતિ

નવા કરારમાં બે ક્લૌદિયુસનાં નામો આવે છે. એમાં એક ક્લૌદિયુસ રોમન બાદશાહ છે અને બીજો ક્લૌદિયુસ રોમન સૈન્યના એક સેનાપતિ છે. બંને ક્લૌદિયુસની વાત આપણને ફક્ત 'પ્રેષિતોનાં ચરિતો'માં જોવા મળે છે.

બાદશાહ ક્લૌદિયુસની વાત 'પ્રેષિતોનાં ચરિતો'માં બે વાર જોવા મળે છે. પહેલી વાર 'પ્રેષિતોનાં ચરિતો'ના પ્રકરણ ૧૧મા આવે છે. એમાં લૂક યરુશાલેમથી અંત્યોખ આવેલા કેટલાક પયગંબરોની વાત કરે છે. તેઓમાંના એક પયગંબર આગબસ જૂના કરારની શૈલીમાં અગમવાણી ભાખે છે કે આખી દુનિયામાં એટલે રોમન સામ્રાજ્યમાં ભારે દુકાળ પડશે. બાદશાહ ક્લૌદિયુસના સમયમાં એ દુકાળ પડ્યો હતો.

લૂક 'પ્રેષિતોનાં ચરિતો'માં લખે છે, 'આ જ અરસામાં કેટલાક પયગંબરો યરુશાલેમથી અંત્યોખ આવ્યા. તેઓમાંના આગબસ નામના એકે ઊભા થઈને પવિત્ર આત્માની પ્રેરણાથી એવી આગાહી કરી કે, 'આખી દુનિયામાં મોટો દુકાળ પડશે;' અને ક્લૌદિયુસના અમલ દરમિયાન એમ બન્યું પણ ખરું.' (પ્રે. ચ. ૧૧, ૨૭-૨૮).

બાદશાહ ક્લૌદિયુસનો બીજો ઉલેખ આપણને 'પ્રેષિતોનાં ચરિતો'ના ૧૮મા પ્રકરણમાં મળે છે. એમાં ક્લૌદિયુસે બધા યહૂદીઓને રોમ છોડી દેવાની આજ્ઞા કરી, એની વાત છે. એ આજ્ઞા પ્રમાણે અકિવલા અને પ્રિસ્કિલા નામનું યુગલ રોમ છોડીને કરિંથ આવ્યું હતું.

લૂક લખે છે, 'આ પછી પાઉલ આથેન્સ છોડીને કરિંથ ચાલ્યો ગયો. ત્યાં તેને પંતસનો વતની અક્વિલા નામનો એક યહૂદી મળ્યો. તે પોતાની પત્ની પ્રિસ્કિલા સાથે થોડા સમય પહેલાં જ ઇટાલીથી આવ્યો હતો, કારણ, બાદશાહ ક્લૌદિયુસે એવી આજ્ઞા કરી હતી કે, બધા યહૂદીઓએ રોમ છોડી જવું. પાઉલ તેમને મળવા ગયો હતો, અને એક જ ધંધાનો હોવાથી, તે તેમની સાથે રહી પડ્યો, અને તેઓ કામ કરવા લાગ્યા.' (પ્રે. ચ. ૧૮, ૧-૩).

આમ જોઈએ તો બાદશાહ ક્લૌદિયુસના નામનો કેવળ ઉલ્લેખ જ છે. પણ સેનાપતિ ક્લૌદિયુસની વાત બિલકુલ અલગ છે. તેઓ યરુશાલેમ ખાતે પાઉલનું જીવન બચાવવામાં નોંધપાત્ર ભાગ ભજવે છે.

જ્યારે લોકોએ પાઉલને પકડીને મંદિરમાંથી ઘસડીને બહાર કાઢ્યા અને તેમને મારી નાખવાની તજવીજ કરી ત્યારે અન્તોનિયા કિલ્લાના સેનાપતિપદે ક્લૌદિયુસ હતા. ક્લૌદિયુસને સમાચાર મળ્યા કે આખા યરુશાલેમમાં હુલ્લડ ફાટી નીકળ્યું છે અને ટોળાના લોકો પાઉલને મારી નાખવાની તજવીજમાં છે ત્યારે તે તાબડતોબ સિપાઈઓ અને સૂબેદારોને લઈને ત્યાં પહોંચી ગયા. ક્લૌદિયુસે તરત જ 'પાઉલની ધરપકડ કરી અને તેને બે જંજીરમાં બાંધવાનો હુકમ કર્યો.' (પ્રે. ચ. ૨૧, ૩૪).

ઘોંઘાટને કારણે ક્લૌદિયુસને મંદિરમાં શું બન્યું કે લોકોએ કેમ ઉશ્કેરાઈને પાઉલ ઉપર હુમલો કર્યો એનો ખ્યાલ ન આવ્યો. એટલે પાઉલે સેનાપતિ પાસે વિનયથી કંઈ

કહેવાની રજા ગ્રીક ભાષામાં માગી ત્યારે તેણે પાઉલને બોલવાની પરવાનગી આપી.

પાઉલને હિબ્રૂ ભાષામાં બોલતા સાંભળીને ટોળાંના લોકો એકદમ શાંત થયા. પરંતુ જ્યારે પાઉલ બિનયહૂદીની વાત પર આવ્યા ત્યારે લોકોએ બૂમબરાડા પાડવા માંડ્યા ત્યારે સેનાપતિ ક્લૌદિયુસે પાઉલને કિલ્લામાં લઈ જઈને સાચી વાત જાણવા માટે તેમને ફટકા મારવાનો હુકમ કર્યો.

સિપાઈઓએ ફટકા મારવા માટે પાઉલને બાંધ્યા ત્યારે તેમણે વિરોધ કર્યો અને ત્યાં ઊભેલા અમલદારને કહ્યું, 'જે માણસ રોમન નાગરિક છે, એટલું જ નહીં, જે સજાપાત્ર પણ ઠર્યો નથી, તેને તમે કાયદેસર ફકટા મારી શકો ખરા?' (પ્રે, ચ. ૨૨, ૨૫).

પાઉલ રોમન નાગરિક છે એમ જાણીને સેનાપતિ ક્લૌદિયસ ગભરાઈ ગયા. એટલે સેનાપતિએ પાઉલનાં બંધન છોડાવી નાખ્યાં અને પાઉલ સામેના આક્ષેપની ખરી વાત જાણવા માટે તેમણે 'મુખ્ય પુરોહિતોને અને આખી વરિષ્ઠસભાને ભેગા થવાનું ફરમાવ્યું.' (પ્રે. ચ. ૨૨, ૩૦).

પાઉલે જાણ્યું કે વરિષ્ઠસભામાં પુનર્જીવમાં માનનારા ફરોશીઓ તથા પુનર્જીવનનો વિરોધ કરનાર સદૂકીઓ છે. એટલે પોતાના બચાવમાં પાઉલ બોલી ઊઠ્યા, 'ભાઈઓ, હું ફરોશી છું, ફરોશીઓનું ફરજંદ છું. મરેલાં પાછાં સજીવન થઈ શકે એવી આશા સેવવા બદલ મારા ઉપર કામ ચલાવવામાં આવે છે.' (પ્રે. ચ. ૨૩, ૬).

પાઉલની આ વાત સાંભળીને ફરોશીઓ અને સદૂકીઓ વચ્ચે ઝઘડો ઊભો થયો, અને સભામાં પક્ષો પડી ગયા અને ભારે ઘોંઘાટ મચી ગયો.

લૂક એ પ્રસંગનું વર્ણન કરતાં નોંધે છે, 'ઝઘડો વધતો જતો હતો અને સેનાપતિને એવી બીક લાગી કે પાઉલ પીંખાઈ જશે, એટલે તેણે સિપાઈઓને નીચે જઈને લોકોની વચ્ચેથી પાઉલને ઉઠાવી લઈને કિલ્લામાં લઈ જવાનો હુકમ કર્યો.' (પ્રે. ચ. ૨૩, ૧૦).

એ પ્રસંગ પછી સેનાપતિ ક્લૌદિયુસને પાઉલના ભાણેજ દ્વારા જાણ થઈ કે પાઉલને મારી નાખવા માટે કાવતરું ઘડાઈ રહ્યું છે. એટલે તેમણે પાઉલને બસો સિપાઈઓ, સિત્તેર ઘોડેસવારો અને બસો ભાલેદારો સાથે રાજ્યપાલ ફેલિક્સ પાસે રાતોરાત સહીસલામત મોકલીને રાજ્યપાલ ફેલિક્સ પર પત્ર લખ્યો,

'માનનીય રાજ્યપાલશ્રી ફેલિક્સ પ્રત્યે લિખિતંગ ક્લૌદિયુસનાં વંદન. આ માણસને યહૂદીઓએ પકડયો હતો અને તેઓ તેને મારી નાખવાની અણી ઉપર હતા, એવામાં મેં મારા સૈનિકો સાથે આવી પહોંચી એને બચાવી લીધો, કારણ, મારા જાણવામાં આવ્યું હતું કે એ રોમન નાગરિક છે. એ લોકોને એની સામે શી ફરિયાદ છે એ જાણવા માટે હું એને એમની વરિષ્ઠસભા સમક્ષ લઈ આવ્યો, તો મને માલૂમ પડ્યું કે એ લોકોના આક્ષેપો એમના શાસ્ત્રને લગતા મુદ્દા વિશે હતા, અને એની સામે કોઈ એવો આક્ષેપ નહોતો જેને માટે એને મૃત્યુની કે કેદની સજા થઈ શકે. એ માણસ વિરુદ્ધ કાવતરું રચાયું છે એવી બાતમી મળતાં મેં એને તાબડતોબ આપની પાસે મોકલી આપ્યો છે, અને એની સામે આક્ષેપો કરનારાઓને પણ એની વિરુદ્ધ જે ફરિયાદ હોય તે આપની સમક્ષ જણાવવા સૂચના આપી છે.' (પ્રે. ચ. ૨૩, ૨૬ ૩૦).

આ પત્રમાંથી આપણે જાણી શકીએ છીએ કે સેનાપતિ ક્લૌદિયુસ લિસિયાસ એક કુશળ રાજકારણી છે. એમનો પત્ર ટૂંકો અને હકીકતને આધારિત છે. પણ 'પ્રેષિતોનાં ચરિત'ની આખી વાતમાંથી આપણે જાણીએ છીએ કે સેનાપતિ ક્લૌદિયુસે પત્રમાં વર્ણવ્યું છે એટલી બધી ભલમનસાઈથી તેઓ પાઉલ સાથે વર્ત્યા નહોતા. જો કે પાઉલને સહીસલામત રોમ પહોંચાડવામાં ક્લૌદિયુસનો નોંધપાત્ર ફાળો હતો.

૭૩. આગબસ નામનો પયગંબર

'પ્રેષિતોનાં ચરિતો'માં આગબસ નામના યહૂદી ખ્રિસ્તી પયગંબરની વાત આવે છે. આગબસ નામનો અર્થ 'પ્રેમ' થાય છે. એક ખ્રિસ્તી પયગંબર તરીકે આગબસનું નામ 'પ્રેષિતોનાં ચરિતો'માં બે વાર આવે છે.

આગબસના બંને ઉલ્લેખો બતાવે છે કે નવા પંથના ખ્રિસ્તીઓ આગબસ પ્રત્યે ખૂબ આદરમાન રાખતા હતા અને એમની આગાહી મુજબ યોગ્ય પગલાં લેતા હતા. આગબસે કરેલી પ્રથમ આગાહી અને એના અનુસંધાનમાં શિષ્યોએ લીધેલાં પગલાં લૂકે 'પ્રેષિતોનાં ચરિતો'માં નોંધ્યાં છે.

'આ જ અરસામાં કેટલાક પયગંબરો યરુશાલેમથી અંત્યોખ આવ્યા. તેઓમાંના આગબસ નામના એકે ઊભા થઈને પવિત્ર આત્માની પ્રેરણાથી એવી આગાહી કરી કે, 'આખી દુનિયામાં મોટો દુકાળ પડશે'; અને કલૌદિયુસના અમલ દરમિયાન એમ બન્યું પણ ખરું. આથી શિષ્યોએ દરેકે યહૂદિયામાં વસતા ધર્મબંધુઓને પોતપોતાની શક્તિ પ્રમાણે મદદ મોકલવાનો નિર્ણય કર્યો; અને તેમણે બાર્નાબાસ અને શાઉલ હસ્તક સંઘના વડીલોને મદદ મોકલી પણ ખરી.' (પ્રે. ચ. ૧૧, ૨૭-૩૦).

અંત્યોખના આદિ ખ્રિસ્તીઓએ પયગંબર આગબસની આગાહી માની લીધી. પછી કલૌદિયુસના અમલમાં આખા યહૂદિયામાં મોટો દુકાળ પડ્યો ત્યારે તેઓએ પોતપોતાની શક્તિ પ્રમાણે મદદ ભેગી કરીને બાર્નાબાસ અને શાઉલને હાથે યરુશાલેમ ખાતે પ્રેષિતોને મદદ પહોંચાડી.

આગબસની બીજી આગાહીની વાત લૂકે 'પ્રેષિતોનાં ચરિતો'ના ૨૧મા પ્રકરણમાં કરી છે. પાઉલ પોતાના ત્રીજા મિશનરી પ્રવાસને અંતે યરુશાલેમ ભણી પાછા વળી રહ્યા છે. પાઉલ સાથે લૂક છે. એટલે લૂકે 'અમે'થી મુસાફરીની વાત કરી છે. તેઓ કૈસરિયા આવી પહોંચ્યા છે, લૂક લખે છે:

'બીજે દિવસે અમે ત્યાંથી નીકળી કૈસરિયા આવ્યા. ત્યાં અમે શુભસંદેશવાહક ફિલિપને ઘેર ગયા અને ત્યાં જ રહ્યા. તે યરુશાલેમમાં ચૂંટી કાઢેલા સાત સહાયકોમાંનો એક હતો. તેને ચાર કુંવારી દીકરીઓ હતી, તેઓ અગમવાણી ઉચ્ચારવાની શક્તિ ધરાવતી હતી. અમે ત્યાં થોડા દિવસ રોકાયા એ દરમિયાન યહૂદિયાથી આગબસ નામે એક પયગંબર આવી પહોંચ્યો.' (પ્રે. ચ. ૨૧, ૮-૧૦)

આ વર્ણનમાં લૂકે શુભસંદેશવાહક ફિલિપની વાત પણ કરી છે કે 'તે યરુશાલેમમાં ચૂંટી કાઢેલા સાત સહાયકોમાંનો એક હતો'. 'પ્રેષિતોનાં ચરિતો'ના છઠ્ઠા પ્રકરણમાં સાત સહાયકોની વરણી અને એમનાં નામોની વિગતો આપવામાં આવી છે. (પ્રે. ચ. ૬, ૧-૬). આ સહાયકો પવિત્ર આત્માથી સભર હતા અને એમનામાં વહેવાર બુદ્ધિ હતી. એવા એક સહાયક ફિલિપને ઘેર પાઉલ અને લૂક રહ્યા. એ દરમિયાન જ પયગંબર આગબસ ત્યાં કૈસરિયા આવી પહોંચ્યા અને પાઉલ અને લૂકને મળવા ફિલિપને ઘેર ગયા.

અહીં પયગંબર આગબસ કેવળ શબ્દોમાં જ નહીં, પરંતુ વર્તનથી પાઉલનું ભવિષ્ય

ભાખે છે. આગબસના વર્તનને નજરે જોનાર લૂક લખે છે:

'તે (આગબસ) અમને (પાઉલ અને લૂકને) મળવા આવ્યો અને પાઉલનો કમરબંધ લઈને પોતાના હાથપગ બાંધીને બોલ્યો, 'પવિત્ર આત્માનાં આ વચન છે: જે માણસનો આ કમરબંધ છે, તેને યરુશાલેમમાં યહૂદીઓ આ પ્રમાણે બાંધશે, અને વિધર્મીઓને હવાલે કરશે." (પ્રે. ચ. ૨૧, ૧૧).

કૈસરિયાના ખ્રિસ્તી લોકોએ પયગંબર આગબસની ભવિષ્યવાણી માની લીધી અને તેમણે પાઉલને યરુશાલેમ જતા રોકવાનો પ્રયત્ન કર્યો. પણ પાઉલ યરુશાલેમ જવાના પોતાના નિર્ણયમાં મક્કમ રહ્યા.

આપણે જાણીએ છીએ કે પયગંબર આગબસે જે ભાળ્યું હતું તે મુજબ બધું બન્યું હતું. પણ પયગંબર આગબસ વિશે આપણે વધુમાં કશુંય જાણતા નથી. પરંપરાગત માન્યતા મુજબ ઈસુએ ૭૨ શિષ્યોને નીમીને બબ્બેની ટુકડીમાં પોતે જે શહેર કે ગામ જવાના હતા ત્યાં અગાઉથી મોકલી આપ્યા. (જુઓ લૂક ૧૦, ૧) તેઓમાં પયગંબર આગબસનો પણ સમાવેશ થતો હતો અને તેઓ બાર પ્રેષિતોની જેમ ઈસુ પરની શ્રદ્ધા ખાતર રક્ત રેડીને શહીદ થયા હતા.

૭૪. રોદા નામની એક દાસી

રોદા નામનો અર્થ ગ્રીક ભાષામાં ગુલાબ થાય છે. નવા કરારમાં રોદા એક ગૌણ પાત્ર છે. આપણને 'પ્રેષિતોનાં ચરિતો'માંથી રોદા વિશે એક પ્રસંગ મળે છે. 'પ્રેષિતોનાં ચરિતો'ના પ્રકરણ ૧૨માં આપણે વાંચીએ:

'પરિસ્થિતિનો ખ્યાલ આવતાં તે (પીતર) યોહાન ઉર્ફે માર્કની મા મરિયમને ત્યાં ગયો, તો ત્યાં ઘણાં માણસો ભેગાં થઈને પ્રાર્થના કરતાં હતાં. તેણે બહારનું બારણું ખખડાવ્યું એટલે રોદા નામની એક દાસી આવી, અને પીતરનો અવાજ ઓળખીને તેને એટલો તો આનંદ થયો કે બારણું ઉઘાડ્યા વગર જ અંદર દોડી જઈને તેણે જણાવ્યું કે, 'પીતર દરવાજે ઊભા છે.' પણ તે લોકોએ તેને કહ્યું, 'તું તો ગાંડી થઈ ગઈ છે.' પણ તે પોતાની વાતને વળગી રહી કે એમ જ છે. ત્યારે તેઓએ કહ્યું,' એ એનો દેવદૂત હોવો જોઈએ.' (પ્રે. ચ. ૧૨, ૧૨-૧૫).

'પ્રેષિતોનાં ચરિતો' અહીં સ્પષ્ટપણે કહે છે કે રોદા યોહાન માર્કની માના ઘરમાં એક દાસી છે. જ્યારે જેલમાંથી ચમત્કારિક રીતે મુક્ત થઈને પીતરે યોહાન માર્કની માને ઘરે જઈને દરવાજો ખખડાવ્યો ત્યાં રોદા બારણું ખોલવા ગઈ હતી. બારણું ખોલતાં પહેલાં રોદાએ પીતરનો અવાજ ઓળખી કાઢ્યો. પીતરના અવાજ સાંભળવાના આનંદમાં રોદા દરવાજો ખોલવાને બદલે દોડી જઈને પીતર માટે પ્રાર્થનામાં ભેગા થયેલા લોકોને ખબર આપે છે કે પીતર બારણું ખખડાવે છે.

પણ યોહાન માર્કની માના ઘરમાં ભેગા થયેલા લોકોએ રોદાની વાત માની જ નહીં. સામાન્ય સંજોગમાં અશક્ય લાગતા આ સમાચાર સાંભળીને લોકોએ રોદાને કહ્યું કે, તું તો ગાંડી થઈ ગઈ છે' એટલામાં પીતર તો દરવાજા બહાર ઊભા રહીને બારણું ખખડાવતા રહ્યા. એટલે તેઓએ દરવાજો ખોલીને પીતરને અંદર તેડાવ્યા અને રોદાની વાત આખરે સાચી પુરવાર થઈ.

રોદાને લગતા આ પ્રસંગમાં આપણે રોદા વિશે તેમ જ યોહાન માર્કના ઘરમાં ઈસુને નામે ભેગા થયેલા નવા પંથના લોકો વિશે ઘણી વાતો સમજી શકીએ છીએ. 'પ્રેષિતોનાં ચરિતો'એ સ્પષ્ટપણે જણાવ્યું છે કે રોદા એક દાસી હતી. એટલે રોદા એક સ્ત્રી છે અને ગુલામડી છે.યહૂદી લોકો કોઈ સ્ત્રીની સાક્ષીને પુરાવા કે સાબિતીરૂપે સ્વીકારતા નહોતા. તો એક ગુલામડી છોકરીની વાતને માનવાનો પ્રશ્ન જ નથીને!

યરુશાલેમ ખાતે રોદા યોહાન માર્કની માના મોટા ઘરમાં સેવા કરતી હતી. યોહાન માર્કની મા એક સાધનસંપન્ન સ્ત્રી હતાં. એમનું ઘર એટલું મોટું હતું કે ઈસુમાં માનતી થયેલાં નવા પંથનાં લોકો એમના ઘરે પ્રાર્થના માટે નિયમિત ભેગાં મળી શકતાં હતાં. એટલે રોદાએ ઈસુના બધા શિષ્યો માટે ઘણી વાર બારણું ખોલ્યું હશે અને શિષ્યોને ઘરમાં આવકાર્યા હશે. ઈસુના સતત વધતા જતા શિષ્યો માટે બારણું ખોલવામાં રોદાએ ઘણી વાર પીતર માટે પણ બારણું ખોલ્યું હશે. એટલે જ રોદા એક કુશળ દાસી તરીકે પીતરના અવાજને ઓળખી શકી.

રોદા એક દાસી હતી ખરી, પણ એથીય વિશેષ યોહાન માર્કના ઘરમાં નિયમિત પ્રાર્થના માટે ભેગા મળતા લોકોની એક સભ્ય તરીકે ઈસુની શિષ્યા પણ હશે. અને લોકો સાથે પ્રાર્થનામાં પણ તેણે ભાગ લીધો હશે. સંત પાઉલે ગલાતિયામાં કરેલી વાતથી એટલે કે સ્ત્રી-પુરુષો તથા નાના-મોટા સૌ માણસોની સમાનતાની ભાવનાથી પરિચિત હશે. કારણ, પાઉલનું એ પ્રકારનું શિક્ષણ હતું કે, 'હવે કોઈ યહૂદી નથી કે બિનયહૂદી નથી, કોઈ ગુલામ નથી કે મુક્ત નથી; કારણ, તમે બધા ઈસુ ખ્રિસ્ત દ્વારા એક થઈ ગયા છો' (ગલાતિયા ૩, ૨૮). આ ભાવનાથી રોદા યોહાન માર્કની માના ઘરે લોકો સાથે તેમ જ ત્યાં પ્રાર્થના માટે ભેગા મળતા ઈસુના બધા શિષ્યો સાથે એકાત્મભાવ અનુભવતી હશે અને મોડી રાતે બીજા બધા શિષ્યો સાથે પીતરને માટે પ્રાર્થનામાં જોડાઈ હશે.

રોદાએ ઈસુ અને એમના પ્રેમ, સેવા,માફી વગેરે સંદેશ વિશે ઘણીવાર પીતરને મોંઢે સાંભળ્યું હશે. એટલે એક કુશળ અને પોતાની સેવામાં સાવધ રહેતી દાસી તરીકે રોદા આસાનીથી પીતરના અવાજને ઓળખી શકી. મોડી રાતે અણધાર્યા બારણું ખખડાવતા પીતરના અવાજ ઓળખવાના સાનંદાશ્ચર્યમાં તે દરવાજો ખોલવાની વાત ભૂલી ગઈ અને જેમને માટે લોકો પ્રાર્થના કરતા હતા તે જ પીતર જેલમાંથી બહાર આવીને ઘરના આંગણે આવ્યાના ખુશીના સમાચાર બધા લોકોને આપવા રોદા દોડી ગઈ.

પણ જેને માટે ભેગા થઈને લોકો પ્રાર્થના કરતા હતા એ જ પીતરની વાત રોદાના મોંએ એટલે કે એક ગુલામડી પાસેથી તેઓ સ્વીકારી શકતા નહોતા. ઊલટું, તેઓ રોદાને કહેતા હતા કે, 'તું તો ગાંડી થઈ ગઈ છે'. પણ રોદાની વાત સામેનો વિરોધ લાંબો સમય ટકી શક્યો નહીં. કારણ, પીતર તેમના બારણે હતા જ.

લોકોએ રોદાને 'ગાંડી' કહેવાથી હું માનું છું કે તેને બિલકુલ અફસોસ નહીં થયો હોય. કારણ, સત્ય એના પડખે હતું. રોદાએ ચોક્કસ માન્યું હશે કે તે ઈસુના સાથમાં છે. કારણ, માર્કરચિત શુભસંદેશમાં નોંધવામાં આવ્યું છે તેમ, 'ઈસુ વિશે લોકો એમ કહેતા હતા કે, 'એ ભાનમાં નથી." (માર્ક ૩, ૨૧).

૭૫. પયગંબરો અને ઉપદેશકો: લૂકિયસ અને મનાહેમ

લૂકિયસ અને મનાહેમ નામનાં બે પાત્રો લૂકે 'પ્રેષિતોનાં ચરિતો'માં એકી સાથે આપ્યાં છે. લૂકે અંત્યોખના ધર્મસંઘના પયગંબરો અને ઉપદેશકોમાં તેમનો સમાવેશ કર્યો છે.

લૂકિયસ નામનો અર્થ 'પ્રકાશ' કે 'તેજસ્વી' થાય છે. લૂક કહે છે કે લૂકિયસ મૂળ આફ્રિકાના ઉત્તર ભાગમાં આવેલ કૂરેનેનો ખ્રિસ્તી છે.

મનાહેમ નામનો અર્થ આશ્વાસન આપનાર કે દિલાસો આપનાર થાય છે.

'પ્રેષિતોનાં ચરિતો'માં આપણે વાંચીએ છીએ, 'અંત્યોખના ધર્મસંઘમાં કેટલાક પયગંબરો અને ઉપદેશકો હતા: બાર્નાબાસ, કાળિયાને નામે ઓળખાતો શિમયોન, કૂરેનેનો લૂકિયસ, રાજા હેરોદનો બાળમિત્ર મનાહેમ અને શાઉલ.' (પ્રે. ચ. ૧૩, ૧).

મનાહેમના નામનો ફક્ત 'પ્રેષિતોનાં ચરિતો'માં એક જ વાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. લૂકિયસનું નામ આપણને રોમના ધર્મસંઘ પરના પાઉલના પત્રમાં બીજી વાર મળે છે. પોતાના પત્રને અંતે સાથીદારો અને સહકાર્યકરોની શુભેચ્છા રોમ ખાતેના ખ્રિસ્તીઓને પાઠવતાં પાઉલ લખે છે, 'મારો સહકાર્યકર તિમોથી તેમ જ મારા જાતિભાઈઓ લૂકિયસ, યાસોન અને સોસિપાત્રસ પણ તમને વંદન લખાવે છે.' (રોમ ૧૬, ૨૧).

રોમના ધર્મસંઘ પરના પત્રમાં પાઉલે લૂકિયસને સ્પષ્ટપણે પોતાના જાતિભાઈ તરીકે ઓળખાવ્યા છે. પાઉલે કેવા અર્થમાં લૂકિયસને 'મારા જાતિભાઈ' કહ્યા છે તે અંગે તેમ જ રોમના ધર્મસંઘ પરના પત્રમાં ઓળખાવેલા "જાતિવાઈ લૂકિયસ' અને 'પ્રેષિતોનાં ચરિતો'માં ઓળખાવેલા 'કૂરેનેનો લૂકિયસ' અંગે બાઇબલના વિદ્વાનોમાં મતભેદ છે. કેટલાક લોકો માને છે કે બંને એક જ વ્યક્તિ છે તો બીજાઓ બંનેને બે ભિન્ન વ્યક્તિઓ માને છે. રોનાલ્ડ બ્રાઉનરિગ માને છે કે મોટા ભાગે બંને ઉલ્લેખો કૂરેનેની એક જ વ્યક્તિ માટે કરવામાં આવ્યા છે. (જુઓ હૂઝ હુ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ, પૃ. ૧૫૦).

લૂકે મનાહેમની ઓળખાણ 'રાજા હેરોદનો બાળમિત્ર' તરીકે આપી છે. અહીં રાજા હેરોદ અંતિપાસની વાત છે, જેઓ ઈસુના સમયમાં ગાલીલના રાજકર્તા હતા. બંને બાળપણમાં સાથે ઊછર્યા છે. આપણે જાણીએ છીએ કે રાજા હેરોદ અંતિપાસ વિશે લૂક સારી પેઠે વાકેફ છે. રોનાલ્ડ બ્રાઉનરિગ જેવા બાઇબલના પંડિતો માને છે કે મનાહેમ પાસેથી લૂકે રાજા હેરોદ અને એમના કુટુંબ વિશેની બધી માહિતી મેળવી હશે.

લૂકે 'પ્રેષિતોનાં ચરિતો'માં જણાવ્યું છે તેમ, અંત્યોખના ધર્મસંઘમાંથી પાઉલ અને બાર્નાબાસને વિશેષ મિશનરી પ્રૈષિતિકકાર્ય માટે મોકલતાં પહેલાં જે પયગંબરો અને ઉપદેશકોએ પ્રભુની આરાધના કરી હતી અને ઉપવાસ કર્યા હતા તેમાં લૂકિયસ અને મનાહેમ હતા. લૂક લખે છે તેમ 'તેઓ પ્રભુની આરાધના અને ઉપવાસ કરતા હતા. એવામાં પવિત્ર આત્માએ કહ્યું, જે કામને માટે મેં બાર્નાબાસને અને શાઉલને બોલાવ્યા છે તેને માટે એમને અલગ કાઢી આપો. પછી ઉપવાસ અને પ્રાર્થના કર્યા બાદ તેઓએ તેમને

માથે હાથ મૂકીને તેમને રવાના કરી દીધા.' (પ્રે, ચ. ૧૩, ૨-૩).

લૂકિયસ અને મનાહેમ બંનેએ આદિ ધર્મસંઘના વિકાસ અને પ્રચાર-ફેલાવમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. એટલે જ લૂકે તથા પાઉલે એમના ફાળાની નોંધ લઈને એમના નામનો ઉલ્લેખ પોતપોતાના લખાણમાં કર્યો છે.

૭૬. શાઉલમાંથી પાઉલ બનેલા પ્રેષિત

પાઉલ નવા કરારનું એક એવું બળવાન પાત્ર છે કે એક નિબંધમાં એમના પાત્રને ન્યાય આપી ન શકાય. છતાં હું પ્રયત્ન કરું છું. પાઉલ વિશે મેં પુષ્કળ વાંચન-અભ્યાસ કર્યો છે. થોડા વખત પહેલાં મારા મિત્ર બિશપશ્રી પૉલ ચૌહાણે 'પ્રેષિત પાઉલ' નામે લખેલા પુસ્તકની મેં પ્રસ્તાવના લખી છે. છતાં પાઉલ વિશેનો આ નિબંધ મને 'હેરક્યૂલિયન ટાસ્ક' કે હિમાલયના ચઢાણ જેવું અઘરું લાગ્યું છે.

પાઉલ પોતાની ઓળખ કિલીકિયામાં આવેલા તાર્સસમાં જન્મેલા યહૂદી તરીકે આપે છે (પ્રે.ચ. ૨૨, ૩). પાઉલ શાઉલના નામે ઈસ્વીસન ૧૦મા દક્ષિણ-મધ્ય તુર્કસ્તાનના તાર્સસમાં જન્મ્યા છે. 'પ્રેષિતોનાં ચરિતો'માં અન્ય બે જગ્યાએ પણ તાર્સસના વતની તરીકેનો પાઉલનો ઉલ્લેખ મળે છે. (પ્રે.ચ. ૯, ૧૧ & ૧૧, ૨૫). એક રૂઢિચુસ્ત યહૂદી કુટુંબમાં રોમન નાગરિક તરીકે પાઉલનો ઉછેર થયો હતો. (પ્રે. ચ. ૨૨, ૨૮).

યરુશાલેમમાં પોતાને મારી નાખવા તૈયાર થયેલા યહૂદી લોકો આગળ પોતાનો બચાવ કરતાં પાઉલ કહે છે, 'હું પણ યહૂદી છું, કિલીકિયામાં આવેલા તાર્સસમાં જન્મેલો છું અને આ જ શહેરમાં ઊછરેલો છું. આપણા પૂર્વજોના શાસ્ત્રને ચુસ્ત રીતે અનુસરીને મને ગમલિયલને ચરણે શિક્ષણ મળેલું છે. ઈશ્વરને વિશે તમે બધા આજે જેવી ધગશ ધરાવો છો તેવી જ હું પણ ધરાવતો આવ્યો છું.' (પ્રે. ચ. ૨૨, ૩).

આપણે જાણીએ છીએ કે શાઉલ એક ચુસ્ત ફરોશી હતા. ઈસુના પંથના અનુયાયીઓ તરીકે ઓળખાતા આદિ ખ્રિસ્તીઓની તેઓ નિર્દયપણે સતામણી કરતા હતા. એના એક દાખલારૂપે આપણે જોઈ શકીએ કે પ્રથમ શહીદ સ્તેફાનનો વધ કરવામાં શાઉલની સંમતિ હતી. (જુઓ પ્રે. ચ. ૮, ૧).

શરૂઆતમાં ઈસુના અનુયાયીઓના પંથની સતામણી કરનાર ફરોશી શાઉલ પછીથી પાઉલ બનીને એ જ પંથના દેશવિદેશમાં પ્રચાર-ફેલાવ કરનાર સર્વોત્તમ પ્રેષિત બન્યા. પાઉલનું આ પરિવર્તન ખૂબ નાટકીય રીતે થયું હતું. યરુશાલેમથી યહૂદી વડા પુરોહિત પાસેથી નવા પંથના અનુયાયીઓને કેદ કરી નાશ કરવા માટે દમસ્ક જતાં પાઉલને ચમત્કારિક રીતે ઈસુનો ભેટો થયો. દમસ્ક પહોંચતાં પહેલાં પાઉલ જમીન પર પડી ગયા 'ત્યાં તેઓને અવાજ સંભળાયો,

'શાઉલ, શાઉલ, તું શા માટે મને રંજાડે છે?'

શાઉલે પૂછ્યું, 'પ્રભુ આપ કોણ છો?'

અવાજે કહ્યું, 'હું ઈસુ છું, જેને તું રંજાડે છે.' (પ્રે. ચ. ૯, ૪-૫).

ઈસુ સાથેના આ મિલનથી શાઉલના જીવનમાં જડમૂળથી પરિવર્તન આવ્યું. પોતાના હૃદયપલટા અને ધર્મપરિવર્તનનો અનુભવ પાઉલે ત્રણ ત્રણ વાર જુદા જુદા શ્રોતાઓ સમક્ષ રજૂ કર્યો છે. (જુઓ પ્રે. ચ. ૯, ૧-૧૯; ૨૨,૬-૧૬ & ૨૬, ૧૨-૧૮).

આમ નવા પંથના અનુયાયીઓને ધિક્કારનાર અને મારી નાખનાર એક ધર્માંધ ફરોશીમાંથી પાઉલ ઈસુના અખંડ પ્રેમી અને નવા પંથને દેશવિદેશમાં ફેલાવનાર ઈસુ

ખ્રિસ્તના સર્વશ્રેષ્ઠ મિશનરી બન્યા. એટલે જ પાઉલ પોતાની જાતને 'પ્રેષિત' તરીકે ઓળખાવી શકયા. ઈસુના પુનરુત્થાન વિશે લખતાં પાઉલ કહે છે, 'છેવટે તેમણે મને પણ દર્શન દીધાં હતાં, જોકે હું તો અકાળે જન્મ્યા જેવો છું. સાચે જ, પ્રેષિતોમાં હું અદનામાં અદનો છું, પ્રેષિત કહેવડાવવાને પણ લાયક નથી, કારણ મેં ઈશ્વરના ધર્મસંઘ ઉપર અત્યાચાર ગુજાર્યા હતા.' (૧ કરિંથ, ૧૫, ૮-૯).

'પ્રેષિતોનાં ચરિતો' અને પાઉલના બધા પત્રો વાંચીએ ત્યારે આપણને એક બાબતની ખાતરી મળે છે, તે બાબત છે પાઉલનો ઈસુ ખ્રિસ્ત પરનો અખંડ અને અનહદ પ્રેમ. ફિલિપ્પીના ધર્મસંઘ પ્રત્યેના પત્રમાં પાઉલ લખે છે, 'હું તો મારા પ્રભુ ખ્રિસ્ત ઈસુને ઓળખવાના મોટા લાભ આગળ સર્વ કાંઈને ખોટરૂપે જ દેખું છું. તેમને ખાતર મેં સર્વ કાંઈ જતું કર્યું છે, અને એ બધાને હું તો કચરો જ લેખું છું, જેથી હું ખ્રિસ્તને પામી શકું.' (ફિલિપ્પી ૩, ૮).

પાઉલ પોતાની જાતને સંપૂર્ણ ઈસુમય ગણે છે. એટલે ગલાતિયાના ધર્મસંઘ પરના પત્રમાં પાઉલ લખે છે, 'હું તો નિયમસંહિતા દ્વારા નિયમસંહિતા પૂરતો મરી ચૂક્યો છું - એટલા માટે કે ઈશ્વરને માટે જીવી શકું. ખ્રિસ્તની સાથે જ હું પણ ક્રૂસે જડાયેલો છું; એટલે હવે જે જીવે છે તે હું નથી જીવતો, પણ ખ્રિસ્ત મારામાં જીવે છે; આ નશ્વર દેહે હું જે જીવું છું, તે મારા ઉપર પ્રેમ રાખનાર અને મારે ખાતર પોતાની જાત સમર્પી દેનાર ઈશ્વરપુત્ર ઉપરની શ્રદ્ધાને આધારે જીવું છું.' (ગલાતિયા ૨, ૧૯-૨૦).

પાઉલનો ઈસુ ખ્રિસ્ત માટેનો પ્રેમ ઝનૂની છે એમ કહી શકાય. રોમના ધર્મસંઘ પ્રત્યેના પત્રમાં પાઉલ પ્રેમના જુસ્સામાં પૂછે છે, 'તો પછી ખ્રિસ્તના પ્રેમથી આપણને કોણ વિખૂટા પાડી શકે એમ છે?' ઈસુ માટેના પ્રેમની આડે આવી શકે એવી બધી બાબતોની યાદી આપ્યા પછી પાઉલ દૃઢપણે કહે છે, 'મને પૂરો વિશ્વાસ છે કે, મૃત્યુ કે જીવન, દેવદૂતો કે અન્ય આકાશી શાસકો ને સત્તાધીશો, વર્તમાન કે ભાવિ, અધોલોક કે ઊર્ધ્વલોક, કે સૃષ્ટિમાંની કોઈ પણ વસ્તુ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તરૂપે પ્રગટેલા ઈશ્વરના પ્રેમથી આપણને વિખૂટા પાડી શકે એમ નથી.' (રોમ ૮, ૩૮- ૩૯).

ઈસુ માટેના પોતાના પ્રેમને પાઉલ પ્રાર્થના દ્વારા પોષે છે. પાઉલના હૃદયપરિવર્તનની વાત કરતાં લૂકે 'પ્રેષિતોનાં ચરિતો'માં પાઉલને પ્રાર્થનામય માનવ તરીકે ચીતર્યા છે. દમસ્કમાં ઈસુના શિષ્ય હનનિયાને પ્રભુએ દર્શન દઈને પાઉલને મળવાનું માર્ગદર્શન આપ્યું હતું. 'પછી પ્રભુએ તેને કહ્યું, 'તું ઊભો ઊભો 'સીધી' નામની ગલીમાં જા અને યહૂદાને ઘેર તાર્સસના શાઉલ નામના માણસની તપાસ કર. તે અત્યારે પ્રાર્થના કરી રહ્યો છે." (પ્રે. ચ. ૯, ૧૧-૧૨).

હનનિયાએ ઈસુના અનુયાયીઓ સાથેના શાઉલના અત્યાચારો વિશે ઘણીબધી વાતો સાંભળી હતી. એટલે હનનિયાએ પ્રભુના આદેશ સામે વાંધો ઉઠાવ્યો. હનનિયાના બધા વિરોધો સામે પ્રભુ એમને મક્કમ નિર્દેશ આપે છે, 'તું તારે જા. કારણ, વિધર્મી લોકો અને તેમના રાજાઓ આગળ તેમ જ ઇસ્રાયલની પ્રજા આગળ મારું નામ પ્રગટ કરવા મેં એને મારા સાધન તરીકે પસંદ કરેલો છે. હું પોતે એને બતાવીશ કે મારા નામ ખાતર એણે કેટકેટલું ભોગવવાનું છે.' (પ્રે. ચ. ૯, ૧૫-૧૬). હનનિયા દ્વારા પાઉલનું ધર્મપરિવર્તન થયું 'અને થોડી જ વારમાં પાઉલે સભાગૃહોમાં ઈસુને વિશે ઘોષણા કરવા માંડી કે, 'એ ઈશ્વરનો પુત્ર છે." (પ્રે. ચ. ૯, ૨૦).

પણ પાઉલ પોતાના સ્નાનસંસ્કાર પછી તરત જ સભાગૃહોમાં ઈસુના સંદેશની ઘોષણા કરે છે એ વાત યોગ્ય લાગતી નથી. પાઉલ પોતે ગલાતિયાના ધર્મસંઘ પરના

પત્રમાં અરબસ્તાન ગયાની વાત કરે છે. ત્યાં હું માનું છું કે પાઉલને બીજી વાર ઈસુને ભેટો થયો હશે. કારણ, પાઉલ ગલાતિયાના ધર્મસંઘ પરના પત્રમાં સ્પષ્ટ કહે છે કે ઈસુ ખ્રિસ્તના સાક્ષાત્કારથી એમને ઈસુનો શુભસંદેશ પ્રાપ્ત થયો છે.

'બંધુઓ, મારે તમને સ્પષ્ટ જણાવવું જોઈએ કે, મેં જે શુભસંદેશ સંભળાવ્યો છે તે માનવનો નથી, કારણ, મને એ કોઈ માણસ પાસેથી મળેલો નથી; પણ ઈસુ ખ્રિસ્તના સાક્ષાત્કારથી મને એ પ્રાપ્ત થયેલો છે.' (ગલાતિયા ૧, ૧૧-૧૨).

યરુશાલેમના ધર્મસંઘે બાર્નાબાસને અંત્યોખ મોકલ્યા હતા. બાર્નાબાસ અંત્યોખ આવીને પાઉલની શોધમાં તાર્સસ ગયા અને ત્યાંથી પાઉલને લઈને પાછા અંત્યોખ આવ્યા અને બંને ત્યાં મોટા જનસમુદાયને ઉપદેશ આપતા રહ્યા. 'પ્રેષિતોનાં ચરિતો'માં લૂકે એ વાત નોંધી છે:

'પછી તે (બાર્નાબાસ) શાઉલની શોધમાં તાર્સસ ગયો, અને તેનો ભેટો થતાં તે તેને અંત્યોખ લઈ આવ્યો. અને એક આખા વર્ષ સુધી તેઓ સંઘ સાથે હળતામળતા રહીને મોટા જનસમુદાયને ઉપદેશ આપતા રહ્યા. શિષ્યો પહેલવહેલા અંત્યોખમાં જ ખ્રિસ્તી નામે ઓળખાયા.' (પ્રે. ચ. ૧૧, ૨૫-૨૬).

આ સંદર્ભમાં પાઉલે કરિંથના ધર્મસંઘ પ્રત્યે લખેલા બીજા પત્રમાં કરેલી સાક્ષાત્કારોની વાત ખૂબ પ્રસ્તુત છે. ત્યાં પાઉલે પોતાને પ્રાપ્ત થયેલાં ભવ્ય દર્શનની વાત કરી છે. (જુઓ ૨ કરિંથ ૧૨, ૧-૯). એક વાત તો ચોખ્ખી છે કે પાઉલના ધર્મપલટાની વાત ચોમેર ફેલાઈ ગઈ છે કે પાઉલ ખ્રિસ્તીઓની સતામણી કરનારમાંથી ઈસુ ખ્રિસ્તના સંદેશના પ્રખર હિમાયતી બન્યા છે.

સ્તેફાનની શહાદત પછી નવા પંથ સામે ગુજારેલા જુલમને કારણે ઈસુના ઘણા અનુયાયીઓ યરુશાલેમ છોડીને બીજા પ્રાન્તોમાં જતા રહ્યા હતા અને ત્યાં ઈસુનો સંદેશ ફેલાવતા હતા. આ રીતે અંત્યોખમાં નવા પંથનો પ્રચાર-ફેલાવ થયો હતો.

અંત્યોખની વાત જાણીને યરુશાલેમમાંથી પ્રેષિતોએ બાર્નાબાસને અંત્યોખ મોકલ્યા. અંત્યોખ તો સિરિયાનું પાટનગર હતું. આખા વિશ્વમાં રોમ અને આલક્સાન્દ્રિયા પછી અંત્યોખ ખૂબ મહત્ત્વનું ત્રીજું શહેર હતું. પાછળથી અંત્યોખ પાઉલના પ્રવાસોનું મુખ્ય મથક બન્યું હતું.

અંત્યોખમાં પાઉલ અને બાર્નાબાસ લાંબો સમય રહી શક્યા નહીં. અંત્યોખના પયગંબરી લોકોએ પ્રાર્થના અને ઉપવાસ કર્યા પછી પવિત્ર આત્માની પ્રેરણાથી પાઉલ અને બાર્નાબાસને માથે હાથ મૂક્યા પછી રોમના મિશન કામમાં રવાના કરી દીધા. (જુઓ પ્રે. ચ. ૧૩, ૧-૩).

આમ પાઉલના મિશન પ્રવાસોની શરૂઆત થાય છે. લૂકે 'પ્રેષિતોનાં ચરિતો'માં લખ્યું છે, 'આમ,પવિત્ર આત્મના મોકલ્યા તેઓ સલૂકિયા ગયા અને ત્યાંથી વહાણમાં બેસીને સાયપ્રસ ચાલ્યા ગયા. સલમિસ પહોંચ્યા પછી તેમણે યહૂદીઓનાં સભાગૃહોમાં ઈશ્વરનો સંદેશ સંભળાવ્યો. યોહાન પણ તેમની મદદમાં હતો.' (પ્રે. ચ. ૧૩, ૪-૫).

આ પ્રથમ પ્રવાસમાં પાઉલ અને બાર્નાબાસ તૂર્કસ્તાનના સલૂકિયા, સાયપ્રસ, પાફસ, પમ્ફૂલિયા, પેર્ગે વગેરે શહેરોમાં ફરી વળ્યા. બંને પ્રેષિતોએ ઈસુના સંદેશના પ્રચાર-ફેલાવ માટે એક ચોક્કસ રીત અપનાવી. જયાં ઈસુની ઘોષણા કરવાની તક હતી તેવા યહૂદીઓનાં સભાગૃહોમાં તેઓ જતા અને ઈશ્વરનો સંદેશ યહૂદીઓ અને વિધર્મી લોકોને સંભળાવતા. તેઓ બધે જ ઈસુ ખ્રિસ્તની ઈશ્વરે મોકલેલા મુક્તિદાતા તરીકે ઘોષણા કરતા અને યહૂદીઓને તેમ જ બિનયહૂદીઓને નવા પંથમાં આવકારતા.

તેઓ પોતાના મિશનના ભાગરૂપે ઠેર ઠેર ઈસુમાં શ્રદ્ધા મૂકનાર નવા પંથના લોકોના ધર્મસંઘની દેખરેખ માટે સેવકો, પાલકો, વડીલો અને અધ્યક્ષોને નીમતા હતા.

પવિત્ર આત્મા તેમની સાથે હતા, તેથી તેઓ ચમત્કારો કરતા હતા. પરિણામે ઘણી જગ્યાએ નવા ધર્મસંઘો ઊભા થયા. સાથોસાથ તેમને વિરોધનો તથા સતામણીનો પણ સામનો કરવો પડ્યો. પણ પોતાની સામેના અત્યાચારો અને જુલમને ગણકાર્યા વિના પાઉલ અને બાર્નાબાસ પાછા અંત્યોખ પહોંચ્યા અને તેમણે યહૂદીઓ સાથે ઘણા બધા બિનયહૂદી પણ ઈસુને અનુસરતા થયા છે એવા શુભ સમાચાર બધાને આપ્યા.

પોતાની સફળતા વચ્ચે પાઉલ અને બાર્નાબાસને સખત વિરોધનો પણ સામનો કરવો પડ્યો. યરુશાલેમથી આવેલા યહૂદી ખ્રિસ્તીઓ વિધર્મી ખ્રિસ્તીઓને ઠેર-ઠેર શીખવવા લાગ્યા કે મુક્તિ મેળવવા માટે મોશેના કાયદા મુજબ સુન્નત કરાવવી જરૂરી છે. પાઉલ અને બાર્નાબાસે વિધર્મી ખ્રિસ્તીઓને સુન્નત કરાવવાનો સખત વિરોધ કર્યો. બિનયહૂદી ખ્રિસ્તીઓ અને સુન્નતનો વિવાદ ઉકેલવા માટે પ્રેષિતોએ યરુશાલેમ ખાતે પ્રથમ ધર્મસભા કે ધર્મપરિષદ બોલાવી.

ધર્મપરિષદના નિર્ધાર તરીકે સૌ પ્રેષિતો અને વડીલો વતી પીતરે જાહેર કર્યું કે, 'આપણી તો શ્રદ્ધા છે કે, એમની પેઠે આપણો પણ ઉદ્ધાર પ્રભુ ઈસુની કૃપામાં જ રહેલો છે.' (પ્રે. ચ. ૧૫, ૧૧). પાઉલ અને બાર્નાબાસની માન્યતાનું વાજબીપણું પુરવાર થયું. પરંતુ પરંપરા અને પૂર્વગ્રહો સહેલાઈથી દૂર થતાં નથી. કેટલાક યહૂદી ખ્રિસ્તીઓ સુન્નતના રિવાજને એટલે કે સર્વ ખ્રિસ્તીઓએ સુન્નત કરાવવી જોઈએ તેવી માન્યતાને વળગી રહ્યા અને તેમણે પાઉલના શિક્ષણ સામે સખત વિરોધ જારી રાખ્યો. એટલે પાઉલ પોતાનાં લખાણોમાં તેમ જ ઈસુના સંદેશની ઘોષણામાં બધાને નીડરપણે જણાવતા રહ્યા કે મુક્તિ ફક્ત ઈસુ ખ્રિસ્ત દ્વારા છે, મોશેના કાયદાઓના પાલન દ્વારા નહીં.

આપણે જાણીએ છીએ કે યરુશાલેમની ધર્મપરિષદ પછી પાઉલ અને બાર્નાબાસ મિશનરી પ્રવાસમાં છૂટા પડ્યા. પાઉલે બીજા મિશનરી પ્રવાસમાં પોતાની સાથે સિલાસને સાથીદાર તરીકે લીધા તો બાર્નાબાસે યોહાન માર્કને સાથે લીધા. પાછળથી પાઉલે પોતાના સહકાર્યકરો તરીકે મિશન પ્રવાસમાં તિમોથી અને લૂકને પણ લીધા.

પાઉલનો બીજો મિશનરી પ્રવાસ ઈસ્વીસન ૪૯ થી ૫૨ સુધી હતો. ઈસ્વીસન ૪૬ થી ૪૮ સુધી ખેડેલા પ્રથમ મિશનરી પ્રવાસ કરતાં તે લાંબો હતો. પાઉલ પવિત્ર આત્માના પ્રેર્યા વધારે સ્થળોએ ફર્યા અને એશિયાથી યુરોપ સુધી પહોંચીને ફિલિપ્પી, થેસ્સલોનિકા, બરૈયા અને કરિંથ સુધી પહોંચ્યા.

પાઉલે પોતાનો ત્રીજા મિશનરી પ્રવાસ ઈસ્વીસન ૫૩માં અંત્યોખથી શરૂ કરીને ઈસ્વીસન ૫૭ સુધીના ચાર વર્ષના ગાળામાં લાંબી મજલ કાપીને યરુશાલેમ પરત ફરીને પૂરો કર્યો. અંત્યોખથી એફેસેસ પહોંચીને પાઉલે ત્યાં બે વર્ષ ઈસુના સંદેશની ઘોષણા કરવામાં અને ધાર્મિક શિક્ષણ આપવામાં તથા ધર્મસંઘનો પાકો પાયો બાંધવામાં ગાળ્યાં. એફેસેસથી પાઉલ ત્રીઆસ, ફિલિપ્પી, બરૈયા અને કરિંથ જેવા જૂના અને નવા ખ્રિસ્તીઓની મુલાકાત લેવા ગયા અને દરેક જગ્યાએ ધર્મસંઘનો પાયો મજબૂત કરવા અથાગ પ્રયત્ન કર્યો.

દરેક મિશનરી પ્રવાસ દરમિયાન પાઉલે જૂના અને નવા ધર્મસંઘો સાથે સમય ગાળ્યો હતો અને દરેક જગ્યાએ ખ્રિસ્તીઓની શ્રદ્ધા મજબૂત કરવા અને ધર્મસંઘને પ્રેમ અને સેવાભર્યા ધાર્મિક જીવનમાં સદ્ધર કરવા ઉપદેશ આપ્યા હતા. જાતમહેનતથી જીવવા અને લોકોને ઈસુના શુભસંદેશમાં દૃઢ કરવા અને દરેક જગ્યાએ ધર્મસંઘ સ્થાપવા કે

વડીલો અંને અધ્યક્ષોને નીમવાનાં વ્યસ્ત કામો વચ્ચે જુદા જુદા ધર્મસંઘોને પત્ર લખી લોકોને શ્રદ્ધામાં અને સત્કાર્યોમાં મંડયા રહેવાની પ્રેરણા અને પ્રોત્સાહન આપવામાં પાઉલ પોતાના સમયનો પૂરેપૂરો ઉપયોગ કરતા રહ્યા. આપણે જોઈ શકીએ છીએ કે પોતાના ધર્મોપદશો અને પત્રો દ્વારા પાઉલ પોતે સતામણીમાં સહનશક્તિ, અત્યાચારમાં આત્મસંયમ અને બધી જ પ્રકારની મુશ્કેલીઓમાં ધીરજ દાખવી શક્યા હતા. ઈસુ ખ્રિસ્ત પરની પાઉલની ઊંડી શ્રદ્ધા એમને દરેક વિકટ સંજોગ અને પરિસ્થિતિનો સામનો કરવાની હિંમત આપતી હતી.

પાઉલે યરુશાલેમમાં ગાળેલાં છેલ્લાં બે વર્ષો ઈસ્વીસન ૫૮ અને ૫૯ એમને માટે અઘરો સમય હતો. લોકો તેમને મારી નાખવાનું કાવતરું રચતા હતા. છેલ્લે એમની ધરપકડ કરવામાં આવી હતી અને લાંબો સમય તેઓ કારાવાસમાં રહ્યા હતા. પણ પરિસ્થિતિ અનુકૂળ હોય કે નહીં, હર સમયમાં પાઉલ નિષ્ઠાથી પોતાના મિશનકાર્યમાં દૃઢ રહ્યા. ઈસ્વીસન ૫૯માં પાઉલને કેદ કરવામાં આવ્યા. પછી એમને કેદી તરીકે મળવા આવતા લોકોને તેઓ ઈસુનો શુભસંદેશ સંભળાવતા અને વિવિધ ધર્મસંઘોને પત્રો દ્વારા પ્રેરણા અને પ્રોત્સાહન આપતા રહ્યા.

અમુક ઇતિહાસકારો માને છે કે રોમમાં ઘરના બંધનમાંથી પાઉલને મુક્તિ મળી હશે અને તેમણે સ્પેનમાં જઈને મિશનકાર્ય કર્યું હશે. પારંપરિક માન્યતા એવી છે કે પાઉલની ફરી ધરપકડ થઈ હતી અને રોમમાં ઈસ્વીસન ૬૫મા એમનો શિરચ્છેદ કરવામાં આવ્યો હતો.

પોતાના સમગ્ર જીવન દરમિયાન પાઉલને ઘણીબધી વિકટ વિટંબણાઓનો સામનો કરવો પડયો હતો. પાઉલે કરિંથના ધર્મસંઘ પર લખેલા પત્રમાંથી એમણે વેઠેલાં દુ:ખોનો આપણને થોડોઘણો ખ્યાલ આવે છે. પાઉલ લખે છે, ‘મેં વધારે પરિશ્રમ કર્યો છે, વધારે કારાવાસ વેઠયા છે, બેહદ ફટકા ખાધા છે, અનેક વાર મૃત્યુનો સામનો કર્યો છે, પાંચ પાંચ વાર મેં યહૂદીઓને હાથે ઓગણચાળીસ ફટકા ખાધા છે, ત્રણ ત્રણ વાર મેં દંડાનો માર ખાધો છે, એક વાર મેં પથ્થરમારો વેઠ્યો છે, ત્રણ વાર મારાં વહાણ ભાંગી ગયાં છે, એક દહાડો ને રાત મેં ભરદરિયે કાઢ્યાં છે. મેં અનેક પ્રવાસો ખેડ્યા છે, જેમાં નદીઓનું જોખમ હતું, લૂંટારાઓનું જોખમ હતું, દેશીઓનો ભય હતો, પરદેશીઓનો ભય હતો, શહેરોમાં જોખમ હતું, વગદામાં જોખમ હતું, વગડામાં જોખમ હતું, દરિયામાં જોખમ હતું, જૂઠા ધર્મબંધુઓનું જોખમ હતું. મેં હાડતૂટ મહેનત અને વૈતરાં ઉઠાવ્યાં છે, અનેક વાર ઉજાગરા વેઠ્યા છે, ભૂખ અને તરસ સહન કર્યાં છે, અનેક વાર મેં લાંઘણો ખેંચી છે, અને ટાઢમાં ઉઘાડે ડિલે રહ્યો છું.’ (૨ કરિંથ ૧૧, ૨૩-૨૭).

દમસ્ક ખાતે થયેલા ધર્મપરિવર્તનથી માંડી રોમ ખાતેની શહાદત સુધી પાઉલ પોતાની શ્રદ્ધામાં બધી જ પરિસ્થિતિઓમાં દૃઢ રહ્યા હતા. રોમના કારાવાસમાં રહીને તેઓએ તિમોથીને લખ્યું, ‘મારી તો આહૂતિ અપાઈ રહી છે, મારો ડેરાતંબૂ ઉપાડવાનો સમય આવી પહોંચ્યો છે. હું મંગલ શરતમાં ઝૂઝયો છું, પૂરું અંતર દોડ્યો છું, શ્રદ્ધામાં અટલ રહ્યો છું.’ (૨ તિમોથી ૪, ૬-૭).

પાઉલના પત્રો આજે પણ શ્રદ્ધાળુઓને ઈસુ ખ્રિસ્તનો શુભસંદેશ સમજવામાં અને એમાં ઘડાવામાં મદદરૂપ થાય છે.

આજે રોમ ખાતે રોમની દીવાલ બહાર એક ભવ્ય સેન્ટ પૉલ બાસિલિકા છે. વિશ્વભરના યાત્રાળુઓ તે પવિત્ર મંદિરની મુલાકાત કરે છે. કારણ, પારંપરિક માન્યતા મુજબ તે જ જગ્યા પર પાઉલનો શિરચ્છેદ કરી મારી નાખવામાં આવ્યા હતા.

૭૭. ઝેયૂસદેવ અને હેર્મસદેવ

ઝેયૂસદેવ અને હેર્મેસદેવની વાત આપણને નવા કરારમાં ‘પ્રેષિતોનાં ચરિતો’માં મળે છે. જો કે ઝેયૂસદેવનો ઉલ્લેખ જૂના કરારના ‘મક્કાબીઓ’ના બીજા ગ્રંથમાં પણ થયો છે.

ઝેયૂસદેવ ગ્રીકોના મુખ્ય દેવ છે અને હેર્મસદેવ બીજા બધા દેવોના સંદેશવાહક છે. રોમનો ઝેયૂસદેવને ‘જયુપીતર’ તરીકે અને ઝેયૂસદેવના વકતા હેર્મસદેવને ‘મેરકુરી’ તરીકે ઓળખતા.

લેખક લૂકે ‘પ્રેષિતોનાં ચરિતો’માં પાઉલે ઈસ્વીસન ૪૬-૪૮મા બાર્નાબાસ સાથે કરેલી પ્રથમ મિશનરી મુસાફરીની વાત કરી છે. મુસાફરી કરતા પાઉલ અને બાર્નાબાસ લુસ્ત્રા પહોંચ્યા. રોમન પ્રાન્ત લિકોનિયાના શહેર લુસ્ત્રામાં પાઉલ પ્રભુ ઈસુનાં જીવન અને સંદેશની વાત કરતા હતા ત્યારે તેમની સામે એક લૂલો માણસ બેઠો હતો. તે જન્મથી જ અપંગ હતો અને કદી ચાલ્યો નહોતો. તે ખૂબ ધ્યાનથી પાઉલને સાંભળતો હતો. એની સામે જોતાં પાઉલને લાગ્યું કે એનામાં પ્રભુ ઈસુ પર શ્રદ્ધા જાગી છે અને સાજા થવાની એનામાં ઊંડી શ્રદ્ધા છે. એટલે પાઉલે મોટે અવાજે કહ્યું, ‘તારા પગ ઉપર ટટ્ટાર ઊભો રહે’ લૂલો માણસ એકદમ કૂદીને ઊભી થઈ ગયો અને ચાલવા લાગ્યો. (જુઓ પ્રે. ચ. ૧૪, ૮-૧૦).

પાઉલને સાંભળતાં ટોળાની આગળ જ ચમત્કાર થયો હતો. જન્મથી અપંગ લૂલા માણસને ચાલતો કરનાર પાઉલ અને એમની સાથેના બાર્નાબાસને એ ટોળું દેવો માની બેઠું! એટલે ટોળામાંના લોકો પોતાની બોલીમાં બોલી ઊઠયા, ‘આપણે ત્યાં તો દેવો માનવરૂપે ઊતરી આવ્યા છે.’ ટોળાએ બાર્નાબાસને ઝેયૂસદેવ કહ્યો અને પાઉલને હેર્મસદેવ કહ્યા; કારણ, પાઉલ જ બંને દેવોમાંના મુખ્ય વકતા હતા. (પ્રે. ચ. ૧૪, ૧૧-૧૨).

શરૂઆતમાં પાઉલ અને બાર્નાબાસને ટોળાના લોકો પોતાની બોલીમાં શું બોલતા હતા અને ટોળામાં કેમ ખળભળાટ થયો છે એની ખબર નહોતી.

લુસ્ત્રા શહેરની આગળ ઝેયૂસદેવનું મંદિર હતું. તેના પૂજારી બળદો અને ફૂલહાર લઈને આવ્યા. જ્યારે પૂજારી લોકો સાથે પ્રેષિતો આગળ ભોગ ચડાવવા તૈયાર થયા ત્યારે પાઉલ અને બાર્નાબાસને પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો. લૂકે એમના પ્રતિભાવનું આબેહૂબ વર્ણન કર્યુ છે.

‘પણ બાર્નાબાસ અને પાઉલને એની જાણ થતાં તેઓ ખેદના માર્યા પોતાનાં કપડાં ફાડી લોકોના ટોળા તરફ ધસી જઈને ઘાંટા પાડીને બોલ્યા, ‘ભાઈઓ, તમે આ શા માટે કરો છો? અમે પણ તમારા જેવા માટીના માનવો જ છીએ, અને તમારે માટે એવો શુભસંદેશ લઈને આવ્યા છીએ કે, તમારે આ વ્યર્થ દેવલાંઓ છોડી દઈને ચેતનસ્વરૂપ ઈશ્વર તરફ વળવું જોઈએ, જે આકાશ, પૃથ્વી, સાગર અને તેમાં જે કાંઈ છે તે બધાંનો સરજનહાર છે. ભૂતકાળમાં તેણે બધી પ્રજાઓને પોતપોતાને માર્ગે જવા દીધી હતી.

“તમે છતાં, વાદળમાંથી વરસાદ વરસાવીને અને ઋતુ ઋતુએ પાક આપીને, તેમ જ તમે ધરાઈ જાઓ એટલું અન્ન અને આનંદ આપીને, આમ વિવિધ રીતે કલ્યાણ કરીને, એ

પોતાનો પરિચય આપ્યા વગર રહ્યો નથી.' એમ કહીને તેમણે લોકોને પોતાની આગળ ભોગ ચડાવતા માંડમાંડ રોક્યા.' (પ્રે. ચ. ૧૪, ૧૪-૧૮).

ગ્રીકની પૌરાણિક કથાઓમાં ઝેયૂસદેવ બીજા બધા દેવોના દેવ છે. ગ્રીક દેવોના પર્વત ઓલિમ્પસ ખાતે ઝેયૂસદેવનું મંદિર છે.

જૂના કરારના ઉલ્લેખમાં યરુશાલેમ પર હુમલો કરી કબજે કરનાર રાજા અંત્યોખસ યરુશાલેમનું યહૂદી મંદિર ભ્રષ્ટ કરીને આતિથ્યના દેવતા એટલે ઑલિમ્પસના ઝેયૂસને સમર્પી દેવા માગતા હતા. (જુઓ ૨ મક્કાબીઓ ૬, ૨).

૭૮. અક્વિલા અને પ્રિસ્કિલ્લા — આદર્શ દંપતી

આપણે સૌપ્રથમ અક્વિલા અને પ્રિસ્કિલ્લાને કરિંથ ખાતે સંત પાઉલના દયાળુ યજમાન તરીકે મળીએ છીએ. આપણે 'પ્રેષિતોનાં ચરિતો'માં વાંચીએ છીએ: 'પાઉલ આથેન્સ છોડીને કરિંથ ચાલ્યો ગયો. ત્યાં તેને પંતસનો વતની અક્વિલા નામનો એક યહૂદી મળ્યો. તે પોતાની પત્ની પ્રિસ્કિલ્લા સાથે થોડા સમય પહેલાં જ ઇટાલીથી આવ્યો હતો, કારણ, બાદશાહ ક્લૌદિયુસે એવી આજ્ઞા કરી હતી કે, બધા યહૂદીઓએ રોમ છોડી જવું.' (પ્રે. ચ. ૧૮, ૧-૨).

પ્રેષિતોનાં ચરિતોમાં તથા પાઉલના ત્રણ પત્રોમાં અક્વિલા અને પ્રિસ્કિલ્લાના ઘણા ઉલ્લેખો મળે છે. બધા ઉલ્લેખોમાં દંપતીનાં નામો સાથે આપ્યાં હોય છે. અહીં પ્રથમ ઉલ્લેખમાં અક્વિલાનું નામ પ્રથમ છે. પણ બીજા બધા ઉલ્લેખોમાં પ્રિસ્કિલ્લાનું નામ પ્રથમ છે.

'ઑલ ધ મૅન ઑફ ધ બાઇબલ'ના લેખક હૅરબર્ટ લોકિયર કહે છે કે, 'એક હકીકત આપણે ખાસ નોંધીએ કે, અક્વિલા અને પ્રિસ્કિલ્લાના બધા ઉલ્લેખોમાં સામાન્ય રીતે પ્રિસ્કિલ્લાનું નામ પ્રથમ આવે છે. કદાચ રોમનાં આ ખૂબ ઉમદા સ્ત્રી એમના પતિ કરતાં પહેલાં ઈસુનાં અનુયાયી બન્યાં હશે. શક્ય છે કે એમના પતિ અક્વિલા કરતાં પ્રિસ્કિલ્લા ઈસુના સંદેશના પ્રચાર-ફેલાવના કાર્યમાં વધારે સક્રિય રીતે રોકાયેલાં હશે.' (પૃ. પર).

અક્વિલા અને પ્રિસ્કિલ્લા વિશે 'પ્રેષિતોનાં ચરિતો'માં અને પાઉલના ત્રણ પત્રોમાં જે માહિતી મળે છે તે બતાવે છે કે તેઓ એક આદર્શ અને નમૂનેદાર પતિ-પત્ની હતાં.

'પ્રેષિતોનાં ચરિતો'માંથી આપણે જાણીએ છીએ તેમ પ્રિસ્કિલ્લા અને અક્વિલા ધંધે તંબૂ બનાવનાર હતાં. સંત પાઉલનો પણ એ જ ધંધો હતો. કદાચ પાઉલ માટે આ યુગલ તરફ આકર્ષાવાનું એક મુખ્ય કારણ એમની મિત્રતા અને ઉદાર આવકારની પ્રકૃતિ ઉપરાંત એમનો ધંધો પણ હશે. એટલે પાઉલ એમની યજમાનગીરી સ્વીકારીને એમના ધંધામાં જોડાયા.

કરિંથ ખાતે પ્રિસ્કિલ્લા અને અક્વિલા એક ખૂબ જાણીતું યુગલ હોવું જોઈએ. એટલે જ આથેન્સ છોડીને પાઉલ કરિંથ ગયા ત્યારે તેઓ તેમને ત્યાં મળવા ગયા. અને તેમની યજમાનગીરીને સ્વીકારીને પાઉલ એમની સાથે રહી પડ્યા. 'પ્રેષિતોનાં ચરિતો'માં વાંચીએ કે, 'પાઉલ તેમને મળવા ગયો હતો, અને એક જ ધંધાના હોવાથી, તે તેમની સાથે રહી પડ્યો, અને તેઓ કામ કરવા લાગ્યા.' (પ્રે.ચ. ૧૮, ૩). સાથે રહેવાથી અને એક જ કામધંધો કરવાથી પ્રિસ્કિલ્લા અને અક્વિલા પાઉલને બરાબર ઓળખી શક્યાં અને એમની સાથે ઊંડી મિત્રતા બાંધી શક્યાં. પાઉલના ત્રણ પત્રો એટલે કે રોમના ધર્મસંઘ પરનો પત્ર, કરિંથના ધર્મસંઘ પરનો પ્રથમ પત્ર અને તિમોથી પરના બીજા પત્રમાંથી આપણને પાઉલ અને આ યુગલ વચ્ચેની ઊંડી મિત્રતાનો ખ્યાલ આવે છે.

પાઉલના આ પત્રોમાં અક્વિલા અને પ્રિસ્કિલ્લાની વાત તપાસતા પહેલાં આપણે

આ કૂલીન યુગલને બાઇબલના એક જાણીતા પાત્ર અપોલોસની યજમાનગીરી કરતું જોઈએ છીએ. એ વાત આપણને 'પ્રેષિતોનાં ચરિતો'માં મળે છે. તે અરસામાં 'આલેક્સાંડ્રિયાનો વતની અપોલોસ નામે એક યહૂદી એફેસસ આવ્યો. તે પ્રભાવશાળી વક્તા અને શાસ્ત્રનો સારો અભ્યાસી હતો. તેને પ્રભુના માર્ગનું શિક્ષણ મળેલું હતું અને હૈયાની ધગશવાળો હોઈને તે ઈસુને લગતી બાબતો વિશે ચોકસાઈથી બોલતો અને ઉપદેશ આપતો હતો.' (પ્રે. ચ. ૧૮, ૨૪-૨૫).

'એ માણસે હિંમતભેર સભાગૃહમાં બોલવા માંડયું અને પ્રિસ્કિલ્લાએ અને અક્વિલાએ તેને સાંભળ્યો એટલે તેઓએ તેને ઈશ્વરનો માર્ગ વધારે ચોક્કસાઈપૂર્વક સમજાવ્યો.' (પ્રે. ચ. ૧૮, ૨૬).

અહીં આપણે પ્રિસ્કિલ્લા અને અક્વિલાનો પરગજુ સ્વભાવ જોઈ શકીએ છીએ. સાથોસાથ ઈસુનો સંદેશ વધારે ચોકસાઈથી સમજાવવાની ધગશ પણ પારખી શકીએ છીએ. સ્થાનિક ધર્મસંઘ પ્રિસ્કિલ્લા અને અક્વિલાને ઘેર મળતો હતો. ઈસુના નવા અનુયાયીઓને તેઓ ખ્રિસ્તી આધ્યાત્મિકતા તથા ધર્મશિક્ષણ પણ આપતાં હતાં.

સંત પાઉલે રોમના ધર્મસંઘ પરના પોતાના પત્રમાં પ્રિસ્કિલ્લા અને અક્વિલાને ખ્રિસ્ત ઈસુની સેવામાં તેમનાં સાથી કહ્યાં છે: 'ખ્રિસ્ત ઈસુની સેવામાં મારાં સાથી પ્રિસ્કિલ્લા અને અક્વિલાને વંદન કહેજો, જેમણે મારા પ્રાણ બચાવવા પોતાનું જીવન જોખમમાં મૂક્યું હતું, અને જેમનો કેવળ હું જ ઋણી છું એમ નહીં, બિનયહૂદીઓના સંઘો પણ ઋણી છે.' (રોમ ૧૬, ૩-૪).

'જીવન જોખમમાં મૂકવા'ની વાતથી આપણને પ્રિસ્કિલ્લા અને અક્વિલાની પ્રૈષિતિક સેવા અને મિશનરી ધગશનો ખ્યાલ આવે છે. એટલે પાઉલ પોતાના નામે તેમ જ તેમના ઘરમાં મળતા ધર્મસંઘને નામે પ્રિસ્કિલ્લા અને અક્વિલાને વંદન પાઠવે છે.

એ જ રીતે કરિંથના ધર્મસંઘ પરના પોતાના પ્રથમ પત્રમાં પણ પાઉલ કેવળ પ્રિસ્કિલ્લા અને અક્વિલાનાં વંદન જ નહીં, પણ તેમના ઘરમાં મળતા સંઘનાં પણ વંદન કરિંથના ધર્મસંઘને કહેવડાવે છે. 'અક્વિલા તથા પ્રિસ્કિલ્લા તથા તેમના ઘરમાં મળતો સંઘ તમને પ્રભુને નાતે ઘણાં ઘણાં વંદન કહેવડાવે છે.' (૧ કરિંથ ૧૬, ૧૯).

બાઇબલના નવા કરારમાં પ્રિસ્કિલ્લા અને અક્વિલાનો છેલ્લો ઉલ્લેખ આપણને તિમોથી પરના પાઉલના બીજા પત્રમાંથી મળે છે. એ પત્રને અંતે પાઉલ પ્રિસ્કિલ્લા અને અક્વિલાને ખાસ સલામ પાઠવે છે. 'પ્રિસ્કિલ્લાને, અક્વિલાને અને ઓનેસિફોરસનાં કુટુંબીજનોને વંદન કહેજે.' (૨ તિમોથી ૪, ૧૯).

આવા બધા ઉલ્લેખો બતાવે છે કે પ્રિસ્કિલ્લા અને અક્વિલા પાઉલના ખૂબ નજીકનાં મિત્રો હતાં. આ યુગલે આદિ ખ્રિસ્તીઓના ઇતિહાસમાં ઈસુના સંદેશની ઘોષણા કરવાના કામમાં ખૂબ અગત્યનો અને મોટો ભાગ ભજવ્યો છે.

સાચે જ પ્રિસ્કિલ્લા અને અક્વિલાએ પોતાનાં પ્રેમ અને સેવા દ્વારા આદિ ખ્રિસ્તીઓને એક આદર્શ અને નમૂનેદાર યુગલનો દાખલો પૂરો પાડ્યો છે. આજના ખ્રિસ્તીઓ માટે પણ તેઓ એક આદર્શ અને નમૂનેદાર પતિ-પત્ની છે.

૭૯. સિલાસ, પાઉલ અને પીતરના સાથી

આપણે સિલાસ વિશે 'પ્રેષિતોનાં ચરિતો'માંથી થોડુંઘણું જાણી શકીએ છીએ. પીતરના પહેલા પત્રમાં તથા પાઉલના અમુક પત્રોમાં પણ આપણને સિલાસનો ઉલ્લેખ મળે છે. સિલાસ કે સિલ્વાનુસ નામનો અર્થ 'શબ્દોનો પ્રેમી' છે.

પીતરના પહેલા પત્રના અંતે આપણે વાંચીએ છીએ કે, "જેને હું મારો વફાદાર ધર્મબંધુ ગણું છું એવા સિલ્વાનુસ હસ્તક મેં તમને ઉપદેશના આ થોડા શબ્દો લખાવ્યા છે.' (૧ પીતર ૫, ૧૨). પીતરના પહેલા પત્રમાં સિલ્વાનુસના આ ફાળાને ધ્યાનમાં લઈએ તો આપણને ખ્યાલ આવશે કે સિલ્વાનુસ ખરેખર 'શબ્દપ્રેમી' હતા. એમની પાસે શબ્દશક્તિ અને લેખનશક્તિ હતી.

પ્રેષિતોએ અને ધર્મસંઘના વડીલોએ સિલાસ અને યહૂદા ઉર્ફે બાર્નાબાસને પસંદ કરીને તેમને પાઉલ અને બાર્નાબાસ સાથે અંત્યોખ મોકલ્યા. 'તેમણે ધર્મબંધુઓમાં અગ્રણી એવા બે જણને પસંદ કર્યા, એક યહૂદા ઉર્ફે બાર્સાબાસ અને બીજો સિલાસ.' (પ્રે. ચ. ૧૫, ૨૨).

સિલાસ અને યહૂદાને એટલા માટે પસંદ કરવામાં આવ્યા કે તેઓ પાઉલ અને બાર્નાબાસ સાથે અંત્યોખ જાય; એટલું જ નહીં, પણ તેઓ વિધર્મીઓમાંથી ખ્રિસ્તી ધર્મપંથને અનુસરતા લોકોને એટલે કે બિનયહૂદી ધર્મબંધુઓને પ્રેષિતો અને વડીલોનો સંદેશો સંભળાવે. એ સંદેશો છે કે 'પવિત્ર આત્માએ અને અમે એવો નિર્ણય કર્યો છે કે, આટલી આવશ્યક બાબતો ઉપરાંત તમારે માથે બીજો કોઈ બોજો નાખવો નહીં: તમારે મૂર્તિઓને ધરાવેલું નૈવેદ્ય, લોહી કે ગૂંગળાવીને મારેલા લોહી સાથેનાં પ્રાણીઓ ખાવાં નહીં અને નિષિદ્ધ લગ્નસંબંધોથી દૂર રહેવું. આવું ન કરવામાં તમારું ભલું છે. ભગવાન તમારું ભલું કરો.' (પ્રે. ચ. ૧૫, ૨૮-૨૯).

અંત્યોખમાં સિલાસ અને યહૂદાનાં પ્રૈષિતિક કાર્યો વિશે લૂકે પ્રેષિતોનાં ચરિતોમાં નોંધ્યું છે કે, 'યહૂદા અને સિલાસ પયગંબર હતા, એટલે તેમણે ધર્મબંધુઓનો ઉત્સાહનાં અનેક વચનો સંભળાવીને તેમનામાં દૃઢતા પ્રેરી.' (પ્રે. ચ. ૧૫, ૩૨).

પ્રેષિત પાઉલ અને બાર્નાબાસ સાથે થોડો સમય અંત્યોખ રહ્યા પછી સિલાસ પ્રેષિત પાઉલ સાથે 'સિરિયા અને કિલીકિયામાં ફરી ફરીને ધર્મસંઘને સંગઠિત બનાવવા લાગ્યા.' (પ્રે. ચ. ૧૫, ૪૧).

સિલાસ અને પાઉલ મકદોનિયા પ્રાંતના મુખ્ય શહેર ફિલિપ્પીમાં ઘણા દિવસો રહ્યા. ત્યાં પાઉલ અને તેમના સાથીદારો પાછળ પાછળ એક ગુલામ છોકરી જતી હતી. એને ભવિષ્ય ભાખતો દુષ્ટ આત્મા વળગેલો હતો. એટલે એનાથી કંટાળીને પાઉલે કહ્યું, 'ઈસુ ખ્રિસ્તને નામે હું તને એનામાંથી બહાર નીકળવાની આજ્ઞા કરું છું અને તે જ ક્ષણે તે બહાર નીકળી ગયો.' (પ્રે. ચ. ૧૬, ૧૮). તે છોકરી પોતાને વળગેલા આત્માથી ભવિષ્ય ભાખીને પોતાના માલિકોને પુષ્કળ લાભ કરી આપતી હતી. પણ એ ગુલામ છોકરીના માલિકોએ જોયું કે પાઉલે છોકરીને ભવિષ્ય ભાખતા આત્માના વળગણથી મુક્ત કરવાથી

પોતાના લાભની આશા ખલાસ થઈ ગઈ છે, 'ત્યારે તેઓ પાઉલ અને સિલાસને પકડીને અધિકારીઓ આગળ ચોકમાં ઘસડી ગયા અને એમના પર આરોપ મૂક્યો કે તેઓ શહેરમાં ખૂબ ધાંધલ મચાવે છે.' લોકોના ટોળા આગળ 'ન્યાયાધીશોએ તેમના કપડાં ઉતારીને તેમને ફટકા મારવાનો હુકમ કર્યો. અને સખત માર માર્યા પછી તેઓએ તેમને જેલખાનામાં નાખ્યા.' (પ્રે. ચ. ૧૬, ૨૨-૨૩).

પાઉલ અને સિલાસને ચમત્કારિક રીતે જેલખાનામાંથી મુક્ત કરવામાં આવ્યા. પાઉલ અને સિલાસ મધરાતે ઈશ્વરનાં ભજન ગાતા હતા. એવામાં અચાનક એવો ભારે ધરતીકંપ થયો કે જેલખાનાનાં બધાં બારણાં ખૂલી ગયાં અને બધા કેદીઓનાં બંધન છૂટી ગયાં. આ ચમત્કારિક બનાવને કારણે કેદીઓ ભાગી ગયાના બીકથી આપઘાંત કરવા જતા જેલરને પાઉલે રોક્યો અને સાંત્વન આપ્યું. ભય અને આઘાતજનક પરિસ્થિતિમાં પાઉલ અને સિલાસના વર્તનથી જેલરનું હૃદયપરિવર્તન થયું. જેલર અને તેમના આખા કુટુંબે સ્નાનસંસ્કાર લીધો અને ઈસુમાં શ્રદ્ધા ધરાવતા થયા. એના આનંદમાં જેલરે કેદીઓના ઘા ધોયા અને તેમની આગળ ભાણાં માંડ્યા. (જુઓ પ્રે. ચ. ૧૭, ૨૫-૩૪).

પછીના પ્રસંગો બતાવે છે કે પાઉલ અને સિલાસ રોમન નાગરિકો છે. કોઈ ગુનો પુરવાર કર્યા વિના બે રોમન નાગરિકોને ફટકા મારવા અને જેલમાં પૂરવા બદલ ન્યાયાધીશોએ જ ગુનો કર્યો છે. ગભરાયેલા ન્યાયાધીશોએ પાઉલને અને સિલાસને છોડી મૂકવાનું કહેવડાવ્યું. પ્રેષિતોના ચરિતોની આખી વાત વાંચીએ.

'પણ પાઉલે અંગરક્ષકોને કહ્યું, 'અમે રોમના નાગરિકો છીએ! અમારો કશો ગુનો પુરવાર થયો નથી, તેમ છતાં તેમણે અમને જાહેરમાં ફટકા માર્યા અને જેલમાં પૂર્યા, અને હવે અમને તેઓ છાનામાના બહાર કાઢી મૂકવા માગે છે? એ કદી નહીં બને! ગરજ હોય તો જાતે આવીને અમને બહાર કાઢે.'

અંગરક્ષકોએ જઈને આ વાત ન્યાયાધીશોને જણાવી. એ લોકો રોમન છે એવું સાંભળીને ન્યાયાધીશો ગભરાઈ ગયા, અને તેમણે આવીને એ લોકોની માફી માગી. પછી તેમણે તેઓને બહાર કાઢ્યા અને શહેરમાંથી ચાલ્યા જવાની વિનંતી કરી. જેલખાનામાંથી નીકળીને તેઓ લુદિયાને ઘેર ગયા, ધર્મબંધુઓને મળ્યા અને તેમને ઉત્સાહ આપી વિદાય થયા.' (પ્રે. ચ. ૧૬, ૩૭-૪૦).

સિલાસ અને પાઉલ સાથે મુસાફરી કરીને અમ્ફિપલિસ અને અપોલ્લોનિયાની મુલાકાત કરીને થેસ્સલોનિકા પહોંચ્યા. થેસ્સલોનિકા બંદરવાળું ઐતિહાસિક શહેર હતું. ત્યાં પાઉલે પોતાના રિવાજ મુજબ ત્રણ વિશ્રામવાર સુધી યહૂદીઓના સભાગૃહમાં ઈસુના શુભસંદેશ વિશે લોકો સાથે ચર્ચા કરી. પરિણામે ગ્રીકોના મોટા સમુદાયને તથા અનેક અગ્રગણ્ય સ્ત્રીઓને ઈસુ પર શ્રદ્ધા બેઠી અને તેઓ પાઉલ અને સિલાસના સાથમાં જોડાઈ ગયાં. (પ્રે. ચ. ૧૭, ૪). પણ થેસ્સાલોનિકાના અમુક યહૂદીઓએ ઈર્ષ્યાથી પ્રેરાઇને પાઉલ, સિલાસ અને તેમને આશરો આપનાર એક યહૂદી યાસોન સામે આરોપ મૂક્યો કે, ઈસુને નામે તેઓ આખી દુનિયાને ઉપરતળે કરે છે અને રોમન બાદશાહની આણનો ભંગ કરે છે. (જુઓ પ્રે. ચ. ૧૭, ૫-૭). પાઉલ અને સિલાસ હાથમાં ન આવતાં ટોળાના માણસોએ યાસોન પર હુમલો કર્યો. એટલામાં ઈસુમાં માનતા થયેલા ધર્મબંધુઓએ પાઉલ અને સિલાસને રાતોરાત બરૈયા મોકલી આપ્યા. (પ્રે. ચ. ૧૭, ૧૦). બરૈયાના યહૂદીઓ થેસ્સલોનિકાના યહૂદીઓ કરતાં વધારે ઉદાર દિલના હતા. એટલે તેમણે પાઉલ અને સિલાસના સંદેશને વધાવી લીધો. પણ થેસ્સલોનિકાના યહૂદીઓ બરૈયામાં પણ લોકોને ઉશ્કેરવા અને ધાંધલ મચાવવા આવી પહોંચ્યા. એટલે ધર્મબંધુઓએ પાઉલને દરિયાકાંઠે

જવા રવાના કરી દીધા પણ સિલાસ અને તિમોથી બંને ત્યાં રહ્યા. (પ્રે. ચ. ૧૭, ૧૪) અને થોડા સમય બાદ સિલાસ અને તિમોથી બંને કરિંથ પહોંચીને પાઉલ સાથે જોડાયા.

સિલાસ કરિંથમાં પાઉલ અને તિમોથી સાથે ઘણો સમય રહ્યા. કરિંથ રહીને પાઉલે થેસ્સલોનિકાના ધર્મસંઘને લખેલા બંને પત્રોમાં ત્રણ નામોનો ઉલ્લેખ છે. 'થેસ્સલોનિકાવાસીઓના સંઘ પ્રત્યે લિખિતંગ પાઉલ, સિલ્વાનુસ અને તિમોથી.' (૧ થેસ્સા. ૧,૧).

સિલાસ કરિંથમાં કેટલો સમય રહ્યા છે એની આપણને ચોક્કસ ખબર નથી. આપણને ખબર છે કે સિલાસ પાછળથી પીતર જોડે ઈસુના શુભસંદેશનો પ્રચાર કરતા હતા. પણ ક્યારે અને કેટલા સમય માટે સિલાસ પીતર સાથે હતા એની આપણને કંઈ ખબર નથી. પીતરના પહેલા પત્રમાં જણાવ્યું છે તેમ સિલાસને પીતર પોતાનો વફાદાર ધર્મબંધુ ગણતા હતા અને સિલાસના હાથે જ પીતરે પોતાના પત્ર લખાવ્યા છે. (જુઓ ૧ પીતર ૫, ૧૨).

બાઇબલના અમુક ઉલ્લેખોમાંથી આપણે જાણીએ છીએ કે સિલાસને અમુક લખાણોમાં 'સિલ્વાનુસ' કહેવામાં આવે છે. અંગ્રેજીમાં 'ગુડ ન્યૂઝ' બાઇબલ છે એમાં બધે જ 'સિલાસ' નામ વાપરવામાં આવે છે, 'સિલ્વાનુસ' નામ ક્યાંય નથી. સંપૂર્ણ બાઇબલમાં સિલાસ અને સિલ્વાનુસ બંને નામો છે.

૮૦. તિમોથી, પાઉલને આધ્યાત્મિક પુત્ર

પ્રેષિતોનાં ચરિતો તેમ જ તિમોથીને ઉદ્દેશીને લખેલા બે પત્રો સહિતના સંત પાઉલના વિવિધ પત્રોમાંથી આપણને તિમોથી અંગે ઘણુખરું જાણવાનું મળે છે.

પાઉલ પોતાના પ્રથમ પત્રમાં તિમોથી માટે ‘શ્રદ્ધામાં મારો ખરો પુત્ર’ અને બીજા પત્રમાં ‘મારો પ્રિય પુત્ર’ એવા શબ્દો વાપરે છે. એટલું જ નહીં,પાઉલ પોતાનાથી ઘણા નાના તિમોથીને ‘બંધુ’ અને ‘મારો ‘સહકાર્યકર’ તરીકે પણ સંબોધન કરે છે.

તિમોથીની માતા ખ્રિસ્તી હતી અને પિતા ગ્રીક હતા. ‘પ્રેષિતોનાં ચરિતો’માં સંત લૂક તિમોથીનો પરિચય આપતાં કહે છે, ‘પછી તે દેર્બે અને લુસ્ત્રા પણ ગયો ત્યાં તિમોથી નામે એક શિષ્ય હતો. તેની મા ઈસુને માનનાર યહૂદી હતી, પણ બાપ ગ્રીક હતો. લુસ્ત્રા અને ઇકોનિયાના ધર્મબંધુઓમાં તિમોથીનું સારું માન હતું. એ પોતાની સાથે આવે તેમ પાઉલ ઇચ્છતો હતો. એનો બાપ ગ્રીક હતો એ બધા જાણતા હતા, એટલે એ પ્રદેશના યહૂદીઓને ખાતર પાઉલે તેની સુન્નત કરાવી.’ (પ્રે. ચ. ૧૬, ૧-૩).

પાઉલે તિમોથીને પોતાની સમકક્ષ દરજ્જો આપ્યો છે. તેથી જ તે કરિંથવાસીઓને કહે છે. ‘તિમોથી આવે તો તે તમારી વચ્ચે નિશ્ચિંતપણે રહી શકે એની કાળજી રાખજો, કારણ, તે પણ મારી પેઠે પ્રભુનું જ કાર્ય કરે છે, એટલે કોઈ એનો તુચ્છકાર કરશો નહીં. તમે એને જોઈતું કરતું આપીને વિદાય કરી દેજો, જેથી એ મારી પાસે આવી પહોંચે. ધર્મબંધુઓ સાથે હું એની રાહ જોઉં છું.’ (૧ કરિંથ ૧૬, ૧૦-૧૧).

તિમોથી ખ્રિસ્તના પ્રચાર માટે પાઉલના વિશ્વાસુ રાજદૂત છે, સંદેશવાહક છે અને વિપરીત સંજોગોમાં પણ વિશ્વાસને મજબૂત કરનાર છે. એટલે થેસ્સલોનિકા ખાતેના સતામણીગ્રસ્ત ધર્મસંઘ ખાતે તિમોથીને મોકલતાં પાઉલ લખે છે, ‘અને અમારા ભાઈ અને ખ્રિસ્તના શુભસંદેશના પ્રચારમાં ઈશ્વરના સહકાર્યકર તિમોથીને અમે એટલા માટે મોકલ્યો કે, તે તમને દૃઢ બનાવે અને તમને શ્રદ્ધામાં અડગ રહેવાની હિંમત આપે, જેથી આ કષ્ટોથી તમારામાંનો કોઈ ચલાયમાન ન થાય; તમે તો જાણો જ છો કે, આ જ આપણું નિર્માણ છે.’ (૧ થેસ્સલોનિકા ૩, ૨-૩).

તિમોથીનું મૂલ્ય પાઉલના એ શબ્દોમાં વિશેષપણે પ્રતિબિંબિત થાય છે કે, ‘એના સમું મારી પાસે બીજું કોઈ નથી’. ફિલિપ્પીના ધર્મસંઘ પરના પત્રમાં પાઉલ નોંધે છે: ‘હું ભગવાન ઈસુની કૃપાથી તિમોથીને ટૂંક સમયમાં તમારે ત્યાં મોકલવાની આશા રાખું છું. જેથી તમારા સમાચાર મળતાં મને પણ ઉત્સાહ ચડે. મારી સાથે એકજીવ થઈ ગયેલો એના જેવો મારી પાસે બીજો કોઈ નથી, જેને તમારા હિતની સાચી ચિંતા હોય, કારણ, સૌ સ્વાર્થનાં સગાં છે, કોઈને ઈસુ ખ્રિસ્તની પડી નથી. પણ તિમોથી તો નીવડેલો સેવક છે એ તમે જાણો છો. કોઈ પુત્ર પોતાના પિતાની સાથે કામ કરે તેમ તેણે મારી સાથે શુભસંદેશની સેવામાં કામ કર્યું છે.’ (ફિલિપ્પી ૨, ૧૯-૨૨).

તિમોથી લુસ્ત્રામાં રહેતા હતા. પાઉલ અને બાર્નાબાસે પોતાના પ્રથમ મિશનરી પ્રવાસમાં લુસ્ત્રા શહેરની મુલાકાત બે-બે વાર લીધી હતી. તિમોથી ખ્રિસ્તી હતા, ને તેની

માતા યુનિસ તથા નાની લોઈસ પણ ખ્રિસ્તી હતાં. પ્રથમ વાર પાઉલને પથ્થરે મારીને અધમૂઓ કરવામાં આવ્યા હતા, ત્યારે ખ્રિસ્તી શિષ્યોએ પાઉલને બચાવ્યા હતા અને શહેરમાંથી ભાગી છૂટવામાં મદદ કરી હતી.

પાઉલે વેઠેલી સતામણી તિમોથીએ જાણી જ હશે, અને પાઉલ સાથે જોડાઈને શુભસંદેશના પ્રચારનો શો અર્થ છે એ પણ અનુભવ્યું હશે.

તિમોથીના લાભાર્થે પાઉલે પોતાને હચમચાવી નાખનાર અનુભવોની વાત તિમોથી પરના પોતાના બીજા પત્રમાં જણાવી છે. 'પણ તું તો મારા ઉપદેશને, વર્તનને અને જીવનધ્યેયનને અનુસરતો આવ્યો છે, મારી શ્રદ્ધા, ધીરજ, દૃઢતા; અંત્યોખ, ઇકોનિયા અને લુસ્ત્રામાં થયેલી મારી સતામણીઓ અને કષ્ટો તને અજાણ્યાં નથી; કેવી કેવી સતામણીઓ મેં વેઠી છે એ બધું તું જાણે છે. પણ પ્રભુએ મને એ બધામાંથી ઉગારી લીધો છે.' (૨ તિમોથી ૩, ૧૦-૧૧).

તિમોથી પોતાની ઇચ્છાને આધીન થઈને પાઉલ સાથે જોડાયા અને જેમને ખબર હતી કે તેમના પિતા ગ્રીક હતા એવા યહૂદી ખ્રિસ્તીઓ મધ્યે પોતાની જાતનો સ્વીકાર થાય એ માટે તેઓએ સુન્નત પણ કરાવી.

'હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ'માં રોનાલ્ડ બ્રાઉનરિગ લખે છે: 'પાઉલ અને સિલાસ મકદોનિયાના પ્રવાસે પોતાની સાથે તિમોથીને લઈ ગયા. પણ ફિલિપ્પી ખાતે પાઉલ અને સિલાસને ભોગવવી પડેલી અત્યંત ક્રૂર પરેશાનીમાંથી તિમોથી ગમે તે રીતે બચી ગયા હતા.' (પૃ. ૨૭૪).

ઈશ્વરના શુભસંદેશની ઘોષણા કરવાનો તિમોથીને ઘણી જુવાન વયે અધિકાર પ્રાપ્ત થઈ ગયો હતો. તિમોથી પરના પોતાના પ્રથમ પત્રમાં પાઉલે તિમોથીને આપેલી સૂચનાઓથી આ સ્પષ્ટ થાય છે. 'તું જુવાન છે એ કારણે કોઈ તારી અવજ્ઞા ન કરે એ જોજે. બલકે, વાણીમાં અને વર્તનમાં, પ્રેમમાં અને શ્રદ્ધામાં તેમ જ પવિત્રતામાં વિશ્વાસીઓને માટે તું આદર્શરૂપ બની રહેજે. હું આવું ત્યાં સુધી શાસ્ત્રપઠન, પ્રવચન, અને ઉપદેશમાં મન પરોવજે. સંઘના વડીલોએ તારે માથે હાથ મૂક્યા હતા ને તારે વિશે પયગંબરી વાણી ઉચ્ચારાઈ હતી ત્યારે તને બક્ષવામાં આવેલ વિશિષ્ટ શક્તિની ઉપેક્ષા કરતો નહીં. આ બાબતોનું જ તું ધ્યાન ધરજે, એમાં જ તું તન્મય થઈ જજે, જેથી પ્રગતિ સૌ કોઈ સ્પષ્ટપણે જોઈ શકે.' (૧ તિમોથી ૪, ૧૨-૧૫).

પોતાના જ અનુભવોને ટાંકીને પાઉલ તિમોથીને કહે છે કે ઈશ્વરના શુભસંદેશની ઘોષણા કરવાના કાર્યમાં સંઘર્ષ અને સતામણી તો એક ભાગરૂપ બનીને આવે છે. 'ઑલ ધ મૅન ઑ ધ બાઇબલ'માં હેરબર્ટ લોકિયરના જણાવ્યા મુજબ, શુભસંદેશનાં દુ:ખો વેઠવામાં પણ તિમોથી પાઉલની સાથે હતા.

તિમોથી માટે પાઉલ પ્રેરણા અને શક્તિનો સ્ત્રોત રહ્યા હશે. પાઉલ તિમોથી પરના પોતાના બીજા પત્રમાં લખે છે. 'આથી આપણા પ્રભુ વિશેની સાક્ષી પૂરતાં શરમાઈશ નહીં, તેમ જ હું તેમને ખાતર બંદી છું એથી પણ શરમાઈશ નહીં. પણ ઈશ્વર તરફથી મળતી શક્તિને જોરે શુભસંદેશને ખાતર કષ્ટો વેઠવામાં ભાગ પડાવજે.' (૨ તિમોથી ૧, ૮).

રોમમાં તિમોથી કારાવાસમાં રહ્યા હશે. બાઇબલના વિદ્વાનો જેના લેખક તરીકે પાઉલને માને છે તે હિબ્રૂઓ પ્રત્યેના પત્રના ૧૩મા અધ્યાયમાં કહેવાયું છે કે, 'તમને માલૂમ થાય કે, આપણા ધર્મબંધુ તિમોથીને છોડી મૂકવામાં આવ્યો છે, અને તે જો વેળાવસર આવી પહોંચશે તો હું તેની સાથે જ તમને મળવા આવીશ.' (હિબ્રૂઓ ૧૩, ૨૩).

'હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ' ગ્રંથમાં રોનાલ્ડ બ્રાઉનરિગના જણાવ્યાનુસાર ચોથી

સદીના ધર્મસંઘના ઇતિહાસકાર અને સિસેરાના બિશપ યુસેબિયસે નોંધ્યું છે કે તિમોથી એફેસસના પ્રથમ બિશપ બન્યા હતા. (પૃ. ૨૭૪).

૮૧. લુદિયા — આતિથ્યશીલ વેપારી સ્ત્રી

આતિથ્યશીલ લુદિયા વિશે નવા કરારમાં ઝાઝી માહિતી નથી,પણ 'પ્રેષિતોનાં ચરિતો'માં જે થોડીઘણી માહિતી મળે છે તે લુદિયા વિશે ઘણું કહી જાય છે.

'પ્રેષિતોનાં ચરિતો'માં આપણે વાંચીએ છીએ તેમ ફિલિપ્પી 'મકદોનિયા પ્રાંતનું મુખ્ય શહેર છે, અને ત્યાં રોમનોની વસાહત છે' (પ્રે. ચ. ૧૬, ૧૨). મહાન સિકંદર (ગ્રીસના બાદશાહ આલેકઝાન્ડર)ના પિતા ફિલિપ માસેડોન ફિલિપ્પીએ સ્થાપેલ શહેર ફિલિપ્પી રોમન વસાહતનું એક મહત્વનું શહેર હતું.

પોતાની મિશનરી મુસાફરી દરમિયાન પાઉલ અને સાથીદારો ફિલિપ્પી શહેરમાં કેટલાક દિવસો રોકાયા. શહેરમાં કોઈ યહૂદી સભાગૃહ ન હોવાથી વિશ્રામવારના દિવસે પ્રાર્થનાની જગ્યાની શોધમાં પાઉલ અને સાથીદારો નદી કિનારે ગયા. ત્યાં ભેગી થયેલી સ્ત્રીઓને ઉપદેશ આપવા માંડ્યો.

પાઉલ અને સાથીદારો ફિલિપ્પી ગયા એ વાત આપણે 'પ્રેષિતોનાં ચરિતો'માં વાંચીએ છીએ. 'એ (ફિલિપ્પી) મકદોનિયા પ્રાંતનું મુખ્ય શહેર છે, અને ત્યાં રોમનોની વસાહત છે. એ શહેરમાં અમે થોડા દિવસ રહ્યા. વિશ્રામવારને દિવસે અમે દરવાજાની બહાર નદી કિનારે ગયા. ત્યાં પ્રાર્થનાની જગ્યા હશે એમ ધારી અમે બેઠા અને ભેગી થયેલી સ્ત્રીઓને ઉપદેશ આપવા માંડ્યો. સાંભળનાર સ્ત્રીઓમાં લુદિયા નામની એક બાઈ હતી. એ થુવાતિરાની વતની હતી અને કિરમજી કાપડનો વેપાર કરતી હતી. તે ઈશ્વરોપાસિકા હતી.' (પ્રે. ચ. ૧૬, ૧૨-૧૪).

અહીં લુદિયાનો આપણને ભેટો થાય છે. તેઓ એક વેપારી અને ઈશ્વરોપાસિકા સ્ત્રી છે. લુદિયા થુવાતિરાનાં વતની હતાં અને કિરમજી કપડાંનો વેપાર કરતાં હતાં. એટલે તેઓ એક ધનિક સ્ત્રી હશે.

લુદિયાનું વર્ણન બતાવે છે કે તેઓ એક ઉદાર અને ખુલ્લા દિલનાં સ્ત્રી છે. એટલે ઈસુ ખ્રિસ્ત અંગેની પાઉલની વાત ગ્રહણ કરી શકે છે. એમની પાસે મોટું ઘર પણ હશે. એટલે તે પાઉલ અને સાથીદારને પોતાને ત્યાં આવીને રહેવા આમંત્રણ આપે છે.

સંત લૂક લખે છે, 'પ્રભુએ તેના મનને જાગ્રત કર્યું એટલે તેણે પાઉલનું કહ્યું ગ્રહણ કર્યું. તેના કુટુંબના માણસો સાથે તેને સ્નાનસંસ્કાર કરાવ્યો.' (પ્રે. ચ. ૧૬, ૧૪-૧૫).

સંત પાઉલે કરેલી ઈસુના સંદેશની ઘોષણાથી પ્રભાવિત થઈને લુદિયા યુરોપની ધરતી પર સ્નાનસંસ્કાર સ્વીકારનાર પ્રથમ વ્યક્તિ બન્યાં એટલું જ નહીં, પણ યુરોપમાં પોતાના આખા કુટુંબને ઈસુના ચરણે લાવીને યુરોપના પ્રથમ મિશનરી પણ બન્યા.

લુદિયાનાં પ્રેમ તથા ઉદારતા કેવળ પોતાના કુટુંબ પૂરતાં મર્યાદિત નહોતાં. તેમણે આગ્રહ કરીને પાઉલ અને સાથીદારોને તેમના થુવાતિરા ખાતેના રોકાણ દરમિયાન પોતાને ઘેર રહેવાનું આમંત્રણ આપ્યું. 'મને પ્રભુ ઉપર શ્રદ્ધા છે એવી જો તમારી ખાતરી થઈ હોય તો તમે મારા ઘરમાં આવીને રહો. અને તે અમને પોતાને ઘેર લઈ ગઈ ત્યારે જ જંપી.' (પ્રે, ચ. ૧૬, ૧૫).

લુદિયાને ઘેર રહેતા અને એમની યજમાનગીરી માણતાં પાઉલ અને એમના સાથીદારો નદી કિનારે પ્રાર્થનાની જગ્યા પર નિયમિત જતા હતા અને પાઉલને સાંભળવા અને એમની સાથે પ્રાર્થના કરવા ઇચ્છતા લોકો તેઓને મળતા હતા.

નદી કિનારે જતી વખતે એક ગુલામ છોકરી પાઉલ અને તેમનાં સાથીદારોની પાછળ પાછળ બોલતી હતી કે, 'આ લોકો પરાત્પર પરમેશ્વરના સેવકો છે અને તમને મુક્તિનો માર્ગ બતાવે છે.' (પ્રે. ચ. ૧૬, ૧૭).

લૂકે નોંધ્યું છે કે, 'તેણે ઘણા દિવસ એ પ્રમાણે કર્યા કર્યું.' એક દિવસ એનાથી કંટાળીને પાઉલે દુષ્ટ આત્માને ઉદ્દેશીને કહ્યું, 'ઈસુ ખ્રિસ્તને નામે હું તને એનામાંથી બહાર નીકળવાની આજ્ઞા કરું છું. અને તે જ ક્ષણે તે બહાર નીકળી ગયો.' (પ્રે. ચ. ૧૬, ૧૮).

જ્યારે ગુલામ છોકરીના માલિકને તે છોકરી દ્વારા પોતાને મળતો લાભ બંધ થયો ત્યારે તે પાઉલ અને સિલાસને અધિકારીઓ પાસે ચોકમાં લઈ ગયો અને તેમના પર ખોટા આરોપો મૂક્યા.

ન્યાયાધીશોએ તેમને સખત ફટાકા મરાવીને જેલખાનામાં નાખ્યા. જેલખાનામાં બનેલા અસાધારણ બનાવથી જેલરનો અને તેમના ઘરનાં સૌનો સ્નાનસંસ્કાર કરાવવામાં આવ્યા, અને રાતે ને રાતે જેલરે પાઉલ અને સિલાસના ઘા ધોયા અને તેમને જમાડ્યા.

બીજા દિવસે ન્યાયાધીશોએ અંગરક્ષકો દ્વારા પાઉલ અને સિલાસને છોડી મૂકવાનો સંદેશ મોકલ્યો. પરંતુ પાઉલે સંદેશ લાવનાર અંગરક્ષકોને કહ્યું કે કોઈ ગુના વિના અમને — રોમન નાગરિકોને — જાહેરમાં ફટકા મારવા બદલ જેલમાં આવી અમારી માફી માંગીને બહાર કાઢવામાં આવે તો જ અમે બહાર નીકળીશું. પાઉલના કહ્યા મુજબ ન્યાયાધીશોએ આવીને માફી માંગી ત્યારે જ પાઉલ અને સિલાસ પાછા લુદિયાને ઘેર ગયા.

જાહેરમાં ફટકા ખાવાના અને જેલમાં પુરાઈ રહેવાના અનુભવ પછી તેઓ લુદિયાને ઘેર પાછા ગયા. 'જેલખાનામાંથી નીકળીને તેઓ લુદિયાને ઘેર ગયા, ધર્મબંધુઓને મળ્યા અને તેમને ઉત્સાહ આપી વિદાય થયા.' (પ્રે. ચ. ૧૬, ૪૦).

લુદિયાને ઘેર ભેગાં થતાં ઈસુના નવા અનુયાયીઓને પાઉલ અને સિલાસે વેઠેલાં સતામણી અને દુ:ખો વિશે જાણીને અને પાઉલના પ્રોત્સાહનના સંદેશા સાંભળીને બરાબર ખ્યાલ આવ્યો હશે કે ઈસુને અનુસરવાની બાબત નાનીસૂની વાત નથી. ધર્મસંઘમાં જોડાઈને ખ્રિસ્તી તરીકે જીવન ગાળવામાં દુ:ખો અને સતામણીનો સામનો કરવો પડશે એવું નવા અનુયાયીઓને શીખવા મળ્યું હશે.

યુરોપિયન ધરતીના આ પ્રથમ ધર્મસંઘ પર એટલે કે પાઉલે ફિલિપ્પીના ધર્મસંઘ પર પત્ર લખ્યો છે. ફિલિપ્પીના ધર્મસંઘ પ્રત્યે પાઉલનાં પ્રેમ અને મમતાનો આપણને આ પત્ર પરથી ખ્યાલ આવે છે. વેપાર તથા યજમાનગીરીમાં આગળ પડતો ભાગ ભજવતા લુદિયાએ ત્યાંના ધર્મસંઘના જન્મ અને વિકાસમાં સિંહફાળો આપ્યો છે.

૮૨. સભાગૃહનો અધ્યક્ષ ક્રિસ્પુસ

ક્રિસ્પુસ માટે નવા કરારમાં બે જ ઉલ્લેખો મળે છે. ક્રિસ્પુસનો પ્રથમ ઉલ્લેખ કરિંથના યહૂદી સભાગૃહના અધ્યક્ષ તરીકેનો છે. કરિંથના ઘણા યહૂદીઓએ પાઉલ અને સાથીદારોના ઉપદેશ કાર્યનો સખત વિરોધ કર્યો ત્યારે લૂક લખે છે:

'સભાગૃહના અધ્યક્ષ ક્રિસ્પુસને અને તેના આખા કુટુંબને પ્રભુ ઉપર શ્રદ્ધા બેઠી, તેમ જ ઘણા કરિંથવાસીઓને પણ પાઉલની વાણી સાંભળીને શ્રદ્ધા બેઠી અને તેમને સ્નાનસંસ્કાર કરાવવામાં આવ્યો.' (પ્રે. ચ. ૧૮, ૭-૮).

ક્રિસ્પુસનો બીજો ઉલ્લેખ આપણને પાઉલના કરિંથના ધર્મસંઘ પરના પ્રથમ પત્રમાં મળે છે. કરિંથના ધર્મસંઘમાં ઘર કરી ગયેલી પક્ષાપક્ષી તથા દુરાચારને વખોડી કાઢતાં પાઉલ લખે છે, 'હું ઈશ્વરનો પાડ માનું છું કે ક્રિસ્પુસ અને ગાયસ સિવાય તમારામાંના કોઈને સ્નાનસંસ્કાર કરાવ્યો નહોતો.' (૧ કરિંથ ૧, ૧૪).

પાઉલ પોતાના મિશનરી પ્રવાસમાં પ્રથમ વાર કરિંથ પહોંચ્યા ત્યારે એમની ટેવ મુજબ સૌ પ્રથમ ત્યાંના સભાગૃહમાં વિશ્રામવારને દિવસે યહૂદીઓને ઉપદેશ આપ્યો. પણ એમાં પાઉલના થયેલા વિરોધને કારણે પાઉલ બિનયહૂદીઓ તરફ વળ્યા. પાઉલ સામેના યહૂદીઓના વિરોધમાં એક જ વ્યક્તિ અપવાદરૂપ હતી. તે છે સભાગૃહનો અધ્યક્ષ ક્રિસ્પુસ અને એમનું આખું કુટુંબ.

પાઉલના ઉપદેશથી પ્રભાવિત થઈને ક્રિસ્પુસ અને એમના આખા કુટુંબને તથા ઘણા કરિંથવાસીઓને ઈશ્વરની વાણીમાં 'શ્રદ્ધા બેઠી અને તેમને સ્નાનસંસ્કાર કરાવવામાં આવ્યો.' (પ્રે. ચ. ૧૮, ૮-૯).

પાઉલે ઈસ્વીસન ૫૧ અને ૫૨ દરમિયાન કુલ ૧૮ મહિના કરિંથમાં રહીને ઈશ્વરની વાણીની ઘોષણી કરી હતી. ક્રિસ્પુસ અંગે આપણી પાસે વધુ લેખિત માહિતી નથી. છતાં આપણે માની શકીએ કે જેમ ક્રિસ્પુસ સ્નાનસંસ્કાર પહેલા યહૂદી સભાગૃહના અધ્યક્ષ હતા તેમ સ્નાનસંસ્કાર પછી નવા સ્થાપેલા ઈસુપંથના પણ આગેવાન બન્યા હશે. પારંપરિક માન્યતા મુજબ ક્રિસ્પુસ સ્નાનસંસ્કાર પછી કરિંથના ધર્મસંઘમાં સક્રિય રહ્યા. એટલે જ પાઉલે કરિંથના લોકોને પાઠવેલા પ્રથમ પત્રમાં ક્રિસ્પુસનો ખાસ ઉલ્લેખ કર્યો છે.

બાઇબલના પંડિત રોનાલ્ડ બ્રાઉનરિગ જણાવે છે તેમ 'પરંપરામાં નોંધાયું છે કે ક્રિસ્પુસ એજિનાના ધર્માધ્યક્ષ બન્યા.' (હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ, પૃ. ૩૮૫).

૮૩. ગલ્લિયો — અખાયા પ્રાંતનો સૂબો

આપણે અખાયા પ્રાંતના સૂબા વિશે 'પ્રેષિતોનાં ચરિતો'માંથી જાણીએ છીએ. 'પ્રેષિતોનાં ચરિતો'ના અઢારમા પ્રકરણમાં કેટલાંક વાક્યોમાં ગલ્લિયોની વાત આવે છે.

ઇતિહાસમાંથી આપણને જાણવા મળે છે કે રોમન બાદશાહ કલૌડિયુસ ઈસ્વીસન ૫૦માં લૂસિયૂસ જ્યુનિયૂસ ગલ્લિયોને અખાયા પ્રાંતનો સૂબો નીમ્યો હતો. ગલ્લિયોની નિમણૂક વિશે આપણે ચોક્કસપણે જાણીએ છીએ. એના પુરાવારૂપે બાઇબલના પંડિત રોનાલ્ડ બ્રાઉનરિંગ કહે છે, 'ગલ્લિયોની નિમણૂકનો શિલાલેખ ગ્રીસના ડેલ્ફી ખાતેથી ઈસ્વીસન ૧૯૦૫માં મળી આવ્યો છે' (હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ પૃ. ૭૪).

ગલ્લિયો વિશે 'પ્રેષિતોનાં ચરિતો'માં આપણે વાંચીએ, "જ્યારે ગલ્લિયો અખાયા પ્રાંતનો સૂબો હતો ત્યારે યહૂદીઓએ પાઉલ ઉપર એકસામટો હુમલો કર્યો, અને તેને અદાલત આગળ લઈ આવી કહ્યું, 'આ માણસ લોકોને કાયદા વિરુદ્ધ ઈશ્વરની પૂજા કરવા ઉશ્કેરે છે." (પ્રે. ચ. ૧૮, ૧૨-૧૩).

પાઉલ કરિંથમાં ૧૮ મહિના રહ્યા હતા. તે સમય દરમિયાન તેઓ યુવાન યુગલ પ્રિસ્કિલ્લા અને અક્વિલા સાથે તંબૂ બનાવવાનો ધંધો કરતા હતા અને દર વિશ્રામવારે યહૂદીઓ અને ગ્રીકો સાથે ચર્ચા કરીને પ્રભુ ઈસુનો સંદેશ સમજાવતા હતા. (જુઓ પ્રે. ચ. ૧૮, ૩૪). આ રીતે પાઉલે કરિંથમાં પણ એક ખ્રિસ્તી ધર્મસંઘનો પાયો નાખ્યો હશે. પાઉલે પોતાના રિવાજ મુજબ યહૂદીઓના સભાગૃહમાં નવા પંથ વિશે સંવાદ કરીને ઈસુ ખ્રિસ્તના સંદેશની ઘોષણા કરી હશે. પાઉલની આવી ઘોષણાથી યહૂદી લોકો અને સભાગૃહમાં અધ્યક્ષ સોસ્થનેસે પણ વિરોધ કર્યો હશે.

જ્યારે ગલ્લિયો અખાયા પ્રાંતનો સૂબો નિમાયો ત્યારે યહૂદી લોકોએ પાઉલ ઉપર હુમલો કર્યો અને તેમને ગલ્લિયો આગળ રજૂ કરીને ફરિયાદ કરી. પણ ગલ્લિયોએ એને કંઈ દાદ આપી નહીં. ગલ્લિયોએ યહૂદીઓને કહ્યું, 'ઓ યહૂદીઓ, આ જો દુરાચાર કે ગુનાને લગતી બાબત હોત તો મેં તમારી ફરિયાદ ધીરજથી સાંભળી હોત. પણ આ તો શબ્દો, નામો અને તમારા કાયદાને લગતો ઝઘડો છે, એટલે તમે જ એ પતાવો. હું એમાં વચ્ચે પડવા માગતો નથી." (પ્રે. ચ. ૧૮, ૧૪, ૧૫) અને તેમણે ફરિયાદી લોકોને અદાલતમાંથી બહાર કઢાવી મૂક્યા.

આમ પાઉલને છોડી મૂકવા અંગે રોનાલ્ડ બ્રાઉનરિગ કહે છે કે ગલ્લિયો પોતાના ફિલસૂફભાઈ સેનેકાની જેમ વૈચારિક સ્વભાવના માનવ હતા અને તેઓ એક ખૂબ સારા વકીલ હતા. તેમણે લોકોની તેમના ધર્મ અને માન્યતાને લગતી ફરિયાદ તરફ કોઈ ધ્યાન આપ્યું નહીં. પણ પાઉલને તેમના હાથથી મુક્ત કર્યા અને ફરિયાદી લોકોને અદાલતમાંથી બહાર કઢાવી મૂક્યા. (જુઓ પ્રે. ચ. ૧૮, ૧૪-૧૬, હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ પૃ. ૭૫).

ગલ્લિયો તેમના સમય દરમિયાન એક સારા વકીલ હતા. છતાં અખાયા ખાતેના રોમન સૂબા તરીકે તેઓ લોકોની પ્રશ્નો અને ફરિયાદો અંગે બેદરકાર રહ્યા હતા. જયારે લોકોની ફરિયાદને કંઈ દાદ આપ્યા વિના તેમને અદાલતમાંથી બહાર કઢાવી મૂક્યા ત્યારે

યહૂદીઓ ધૂવાંપૂવાં થયા અને તેઓએ પોતનો ગુસ્સો સભાગૃહના અધ્યક્ષ સોસ્થનેસ પર કાઢ્યો અને અદાલત આગળ જ એમને માર માર્યો. પણ સૂબાએ અદાલત સામેના લોકોના ઝઘડા પર કોઈ ધ્યાન આપ્યું નહીં. 'પ્રેષિતોનાં ચરિતો'માં સંત લૂકે નોંધ્યું છે કે, 'ગલ્લિયોએ લગારે પરવા ન કરી.' (પ્રે. ચ. ૧૮, ૧૭).

૮૪. સોસ્થનેસ — સભાગૃહનો અધ્યક્ષ

સભાગૃહના અધ્યક્ષ સોસ્થનેસનું નામ ફક્ત બે વાર બાઇબલના નવા કરારમાં આવે છે. આપણે પ્રથમ વાર 'પ્રેષિતોનાં ચરિતો'માં સોસ્થનેસને મળીએ છીએ. 'લોકોએ સભાગૃહના અધ્યક્ષ સોસ્થનેસને પકડીને અદાલતની સામે જ માર માર્યો; પણ એ બધાની ગલ્લિયોએ લગારે પરવા ન કરી.' (પ્રે. ચ. ૧૮, ૧૭). સોસ્થનેસનું નામ બીજી વાર કરિંથના ધર્મસંઘ પર પાઉલના પહેલા પત્રની શરૂઆતમાં આવે છે. કરિંથવાસીઓને અભિવાદન કરતાં પાઉલ લખે છે, 'કરિંથવાસી ઈશ્વરના ધર્મસંઘ પ્રત્યે લિખિતંગ ઈશ્વરની ઇચ્છાથી અને તેની હાકલથી ઈસુ ખ્રિસ્તનો પ્રેષિત થયેલો પાઉલ અને ધર્મબંધુ સોસ્થનેસ.' (૧ કરિંથ ૧,૧).

બાઇબલના પંડિતો પ્રશ્ન કરે છે કે, સોસ્થનેસ અંગેના આ બે ઉલ્લેખ એક જ વ્યક્તિ માટે છે કે બે ઉલ્લેખમાં બે અલગ વ્યક્તિઓ છે. હું માનું છું કે તેઓ બે અલગ વ્યક્તિઓ નથી, પણ એક જ વ્યક્તિ છે. 'પ્રેષિતોનાં ચરિતો' કહે છે તેમ સોસ્થનેસ યહૂદી સભાગૃહના અધ્યક્ષ છે. સભાગૃહના અધ્યક્ષ હોવા છતાં તેઓ યહૂદી લોકો સાથે મળીને પાઉલ સામે કોઈ અસરકારક પગલાં લઈ શક્યા નથી. એટલે યહૂદીઓએ તેમને પકડીને માર માર્યો.

પાઉલના સંદેશના સંદર્ભમાં પોતાના જ લોકોના હાથના મારે સોસ્થનેસને આત્મનિરીક્ષણ કરવા પ્રેર્યા હશે અને પાઉલના સંદેશથી પ્રભાવિત બનીને સોસ્થનેસ એક ખ્રિસ્તી અને પાઉલના શિષ્ય બન્યા હશે. એટલે પાઉલ સોસ્થનેસને 'ધર્મબંધુ સોસ્થનેસ' કહે છે અને કરિંથવાસીઓને પોતાની અને સોસ્થનેસની સલામ એકસાથે પાઠવે છે.

ઇતિહાસમાંથી આપણે જાણીએ છીએ કે કરિંથ ખાતેના યહૂદી સભાગૃહમાં સોસ્થનેસ ઈસ્વીસન ૫૧ અને ૫૨માં મુખ્ય અધ્યક્ષ હતા. આ જ સમયમાં પાઉલ પોતાની બીજી મિશનરી મુસાફરીના ભાગરૂપે દોઢ વર્ષ કરિંથમા રહ્યા હતા.

કદાચ સભાગૃહના અધ્યક્ષ તરીકે રોમન સૂબા ગલ્લિયો આગળ સોસ્થનેસે જ પાઉલ વિરુદ્ધ ફરિયાદ કરી હશે. પરંતુ સૂબા ગલ્લિયોએ યહૂદી લોકોની ફરિયાદ સાંભળવાને બદલે તેમને અદાલતમાંથી બહાર કઢાવી મૂક્યા હતા. સૂબા ગલ્લિયોએ યહૂદીઓની ફરિયાદ વિશે કહ્યું હતું કે 'આ તો શબ્દો, નામો અને તમારા કાયદાને લાગતો ઝઘડો છે, એટલે તમે જ પતાવો.' (પ્રે. ચ. ૧૮, ૫૧).

સૂબો ગલ્લિયોની વાતથી યહૂદી લોકો સભાગૃહના અધ્યક્ષ સોસ્થનસ પ્રત્યે ખૂબ ગુસ્સે થયા હશે. એક તો સોસ્થનેસ તેઓને અસરકારક આગેવાની પૂરી પાડી શકયા નથી અને બીજું, સૂબા ગલ્લિયોએ એમને અદાલતમાંથી કાઢી મુકાવ્યા. પરિણામે, બિચારા સોસ્થનેસને પોતાના યહૂદી લોકોનો માર ખાવો પડ્યો. (પ્રે. ચ. ૧૮, ૧૭).

કરિંથવાસીઓ પ્રત્યેના પત્રના અભિવાદનમાં સોસ્થનેસના નામનો પણ ઉલ્લેખ કરીને પાઉલ સોસ્થનેસને પોતાના સહકાર્યકર કે સાથીદાર તરીકે બતાવતા હશે. કદાચ સોસ્થનેસ પાઉલના મદદનીશ સેક્રેટરી કે પાઉલનો પત્ર લખી આપનાર લહિયા પણ હોઈ

શકે.

કૅથલિક ધર્મસભામાં સોસ્થનેસનો તહેવાર દર વર્ષે નવેમ્બરની ૧૮મી તારીખે ઉજવવામાં આવે છે.

૮૫. અપોલોસ, એક પ્રખર વક્તા

અપોલોસ અંગે મારી ઓરડીમાં લખવા બેઠો છું ત્યારે એક લેખક મારા સ્મરણમાં ઝબકે છે. એમનું નામ તો યાદ નથી, પણ એની કાંઈ જરૂર નથી. એ લેખકે દૂરના એક શહેરમાં એક સેમિનારમાં એક વક્તવ્ય આપવાની જવાબદારી સ્વીકારી હતી. એ વક્તવ્ય પછી જ લેખકે પોતાના એક પુસ્તકની હસ્તપ્રત તેના પ્રકાશકને પહોંચાડવાનું નક્કી કર્યું હતું.

વક્તવ્યની તારીખ જેમ-જેમ નજીક આવતી ગઈ તેમ-તેમ લેખકને લાગ્યું કે નિશ્ચિત તારીખ સુધીમાં પોતે વક્તવ્યની તૈયારી સાથે સાથે પોતાની હસ્તપ્રત તૈયાર કરીને પ્રકાશકને પહોંચાડી નહીં શકે.

એટલે લેખકે સેમિનારના કાર્યવાહક મંત્રીને ફોન જોડ્યો: 'સાહેબ, સેમિનારમાં વક્તવ્ય આપવાની મારી પ્રતિબદ્ધતાનું હું સન્માન કરું છું, પણ સેમિનારને અંતે મારે પહોંચાડવાની હસ્તપ્રતને આખરી ઓપ આપવામાં હું અત્યંત વ્યસ્ત છું. એટલે જો શક્ય હોય તો સેમિનારનું વક્તવ્ય અન્ય કોઈને સોંપો અને મને વક્તવ્યમાંથી મુક્ત કરો, એવી વિનંતી.'

લેખકની વાત સાંભળ્યાના થોડા સમય પછી સેમિનારના કાર્યવાહક મંત્રીએ કહ્યું,

'તમે કહો છો તેમ, તમે વક્તવ્ય અને હસ્તપ્રત બંનેને એકસાથે ન્યાય આપી શકો તેમ નથી, તો સેમિનારમાં વક્તવ્ય આપવાની જવાબદારીમાંથી અમે તમને મુક્ત કરીએ છીએ. ભલે, અમને અપોલોસ નહીં તો પાઉલ મળી રહેશે.'

આ સાંભળીને લેખકે કહ્યું, 'સાહેબ, મહાન લેખક સંત પાઉલનો સંદર્ભ તો હું સમજ્યો; પણ અપોલોસનો આપનો સંદર્ભ મને મૂંઝવે છે. સમજાવશો?'

'જુઓ, પાઉલ અને અપોલોસ એ બંને આદિ ધર્મસભાના મહાન પ્રચારકો હતા. પણ અપોલોસ મહાન વક્તા અને પોતાના શ્રોતાઓનાં દિલ જીતી લે એવા અસરકારક પ્રચારક હતા. અપોલોસ તો પોતાની પાછળ કોઈ વારસો મૂકીને ગયા નથી. પાઉલે કદાચ વક્તવ્યથી ઓછો પ્રચાર કર્યો, પણ વિવિધ ધર્મસંઘોને ઉદ્દેશીને લખેલા પત્રોનો ભવ્ય વારસો છોડી ગયા, જે 'નવો કરાર'નો અમૂલ્ય ભાગ બન્યો. એટલે જ મેં કહ્યું કે અપોલોસ નહીં તો પાઉલ મળી રહેશે.'

તે લેખક અને પેલા સેમિનારના કાર્યવાહક મંત્રી વચ્ચેનો વાર્તાલાપ અહીં તો મેં જાતે આલેખ્યો છે, પણ મૂળભૂત વાર્તાલાપમાં અપોલોસના એક વક્તા તરીકેના વ્યક્તિચિત્રની મારા પર ઊંડી છાપ પડી અને તેથી મેં અપોલોસ વિશે આ લેખ લખવાનું નક્કી કર્યું.

'પ્રેષિતોનાં ચરિતો'માં અધ્યાય ૧૮માં આપણે સૌ પ્રથમ વાર અપોલોસને મળીએ છીએ. તેમાં કહેવાયું છે, 'હવે, એવું બન્યું કે, આલેક્સાંડ્રિયાનો વતની અપોલોસ નામે એક યહૂદી એફેસસ આવ્યો. તે પ્રભાવશાળી વક્તા અને શાસ્ત્રનો સારો અભ્યાસી હતો.' (પ્રે. ચ. ૧૮, ૨૪).

'પ્રેષિતોનાં ચરિતો'ના લેખક લૂક પોતાની સાહિત્યિક શૈલીમાં અપોલોસની ઓળખ આપતાં એક જ વાક્યમાં આપણને ઘણું બધું કહી જાય છે. તે એલેકઝાન્ડ્રિયાનો યહૂદી હતો. તે એક સમર્થ વક્તા હતો અને તેને યહૂદી ધર્મશાસ્ત્ર 'જૂનો કરાર'નું ઊંડું જ્ઞાન હતું.

અપોલોસ તથા તેના સહયોગીઓએ સ્નાનસંસ્કારક યોહાન પાસેથી સ્નાનસંસ્કાર જ મેળવ્યો હતો. ઈસુ વિશે તેઓ યહૂદી ધર્મગ્રંથ 'જૂનો કરાર'માં જે કહેવાયું હતું એનો પ્રચાર કરતા હતા.

તેઓ એક ખૂબ સારા કેળવણીકાર હતા અને એમની વકતૃત્વકલા એમની વિશિષ્ટ શક્તિ હતી. પ્રિસ્કિલ્લા અને અક્વિલાએ જ્યારે તેમને સાંભળ્યા ત્યારે તેમનાથી પ્રભાવિત થયાં. એટલે તેઓ બંને અપોલોસને પોતાને ઘેર લઈ ગયાં અને ઈસુ વિશે વધારે સારી રીતે સમજાવ્યું.

'પ્રેષિતોનાં ચરિતો' કહે છે કે, 'તેને પ્રભુના માર્ગનું શિક્ષણ મળેલું હતું અને હૈયાની ધગશવાળો હોઈને તે ઈસુને લગતી બાબતો વિશે ચોકસાઈથી બોલતો અને ઉપદેશ આપતો હતો; જોકે તેને કેવળ યોહાનના સ્નાનસંસ્કારની જ માહિતી હતી. એ જ માણસે હિંમતભેર સભાગૃહમાં બોલવા માંડયું અને પ્રિસ્કિલ્લાએ અને અક્વિલાએ તેને સાંભળ્યો એટલે તેઓએ તેને ઈશ્વરનો માર્ગ વધારે ચોક્સાઈપૂર્વક સમજાવ્યો.' (પ્રે. ચ. ૧૮, ૨૫-૨૬).

ઈસુ અંગેનું અપોલોસનું જ્ઞાન યહૂદી ધર્મશાસ્ત્ર પૂરતું સીમિત હતું. એ એટલું જાણતા હતા કે ખ્રિસ્ત આવી રહ્યા છે. પ્રિસ્કિલ્લા અને અક્વિલા એમના ધર્મશાસ્ત્રના જ્ઞાન અને વાક્ચાતુર્ય ઉપરાંત ઈસુ અંગેના તેમના મર્યાદિત જ્ઞાન અંગે સમજી ગયાં. એટલે તેઓ ખુદ પાઉલ પાસેથી ઈસુનું જે સત્ય અને એમના સંદેશ સમજી શક્યાં હતાં તે તેમણે અપોલોસને શીખવાડયું. અપોલોસે ઈસુ વિશેની સાચી હકીકતો જાણી અને ઉત્સાહપૂર્વક તેનો પ્રચાર કરવા લાગ્યા. તેઓ ખ્રિસ્તી શ્રદ્ધાના એક મહાન અને નીડર પ્રચારક, ખાસ કરીને યહૂદીઓની મધ્યે, બની રહ્યા.

'પ્રેષિતોનાં ચરિતો' કહે છે, 'કારણ, ઈસુ એ જ ખ્રિસ્ત છે એવું શાસ્ત્રમાંથી બતાવી આપીને તે જાહેરમાં યહૂદીઓનું જોરશોરથી ખંડન કરતો હતો.' (પ્રે. ચ. ૧૮, ૨૮).

એફેસસ ખાતે અપોલોસ શિષ્યોની માત્ર પ્રશંસા જ નહોતા પામ્યા, બલ્કે તેમનાં દિલ પણ તેઓ જીત્યા. એટલે જ્યારે તેમણે એફેસસ છોડીને અખાયા જવાનું નક્કી કર્યું ત્યારે લોકોએ અખાયાના ધર્મસંઘને તેમનું સ્વાગત કરવા પત્ર લખી જણાવ્યું. જ્યારે તેઓ અખાયા પહોંચ્યા ત્યારે 'ઈશ્વરની કૃપાથી જેમને ઈસુ ઉપર શ્રદ્ધા બેઠી હતી તેમને તે ઘણો મદદરૂપ થઈ પડ્યો.' (પ્રે. ચ. ૧૮, ૨૭).

અખાયા પ્રાંતના પાટનગર કરિંથ ખાતે અનેક કરિંથવાસીઓ પર અપોલોસના પ્રચારકાર્યની ઊંડી અસર પડી. કરિંથવાસીઓને પાઠવેલા પાઉલના પત્રથી આપણને જાણવા મળે છે કે ખ્રિસ્તી ધર્મસંઘમાં ફાંટા હતા. પાઉલે કરિંથમાં પ્રચાર કરીને અનેક શિષ્યોને ખ્રિસ્ત તરફ વાળ્યા હતા. એટલે અનેક કરિંથના ખ્રિસ્તીઓ પાઉલને વફાદાર રહેતા. અપોલોસની વકતૃત્વશક્તિ અને શાસ્ત્રજ્ઞાનથી આકર્ષાઈને પાઉલના હરીફ તરીકે ઘણા ખ્રિસ્તીઓ તેમને અનુસરવા લાગ્યા. હજી એવા પણ કેટલાક હતા જે પોતાને પ્રેષિત પીતરના અનુયાયી ગણાવતા.

પાઉલને કરિંથના ખ્રિસ્તીઓ મધ્યેના ફાંટાની સમસ્યા નડે છે. તે લખે છે: 'કારણ, મારા ભાઈઓ, મને ખ્લોએના ઘરના માણસો પાસેથી જાણવા મળ્યું છે કે તમારામાં ઝઘડા ચાલે છે. મારું કહેવું એ છે કે તમારામાંનો દરેક જણ જુદું જુદું કહે છે: કોઈ કહે છે, 'હું

પાઉલનો માણસ છું,' કોઈ કહે છે, 'હું અપોલોસનો માણસ છું,' કોઈ કહે છે, 'હું ખ્રિસ્તનો માણસ છું' તો ખ્રિસ્તના ભાગલા પડી ગયા છે કે શું? શું પાઉલ તમારે ખાતર વધસ્તંભે જડાયો હતો? અથવા તમને પાઉલને નામે સ્નાનસંસ્કાર આપવામાં આવ્યો હતો?' (૧ કરિંથ ૧, ૧૧-૧૩).

અહીં અપોલોસનો ઉલ્લેખ દર્શાવે છે કે આદિ ખ્રિસ્તી ધર્મસંઘ ઉપર તેનો નોંધપાત્ર પ્રભાવ હતો.

પાઉલે કરિંથવાસીઓને તથા તિતસને લખેલા પત્રો પરથી આપણને જાણવા મળે છે કે અપોલોસ પાઉલના વિશ્વાસુ સાથીદાર બન્યા અને આદિ ખ્રિસ્તી ધર્મસંઘના પ્રચારમાં તથા વ્યવસ્થામાં તેમણે પાઉલની સાથે રહીને પ્રૈષિતિક કાર્ય કર્યું હતું.

હેરબર્ટ લોક્યિરના 'ઑલ ધી મૅન ઑફ ધી બાઇબલ' અનુસાર, 'માર્ટિન લ્યુથરે એવું અનુમાન કરવાનું જોખમી પગલું લીધું હતું કે અપોલોસ ખરેખર હિબ્રૂઓ પ્રત્યેના પત્રનો લેખક હતા.' (પૃ. ૫૧).

રોનાલ્ડ બ્રાઉનરિગ જેવા બાઇબલના પંડિતોનું માનવું છે કે અપોલોસ કરિંથના પ્રથમ બિશપ હતા. બ્રાઉનરિગ 'હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ'માં લખે છે, 'પોતાના લાંબા પ્રચાર-મિશન દરમ્યાન એફેસસમાં અપોલોસે પાઉલ સાથે કામ કર્યું. પછી તે ત્યાંથી પાછા ફરીથી કરિંથના ધર્મસંઘનું સુકાન સંભાળવા અને ત્યાંના પ્રથમ બિશપ બનવા કરિંથ પાછા ફર્યા.' (પૃ. ૧૧).

૮૬. આરિસ્તારખસ — પાઉલના સહપ્રવાસી

ગ્રીક નામ આરિસ્તારખસનો અર્થ શ્રેષ્ઠ રાજકર્તા થાય છે. આરિસ્તારખસ પાઉલ સાથે એમના મિશનરી પ્રવાસમાં ઘણી વાર સહપ્રવાસી હતા. તેઓ પાઉલના સહકેદી પણ હતા. જ્યારે પાઉલને કેદી તરીકે રોમ લઈ જવામાં આવ્યા ત્યારે આરિસ્તારખસ પણ પાઉલના સહકેદી તરીકે ગયા હતા.

આપણને 'પ્રેષિતોનાં ચરિતો'માં પ્રથમ વાર આરિસ્તારખસનું નામ મળે છે, જ્યાં ગાયસ સાથે આરિસ્તારખસને મકદોનિયાવાસી સાથીઓ તરીકે ઓળખાવ્યા છે. બંને પાઉલના સાથીદારો કે સહકાર્યકરો છે. લૂક લખે છે:

એફેસેસ ખાતે, 'આખા શહેરમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ,અને લોકોએ પાઉલના પ્રવાસના મકદોનિયાવાસી સાથીઓ ગાયસ અને અરિસ્તબૂલસને ઘસડતા લઈ જઈને નાટકશાળા તરફ એકસામટો ધસારો કર્યો.' (પ્રે. ચ. ૧૯, ૨૯).

એફેસેસ ખાતે આર્તિમિસ દેવીનાં ચાંદીનાં મંદિર બનાવનાર સોની કારીગરોને લાગ્યું કે પાઉલના શિક્ષણથી પોતાના ધંધાની નાલેશી થઈ જશે. એટલે તેઓએ શહેરમાં અંધાધૂંધી મચાવીને પાઉલના સાથીદારો પર હુમલો કર્યો. પાઉલ પણ ટોળાં વચ્ચે જવા માંગતા હતા. પણ એમના સાથીદારોએ એમને રોક્યા. સદ્ભાગ્યે કટોકટીના સમયે શહેરના દફતરદાર વચ્ચે પડયા અને ટોળાને શાંત કર્યું. એટલે આપણે માની લઈએ કે ગાયસ અને આરિસ્તારખસ ટોળાંના હુમલામાંથી બચી ગયા.

પાઉલના ત્રીજા મિશનરી પ્રવાસમાં પણ એમની સાથે સ્થાનિક ધર્મસંઘોના પ્રતિનિધિઓ જોડાયેલા હતા. આ સાથીદારોમાં આરિસ્તારખસ અને ગાયસ છે.પાઉલ ગ્રીસમાંથી મકદોનિયા થઈને પરત જવા માંગતા હતા ત્યારે પ્રવાસના સાથીદાર તરીકે એમના કેટલાક સહકાર્યકરો હતા. લૂક લખે છે, 'તેના સાથીઓમાં પુર્હસનો દીકરો બરૈયાનો સોપત્રસ, થેસ્સલોનિકાના આરિસ્તારખસ અને સકુંદસ, દેર્બેનો ગાયસ, તિમોથી અને આસિયાના તુખિકસ અને ત્રોફિમસ હતા.' (પ્રે. ચ. ૨૦, ૪).

આ બધાં નામોમાંથી કૈસરિયાથી રોમ તરફની પાઉલની છેલ્લી મુસાફરીમાં પાઉલના સહપ્રવાસી તરીકે લૂકે ફક્ત આરિસ્તારખસનું નામ આપ્યું છે. લૂક પણ એ મુસાફરીમાં સામેલ છે. એટલે એમણે 'અમે'થી આખી વાત કરી છે. લૂક લખે છે,

'અમારું ઇટાલી જવાનું નક્કી થતાં જ પાઉલને અને બીજા કેટલાક કેદીઓને 'બાદશાહી' નામે ઓળખાતી સેનાના જુલિયસ નામે એક સૂબેદારને સોંપી દેવામાં આવ્યા. આસિયા પ્રાંતના બંદરોએ જતા અદ્રમુત્તિયુમના એક વહાણમાં બેસીને અમે ઊપડયા. થેસ્સલોનિકાનો મકદોનિયાવાસી આરિસ્તારખસ અમારી જોડે હતો.' (પ્રે. ચ. ૨૭, ૧-૨).

પાઉલના કલોસ્સાના ધર્મસંઘ પર લખેલા પત્ર મુજબ આરિસ્તારખસ રોમમાં પાઉલના સહકેદી હતા. પાઉલ લખે છે, 'મારી સાથે જ કારાવાસમાં પડેલો આરિસ્તારખસ તમને વંદન લખાવે છે.' (કલોસ્સા ૪, ૧૦).

ફિલેમોન પરના પોતાના પત્રમાં પાઉલે આરિસ્તારખસને યાદ કર્યો છે. 'મારા

સહકાર્યકરો માર્ક, આરિસ્તારખસ, દેમાસ અને લૂક પણ તમને વંદન પાઠવે છે.' (ફિલેમોન ૨૪).

'પ્રેષિતોનાં ચરિતો' અને પાઉલના બે પત્રોમાં થઈને પાંચ વખત આરિસ્તારખસના નામનો ઉલ્લેખ આપણને મળે છે.

આ બધા ઉલ્લેખો સાથે લઈએ તો આપણે જોઈ શકીએ કે, આરિસ્તારખસ પાઉલના વફાદાર મિત્ર, સહપ્રવાસી અને સહકેદી હતા. બાઇબલનાં ઘણાં પાત્રોની જેમ આપણે આરિસ્તારખસનાં કુટુંબ અને મૃત્યુ વિશે કશુંય જાણતા નથી.

૮૭. ગાયસ નામનાં પાંચ પ્રખ્યાત પાત્રો

ગાયસ રોમન નામ છે. એનો અર્થ થાય છે 'હું ખુશ છું'. નવા કરારમાં 'ગાયસ' નામે ચાર કે પાંચ પાત્રો છે.

મકદોનિયાવાસી ગાયસ

પ્રથમ ગાયસની વાત 'પ્રેષિતોનાં ચરિતો'માં આવે છે. ગાયસનો પરિચય અરિસ્તબૂલસ સાથે 'પાઉલના પ્રવાસના મકદોનિયાવાસી સાથીઓ' તરીકે મળે છે. એફેસસમાં આર્તિમિસ દેવીનાં ચાંદીનાં મંદિર અને મૂર્તિઓ બનાવનાર સોનીઓનું હુલ્લડ થયું અને આખા શહેરમાં અંધાધૂંધી ફેલાઈ ત્યારે લોકોએ ગાયસ અને અરિસ્તબૂલસને ઘસડતાં ઘસડતાં નાટકશાળા તરફ લઈ ગયા. નાટકશાળાંમાં શહેરના દફતરદારે લોકોને સંબોધીને શાંત પાડ્યા. 'પ્રેષિતોનાં ચરિતો'એ એ પ્રસંગનું વર્ણન કર્યું છે. 'આખા શહેરમાં અંધાધૂંધી ફેલાઈ ઘસારો કર્યો.' (પ્રે. ચ. ૧૯, ૨૯).

'પ્રેષિતોનાં ચરિતો'માં શહેરના દફતરદારે લોકોને શાંત પાડ્યાની વાત છે, પણ ગાયસ અને અરિસ્તબૂલસને મુક્ત કર્યાની વાત નથી. પણ હુલ્લડ શમી ગયા પછી પાઉલે શિષ્યોને બોલાવ્યાની અને એમને પ્રોત્સાહન આપ્યા પછી મકદોનિયા જવા નીકળ્યાની વાત છે. એટલે આપણે માની લઈએ કે પાઉલ હુલ્લડમાંથી બચી ગયેલા પોતાના બંને મકદોનિયાવાસી સાથીદારોને સાથે લઈને પાછા મકદોનિયા ગયા હશે.

'પ્રેષિતોનાં ચરિતો'માં આપણે વાંચીએ છીએ, 'હુલ્લડ શમી ગયા પછી પાઉલે શિષ્યોને તેડાવી મંગાવ્યા અને તેમને પ્રોત્સાહન આપ્યા પછી તેમની વિદાય લઈને તે મકદોનિયા જવા નીકળ્યો.' (પ્રે. ચ. ૨૦, ૧).

દેર્બેનો ગાયસ

'ગાયસ' નામના બીજા પાત્રની વાત પણ આપણને 'પ્રેષિતોનાં ચરિતો'માં મળે છે. તે દેર્બેના ગાયસનું નામ પણ પાઉલના પ્રવાસના સાથીદારોમાં આવે છે. પાઉલ ગ્રીસમાં ત્રણ મહિના ગાળ્યા પછી મકદોનિયા થઈને પરત જવાની યોજના કરે છે. તે પ્રવાસમાં પાઉલના સાથીદારો તરીકે 'પ્રેષિતોનાં ચરિતો' સાત પાત્રોનાં નામો આપે છે. 'તેના સાથીદારોમાં પુર્હસનો દીકરો બરૈયાનો સોપત્રસ, થેસ્સલોનિકાના આરિસ્તારખસ અને સકુંદસ, દેર્બેનો ગાયસ, તિમોથી અને આસિયાના તુખિકસ અને ત્રોફિમસ એટલા હતા.' (પ્રે. ચ. ૨૦, ૪).

આ યાદીમાં 'દર્બેનો ગાયસ'ના નામ સાથે 'થેસ્સલોનિકાના આરિસ્તારખસ'નું નામ પણ છે. એટલે બાઇબલના કેટલાક પંડિતો માને છે કે 'દર્બેનો ગાયસ' અને એફસેસના હુલ્લડ વખતે પકડાયેલા આરિસ્તારખસ સાથે પકડાયેલા ગાયસ એક જ વ્યક્તિ છે, બે અલગ પાત્રો નથી. તો રોનાલ્ડ બ્રાઉનરિગ જેવા બાઇબલના બીજા નિષ્ણાતો માને છે કે

મકદોનિયાવાસી ગાયસ અને ગલાતિયાના દર્બેનો ગાયસ ભિન્ન વ્યક્તિઓ છે. (હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ, પૃ. ૭૧)

યજમાન ગાયસ

પાઉલે કરિંથથી રોમના ધર્મસંઘ પરનો પત્ર લખ્યો હતો. રોમના ધર્મસંઘ પરના પત્રને અંતે આપણને 'યજમાન ગાયસ'નું નામ મળે છે. ગાયસને ઘરે રહીને પાઉલે એ સુદીર્ઘ પત્ર લખ્યો હતો. એટલે પત્રમાં ગાયસ પણ રોમના ધર્મસંઘના ખ્રિસ્તીઓને પોતાનું વંદન પાઠવે છે. 'મારા અને આખા ધર્મસંઘના યજમાન ગાયસ તમને વંદન લખાવે છે; શહેરના ખજાનચી એરાસ્તસ તેમ જ અમારો ધર્મબંધુ ક્વાર્તસ તમને વંદન લખાવે છે.' (રોમ ૧૬, ૨૩).

પાઉલે ગાયસને 'મારા અને આખા સંઘના યજમાન' કહે છે. એટલે ઘણુંખરું ગાયસના મોટા ઘરમાં કરિંથનો ધર્મસંઘ મળતો હશે અને પાઉલને માટે તેમ જ ઈસુના નામ અને સંદેશની ઘોષણા કરવામાં પ્રવાસ કરતા અન્ય ખ્રિસ્તી શિષ્યોને માટે ગાયસનું ઘર ઉતારારૂપ સ્થાન હશે. ધર્મસંઘના યજમાન થવામાં ગાયસની ઉદારતા તેમ જ તેમનો પ્રેમ વ્યક્ત થાય છે.

પાઉલે સ્નાનસંસ્કાર કરાવેલો તે ગાયસ

પાઉલે કરિંથના ધર્મસંઘ પર લખેલા પ્રથમ પત્રમાં પોતે જેનો સ્નાનસંસ્કાર કરાવેલો તે ગાયસનો ઉલ્લેખ કર્યો છે. કરિંથના ધર્મસંઘના પક્ષાપક્ષી અને દુરાચાર વિશે સાંભળીને પાઉલ એમને પત્રમાં લખે છે, 'હું ઈશ્વરનો પાડ માનું છું કે મેં ક્રિસ્પસ અને ગાયસ સિવાય તમારામાંના કોઈને સ્નાનસંસ્કાર કરાવ્યો નહોતો.' (૧ કરિંથ ૧, ૧૪).

હેરબર્ટ લોકિયર જેવા બાઇબલના કેટલાક પંડિતો માને છે કે પાઉલે જેનો સ્નાનસંસ્કાર કરાવેલો તે ગાયસ અને કરિંથ ખાતેના પાઉલના યજમાન ગાયસ બંને અલગ પાત્રો નથી પણ એક જ વ્યક્તિ છે. લોકિયર લખે છે કે, 'પાઉલ કરિંથમાં હતા ત્યારે જેના ઘરમાં મહેમાનગીરી માણી હતી તે ગાયસને જ પાઉલે ધર્મપલટો કરાવીને સ્નાનસંસ્કાર આપ્યો છે.' (ઑલ ધ મૅન ઑફ ધ બાઇબલ, પૃ. ૧૨૧).

યોહાનનો પ્રિય ગાયસ

ગાયસ નામના બધા પાત્રોમાં યોહાનનો પ્રિય ગાયસ સૌથી વધારે પ્રસિદ્ધ ગાયસ લાગે છે. કારણ, યોહાનનો ત્રીજો પત્ર આ ગાયસને સંબોધીને લખેલો છે. વહાલા શિષ્ય યોહાનના ગાયસ મિત્ર છે.

'પ્રિય ગાયસ, મારી એવી પ્રાર્થના છે કે, તારો આત્મા જેમ કુશળ છે તેમ સર્વ વાતે તું કુશળ અને તંદુરસ્ત રહે.' (૩ યોહાન ૧, ૨).

યોહાને પોતાના ત્રીજા પત્રમાં ગાયસની ખૂબ પ્રશંસા કરી છે. 'કેટલાક ધર્મબંધુઓએ આવીને મને તારી સત્યનિષ્ઠાની વાત કરી, એટલે કે તું સત્યને માર્ગે ચાલે છે એમ જણાવ્યું, ત્યારે મને ખૂબ આનંદ થયો.' (૩ યોહાન ૧,૩).

વધુમાં યોહાને ગાયસના પોતાના ધર્મબંધુઓ પ્રત્યેના પ્રેમ અને નિષ્ઠાનાં પણ વખાણ કર્યાં છે. 'વહાલા ગાયસ, એ ધર્મબંધુઓ માટે, એ લોકો તને અજાણ્યા હોવા છતાં, તું જે કાંઈ કરે છે તે તારી નિષ્ઠા બતાવે છે. તેમણે તારા પ્રેમાળ વર્તનનાં અહીંના

આખા સંઘ આગળ વખાણ કર્યા છે.' (૩ યોહાન ૧, ૫-૬).

યોહાને પોતાના આ ત્રીજા પત્રમાં દિયોત્રેફસ નામના કોઈ માણસનું ઘમંડી વર્તન સામે ગાયસને ચેતવ્યો છે, પણ દેમેત્રિયસ નામના કોઈ ભાઈની પ્રશંસા કરી છે.

ટૂંકમાં કહીએ તો ગાયસ પત્ર લખનાર શુભસંદેશકાર યોહાનના વહાલા મિત્ર અને શિષ્ય છે. ગાયસ એમના વિસ્તારના ખ્રિસ્તીઓના આગેવાન છે.

૮૮. યુવાન યુતુખસનો ચમત્કારિક બચાવ

યુવાન યુતુખસની વાત કહેનાર 'પ્રેષિતોનાં ચરિતો'ના લેખક લૂક એના ચમત્કારિક બચાવનો નજરે જોનાર સાક્ષી છે. લૂકે સમગ્ર બનાવના સંદર્ભ સાથે નજરે જોયેલા ચમત્કારનું વર્ણન કર્યું છે. પાઉલ અને લૂક ત્રોઆસ પહોંચ્યા ત્યારે તેમના બીજા સાથીદારો ત્યાં અગાઉ પહોંચીને તેમની રાહ જોતા હતા. પાઉલ અને લૂક ત્યાં ત્રોઆસમાં સાત દિવસ રોકાયા. ત્રોઆસથી ઊપડવાના આગલા દિવસે શનિવાર સાંજની વાત લૂકના શબ્દોમાં સાંભળીએ.

'શનિવારે સાંજે અમે સંઘભોજન માટે ભેગા થયા ત્યારે પાઉલે તેમને સંબોધવા માંડ્યું. તે બીજે દિવસે ચાલ્યો જવાનો હતો એટલે તેણે મધરાત સુધી બોલવાનું ચાલુ રાખ્યું. અમે જ્યાં ભેગા થયા હતા તે ઉપલા ખંડમાં ઘણા દીવા હતા. યુતુખસ નામનો એક જુવાન બારીમાં બેઠો હતો; પાઉલનું ભાષણ લાંબું ચાલ્યું એટલે તેની આંખો ઘેરાવા માંડી, અને એક મોટું ઝોકું આવતાં તે ત્રીજે માળેથી પડી ગયો. લોકોએ તેને ઉપાડ્યો ત્યારે તેનો જીવ ઊડી ગયો હતો. પણ પાઉલ નીચે ગયો અને તેના ઉપર ઝૂકીને તેને બાથમાં લઈને બોલ્યો, 'ધાંધલ ન કરશો, હજી એનામાં જીવ છે.'

'ત્યાર પછી પાઉલે ઉપર જઈને સંઘભોજન કરીને જમી પરવાર્યા બાદ ઠેઠ પરોઢ થતાં સુધી પુષ્કળ વાતો કરી. આખરે તેમણે વિદાય લીધી. એ લોકો પેલા છોકરાને જીવતો લઈ ગયા. તેમણે પાર વગરની રાહત અનુભવી.' (પ્રે. ચ. ૨૦, ૭-૧૨).

યુતુખસ નામના યુવાનને મોડી રાતે મોટું ઝોકું આવતાં ત્રીજા માળની બારી પરથી નીચે પડવાથી જીવ ઊડી ગયાની વાત અને પાઉલે એને બાથમાં લઈને ચમત્કારિક રીતે બચાવ્યાની વાત લૂકે સવિસ્તર વર્ણવી છે. લૂકના વર્ણનમાં યુવાન યુતુખસની વાત સાથે આપણને આદિ ધર્મસંઘ અને ખ્રિસ્તીઓના જીવન વિશે ઘણુંબધું જાણવા મળે છે.

ત્રોઆસમાં સંઘભોજન માટે પાઉલ અને લોકો કોઈ ઘરના ત્રીજે માળે ખંડમાં ભેગા થયા હતા. ખંડમાં જગ્યાને અભાવે યુવાન યુતુખસ બારી પર બેઠો હશે. આદિ ખ્રિસ્તીઓ સંઘભોજન માટે કોઈ ઘરમાં મળતા હતા અને તે પણ શનિવારે સાંજે કે મોડી સાંજે. લાગે છે કે મોડી સાંજે કે રાતે જ ખ્રિસ્તીઓ માટે ભેગા થવાનો અને સંઘભોજન કરવાનો યોગ્ય સમય હતો.

યુવાન યુતુખસ બારી પર બેસીને પાઉલને સાંભળતો હતો. પણ પાઉલનું ભાષણ લાંબું ચાલ્યું અને જાગતો રહેવા મથવા છતાં યુતુખસે ઝોકું ખાતાં તે ત્રીજે માળેથી ભોંય પર પડી ગયો. યુતુખસ નીચે પડવાના અવાજથી બી ગયેલા લોકો નીચે દોડી ગયા અને જોયું તો તેનો જીવ ઊડી ગયો હતો. પણ પાઉલે એને બાથમાં લઈને જીવતો કર્યો. બધા લોકોએ રાહત અનુભવી.

પણ પાઉલે 'ધાંધલ ન કરશો, હજી એનામાં જીવ છે' એમ કહીને જાણે કશું જ બન્યું ન હોય એ રીતે ફરી ઉપલા ખંડમાં જઈને બધા લોકો સાથે સંઘભોજન કર્યું, એટલું જ નહીં, પણ ફરી ઠેઠ પરોઢ થતાં સુધી લોકોને પુષ્કળ વાતો કરી.

અગાઉની યોજના મુજબ પાઉલ અને તેમના સાથીદારોએ વહેલી સવારે ત્રોઆસથી વિદાય લીધી. યુવાન યુતુખસને સાજોનરવો જોઈને બધા લોકોએ રાહત અનુભવી.

લૂકે યુતુખસવાળા પ્રસંગની પ્રથમ પુરુષમાં વાત કરી છે અને ઘર અને કુટુંબની ભાવનાનો ખ્યાલ પણ આપ્યો છે. આજે ખ્રિસ્તીઓ દર રવિવારે દેવળમાં ભેગા મળે છે, આજે કુટુંબની જેમ સંઘભાવના જાળવી રાખવાની તાતી જરૂર છે.

૮૯. રોમન રાજ્યપાલો ફેલિક્સ અને ફેસ્તુસ

અન્તોનિયૂસ ફેલિકસ અને પોર્સિયૂસ ફેસ્તુસ યહૂદિયાના આદિ ખ્રિસ્તી ઘર્મસંઘના ઇતિહાસમાં ઈસ્વીસન ૫૦થી ૬૨ના સમયગાળાના બે રોમન રાજયપાલો હતા. 'પ્રેષિતોનાં ચરિતો'માં પાઉલની ગિરફતારી અને કારાવાસના સંદર્ભમાં આપણે આ રાજ્યપાલો વિશે વાંચીએ છીએ.

ફેલિક્સ અને તેમના ભાઈ પલ્લાસ રોમન બાદશાહને આધીન ગ્રીકો હતા. રોમન બાદશાહે બંને ભાઈઓને મુક્ત કર્યા હતા. બંને ભાઈઓ પહેલાં કલૌદિયુસ (ઈસ્વીસન ૪૧-૫૪) સાથે અને પછી કલૌદિયુસના અનુગામી બાદશાહ નીરો (ઈસ્વીસન ૫૪-૬૮) સાથે સારો સંબંધ રાખતા હતા. બાદશાહ કલૌદિયુસે ફેલિક્સને યહૂદિયાના રાજ્યપાલ તરીકે ઈસ્વીસન ૫૩માં નીમ્યા હતા.

લૂકે 'પ્રેષિતોનાં ચરિતો'નાં ૨૩ અને ૨૪ પ્રકરણોમાં પાઉલની ધરપકડ અને તેમના કારાવાસની વાત કરી છે. એ વાતની સાથે ફેલિક્સની વાત ખ્રિસ્તી ઇતિહાસનો ભાગ બની છે.

યહૂદી ટોળકીએ યરુશાલેમ મંદિરમાં પાઉલ ઉપર હુમલો કર્યો હતો. તે વખતે રોમન સેનાપતિએ ટોળામાંથી પાઉલને આબાદ બચાવ્યા હતા. પાઉલ રોમન નાગરિક છે એવું જાણીને સેનાપતિએ પાઉલ સાથે ખૂબ સાવધાનીથી વ્યવહાર કર્યો હતો. પછી જયારે સેનાપતિએ જાણ્યું કે પાઉલને મારી નાખવાનું કાવતરું રચાયું છે ત્યારે તેમણે પાઉલને બચાવવા માટે રાજ્યપાલ ફેલિક્સ પાસે મોકલ્યા હતા.

સેનાપતિએ પાઉલને સુરક્ષા દળો સાથે ફેલિક્સ પાસે કૈસરિયા મોકલતાં એક પત્ર પણ લખ્યો:

'માનનીય રાજ્યપાલશ્રી ફેલિકસ પ્રત્યે લિખિતંગ કલૌદિયુસનાં વંદન. આ માણસને યહૂદીઓએ પકડ્યો હતો અને તેઓ તેને મારી નાખવાની અણી ઉપર હતા, એવામાં મેં મારા સૈનિકો સાથે આવી પહોંચી એને બચાવી લીધો; કારણ, મારા જાણવામાં આવ્યું હતું કે એ રોમન નાગરિક છે. એ લોકોને એની સામે શી ફરિયાદ છે એ જાણવા માટે હું એને એમની વરિષ્ઠસભા સમક્ષ લઈ આવ્યો; તો મને માલૂમ પડ્યું કે એ લોકોના આક્ષેપો એમના શાસ્ત્રને લગતા મુદ્દા વિશે હતા, અને એની સામે કોઈ એવો આક્ષેપ નહોતો જેને માટે એને મૃત્યુની કે કેદની સજા થઈ શકે. એ માણસ વિરુદ્ધ કાવતરું રચાયું છે એવી બાતમી મળતાં મેં એને તાબડતોબ આપની પાસે મોકલી આપ્યો છે; અને એની સામે આક્ષેપો કરનારાઓને પણ એની વિરુદ્ધ જે ફરિયાદ હોય તે આપની સમક્ષ જણાવવા સૂચના આપી છે.' (પ્રે. ચ. ૨૩, ૨૬-૩૦).

રાજ્યપાલ ફેલિકસે પત્ર વાંચીને પાઉલને કહ્યું, 'તારી સામે ફરિયાદ કરનારાઓ આવશે એટલે હું તારી વાત સાંભળીશ.' (પ્રે. ચ. ૨૩, ૩૫). પછી ફેલિકસે પાઉલને હેરોદે બંધાવેલા મહેલમાં ચોકી પહેરા હેઠળ રાખ્યા.

પાંચ દિવસ બાદ પાઉલ સામે ફરિયાદ કરનારાઓ વડા પુરોહિત હનનિયા કેટલાક

વડીલો તથા તેર્તુલ્લુસ નામે એક વકીલ સાથે આવ્યા. ફેલિકસે ફરિયાદીઓની વાત સાંભળીને પાઉલને પોતાનો બચાવ કરવાનું કહ્યું.

લૂકે 'પ્રેષિતોનાં ચરિતો'માં કહ્યું છે કે ઈસુના જે પંથ વિશે પાઉલે વાત કરી હતી તે પંથ વિશે ફેલિકસને ચોક્કસ માહિતી હતી. એટલે ફેલિકસે સુનાવણી બંધ કરતાં કહ્યું કે, સેનાપતિ લુસિયસ આવ્યા પછી તેઓ પાઉલની બાબતમાં ચુકાદો આપશે. (જુઓ પ્રે. ચ. ૨૪, ૨૨).

લૂકે 'પ્રેષિતોનાં ચરિતો'માં જણાવ્યું છે કે તે સુનવણી પછી ફેલિકસ પાઉલને કેટલીક વાર મળ્યા હતા. 'થોડા દિવસ પછી ફેલિક્સ પોતાની યહૂદી પત્ની દ્રુસિલ્લા સાથે આવ્યો અને પાઉલને તેડાવી મંગાવીને તેની પાસેથી ખ્રિસ્ત ઈસુ પ્રત્યેની શ્રદ્ધા વિશે વાતો સાંભળી.

'પણ પાઉલે ધર્માચરણ, આત્મસંયમ અને કયામતની વાત કરવા માંડી એટલે ફેલિક્સ ગભરાયો અને બોલી ઊઠયો, અત્યારે તો તું જા, મને વખત મળશે ત્યારે હું તને ફરી બોલાવીશ.

'સાથોસાથ તેને પાઉલ તરફથી કંઈ પૈસા મળવાની પણ આશા હતી, આથી તે તેને વારંવાર બોલાવી મંગાવતો અને તેની સાથે વાતો કરતો.' (પ્રે. ચ. ૨૪, ૨૪-૨૬).

દેખીતી રીતે પાઉલે રાજ્યપાલ ફેલિક્સ આગળ પોતાની નિર્દોષતા પુરવાર કરી હતી અને સાથોસાથ ફેલિકસના અંતરાત્માને પણ ઢંઢાળ્યો હતો. એટલે ફેલિકસે પાઉલને જરૂરી સ્વતંત્રતા આપી હતી, એટલે પાઉલના મિત્રો આવીને એમની સારસંભાળ રાખી શકતા હતા.

સાક્ષીરૂપે કરેલી લૂકની વાત બતાવે છે કે ફેલિકસ બિનઅસરકારક રાજ્યપાલ હતા. તેઓ નિર્ણય લેવાને બદલે મોકૂફી જાહેર કરતા હતા. પ્રથમ સુનાવણી વખતે પાઉલે ચોખ્ખી વાત કરી હતી ત્યારે ફેલિકસ યોગ્ય નિર્ણય લઈ શકયા હોત. પાઉલે તાર્સસની જાણીતી કાયદા-શાળામાં અભ્યાસ કર્યો હતો. એટલે પાઉલ સામે ફરિયાદ કરનારાઓ પાઉલની રીતસરની દલીલ સામે ટકી શકતા નહોતા. પાઉલને કારાવાસમાંથી મુક્ત કરવાને બદલે ફેલિકસે એમને કેદખાનામાં જ રહેવા દીધા. એટલે બે વર્ષ બાદ ગેરવર્તન માટે ફેલિકસને રોમમાં પાછા બોલાવવામાં આવ્યા ત્યાં સુધી પાઉલને કારાવાસમાં રહેવું પડ્યું.

'પ્રેષિતોનાં ચરિતો'માં લૂકે દોરેલા ફેલિકસના ચિત્ર કરતાં રોમન ઇતિહાસકારોએ તેમ જ યહૂદી ઇતિહાસકારોએ એમનાં દોરેલા ચિત્રો વધારે ખરાબ છે.

યહૂદિયામાં રાજ્યપાલ ફેલિકસના અનુગામી તરીકે ફેસ્તુસ રાજ્યપાલ બન્યા. બાદશાહ નીરોએ કરેલી નિમણૂક પહેલાં ફેસ્તુસ વિશે ખાસ કશું જ જાણવા મળતું નથી.

ફેસ્તુસ રાજ્યપાલ તરીકે કૈસરિયા આવ્યા પછી ત્રણ દિવસમાં યરુશાલેમ જઈને મુખ્ય પુરોહિતો અને અગ્રણી યહૂદીઓને પાઉલની બાબતમાં મળ્યા. આગેવાનો ઇચ્છતા હતા કે પાઉલને યરુશાલેમ લાવવામાં આવે. પણ ફેસ્તુસે તેમને પોતાની સાથે કૈસરિયા આવવાનું કહ્યું.

કૈસરિયા પહોંચ્યા પછી ફેસ્તુસ ન્યાયાસને બેઠા. યહૂદીઓએ પાઉલ સામે ઘણા આરોપો મૂક્યા. પણ પાઉસે ખૂબ કુશળતાથી પોતાનો બચાવ કરતાં કહ્યું, 'મેં યહૂદીઓના શાસ્ત્ર વિરુદ્ધ કે બાદશાહ વિરુદ્ધ કશો ગુનો કર્યો નથી.' (પ્રે. ચ. ૨૫, ૮).

કદાચ ફેસ્તુસ યહૂદીઓને ખુશ કરવા માંગતા હતા. એટલે તેમણે પાઉલને પોતાની સાથે સુનાવણી માટે યરુશાલેમ આવવાનું કહ્યું. યરુશાલેમ જવાના ખતરા વિશે પાઉલ બરાબર જાણતા હતા. એટલે તેમણે એક કાબેલ કાયદાશારત્રી તરીકે પોતાના મુકદમાને

એમના બાદશાહ આગળ ચલાવવાની આજીજી કરી. પાઉલની આ આજીજી ખૂબ નોંધપાત્ર છે.

'હું બાદશાહની અદાલત સમક્ષ ઊભો છું. અને ત્યાં જ મારો મુકદ્દમો ચાલવો જોઈએ. યહૂદીઓનો મેં કશો ગુનો કર્યો નથી એ તમે સારી પેઠે જાણો છો. હું ગુનેગાર હોઉં, મેં જો મૃત્યુદંડને પાત્ર કોઈ કાર્ય કર્યું હોય, તો હું મોતની સજામાંથી છટકવા માગતો નથી; પણ આ લોકો મારી સામે જે આક્ષેપો મૂકે છે તેમાં કોઈ વજૂદ નથી, એટલે એમને રીઝવવા મારા પ્રાણ ધરી દેવાનો કોઈને અધિકાર નથી. હું બાદશાહની આગળ ધા નાખું છું.' (પ્રે. ચ. ૨૫, ૧૦–૧૧).

ફેસ્તુસે પોતાના સલાહકારના અભિપ્રાય જાણ્યા પછી પાઉલને કહ્યું, 'તેં બાદશાહ આગળ ધા નાખી છે, તો બાદશાહ પાસે જ જવું પડશે.' (પ્રે. ચ. ૨૫, ૧૨).

તે અરસામાં જ્યારે રાજા અગ્રિપ્પા અને તેમની પત્ની બેરનીકે ફેસ્તુસની મુલાકાતે આવ્યા ત્યારે ફેસ્તુસે પોતાના મુલાકાતીઓને પાઉલની વાત કરી. ફેસ્તુસ ઇચ્છતા હતા કે તેઓ પાઉલ વિશે બાદશાહને પત્ર લખવામાં પોતાને મદદ કરે.

અગ્રિપ્પા અને બેરનીકે પાઉલને સાંભળવા આતુર હતા. પાઉલે પોતાના બચાવમાં તેમની આગળ કરેલી વાત 'ઉચ્ચ કોટિની કલાકૃતિ' ગણી શકાય.

અગ્રિપ્પા માટે પાઉલની વાત ખૂબ પ્રભાવશાળી હતી. પરંતુ પાઉલે કરેલી વાતને બરાબર સમજ્યા વિના ફેસ્તુસે પ્રતિભાવમાં પાઉલને કહ્યું કે, 'પાઉલ, તું ગાંડો થઈ ગયો છે. તું બહુ ભણ્યો છે એટલે તારું મગજ ખસી ગયું છે.' (પ્રે. ચ. ૨૬, ૨૪).

રાજ્યપાલ ફેસ્તુસનો આવો પ્રતિભાવ હોવા છતાં પાઉલે ખૂબ શાંતિથી તેમને કહ્યું. 'નામદાર, હું ગાંડો નથી થયો. હું સાચી અને ડહાપણની વાત કરું છું. મહારાજ આ બધું સમજે છે એટલે હું તેમને છૂટથી વાત કરું છું.' (પ્રે. ચ. ૨૬, ૨૫-૨૬).

પાઉલે કરેલી વાત સાંભળનાર બધા લોકો એક જ મતના હતા કે, 'આ માણસ એવું કશું જ કરતો નથી જેને કારણે એને મોતની સજા થાય.' (પ્રે. ચ. ૨૬, ૩૧). પાઉલની વાતથી ખૂબ પ્રભાવિત થઈને અગ્રિપ્પાએ ફેલિકસને કહ્યું, 'આ માણસે બાદશાહને ધા ન નાખી હોત તો એને છોડી મૂકી શકત.' (પ્રે. ચ. ૨૬, ૩૨).

કાયદાકીય રીતે બાદશાહને પાઉલે કરેલી આજીજીની અવગણના ન કરી શકાય એટલે તેમણે કેદી પાઉલને રક્ષકદળ સાથે રોમ મોકલવાની બધી વ્યવસ્થા કરી.

પાઉલના કેસની સુનાવણી ખૂબ સારી રીતે જલદી પતાવી દઈને ફેસ્તુસ એક કાર્યક્ષમ રાજ્યપાલ પુરવાર થયા છે. ફેસ્તુસની સરખામણીમાં એમના પુરોગામી ફેલિકસ પાઉલનો કેસ વિના કારણે મુલતવી રાખીને પોતે બિનઅસરકારક રાજ્યપાલ પુરવાર ઠર્યા હતા.

ઇતિહાસકારોને મતે પાઉલના કેસની સુનાવણીનાં બે વર્ષ બાદ રાજ્યપાલના પદ પર જ ફેસ્તુસનું મૃત્યુ થયું હતું.

૯૦. બે સગી બહેનો: દ્રુસિલ્લા અને બેરનીકે

આ બે સગી બહેનો — દ્રુસિલ્લા અને બેરનીક વિશે નવા કરારના 'પ્રેષિતોનાં ચરિતો'માં કેવળ અછડતો ઉલ્લેખ છે. પણ એમનાં વિષે વધારે માહિતી આપણને એમના સમયના ઇતિહાસમાંથી મળે છે.

બાઈબલના પંડિત હેરબર્ટ લોકિયર એમના 'ઑલ ધ વિમેન ઑફ ધ બાઇબલ'માં કહે છે કે, 'વારસાગત લક્ષણોમાંથી કોઈ પાઠ શીખવો હોય તો તે હેરોદના કુટુંબના ઇતિહાસમાંથી મળે છે. દાખલા તરીકે બેરનીકે અને એની બહેન દ્રુસિલા - એમના સમયની સૌથી વધારે ખરાબ અને બેશરમ સ્ત્રીઓ હતી.' (પૃ. ૩૭).

બંને બહેનો પહેલા હેરોદ અગ્રિપ્પાની દીકરીઓ અને મહાન હેરોદની પૌત્રીઓ હતી. બેરનીકે વિશે હેરબર્ટ લોકિયર કહે છે, "જોસેફુસ (યહૂદી ઇતિહાસકાર) કહે છે તેમ બેરનીકે સૌ પ્રથમ માર્કૂસને પરણી હતી. થોડા સમય પછી તેણે પોતાના કાકા ચાલ્સીસના રાજા હેરોદ સાથે લગ્ન કર્યું હતું. જ્યારે હેરોદ મરી ગયા ત્યારથી બેરનીકે અગ્રિપ્પા સાથે અનિષ્ટ સંબંધમાં છે એવી શંકા હતી. જ્યારે ફેસ્તુસ યુદિયાના સૂબા હતા ત્યારે રાજા અગ્રિપ્પા સાથે બેરનીકેએ ફેસ્તુસની મુલાકાત લીધી હતી.' (પૃ. ૩૭).

એ મુલાકાત વિશે 'પ્રેષિતોનાં ચરિતો'માં આપણે વાંચીએ: 'થોડા દિવસ પછી રાજા અગ્રિપ્પા અને બેરનીકે ફેસ્તુસની મુલાકાતે કૈસરિયા આવ્યા. તેઓ ત્યાં ઝાઝા દિવસ રોકાયા એ દરમિયાન ફેસ્તુસે પાઉલની બાબત તેમની આગળ રજૂ કરતાં કહ્યું:

'ફેલિક્સ એક માણસને કેદખાનામાં મૂકતા ગયા છે.' (પ્રે. ચ. ૨૫, ૧૩-૧૫).

*

'અગ્રિપ્પાએ ફેસ્તુસને કહ્યું, 'મારે પણ એ માણસને શું કહેવું છે તે સાંભળવું છે.'

'આપને આવતી કાલે સાંભળવા મળશે,' ફેસ્તુસે કહ્યું.

'એટલે બીજે દિવસે અગ્રિપ્પા અને બેરનીકે ભારે દબદબા સાથે આવ્યા અને તેમણે સેનાપતિઓ અને શહેરના અગ્રણી નાગરિકો સાથે દરબારમાં પ્રવેશ કર્યો, અને ફેસ્તુસના હુકમથી પાઉલને ત્યાં લાવવામાં આવ્યો.' (પ્રે. ચ. ૨૫, ૨૨-૨૩).

અહીં 'અગ્રિપ્પા અને બેરનીક ભારે દબદબા સાથે આવ્યા'ની વાતમાં બંને રાજા-રાણીના રૂપમાં હોય એવું લાગે.

બેરનીકેના પાત્રનું વર્ણન કરતાં લોકિયર વધુમાં કહે છે. કે, 'બેરનીકેએ અગ્રિપ્પાને છોડી દઈને સીસિલિયાના રાજા પોલેમોન સાથે લગ્ન કર્યું. બેરનીકે સાથે લગ્ન કરવા માટે પોલેમોને સુન્ન્ત કરાવીને યહૂદી ધર્મ અપનાવ્યો હતો. છતાં ટૂંક સમયમાં પોલેમોનને બેરનીકેએ છોડીને ફરી પોતાના ભાઈ સાથે નિકટનો સંબંધ બાંધ્યો હતો. ત્યાર બાદ બેરનીકે વેસપાશિયનની રખાત બની હતી અને પછી વેસપાશિયનનો દીકરા તિતસની રખાત બની હતી. પણ જયારે તિતસ બાદશાહ બન્યા ત્યારે એમણે બેરનીકેને કાઢી મૂકી.' (ઑલ ધ વિમૅન ઑફ ધ બાઇબલ, પૃ. ૩૭).

'ડીક્શનરી ઑફ ધ બાઇબલ'ના લેખક જોન એલ. મેકેન્ઝી કહે છે કે, 'પાછળથી

તે (બેરનીકે) તિતસની રખાત હતી અને ૫૧ વર્ષની ઉંમરે બેરનીકેનું મૃત્યુ ઈસ્વીસન ૭૯માં થયું હતું.' (પૃ. ૯૧).

બેરનીકેની બહેન દ્રુસિલ્લાની વાત પણ બેરનીકેની વાતથી ખૂબ ભિન્ન નથી. દ્રુસિલાનો જન્મ પહેલાં હેરોદ અગ્રિપ્પાની કનિષ્ઠ દીકરી તરીકે ઈસ્વીસન ૩૮માં થયો હતો. મેકેન્ઝીએ દ્રુસિલ્લાની અંગત કહાનીનું વર્ણન કર્યું છે.

'દ્રુસિલ્લાની સગાઈ તેના પિતાએ કૉમ્માજેનેના રાજાના દીકરા એપિફાનેસ સાથે ગોઠવી હતી. પરંતુ એપિફાનેસે સુન્નત કરાવવાની ના પાડી. એટલે લગ્ન થયું નહોતું. એના ભાઈ બીજા અગ્રિપ્પાએ એને લગ્નમાં એમેસાના રાજા અઝીઝુને આપી.

ઈસ્વીસન ૫૪માં જયારે દ્રુસિલ્લા ૧૫ કે ૧૬ વર્ષની હતી ત્યારે, અગાઉ બે વાર લગ્ન કરી ચૂકેલ ફેલિકસે તેને પોતાના પતિને છોડી દેવા અને ફેલિકસની સાથે લગ્ન કરવા સમજાવી. (અગાઉ બે વાર લગ્ન કરી ચૂકેલા ફેલિકસે દ્રુસિલ્લાને એના પતિને છોડવા અને ઈસ્વીસન ૫૪માં ફેલિકસ જોડે લગ્ન કરવા એને ૧૫ કે ૧૬ વર્ષની હતી ત્યારે સમજાવ્યું.) તેમનો દીકરો અગ્રિપ્પા ઈસ્વીસન ૭૯માં જયારે વેસુવિયસ જ્વાળામુખી એકાએક ફાટ્યો ત્યારે એમાં મરી ગયો. કયામતની વાત, ધર્માચરણ અને પ્રામાણિક આત્મસંયમ પરના પાઉલ વાર્તાલાપ સાંભળવા ફેલિકસ અને દ્રુસિલ્લા યોગ્ય પાત્રો હતાં.' (ડિક્શનરી ઑફ ધ બાઇબલ, પૃ. ૨૦૬).

દ્રુસિલ્લાના નામનો 'પ્રેષિતોનાં ચરિતો'માં ફક્ત એક જ વાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. 'પ્રેષિતોનાં ચરિતો' કહે છે, 'પછી ફેલિક્સ પોતાની યહૂદી પત્ની દ્રુસિલ્લા સાથે આવ્યો અને પાઉલને તેડાવી મંગાવીને તેની પાસેથી ખ્રિસ્ત ઈસુ પ્રત્યેની શ્રદ્ધા વિષે વાતો સાંભળી. પણ પાઉલે ધર્માચરણ, આત્મસંયમ અને કયામતની વાત કરવા માંડી એટલે ફેલિક્સ ગભરાયો અને બોલી ઊઠચો, 'અત્યારે તો તું જા મને વખત મળશે ત્યારે હું તને ફરી બોલાવીશ." (પ્રે. ચ. ૨૪, ૨૪-૨૫).

મેકેન્ઝી કહે છે કે 'આ જ પાઠની સિરિયાક આવૃત્તિ મુજબ દ્રુસિલ્લા પોતે પાઉલમાં રસ ધરાવતી હતી, એણે જ પાઉલને બોલાવવા ફેલિકસને પ્રેર્યો હતો.'

જ્યારે ફેલિક્સને એમના ગેરવહીવટ અંગે ખુલાસો કરવા માટે રોમમાં પરત બોલાવવામાં આવ્યા ત્યારે દ્રુસિલ્લા એમની સાથે રોમ ગઈ હતી. યહૂદી ઇતિહાસકાર જોસેફુસ કહે છે કે પાઉલની જવાબદારી ફેલિકસે ફેસ્તુસને સોંપ્યાનાં ૨૦ વર્ષ પછી વેસુવિયસ જ્વાળામુખી ફાટી નીકળ્યો. દ્રુસિલ્લાએ એના ખતરા પ્રત્યે યોગ્ય ધ્યાન આપ્યું નહીં. પરિણામે એના ખતરાથી ઝડપથી ભાગી શક્યા નહીં. એટલે તે અને તેનો દીકરો અગ્રિપ્પા જ્વાળામુખીના ધગધગતા રસમાં દટાઈ ગયાં.

જો બંને બહેનો બેરનીકે અને દ્રુસિલ્લાએ પાઉલે સમજાવ્યા મુજબ ઈશ્વરનો સંદેશ અને બૌદ્ધિક દલીલોને બરાબર સાંભળ્યાં હોત તો આદિ ધર્મસંઘનો ઇતિહાસ ખૂબ ભિન્ન હોત.

૯૧. દયાળુ સૂબેદાર જુલિયસ

જુલિયસનો પરિચય આપણને 'પ્રેષિતોનાં ચરિતો'માં મળે છે. ત્યાં આપણે 'બાદશાહી' નામે ઓળખાતી રોમન સેનાના સૂબેદાર તરીકે જુલિયસને મળીએ છીએ. લૂક 'પ્રેષિતોનાં ચરિતો'માં લખે છે, 'અમારું ઇટાલી જવાનું નક્કી થતાં જ પાઉલને અને બીજા કેટલાક કેદીઓને 'બાદશાહી' નામે ઓળખાતી સેનાના જૂલિયસ નામે એક સૂબેદારને સોંપી દેવામાં આવ્યા.' (પ્રે. ચ. ૨૭, ૧).

કૈસરિયા ખાતે બેએક વર્ષ કેદખાનામાં રહેનાર પાઉલને અને બીજા કેદીઓને રોમન સૂબા ફેસ્તુસે ઇટાલી પહોંચાડવાની જવાબદારી સૂબેદાર જુલિયસ અને એમની સેનાને સોંપી. દરિયાઈ માર્ગે ખેડેલી એ મુસાફરીમાં પાઉલના એક સાથીદાર તરીકે લૂકે આખી મુસાફરીનું વર્ણન કર્યું છે.

લૂક લખે છે, 'આસિયા પ્રાંતના બંદરોએ જતા અદ્રમુત્તિયુમના એક વહાણામાં બેસીને અમે ઊપડયા. થેસ્સલોનિકાનો મકદોનિયાવસી આરિસ્તારખસ અમારી જોડે હતો.

'બીજે દિવસે અમે સિદ્દોન ઊતર્યા અને જુલિયસે પાઉલ ઉપર મહેરબાની કરીને તેને પોતાના મિત્રોને ત્યાં જઈ તેમની મહેમાનગત સ્વીકારવાની રજા આપી.' (પ્રે. ચ. ૨૭, ૨-૩).

મુસાફરીની પૂરી જવાબદારી સૂબેદાર જુલિયસને માથે હતી. આપણા મુસાફરો અદ્રમુત્તિયુમના એક વહાણામાં બેસીને ઊપડયા. તેઓ મૂર બંદરે પહોંચ્યા પછી સૂબેદારને ઇટાલી જતું આલેકસાંડ્રિયાનું એક વહાણ મળી ગયું, એટલે તેણે મુસાફરોને તેમાં બેસાડી દીધા. મહામહેનતે તેમનું વહાણ 'સુંદર બંદર' નામની જગ્યાએ પહોંચ્યું. ત્યાંથી આગળની મુસાફરી પાઉલને જોખમભરી લાગી. એટલે પાઉલે સૂબેદારને સલાહ આપી કે આ મુસાફરી ખતરનાક નીવડશે. પણ સૂબેદારે પાઉલના કહેવા કરતાં વહાણના ટંડેલ અને માલિકના કહેવા પર ધ્યાન આપ્યું. વળી લૂકે નોંધ્યું છે તેમ, શિયાળો ગાળવા માટે બંદર અનુકૂળ નહોતું. એટલે ફેનિકસ જઈને શિયાળો ગાળવાની યોજનાથી તેઓ ઊપડયા. પણ રસ્તામાં તેમનું વહાણ સખત તોફાનમાં સપડાયું. લૂક લખે છે, 'દિવસો સુધી સૂરજનાં કે તારાનાં દર્શન થયાં નહીં, અને તોફાનનું જોર પણ ઓછું થયું નહીં, એટલે અમારા બચવાની બધી આશા ઓસરતી જતી હતી.' (પ્રે. ચ. ૨૭, ૨૦).

ફરી એક વાર વિકટ પરિસ્થિતિમાં જુલિયસ અને ખલાસીઓને હિંમત આપતાં પાઉલે કહ્યું, 'ભાઈઓ, તમારે મારી સલાહ માનવી જોઈતી હતી, અને ક્રેતથી ઊપડીને આ જોખમ અને હાનિ વહોરી લેવાં નહોતાં જોઈતાં. છતાં અત્યારે હું તમને કહું છું કે, હિંમત રાખો, કારણ, તમારામાંથી કોઈના પણ જીવની હાનિ થનાર નથી, ફક્ત વહાણ ખોવું પડશે. જે ઈશ્વરનો હું બંદો છું અને જેની હું સેવા કરું છું તેના એક દૂતે ગઈ રાતે દર્શન દઈને મને કહ્યું છે કે, 'પાઉલ, ગભરાઈશ નહીં. તારે બાદશાહ સમક્ષ ખડા થવાનું જ છે; અને ઈશ્વરે તારી સાથે પ્રવાસ કરતા સૌનાં જીવન તને બક્ષ્યાં છે.' માટે, ભાઈઓ, સૌ હિંમત રાખો, કારણ, મને ઈશ્વરમાં વિશ્વાસ છે; મને કહેવામાં આવ્યું છે તે મુજબ થશે જ

થશે. જોકે આપણે કોઈ બેટ ઉપર ફેંકાઈ જઈશું.' (પ્રે. ચ. ૨૭, ૨૧-૨૬).

પાઉલને ત્રણ વાર પોતાનું વહાણ ભાંગી ગયાનો અનુભવ છે (જુઓ ૨ કરિંથ ૧૧, ૨૫). પાઉલની ઈશ્વર પરની અડગ શ્રદ્ધા અને આગવી દૃષ્ટિ છે. એટલે ખલાસીઓને વહાણમાંથી ભાગી જવાનો પ્રયત્ન કરતાં જોઈને પાઉલે ફરી એક વાર સૂબેદાર જુલિયસને અને સિપાઈઓને કહ્યું, 'આ લોકો વહાણાભમાં નહીં રહે તો બચવા નહીં પામે. આથી સિપાઈઓએ માછવાનાં દોરડાં કાપી નાખ્યાં અને તેને દરિયામાં છોડી દીધો.' (પ્રે. ચ. ૨૭, ૩૧-૩૨).

પાઉલની આગાહી મુજબ વહાણ ભાંગી ગયું. વહાણ ભાંગવા માંડયું ત્યારે 'રખેને કોઈ કેદી તરીને ભાગી જાય એટલા માટે સિપાઈઓએ તેમને મારી નાખવાનો વિચાર કર્યો, પણ સૂબેદાર પાઉલને બચાવી લેવા ઇચ્છતો હતો, એટલે તેણે તેમને એ વિચારનો અમલ કરતાં રોક્યા' (પ્રે. ચ. ૨૭, ૪૨-૪૩) અને 'બધા સહીસલામત જમીન ઉપર પહોંચી ગયા.' (પ્રે. ચ. ૨૭, ૪૪).

જુલિયસનાં પાઉલ માટે આદરમાન અને હમદર્દીને કારણે બધા - કેદીઓ, સિપાઈઓ અને ખલાસીઓ - દરિયામાં નાશ પામવામાંથી બચી ગયા. બીજા રોમન અધિકારીઓ, સેનાપતિઓ અને સિપાઈઓની જેમ જુલિયસ પાઉલ સાથે આદરમાનથી વર્ત્યો અને છેલ્લે ઘણી હાડમારીઓ પછી ત્રણ મહિના બાદ જુલિયસ, પાઉલ અને બીજા બધા રોમ પહોંચ્યા. લૂક લખે છે, 'અમે રોમમાં દાખલ થયા તે પછી પાઉલને તેની ચોકી કરનાર સિપાઈ સાથે સ્વતંત્ર રહેવાની રજા આપવામાં આવી.' (પ્રે. ચ. ૨૮, ૧૬).

રોમન સૂબેદાર જુલિયસે પાઉલના શુભેચ્છક તરીકે એમને કૈસરિયાથી રોમ પહોંચાડવાની પોતાની જવાબદારી નિષ્ઠાથી અદા કરી. ભારે આપત્તિના સમયે ગમેતેમ કરીને પાઉલને બચાવી લેવાનો જુલિયસનો નિર્ણય પાઉલ, સૂબેદાર જુલિયસ અને સૌ કેદીઓ માટે લાભદાયી નીવડ્યો.

૯૨. કારાગારના સાથીએ આંદ્રનિકસ અને જુનિયાસ

રોમના ધર્મસંઘ પરના પોતાના પત્રના ૧૬મા પ્રકરણમાં પાઉલે ઘણાં બધાં લોકોને વંદન કહેવડાવ્યાં છે. એમાં આંદ્રનિકસ અને જુનિયાસનાં નામો સાથે કુલ ૨૪ જણનો નામથી ઉલ્લેખ કર્યો છે.

પાઉલ લખે છે, 'મારા જાતભાઈઓ અને મારા કારાગારના સાથી આંદ્રનિકસ અને જુનિયાસને વંદન કહેજો. પ્રેષિતોમાં તેઓ આગળ પડતા છે અને મારા પહેલાં ખ્રિસ્તને વર્યા હતા.' (રોમ ૧૬, ૭).

પાઉલે નામ દઈને વંદન પાઠવેલા ચોવીસ જણ વિશે વિલ્યમ બાર્કલે 'રોમના ધર્મસંઘ પરના પત્ર'ની પોતાની સમાલોચનામાં કહે છે કે, 'કોઈ શંકાને અવકાશ નથી કે (પાઉલે લીધેલા) દરેક નામ પાછળ એકેક આગવી કહાની હશે. ઈસુ ખ્રિસ્ત સાથેના દરેકના સંબંધની એ કહાની વિશે આપણે કશું જાણતા નથી પણ અનુમાન કરવું રહ્યું.' (વિલ્યમ બાર્કલે, લેટર ટૂ રોમન્સ, પૃ. ૨૧૧).

પાઉલે લીધેલાં બીજાં નામોની સરખામણીમાં એમણે આંદ્રનિકસ અને જુનિયાસ વિશે થોડી માહિતી આપી છે. બાઇબલના પંડિતોમાં 'જુનિયાસ' નામ અંગે મતભેદ છે. જુનિયાસ એ નામ કદાચ જુનિયા કે જુન પણ હોઈ શકે. એટલે જુનિયાસ સ્ત્રી પાત્ર પણ હોઈ શકે.

પાઉલે આંદ્રનિકસ અને જુનિયાસનાં નામ સાથે લીધાં છે. એટલે બાઇબલના કેટલાક અભ્યાસીઓની માન્યતા મુજબ તેઓ પતિ-પત્ની પણ હોઈ શકે. પણ મુખ્ય વાત એ છે કે તેઓ પાઉલ સાથે કારાવાસમાં હતા. પાઉલ જુદી જુદી જગ્યાએ કારાવાસમાં હતા. પણ કયા કેદખાનામાં તેઓ પાઉલ સાથે સહકેદીઓ હતા એ વાત પાઉલે જણાવી નથી.

પાઉલને બંને આંદ્રનિકસ અને જુનિયાસ પ્રત્યે ખૂબ આદરમાન અને કદર છે. એટલે એમણે બંને વિશે કહ્યું છે કે, 'પ્રેષિતોમાં તેઓ આગળ પડતા છે અને મારા પહેલાં ખ્રિસ્તને વર્યા હતા.' (રોમ ૧૬, ૭). પાઉલની જેમ તેઓ પણ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરીને એમના સંદેશની ઘોષણા કરવા બદલ ગેરમાર્ગે દોરાઈ ગયેલા લોકોના વિરોધનો ભોગ બન્યા હશે અને તેમને કારાવાસમાં મૂકવામાં આવ્યા હશે.

રોનાલ્ડ બ્રાઉનરિંગ માને છે કે તેઓ ઈસુના ક્રૂસારોહણના પાંચેક વર્ષમાં ધર્મપરિવર્તન કરીને ખ્રિસ્તના અનુયાયીઓ બન્યા હશે અને તેમનો સંબંધ યરુશાલેમના ધર્મસંઘ સાથે હશે. પાઉલે પોતાના મિશનરી પ્રવાસોમાં અંત્યોખના ધર્મસંઘને કેન્દ્રમાં રાખ્યો છે.

રોનાલ્ડ બ્રાઉનરિંગ માને છે કે બંને આંદ્રનિકસ અને જુનિયાસ કદાચ સ્તેફાનના યહૂદી ખ્રિસ્તીઓ સાથે હશે કે જેમણે સ્તેફાનની શહાદત પછી યરુશાલેમ છોડીને અંત્યોખ, સાયપ્રસ જેવા ભૂમધ્ય સમુદ્ર પાસેના વિસ્તારોમાં જઈને સ્થાનિક ધર્મસંઘોની

સ્થાપના કરી હશે. (જુઓ, હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ, પૃ. ૧૪૨).

પાઉલ કહે છે તેમ બંને આંદ્રનિકસ અને જુનિયાસ યરુશાલેમ ખાતેના પ્રેષિતો વચ્ચે ખૂબ જાણીતી વ્યક્તિઓ હતી. તેઓ પાઉલ સાથે પણ નજીકનો સંબંધ ધરાવતા હશે એટલે જ પાઉલ નામ લઈને એમને વંદન પાઠવે છે. એટલું જ નહીં, પણ પોતાના પહેલાં ધર્મપરિવર્તન પામેલા માનવો તરીકે તેમને પાઉલે આદરમાન આપ્યા છે.

આંદ્રનિકસ અને જુનિયાસ નિષ્ઠાવાન પ્રેષિતો છે. અને પ્રેષિતો તરીકે બંનેએ ઘણાં બધાં લોકોને ઈસુ ખ્રિસ્તનો સંદેશ પહોંચાડયો હશે.

૯૩. ત્રિમૂર્તિ: સ્તેફનાસ, ફોર્તુનાતસ અને અખૈક્સ

સ્તેફનાસ, ફોર્તુનાતસ અને અખૈક્સ વિશે આપણે કરિંથના ધર્મસંઘ પરના પાઉલના પ્રથમ પત્રમાં વાંચીએ છીએ પાઉલે આ ત્રણેય પાત્રોનાં નામો સાથે આપ્યાં છે. એટલે હું એમને ત્રિમૂર્તિ કહું છું.

પાઉલ લખે છે, 'સ્તેફનાસ, ફોર્તુનાતસ અને અખૈક્સના આવવાથી મને ખૂબ આનંદ થયો છે. તેમણે તમારી ખોટ પૂરી છે; તેમણે મારા આત્માને તેમ જ તમારા આત્માને ઉત્સાહ આપ્યો છે. એવા માણસોની તમારે કદર કરવી જોઈએ.' (૧ કરિંથ ૧૬, ૧૭-૧૮).

સ્તેફનાસ નામનો અર્થ મુગટ કે ફૂલહાર થાય છે. કરિંથના ધર્મસંઘ પરના પાઉલના પ્રથમ પત્રમાંથી આપણને ખ્યાલ આવે છે કે સ્તેફનાસ કરિંથવાસી છે. પાઉલ એકરાર કરે છે કે તેમણે સ્તેફનાસ અને એના કુટુંબને સ્નાનસંસ્કાર કરાવ્યો છે. પાઉલ લખે છે, 'સ્તેફનાસના કુટુંબને પણ મેં સ્નાનસંસ્કાર કરાવ્યો હતો ખરો, પણ એ ઉપરાંત મેં કોઈને સ્નાનસંસ્કાર કરાવ્યો હોય એવું મને સાંભરતું નથી.' (૧ કરિંથ ૧, ૧૬).

ફોર્તુનાતસ નામનો અર્થ થાય છે આશીર્વાદિત કે નસીબદાર. ત્રીજા પાત્ર 'અખૈક્સ'ના નામનો અર્થ અખૈયાનો દેશી. અખૈપા રોમન સામ્રાજ્યનો એક પ્રાન્ત હતો અને કરિંથ એ પ્રાન્તનું મુખ્ય શહેર હતું. એ સમયમાં ગુલામોને એમના પ્રાન્તના નામે બોલાવવાની પ્રથા હતી. એટલે બાઇબલના નિષ્ણાતો માને છે કે કદાચ અબૈકસ અખૈયા પ્રાન્તમાંથી આવેલો ગુલામ અને સ્તેફનાસ કુટુંબનો સેવક હશે.

પાઉલે એફેસસ ખાતે પોતાને મળવા આવેલી આ ત્રિમૂર્તિને ઉમળકાથી આવકારી છે અને પોતાની સાથે એમની હાજરીનો આનંદ માણે છે. પાઉલ લખે છે, 'સ્તેફનાસ, ફોર્તુનાતસ અને અખૈક્સના આવવાથી મને ખૂબ આનંદ થયો છે.' પાઉલ વધુમાં કહે છે કે આ ત્રણેય પાત્રોની કરિંથવાસીઓએ કદર કરવી જોઈએ. કારણ, 'તેમણે મારા આત્માને તેમ જ તમારા આત્માને ઉત્સાહ આપ્યો છે.'

આ ત્રણેય પાત્રો સ્તેફનાસના કુટુંબના સભ્યો છે? અથવા તો તેઓ ખ્લોએના કુટુંબના સભ્યો છે? આપણને ચોક્કસ ખબર નથી. પણ કરિંથના ધર્મસંઘ પરના પ્રથમ પત્રમાં પાઉલે કહ્યું છે કે, 'મારા ભાઈઓ, મને ખ્લોએના ઘરના માણસો પાસેથી જાણવા મળ્યું છે કે તમારામાં ઝઘડા ચાલે છે.' (૧ કરિંથ ૧, ૧૧). પાઉલે અહીં ખ્લોએના ઘરના કરેલા ઉલ્લેખથી આપણે માની શકીએ છીએ કે સ્તેફનાસ, ફોર્તુનાતસ અને અખૈકસ કદાચ ખ્લોએના ઘરના સભ્યો હોઈ શકે.

પાઉલના સમયમાં કરિંથવાસીઓના ઘર-કુટુંબના સભ્યો સાથે તેમના નોકરો અને ગુલામોનો પણ સમાવેશ થતો. પાઉલે ત્રણેય ભાઈઓને સાથે લીધા છે. એટલે તેઓ ત્રણ સગા ભાઈઓ હોઈ શકે કે પિતા અને બે સંતાનો હોઈ શકે. કદાચ ફોર્તુનાતસ અને અખૈક્સ તો સ્તેફનાસના ઘરના નોકરચાકરો પણ હોઈ શકે. પણ મુખ્ય વાત એ છે કે પાઉલ ત્રણેય ભાઈઓ વચ્ચે કોઈ ભેદભાવ કરતા નથી. આ ત્રણેના આગમનથી પાઉલને

ખૂબ આનંદ થયો છે.

દેખીતી વાત એ છે કે પાઉલે સ્તેફનાસનો સ્નાનસંસ્કાર કરાવ્યો હતો. કરિંથ ખાતે તેઓ તેમના પ્રથમ ખ્રિસ્તી હતા. પાઉલે પોતાના બીજા મિશનરી પ્રવાસમાં કરિંથ ખાતે ઈસ્વીસન ૫૧માં ખ્રિસ્તી ધર્મનો પાયો નાખ્યો હતો.

આ ત્રણે મોટા ભાગે પાઉલને મળવા અને કરિંથના ધર્મસંઘ વિશે એમને સમાચાર આપવા કરિંથથી સોએક કિલોમીટર દૂર એફેસસ ગયા હશે. કરિંથ અને એફેસસ બંને રોમન સામ્રાજ્યના એ પ્રાન્તના ધંધાવેપારનાં મુખ્ય કેન્દ્રો હતાં. એટલે તેઓ વેપાર માટે એફેસસ જઈને પોતાના ગુરુ પાઉલને મળવા ગયા હોય એવું પણ બની શકે.

રોનાલ્ડ બ્રાઉનરિગ કહે છે કે કદાચ તેઓ કરિંથના ધર્મસંઘ પાસેથી પાઉલ માટે ખાસ પત્ર લઈને એફેસસ પહોંચ્યા હશે અને પાઉલે કરિંથના ધર્મસંઘ પર પત્ર લખ્યો ત્યારે તેઓ પાઉલ સાથે હાજર પણ હશે. (હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ, પૃ. ૨૬૦).

૯૪. તિતસ — પાઉલનો ગ્રીક શિષ્ય

તિતસ પ્રત્યેના પોતાના પત્રમાં પાઉલ એમને 'સમાન ધર્મશ્રદ્ધાને નામે મારા સાચા પુત્ર તિતસ' કહે છે. (તિતસ ૧, ૧). ગલાતિયાના ધર્મસંઘ પરના પોતાના પત્રમાં પાઉલ તિતસ વિશે કહે છે કે, 'મારો સાથી તિતસ બિનયહૂદી હતો તેમ છતાં તેને સુધ્ધાં કોઈએ સુન્નત કરાવવાની ફરજ પાડી નહોતી.' (ગલાતિયા ૨, ૩).

પોતાના પત્રોમાં પાઉલે ઘણી વાર તિતસનો ઉલ્લેખ કર્યો છે. કરિંથના ધર્મસંઘ પરના બીજા પત્રમાં પાઉલે તિતસનો નવ વાર ઉલ્લેખ કર્યો છે. આ બધા ઉલ્લેખોથી આપણને લાગે છે કે તિતસના ધર્મપલટા માટે પાઉલ નિમિત્તરૂપ બન્યા હશે. પાઉલે તિતસને ધર્મશિક્ષણ આપ્યું હશે. તિતસ ધર્મશ્રદ્ધામાં પાઉલના શિષ્ય અને સહકાર્યકર બની રહ્યા છે. ધર્મશ્રદ્ધામાં પાઉલ અને તિતસ વચ્ચે પિતા-પુત્રના સંબંધ કરતાં વધારે નિકટના સંબંધ હશે. તેઓ નિકટના મિત્રો અને સાથીદારો હતા, એમ લાગે છે.

ગલાતિયાના ધર્મસંઘ પરના પત્રમાં પાઉલ પોતાના સાથીદારો બાર્નાબાસ અને તિતસને લઈને અંત્યોખથી યરુશાલેમ ગયાની વાત કરવામાં આવી છે. ઈસુમાં શ્રદ્ધા રાખનાર બધા અનુયાયીઓ સુન્નત વગર પણ ઈસુના ખરા શિષ્યો છે, એ વાતના પુરાવારૂપે પાઉલ સુન્નત કર્યા વગરના બિનયહૂદી તિતસને પોતાની સાથે યરુશાલેમ લઈ ગયા હતા. પાઉલ લખે છે, 'પછી ચૌદ વરસ બાદ, હું બાર્નાબાસ સાથે ફરી યરુશાલેમ ગયો અને તિતસને પણ સાથે લઈ ગયો. ઈશ્વરની પ્રત્યક્ષ પ્રેરણા અનુસાર હું ગયો હતો, અને બિનયહૂદીઓમાં હું જે શુભસંદેશની ઘોષણા કરું છું તે મેં અધિકારીઓ આગળ ખાનગીમાં રજૂ કર્યો, કે જેથી હું જે દોડધામ કરી ચૂક્યો હતો અને કરી રહ્યો છું, તે નકામી ન જાય. પણ મારો સાથી તિતસ બિનયહૂદી હતો તેમ છતાં તેને સુધ્ધાં કોઈએ સુન્નત કરાવવાની ફરજ પાડી નહોતી.' (ગલાતિયા ૨. ૧-૩).

પાઉલના પ્રતિનિધિ તરીકે તિતસ ઘણીવાર કરિંથ, દલમસિયા (હાલનું યુગોસ્લાવિયા) અને ક્રેત ગયા છે. જ્યારે કરિંથના ધર્મસંઘ પરનો પોતાનો પ્રથમ પત્ર તથા તિમોથીનું કરિંથ ખાતેનું મિશન અને ખુદ પાઉલની મુલાકાતથી ઇચ્છિત ફળ ન મળ્યું ત્યારે પાઉલ કરિંથના ધર્મસંઘ માટેના એક પત્ર સાથે તિતસને મોકલે છે. કરિંથના ધર્મસંઘમાંથી ઇચ્છિત ફળ મેળવવા માટે પાઉલ ખૂબ આતુર છે. એટલે જ્યારે તિતસ સારા સમાચાર લાવ્યા કે કરિંથના લોકો સુધારાના પંથે છે અને અનિષ્ટો અને અત્યાચારો છોડી દીધા છે ત્યારે પાઉલ ખૂબ ખુશ થયા હતા. પાઉલ લખે છે, 'પણ દીનોને દિલાસો દેનાર ઈશ્વરે તિતસને મોકલીને અમને દિલાસો આપ્યો છે. કેવળ તિતસ આવ્યો એટલાથી જ નહીં, પણ તમારા તરફથી એને જે પ્રોત્સાહન મળ્યું તેથી અમને પણ પ્રોત્સાહન મળ્યું છે. તેણે મને તમારી ઉત્કંઠાની, તમારા પશ્ચાત્તાપની અને મારા વિશેની તમારી ધગશની વાત કરી છે, અને તેથી મને ઘણો ઘણો આનંદ થયો છે.' (૨ કરિંથ ૭, ૬-૭).

એ જ પત્રમાં તિતસને પાઉલ 'મારા સાથીદાર' અને 'સહકાર્યકર' કહીને ઓળખાવે છે અને લખે છે, 'આભાર ઈશ્વરનો કે તિતસના હૃદયમાં તેણે તમારે માટે

અમારા જેટલી જ લાગણી જગાડી છે! તેણે અમારી વિનંતીને વધાવી લીધી, એટલું જ નહીં, પણ તેના મનમાં એટલી ઉત્કંઠા હતી કે તે પોતાની ઇચ્છાથી તમારી પાસે આવી રહ્યો છે. અને તેની સાથે અમે એવા એક ધર્મબંધુને મોકલી રહ્યા છીએ કે જેની શુભસંદેશની સેવાની બધા ધર્મસંઘો પ્રશંસા કરે છે. એટલું જ નહીં, ધર્મસંઘોએ અમારા દયાકાર્યમાં એને પ્રવાસસાથી પણ નીમ્યો, અમે આ કામ એટલા માટે કરીએ છીએ કે, એ દ્વારા પ્રભુનો મહિમા અને અમારી સેવાતત્પરતા પ્રગટ થાય.' (૨ કરિંથ ૮, ૧૬-૧૯). અહીં પાઉલ સ્પષ્ટ કહે છે કે, તિતસની શુભસંદેશની સેવાઓની બધા ધર્મસંઘો પ્રશંસા કરે છે.

તિતસ પરનો પાઉલનો પત્ર બતાવે છે કે પાઉલ એમના કેદખાનામાંથી પ્રથમ વાર મુક્ત થયા પછી પાઉલે અને તિતસે સાથે ક્રેત ટાપુના ધર્મબંધુઓ વચ્ચે ટૂંકા સમય માટે કામ કર્યું હતું. ત્યાર પછી ક્રેત ટાપુના ધર્મસંઘની જવાબદારી તિતસને સોંપવામાં આવી હતી. ક્રેત ભૂમધ્ય સમુદ્રનો સૌથી મોટો ટાપુ છે.

તિતસ પરના પત્રમાં પાઉલની શિખામણ સ્પષ્ટ છે. એક, તિતસે ક્રેતના ધર્મસંઘ અને એને લગતી બધી બાબતોની વ્યવસ્થા સંભાળવાની છે. બે, ક્રેતના દરેક શહેરમાં ધર્માધિકારીઓને દીક્ષા આપીને નિમણૂક કરવાની છે. ત્રણ, નકામી ચર્ચાવિચારણામાં સમયનો વ્યય કરવાને બદલે ધર્મસંઘને સદાચારનો ઉપદેશ આપવા સાથે સૌને સત્કર્મોમાં મંડ્યા રહેવાનો ઉપદેશ પણ આપવાનો છે. છેલ્લે, તિતસે એ પણ જોવું જોઈએ કે સત્તાવાળાઓ અને ઉપરીઓને યોગ્ય આદરમાન આપવામાં આવે.

ઇતિહાસકાર યુસેબિયસના જણાવ્યા મુજબ તિતસ ક્રેતના પ્રથમ ધર્માધ્યક્ષ બન્યા હતા. પારંપરિક માન્યતા મુજબ તિતસ છેક ૯૩ વર્ષની વય સુધી ક્રેતમાં રહ્યા હતા અને ત્યાં જ મૃત્યુ પામ્યા હતા. લૅટિન ઉપાસનાવિધિ મુજબ દર વર્ષે ફેબ્રુઆરીની ૬ તારીખે તિતસનો તહેવાર મનાવવામાં આવે છે.

૯૫. અપાફ્રોદિતસ અને એપાફ્રાસ

આ બંને પાત્રો એપાફ્રાસ અને અપાફ્રોદિતસ વચ્ચે ખૂબ સામ્ય છે. બાઇબલના પંડિત અને કોશકાર જોન. એલ. મેકેન્ઝી 'ડિક્સનરી ઑફ ધ બાઇબલ'માં કહે છે કે, 'ગ્રીક (નામ) અપાફ્રોદિતસનું ટૂંકાવેલું ગ્રીક રૂપ છે એપાફ્રાસ. ઘણુંખરું બંને નામો એક જ વ્યક્તિનાં હશે' (પૃ. ૨૩૯).

બીજા બે બાઇબલના નિષ્ણાતો હેરબર્ટ લૉકિયર અને રોનાલ્ડ બાઉનરિગ બંનેને બે ભિન્ન વ્યક્તિઓ ગણે છે. એમનાં નામો વચ્ચેનું સામ્ય અને પાઉલ સાથેના એમના સંબંધને બાદ કરીએ તો બન્નેને એક જ વ્યક્તિ ગણવા માટે કોઈ જ પુરાવો નથી. અહીં આપણે એમને બે અલગ વ્યક્તિઓ તરીકે ઓળખવા મથીએ.

અપાફ્રોદિતસ, મારો ધર્મબંધુ

ગ્રીક નામ અપાફ્રોદિતસનો અર્થ 'અતિ સુંદર', 'દેખાવડો' કે 'આકર્ષક' થાય છે. જયારે પાઉલ રોમન કારાગૃહમાં હતા ત્યારે પાઉલ અને ફિલિપ્પીના ધર્મસંઘ વચ્ચેના વિશ્વાસુ સંદેશાવાહક હતા અપાફ્રોદિતસ. પાઉલે એમને પોતાના ધર્મબંધુ અને સહકાર્યકર તરીકે ઓળખાવ્યા છે એક, લાંબા ફકરામાં ફિલિપ્પીના ખ્રિસ્તીઓને પાઉલે અપાફ્રોદિતસ વિષે લખ્યું છે.

'મને એમ પણ લાગ્યું કે મારે મારા ધર્મબંધુ, સહકાર્યકર અને ધર્મસંગ્રામના સાથી અપાફ્રોદિતસને, જેને તમે મારી પરિચર્યા માટે મોકલ્યો હતો, તેને તમારી પાસે પાછો મોકલવો જોઈએ. કારણ, એ તમારા બધા વગર સોર્યા કરે છે; અને એ માંદો છે એવા સમાચાર તમને મળ્યા છે, તેથી એનો જીવ ઊંચો રહે છે. સાચે જ, એ માંદો થયો હતો અને મરવા પડ્યો હતો, પણ પરમેશ્વરે એના ઉપર દયા કરી. એકલા એના ઉપર જ નહીં, મારા ઉપર પણ દયા કરી અને મને ઉપરાઉપરી શોકમાંથી ઉગારી લીધો. એટલે, હું એને મોકલવાને વધારે આતુર છું, જેથી એને પાછો જોઈને તમને આનંદ થાય, અને મારી ચિંતા ઓછી થાય. એટલે, એને પ્રભુને નામે હર્ષભેર વધાવી લેજો. એના જેવા માણસોને તમારે માન આપવું જોઈએ, કારણ, ખ્રિસ્તના કાર્યને ખાતર, અને મારી પરિચર્યામાં તમારી ખોટ ન વરતાય એ માટે, પોતાના જીવનને હોડમાં મૂકીને ઠેઠ મૃત્યુના મુખમાં પહોંચી ગયો હતો' (ફિલિપ્પી ૨, ૨૫-૩૦).

યુરોપમાં મકદોનિયા પ્રાન્તમાં પાઉલે સૌ પ્રથમ ફિલિપ્પીમાં ધર્મસંઘની સ્થાપના કરી હતી. પાઉલને મુશ્કેલી પડી ત્યારે ફિલિપ્પીના ધર્મસંઘે મદદ કરી હતી. ફિલિપ્પીના ધર્મસંઘ પરનો પત્ર લખવાનો પાઉલનો હેતુ જ ત્યાંના ખ્રિસ્તીઓએ અપાફ્રોદિતસ દ્વારા મોકલેલી મદદ માટે તેઓનો આભાર માનવાનો છે.

ફિલિપ્પીમાંથી પાઉલને મદદ પહોંચાડીને એમની સેવાચાકરી કરવા માટે અપાફ્રોદિતસ પાઉલ સાથે કારાવાસમાં રહ્યા હશે. પાઉલ સાથે હતા ત્યારે અપાફ્રોદિતસ ખૂબ માંદા પડ્યા અને માંડમાંડ મૃત્યુના મોંમાંથી બચી ગયા. એટલે અપાફ્રોદિતસને પરત

મોકલતાં એમની સાથે પાઉલ ફિલિપ્પીના ધર્મસંઘ પરનો પત્ર લખી મોકલે છે.

પાઉલ પોતાના પત્રને અંતે ફિલિપ્પીના ખ્રિસ્તીઓએ જરૂરના સમયે આર્થિક મદદ મોકલવામાં બતાવેલી ઉદારતાની કદર કરી આભાર માને છે.

'વળી, તમે ફિલિપ્પીવાસીઓ પણ જાણો છો કે, શુભસંદેશના પ્રચારના પ્રારંભના દિવસોમાં જ્યારે હું મકદોનિયાથી નીકળ્યો ત્યારે તમારા સિવાય કોઈ સંઘે મને કશી આર્થિક મદદ કરી નહોતી. હું થેસ્સલોનિકા હતો ત્યારે સુધ્ધાં તમે એક નહીં પણ બબ્બે વાર મદદ મોકલી હતી. મને દાનની લાલસા નથી, પણ તમારે ખાતે વધુ પુણ્યનું ફળ જમા થાય એમ ઇચ્છું છું. મારી પાસે બધું છે, અને જરૂર કરતાં વધારે છે; તમે અપાફ્રોદિતસ મારફતે જે ભેટ મોકલી હતી તેનાથી હું તૃપ્ત થયો છું. એ મીઠી સૌરભભરી આહુતિ છે, જેને ઈશ્વર પ્રસન્ન થઈ સ્વીકારે' (ફિલિપ્પી ૪, ૧૫-૧૮).

પાઉલના પત્રમાં એમણે કરેલી વાત સ્પષ્ટ કરે છે કે અપાફ્રોદિતસ પાઉલ માટે એક પ્રેમાળ સાથીદાર અને નિષ્ઠાવાન સેવક હતા.

ખ્રિસ્તનો બંદો - એપાફ્રાસ

પાઉલે કલોસ્સના ધર્મસંઘ પરના પત્રમાં એપાફ્રાસને ખ્રિસ્તનો બંદો અને વફાદાર સેવક તરીકે ઓળખાવ્યા છે. એપાફ્રાસ રોમમાં પાઉલને મળવા માટે પહોંચી ગયા હતા. તે પહેલાં પાઉલના સાથીદાર અને સહકાર્યકર તરીકે એપાફ્રાસે કલોસ્સામાં ઈસુ ખ્રિસ્તના શુભસંદેશનો પ્રચાર-ફેલાવ કર્યો હતો. એ વાતની યાદ કરાવતાં પાઉલ કલોસ્સાના ખ્રિસ્તીઓને લખે છે, 'ખ્રિસ્ત ઈસુ વિશે તમારી શ્રદ્ધા અને સૌ પુણ્યજનો પ્રત્યેની તમારી પ્રીતિની વાત અમે સાંભળી છે. અને એના મૂળમાં તમારે માટે સ્વર્ગમાં સંચેલાં વરદાનોની આશા છે; એ આશા વિશે, સત્યની વાણીરૂપ શુભસંદેશ ત્યાં આવ્યો, ત્યારે તમે સાંભળ્યું હતું.' (કલોસ્સા ૧, ૪-૫).

પાઉલ પોતાના પત્રમાં એપાફ્રાસને 'ખ્રિસ્તનો બંદો' અને 'વફાદાર સેવક' કહીને કલોસ્સાના ખ્રિસ્તીઓને કહે છે કે એપાફ્રાસે એમને ત્યાંના ખ્રિસ્તીઓની શ્રદ્ધા વિશે તેમ જ પવિત્ર આત્માએ પ્રેરેલા તેમના પ્રેમ વિશે પણ સમાચાર સંભળાવ્યા છે.

'ઈશ્વરની કૃપાનું એ સાચું સ્વરૂપ તમને સમજાવનાર અમારો વહાલો એપાફ્રાસ હતો, જે અમારી સાથે ખ્રિસ્તનો બંદો છે, અને તમારી ખાતર તેમનો વફાદાર સેવક છે; અને એણે જ અમને પવિત્ર આત્માએ પ્રેરેલા તમારા પ્રેમના સમાચાર સંભળાવ્યા છે.' (કલોસ્સા ૧, ૭-૮).

પાઉલના પત્રમાંથી આપણે જાણીએ છીએ કે એપાફ્રાસ એક પ્રાર્થનાપરાયણ ખ્રિસ્તના બંદા છે. કલોસ્સાના પત્રને અંતે પાઉલ ત્યાંના ખ્રિસ્તીઓને એપાફ્રાસનું વંદન લખાવે છે. 'તમારામાંનો જ એક ખ્રિસ્તનો બંદો એપાફ્રાસ તમને વંદન લખાવે છે અને તમારે માટે દિલોજાનથી પ્રાર્થના કરે છે, જેથી તમે શ્રદ્ધામાં પરિપકવ અને પૂર્ણ બનો અને ઈશ્વરની બધી ઇચ્છાઓનો પૂરેપૂરો અમલ કરો તમારે ખાતર અને લાવદિકિયા અને યરાપોલિયાના વતનીઓ માટે એ ખૂબ જહેમત ઉઠાવે છે એનો હું સાક્ષી છું' (કલોસ્સા ૪, ૧૨-૧૩).

પાઉલે પોતાના પત્ર સાથે એપાફ્રાસને કલોસ્સા પરત મોકલ્યા તે પહેલાં એપાફ્રાસ પણ પાઉલની સાથે પાઉલના જેવા કેદી હતા એવું લાગે છે. પાઉલે ફિલેમોન પરના પોતાના પત્રમાં એપાફ્રાસને માટે 'મારા જેવો જ ખ્રિસ્ત ઈસુનો બંદો એપાફ્રાસ' એવો

શબ્દપ્રયોગ કર્યો છે.

ફિલેમોનના પત્રને અંતે આપણે વાંચીએ: ‘મારા જેવો જ ખ્રિસ્ત ઈસુનો બંદો એપાફ્રાસ, તેમ જ મારા સહકાર્યકરો માર્ક, આરિસ્તાર્ખસ, દેમાસ અને લૂક પણ તમને વંદન પાઠવે છે’ (ફિલેમોન ૪, ૨૩-૨૪).

એપાફ્રાસને આપણે બીજાને માટે પ્રાર્થના અને કામ કરનાર પરગજુ શિષ્ય તરીકે ઓળખી શકીએ.

૯૬. ધર્મસંગ્રામના સાથીઓ તુખિક્સ અને આર્ખિપસ

વફાદાર સાથી તુખિક્સ

તુખિકસ નામનો અર્થ થાય છે નસીબદાર કે દૈવાધીન. ખરેખર નવા કરારમાં તુખિકસ એક નસીબદાર પાત્ર છે. પાઉલે કલોસ્સાના ધર્મસંઘ પરના પોતાના પત્રમાં તુખિકસને 'વફાદાર સાથી' તથા 'અમારા જેવા જ પ્રભુના બંદા' કહ્યા છે. (જુઓ કલોસ્સા ૪, ૭).

નવા કરારનાં પુસ્તકોમાં તુખિકસનું નામ 'પ્રેષિતોનાં ચરિતો'માં તેમ જ પાઉલના ચાર પત્રોમાં - એટલે કે એફેસસ અને કલોસ્સાના ધર્મસંઘો પરના પત્રોમાં તથા તિમોથી અને તિતસ પરના પત્રોમાં - આવે છે.

બાઇબલના પંડિત રોનાલ્ડ બ્રાઉનરિગે 'હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ'માં તુખિકસને એફેસસના ધર્માંતર પામેલા માનવ તરીકે અને આશિયામાંથી પાઉલને અનુસરવા માટે પસંદ કરેલી બે વ્યક્તિઓમાંથી એક તરીકે વર્ણવ્યો છે. ભૂમધ્ય સમુદ્ર પાસેના જુદા જુદા ખ્રિસ્તી ધર્મસંઘો પાસેથી ગરીબો માટે ઉઘરાવેલ રાહત લઈને પાઉલ સાથે જવા માટે તુખિકસની પસંદગી થઈ હતી. (પૃ. ૨૭૯).

તુખિકસનો ઉલ્લેખ સૌપ્રથમ 'પ્રેષિતોનાં ચરિતો'માં મળે છે. ગ્રીસથી પાઉલ સાથે યરુશાલેમ જવા માટે સાત સાથીદારોને પસંદ કરવામાં આવ્યા હતા. એમાં આશિયાના તુખિકસ અને ત્રોફિમસ હતા. (પ્રે. ચ. ૨૦, ૫).

એફેસસના ધર્મસંઘ પરના પત્રમાં પાઉલ તુખિકસને વહાલા ધર્મબંધુ અને વફાદાર સહાયક તરીકે ઓળખાવે છે. પાઉલને ખાતરી છે કે તુખિકસ એક વફાદાર સાથીદાર અને કાર્યક્ષમ શિષ્ય તરીકે પોતાના સમાચાર અને સંદેશ એફેસસના લોકોને યોગ્ય રીતે પહોંચાડશે.

એફેસસના ધર્મસંઘ પરના પત્રના અંતે પાઉલ લખે છે: 'તમને મારા અને મારી પ્રવૃત્તિના સમાચાર મળે એટલા માટે વહાલા ધર્મબંધુ અને પ્રભુની સેવામાં મારા વફાદાર સહાયક તુખિકસને મોકલું છું. તે તમને મારા સમાચાર જણાવશે, અને તમારા મનને પ્રોત્સાહન આપશે.' (એફે. ૬, ૨૧-૨૨).

પાઉલે સોંપેલું કામ તુખિકસે એફેસસમાં ખૂબ સારી રીતે કર્યું છે. એટલે પાઉલ એવું જ મિશનકાર્ય ફરી વાર તુખિકસને સોંપે છે. એફેસસ ધર્મસંઘ પરના પત્રની જેમ રોમના કારાવાસમાં રહીને પાઉલ કલોસ્સાના ધર્મસંઘ પર પત્ર લખે છે અને એ પત્ર અને પોતાના સમાચાર કલોસ્સા પહોંચાડવા માટે તુખિકસને મોકલે છે. કલોસ્સાના ધર્મસંઘ પરના પત્રના અંતે શુભેચ્છા અને વિદાયમાં પાઉલ લખે છે, 'મારા બધા સમાચાર તમને અમારા વહાલા ધર્મબંધુ, વફાદાર સાથી અને અમારા જેવા જ પ્રભુના બંદા તુખિકસ પાસેથી મળશે. મેં એને ખાસ એટલા માટે જ મોકલ્યો છે કે તમને અમારા સમાચાર જણાવી હિંમત આપે.' (કલોસ્સા ૪, ૭-૮).

કલોસ્સાના પત્રમાં પણ પાઉલ પોતાનો પૂરો ભરોસો તુખિકસમાં મૂકે છે કે તુખિકસ

બરાબર પોતાના સમાચાર આપશે અને પોતાના સંદેશનો યોગ્ય ખુલાસો પણ કરશે. એટલે પાઉલ વધુમાં લખે છે કે, 'એની (તુખિકસ) સાથે અમારો વિશ્વાસુ અને વહાલા ધર્મબંધુ ઓનેસિમસ આવે છે, જે તમારામાંનો જ એક છે. એ લોકો તમને અહીંના બધા સમાચાર જણાવશે.' (કલોસ્સા ૪,૯).

બાઇબલના પંડિતો માને છે કે એફેસસના ધર્મસંઘ પરનો પત્ર તેમ જ કલોસ્સાના ધર્મસંઘ પરનો પત્ર પાઉલે રોમ ખાતેના તેમના પ્રથમ કારાવાસ દરમિયાન લખ્યા છે. બંને પત્રોમાં ઈસુમય જીવન અને ઈસુ દ્વારા એકતા એવું પાઉલનું સૈદ્ધાંતિક શિક્ષણ છે. એ જ રીતે અસત્ય અને અનિષ્ઠોથી દૂર રહેવાની પાઉલની ચેતવણી પણ છે.

બાઇબલના નિષ્ણાતો માને છે કે પાઉલે તુખિકસને આવા સંદેશો અને પત્રો પહોંચાડવા માટે મોકલ્યા હશે. તુખિકસ પાઉલના વફાદાર સાથીદાર તરીકે આશિયાના જુદા જુદા ધર્મસંઘોમાં જાણીતા થયા હશે. એટલે જ પાઉલે તિમોથી પરના બીજા પત્રમાં તુખિકસની વાત કરી છે કે, 'તુખિકસને મેં એફેસસ મોકલી આપ્યો છે.' (૨ તિમોથી ૪, ૧૨).

છેલ્લે, તુખિકસ વિશે બાઇબલના પંડિત બ્રાઉનરિગે કરેલી વાત નોંધપાત્ર છે. તેમણે આશિયાના ધર્મસંઘોના ઇતિહાસમાં તુખિકસને શાંત પણ ચાવીરૂપ પાત્ર કહ્યું છે. એટલે જ તુખિકસને ધર્મસંઘની શિલારૂપ પાત્ર ગણવામાં આવ્યું છે. (જુઓ, હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ પૃ. ૨૮૦).

ધર્મસંગ્રામમાં સાથી આર્ખિપસ

આર્ખિપસ અંગે નવા કરારમાં આપણને ફક્ત બે જ ઉલ્લેખ મળે છે. પ્રથમ ઉલ્લેખ કલોસ્સાના ધર્મસંઘ પરના પાઉલના પત્ર દ્વારા આર્ખિપસને ચોક્કસ સંદેશ પહોંચાડવાનો આદેશ છે. 'આર્ખિપસને એટલું જ કહેજો કે, પ્રભુએ તેને જે કાર્ય સોંપેલું છે તેના ઉપર ધ્યાન રાખે અને તેને પાર ઉતારે.' (કલોસ્સા ૪, ૧૭). બીજો ઉલ્લેખ ફિલેમોન પ્રત્યેના પાઉલના પત્રમાં છે. એ પત્રમાં પાઉલે આર્ખિપસને 'ધર્મસંગ્રામમાં અમારા સાથી' (ફિલેમોન ૨) કહ્યું છે.

આ બંને ઉલ્લેખો આર્ખિપસ અંગે ખાસ કશુંય કહેતા નથી. એમના કુટુંબકબીલા વિશે કોઈ માહિતી આપતા નથી. પરંતુ બંને પત્રોમાં આર્ખિપસના કરેલા ઉલ્લેખના સંદર્ભમાં આપણે આર્ખિપસ વિશે થોડો ખ્યાલ બાંધી શકીએ.

પાઉલે આર્ખિપસને 'ધર્મસંગ્રામમાં અમારા સાથી' કહ્યા છે. મતલબ છે કે પાઉલ અને આર્ખિપસે ખ્રિસ્તી ધર્મના પ્રચાર-ફેલાવ માટે સાથે કામ કર્યું છે. તેઓ ઈસુના સંદેશની ઘોષણા કરવામાં પાઉલના સહકાર્યકર રહ્યા છે. કદાચ, પાઉલે આર્ખિપસને કલોસ્સાના ધર્મસંઘની દેખરેખ રાખવાની જવાબદારી સોંપી હોય એ શક્ય છે.

પાઉલ આર્ખિપસને બરાબર ઓળખતા હતા અને એમને કોઈ ચોક્કસ કામ સોંપવામાં આવ્યું હતું. એટલે જ કલોસ્સાના પત્રમાં પાઉલે આર્ખિપસને ખાસ સંદેશ આપ્યો છે કે, 'પ્રભુએ તેને જે કાર્ય સોંપેલું છે તેના ઉપર ધ્યાન રાખે અને તેને પાર ઉતારે'. (કલોસ્સા ૪, ૧૭).

પાઉલે આર્ખિપસને સોંપેલું આ ચોક્કસ કામ કયું હશે? આપણે કેવળ અનુમાન જ કરી શકીએ. ધર્મસંગ્રામમાં સાથીદાર તરીકે પાઉલ લોકોને ઈસુ વિશે અને એમના અનુયાયીઓના નવા પંથ વિશે જે શિક્ષણ અને સલાહસૂચન આપતા હતા એ બધું

આર્ખિપસ સારી પેઠે જાણતા હશે.

બીજી બાજુ ઈસુના સંદેશ અને નવા ખ્રિસ્તી પંથના ધર્મશિક્ષણ અંગે પાઉલ લોકોને શીખવતા હતા તેનાથી વિપરીત શિક્ષણ આપનાર લોકો અને પાઉલના શિક્ષણનો વિરોધ કરનાર લોકો પણ હતા. એટલે પાઉલે નવા ખ્રિસ્તી પંથના અનુયાયીઓને એમણે આપેલા ધર્મશિક્ષણથી વિપરીત વાત કરનારા સામે ચેતતા રહેવા ઘણી વાર શિખામણ આપતા હશે. દાખલા તરીકે યહૂદી ધર્મ પરંપરામાંથી ઈસુના અનુયાયી બનેલા કેટલાક યહૂદી ખ્રિસ્તીઓ દૃઢપણે માનતા હતા કે મુક્તિ માટે બિનયહૂદી ખ્રિસ્તીઓએ સુન્નત કરાવવી જરૂરી છે અને યહૂદી ધાર્મિક પરંપરાના ક્રિયાકાંડો કરવા જરૂરી છે. આવા મતના લોકોનો પાઉલે સખત વિરોધ કર્યો હતો.

આવા સંદર્ભમાં આપણે અનુમાન કરી શકીએ કે ધર્મવિરોધી આગેવાનો કે પાઉલે આપેલા શિક્ષણથી વિપરીત શિક્ષણ આપનાર પાખંડી આગેવાનો સામે કલોસ્સાના ખ્રિસ્તી ધર્મજનોને સાચવવાની અને એમને સાચું માર્ગદર્શન આપવાની જવાબદારી પાઉલે આર્ખિપસને સોંપી હશે.

ફિલેમોન પ્રત્યેના પોતાના પત્રમાં પાઉલે ફિલેમોનને 'અમારા સહકાર્યકર' અને આફિયાને 'અમારી ધર્મભગિની' અને આર્ખિપસને 'ધર્મસંગ્રામમાં અમારા સાથી' કહ્યાં છે. (જુઓ ફિલેમોન ૧-૨). આ સંબોધનોમાંથી રોનાલ્ડ બ્રાઉનરિગ જેવા બાઇબલના નિષ્ણાતો તારણ કાઢે છે કે કદાચ આફિયા ફિલેમોનની પત્ની અને આર્ખિપસ ફિલેમોન અને આફિયાનું સંતાન હોઈ શકે છે.

એક વાત તો સ્પષ્ટ છે કે પાઉલને આ ત્રણેય જણ સાથે નજીકનો સંબંધ હતો. પાઉલે ફિલેમોનના ઘરે મળતા કલોસ્સાના સૌ ખ્રિસ્તીઓ સાથે પણ ઉષ્માભર્યો સંબંધ રાખ્યો છે. ઘણુંખરું પાઉલે ફિલેમોનના ઘરમાં જ સ્થાનિક ધર્મસંઘના લોકોને ધર્મશિક્ષણ આપીને એમની સાથે સંઘભોજનમાં ભાગ લીધો હશે અને એમાં આર્ખિપસ હંમેશાં પાઉલના સહકાર્યકર કે સાથી રહ્યા હશે. એટલે કલોસ્સાથી વિદાય લેતાં પહેલાં પાઉલે ત્યાંના સ્થાનિક ધર્મસંઘની દેખરેખની જવાબદારી આર્ખિપસને સોંપી હોય એવું અનુમાન કરી શકાય.

૯૭. દેમાસ - સંસારને વહાલો કરનાર સહકાર્યકર

દેમાસ નામનો અર્થ થાય છે 'લોકપ્રિય'. દેમાસ સંત પાઉલના સહકાર્યકર અને સાથીદાર હતા. એમનો પાઉલના ત્રણ પત્રોમાં ઉલ્લેખ થયો છે.

કલોસ્સાના ધર્મસંઘ પર પાઉલના પત્રમાં પાઉલ પોતાના વહાલા વૈદ્ય લૂક સાથે લોકોને દેમાસનું પણ વંદન પાઠવે છે. 'વહાલા વૈદ્ય લૂક અને દેમાસ પણ તમને વંદન લખાવે છે.' (કલોસ્સા ૪, ૧૪).

ફિલેમોન પરના પોતાના પત્રમાં પાઉલ માર્ક, લૂક જેવા સહકાર્યકરો સાથે ફિલેમોનને દેમાસનું વંદન મોકલે છે. 'મારા જેવો જ ખ્રિસ્ત ઈસુનો બંદો એપાફ્રાસ, તેમ જ મારા સહકાર્યકર માર્ક, આરિસ્તારખસ, દેમાસ અને લૂક પણ તમને વંદન પાઠવે છે.' (ફિલેમોન ૨૩-૨૪).

છેલ્લે તિમોથી પરના બીજા પત્રમાં પાઉલે દેમાસ પોતાને છોડી ગયાની વાત કરી છે. પાઉલ તિમોથીને લખે છે, 'મારી પાસે જલદી આવી પહોંચવા પ્રયત્ન કરજે, કારણ, દેમાસ આ સંસારને વહાલો કરી મને છોડીને થેસ્સલોનિકા ચાલ્યો ગયો છે, અને તિતસ દલ્મતિયા ઊપડી ગયો છે.' (૨ તિમોથી ૪, ૯-૧૦).

સંત પાઉલ ફિલિપ્પીના ધર્મસંઘ પરના પત્રમાં તિમોથીના 'મારી સાથે એકજીવ થઈ ગયેલા અને નીવડેલા સેવક' તરીકે વખાણ કરે છે. પાઉલ લખે છે, 'મારી સાથે એકજીવ થઈ ગયેલો એના જેવો મારી પાસે બીજો કોઈ નથી, જેને તમારા હિતની સાચી ચિંતા હોય' અને વધુમાં ઉમેરે છે, 'સૌ સ્વાર્થનાં સગાં છે, કોઈને ઈસુ ખ્રિસ્તની પડી નથી.' (ફિલિપ્પી ૨, ૨૦-૨૧).

દેમાસ પાઉલ સાથે રોમમાં લાંબો સમય રહ્યા હતા. ઉપરોક્ત 'સ્વાર્થના સગા'નું વર્ણન દેમાસને લાગુ પડે છે? રોમમાં દેમાસ પાઉલ સાથે વફાદાર અને વિશ્વાસપાત્ર રહ્યા હતા? આપણને ચોક્કસ ખબર નથી.

છતાં દેમાસ વિશે કેટલીક બાબતો આપણે કલ્પી શકીએ છીએ. દેમાસ થેસ્સલોનિકા પાછા ફર્યા હતા. એથી આપણે માની શકીએ કે દેમાસ થેસ્સલોનિકાના વતની હશે. જ્યારે પાઉલે ઉત્તર ગ્રીસમાં આવેલા થેસ્સલોનિકા શહેરમાં ઈસ્વીસન ૫૦ની આસપાસ શુભસંદેશનો પ્રચાર કર્યો. (પ્રે. ચ. ૧૭, ૧-૯) ત્યારે ઘણા ગ્રીકો અને યહૂદીઓની જેમ દેમાસે પણ શુભસંદેશનો સ્વીકાર કર્યો હશે. એટલું જ નહીં, પણ ઉત્સાહ અને ધગશથી પાઉલના શિષ્ય બનીને તેમની સાથે રોમ પહોંચ્યા હશે. પાઉલને રોમના ખાસ કેદખાનામાં કે ઘરની કેદમાં જોઈને દેમાસને ખ્યાલ આવ્યો હશે કે ઈસુને અનુસરવામાં ક્રૂસ ઊંચકવો પડશે અને દેમાસ આ અઘરો પંથ પોતાને માટે નથી, એમ માનીને પાઉલને છોડીને પોતાના વતન ચાલ્યા ગયા હશે.

અહીં આપણે દેમાસને નવા ખ્રિસ્તી બનેલા માનવ સાથે સરખાવી શકીએ. નવા અપનાવેલા ધર્મમાંથી કંઈક ફાયદો ઉઠાવી શકીએ ત્યાં સુધી તેને અનુસરવામાં કોઈ વાંધો નથી. પરંતુ મુશ્કેલીઓ અને વિટંબણાઓનો સામનો કરવાનો હોય ત્યારે નવા અપનાવેલા

ધર્મને તરછોડીને પોતાના જૂના ધર્મમાં પાછા ચાલ્યા જઈએ. દેમાસને લાગતી હકીકતનો સામનો કરતાં પાઉલ દુ:ખી થઈને તિમોથી પરના બીજા પત્રમાં લખે છે 'દેમાસ આ સંસારને વહાલો કરી મને છોડીને થેસ્સલોનિકા ચાલ્યો ગયો છે.' (૨ તિમોથી ૪, ૧૦).

'દેમાસે આ સંસારને વહાલો કર્યો છે' એમ કહેવામાં પાઉલનો મતલબ શું છે? જેરોમ બિબ્લિકલ કોમૅન્ટરી આ અંગે નોંધે છે, 'દેમાસે ખ્રિસ્તી ધર્મને તજ્યો છે. એટલે રોમમાં દેમાસે પાઉલને તરછોડીને પોતાના કોઈક ધંધામાં ઝંપલાવ્યું હશે અથવા પોતાની સુરક્ષા અને એશઆરામને વહાલાં ગણ્યાં હશે.'

૯૮. દાદી લોઇસ અને મા યુનિકે

બાઇબલમાં ઘણી દાદીઓની વાત આવે છે. પરંતુ દાદી શબ્દ સાથે ફક્ત એક જ સ્ત્રીપાત્ર જોડવામાં આવ્યું છે. તે છે પાઉલના શિષ્ય તિમોથીની દાદીમા 'દાદી લોઈસ'. તિમોથી પર પાઉલના બીજા પત્રમાં પાઉલ લખે છે, 'મને તારી નિર્વ્યાજ શ્રદ્ધાનું સ્મરણ થાય છે, જે તારી પહેલાં તારી દાદી લોઈસમાં અને તારી મા યુનિકેમાં વસતી હતી અને મને ખાતરી છે કે, તારામાં પણ વસે છે.' (૨ તિમોથી ૧, ૫).

ઉપરોક્ત કડીમાં નામ સાથે આપણને તિમોથીની મા અને દાદીનો ઉલ્લેખ મળે છે. પાઉલ કહે છે તેમ, તિમોથીને એમની મા અને દાદી પાસેથી વારસામાં નિર્વ્યાજ શ્રદ્ધા મળી છે.

'પ્રેષિતોનાં ચરિતો' અને પાઉલના 'તિમોથી પરના બીજા પત્ર'માંથી આપણને જાણવા મળે છે કે, પાઉલ તિમોથીના કુટુંબને બરાબર ઓળખતા હતા. બાઇબલના પંડિતો માને છે કે, કદાચ પાઉલ ઈસ્વીસન ૪૬માં પ્રથમ વાર બાર્નાબાસ સાથે લુસ્ત્રા ગયા હતા ત્યારે તેમણે તિમોથીના કુટુંબને યહૂદી ધર્મમાંથી ઈસુનું અનુયાયી બનવા પ્રેર્યું હશે. (પ્રે. ચ. ૧૪, ૮-૨૦).

તિમોથીની મા યુનિકે અને દાદી લોઈસ અંગે નવા કરારમાં જૂજ માહિતી મળે છે. યુનિકે યહૂદી હોવા છતાં તેમનું નામ ગ્રીક છે. ગ્રીક ભાષામાં 'યુનિકે' નામનો અર્થ 'સારી રીતે પ્રભુત્વ કે ફતેહ મેળવનાર' થાય છે. પાઉલ જણાવે છે તેમ યુનિકે લોઈસની દીકરી હતી. 'લોઈસ' નામ પણ ગ્રીક હોવા છતાં તે પણ યહૂદી છે. પરંતુ યુનિકેના પતિ કે લોઈસના પતિ વિશે પાઉલના પત્રોમાં કે સમગ્ર નવા કરારમાં કોઈ ઉલ્લેખ નથી. કદાચ પાઉલ લોઈસ અને યુનિકેના કુટુંબના સંપર્કમાં આવ્યા ત્યાં સુધીમાં લોઈસના પતિ અને યુનિકેના પતિનું મૃત્યુ થયું હશે. યુનિકે અને લોઈસ મૂળ યહૂદીઓ છે પણ યુનિકેના પતિ યહૂદી નહોતા પણ ગ્રીક હતા. લૂક આપણને જણાવે છે કે પાઉલ અને સિલાસ લુસ્ત્રા ગયા હતા. 'ત્યાં તિમોથી નામે એક શિષ્ય હતો. તેની મા ઈસુને માનનાર યહૂદી હતી, પણ બાપ ગ્રીક હતો.' (પ્રે. ચ. ૧૬, ૧).

લૂક આગળ નોંધે છે તેમ લુસ્ત્રા અને ઇકોનિયાના ધર્મબંધુઓમાં તિમોથીનું સારું માન હતું. એટલે તિમોથી પોતાની સાથે આવે તેમ પાઉલ ઇચ્છતો હતો. 'પણ એનો બાપ ગ્રીક હતો એ બધા જાણતા હતા એટલે એ પ્રદેશના યહૂદીઓને ખાતર પાઉલે તેની સુન્નત કરાવી.' (પ્રે. ચ. ૧૬, ૨-૩).

તિમોથીનો બાપ ગ્રીક હોવા છતાં તિમોથીને એમની મા અને દાદી તરફથી એમના મૂળ યહૂદી ધર્મનું તેમ જ યહૂદી ધર્મગ્રંથ જૂના કરારનું ઉત્તમ ધર્મશિક્ષણ મળ્યું છે. પાઉલે એની કદર કરી છે. પાઉલ માનતા હતા અને તે મુજબ લખે પણ છે કે, 'વિધર્મી પતિ તેની પત્ની મારફતે પવિત્ર થઈ જાય છે, અને વિધર્મી પત્ની તેના ખ્રિસ્તી પતિ મારફતે પવિત્ર થઈ જાય છે. એમ જો ન હોત તો તમારાં બાળકો અપવિત્ર રહેત, પણ ખરું જોતાં તેઓ પવિત્ર છે' (૧ કરિંથ ૭, ૧૪). કદાચ એક ગ્રીકને પરણેલી યહૂદી ધર્મ પાળતી યુનિકે તેમની

મા લોઈસ તથા યુનિકેના ધર્મિષ્ઠ દીકરા તિમોથીના ધાર્મિક જીવનથી પ્રભાવિત થઈને પાઉલ ઉપરોક્ત તારણ પર આવ્યા હશે અને કરિંથના લોકોને પત્રમાં એ મુજબ લખ્યું.

પાઉલ તિમોથીને યાદ દેવડાવે છે કે, 'છેક બાળપણથી તને પવિત્ર ધર્મશાસ્રનો પરિચય થયેલો છે, જે તને ખ્રિસ્ત ઈસુ ઉપરની શ્રદ્ધા દ્વારા મુક્તિ તરફ લઈ જનારું જ્ઞાન આપવાને સમર્થ છે.' (૨ તિમોથી ૩, ૧૫).

અહીં પાઉલે 'ધર્મ શ્રદ્ધાને નાતે પોતાના સાચા પુત્ર' (૧ તિમોથી ૧, ૧) બનેલા તિમોથીને બાળપણના ધાર્મિક ઘડતરની યાદ અપાવી છે. આ રીતે પાઉલે તિમોથીની મા યુનિકે અને દાદી લોઈસના ધર્મશાસ્રપ્રેરિત ધાર્મિક જીવનની કદર કરી છે.

'પ્રેષિતોનાં ચરિતો'માં લૂકે સ્પષ્ટપણે કહ્યું છે કે તિમોથીની 'મા ઈસુને માનનાર યહૂદી હતી, પણ બાપ ગ્રીક હતો.' (પ્રે. ચ. ૧૬, ૧). પાઉલના તિમોથી પરના બીજા પત્રમાંથી આપણે જાણીએ છીએ કે તિમોથીનાં દાદી એટલે મા યુનિકેની મા લોઈસ પણ ખ્રિસ્તી હતાં.

તિમોથીના પિતા ગ્રીક હોવા છતાં એમની યહૂદી માતા યુનિકે અને દાદી લોઈસે તેમને યહૂદી ધર્મમાં તેમ જ યહૂદી બાઇબલ એટલે જૂના કરારના શિક્ષણમાં ઉછેર્યા છે. પછીથી ત્રણેય જણ પાઉલનાં પ્રેર્યાં ઈસુનાં અનુયાયીઓ બન્યાં હશે. એટલે પાઉલે બીજી વાર લુસ્રાની મુલાકાત લીધી ત્યારે પોતાના મિશનરી કામમાં સાથીદાર બનવા માટે તિમોથીને પસંદ કર્યા તેથી એમની મા યુનિકે અને એમની દાદી લોઈસ ખૂબ ખૂબ ખુશ થયાં હશે.

૯૯. ઓનોસિફરસ, પાઉલનો વફાદાર મિત્ર

આપણે ઓનોસિફરસ વિશે સંત પાઉલના તિમોથી પરના બીજા પત્રમાંથી જાણીએ છીએ. એ પત્રમાં પાઉલ લખે છે: 'ઓનોસિફરસના કુટુંબ ઉપર પ્રભુ દયા કરો, કારણ, એણે ઘણી વાર મારામાં ફરી ઉત્સાહ પ્રેર્યો છે; મારી જંજીરોથી એ શરમાતો નથી, બલકે, એ રોમ આવ્યો ત્યારે એણે શોધી શોધીને મારો પત્તો મેળવ્યો હતો. પ્રભુ કરે ને એને તે દિવસે પ્રભુની કૃપા મળી રહે. એફેસસમાં એણે મારી કેવી સેવા કરી હતી એ તું સારી પેઠે જાણે છે.' (૨ તિમોથી ૧, ૧૬-૧૮).

આ ટૂંકા વર્ણનથી આપણે ઓનોસિફરસ વિશે, એમના કુટુંબ પર પાઉલના આશીર્વાદ વિશે, તથા એમના કુટુંબ માટે પાઉલની પ્રાર્થના વિશે સારી પેઠે જાણી શકીએ છીએ. પાઉલનું વર્ણન બતાવે છે કે ઓનોસિફરસ પાઉલના એક વફાદાર અને મદદરૂપ મિત્ર હતા. પાઉલની સેવા કરવામાં તેમણે કશું બાકી રાખ્યું નહોતું. બંધનમાં રહેતા પાઉલમાં ઉત્સાહ પ્રેરે એવા એમનાં વાણીવર્તન હતાં.

ઓનોસિફરસની સેવાચાકરીથી પાઉલ ખૂબ પ્રભાવિત થયા છે. એ જ પત્રને અંતે પાઉલ ઓનોસિફરસના કુટુંબને સલામ પાઠવે છે: 'અને ઓનોસિફરસનાં કુટુંબીજનોને વંદન કહેજો.' (૨ તિમોથી ૪, ૧૯). અહીં ઓનોસિફરસનાં કુટુંબીજનોને સલામ પાઠવવાથી આપણે માની લઈએ કે ઓનોસિફરસ કાં તો હજી પાઉલની સેવામાં અથવા ઓનોસિફરસ મૃત્યુને શરણે થયા છે.

બાઇબલનાં પાત્રો વિશેના પોતાના પુસ્તકમાં બાઇબલના પંડિત હેરબર્ટ લોકિયર ઓનોસિફરસના સ્વભવાની ચાર લાક્ષણિકતાઓ તરફ આપણું ધ્યાન દોરે છે. એક, ઓનોસિફરસ એક ખૂબ ઉત્સાહી માનવ હતા. પાઉલ એમના વિશે સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, 'એણે ઘણી વાર મારામાં ફરી ઉત્સાહ પ્રેર્યો છે.' કેદખાનામાં કે ઘરના બંધનમાં પડેલા પાઉલ માટે ઓનોસિફરસ જેવા ઉત્સાહી અને નિષ્ઠાવાન મિત્ર મળે તે ખરેખર જીવનમાં પ્રેરણા અને પ્રોત્સાહન રેડે છે. પાઉલ આ મિત્રની ખૂબ કદર કરે છે.

બે, ઓનોસિફરસ પાઉલનાં બંધન અને દુઃખમાં પાઉલની સાથે એક બન્યા છે. એટલે પાઉલ એમના વિશે લખે છે કે, 'મારી જંજીરોથી એ શરમાતો નથી'. એક સારા મિત્ર તરીકે ઓનોસિફરસ પાઉલની પરિસ્થિતિથી સારી પેઠે વાકેફ છે. પરિસ્થિતિનો સ્વીકાર કરીને તેઓ પાઉલ આનંદમાં રહે તે માટે પોતાનાથી બને તે બધું ઉત્સાહથી કરતા હતા. એટલે એમનાં વાણીવર્તન પાઉલ માટે પ્રેરણારૂપ અને આશ્વાસનદાયક હતાં.

ત્રણ, ઓનોસિફરસ પહેલેથી જ પાઉલના વફાદાર અને નિષ્ઠાવાન મિત્ર હતા. એટલે તેઓ રોમ પહોંચ્યા ત્યારે તેમણે પાઉલનો શોધી શોધીને પત્તો મેળવ્યો. રોમ જેવા મહાનગરમાં કોઈ માણસને શોધી કાઢવાની વાત સહેલી નથી. પણ ઓનોસિફરસ જૂના મિત્ર હોવાને નાતે રોમ પહોંચ્યા અને શોધી શોધીને પાઉલનો પત્તો મેળવીને જ જંપ્યા. અહીં આપણને પાઉલ માટેના ઓનોસિફરસના પ્રેમ અને એમની ધીરજનો ખ્યાલ આવે છે.

ચાર, ઓનોસિફરસ ખૂબ સેવાભાવી અને માયાળુ સ્વભાવના હતા. પાઉલ એમના ગુણોની કદર કરતાં એમને માટે પ્રાર્થના કરે છે કે, 'પ્રભુ કરે ને એને તે દિવસે પ્રભુની કૃપા મળી રહે. 'અગાઉ એફેસસ ખાતે પણ ઓનોસિફરસે પોતાની કેવી સેવા કરી હતી તેની પાઉલ યાદ દેવરાવે છે: 'એફેસસમાં એણે મારી કેવી સેવા કરી હતી એ તું સારી પેઠે જાણે છે.'

છેલ્લે, ઓનોસિફરસનાં કુટુંબીજનોનો ઉલ્લેખ અને એમના માટેના પાઉલના આશીર્વચન બતાવે છે કે પાઉલ ઓનોસિફરસને જ નહીં, પણ એમનાં કુટુંબીજનોને પણ સારી રીતે ઓળખતા હતા. પોતાના પ્રૈષિતિકકાર્ય દરમિયાન એફેસસ ખાતે પાઉલ ઓનોસિફરસ અને એમના કુટુંબના મહેમાન બન્યા હશે.

ઓનોસિફરસ લાંબા ગાળા સુધી પાઉલના નિષ્ઠાવાન અને સ્નેહી મિત્ર બની રહ્યા હતા અને રોમ ખાતે પાઉલની તેઓએ સંતોષપ્રદ સેવાચાકરી કરી હતી.

૧૦૦. ફિલેમોન, વહાલા સહકાર્યકર

સંત પાઉલ તરફથી વ્યક્તિગત પત્ર મેળવનાર વ્યક્તિ તરીકે ફિલેમોન નવા કરારમાં ખૂબ જાણીતું પાત્ર છે. અંગત વ્યક્તિને અંગત બાબત અંગે લખેલો પાઉલનો એકમાત્ર પત્ર તે ફિલેમોન પરનો પત્ર. એ પત્ર બાઇબલનાં અધિકૃત પુસ્તકોમાં સ્થાન પામ્યો છે. એમાં ફક્ત ૨૫ કડીઓ છે.

ફિલેમોન કલોસ્સાના ધર્મસંઘના અગ્રણી સભ્ય હતા. ધનવાન હતા. ઓનેસિમસ નામે તેમનો એક ગુલામ હતો. ઓનેસિમસ પોતાના માલિક પાસેથી ભાગી ગયો હતો. કદાચ તેણે માલિકના ઘરમાં ચોરી પણ કરી હોય. પાઉલ લખે છે, 'અને જો એણે તારું કાંઈ નુકસાન કર્યું હોય અથવા એની પાસે તારું કાંઈ લેણું હોય, તો તે મારે ખાતે ઉધારજે.' (ફિલેમોન ૧૮).

આશરાની શોધમાં ઓનેસિમસ પાઉલ પાસે પહોંચી જાય છે. પાઉલે કારાવાસમાંથી લખેલા આ પત્રથી માની શકાય છે કે ફિલેમોન પાઉલના એફેસસ કે રોમના કારાવાસમાં એમના સંપર્કમાં આવ્યા હશે.

પાઉલ પત્રની શરૂઆતમાં ફિલેમોનને 'અમારા વહાલા સહકાર્યકર ફિલેમોન' કહીને સંબોધે છે. એ જ અભિવાદનમાં પાઉલે 'અમારી ધર્મભાગિની આફિયા, અને ધર્મસંગ્રામમાં અમારા સાથી આર્ખિપસ'નો પણ ઉલ્લેખ કર્યો છે. (ફિલેમોન ૧). બાઇબલના પંડિતો માને છે કે આ બંને પાત્રો આફિયા અને આર્ખિપસ યથાક્રમે ફિલેમોનની પત્ની અને દીકરો હશે.

પત્રની બીજી કડીમાં પાઉલે ફિલેમોનના ઘરમાં નિયમિત મળતા ધર્મસંઘનો પણ ઉલ્લેખ કર્યો છે. એથી માની શકાય કે કલોસ્સાના ધર્મસંઘમાં ફિલેમોન એક ખૂબ જાણીતા અને આદરણીય વ્યક્તિ હશે.

પાઉલે ઓનેસિમસ વતી એક અંગત માગણી કરવા ફિલેમોન પર વ્યક્તિગત પત્ર લખ્યો છે. પાઉલના સંપર્કમાં આવીને ઓનેસિમસ ખ્રિસ્તી બન્યો, એટલે પાઉલ લખે છે, 'કારાવાસ દરમિયાન મને પ્રાપ્ત થયેલા પુત્રની બાબતમાં, એટલે કે ઓનેસિમસની બાબતમાં, તને વિનંતી કરું છું.' (ફિલેમોન ૧૦).

ઘણુંખરું ઓનેસિમસ પોતાના માલિક ફિલેમોનની સેવામાં હતો ત્યારે તેણે પાઉલ વિશે જાણ્યું હશે. એટલે તે ફિલેમોનને ત્યાંથી ભાગી ગયો ત્યારે પાઉલને શોધીને કારાવાસમાં જઈને મળ્યો હશે અને ઘરમાં કેદી રહેલા પાઉલની સેવામાં પોતાની જાતને સોંપી હશે.

આમ, પાઉલની સેવામાં રહેતો ઓનેસિમસ ઈસુનો શિષ્ય બન્યો હશે અને તેને એક પુખ્ત વ્યક્તિ તરીકેનું ગૌરવ સમજાયું હશે. એના આ વિકાસથી પાઉલે 'કારાવાસ દરમિયાન મને પ્રાપ્ત થયેલો પુત્ર' તરીકે ઓનેસિમસનો સ્વીકાર કર્યો હશે.

ફિલેમોન પ્રત્યેના પત્રમાં પાઉલ અને ઓનેસિમસ વચ્ચેનાં પ્રેમ અને મમતા પ્રગટ થાય છે. હવે પાઉલ ઇચ્છે છે કે એ સેવા, પ્રેમ તથા મમતા ફિલેમોન અને ઓનેસિમસ

વચ્ચે થાય.

એટલે પાઉલ લખે છે, 'હું એને તારી પાસે મોકલું છું - બલ્કે, મારું કાળજું જ મોકલું છું.' (ફિલેમોન ૧૨). પછી, આગળ ઉમેરે છે, 'પણ હવે ગુલામ તરીકે નહીં, પણ ગુલામ કરતાં અનેકગણા ચડિયાતા રૂપમાં, વહાલા ભાઈ તરીકે મને તો એ ખૂબ જ વહાલો છે, તો તને તો એ માનવ તરીકે અને પ્રભુના ભકત તરીકે બંને રીતે કેટલોય વધુ વહાલો હોવો જોઈએ.' (ફિલેમોન ૧૬).

એ જમાનામાં ભાગી ગયેલા ગુલામને મૃત્યુની શિક્ષા થતી. પાઉલને એની ખબર છે. એટલે તેઓ ફિલેમોનને આજીજીભરી અરજી કરે છે કે ઓનેસિમસનો ગુનો માફ કરીને ફિલેમોન એને એક 'વહાલા ભાઈ અને પ્રભુના ભકત તરીકે' અપનાવે.

પાઉલને ખાતરી છે કે ઓનેસિમસ વતી કરેલી ભલામણ મુજબ ફિલેમોન એને આવકારશે. એટલે પોતાના પત્રને અંતે પાઉલ લખે છે, 'તું મારું કહ્યું કરશે એવી ખાતરીથી હું લખું છું. મારા કહ્યા કરતાં પણ તું વધુ કરશે એ હું જાણું છું.' (ફિલેમોન ૨૧).

ફિલેમોન પરનો પત્ર પાઉલના ઓનેસિમસ તથા ફિલેમોન પ્રત્યેના પ્રેમ અને મમતાનો અજોડ પત્ર છે. એમાં પ્રશ્નો ઉકેલવા અને ફિલેમોન અને ઓનેસિમસ વચ્ચે તૂટેલા સંબંધો ફરી જોડવાની કાર્યકુશળતા જોઈ શકાય છે.

બાઇબલના પંડિત રોનાલ્ડ બ્રાઉનરિગે પાઉલના ફિલેમોન પરના પત્રને ગુલામોની સંપૂર્ણ મુક્તિના એક સીમાચિહ્ન તરીકે ઓળખાવ્યો છે. તેઓ 'હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ'માં લખે છે કે, 'આ પત્ર ગુલામોની સંપૂર્ણ મુક્તિ તરફની દિશામાં એક સીમાચિહ્ન છે. એમાં રહેલા સિદ્ધાંતો ગુલામો સાથે ભાઈ તરીકે વર્તવું જોઈએ, ખ્રિસ્તી માલિક અને ગુલામ બંને ઈસુ ખ્રિસ્તના સેવકો છે અને આધ્યાત્મિક રીતે બધા માણસો સરખા છે - આ સિદ્ધાંત આખરે અનિવાર્યપણે ગુલામીની પદ્ધતિ અને ગુલામીની પ્રથાનો નાશ કરશે.' (પૃ. ૨૧૨).

ફિલેમોને પોતાના આ પત્રને સાચવી રાખ્યો છે એ હકીકત પુરવાર કરે છે. તેઓએ પોતાના ભાગેડુ ગુલામ ઓનેસિમસને માફી આપીને પ્રેમ અને મમતાથી આવકાર્યા છે અને એને ઈસુ ખ્રિસ્તમાં એક ભાઈ તરીકે અપનાવ્યો છે.

આખરે ફિલેમોન અને ઓનેસિમસનું શું થયું એની આપણને ખબર નથી. પરંતુ પરંપરાગત માન્યતાઓ મુજબ ફિલેમોન અને એમની પત્ની આફિયા કલોસ્સામાં શહીદ થયાં અને ઓનેસિમસ એફેસસના ધર્મસંઘમાં ધર્માધ્યક્ષ બન્યા.

૧૦૧. સૂબા સેગિયુસ પાઉલ અને મુખી પુબ્લિયસ

સૂબા સેગિયુસ પાઉલ અને મુખી પુબ્લિયસ બંને સંત પાઉલના ઉપદેશથી ઈશ્વરનો સંદેશ સાંભળીને ઈસુના અનુયાયીઓ બનનાર સુજ્ઞ આગેવાનો છે. સૂબા સેગિયુસ પાઉલ સાયપ્રસ ટાપુના રોમન અધિકારી છે તો પુબ્લિયસ માલ્ટા ટાપુના મુખી છે. એથી વિશેષ બંને પાત્રો વચ્ચે ખાસ કોઈ સામ્ય નથી. બંને સૂબા સેગિયુસ પાઉલ અને મુખી પુબ્લિયસ પાઉલના ઉપદેશથી ઈસુના શિષ્ય બનનાર પોતપોતાના ટાપુના પ્રથમ ઈસુપંથીઓ ગણી શકાય. બંને આગેવાનોની વાત સંત લૂકે 'પ્રેષિતોનાં ચરિતો'માં કરી છે.

સૂબા સેગિયુસ પાઉલ

'પ્રેષિતોનાં ચરિતો'ના સમયમાં સેગિયુસ પાઉલ સાયપ્રસ ટાપુના રોમન સૂબા હતા. પોતાના પહેલા મિશન પ્રવાસમાં પાઉલ અને બાર્નાબાસ વહાણ માર્ગે સાયપ્રસ પહોંચ્યા. આખા સાયપ્રસ ટાપુમાં ફરતાફરતા તેઓ પાફસ પહોંચ્યા. ત્યાં તેમનો બાર્યેસુ ઉર્ફે ઇલમી નામના એક નકલી પયગંબરનો ભેટો થયો. તે ત્યાંના સૂબા સેગિયુસ પાઉલ પાસે રહેતો હતો.

'પ્રેષિતોનાં ચરિતો'માં જણાવ્યું છે તેમ, સૂબા સેગિયુસ પાઉલે શાઉલ અને બાર્નાબાસને પોતાની પાસે બોલાવ્યા. કારણ, સૂબા સેગિયુસ પાઉલ તેમની પાસેથી ઈશ્વરનો સંદેશ સાંભળવા માગતા હતા.

'પ્રેષિતોનાં ચરિતો'માં આપણે વાંચીએ છીએ, સૂબાએ ઈશ્વરનો સંદેશો સાંભળવાની ઇચ્છાથી શાઉલ અને બાર્નાબાસને બોલાવી મંગાવ્યા. પણ સૂબાની શ્રદ્ધા ડગાવવાના ઇરાદાથી બાર્યેસુએ શાઉલ અને બાર્નાબાસનો વિરોધ કર્યો.

તે વખતે 'પ્રેષિતોનાં ચરિતો' જણાવે છે કે, 'ત્યારે શાઉલ ઉર્ફે પાઉલે પવિત્ર આત્માથી પ્રેરાઈને તેના તરફ મીટ માંડીને કહ્યું, ઓ સેતાનના દીકરા, સૌ સારપના દુશ્મન, લુચ્ચાઈ અને પાખંડના ભંડાર! શું તું પ્રભુના સરલ માર્ગોને કુટિલ બનાવતો નહીં અટકે? અને હવે જો, પ્રભુનો હાથ તારા ઉપર પડે છે; તું આંધળો થઈ જઈશ અને થોડા સમય સુધી તું સૂર્યનો પ્રકાશ જોવા નહીં પામે' (પ્રે. ચ. ૧૩, ૯-૧૧). તે જ ક્ષણે બાર્યેસુ આંધળો બની ગયો અને હાથ પકડીને પોતાને કોઈ દોરનારને શોધવા તે આમતેમ ફંફોસવા લાગ્યો.

ફિલિપ્પીના ધર્મસંઘ પરના પોતાના પત્રમાં પાઉલે બાર્યેસુ જેવા નકલી પયગંબરો અને દુષ્ટ કાર્યકરોથી ચેતતા રહેવાનો અનુરોધ કર્યો છે. પાઉલ લખે છે, 'પેલા કૂતરાઓથી ચેતતા રહેજો, દુષ્ટ કાર્યકરોથી ચેતતા રહેજો, વાઢકાપનો આગ્રહ રાખનારાઓથી ચેતતા રહેજો' (ફિલિપ્પી ૩, ૨).

પાઉલના શબ્દમાત્રથી બાર્યેસુના આંધળા થવાના બનાવથી સૂબા સેગિયુસ પાઉલ પ્રભાવિત થઈ ગયા. તેમણે શાઉલ અને બાર્નાબાસ પાસેથી સાંભળેલા પ્રભુ ઈસુના સંદેશનો સ્વીકાર કર્યો. સૂબાને ઈસુ ઉપર શ્રદ્ધા બેઠી અને એમણે ઈસુના અનુયાયી તરીકે ઈસુપંથનો સ્વીકાર કર્યો.

સૂબા સેગિયુસ પાઉલનું નામ, 'હૂઝ હૂ ધ ન્યૂ ટેસ્ટામૅન્ટ'ના લેખક રોનાલ્ડ બ્રાઉનરિંગ કહે છે તેમ, તે બનાવના વીસ વર્ષ પછી પ્લીની ધ એલડરે કરેલા લખાણમાં આવે છે.

મુખી પુબ્લિયસ

'મુખ્ય માણસ' એ ગ્રીક ભાષામાં ઉચ્ચ હોદ્દાના અધિકારી માટેની સંજ્ઞા છે. એટલે માલ્ટાના મુખ્ય માણસ પુબ્લિયસને આપણે મુખી કહીએ. માલ્ટા ટાપુના મુખી પુબ્લિયસ એક જમીનદાર હતા.

રોમ તરફ જતા ઘણા પ્રવાસીઓ સાથે સૂબેદાર જુલિયસની દેખરેખ હેઠળ પાઉલને લઈ જતું વહાણ દરિયાનાં મોજાંની થપાટોથી જમીન સાથે ચોંટી જઈને ભાંગી ગયું, પરંતુ પાઉલે આગાહી કરી હતી તેમ બધાં ખલાસીઓ અને પ્રવાસીઓ પાસેની જમીન પર સહીસલામત પહોંચી ગયા. તે જમીન એટલે માલ્ટા ટાપુ. માલ્ટા ટાપુની જે જમીન ઉપર ખલાસીઓ પહોંચ્યા હતા તેની નજીકમાં જ ટાપુના મુખી પુબ્લિયસની જમીન આવેલી હતી.

લૂક 'પ્રેષિતોનાં ચરિતો'માં નોંધે છે કે, 'એ જગ્યાની નજીકમાં જ એ ટાપુના મુખી પુબ્લિયસની જમીન આવેલી હતી. તે એમને પોતાને ત્યાં લઈ ગયો અને ત્રણ દિવસ સુધી તેણે અમારી ઉમળકાભેર પરોણાગત કરી' (પ્રે. ચ. ૨૮, ૭).

તે વખતે મુખી પુબ્લિયસનો બાપ તાવ અને મરડાથી પીડાતો પથારીમાં પડ્યો હતો. પાઉલે તેની પાસે જઈને પ્રાર્થના કરી તેને શરીરે હાથ મૂકી તેને સાજો કરી દીધો. આ વાત જાણીને ટાપુના બીજા માંદાં માણસો પણ પાઉલ પાસે આવ્યા અને તેમને તેઓએ સાજા કર્યા.

તે બનાવના અંતે 'પ્રેષિતોનાં ચરિતો'માં લૂકે નોંધ્યું છે કે, 'મુખી પુબ્લિયસે અમારું ઘણી ઘણી રીતે સન્માન કર્યું અને ઊપડતી વખતે અમને જોઈતી બધી વસ્તુઓ સાથે આપી.' (પ્રે. ચ. ૨૮, ૧૦).

શિયાળાનો સમય ત્રણેક મહિના માલ્ટા ટાપુમાં પસાર કરીને વસંતઋતુની શરૂઆતમાં પાઉલ અને એમની સાથેના પ્રવાસીઓ રોમ તરફ જતા એક વહાણમાં બેસીને રોમ તરફ ઊપડ્યા.

પાઉલ અને સાથીદારોની ઉમળકાભેર પરોણાગત કરનાર મુખી પુબ્લિયસના બાપને પાઉલે શરૂઆતમાં રોગથી સાજાનરવા કર્યા હતા. વળી, ત્રણેક મહિના બાદ પાઉલ અને અન્ય સાથીદારોને રોમ જવા ઊપડતી વખતે મુસાફરીમાં એમને જોઈતી બધી વસ્તુઓ પુબ્લિયસે આપી હતી. એટલે આપણે માની શકીએ કે ત્રણ મહિના દરમિયાન પાઉલે મુખી પુબ્લિયસ તથા માલ્ટા ટાપુના બધા લોકોને ઈશ્વરનો સંદેશ સંભળાવ્યો હશે અને મુખી પુબ્લિયસ સાથે માલ્ટા ટાપુના ઘણા બધા લોકો ઈસુના શિષ્ય બન્યા હશે.